# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | વચનામૃત | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૦૧ | ૦૬.૦૬.૧૯૭૮ | ૧, ૨, ૩ | ૦૦૧ |
| ૦૨ | ૦૭.૦૬.૧૯૭૮ | ૪, ૫, ૬ | ૦૧૪ |
| ૦૩ | ૦૮.૦૬.૧૯૭૮ | ૭ થી ૧૨ | ૦૨૬ |
| ૦૪ | ૦૯.૦૬.૧૯૭૮ | ૧૨, ૧૩, ૧૪ | ૦૪૩ |
| ૦૫ | ૧૦.૦૬.૧૯૭૮ | ૧૫ થી ૧૮ | ૦૫૬ |
| ૦૬ | ૧૧.૦૬.૧૯૭૮ | ૧૯, ૨૦, ૨૧ | ૦૭૦ |
| ૦૭ | ૧૨.૦૬.૧૯૭૮ | ૨૨ થી ૨૬ | ૦૮૩ |
| ૦૮ | ૧૩.૦૬.૧૯૭૮ | ૨૭ થી ૩૦ | ૦૯૯ |
| ૦૯ | ૧૪.૦૬.૧૯૭૮ | ૩૧, ૩૨, ૩૩ | ૧૧૩ |
| ૧૦ | ૧૫.૦૬.૧૯૭૮ | ૩૪, ૩૫, ૩૬ | ૧૨૭ |
| ૧૧ | ૧૬.૦૬.૧૯૭૮ | ૩૬ થી ૩૯ | ૧૪૨ |
| ૧૨ | ૧૭.૦૬.૧૯૭૮ | ૩૯, ૪૦ | ૧૫૫ |
| ૧૩ | ૧૮.૦૬.૧૯૭૮ | ૪૧ થી ૪૪ | ૧૭૧ |
| ૧૪ | ૧૯.૦૬.૧૯૭૮ | ૪૫, ૪૬, ૪૭ | ૧૮૬ |
| ૧૫ | ૨૦.૦૬.૧૯૭૮ | ૪૮ થી ૫૧ | ૨૦૦ |
| ૧૬ | ૨૧.૦૬.૧૯૭૮ | ૫૧, ૫૨, ૫૩ | ૨૧૪ |
| ૧૭ | ૨૨.૦૬.૧૯૭૮ | ૫૪ થી ૫૮ | ૨૨૮ |
| ૧૮ | ૨૩.૦૬.૧૯૭૮ | ૫૯, ૬૦, ૬૧ | ૨૩૯ |
| ૧૯ | ૨૪.૦૬.૧૯૭૮ | ૬૨, ૬૩, ૬૪ | ૨૫૩ |
| ૨૦ | ૨૫.૦૬.૧૯૭૮ | ૬૪, ૬૫, ૬૬ | ૨૬૫ |

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૨૬.૦૬.૧૯૭૮ | ૬૭ થી ૭૦ | ૨૭૮ |
| ૨૨ | ૨૭.૦૬.૧૯૭૮ | ૭૧ થી ૭૪ | ૨૯૩ |
| ૨૩ | ૨૮.૦૬.૧૯૭૮ | ૭૫, ૭૬ | ૩૦૭ |
| ૨૪ | ૨૯.૦૬.૧૯૭૮ | ૭૬, ૭૭, ૭૮ | ૩૨૨ |
| ૨૫ | ૩૦.૦૬.૧૯૭૮ | ૭૮, ૭૯ | ૩૩૬ |
| ૨૬ | ૦૧.૦૭.૧૯૭૮ | ૭૯, ૮૦, ૮૧ | ૩૫૧ |
| ૨૭ | ૦૨.૦૭.૧૯૭૮ | ૮૨, ૮૩ | ૩૬૬ |
| ૨૮ | ૦૩.૦૭.૧૯૭૮ | ૮૪, ૮૫ | ૩૮૦ |
| ૨૯ | ૦૬.૦૭.૧૯૭૮ | ૮૬ થી ૮૯ | ૩૯૪ |
| ૩૦ | ૦૭.૦૭.૧૯૭૮ | ૮૯, ૯૦ | ૪૦૯ |

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# અમૃત પ્રવચન

## (અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રશમમૂર્તિ પૂજ્ય 'બહેનશ્રીના વચનામૃત' ઉપર પ્રવચન)

(ભાગ–૧)

**જેઠ સુદ ૧, મંગળવાર, તા. ૦૬-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૧, ૨, ૩. પ્રવચન–૧**

હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. ૧.

'ભાવનગર'માં વંચાઈ ગયા છે, અહીં શરૂઆત કરીએ છીએ. ત્યાં થઈ ગયા છે પણ અહીં પહેલેથી શરૂઆત કરીએ છીએ. સાદી ભાષા અને મર્મ ઘણો ! આ (પુસ્તક) ઘણાને પ્રિય થઈ પડ્યું છે, વેદાંતવાળા વાંચે (છે) એને પણ પ્રિય થઈ પડ્યું છે. આ શું ! સાદી ભાષા છે અને અસ્તિની છે.

જુઓ ! પહેલો શબ્દ છે. 'હે જીવ !' ત્યાંથી ઉપાડ્યું છે. **'जीवो चरित्तदंसणणाणठिदो'** જીવતરશક્તિ ! જીવતરશક્તિથી જીવે તે જીવ. પહેલો બોલ ઈ છે ને ? ('સમયસાર'ની) બીજી ગાથા. **'जीवो चरित्तदंसणणाणठिदो'** ત્યાંથી જીવતરશક્તિ કાઢી. એમ આ (કહે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે), 'હે **જીવ** !' **જીવતરશક્તિથી જીવનારો પ્રભુ તું છો ! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય વગેરે. મૂળ ચતુષ્ટય ! મૂળ !**

'તને ક્યાંય ન ગમતું હોય...' તને ક્યાંય (એટલે કે) પરમાં, રાગમાં, એક સમયની પર્યાયમાં (ન ગમતું હોય). કારણ કે પર્યાયમાં પ્રગટ આનંદ નથી. એથી તને ક્યાંય ન ગમતું હોય 'તારો ઉપયોગ પલટાવી નાખ...' જે પર્યાય રાગમાં રોકાણી છે ત્યાં ગમતું નથી (કેમ કે) ત્યાં દુઃખ છે. જે પર્યાય – વર્તમાન અવસ્થા – ચાહે તો શુભ હો કે અશુભ (હો), એમાં રોકાયેલી છે એથી દુઃખ છે. એથી એ વાત સિદ્ધ કરીને (એમ કહે છે કે) તારો ઉપયોગ પલટાવ. એટલે ઉપયોગ પરમાં છે ખરો, એમ સિદ્ધ કર્યું ને ? એટલે કે તારો જે વર્તમાન ઉપયોગ છે એ રાગ અને પુણ્ય આદિના વિકલ્પમાં રોકાયેલો છે ત્યાં તેને નહિ ગોઠે કારણ કે ત્યાં દુઃખ છે, રાગ છે. એ ઉપયોગને પલટાવ. આ..હા..હા..! એ ઉપયોગને પલટાવ નામ ગુલાંટ ખાઈને જેમ રાગ તરફ દશા વળેલી છે એ તો ભલે ત્યાં હો (પણ) પછીની દશાને અંતરમાં વાળ – એમ એનો અર્થ છે.

મુમુક્ષુ :– ઈ પણ કઠણ છે કારણે એક સમયનો ઉપયોગ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક સમયનો ઉપયોગ રાગમાં છે એ તો વળી શકે નહિ. ઈ તો કીધું ને ? ઈ તો કહ્યું. 'પલટાવ' એમ કીધું ને ? છે તો ખરો. રાગમાં (ઉપયોગ) છે ખરો. હવે એને પલટાવ. પલટાવ (એમ કહ્યું તો) જે છે ઈ સમયે તો પલટો ખાય નહિ.

'ન ગમતું હોય તો...' ન ગમતું હોય તો એટલે ? તને ક્યાંય સંતોષ લાગતો ન હોય, આકુળતા લાગતી હોય તો. એમ (કહેવું છે). સમજાણું કાંઈ ? સાદી ગુજરાતી ભાષામાં (કહે છે). 'તો તારો ઉપયોગ...' તારી દશાનો વેપાર – ઉપયોગ, તારો ઉપયોગ. એમ. 'પલટાવી નાખ.' આ..હા..હા...! **શુદ્ધ ચૈતન્ય જીવ** આનંદસ્વરૂપ પ્રભુ ! ત્યાં ઉપયોગને પલટાવ. ત્યાં ઉપયોગને ઢાળ, વાળ. આ..હા..હા..! છે ?

'અને આત્મામાં ગમાડ.' ઉપયોગ પલટાવીને આત્મામાં ગમાડ, એમ. આમ રાગમાં જે ગમતું નથી... આ..હા...! પુણ્ય અને પાપના વિકલ્પમાં (ગમતું નથી) એના ઉપયોગને પલટાવ. જ્યાં સ્વરૂપ – **જીવ** સ્વરૂપ શુદ્ધ ધ્રુવ સ્વભાવના ભાવથી પૂર્ણ ભરેલો છે ત્યાં ઉપયોગને પલટાવ. આ આમ વાત છે. ત્યાં 'આત્મામાં ગમાડ.' એ ઉપયોગને ત્યાં આત્મામાં ગમાડ. (એ) તરફ વાળ. આ..હા..હા..!

'આત્મામાં ગમે તેવું છે.' કેમ કે ત્યાં આનંદ છે. આ..હા..હા...! અને રાગમાં દુઃખ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એથી વર્તમાન ઉપયોગને પલટાવીને આત્મામાં ગમાડ, તને ગમશે. ગમાડ, ગમશે. (આત્મામાં) ગમાડ. 'આત્મામાં ગમે તેવું છે.' આ..હા..હા..! બહુ સાદી ભાષા ! દીકરીઓએ તો લખી લીધેલું. (ભાઈએ) ભેગું કર્યું તો (એક ભાઈએ એમને) કાલે આપ્યું. અહીં આપણે સંસ્થા તરફથી નવ દીકરીઓએ લખ્યું હતું એને આપેલું. ૨૧૬-૧૬ રૂપિયાનું પેલી ચાંદીની ફ્રેમ ! (એક ભાઈએ) ૧૭૦ રૂપિયાનો (એક) ચાંદીનો પ્યાલો (એવા) દસ પ્યાલા કરેલા. જે દીકરીઓએ લખેલું એ દરેકને આપ્યું અને (આ ભાઈએ) એકઠું કર્યું માટે એક એને આપ્યું. (એક ભાઈ) તરફથી. આ તો જેણે લખ્યું એને પણ આ આપ્યું ! એમ. એ અભિનંદનીય છે એમ કહ્યું હતું ને ? આવે છે ને ? પહેલાં શરૂઆતમાં લખ્યું હતું.

અહીં કહે છે, બહુ જ ટૂંકુ ! વર્તમાન દશા પર તરફ વળેલી છે. નથી એમ નહિ. તેથી પલટો માર. કેમ કે પર્યાય છે તે પલટશે. ધ્રુવ હોય એ પલટશે નહિ. પર્યાય છે એ પલટશે. એટલે પર તરફ જે ઉપયોગ છે એને આ બાજુમાં વાળ – આત્મામાં વાળ. આત્મામાં ગમાડ. ત્યાં તને ગમશે. આ..હા..હા..! બહુ ટૂંકુ ! વ્યવહારથી થાય ને વ્યવહારથી ન થાય એ બધા ઝગડા ઊડી ગયા. આ..હા..હા..!

'આત્મામાં ગમે તેવું છે.' કેમ ? કે, 'આત્મામાં આનંદ ભર્યો છે;...' ઉપયોગ રાગમાં છે ત્યાં દુઃખ છે અને જે ઉપયોગ આત્મામાં જાય છે ત્યાં તને ગમશે. ગમાડ, ગમશે. કેમ ? ત્યાં આનંદ છે. ભાઈ ! આ તો સાદી ભાષા છે. (આ બધા ભાઈઓ) પૈસા ઉડાડવામાં બહાર પડી ગયા છે. આમાં પણ, હોં ! આ શાસ્ત્રમાં ! આ શાસ્ત્ર શું છે એનો પ્રચાર (થાય), લોકોને સોંઘે કેમ દેવું ? લોકો કેમ વાંચે ?

બે વાત લીધી. ઉપયોગ પલટાવ. એટલે પુરુષાર્થથી (પલટાવ એમ) કહ્યું. પલટાવ (કહ્યું એટલે) કાંઈ કર્મ ખસે અને પલટાવ એમ નહિ. તેં પોતે જ ઉપયોગ પરમાં જોડ્યો છે એ તારો જ અપરાધ છે. એ ઉપયોગને આમ જોડી દે, પલટાવી દે. જ્યાં આત્મા છે ત્યાં આત્મામાં ગમાડ. 'આત્મામાં ગમે તેવું છે.' ત્યાં ગમે એવું છે. આત્મામાં ગોઠે એવું છે. આ..હા..હા..!

મુમુક્ષુ :– બીજે ક્યાંય ગોઠે એવું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાંય ગોઠે એવું નથી. રાગ, વ્યવહાર રત્નત્રય (આદિમાં) ક્યાંય ગોઠે એવું નથી. આ..હા..હા..! આવું છે.

બેનને તો ઘણે ઠેકાણે તો અભિનંદન આપ્યા છે. 'મદ્રાસ', 'મુંબઈ', 'ઉમરાળા', 'ભાવનગર'. ઈ આ બધા શાસ્ત્ર બહાર આવ્યા ને ? નહિતર તો ક્યાંય (ખબર પડે એવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી). આ..હા..હા..! ઘણી સાદી ભાષા ! અને એકલો સિદ્ધાંતનો એકલો મર્મ ! સમજે એને સમજવામાં સહેલું. સમજે એને સમજવામાં સહેલું ! આ..હા...!

'આત્મામાં આનંદ ભર્યો છે;...' 'છે' એમ પણ નથી કહ્યું પાછું ! ભર્યો છે ! ઈ આનંદસ્વરૂપ જ પ્રભુ છે ! આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલું તત્ત્વ જ છે. આનંદવાળો છે એમ પણ નહિ. આનંદથી ભરેલો છે. એ પોતે જ અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આ..હા..હા...! 'ત્યાં જરૂર ગમશે.' ત્યાં જરૂર ગમશે. આ..હા..હા...! આ મંગળિક છે ! શરૂઆત (છે). 'હે જીવ !' એમ કરીને કહ્યું.

'જગતમાં ક્યાંય ગમે તેવું નથી...' જગતમાં ક્યાંય (એટલે) રાગ ને દયા, દાન આદિ વિકલ્પ ને પરમાં ક્યાંય ગમે એવું નથી. આ..હા..હા..! પહેલા અસ્તિ કરી પછી નાસ્તિ કરી. 'જગતમાં ક્યાંય ગમે તેવું નથી...' આત્માના આનંદ સિવાય ક્યાંય ગમે એવું નથી. આ..હા..હા..! 'પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે.' જગતમાં ક્યાંય (ગમે તેવું) નથી પણ એક અહીં (ગમે તેવું) છે. 'એક આત્મામાં જરૂર...' (ગમે તેવું છે). ભાષા શું છે ? જગતમાં ક્યાંય ગમે એવું નથી. એટલે બધું લીધું. એક આત્મામાં એટલે આ બાજુ એક જ આત્મા રહ્યો. રાગ નહિ, પર્યાય નહિ. સમજાણું કાંઈ ? એક કોર રામ અને એક કોર ગામ. અહીં તને નહિ ગોઠે, પ્રભુ ! અહીં એક આત્મા છે, વસ્તુ છે ને ! મોજૂદગી (ધરાવતી) ચીજ છે, આનંદથી ભરેલી છે. આ..હા..હા...! કોઈ માંધાતા હોય તો એકવાર તો સાંભળીને એને એમ થાય કે, માળી, વાત તો કાંઈક સાચી લાગે છે ! આ બધું માનીએ છીએ, વ્યવહારથી થાય ને આનાથી થાય ને નિમિત્તથી થાય ને... આ..હા..હા..!

આમાં (–આ ગ્રંથમાં) ફક્ત બે શબ્દ નથી આવ્યા – ક્રમબદ્ધ અને કારણપર્યાય. ઈ ખ્યાલ છે. બાકી સાર ઘણો આવી ગયો.

'એક આત્મામાં જરૂર ગમે તેવું છે.' એક આત્મા જેમાં આનંદ ભર્યો છે ત્યાં જરૂર ગમે તેવું છે. માટે... 'ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ.' ત્યાં ગમે એવું છે માટે ત્યાં ગમાડ. બીજે ક્યાંય (ગમે) એવું નથી માટે ત્યાંથી ખસી જા. આ..હા..હા...! ઈ એક બોલ થયો. અંદર બોલ (નંબર) લખ્યા છે ? **૩૮૧** તો લખ્યા છે, બાકી બીજા કોઈએ લખ્યા છે ? આમાં **૩૮૧** લખ્યા છે બાકીના લખવાના (છે). છે ? (શ્રોતા :– સાહેબ ! **૪૩૨** છે). **૪૩૨** છે. આમાં તો એવું નથી. આમાં **૩૮૧** સુધી લખ્યા છે, બીજા લખ્યા નથી.

ઈ એક બોલ (પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંતરના **ઊં**ડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા **જા**ગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી **જો**ઈએ; તેની પાછળ લાગવું **જો**ઈએ. આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો **જો**ઈએ. 'મારું હિત કેમ થાય ?', 'હું આત્માને કઈ રીતે **જા**ણું ?' –એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે. ૨.

**બીજો** (બોલ). 'અંતરના **ઊં**ડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા **જા**ગ્યો...' શું ક**હ્યું** ? 'અંતરના **ઊં**ડાણથી...' (અર્થાત્) ઉપર ટપકે કલ્પના કરે એમ નહિ. અંતરના **ઊં**ડાણથી એટલે ધ્રુવ તરફ ઢળવા માટે, 'પોતાનું હિત સાધવા...' પોતાનું **ઊં**ડાણમાંથી હિત સાધવા. બહારના કોઈ પ્રકારથી હિત સાધવું થઈ શકતું નથી. 'અંતરના **ઊં**ડાણમાંથી પોતાનું હિત સાધવા જે આત્મા **જા**ગ્યો...' **ઊં**ડાણમાંથી જે આત્મા **જા**ગ્યો, આ..હા..હા..! (આત્મા) પોતાનું હિત સાધવા (**જા**ગ્યો), દુનિયાનું હિત કંઈ કરી શકતો નથી, કોઈ પરનું હિત કરી શકતો નથી.

પોતાનું હિત સાધવા જે આત્મા **જા**ગ્યો. આ..હા..હા...! ભગવાન આત્મા ! એનું હિત સાધવા જે પ્રભુ **જા**ગ્યો. આ..હા..હા..! 'અને જેને આત્માની ખરેખરી લગની લાગી,...' જેને અંતરમાં – **ઊં**ડાણમાં, આત્માનું (હિત) સાધવાની ખરેખરી લગની લાગી... આ..હા...! (અર્થાત્) કો'કને દેખાડવા માટે કે કો'કને બતાવવા માટે, એમ નહિ.

પોતાના આત્માના હિતને **ઊં**ડાણથી સાધવા માટે... આ..હા..હા...! આત્મા **જા**ગ્યો, 'અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ...' તેની આત્મલગની જ ! એને આત્માની લગની લાગી, એની આત્માની લગની જ તેનો માર્ગ કરી દેશે. આ..હા..હા..! અંતર ભગવાન આત્માની જેને લગની (લાગી છે). **ઊં**ડાણથી હિત સાધવાની જેને લાગી છે. આ..હા..હા..! એને ખરેખરી લગની લાગી, 'તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.' વ્યવહાર અને નિમિત્ત એનો માર્ગ નહિ કરી દે, એમ એનો અર્થ (છે).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રશ્ન** :– એક પર્યાય બીજી પર્યાયનો માર્ગ કરી દે ?

**સમાધાન** :– એ કોઈ કરી શકતું નથી. (એક) પર્યાય બીજી પર્યાયને કરતી નથી.

અહીં તો અંદર જેને લગની લાગી... આ..હા..હા..! તેની આત્માની લગની જ – અંતરની લગની જ – એની લગની જ... આ..હા..હા...! તેનો માર્ગ કરી દેશે. એટલે કે કોઈ બીજા વિકલ્પો કે કોઈ નિમિત્તો તને સાધન થાય અને કૃપા મળી જાય, એવું છે નહિ. એ તારી લગની જ તને કરાવી દેશે – માર્ગ (કરી દેશે). ભાઈ ! કોઈ ગુરુની કૃપા થઈ જાય, એમ નહિ (એમ) કહે છે. તારી લગની જ તને માર્ગ કરી દેશે. આ..હા..હા..! ભગવાન આત્મામાં જેને ગમ્યું છે અને જેને એમાં લગની લાગી છે (એની લગની જ) માર્ગ કરી દેશે. આ..હા..હા...!

'(આત્માની ખરેખરી) લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.' આ..હા..હા...! અંતર આનંદસ્વરૂપ ભગવાન ! એની જેને વિશ્વાસથી લગની લાગી... આ..હા..હા..! અંદરમાં જેને ભરોસે ચડી ગયો છે એને માર્ગ મળ્યા વિના રહેશે નહિ. આ..હા..હા..! 'અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'

'આત્માની લગની લાગવી જોઈએ;...' આ આત્માની (લગની, હોં !) વ્યવહારના વિકલ્પ ને નિમિત્તોનું બહુમાન ને મહિમા એ નહિ. 'આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ.' જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... શુદ્ધ ! એની પાછળ લાગવું જોઈએ. એની સમીપમાં જવું જોઈએ, એમ કહે છે. આ..હા..હા...! ભાષા તો જુઓ ! ટૂંકી પણ (કેવી ગંભીર) !

**પ્રશ્ન** :– પાછળ લાગવું જોઈએ એવો વ્યવહાર તો ખરો ને ?

**સમાધાન** :– એકેય નહિ. આની પાછળ લાગવું જોઈએ, એમ કહે છે. એની પાછળ એટલે ? પહેલા (ને પાછળ) એમ અહીંયાં શબ્દ નથી. એની પાછળ લાગવું જોઈએ. આની સન્મુખ (થવું જોઈએ). પાછળ એટલે પહેલા અને પાછળ, એમ અહીં નથી. આ..હા..હા..!

**પ્રશ્ન** :– એ પ્રકારનો અભ્યાસ કર્યા વિના (કેવી રીતે થાય) ?

**સમાધાન** :– ના, એ અહીં કાંઈ નથી. એ વસ્તુ છે એની પાછળ (લાગવું જોઈએ) – પાછળ એટલે ? એની સમીપમાં જવું જોઈએ. પાછળનો અર્થ એવો નથી કે પહેલું આ અને પાછળ આ. એમ અહીં અર્થ છે જ નહિ. લોકો એમ નથી કહેતા ? 'આની પાછળ વળગ્યો છે. માળો આની પાછળ વળગ્યો છે.' એ અહીં છે જ નહિ. લગની કહો કે પાછળ કહો એ બધું એક જ છે.

**પ્રશ્ન** :– લગની એ કયા ગુણની પર્યાય છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સમાધાન :–** લગની લાગી ઈ અંદર પાછળ લાગ્યો છે. એ લગનીની પર્યાય પાછળ લાગી (એ) એની જ છે. આ..હા..હા...!

'આત્માની લગની લાગવી **જોઈએ;** તેની પાછળ લાગવું **જોઈએ.'** પાછળનો અર્થ તેની સન્મુખ લાગવું **જોઈએ.** એમ પાછળનો અર્થ (છે). તેની પાછળ.. તેની પાછળ... પાછળ.. આ..હા..હા..! એકલો **જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક...** ધ્રુવ પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ ! એની સમીપમાં... એની પાછળ એટલે એની સમીપમાં લાગવું **જોઈએ.**

**પ્રશ્ન :–** ચિત્ત શુદ્ધિની વાત ચાલે છે ?

**સમાધાન :–** ચિત્ત શુદ્ધિની નહિ. અહીં તો સીધી વાત છે. આત્માની પાછળ લાગવું **જોઈએ.** અહીં પાછળનો અર્થ એમ નથી કે પછી. આત્માની પાછળ એટલે આત્માની સમીપમાં લાગવું **જોઈએ,** ત્યાં લગની લગાવવી **જોઈએ.** આ..હા..હા..! એવી વાત છે. રળવાની કેવી રટણ લાગે છે ? સપનામાં આવે, એના સપના (આવે).

આ..હા..હા..! તેની પાછળ લાગવું **જોઈએ.** એનો છેડો છોડવો ન **જોઈએ** એમ કહે છે, એમ એનો અર્થ ઈ છે. આ..હા..હા...! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! અસ્તિપણે છે, મોજૂદ છે, ચીજ છે તેની સમીપમાં જ જવું **જોઈએ.** એની પાછળ એટલે સમીપ જવું **જોઈએ.** મૂળ બહારથી હટવું **જોઈએ.** આ..હા..હા..! 'આત્માને ધ્યેયરૂપ રાખીને...' લ્યો, આ પાછળની પાછી વ્યાખ્યા કરી. ભગવાનઆત્મા ! એને ધ્યેય રાખીને – ધ્રુવના ધામને ધ્યેય બનાવીને. આ..હા..હા..! ધ્રુવનું ધામ છે પ્રભુ ! એને ધ્યેય બનાવીને.

આપણે **૧૩** બોલ કર્યાં છે ને ? છાપામાં આવી ગયા છે. છે ક્યાંક, આમાં નથી ? ક્યાંક છે. છે ને ? આ કાગળ રહ્યો. (આ ભાઈને) ત્યાં કર્યું હતું. આ..હા..હા..!

રાત-દિન ! (આત્માને) 'ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો **જોઈએ.'** આ..હા..હા..! દિવસ અને રાત.

**મુમુક્ષુ :–** ઈ શરત આકરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આકરી છે, ભાઈ ! વસ્તુની સ્થિતિ છે. આ..હા..હા..! એની ધૂન લાગવી **જોઈએ,** ધૂન ! એની પાછળ ઘેલો થઈ જવો **જોઈએ.** સતત પ્રયત્ન કરવો **જોઈએ.** સતત – નિરંતર. આ..હા..હા..! દિન અને રાત્રિ ધ્યેયરૂપ રાખીને, ધ્રુવને ધ્યેયરૂપ રાખીને સતત પ્રયત્ન કરવો **જોઈએ.** એકલા ટુકડાં છે, એકલું માખણ (છે). આ..હા..હા..! સમ**જાણું** કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'મારું હિત કેમ થાય ?' મારું હિત કેમ થાય ? પરનું હિત તો કરી શકતો નથી, એ પ્રશ્ન છે નહિ. એ પર તો જ્યાં હશે ત્યાં રહેશે. તારી ચિંતા નિરર્થક જશે. આ..હા..હા..! પરદ્રવ્ય તો જે રીતે જ્યાં શરીર, વાણી, કર્મ કે પર, જે ક્ષેત્રે અને જે સ્થિતિએ જેમ છે તેમ તે રહેશે. ફક્ત તારી ચિંતા નિરર્થક થશે. આ..હા..હા..! ઈ વસ્તુ જ્યાં છે તે રીતે તે રહેશે, તું ચિંતા કરવા માંગીશ તો એ વસ્તુ(ની) સ્થિતિ જે રીતે છે ત્યાં તે રીતે જ તે થશે. આ..હા..હા..! જે જ્યાં છે તે ત્યાં રહેશે. તારી ચિંતાથી જે જ્યાં છે તે ત્યાંથી ફેરફાર થશે, એમ નથી. આ..હા..હા..હા...! 'મારું હિત કેમ થાય ? હું આત્માને કઈ રીતે જાણું ?' હું આત્માને કઈ વિધિએ જાણું ? આ..હા..હા...!

('સમયસાર'માં) છઠ્ઠી ગાથામાં એ પ્રશ્ન કર્યો છે ને ? છઠ્ઠી ગાથા ! એ આત્મા શુદ્ધ કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? મથાળું (છે ને ?) બીજા બધાની વાત મૂકી દઈને શિષ્યનો આ પ્રશ્ન છે. છઠ્ઠી ગાથા શરૂ કરતાં એવા શિષ્યને લીધો છે કે જેણે અંતરમાં ધગશથી (પૂછ્યું છે કે) એવો શુદ્ધ આત્મા કોણ છે ? પ્રભુ ! બીજી વાત કાંઈ પૂછી નથી, છ દ્રવ્ય ને એના ગુણ, પર્યાય ને દેવ-ગુરુ-શાસ્ત્ર (ની વ્યાખ્યા નથી પૂછી). આ..હા..હા..!

એવો શુદ્ધાત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? એમ છે ને ? એ છે કોણ ? શુદ્ધ સ્વરૂપ કહેવો કોને ? અને એનું સ્વરૂપ શું છે ? એવી જેને ધગશ થઈ છે તેને પ્રભુ 'અમૃતચંદ્રાચાર્ય' પ્રભુ એમ કહે છે (કે) એને આ ઉત્તર દેવામાં આવે છે. સાધારણ સાંભળવા આવે વેઠ તરીકે (કે) કાંઈક સાંભળીએ (એને ઉત્તર દેવાતો નથી). આ..હા..હા..હા...! ગજબ કર્યું છે ને ! એને ઉત્તર દેવામાં આવે છે. છે એમાં ?

શરીર કોણ છે ? વાણી કોણ છે ? કર્મ કોણ છે ? ઈ પ્રશ્ન નથી. અશુદ્ધ કોણ છે ઈ પ્રશ્ન નથી. એ શુદ્ધ જીવ છે કોણ ? કે જેનું સ્વરૂપ શુદ્ધ છે તેનું સ્વરૂપ જાણવું જોઈએ ? આવી જેને અંતરની લગની (અને) ધગશથી જેને જિજ્ઞાસા ઊઠી છે, 'અમૃતચંદ્રાચાર્ય' એનો ખુલાસો કરે છે કે, એને આ ગાથા ઉત્તર રૂપે કહેવાય છે, આ..હા..હા..હા...! ગજબ કરે છે ને ! કેટલું ભરે છે !! એને ઉત્તર દઈએ છીએ, એમ કહે છે. એમ ને એમ કહીએ છીએ અને આ હાલે છે ને, એમ નહિ. આ..હા..હા...! તેમ તે સાંભળવા આવ્યો છે અને નજીકમાં આવીને પૂછે છે એને ઉત્તર દેવામાં આવે છે, આ..હા...! ગજબ વાત છે ને ! એમ કે પાના લખીએ ને એનો ઉત્તર આમ દ્યો ને એમ નહિ. આ..હા..હા..! શું એમની ગંભીરતા ! શું સિદ્ધાંતના ભાવનું ગંભીરપણું ! ઓ..હો..હો...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે **જીવ** ગુરુ પાસે આવ્યો છે. આવ્યો છે પણ એની જિજ્ઞાસા આવી છે. આવ્યો છે એને સંભળાવા **જાવું** છે એમ પણ નહિ. આ..હા..હા..! આવો જે **જીવ** જે અંતરથી શુદ્ધ સ્વરૂપ એ તે શું છે ? ઓ..હો...! કે જેનું સ્વરૂપ **જાણવું જોઈએ** ? જેને **જાણવું**, એમેય નથી કીધું. આ..હા..હા..! જેનું સ્વરૂપ, જેનું વાસ્તવિક સ્વરૂપ એમેય ન કહ્યું. એ એનું સ્વરૂપ જ એવું છે, એવું **જાણવું જોઈએ**, આ..હા..હા..! એમાં વ્યવહારને **જાણવો જોઈએ** ને નિમિત્તને **જાણવું જોઈએ** ને પર્યાયને **જાણવી જોઈએ** એ વાત શિષ્યના મુખમાં મૂકી નથી અને એવો શિષ્ય લીધો નથી. આ..હા..હા..હા...! ગજબ વાત છે ! 'સમયસાર' ! એનો એક એક શ્લોક ! એમાંથી આ માખણ બેને (કાઢ્યું) ! આ..હા..હા..!

અહીં કહ્યું, 'મારું હિત કેમ થાય ?' ત્યાં છઠ્ઠી (ગાથામાં) એવો પ્રશ્ન છે ને ? એનો ઉત્તર છે. **જાગતો જીવ ઊભો** છે ને ! ઈ એનો ઉત્તર છે. છે ને પાછળ ? જેને આવો પ્રશ્ન અંતરમાંથી (**ઊઠ્યો** છે). છ દ્રવ્ય, પરમાણુ અને દેવ-ગુરુ કોણ ? એ પણ નહિ. આ..હા..હા..! એ શુદ્ધ સ્વરૂપ છે કોણ ? કે જેનું સ્વરૂપ **જાણવું જોઈએ**. આવી જેને ધગશ, જિજ્ઞાસા, શુદ્ધ સ્વરૂપને સમજવાની, **જાણવાની** ધગશ થઈ છે, ગુરુ કહે છે કે એને માટે અમારો ઉત્તર છે. આ..હા..હા..! એને માટે આ જવાબ દેવામાં આવે છે. એટલે એને માટે વિકલ્પ **ઊઠ્યો**, આ રીતે આવ્યો અને અહીં વિકલ્પ પણ એ રીતે **ઊઠ્યો** છે. આ..હા..હા..! ઉત્તર કહેવામાં આવશે. આ..હા...! એ જ્ઞાયક છે તે શુદ્ધ છે. શુદ્ધ શું છે તે હિત છે. શુદ્ધને સાધવું તે હિત છે. બાકી બધી વાતું છે. આ..હા..હા..! શબ્દોમાં કદાચ વિશેષ કહેતાય ન આવડે, દુનિયાને સમ**જા**વતાય ન આવડે, એથી કાંઈ વસ્તુ (ચાલી) નથી જતી. આ..હા...! ફક્ત મારો નાથ શુદ્ધ છે એનું શું સ્વરૂપ છે ? બસ ! એ મારે **જાણવું** છે. અમને કહેતા આવડે અને કઈ પદ્ધતિએ ઉપદેશ કરવો ને... આ..હા..હા...! એ કંઈ વાત નથી. અમારો પ્રભુ ! અંદર શુદ્ધ જે આ એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માની વ્યાખ્યા કરો છો. કોણ છે પ્રભુ એ ? કે જેનું સ્વરૂપ **જાણવું જોઈએ**.

અહીં ઈ કહે છે. 'મારું હિત કેમ થાય ?' એ એમાં જ આવી ગયું. 'હું આત્માને કઈ રીતે **જાણું** ?' છે ને ? બી**જી** વાત (પૂછી) નથી. આ..હા..હા...! 'હું' અસ્તિ સિદ્ધ કરી. એવો જે 'હું' – એવો જે 'આત્મા' એ કઈ રીતે **જાણું** ? આ..હા..હા..! છે ? થોડામાં બહુ ભર્યું છે. લોકોની માગણી હતી પણ સૌના હાથમાં પુસ્તક હોય તો એને વધારે ઠીક પડે. હવે તો ઘણા પુસ્તકો છપાઈ ગયા છે. ઓ..હો..હો...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પેલી ચોપડી આવી છે નહિ ? 'અધ્યાત્મ પિયૂષ' ! પાંચ હ**જા**ર છપાઈ છે, આવી નથી ? આ મોટી છે. આમાંથી તારવીને નાની બનાવી છે. 'અધ્યાત્મ પિયૂષ' નામનું (પુસ્તક) પાંચ હ**જા**ર (છપાયા છે). એ આપણે કેવા ? 'રાજકોટવાળા' નહિ ? (ત્રણ મુમુક્ષુએ) ભેગા થઈને પાંચ હ**જા**ર છપાવી. ચાર હ**જા**ર રૂપિયાની ! એંસી પૈસાની એક પડી. 'ઘાટકોપર' આપી છે, ઘણાને અપાઈ ગઈ છે. એને 'અધ્યાત્મ પિયૂષ' નામ આપ્યું છે. અધ્યાત્મ અમૃત ! આ..હા..હા...!

અહીં કહે છે 'હું આત્માને કઈ રીતે **જા**ણું ?' મારું સ્વરૂપ છે ઈ હું કઈ રીતે **જા**ણું ? બસ એક જ વાત. આ..હા..હા..! શાસ્ત્ર કોઈ આવડે, ન આવડે, આ..હા..હા..! બોલતા આવડે, સમ**જા**વતા આવડે એ કાંઈ નહિ. હું આત્મા ને કઈ રીતે (**જા**ણું) ? આ..હા..હા..! સમજવામાં પણ એવી રીતે લક્ષ રહે કે કંઈક પકડાય તો પછી એ વાત આપણે દુનિયા પાસે મૂકીએ તો આપણી વાત એને ઠીક લાગે તો રા**જી** થાય એ હેતુ નહિ. આ..હા...! છે ને એ ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (છે). આ..હા..હા..! અહીંયાં તો કહે છે કે હું આત્માને – મારો નાથ શુદ્ધ સ્વરૂપ ! (એને) કઈ રીતે **જા**ણું ? એની વિધિ શું ? ત્યાં પણ વિધિ શું ? (એમ) પૂછ્યું છે. આ..હા..હા..! એની વિધિ શું છે ?

('સમયસાર' ગાથા) **૭૩**માં એમ પૂછ્યું છે. આસ્રવથી નિવર્તવાની વિધિ શું છે ? **૭૨** (ગાથામાં) શિષ્યનો આ પ્રશ્ન છે. પ્રશ્નમાં જ આ છે કે જેટલા પુણ્ય-પાપના ભાવ – આસ્રવો (છે) એનાથી લાભ થાય એ તો પ્રશ્ન છે જ નહિ. આ..હા..હા..! એટલો તો શિષ્ય તૈયાર થઈને પૂછે છે... આ..હા..હા..! પણ એ આસ્રવોથી નિવૃત્તિની વિધિ, પછી કૌંસમાં રીત કહી છે, રીત ! એની વિધિ-એની રીત શું છે ? આ..હા..હા..!

વિકારના – પુણ્ય-પાપના ભાવો જે આસ્રવો એને નિવર્તવાની વિધિ શું છે ? કરવાની વિધિ શું છે ? કરવાથી થાય એનો એ પ્રશ્ન તો ઊડી ગયો છે. અત્યારે એમાં મોટા વાંધા થઈ ગયા છે. આ..હા..હા..! એનાથી નિવર્તવાની વિધિ શું છે ? ત્યારે પછી કહ્યું કે 'આવો હું' (એવો) વિકલ્પથી નિર્ણય કર ! પછી વિકલ્પને છોડી દે. કેમ ? કે સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા **જો**યો એવો આત્મા અન્યમાં કોઈએ **જો**યો નથી. અસંખ્ય પ્રદેશી છે એ તો સર્વજ્ઞે જ **જો**યું (છે). એ વાત કોઈ ઠેકાણે ભગવાન સર્વજ્ઞ સિવાય ક્યાંય આવતી નથી. આ..હા..હા..! તેથી સર્વજ્ઞે જે આત્મા **જો**યો – છે એવો – એને પામવાની (અને) આસ્રવથી નિવૃત્તિની વિધિ શું છે ? તો કહ્યું, પ્રભુએ કહ્યો (એવા) આત્મા(નો) પહેલા વિકલ્પથી નિર્ણય કર.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજાઓ કહે છે એનાથી જુદું પાડવા માટે (પહેલા આવો નિર્ણય કર), નહિતર આત્મા બીજાઓ કહે અને આ ભગવાન કહે એ બેમાં ફેર શું છે ? અને એ કહે છે એ આત્માનું સ્વરૂપ એવું છે. અનંત ગુણ છે, અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશે પ્રદેશે અનંત ગુણ છે. એની અનંતી પર્યાય છે. એવી વાત બીજે ક્યાંય નથી.

એથી ભલે પહેલા આત્મા(માં) એકદમ અંદર પેસી ન શકે પણ આ વસ્તુસ્થિતિ આવી છે એવો (નિર્ણય કરે). ખૂબી શું છે એમાં ? પાંચે ઈન્દ્રિયોના વિષયો બંધ કરી દીધા. એકલો મનની કલ્પનાથી જ અંદર નિર્ણય કરવા મંડયો છે. શું કહ્યું ઈ ? ઈ વાત એમ સાધારણ નથી મૂકી. એકદમ પાંચ ઈન્દ્રિય તરફનું (લક્ષ) બંધ કરીને અને અંદરથી મનના સંબંધે, રાગના સંબંધે, મનના સંબંધે અંતરમાં 'આવો આત્મા...! આવો આત્મા...!' એવો વિકલ્પથી નિર્ણય અંતરના મનના સંબંધથી કરે છે. અંદર કેટલી નિવૃત્તિ છે ? શું કહ્યું સમજાણું આમાં ? આ..હા..હા..!

પાંચ ઈન્દ્રિયો તરફનું લક્ષ છૂટી ગયું છે. તેના તરફનો વિચાર નહિ. હવે અંદર મનમાં (તેનો) સંબંધ છે અને તેથી રાગનો સંબંધ છે. પણ એકલો રાગના – વિકલ્પના સંબંધનો મનના સંગે 'આવો આત્મા છે' એ કેટલી નિવૃત્તિથી, વિકલ્પથી નિર્ણય કરે છે. સમજાણું કાંઈ આમાં ? આ..હા..હા..! એકદમ પાંચેય ઈન્દ્રિય (તરફનું લક્ષ) બધુ બંધ થઈ ગયુ. એક આત્મા અને વિકલ્પ – મન બસ ! એની સાથે આ બધો નિર્ણય કરવા માંડયો, 'હું એક છું' અને 'શુદ્ધ છું' વિગેરે, વિગેરે લાંબુ ઘણું છે. આ..હા..હા..! આ..હા..હા...! જેણે આવા આત્મા(નો) પોતાના હિતને માટે આવો નિર્ણય કર્યો છે એ વિકલ્પ તોડીને અંદર પેસશે. આ..હા..હા..! સમજાણું કાંઈ ? આ ઉપદેશની શૈલી બીજી જાતની છે. આ..હા..હા..!

**શ્રોતા :–** જે વિકલ્પથી નિર્ણય કરે તે વિકલ્પનો પણ અભાવ કરી નાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અભાવ માટે જ એ વિકલ્પથી નિર્ણય કરે છે. કારણ એકદમ બધું બંધ કરીને અંતરથી એકલો વિચાર આવ્યો, એક છું, અખંડ છું, અનાદિ-અનંત છું, કર્તા, કર્મ, કરણ (એવા) પર્યાયના ભેદ છે એથી પણ ભિન્ન છું. આ..હા..હા..! પર્યાયના કર્તા-કર્મથી પણ અનુભૂતિ ભિન્ન (છે), અનુભૂતિ એટલે ત્રિકાળી (સ્વભાવ). પર્યાયની વાત ત્યાં નથી. આ..હા..હા..! ગજબ કામ કર્યું છે ને ! સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે !! આ..હા..હા...! આમ હથેળીમાં બતાવ્યો છે – 'જો આ... જો આ'. તારી એક નજર તો કર ! આ..હા..હા..! તારી નજરું પરમાં છે એને પલટાવ, ભાઈ ! તું 'પલટાવ' એટલે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે શું ? આ..હા..હા..! જે કરવાનું છે ત્યાં (કરવાનું છે). આ..હા..હા..! પલટો કરીને ત્યાં (નજર કર). આ..હા..હા..!

અહીં છે ને ? 'હું આત્માને કઈ રીતે **જાણું** ? એમ લગની વધારીને....' ત્યાં છે તો ભલે વિકલ્પ, છે ને ? 'પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.' આ..હા..હા...!

**પ્રશ્ન** :– વિકલ્પથી સાધ્ય થાય ?

સમાધાન :– હોય, વિકલ્પ છે, પણ છતાં ઈ અંદર છોડે છે, જરૂર અંદર હાથ આવશે. વિકલ્પ છે. લગની લાગે છે, આ... આ... આ... આ... એટલો ભેદ છે ને ? આ..હા..હા..! આત્મામાં લગની લગાડું એટલો પણ હજી ભેદનો વિકલ્પ છે ને ? સૂક્ષ્મ, બહુ સૂક્ષ્મ ! આ..હા..હા..! એને (–વિકલ્પને) છોડીને, 'જરૂર માર્ગ હાથ આવે.' તને જરૂર માર્ગ હાથ આવશે. આ..હા..હા...! બે બોલ થયા.

'જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે.' એટલે ? રાગથી ભિન્ન પડીને ચૈતન્યનું જ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું એને હવે ભેદજ્ઞાન કરવું રહેતું નથી. સહજ જ્ઞાનની પરિણતિ, રાગથી ભિન્ન ધારા વર્તે છે. આ..હા..હા..! ધર્મીની દશા.. કાલે એક જણો પરિણતિનો પ્રશ્ન પૂછતો હતો. શ્વેતાંબર (હતો), રાતે નહિ ? પરિણતિ શું ? શ્વેતાંબર હતો, પૂછતો હતો.

> જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે – આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે. ૩.

'જ્ઞાનીની પરિણતિ...' ધર્મીની દશા. પરિણતિ એટલે એની પર્યાય. આ..હા..હા..! રાગથી છૂટીને વસ્તુના સ્વરૂપને વળગીને દશા થઈ છે. એથી સમકિતીની પરિણતિ – પર્યાય સહજ હોય છે. એને રાગથી જુદો પાડવો પડતો નથી. (જુદો) પડી ગયો છે ઈ પ્રયત્ન સ્વભાવસન્મુખ થયા જ કરે છે. રાગથી ભિન્ન પડીને જે પરિણતિ થઈ તે પ્રયત્ન સ્વભાવ સન્મુખ થયા જ કરે છે. પ્રયત્નનું **જોર** – પુરુષાર્થનું **જોર** સ્વભાવ સન્મુખ થયા જ કરે. આ..હા..હા..! છે ?

'પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું,...' કે આ રાગ નહિ ને આ (હું) નહિ. આ..હા..હા..! જ્યાં રાગ અને ભગવાન બે ભિન્ન પડ્યા, વીજળી જ્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડી અને પર્વતના બે ટૂકડા થયા એ હવે રેણ દીધે એક ન થાય, એ જુદા જ રહે. એમ રાગ અને આત્માને ભેદજ્ઞાનની વીજળી અંદર મારી... આ..હા..હા..હા...! એને 'આ રાગ અને આ (હું)' એમ હવે કરવું નથી પડતું. એમ કહે છે. છે ? 'પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે...' સ્વાભાવિક દશા હોય છે.

'આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.' જાણવું અને આનંદની દશા, રાગ હોવા છતાં તે વર્ત્યા જ કરે છે. એને ભેદ કરવો પડતો નથી કે આ રાગ (હું નહિ). (જ્ઞાન) સ્વભાવસન્મુખ થયું છે અને રાગથી વિમુખ થયું છે (ત્યારથી) આ બાજુનો પ્રયત્ન શરૂ જ છે. હવે નવો (પ્રયત્ન) કરવો પડતો નથી. એને અહીંયાં વાસ્તવિક ભેદજ્ઞાન કહેવામાં આવે છે.

લ્યો ! પૂરું થયું.

આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર એવા આત્મા તરફ જવાથી જ થાય છે. ત્યાં કેમ જતો નથી ? અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવાથી ભ્રષ્ટ થાય છે. પહેલા આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ. એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે. અશુભમાં જવાની તો વાત છે જ નહિ. શ્રીમદ્ પણ કહે છે કે એકલું વાંચન કર્યા કરવાથી મનન શક્તિ ઘટે છે. તેમ એકલા શુભ વિકલ્પો ને ક્રિયાકાંડમાં વધતો જાય છે તેમ સ્વાનુભવથી ભ્રષ્ટ થતો જાય છે. સર્વ શાસ્ત્ર જાણવાનો સાર તો આત્માનો અનુભવ કરવો તે છે. બાર અંગમાં પણ આત્માનુભૂતિ જ કરવાનું કહ્યું છે. (પરમાગમસાર - ૨૮૬)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારા છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી. જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪.**

**જેઠ સુદ ૨, બુધવાર, તા. ૦૭-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૪, ૫, ૬ પ્રવચન–૨**

આ વચનામૃતનો ચોથો બોલ છે. કાલે ત્રણ બોલ ચાલ્યા, કાલે શરૂઆત કર્યું છે ને ? (આજે) ચોથો બોલ છે. 'જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારા છે.' શું કહ્યું ? કે આ આત્મા શુદ્ધ ચેતન વસ્તુ (છે) એનું જ્ઞાન અને રાગનો અભાવ એવો જે વૈરાગ્ય (એવી) અસ્તિ-નાસ્તિ છે. અસ્તિનું જ્ઞાન (અર્થાત્) પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વસ્તુ ! એનું સ્વ-સન્મુખ થઈને જ્ઞાન (થવું) અને પર રાગાદિનો અભાવ (થવો) એ વૈરાગ્ય (છે). એ (બન્ને) એકબીજાને પ્રોત્સાહન આપનારા છે. અસ્તિ છે ત્યાં રાગની નાસ્તિ છે એ પુષ્ટિ આપે છે અને ધર્મીને જ્ઞાન અને વૈરાગ્ય બે એકસાથે હોય છે. સ્વરૂપનું જ્ઞાન અને રાગનો અભાવ એકસાથે હોય છે. ('સમયસાર'માં) 'નિર્જરા અધિકાર'માં આવે છે ને ? જ્ઞાન અને વૈરાગ્ય બેય શક્તિ સાથે હોય છે. ઝીણી વાત છે.

અત્યારે તો (લોકો) એમ કહે છે કે આ શુદ્ધ ઉપયોગ શુભ ઉપયોગથી થાય. શુભ ઉપયોગ કરતાં કરતાં શુદ્ધ થાય એ અનેકાંત છે અને શુભથી શુદ્ધ ન થાય એ એકાંત છે. એમ (લોકો) કહે છે. અહીં કહે છે કે જે શુદ્ધ સ્વરૂપ વસ્તુ છે એનો ઉપયોગ તે શુદ્ધ ઉપયોગ છે. પર તરફના વલણનો ભાગ તે અશુદ્ધ ઉપયોગ છે. પછી એ શુભ હો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે અશુભ હો પણ (એ બન્ને) છે અશુદ્ધ, પરદ્રવ્યના આશ્રયે થતો ઉપયોગ અશુદ્ધ છે અને સ્વદ્રવ્યને આશ્રયે થતો ઉપયોગ શુદ્ધ છે. એ શુદ્ધપણાનું જ્ઞાન એટલે ત્રિકાળીનું જ્ઞાન એ શુદ્ધ ઉપયોગ (છે) અને તે કાળે રાગનો અભાવ (થયો છે) એ વૈરાગ્ય (છે). બે એકબીજાને મદદ આપનારા છે – પ્રોત્સાહન આપનારા છે. પ્ર + ઉત્સાહન = વિશેષે એકબીજાને મદદ કરનારા છે. આ..હા..હા..! જ્યાં શુદ્ધ ચેતન પૂર્ણ પવિત્રતાનું સન્મુખ (થઈને) જ્ઞાન થાય ત્યાં પર તરફના રાગના અભાવ(રૂપ) વૈરાગ ભેગો હોય જ. એટલે એકબીજાને પ્રોત્સાહન કરનારા છે. સમજાણું કાંઈ ? આ..હા..હા..!

'જ્ઞાન વગરનો વૈરાગ્ય...' હવે આ (વાત) ઝીણી (છે). શુદ્ધ ચેતન, અકષાય સ્વરૂપ, સર્વોત્કૃષ્ટ પરમાત્મસ્વરૂપ ! એના જ્ઞાન વિનાનો વૈરાગ્ય 'તે ખરેખર વૈરાગ્ય નથી...' કેમ કે શુદ્ધ ચેતન મહાપ્રભુ સર્વોત્કૃષ્ટ પરમાત્મસ્વરૂપનું જ જ્ઞાન જ્યાં નથી ત્યાં વૈરાગ્ય હોતો નથી. આ..હા..હા..! ત્યાં પર તરફના રાગનો અભાવ હોતો નથી. તેથી કહે છે કે, 'જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી...' શુદ્ધ શુદ્ધ ચૈતન્યના ઉપયોગના પરિણામ સિવાય, એના વિના વૈરાગ્ય વૈરાગ્યપણે છે જ નહિ. આ..હા...! આકરી વાતું !

(એ) સ્ત્રી-કુટુંબ છોડે, કુટુંબ છોડે, નાત છોડે, દુકાન છોડે, ધંધો છોડે, અશુભભાવ છોડે પણ વસ્તુસ્થિતિ – અસ્તિ – મોજૂદગી (ધરાવતી) ચીજ જે પૂર્ણ છે એ પૂર્ણના જ્ઞાન વિના વૈરાગ્ય (અર્થાત્) રાગનો અભાવ એને હોઈ શકે જ નહિ. એ વૈરાગ્ય નથી 'પણ રુંધાયેલો કષાય છે.' (અર્થાત્) રોકેલો કષાય છે, દાબેલો કષાય છે. મિથ્યાત્વ સહિત છે ને ? (એટલે રુંધાયેલો કષાય છે). આ..હા..હા..! કષાયની મંદતા દેખાય. સમ્યક્ ચેતન સ્વરૂપના, પૂર્ણ સ્વરૂપના જ્ઞાન વિના રાગની મંદતા દેખાય, જાણે રાગ ઘટ્યો છે (પરંતુ એ રાગ) ઘટ્યો નથી. રાગ રુંધાયેલો છે, રોકાયેલો છે એ ફાટશે ત્યારે મિથ્યાત્વને લઈને તીવ્ર કષાય થશે. આ..હા..હા..! સમજાણું કાંઈ ? આ તો એકદમ સાર વસ્તુ છે. આ..હા...!

'રુંધાયેલો કષાય છે.' રોકાયેલો કષાય છે. અકષાય પરિણામ નથી. રાગની મંદતા (થઈ એ) સમ્યક્ અનુભવ વિના એ અકષાય ભાવ નથી. આ..હા..હા..! ચેતન ત્રિકાળી અકષાય સ્વરૂપ, પૂર્ણ શુદ્ધ ચેતન ! એના જ્ઞાન વિના રાગની મંદતાનો ભાવ એ રુંધાયેલો છે, (એ) મંદ થયો નથી. આ..હા..હા..! કેમ કે જ્યાં સ્વરૂપની જ દૃષ્ટિ નથી, ત્રિકાળી વૈરાગમૂર્તિ સર્વોત્કૃષ્ટ પ્રભુ એવો આત્મા ! એનું જ્યાં જ્ઞાન નથી, જિનસ્વરૂપી પ્રભુનું જ્ઞાન નથી ત્યાં રાગનો અભાવ છે જ નહિ, ત્યાં રાગને રોક્યો છે એટલે એ રાગ ફાટશે. એ શુભમાંથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાછો અશુભ થશે. આ..હા..હા..! આવું આકરૂં કામ !

ચેતન શુદ્ધ સ્વરૂપ પૂર્ણ અસ્તિ ! પૂર્ણ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ પ્રભુ ! પોતાને માટે જગતમાં એનાથી ઉત્કૃષ્ટ કોઈ ચીજ જ નથી. પરમાત્મા ઉત્કૃષ્ટ હોય એ એને માટે પણ અહીંયાં તો સર્વોત્કૃષ્ટ જ્ઞાન અને આનંદના સ્વભાવથી પરિપૂર્ણ સ્વભાવસ્વરૂપ એવું જે સર્વોત્કૃષ્ટ પ્રભુ આત્માનું સ્વરૂપ ! એ સર્વોત્કૃષ્ટ છે ! આ..હા..હા..! એના (જ્ઞાન) વિના કષાયની મંદતાને રુંધાયેલો – રોકાયેલો કષાય કહેવામાં આવે છે. અશુભ ગયો માટે શુભ છે, એમ એને કહેવામાં નથી આવતું. જરીયે કષાય ગયો નથી, એમ કહેવું છે.

સમ્યક્ ચેતન સ્વરૂપ છે, એની દૃષ્ટિ અને જ્ઞાન થયા પછી શુભ હોય તો એમાંથી અશુભ ગયો છે એટલું વ્યવહારે કહેવાય, પણ આને તો સમ્યક્ ચેતન જિનસ્વરૂપી પ્રભુ ! વીતરાગી સ્વરૂપ જ દૃષ્ટિમાં આવ્યું નથી, એની રાગની મંદતાને શુભ વા અશુભ ગયો છે એમ કહેવામાં નથી, આવતું. આ..હા..હા..! આવી વાતું છે !

પ્રભુ ! તું અકષાય સ્વરૂપ છે ને ! વીતરાગ શાંતરસથી ભરેલો, ઉપશમરસનો કંદ પ્રભુ ! એવા ઉપશમરસનો – અકષાય સ્વભાવનો રસકંદ પ્રભુ ! એનું જેને જ્ઞાન નથી એને એ વીતરાગી અકષાય સ્વભાવનું જ્ઞાન નથી. એને રાગની મંદતામાં અશુભ (ભાવ) ગયો છે, એમ નથી. એ રાગને રુંધ્યો છે, રોક્યો છે. આ..હા..હા..!

વ્યવહારવાળાને આકરું લાગે છે. (એમ કહે છે કે) આ લોકો શુદ્ધ ઉપયોગને જ ધરમ માને છે. શુભ સાધન છે (એમ માનવું નહિ અને) જીવન અસંયમમાં ગાળવું ! પણ બાપુ ! અસંયમમાં ગાળવું એ તો વસ્તુની દૃષ્ટિ (અને) અનુભવ હોવા છતાં સ્વરૂપની સ્થિરતાનો પુરુષાર્થ ન હોય તો ક્ષાયિક સમકિતી અસંયમમાં પણ રહે. સમજાણું કાંઈ ? કારણ કે એને ચેતન શુદ્ધ સ્વરૂપનો ઉપયોગ, શુદ્ધ સ્વરૂપનો વ્યાપાર (તથા) અનુભવદૃષ્ટિ તો થઈ છે. એથી એ અસંયમમાં રહે છતાં તે મોક્ષમાર્ગમાં છે. આ..હા..હા...! અને જેને અકષાય સ્વરૂપ શાંત... શાંત... શાંતરસથી ભરેલા ભગવાનનું જ્ઞાન નથી, એના સ્વભાવની મોજૂદગીની – હયાતિની પ્રતીતિ સ્વરૂપ કારણ પ્રભુ છે એવી જ્યાં જ્ઞાન થઈને પ્રતીતિ નથી તેના કષાયની મંદતાને રુંધાયેલો કષાય કહેવાય છે. રોકાયેલો કષાય કહેવાય છે, જરાયે ઘટ્યો છે, એમ ત્યાં કહેવાતું નથી, આ..હા...! આવું છે.

'પરંતુ જ્ઞાન નહિ હોવાથી...' અસ્તિ પૂર્ણ શુદ્ધ પ્રભુ ! જે વસ્તુ છે, જે પૂર્ણ અસ્તિ છે, મોજૂદ છે, અનંતી અનંતી પરમાત્માની પર્યાયનો પિંડ પ્રભુ છે એવા સ્વરૂપના જ્ઞાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિના 'પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી.' એ રાગ મંદ (હોય) કે તીવ્ર (હોય પણ) એને સ્વરૂપનું જ્ઞાન – અકષાય સ્વભાવનું જ્ઞાન નહિ હોવાથી (તે) કષાયને ઓળખી શકતો નથી. આ..હા..હા..! (લોકો તો) તીવ્ર પાપ થાય એને અશુભ કષાય (કહે છે) પણ અંદર શુભ તો ઠીક પણ ગુણ-ગુણીના ભેદનો સૂક્ષ્મ વિકલ્પ ઊઠે એ પણ કષાય છે. એ અકષાયના જ્ઞાન વિના એ કષાયને ઓળખી શકતો નથી. આવી વાત છે.

જે ઉપશમરસ – અકષાય સ્વરૂપ છે. સ્વરૂપ જ એનું (એવું છે કે) 'ઘટ ઘટ અંતર જિન બસે' જિનસ્વરૂપી જ પ્રભુ આત્મા છે ! આ..હા...! એવું જિનસ્વરૂપી એટલે અકષાયસ્વરૂપી, વીતરાગસ્વરૂપી (એટલે) જેનામાં કષાયનો અંશ પણ નથી અને વીતરાગતાથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે એના જ્ઞાન વિના (એ) કષાયને ઓળખી નહિ શકે. આ..હા..હા..! એ રાગની મંદતાને પણ આત્માની સ્થિતિમાં (–શાંતિમાં) ખતવી નાખશે. આ..હા..હા..! છે ને ?

'જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી.' આ..હા..હા..! 'જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે,...' એમ લેવું. 'વૈરાગ્યની મસ્તી...' ને એટલું કાઢી નાખવું. છે એમાં ઈ ? કાઢી નાખ્યું છે ? (શ્રોતા :– નવી આવૃત્તિમાં નથી). 'જ્ઞાન પોતે...' એટલે ? વસ્તુ જે આત્મા ! સર્વોત્કૃષ્ટ અનંત શક્તિનો સાગર ! એનું જ્ઞાન માર્ગને ઓળખે છે. 'જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે,...' જે શુદ્ધ ચેતનનું જ્ઞાન થયું... છે ને ? (તે) 'જ્ઞાન પોતે...' સમ્યક્ ચેતન, પરમાનંદનું જ્ઞાન પોતે, જે મોક્ષમાર્ગની પરમાનંદની દશા (પ્રગટી) તેને તે ઓળખે છે. ત્રિકાળી શુદ્ધ ચેતનનું જ્ઞાન (થયું) એ વર્તમાન અકષાયની (અર્થાત્) મોક્ષમાર્ગની પરિણતિને એ (જ્ઞાન પોતે) ઓળખે છે. આ તો એકલા તત્ત્વ ભર્યા છે ! આ..હા..હા..! સમજાણું કાંઈ ?

'જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે,...' સ્વયં માર્ગને ઓળખે (છે) એને કોઈ પરની અપેક્ષા (કે) મદદની જરૂર નથી. શુદ્ધ આત્મવસ્તુ ! એનું થયેલું જ્ઞાન, એ જ્ઞાન થયું એ તો પર્યાય થઈ. એનું જ્ઞાન થયું એ એની પર્યાયને (એટલે કે) મોક્ષમાર્ગને જ્ઞાન બરાબર જાણે. સમજાણું કાંઈ ? જે વસ્તુ છે એને જેણે જાણી (તો) જાણમાં તો નિર્મળ પર્યાય આવી ગઈ. જે વસ્તુ છે તેને (જે જ્ઞાને) જાણી તે જ્ઞાન મોક્ષમાર્ગને જાણે છે. કારણ કે જાણ્યું તે જ પર્યાય છે. તે પર્યાયને – તે મોક્ષમાર્ગને જાણે છે. આ..હા..હા..! આવી વાતું છે.

'અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી...' રાગથી ભિન્ન (એવો) વૈરાગ્ય (છે), કે જેની દૃષ્ટિનું આસન ઉદાસ છે, રાગથી પણ જેનું આસન ઉદાસ છે. (જ્યાં) અંતર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ સ્વરૂપ છે ત્યાં જેના આસન છે, ત્યાં જેની દષ્ટિ અને ધ્યેય (છે), ધ્રુવનું જ્યાં ધ્યેય છે એવી જે દષ્ટિ, એવો (જે) વૈરાગ્ય એ વૈરાગ્ય પોતે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી. રાગનો અભાવ એવો જે વૈરાગ્ય એ જ્ઞાનને ક્યાંય (–કોઈપણ) રાગમાં અટકવા દેતો નથી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે !!

'પણ બધાથી નિસ્પૃહ...' પૂર્ણ શુદ્ધ સ્વરૂપના જ્ઞાનથી વર્તમાન મોક્ષમાર્ગને જાણ્યો તેને રાગના અભાવસ્વરૂપ વૈરાગ્ય તો સદાય વર્તે છે. તેથી તે 'બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે.' પરથી નિસ્પૃહ સ્વની મોજમાં ટકાવે છે. આ..હા...! રાગ આદિ પરથી નિસ્પૃહ, જેને રાગ આદિની સ્પૃહા નથી. કેમ કે પૂર્ણ જ્ઞાયક સ્વરૂપનું ભાન અને રાગના અભાવસ્વરૂપ વૈરાગ્ય, એ વૈરાગ્ય જ્ઞાનને ક્યાંય રોકી દેતું નથી. વૈરાગ્ય રોકાવા દેતો નથી. વૈરાગ્ય આત્માના જ્ઞાનને રાગમાં ક્યાંય રોકાવા દેતું નથી. વૈરાગ્ય છે ને ? આ..હા..હા...! આવી વસ્તુ છે !

'જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે.' આત્માના જ્ઞાન સહિતનું જીવન ! ચાહે તો ભલે આઠ વર્ષની બાલિકા હો ! (એ તો) શરીર(ની ઉંમર છે) વસ્તુ તરીકે તો પ્રભુ પૂર્ણ છે એનું જ્યાં જ્ઞાન થયું... આ..હા...! એ જ્ઞાન સહિતનું જીવન નિયમથી રાગના અભાવરૂપ વૈરાગ્ય સહિત હોય છે. આ..હા...! રાગ એનું જીવન નથી. ધર્મી જીવનું (જીવન) જ્ઞાનસહિત (અને) રાગરહિત (એવા) વૈરાગ્ય(મય) જેનું જીવન છે. જ્ઞાનસહિત વૈરાગ્ય જેનું જીવન છે. આ..હા..હા...! 'જ્ઞાન સહિતનું જીવન નિયમથી...' એમ કહ્યું છે. 'નિયમથી' કહ્યું ને ? (એટલે કે) નિશ્ચયથી 'વૈરાગ્યમય જ હોય છે.' આ..હા..હા...!

પૂર્ણાનંદના નાથનું જ્યાં પર્યાયમાં જ્ઞાન થયું, વસ્તુ તો વસ્તુ છે પણ એનું જ્યાં જ્ઞાન-શ્રદ્ધાન પર્યાયમાં થયું એ જ્ઞાન સહિતનું જીવન નિયમથી રાગના અભાવસ્વરૂપ વૈરાગ્યમય જીવન હોય છે. આ..હા..હા...! આ તો એકલા ટુકડા છે ! 'વૈરાગ્યમય જ હોય છે.' કેમ કે આનંદનું –પરમાનંદસ્વરૂપનું જ્ઞાન થયું એ રાગના અભાવસ્વરૂપ જ એનું પરિણમન છે. તેથી તે જ્ઞાન વૈરાગ્યમય જ હોય છે. આવી વાત છે. એ ચોથો બોલ થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહો ! અશરણ સંસારમાં જન્મની સાથે મરણ **જો**ડાયેલું જ છે. આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે. પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય – એ જ જીવનમાં કરવા જેવું છે. ૫.

પાંચમો (બોલ). 'અહો ! અશરણ સંસારમાં...' પ્રભુ પોતે તો શુદ્ધ ચેતન વસ્તુ હોવા છતાં અરે...! 'અશરણ...' આ અશરણ સંસાર. સંસારની અસ્તિ છે. જેમ એક બાજુ પૂર્ણ (સ્વરૂપની) અસ્તિ છે તેમ અનાદિથી એક બાજુ પર્યાયમાં સંસારની અસ્તિ છે, નથી એમ નહિ.

'અહો ! અશરણ સંસારમાં જન્મની સાથે મરણ **જો**ડાયેલું જ છે.' જન્મ થાય એટલે મરણ થશે જ. સંયોગ થયો એને વિયોગ થશે જ. આ..હા..હા..! જન્મના જેને **જો**ગ થયા (અર્થાત્) દેહનો સંયોગ (થયો). આત્મા કાંઈ જન્મતો નથી. દેહનો જેને સંયોગ થયો એને મરણનો વિયોગ થશે જ. એ જન્મ અને મરણની કતાર લાગી છે. અજ્ઞાનમાં અનાદિથી જન્મ અને મરણની કતાર – ધારા (ચાલી આવે છે.) આ..હા..હા...!

અનંતકાળમાં કોઈ એક સમય ભવ વિનાનો ગયો (હોય) એમ નથી. એથી અનાદિથી અશરણ સંસારમાં... આ..હા..હા..! ત્યાં કોઈ શરણ નથી. ભગવાન(આત્મા) શરણ છે તેમાં તો આવ્યો નથી. આ..હા..હા...! જેમ કન્યા પહેલી પિયરમાં રહે છે (એમ) એનું પિયર નિગોદ છે એમ શાસ્ત્રમાં આવ્યું છે. ત્યાં અનંતકાળ રહ્યો છે. આ..હા...! અશરણ સંસારમાં જન્મ અને મરણનું ચક્ર અનાદિથી ચાલ્યા જ કરે છે. જ્યાં સુધી આત્માની સિદ્ધિ નહિ કરે તો (આ ચક્ર ચાલ્યા જ કરવાનું). આ..હા..હા...! કેમ કે આત્મા પોતે જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ વિનાની ચીજ છે. એનું (આત્માનું) શરણ નહિ લે અને એની સિદ્ધિ સાધશે નહિ – ભગવાનઆત્માની સિદ્ધિ સાધશે નહિ ત્યાં સુધી અશરણ સંસારમાં જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. આ..હા..હા...!

એક પછી એક ભવ, એક પછી એક ભવ...! આ..હા..હા...! નિગોદના એક શ્વાસમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અઢાર ભવ (ધારણ કરે). ભલે એને શુભ-અશુભભાવ હોય છે છતાં એ બધા ભવ છે. ચક્રના ભવ છે. આ..હા..હા..! અશુભથી ટેવાઈ ગયો, વળી શુભમાં આવ્યો એમાં પણ ટેવાઈ ગયો. એ બધો સંસાર છે. એનાથી જન્મ-મરણનું ચક્ર (ચાલ્યા જ કરવાનું). ચક્ર છે ને ? (એ) ફરે છે (એમ) શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ એના ફળ તરીકે શુભ-અશુભ આદિ ગતિ, એ ચાલ્યા જ કરવાની છે. આ..હા..હા..! એમ છે ને ? 'ચાલ્યા જ કરવાનું.'

'આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે.' નિમિત્તે (શરણ છે). પહેલાં વ્યવહાર લીધો છે. સાચા દેવ-ગુરુ(નું) શરણ (એ) એનું વ્યવહારે શરણ છે. પહેલાં એને નિમિત્ત એવું મળે છે ને ? તે વ્યવહારે શરણ છે પછી બહેને પોતાના વિનયથી (અમારું) નામ કહ્યું છે.

'ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને...' 'ચૈતન્યશરણને લક્ષગત કરીને' ! અશરણ (કહ્યું) હતું ને અંદર ? પહેલો શબ્દ અશરણ સંસાર (કહ્યો) છે. અહીં ચૈતન્યશરણને લક્ષગત કરીને (એમ કહ્યું છે) આ..હા..હા...! અંદર ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ ! ચૈતન્ય પ્રકાશનો પુંજ ! તેને લક્ષગત કરીને; પર્યાયની અને રાગની પર્યાયબુદ્ધિ છે તે છોડી દઈને – ચૈતન્યસ્વરૂપ અંદર... આ..હા..હા...! (તેને લક્ષગત કરીને). એ કંઈ ભાષાનું કામ છે ?

(ચૈતન્યશરણને) 'લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય...' આ..હા..હા..! હું આત્મા જ્ઞાયક ચૈતન્ય... જ્ઞાયક ચૈતન્ય... જ્ઞાયક ચૈતન્ય (છું), પર્યાય પણ નહિ અને રાગ પણ નહિ. 'ચૈતન્ય' એમ શબ્દ લીધો છે ને ? 'ચૈતન્યશરણને' લ્યો ! શરણ આવ્યું ! પહેલાં કહ્યું (કે) દેવ-ગુરુ-ધર્મનું શરણ છે. પાછું દેવ-ગુરુએ બતાવ્યું છે શું ? કે, ચૈતન્યશરણને લક્ષ કર. વ્યવહારે દેવ-ગુરુ-ધર્મનું શરણ કહ્યું ખરું પણ એણે કહ્યું શું ? એમણે ચૈતન્યના શરણને (લક્ષગત કરવાનું) કહ્યું. આ..હા..હા...!

ચૈતન્યશરણને લક્ષગત કરીને (એટલે કે) ધ્યેયમાં લઈને. વર્તમાન પર્યાયના ધ્યાનમાં ચૈતન્યને ધ્યેય(માં) લઈને. લક્ષગત એટલે લક્ષમાં લાવીને – તેના તરફનું લક્ષ લઈને. આ..હા..હા..! 'તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય...' જેને અંદરથી રાગથી ભિન્ન પ્રભુ અને ચૈતન્ય સ્વભાવથી પરિપૂર્ણ એવા (સ્વરૂપના) દૃઢ સંસ્કાર વારંવાર અંદર જાય અને દૃઢ સંસ્કાર પડી જાય. આ..હા..હા..! 'એ જ જીવનમાં કરવા જેવું છે.' લ્યો ! વ્યવહાર કરવા જેવો છે ? વ્યવહારથી પહેલું લીધું (કે) દેવ-ગુરુ-ધર્મનું શરણ છે. એ માર્ગ બતાવે છે એટલું. પણ એ પાછું બતાવે છે ચૈતન્યશરણનું લક્ષ (કર).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન પૂર્ણ સ્વરૂપ તેની દૃષ્ટિ અને એને લક્ષગત કર, એને લક્ષગત કર ! તેને લક્ષમાં લે એમ (કહે છે). લક્ષગત એટલે લક્ષમાં તેને લે. લક્ષમાં અનાદિથી રાગ અને પર્યાયનું (જે) લક્ષ કર્યું છે એ તો દૃઢ સંસ્કાર પડ્યા જ છે... આ..હા..હા..! (હવે) આ લક્ષગત કરીને. ચૈતન્યના લક્ષને ગત (કરીને), લક્ષગત (કરીને). તેના તરફના લક્ષના સંસ્કાર પાડી દઈને, આ..હા..હા..! 'તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી **જા**ય – એ જ **જી**વનમાં કરવા જેવું છે.' **જી**વનમાં એ કરવા જેવું છે. આ વેપાર ત્યારે કે 'દિ કરવો ? આ..હા..હા...! ચેતનમય પ્રભુ ! તેના લક્ષને કરીને એના પાકા દૃઢ સંસ્કાર પાડવા જેથી કરીને તેને ભવિષ્યમાં પણ આત્મા પ્રાપ્ત થઈ જશે. સમ**જા**ય છે કાંઈ ? આ..હા..હા..! એનો દોર બાંધવો. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... વસ્તુ ! એને લક્ષગત (કરીને એટલે) દોર બાંધીને એના સંસ્કાર કરવા. તે **જી**વનમાં કરવા જેવું છે.

લોકોને નિશ્ચય લાગે. પૂ**જા** કરવી, મંદિર કરવા, ગજરથ કાઢવા, શિબિર કરવી ને શિક્ષણ શિબિર ! એ વચ્ચે વિકલ્પ હો. પણ કરવા જેવું આ છે. વાત (બધી) આવે.

**પ્રશ્ન** :– શિબિરમાં આવું સમ**જા**વવામાં આવે છે કે કરવા જેવું આ છે ?

સમાધાન :– શિબિરમાં આ સમ**જા**વવામાં આવે છે. બધાને એ નડે છે ને ! શિબિરમાં ઝેર પવાય છે. છોકરાઓને, બાળકને શુભના સંસ્કારનો નકાર કરે છે. શુભથી (ધર્મ) ન થાય માટે શુભને રોકે એટલે દેવદર્શનને બંધ કરાવે છે. આજે એવું આવ્યું છે. જૈનદર્શન છે ને ? પત્ર ! એમાં એવું આવ્યું છે. 'વીતરાગ વિજ્ઞાન' બાળપોથી કરીને ઝેર (પીવડાવે) છે. (એ) બધું ઝેર-સાહિત્ય છે. એવું છે. એને ન બેસે તો એનું શું કરે ? અરે...! મૂળ વસ્તુ રહી **જા**ય છે. જેને **જો**વું-**જા**ણવું **જો**ઈએ, **જા**ણનારને **જા**ણવો **જો**ઈએ તે રહી **જા**ય છે એ વાત લક્ષમાં ન રહે ત્યાં સુધી બહારમાંથી ખસે નહિ.

આત્મા **જા**ણનારો... **જા**ણનારો... **જા**ણવા લાયક છે. **જા**ણનારો **જા**ણવા લાયક છે. એ **જી**વનનું કર્ત્તવ્ય છે એમ રસ ન આવે, ત્યાં સુધી બહારના રસથી છૂટે નહિ 'રુચિ અનુયાયી વીર્ય' જ્યાં રુચિ હોય ત્યાં એનું વીર્ય – પુરુષાર્થ કામ કરશે, ત્યાં ગતિ કરશે આ..હા..હા..! શું થાય ? અનંત અનંતકાળ એમ ને એમ ગાળ્યો છે, કોઈ શરણ થયું નથી. શરણ છે તેને લક્ષગત કર્યું નથી અને શરણ નથી તેને લક્ષગત કરીને જન્મ-મરણના ચક્ર ઊભા કર્યા છે. જુઓને ! નાની નાની ઉંમરમાં મરી **જા**ય છે. દેહ છૂટી **જા**ય છે. આ..હા..હા...! એ પાંચમો બોલ થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવની વાત સાંભળતા સોંસરવટ કાળજે ઘા પડી જાય. 'સ્વભાવ' શબ્દ સાંભળતા શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય. રુવાંટે રુવાંટા ખડા થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે. ૬.

'સ્વભાવની વાત સાંભળતા સોંસરવટ કાળજે ઘા પડી જાય.' એ શું કહે છે ? એક પ્રભુ આત્મા સ્વભાવસ્વરૂપ છે ! શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવ છે, એ ત્રિકાળી સ્વભાવ છે, જેની હયાતિ આનંદના અને જ્ઞાનના સ્વભાવવાળી છે. એવા સ્વભાવની વાત સાંભળતા. એને (સાંભળતા જીવ) રાગ, નિમિત્ત અને પર્યાયમાંથી ખસી જાય. સોંસરવટ અંદર (ઘા પડી જાય). અંદર પ્રભુ મોટો છે ! એમ સ્વભાવની વાત સાંભળતા.

જેમ વીજળી તારમાં ઉતરે છે ને ? તાંબાના તાર કરે છે ને ? તોડે નહિ ને ઊતરી જાય, ફડાક ! એમ ચેતનસ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ સ્વભાવ ! સ્વભાવ એટલે ? આહા..હા..હા...! જેનો આનંદ અને જ્ઞાનસ્વભાવ નિત્યાનંદ પ્રભુ ! એવા કાયમી સ્વભાવની વાત સાંભળતા કાળજે સોંસરવટ ઘા પડી જાય. આ..હા..હા..! એટલે ? એને સ્વભાવ તરફનું લક્ષ થઈ જાય. બહાર તરફથી ખસી જઈને અંદરમાં ચાલ્યો જાય, ત્યારે સોંસરવટ સ્વભાવ પડ્યો, એમ જાણવામાં આવ્યું. આ..હા..હા..!

'સ્વભાવની વાત સાંભળતા સોંસરવટ કાળજે ઘા પડી જાય 'સ્વભાવ' શબ્દ સાંભળતા શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય.' એટલે ? આ બાજુમાં (રાગ અને પરપદાર્થની બાજુમાં) નહિ અને આ બાજુમાં અંદર (સ્વભાવ તરફ) ચાલ્યો જાય, એમ કહે છે. સ્વભાવ ! ધ્રુવ પ્રભુ ! ભગવત્ ! જેનો ભગવત્સ્વરૂપ સ્વભાવ ! ત્રિકાળી જેનો સ્વભાવ, એ વાત સાંભળતા કાળજામાં ઘા પડે એટલે ભિન્ન પડી જાય અને શરીરથી પણ જુદો પડી જાય. છે ને ? 'શરીરની સોંસરવટ.' એટલે કે શરીરથી ભિન્ન પડીને સોંસરવટ કાળજામાં (એટલે કે) જ્ઞાનમાં અંદર ઘા આવી જાય. આ સ્વભાવ ! આ..હા..હા...! આવી વાતું છે.

(પહેલાં એકવાર) કહ્યું હતુ ને ? 'પરમાર્થ વચનિકા'માં છે ને ? 'પરમાર્થ વચનિકા'માં ! કે આગમનો વ્યવહાર સહેલો છે એટલે (અજ્ઞાનીને) ઠીક પડે છે. દયા, દાન, વ્રત, ભક્તિ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પૂજા** (એ) આગમ વ્યવહાર (છે). આ 'પરમાર્થ વચનિકા'માં છે અને 'પ્રવચનસાર'ની ગાથામાં છે કે દયા, દાન, વ્રત આદિ મનુષ્યવ્યવહાર છે. માનસિક કલ્પનાનો મનુષ્યવ્યવહાર છે. લોકોને (એ) સહેલો પડે છે. આગમનો વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, **પૂજા** એ એને ઠીક પડે છે અને આત્મવ્યવહાર એટલે અધ્યાત્મવ્યવહારને તો **જા**ણતો પણ નથી. '(પરમાર્થ) વચનિકા'માં છે અને આ ત્યાં 'પ્રવચનસાર'માં છે.

આગમવ્યવહારને સહેલો **જા**ણીને તે કરે છે અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શુદ્ધ ચૈતન્ય દ્રવ્યની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એવો જે નિર્વિકલ્પપર્યાય એને તો એ **જા**ણતો પણ નથી. છે તો એ પણ વ્યવહાર. પર્યાય છે ને ? (એટલે એ પણ વ્યવહાર છે). આ..હા..હા..! એને એ **જા**ણતો પણ નથી. વ્યવહારને પણ **જા**ણતો નથી ! આગમવ્યવહારને (અર્થાત્) અસદ્ભૂત રાગાદિને **જા**ણે છે પણ અધ્યાત્મનો વ્યવહાર, જે શુદ્ધ ચેતનવસ્તુ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા, જે વીતરાગી પર્યાય, જે નિર્વિકલ્પ (મોક્ષમાર્ગ) એ અધ્યાત્મવ્યવહાર છે. અધ્યાત્મનો નિશ્ચય તો દ્રવ્ય છે. અધ્યાત્મનું નિશ્ચય સત્ તો દ્રવ્ય છે પણ એની નિર્વિકલ્પ પરિણતિ છે એ એનો વ્યવહાર છે. આ..હા..હા...! આવું આકરું પડે માણસને !

મુમુક્ષુ :– (આપે) સહેલું કરી દીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સરળ જ છે આ. બહારમાં બધી હો-હા લાગી છે ને ! વ્રત કરો, ઉપવાસ કરો, પડિમા લ્યો ! ધમાલ... ધમાલ... લાગી છે. કહે છે કે એ આગમવ્યવહાર લોકોને (સહેલો પડે છે). મિથ્યાત્વ સહિત શુભરાગ છે. એને સહેલો (પડે) છે. અધ્યાત્મનો વ્યવહાર (અર્થાત્) શુદ્ધ પર્યાયની – વ્યવહારની તો એને ખબર પણ નથી. છે તો એ પણ વ્યવહાર. ત્રિકાળી ભગવાન છે એ નિશ્ચય ધ્રુવ વસ્તુ છે. એનો શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં સ્વીકાર (થાય) તે તો રાગથી રહિત નિર્વિકલ્પ દશા છે, નિર્વિકલ્પ દશા તે અધ્યાત્મનો વ્યવહાર છે અને તે આત્માનો વ્યવહાર છે. 'પ્રવચનસાર' (માં એમ કહે છે) એ આત્મવ્યવહાર છે. આગમવ્યવહાર એ મનુષ્ય વ્યવહાર છે. આ..હા..હા..! આ કરવું ને આ ખાવું ને આ પીવું ને આમ લેવું ને આ લેવું... આ..હા..હા..! એવી ક્રિયામાં રોકાવું એ આગમવ્યવહાર લોકોને સહેલો લાગે છે પણ અધ્યાત્મનો વ્યવહાર તો **જા**ણતા પણ નથી. આ..હા..હા..!

અહીંયાં કહ્યું ને ! 'શરીરની સોંસરવટ કાળ**જા**માં ઊતરી **જા**ય. રુંવાટે રુંવાટાં ખડા થઈ **જા**ય...' શુદ્ધ સ્વરૂપ ! આ નિત્ય ધ્રુવ સ્વભાવ છે. સ્વ નામ પોતાનો ભાવ છે. વસ્તુ જેમ નિત્ય છે પ્રભુ ! તેમ એનો સ્વ–ભાવ ધ્રુવ છે, એ સાંભળતા શરીરથી સોંસરવટ એટલે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીરથી ભિન્ન કાળજામાં ઘા વાગી જાય, ઓ..હો...! આવો સ્વભાવ મેં કોઈ દિ' સાંભળ્યો નથી !! આ..હા..હા...!

પણ આ બધું કરવું એનું સાધન શું ? એમ માણસ કહે છે. પણ આ જ સાધન છે. રાગથી ભિન્ન પ્રજ્ઞાછીણી એ જ સાધન છે. એ સાધન એને સમજાતું નથી તેથી બાહ્ય સાધનમાં ઝાવાં નાખ્યા કરે છે. આ વ્રત લઈએ ને તપસ્યા કરીએ ને અપવાસ કરીએ ને ભક્તિ કરીએ, દેવ-ગુરુ-શાસ્ત્રને પૂજીએ, એનું બહુમાન કરીએ અને અષ્ટદ્રવ્યથી પૂજા કરીએ એ તો બધો શુભવિકલ્પ (છે). આ..હા...! આ વસ્તુસ્થિતિ છે. એકાત... એકાંત.. કહે છે લોકો. ભાઈ ! એકાંત જ છે. નિશ્ચયનય છે (એ) નયનો વિષય સમ્યક્ એકાંત છે. પ્રમાણનો વિષય દ્રવ્ય અને પર્યાય (બન્ને છે). પણ નિશ્ચયનય – સમ્યક્નયનો સમ્યક્ એકાંત વિષય તો ધ્રુવ જ છે. આ..હા..હા...! એકાંત જ છે. આ..હા...! નય છે ને ? નયનો વિષય અંશ છે. નયનો વિષય અંશી – આખી ચીજ નથી. નિશ્ચયનય પણ અંશ છે ને ? અને તે અંશનો વિષય સમ્યક્ એકાંત એવો ત્રિકાળ (સ્વભાવ) છે.

એક ચૈતન્ય સ્વભાવ, આનંદનું ધામ પ્રભુ ! જ્ઞાનનો, સુખનો સાગર ! અતીન્દ્રિય શાંતિનો સમુદ્ર ! એવો જે સ્વભાવ શરીર પ્રમાણે ક્ષેત્ર હોવા છતાં તેના ભાવની – શક્તિની અપરિમિતતા !! સ્વભાવને માપ શા ? એની હદ શી ? એવો આત્માના જ્ઞાન, આનંદ અને શાંતિના અપરિમિત સ્વભાવને સાંભળતા કાળજે ઘા વાગે અને શરીરથી સોંસરવટ જુદો પડી જાય. કહે છે. આ..હા..હા..! આ..હા...! આવી વાતું છે. શું થાય ? લોકોને એકાંત લાગે.

'કુરાવડ' ? આ અમારે બ્રહ્મચારી (છે). એણે બધું ત્યાં કર્યું હતું ને ? લોકો એમ કહે કે જુઓ ! ત્યાં એકાંત હતું. માટે લોકો (બીજા વર્તમાન મુનિ) પાસે જાતા. જોડે એક (શહેર) હતું ને ? શું કહેવાય એ ? 'ભીંડ' ! ત્યાં આવતા એ લોકો ખુશી થાતા. કેટલાક તો ભૂખ્યા (આવતા હતા), ત્યાં આહાર મળતો નહોતો અને સાંભળતા રાજી થતા હતા. પણ લોકો સાંભળે... સાંભળે... સાઠ ઘર આ બાજુના હતા, ચાર ઘર વીસપંથીના હતા તે ત્યાં ચાલ્યા ગયા. કોઈ વિરોધ નહિ. બે-ચાર રહી ગયા હશે એ સાંભળવા આવ્યા હશે. સાંભળવા આવ્યા તો એને એમ થયું કે, ઓ..ય..! માળી વાત ! મધ્યસ્થી હોય તો વાત તો આ (બેસી જાય એવી છે). એવું સાંભળ્યું હતું (કે) વીસપંથી કોઈ એક-બે આવ્યા હતા. આ..હા..હા..! બાપુ ! આ તો (વીતરાગનો) માર્ગ, ભાઈ !

સ્વભાવ એટલે શું ?! ભાઈ ! આ..હા..હા..! જેનો સ્વભાવ વસ્તુ, પ્રભુ ! અને એનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ એને હદ શી ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત ઈશ્વરતા, અનંત જીવતર... આ..હા..હા..! અનંત કર્તાની શક્તિ, અનંત કાર્યની શક્તિ, અનંત સાધનની શક્તિ... આ..હા..હા..હા...! એવો જે સ્વભાવ એ સ્વભાવ છે. પર્યાય થવી એ પછી (વાત છે). એવો સ્વભાવ સાંભળતા કાળજે ઘા વાગે અને સાંભળતા 'શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુંવાટે રુંવાટાં ખડાં થઈ જાય...'

'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'માં આવે છે ને ? વિકલ્પથી નિર્વિકલ્પ થવાનું એમાં (આવે) છે. પહેલાં એમ કે રુંવાટાં આમ થાય પછી વિકલ્પ તૂટે (એવું આવે છે). અંદર આમ વસ્તુ આ શું છે ! એનો મહિમા આવે છે એટલે રુંવાટાં ખડા થાય છે, એમ છે. પછી વિકલ્પ તોડે છે, એમ આવે છે. પહેલાં મહિમા આવે છે આ તે શું ચીજ છે આ !! અનાદિથી ઓઝલમાં પડેલી ચીજ શું છે !! ઓઝલમાં રહેલી રાણી પણ જ્યારે બહાર નીકળે તો લોકો જોવા નીકળે, કુતૂહલ થાય. પચાસ વરસથી રાણીસાહેબ બહાર નહોતા નીકળ્યા. રાણીસાહેબ નીકળ્યા ! મોટરે ! ઉઘાડી મોટર હોય ને ? જોવા નીકળે ! 'ભાવનગર'માં પહેલાં (નીકળતા). આ..હા..હા..! આ (ભગવાનઆત્મા) અનાદિનો ઓઝલમાં – રાગ અને પર્યાયની બુદ્ધિના પ્રેમમાં પ્રભુ ઓઝલમાં રહી ગયો. આ..હા...! ઓઝલ (સમજ્યા) ? પડદામાં ! આ..હા..હા..! એમ પ્રભુ ! મહા સ્વરૂપ ! સર્વોત્કૃષ્ટ પરમાત્મા જ પોતે છે. આગળ આવશે. પોતે સર્વોત્કૃષ્ટ પરમાત્મા એ અજાણ્યો રહી ગયો. જે જાણવા જેવો તે અજાણ્યો રહી ગયો અને જેની કાંઈ જરૂર નથી તેને જાણવામાં વખત ગાળ્યો આ..હા..હા...!

એથી કહે છે. 'રુંવાટે રુંવાટાં ખડા થઈ જાય એટલું હૃદયમાં થાય,...' આ..હા..હા..! 'અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે,...' સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે ક્યાંય 'સુખ ન લાગે,...' સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ક્યાંય સુખ ન લાગે. ક્યાંય ચેન ન પડે. છે ? એટલે (ક્યાંય) સુખ ન લાગે, આ..હા..હા..! 'લીધે જ છૂટકો.' લીધે જ છૂટકો ! 'યથાર્થ ભૂમિકામાં આવું હોય છે.' પહેલી આવી ભૂમિકામાં આવું હોય છે. સ્વરૂપની પ્રાપ્તિની યથાર્થ ભૂમિકા – એની વર્તમાન દશા – એ ભૂમિકામાં આવું હોય છે. છે ? 'યથાર્થ ભૂમિકામાં આવું હોય છે.' એની લગની (લાગે). સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... જેની ઝંખનામાં બીજી વાત ન ગોઠે, એવી ઝંખના થાય... આ..હા..હા...! એવી ભૂમિકા પ્રાપ્ત થાય એને આત્મા પ્રાપ્ત થયા વિના રહે નહિ. આવી વસ્તુ છે. એ છ બોલ થયા. વિશેષ કહેશે....

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ **જોઈએ** છે. પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ **જોઈએ** છે. ૭.

**જેઠ સુદ ૩, ગુરૂવાર, તા. ૦૮-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૭-૧૨ પ્રવચન–૩**

'વચનામૃત'નું ત્રીજુ પાનું, સાતમો બોલ. છ ચાલ્યા ને? સાતમો. 'જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે,...' લોકો એમ કહે ને ? 'તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ **જોઈએ** છે.' આત્મા તરફ વળવાનો પર્યાયે પર્યાયે પુરુષાર્થ **જોઈએ**. પર તરફ જે પુરુષાર્થ વળેલો છે એ તો અનાદિથી (છે). હવે, પોતાના સ્વભાવ સન્મુખ પર્યાયે પર્યાયે પુરુષાર્થની ગતિ રાગથી ભેદજ્ઞાન કરવામાં હોય છે. રાગથી ભેદજ્ઞાન થયું છતાં પણ પર્યાયે પર્યાયે સ્વસન્મુખનો પુરુષાર્થ હોય છે. આવી વાત છે. 'પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ **જોઈએ** છે.' વીર્ય જ કામ (કરે છે). જે સ્વભાવ છે તેની રુચિ થઈ, તો 'રુચિ અનુયાયી વીર્ય' (અર્થાત્) પુરુષાર્થ કામ કર્યા જ કરે. વીર્ય અંતર્મુખ વળ્યા કરે, એવો પુરુષાર્થ હોય જ. આ..હા..હા..!

'પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી.' વીર્ય ગુણ વિના એક પણ પર્યાય પ્રગટ થતી નથી. 'એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન...' **જોયું** ? શુદ્ધ ચૈતન્ય, આનંદઘન, જ્ઞાનપિંડ, સ્વરૂપની રુચિથી માંડીને 'કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ **જોઈએ** છે.' અંતર સત્‌નું વલણ એનું નામ પુરુષાર્થ. સ્વભાવની રુચિથી માંડીને કેવળજ્ઞાન સુધીનો પુરુષાર્થ **જોઈએ**.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈ એમ કહે કે, આડીઅવળી પર્યાય તો થતી નથી અને પુરુષાર્થ **જો**ઈએ છે એટલે શું ? (પ્રત્યેક પર્યાય) ક્રમબદ્ધ તો થાય છે. (એનો ઉત્તર એમ છે કે) ક્રમબદ્ધમાં અકર્તાનો પુરુષાર્થ છે અને અકર્તાનો પુરુષાર્થ નાસ્તિથી છે. અસ્તિથી જ્ઞાતાનો પુરુષાર્થ છે. સમ**જા**ણું ? ક્રમબદ્ધમાં જે સમયે જે દ્રવ્યની (જે) પર્યાય થાય, તે થાય. તે ક્રમબદ્ધમાં અકર્તા – અકર્તાપણાનો પુરુષાર્થ છે. એને અસ્તિથી જ્ઞાતાનો પુરુષાર્થ છે. અકર્તા એટલે કરવું નથી; આ કરવું, એવું નથી. એટલે જ્ઞાતાપણાનો પુરુષાર્થ છે. આ..હા..હા..! આવી વાત છે.

'કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ **જો**ઈએ છે.' આ..હા..હા..! **જા**ણનાર... **જા**ણનાર.... **જા**ણનાર... **જા**ગ્યો. એ **જા**ણનાર **જા**ણનારપણે જ પુરુષાર્થ કરે છે. ચાહે તો ઉદય હોય એને **જા**ણે, નિર્જરા થાય એને **જા**ણે, બંધ થાય એને **જા**ણે, મોક્ષ થાય એને **જા**ણે. એ તો જ્ઞાતાનો પુરુષાર્થ જ ત્યાં વર્તે છે, થયા કરે છે, આ..હા..હા..!

> અત્યારે પૂ. ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણા **જી**વો તૈયાર થઈ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે, શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે. ૮.

પછી (આઠમા બોલમાં) પોતે 'બહેને' જરી નાખ્યું છે કે અત્યારે જે આ વાણી નીકળે છે એને (ગ્રહણ કરવા) ઘણા **જી**વો તૈયાર થઈ ગયા છે, સમજવા માટે, સાંભળવા માટે લાખો માણસો આમ (તૈયાર) થઈ ગયા છે, અને વાણીનો યોગ તો ૐકારને લઈને જે આવે છે, એ રીતે શ્રુતની ધારા એવી છે (તેથી) લોકોને અસર કરે છે. 'સાંભળ્યા જ કરીએ' એ તો બહેનની વિનયની વાત છે.

મુમુક્ષુ :– એકદમ સત્ય વચન છે, સાહેબ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'સાંભળ્યા જ કરીએ (એમ થાય)' એમ 'મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને સ્પષ્ટ કર્યો છે.' એ રીતે શ્રુતના ઉઘાડનો ભાવ છે એમ પોતાનો વિનય **જા**હેર કરે છે. બહેન પોતે પોતાનો વિનય **જા**હેર કરે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પુરુષાર્થની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. પછી કળે કમાય, ધન ધનને કમાવે–ધન રળે તો ઢગલા થાય, તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે. ૯.**

હવે નવમું આવે છે. 'પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય...' આ..હા..હા..! અંદર ચૈતન્ય, અમૃતનો સાગર પ્રભુ ! એના તરફની રુચિ વળે એટલે પુરુષાર્થની કળ સૂઝી જાય. આ..હા..હા..! જેના પોસાણમાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા આવ્યો, એનું જેને પોષાણ થયું એને પુરુષાર્થની કળાની કળ હાથ આવી ગઈ. આત્માના સ્વભાવ તરફ જ જેનો પુરુષાર્થ વળ્યો છે એ એની કળ છે.

**પ્રશ્ન** :– કળ એટલે શું ?

સમાધાન :– કળ કે એટલે એ જાતની દશા. આ..હા...! કરવાનું તો આ છે, બાપા !

**પ્રશ્ન** :– પછી રોટલા કમાવા ક્યાંથી ?

સમાધાન :– એ તો ભેગું હોય છે, વિકલ્પ હોય છે પણ એની સાથે આ સમજવાનો અંદર પ્રયત્ન જોઈએ. હું તો જ્ઞાનસ્વરૂપ જ છું. જ્ઞાન શું કરે ? જ્ઞાન કરે શું ? રાગ કરે ? જ્ઞાનમાં રાગ કરે, ઈ જ્ઞાનમાં ક્યાંથી આવે ? જ્ઞાન તો જ્ઞાન કરે. આ..હા..હા...!

એવી પુરુષાર્થની કળ સૂઝી જાય, કળ એટલે અંદર તરફ(ની) દશા. (એ સૂઝી જાય) 'તો માર્ગની મૂંઝવણ ટળી જાય.' અંતરમાં પુરુષાર્થની કળા જાગી જાય અને સૂઝી જાય (અર્થાત્) કળાની સૂઝ પડી જાય. સૂઝ પડે એટલે અંતર્મુખ થવાની અંદર સૂઝ પડે એટલે બધી મૂંઝવણ ટળી જાય. ઘણી સાદી ભાષા !

એનું સ્વરૂપ અસ્તિત્વ જે છે (અર્થાત્) ધ્રુવમાં અનંત શાંતિ અને અનંત આનંદ (છે) એમ જો સૂઝ પડી જાય તો પુરુષાર્થની કળા હાથમાં આવી જાય. એના તરફ ઢળ્યા જ કરે, એમ કહે છે. આ..હા..હા...! એકદમ માખણ છે ! આ..હા..હા..! જેનો પ્રેમ હોય ત્યાં પુરુષાર્થ ઢળ્યા વિના રહે નહિ. એ કળા (છે). એમ (કહે છે). આ..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'પછી કળે કમાય,...' અંતર્સન્મુખની કળા થાય, તે કળે કમાય (અર્થાત્) શુદ્ધિ વધે, આ..હા..હા..! 'જેમ ધન ધનને કમાવે...' એટલે કે પૈસા હોય તો પૈસાને લઈને પૈસા વધે. ત્યાં કાંઈ બુદ્ધિનું કામ નથી. પૈસા પૈસાથી પાંચ-દસ લાખ થયા તો એમાં પેદાશ ચાલતી જાય. 'ધન ધનને કમાવે – ધન રળે તો ઢગલા થાય,...' આ..હા..હા...! એ લક્ષ્મીના ઢગલા હોય, પચીસ-પચાસ લાખ (હોય) તો એને બે-પાંચ-દસ લાખના ઢગલા પેદા થયા જ કરે. આ..હા..હા..!

આપણે (ત્યાં) 'ધન રળે તો ઢગલા થાય' એમ કહે છે. 'પંડ રળે તો પેટ ભરાય' ભાઈ ! એમ કહે છે કે નહિ ? શરીર રળે તો પેટ ભરાય એમ. પંડ રળે તો આજીવિકા મળે એમ કહે. પણ એ પણ વ્યવહાર છે. એમ ધન રળે તો ઢગલા થાય. પંડ રળે તો પેટ ભરાય. આ..હા...! ત્રીજી ભાષા (પણ) છે. પંડ રળે તો પેટ ભરાય, પછી કાંઈક છે, નોકર અને ગુમાસ્તા રળે તો અમુક સ્થિતિ ઊભી થાય અને ધન રળે તો ઢગલા થાય. હવે, અહીં તો આત્મામાં ઉતારવું છે, હોં ! આ..હા..હા..!

'તેમ આત્મામાં...' ઓ..હો...! 'આત્મામાં...' આત્મા – મહાપ્રભુ ! સર્વોત્કૃષ્ટ પરમાત્મા ભગવાન સ્વરૂપ !! નજરમાં – દૃષ્ટિમાં આવ્યો... આ..હા..હા..! નમઃ સમયસારમાં મૂળ એ છે, ખરેખર તો પોતાનું (સ્વરૂપ) છે, હોં ! ભલે વ્યવહાર પ્રગટ કરીને નાખ્યો છે (બાકી) ખરેખર તો પોતે જ શુદ્ધ ચૈતન્ય સમયસાર (છે) ! એને નમે છે, ત્યાં ઢળી જાય છે. પછી એ પૂર્વક પરમાત્મદશાની માંગણી છે. પરમાત્મદશા થશે એની માંગણી છે અને થાય છે એની ભક્તિ છે. છે એની ભક્તિ – વંદન છે.

અહીં પણ એ કહે છે, આ..હા..હા..! અંદરમાં 'આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ...' અંદરમાંથી પરની મીઠાશ ગઈ. પુણ્યની, પાપની, પર્યાયની, પુણ્યના ફળરૂપ સામગ્રીની, એની મીઠાશ ગઈ અને સ્વરૂપની મીઠાશ થઈ. આ..હા..હા...! 'આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈવાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય,...' એટલે શું ? અંતર પુરુષાર્થ એકદમ કામ કરે તો અંદર આનંદની ઉગ્રતા વધી જાય. 'ધન રળે તો ઢગલા થાય' (એ દૃષ્ટાંત છે). એટલે કે જે જાગૃત દશા થઈ છે એ ઉગ્ર વધી જાય તો આનંદના ઢગલા દેખાય. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદના (ઢગલા થાય) ! ધન રળે તો ઢગલા થાય, એ આ. સ્વરૂપનું ધન જેની દૃષ્ટિ અને રુચિમાં આવ્યું છે... આ..હા..હા...! એને કોઈવાર અંતર્મુખમાં એકદમ પુરુષાર્થ – સ્વભાવિક અંદર સહસા જાગૃત દશા જામી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જાય** તો ઢગલા થાય. આ..હા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની ધારા વધી **જાય**. આ..હા..હા...!

'અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.' અંતર્મુખની જે રુચિ છે અને પરિણમન છે (એ) એટલું પણ રહે. પુરુષાર્થ સ્વભાવ સન્મુખ છે (એ) એટલો પણ રહે અને કોઈવાર ઉગ્ર થઈને ઢગલા પણ થાય. બે વાત છે. આ..હા..હા..! એકદમ અંદરમાં ઉગ્રતા **જાય**, એકદમ સાહસિક પુરુષાર્થ (થાય તો) ઢગલા થાય. બાકી શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિનું સહજપણે પરિણમન છે તે પ્રમાણે એને (રહે છે). 'ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.' એમ (કહે છે). આ..હા..હા..! આ તો અંદરની વાતું છે. બહારની સાથે કાંઈ સંબંધ ન મળે. આ..હા..હા..!

વાત શું છે ? કે જેને વિભક્ત (એવા) રાગની એકતા તૂટી છે અને સ્વભાવની એકતા થઈ છે તો દૃષ્ટિમાં સ્વભાવ જ જણાય છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન ! શુદ્ધ ચૈતન્ય ભગવાન ! એ જ દૃષ્ટિનો વિષય છે અને તેથી તે જ જણાય છે. એમાં અશુદ્ધતા છે એ (દૃષ્ટિનો) વિષય નથી. આ..હા..હા..! અશુદ્ધતા આદિ છે એનું જ્ઞાન હોય પણ એનો આશ્રય ન હોય. આ..હા..હા..! એથી પવિત્ર ભગવાન ! પૂર્ણ શુદ્ધ ચૈતન્ય, અપરિમિત આનંદ આદિ શક્તિઓનું દળ ! એ જ્યાં નજરમાં, પ્રતીતિમાં, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈને જણાણું, તો એ જ અસ્તિત્વ (દૃષ્ટિમાં) રહ્યું. (એ નવમો બોલ પૂરો થયો).

**અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય–આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.**

'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ,...' આ..હા..હા...! અમે સિદ્ધપણે છીએ એમ જે દેખ્યું (ત્યાં બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ). સ્વરૂપ શુદ્ધ છે એ સિદ્ધપણે (જ છે). પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં વસ્તુ તો શુદ્ધ જ છે, ત્રિકાળ શુદ્ધ જ છે. એ ત્રિકાળ શુદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(સ્વરૂપને) સિદ્ધપણે જ્યાં જોયું (ત્યાં) બધાની આવી ચીજ છે, બધા ભગવાન (છે, એમ દેખાય છે). આ..હા..હા..! 'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ,...' અમે આત્માને સિદ્ધપણે જોયો, જાણ્યો, તે વસ્તુ સિદ્ધસ્વરૂપી છે તે જ આત્મા છે - એમ જોનાર બીજાના આત્માને પણ સિદ્ધપણે જોવે છે. એની દશાના પુણ્ય, પાપ છે એ તો વિકારમાં જાય છે. એ કાંઈ આત્મામાં આવતા નથી. આ..હા..હા..!

'અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ.' આ..હા..હા..! જ્યાં સમ્યગ્દર્શન (થયું), સત્યના દર્શન થયાં, પૂર્ણ સત્ય, પૂર્ણ અસ્તિત્ત્વ, ભૂતાર્થ, સત્યાર્થ વસ્તુનો અનુભવ થયો અને એ 'છે' એમ થયું તો એવી જ રીતે બધા આત્માઓ એવા જ છે (એમ દેખી રહ્યા છે). પર્યાયબુદ્ધિ ગઈ એ બીજાની પર્યાયબુદ્ધિને દેખતો નથી. બીજાને પણ દ્રવ્યબુદ્ધિથી દેખે છે, આ..હા..હા...! આવી વાત છે. આ તો કરવું ને આ કરું ને આ કરું એમાં રોકાઈ ગયો (પણ) એ કરવું જેનામાં છે જ નહિ. એ તો જ્ઞાયકનો પિંડ પ્રભુ ! રાગના અને ઉદયના ભાવના અકર્તા સ્વભાવસ્વરૂપ એટલે કે જ્ઞાતા-દષ્ટાસ્વરૂપ પોતાની ચીજને એવી જોઈ, અનુભવી તો એવા જ બધાના આત્માઓ છે, એમ દેખે છે. આ..હા..હા...!

'અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ.' એનો અર્થ, પોતે ચૈતન્ય જ છે એવો અનુભવ થયો. ચૈતન્ય જ્ઞાનમૂર્તિ ! જ્ઞાનસ્વરૂપ ! જ્ઞાનના પ્રકાશનું પુર ! એ જ્યાં અનુભવમાં આવ્યું તો એ હું આત્મા છું. (અને) બધા આત્મા એવા જ છે. આ..હા...! વસ્તુ દૃષ્ટિએ એવા જ છે. 'સર્વ જીવ છે સિદ્ધ સમ.'

**પ્રશ્ન** :– એ તો દ્રવ્યની અપેક્ષાની વાત કરી, પર્યાય અપેક્ષાનું જ્ઞાન છે કે નહિ ?

સમાધાન :– એ પર્યાયને અહીં કાઢી નાખી. (જેને) પર્યાયદૃષ્ટિ ગઈ અને દ્રવ્યદૃષ્ટિ થઈ એ બીજાને પણ દ્રવ્યદૃષ્ટિએ એવો જ જોવે છે. પર્યાયનું જ્ઞાન કરે પણ આદરણીયમાં તો દ્રવ્યદૃષ્ટિ જ એને આદરણીય છે. એ રીતે તે આત્મા પણ સાધર્મી તરીકે આદરણીય ગણ્યો છે. શુદ્ધ આત્મા તે આદરણીય છે. આ..હા...! જેમ પોતાનો શુદ્ધ આત્મા આદરણીય છે એમ બધાના શુદ્ધ આત્મા સાધર્મી તરીકે એ આદરણીય જ છે. પર્યાયબુદ્ધિ ગઈ ત્યાં પર્યાયનો આશ્રય લેતો નથી. એટલે બીજાની પર્યાયને પણ ગણતો નથી. આ..હા..હા...! આવી વાતું હવે, લોકોને (આકરું) લાગે.

મુમુક્ષુ :– યહ બાત સુની હી નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હાં, સુની નહીં. (કોઈ વિદ્વાને) એવું લખ્યું છે કે 'અધ્યાત્મની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત સાંભળતા સ્વામી**જી**નો પરિચય થયો. સાંભળતા મારી **રુચિ અધ્યાત્મ**માં બળવત્તી થઈ.' (એક પુસ્તકની) પ્રસ્તાવનામાં એવું લખ્યું છે કે, 'ત્રણ દસકાથી **અધ્યાત્મ** પ્રવર્તક સોનગઢથી થયું છે. અને મેં પણ ન**જી**કમાં (રહીને), **જા**ણીને મારી પણ **અધ્યાત્મ**ની **રુચિ** બળવત્તી થઈ.' એમ લખ્યું છે, હોં !

પહેલી વાત ઈ કે, **ક્રમબદ્ધ**(ની) વાત **જો** ન બેસે તો એનું અકર્તાપણું થાય નહિ. અકર્તાપણું થાય નહિ તો જ્ઞાતાપણાનો વસ્તુ સ્વભાવ છે (એની દૃષ્ટિ થાય નહિ). દૃષ્ટિનો વિષય તે જ્ઞાતા છે. એનો અર્થ જ (એ) થયો કે, **ક્રમબદ્ધ** છે એને એ **જા**ણે છે. (એનો) કર્તા નથી. એ વાત તે દિ' (એક વિદ્વાનને) નહોતી બેસતી પણ હવે કબુલી છે. ભાઈ ! માર્ગ તો આ છે. જ્યારે કબુલ કરો પણ માર્ગ આ છે. ભલે આકરો લાગે. આ..હા...!

અહીં તો કહે છે પોતે જ **શુદ્ધ ચૈતન્યઘન** અસ્તિપણે હતો. એને જેમ રાગને, પુણ્યને મારા માનીને નાસ્તિપણે માન્યો હતો, એને રાગ અને પુણ્ય હું નહિ, હું તો પૂર્ણ આનંદ છું એમ **જા**ણ્યું અને માન્યું, એ અસ્તિથી પોતાની દૃષ્ટિ થઈ, એવા જ બધાના આત્માઓ અસ્તિપણે છે (એમ **જો**વે છે). આ..હા..હા...! છે ને ? આ..હા...! 'કોઈને અમે રાગ**દ્વેષ**વાળા દેખતા જ નથી.' વસ્તુ દૃષ્ટિએ (એમ **જો**ઈએ છીએ). પર્યાયથી (રાગ-**દ્વેષ**) છે એ તો **જા**ણવા લાયક છે. આ તો આદરવા લાયકમાં (**જા**ય છે). આ..હા..હા..!

(કોઈ એમ કહેતું હતું કે) આ પુસ્તક આમ વાંચીને (વર્તમાન કહેવાતા) મુનિરા**જો**માં પણ વિરોધ ટળશે. કારણ કે એમાં અસ્તિથી મુનિનું એવું સ્વરૂપ સિ**દ્ધ** કર્યું છે કે મુનિ આવા હોય, બાપા ! ભાઈ ! પ**ક્ષ**ની ક્યાં (વાત છે) ? આત્માના આનંદમાં લીન હોય છે. મુનિઓ તો આત્માના આનંદમાં લીન હોય છે. બહાર આવી **જા**ય તો શુભ ચિંતવનનો વિકલ્પ (હોય) અને પાછા અંદરમાં ચાલ્યા **જા**ય છે. એવી એની સ્થિતિ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે, આ..હા..હા...! અહીંયા તો હ**જી** ચોથા ગુણસ્થાનથી વાત લીધી. મુનિની તો વાત શું કરવી !! ઓ..હો..હો...! સાચા સંત ! જ્ઞાયક જેનો વેષ છે, જ્ઞાયક વેષ છે ! જેનો સંવર, નિર્જરા, મો**ક્ષ** એ પણ વેષ નથી ! આ..હા..હા...!

પૂર્ણ સ્વરૂપ **ચૈતન્ય** સ્વભાવ ! એ જ્ઞાયકપણાનું હોવાપણું શુ**દ્ધ**, પવિત્ર, અનાકુળ આનંદનો **પિં**ડ અને કંદ ! એ જે વસ્તુ છે, એમ જેણે અંતરથી **જો**યું તો (એ) બી**જા**ના **જી**વને પણ એ રીતે **જો**વે છે. વસ્તુ દૃષ્ટિએ (એમ **જો**વે છે). પર્યાયથી તો જેમ છે એમ **જા**ણે છે. એ તો **જા**ણવા માટે છે. આ..હા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી.' 'જ' નાખ્યું છે. વસ્તુ છે તે રાગ-દ્વેષવાળી ક્યાં છે ? આ..હા..હા..! સર્વોત્કૃષ્ટ પ્રભુ ! 'મુંબઈ'માં (એક જણ) એમ કહેતા, ઓ..હો...! જગતમાં સર્વોત્કૃષ્ટ આત્મા હોય તો એક પ્રભુ આ સર્વોત્કૃષ્ટ (આત્મા) એક જ છે. સર્વોત્કૃષ્ટ પ્રભુ આત્મા એક જ છે. વ્યાખ્યાનમાં એમ કહેતાં. આ..હા..હા...! વસ્તુસ્થિતિ (એવી છે). વસ્તુ છે ને ? વસ્તુ છે તો એમાં વસેલી (અનંત... અનંત શક્તિઓ છે). જેમ વસ્તુ ત્રિકાળ છે તેમ તેની શક્તિઓ અને સ્વભાવ – ગુણ ત્રિકાળ છે. ત્રિકાળ છે એવું જે ભાન, અનુભવ થયો (કે), આ વસ્તુ તો શુદ્ધ, પવિત્ર છે, એમ બધા આત્માઓ પવિત્ર જ છે. આ..હા..હા..! છે ?

'એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય–આત્મા ઊઘડ્યો છે...' જોયું ? 'ચૈતન્ય–આત્મા ઊઘડ્યો છે...' એકલો પડ્યો છે, એમ નહિ. આ..હા..હા...! પ્રભુ ચૈતન્ય આત્મા શક્તિરૂપે સ્વભાવ તો ત્રિકાળ છે પણ ઊઘડ્યો છે તે વ્યક્તિમાં – વ્યક્તમાં (–પર્યાયમાં) એનું ભાન થયું છે. વર્તમાન સમ્યગ્દર્શન, જ્ઞાનમાં – વ્યક્તમાં એનું ભાન થયું છે કે, ઓ..હો...! આ આત્મા નહોતો, એ આત્મા થયો એવું શ્રદ્ધામાં આવ્યું. આ..હા..હા..! (આત્મા) સર્વજ્ઞ નહોતો, એ શ્રદ્ધાએ સર્વજ્ઞ માન્યું. (આત્માને) જાણ્યો કે આ તો સર્વજ્ઞ સ્વરૂપ જ છે. આ..હા..હા..!

આ તો ભાઈ અંતરના કામ છે. આત્માર્થીના કામ છે, બાપુ ! પછી વ્યવહારના ઝઘડા ઊભા કરે, શુભથી થાય અને (શુભભાવ) સાધન છે ને ઢીકણું છે ને (એમ ઝઘડા ઊભા કરે).

'જેને ચૈતન્ય...' ચૈતન્ય એટલે આત્મા એમ. ચૈતન્યસ્વભાવી, જાણકસ્વભાવી, જાણન-દેખન પ્રકાશસ્વરૂપ આત્મા 'ઊઘડ્યો છે...' એટલે પર્યાયમાં અનુભવાણો છે, પર્યાયમાં એનો અનુભવ થયો છે. 'તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.' આ..હા..હા...!

આ પુસ્તક તો કુદરતે એવું બહાર નીકળી ગયું છે કે, જરી મધ્યસ્થ જીવ જે હશે તો એને (એમ થાશે કે) વસ્તુસ્થિતિ તો આ છે. ભલે વ્યવહાર આવે, (વચ્ચે) આવે છે, એ હોય છે પણ એ બધો હેય છે. ત્યારે એ લોકો ટીકા કરે છે કે, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ હેય ? તો છોકરાઓ દેવ-ગુરુ-શાસ્ત્રને હેય માનીને પૂજા પણ નહિ કરે. અરે પ્રભુ ! એને છોડીને પાપ કરે એમાં એ કહેવાનું છે ? ફક્ત એની રુચિ છોડીને કે ભાઈ ! એ ધર્મ નથી. (શુભભાવ) આવે ખરા. (એ) ભાવ હોય, અશુભથી બચવા માટે, અસ્થાનથી છૂટવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માટે શુભભાવ હો, પણ એ પોતે ધર્મ નથી અને ધર્મનું કારણ નથી. હોય ખરો, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય એવી ચૈતન્ય દૃષ્ટિવંતને પણ વ્યવહાર આવે, પણ એ હેય તરીકે છે. હેય તરીકે જ્ઞેય છે અને ભગવાન (આત્મા) ઉપાદેય તરીકે જ્ઞેય છે. બન્નેમાં એટલો ફેર છે. આ..હા..હા..!

આ..હા..હા..! આમાં ઝઘડાનું કામ પણ નથી, બાપા ! અને 'વાદવિવાદ કરે સો અંધા' ભાઈએ ન કીધું ? 'નિયમસાર'માં 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને ? સ્વ અને પરની સાથે વાદવિવાદ કરીશ નહિ, ભાઈ ! જેમ કોઈ માણસને લક્ષ્મી મળે એ દેશમાં આવીને ઢંઢેરા ન ફેરવે કે, 'હું કરોડપતિ છું અને કરોડ રૂપિયા લઈને આવ્યો છું.' (એ તો) એકલો એકલો ખાય. એમ આત્માનું જ્ઞાન જેને થયું છે એ વાદવિવાદમાં ન ચડે. કારણ કે વાદવિવાદે આ પાર નહિ પડે.

મુમુક્ષુ :– વાદવિવાદ ન કરે પણ એમ તો કહે ને કે, મને સમ્યગ્દર્શન થયું છે, તો મને પગે લાગો તો તમારું કલ્યાણ થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એનું શું કામ છે પણ એને ? પગે લગાવવાનું શું કામ છે એને ? એ પગે લાગે એમાં આને લાભ શું ?

મુમુક્ષુ :– એને કલ્યાણ થાય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનું એ જાણે. (એમાં) કલ્યાણ પણ ક્યાં હતું ? એ તો પુણ્ય છે. બીજો પગે લાગે અને આદર કરે એમાં તને લાભ શું ? એમાં તને હિત શું ? એ તો એને શુભભાવ હોય તો એ પુણ્ય બાંધે. આ..હા..હા..! આવી સ્થિતિ છે.

'ચૈતન્ય–આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.' ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ ! બધા ચૈતન્યના પ્રકાશના પુંજ છે. બીજી ચીજો છે એ તો ફક્ત ભિન્ન તરીકે જ્ઞેય છે. એનું સ્વરૂપ નથી. એનું સ્વરૂપ તો જ્ઞાનમય ચૈતન્યમય આત્મા છે. આ..હા..હા..! એ દસમો (બોલ) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી. ૧૧.**

અગિયાર. 'મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય,..' એટલે શું ? કે સ્વરૂપમાં ઠરવું છે, એ જ મૂળ તો ઉત્સર્ગમાર્ગ છે. પણ (સ્વરૂપમાં) ન ઠરી શકાય તો, આગ્રહ કરીને શુભ વિકલ્પ ન જ આવે, એવો આગ્રહ કરે, એમ ન હોય. સ્વરૂપમાં ઠરી શકતો નથી એટલે અપવાદમાર્ગ આવ્યા વિના રહે નહિ. ઉત્સર્ગનો એકલો આગ્રહ કરીને અપવાદ ન લાવે તો એ હઠ છે. આ..હા..હા..! છે ?

'અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો...' અપવાદમાર્ગનો પણ (આગ્રહ ન હોય). અપવાદ – રાગ આવ્યો એનો આગ્રહ નહી કે, આ જ છે એ બરાબર છે, એમ નહી. એને **જા**વું છે તો ઉત્સર્ગમાં, પણ અંદરમાં ઠરી શકતો નથી, શુદ્ધ ઉપયોગમાં રહી શકતો નથી, તેથી અપવાદ – શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. છતાં ઉત્સર્ગનો પણ આગ્રહ નથી (અને) અપવાદનો (પણ) આગ્રહ નથી. જે જે કાળે જે પ્રકારનો અપવાદ આવે તે **જા**ણે, ઉત્સર્ગમાં **જા**ય તો શુદ્ધ ઉપયોગમાં રમે. આવો માર્ગ છે. આ..હા..હા..!

વિશેષ, મુમુક્ષુઓને (એટલે કે) ધર્મની પિપાસાવાળાઓને. કે ધર્મીને, અપવાદ એટલે શુભ રાગ(નો) ભાગ આવે (પણ) એનો આગ્રહ ન હોય કે, આ જ હોય તો ઠીક છે. (શુભભાવ વચ્ચે) આવે, નબળાઈ – કમ**જો**રીને લઈને આવે. અને ઉત્સર્ગમાર્ગનો આગ્રહ (એટલે) કે અંદર ઉપયોગમાં ઠરવું એ જ ચીજ છે (એટલે) શુભરાગમાં આવવું જ નથી, એવો પણ આગ્રહ ન હોય. (સ્વરૂપમાં) ઠરી શકતો નથી (પરન્તુ અંદર) ભાન છે, '(હું) શુદ્ધ ચૈતન્ય છું, આનંદ છું,' પણ ઉપયોગ એમાં ઠરી શકતો નથી, તો આગ્રહ ન કરવો **જો**ઈએ કે 'હવે શુભરાગ લાવવો જ નહિ, શુભ આવે તો ઠીક નથી અને આમાં હું ભ્રષ્ટ થઈ જઉં છું,' એમ આગ્રહ ન કરવો. આ..હા..હા...!

'પ્રવચનસાર'માં ઉત્સર્ગ અને અપવાદની ગાથા છે. આ એની આ વાત છે. જ્યાં ચરણાનુયોગની વ્યાખ્યા છે ત્યાં આ ઉત્સર્ગ(ની વાત આવે છે). આ..હા..હા..! પણ આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો માર્ગ (પ્રાપ્ત) થયેલાની વાત છે. શુદ્ધ ચૈતન્ય વસ્તુનું સમ્યક્દર્શન થયું છે, જ્ઞાન થયું છે, શુદ્ધ ઉપયોગ પણ અંદર થાય છે પણ જો શુદ્ધ ઉપયોગ ન થાય તો તે કાળે આગ્રહ ન કરવો જોઈએ કે 'અરે ! શુભ આવશે, અર..ર..ર...! શુભ આવશે તો હું ભ્રષ્ટ થઈ જઈશ,' એમ આગ્રહ ન કરવો. (વચ્ચે) અપવાદ આવે, પણ ઈ અપવાદ છે, હોં ! આ..હા..હા...!

અપવાદ આવ્યો એટલે શુદ્ધથી (સ્વરૂપદૃષ્ટિથી) ભ્રષ્ટ થઈ ગયો એમ ન જાણે અને શુદ્ધમાં (શુદ્ધોપયોગમાં) ન રહી શકે તો અપવાદ આવ્યા વિના રહે નહિ, એમ પણ એ જાણે. અપવાદ આવ્યો છતાં ઉત્સર્ગમાં જવાની ભાવના તો તે કાળે પણ હોય. અપવાદમાં રહેવું જ એવો એને આગ્રહ ન હોય. અરે...! અરે...! આવી વાત છે.

મુમુક્ષુ :– ઘણી કઠણ !

પૂ. ગુરુદેવશ્રી : આવી વાત છે. 'પ્રવચનસાર'માં આવે છે.

'અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.' સ્વરૂપમાં ઠરી શકે તો ઉત્સર્ગમાં જાય, ન ઠરી શકે તો શુભમાં આવે. વીતરાગ થયો નથી એટલે (વચ્ચે આવે પણ) જાણે કે એ બંધનું કારણ છે પણ એ અપવાદ આવ્યા વિના રહે નહિ. આ..હા..હા...! છતાં એ અપવાદ ઉત્સર્ગનું કારણ છે, એમ નથી. અપવાદ – શુભ આવ્યો છે માટે હવે એને લઈને શુદ્ધ ઉપયોગ થશે એમ નથી. હવે આવી વાતો ! વાદવિવાદ ક્યાં (કરવા) ? બાપુ ! વસ્તુસ્થિતિ એવી છે.

ચરણાનુયોગના અધિકારમાં એમ કહે છે. એકલા ઉત્સર્ગમાં જ રહેવું. કારણ કે સાધક છે ત્યાં બાધકપણું આવ્યા વિના રહે નહિ. સિદ્ધ, સર્વજ્ઞ થયો એને હવે બાધકપણું નથી. એ સિદ્ધ થઈ ગયા પણ સાધક છે, શુદ્ધ ઉપયોગની દૃષ્ટિ છે, શુદ્ધ ઉપયોગ થયો છે, છતાં શુદ્ધ ઉપયોગમાં રહી શકે નહિ અને જોર કરવા જાય કે આમાં રહું, તો એમ થઈ શકશે નહિ, તો એને શુભરાગમાં આવ્યા વિના છૂટકો નથી. આ..હા..હા..!

એથી એમ ન માને કે, અપવાદ કીધો. અપવાદ એટલે નિંદનીક વસ્તુ છે. એમ કહ્યું ને ? (અપવાદ) આવે ખરો, મારે અંદરમાં જ રહેવું છે, એમ એકાંત આગ્રહ કરવા જાય તો ભ્રષ્ટ થઈ જશે. એમ શુભમાં આવીને (એમ કરે કે) મારે ત્યાં જ રહેવું છે, (એમ) એકાંત આગ્રહ કરશે તો પણ ભ્રષ્ટ થશે. આ..હા..હા...! આવું છે.

કેટલાય મહિનાથી ઘણાની માંગણી હતી કે, આ વાંચો ! પણ કીધું કે સૌના હાથમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જાય** (તો ઠીક રહે) પણ હજી હિન્દી ઘણાના હાથમાં આવ્યું નથી, કહો ! અહીં તો મેં પહેલેથી ઘણું કહ્યું હતું (કે), સવા ત્રણ મહિના થઈ ગયા તો પણ હજી બધાને હિન્દી (પુસ્તક) હાથ આવ્યું નથી. કેટલો વખત થઈ ગયો ! બહુ ફેરફાર થઈ ગયો. કેટલું કહ્યું હતું, અહીં ઊઠ્યા પહેલાં કહ્યું હતું. **જો** કે બહારમાં (આ પુસ્તકનો) ક્યાંય વિરોધ નહિ. ભલે, કોઈ આવે નહિ કદાચ, પણ વિરોધનું નામ નહિ. નહિતર બે ગામમાં... શું કહેવાય તમારું ? 'કુરાવડ' ! ત્યાં વીસપંથી(ના) ચાલીસ ઘર હતા (ત્યાં) કદાચ (વિરોધ થાય એવું લાગતું હતું) પણ કાંઈ (થયું) નહિ, શાંતિ...! અને આ 'ઉદેપુર' ! એમાં સામાના ઘણા ઘર (હતા). તેરાપંથીઓ, વીસપંથીઓ (ઘણા હતા) પણ કોઈ વિરોધ નહિ. ભલે આવે નહિ (પણ) એનું કાંઈ નહિ. પણ આ પુસ્તક **જો** સૌને હાથમાં ગયું હોય, જે આત્મધર્મ મંગાવે એને (ગયું હોય) તો એના ખ્યાલમાં આ વાત રહ્યા કરે કે, 'કાંઈક છે. આ વાત તો (જુદી **જા**તની છે)' પણ ધાર્યું ન થયું. સવા ત્રણ-ત્રણ મહિના તો બહાર થયા તો પણ હજી પુસ્તક બહાર (બધાને પહોંચ્યા નથી). બે (જણાને) પૂછ્યું તો હજી (એમને) પણ હાથ આવ્યું નથી, કહો ! હિન્દી !

મુમુક્ષુ :– બાઈન્ડીંગ બાકી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાઈન્ડીંગમાં પણ કેટલો વખત ? થોડાક માણસ વધારવા **જો**ઈએ. એમ કરીને કરવું **જો**ઈએ. આવું કામ કોઈ દિ' કીધું નથી. આટલા વીસ લાખ પુસ્તક (બહાર) પડ્યાં એમાં આ પુસ્તકને માટે કીધું તો એમાં આવું નીકળ્યું !! તો પણ સવા ત્રણ મહિનામાં ક્યાંય વિરોધ નહિ. હળવે હળવે જશે એટલે હવે લોકો વાંચશે, વાંચશે તો જરી મોળા પડી જશે. (એને એમ થાશે કે) 'માળી વાત તો ભાઈ સારી લાગે છે આ તો.' બહુ આગ્રહી હશે એ પણ જરી ઢીલો પડી જશે. એવી વાત છે.

મુમુક્ષુ :– ઢીલો પડે તો એનું કલ્યાણ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. ત્યાં 'કુરાવડ'માં પણ એક-બે વીસપંથી આવ્યા હતા. (તેઓ) સાંભળીને નરમ પડી ગયા, ઓ..ય..! આપણે તો મધ્યસ્થતાથી કહેવું છે. કોઈ વ્યક્તિગત (વાત) તો (કહેતાં નથી). તત્ત્વ આ છે... તત્ત્વ આ છે. (એમ કહીએ છીએ કે) ભાઈ ! આ તો સર્વજ્ઞની વાણી છે. આ કાંઈ ઘરની વાણી નથી. આ તો સર્વજ્ઞ અનુસારણી કથન છે. એમાં પક્ષપાતને અવકાશ જ ક્યાં છે ?

તેથી અહીં કહ્યું ને ? કે અપવાદ આવે. અંતર ધર્મી જીવને, મુનિને પણ (અપવાદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે). મુનિ છટ્ઠે ગુણસ્થાને હોય ત્યાંથી સાતમા (ગુણસ્થાને) જવા માંગે અને એકદમ ન આવે તો આગ્રહ ન કરે. એને તો અંતર્મુહૂર્ત પછી તરત છટ્ઠેથી સાતમું (ગુણસ્થાન) આવશે જ. સાચા મુનિ તો છટ્ઠે-સાતમે... છટ્ઠે-સાતમે ઝુલતા જ હોય. સાચા મુનિને તો સદાય છટ્ઠુ-સાતમું, છટ્ઠુ- સાતમું હોય જ છે. છતાં એકદમ એનો આગ્રહ એને ન હોય કે, છટ્ઠામાં ન જ આવવું, છટ્ઠામાં ન જ આવવું, એવો આગ્રહ ન હોય. વિકલ્પ આવ્યા વિના રહે નહિ. એ અપવાદમાર્ગ છે છતાં તે હેય છે પણ આવ્યા વિના રહે નહિ.

'પ્રવચનસાર'માં શરૂઆતમાં નથી કીધું ? શુભરાગ આવે છે પણ (તે) હેય છે. આવે છે ને ? 'પ્રવચનસાર' ! અંતરમાં ઠરી શકે નહિ (એટલે એ અપવાદ) આવે છે, હોય છે. એ (પૂર્ણ) વીતરાગ ક્યાં છે ? એ કેવળી નથી કે (પૂર્ણપણે) ઠરી શકે. (એ) સાધક જીવ છે. અંતર્મુહૂર્તમાં સાતમું આવે. અપ્રમત દશાનો આનંદ (કેવો હોય !) જેને વિકલ્પની પણ કંઈ ખબર નથી. વિકલ્પ છે નહિ. અબુદ્ધિપૂર્વક(નો વિકલ્પ) જરી રહ્યો છે, એ એને ખ્યાલમાં છે. એને ક્ષણે પાછું છટ્ઠુ (ગુણસ્થાન) આવે. આ..હા..હા..! પણ એ છટ્ઠે એવી હઠ ન કરે કે આમાં ને આમાં હું સાતમે (જ) રહું. (એ) રહી શકે નહિ, એ છદ્મસ્થની દશા નથી. એટલે એને છટ્ઠે ગુણસ્થાને પંચ મહાવ્રત, શ્રવણ આદિના વિકલ્પ આવે. એ અપવાદનો આગ્રહ નહિ, ઉત્સર્ગનો આગ્રહ નહિ કે, મારે આમાં જ (શુદ્ધ) ઉપયોગમાં જ રહેવું છે અને બહાર આવવું નથી. તેમ અપવાદ લીધો છે એનો પણ આગ્રહ નહિ કે, અપવાદમાં જ મારે રહેવું છે, ઉત્સર્ગમાં નથી (રહેવું). અંદર ઠરી શકતો નથી એટલે અપવાદમાં આવ્યો છે પણ એનું ધ્યેય તો અંદર ઠરવાનું છે. આ..હા..હા...! આવો માર્ગ છે.

મુનિનો માર્ગ એટલે, બાપા ! આ..હા..હા...! જેને છટ્ઠે અને સાતમે, ક્ષણે ને ક્ષણે, એક અંતર્મુહૂર્તમાં હજારો વાર છટ્ઠુ-સાતમું (ગુણસ્થાન) આવે ! અને જેની નિંદ્રા પોણી સેકંડની અંદર હોય ! હવે વિચાર તો કરો કે, ભાવલિંગી શું છે ? અને એનું દ્રવ્યલિંગ કેવું હોય ? આ..હા..હા...! જે આવા ભાવલિંગી છે એનું દ્રવ્યલિંગ નગ્ન જ હોય અને અપવાદ આવે તો એ પંચ મહાવ્રત (અને) ભક્તિ આદિનો રાગ આવે. વસ્ત્ર લેવાનો, એને માટે કરેલો આહાર, ચોકા લેવાનો એ હોય નહિ.

મુમુક્ષુ :– મુનિઓએ ભૂખ્યું રહેવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ભૂખ્યું રહેવું. ભૂખ્યો કેદિ' હતો ? અંદર ભરેલો ભગવાન છે ને ! આનંદનું ભોજન કરે ને ! 'ઋષભદેવ' ભગવાનને છ મહિના સુધી ઉપવાસ હતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપ-વાસ હતા, હોં ! (આહારનો) વિકલ્પ ઉઠતો હતો પછી (આહાર) નહોતો મળતો તો અંદર આનંદમાં રહેતા. વિકલ્પ આવે તો જાય, ન આવે તો આનંદમાં રહેતા. આનંદમાં રહેવું એ એનું સ્વરૂપ છે. આ..હા..હા...! ભૂખ્યો, ન ભૂખ્યો, એ તો જડની દશા છે. આ..હા..હા..! જ્યાં અતીન્દ્રિય આનંદમાં કિલ્લોલ કરતા હોય છે ! આ..હા..હા...! અતીન્દ્રિય આનંદની લહેર જેને છટ્ઠે ગુણસ્થાને (હોય) ! જેને આનંદના – અતીન્દ્રિય આનંદના ઉભરા (આવે) !! 'ઉભરા' સમજે ? ઉફાન ? ઉફાન આવે ! આ..હા..હા...!

એવો માર્ગ છે. બાપા ! તેમાં બીજી રીતે માનીશ તો કાંઈ હિત થઈ જશે ? હિત વિના તારો આત્મા જાગૃત ક્યાંથી થશે ? આ..હા..હા..! પછી હઠ કરીને કહે કે, બસ ! શુભ છે અને શુભથી થાશે, શુભ કરતાં કરતાં થાશે, (પણ) એમાં તારું હિત ક્યાં આવ્યું ? અને (લોકો) એમ પણ કહે છે કે, શુભથી કોને (હિત) નથી થતું ? (તો કહે કે એ) અભવીની વાત છે. 'બંધ અધિકાર'માં અભવીને મુક્યો છે ને ? (એનો આધાર આપે). (પરન્તુ) અભવીનો તો દૃષ્ટાંત લીધો છે કે અભવી આટલું કરે છે છતાં એ મિથ્યાદૃષ્ટિ છે. માટે વ્યવહાર ગમે એટલો કરે છતાં મિથ્યાદૃષ્ટિ છે એમ સિદ્ધ કરવું છે. તો એ કહે 'નહિ, અભવીના શુભ વ્યવહારનો નિષેધ કર્યો છે.'

**મુમુક્ષુ :–** અભવી માટે શુભનો એક પ્રકાર અને ભવી માટે શુભનો બીજો પ્રકાર એમ (છે) ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, (એક પત્રિકામાં એમ) આવ્યું છે. અહીં 'પ્રવચનસાર'માં **૭૭** ગાથામાં તો એમ કહ્યું, શુભ અને અશુભ બેમાં વિશેષ છે એમ ભેદ પાડે, એ મિથ્યાદૃષ્ટિ 'ઘોર હિંડતિ' – સંસારમાં રખડશે. વ્યવહારે એમ કહેવાય કે અશુભથી શુભ ઠીક છે પણ એ સંસાર છે, બંધન છે. એ તો અશુભથી છૂટ્યો. અશુભ નથી એટલે એને જરી ઠીક કહેવાય પણ નિશ્ચયમાં શુભ ઠીક છે ને અશુભ અઠીક છે, એમ માને તો સંસારમાં 'ઘોર હિંડતિ' (પરિભ્રમણ કરશે). 'પ્રવચનસાર' **૭૭** ગાથામાં એવો પાઠ છે. આ..હા...! હવે એ લોકો કહે કે, 'નહિ, સમકિતીના શુભભાવને તો લાભનું જ કારણ છે, (એ) સાધન છે. (શુભથી હિત નથી થતું) એ અભવીને માટે કહ્યું છે.' અરે..રે...! આવો આગ્રહ કરે ! પ્રભુ ! તને અંદર લાભ – શાંતિનો લાભ દેખાતો નથી અને (તું) આવો આગ્રહ કરે ? (તને) અંદર શાંતિ દેખાવી જોઈએ ને !

પ્રભુ (આત્મા) તો શાંત, અવિકારી, અકષાય સ્વરૂપ છે. અકષાય સ્વરૂપ છે – એની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જો** પ્રતીતિ અને અનુભવ હોય તો શાંતિ... શાંતિ... શાંતિ... અલૌકિક શાંતિ (હોય) !! આ..હા...! તેમાં પણ સર્વાર્થસિદ્ધના દેવને જે શાંતિ (હોય), એના કરતાં પાંચમા ગુણસ્થાનની શાંતિ અને છટ્ઠા (ગુણસ્થાનની) શાંતિ તો બહુ જ હોય છે. આ..હા..હા...! (અંદરમાં) શાંતિ છે નહિ અને પ્રભુનું મૂળ અકષાય સ્વરૂપ જે છે એની શાંતિનો ભાગ તો આવ્યો નથી અને માને કે આ રાગથી (લાભ – શાંતિ) થાય, એનો અર્થ શું ? રાગ તો અશાંતિ છે. એ અશાંતિથી શાંતિ થાય ? રાગ આવે ખરો, મુનિને પણ અપવાદ આવે, પણ એ અપવાદ – રાગ એ અશાંતિ છે. (કોઈ કહે કે) શું કરવા એવો (અપવાદ) આવે ? (તો કહે છે) ભાઈ ! (હજુ) સાધક છે, એકલો ઉત્સર્ગમાં રહી શકતો (નથી), એકલા આત્મામાં ઠરી શકતો નથી એનો કાળ જ થોડો છે. એમાં (સ્વરૂપમાં) ઠરીને શ્રેણી માંડી દે તો થઈ રહ્યું ! (અર્થાત્ કેવળજ્ઞાન થઈ જાય) પણ શ્રેણી માંડે નહિ એટલે ધીરતાની ધારા ન વહે તો એને વિકલ્પ આવ્યા વિના રહે નહિ. આ..હા..હા...! છે ને ?

'જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની ખબર જ નથી.' આ..હા..હા..! મારે તો શુદ્ધ ઉપયોગમાં જ રહેવું છે, એમ હઠ કરે, તો (એને) વસ્તુના સ્વરૂપની ખબર નથી. શુદ્ધ ઉપયોગ લાંબો કાળ રહી શકશે નહિ. આ..હા..હા...! અને શુદ્ધ ઉપયોગ આવ્યા વિના શુભ ઉપયોગને વ્યવહારે નિમિત્ત પણ નહિ કહેવાય. આ..હા..હા..! શુદ્ધ ઉપયોગ છે, એ જ (ખરી) વસ્તુ છે, પણ એનો એટલો આગ્રહ ન હોય કે, 'બસ, શુદ્ધ ઉપયોગમાં જ (રહેવું છે). હઠ કરીને પણ ત્યાં જ રહેવું છે.' (એમ) નહિ રહી શકે. શુભરાગ આવશે જ, છતાં એની પણ હઠ નહિ કે, શુભ (ભાવ) આવ્યો માટે હવે મારે આમાં રહેવું છે, આ..હા..હા..! આવો માર્ગ છે ! કોની સાથે આમાં વાદ (કરવા) ? આ..હા...!

(એકાંત ઉત્સર્ગ કે એકાંત) 'અપવાદની હઠ કરે તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.' આહા..હા... ! અગીયારમો (બોલ) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્ય તળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.**

'**દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.**' શું કહ્યું ? આત્મવસ્તુ છે એવું સમ્યગ્દર્શન, દ્રવ્યદૃષ્ટિ – દ્રવ્યની દૃષ્ટિ થઈ, પર્યાયદૃષ્ટિ નાશ થઈ, દ્રવ્ય તો ત્રિકાળ ધ્રુવ છે. એ તો પર્યાયથી આગળ પાતાળમાં ધ્રુવ પડ્યો છે. આખા આત્મા ઉપર પર્યાય છે. અહીં અસંખ્ય પ્રદેશ છે. ત્યાં પણ પ્રદેશ ઉપર પર્યાય તો છે પણ એ પર્યાયની અંદરમાં – પાતાળમાં, અંદરમાં પાતાળ છે ત્યાં ધ્રુવ છે. આવી વાત છે. એ એનું તળિયું છે. પર્યાયનું તળિયું ધ્રુવ છે. પર્યાય ઉપર ટપકે છે. આ..હા..હા..! આવી ભાષા પણ ક્યાંય ન મળે. આ..હા..હા...!

આત્મામાં બે પ્રકાર – એક ધ્રુવપણું અને એક પર્યાય – પલટવાપણું. એ પર્યાયનું તળિયું તો ધ્રુવ છે, એ એનું તળ છે. આ..હા..હા...! તળિયે પહોંચ્યા વિના દ્રવ્યની દૃષ્ટિ થઈ શકશે નહિ. એ '**દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.**' **જોયું** ? એટલે શું ? ધ્રુવ ઉપર જ દૃષ્ટિ છે. આ..હા..હા..! જગતના ભાગ્ય કે આવી ભાષા બહાર આવી !! આ..હા..હા...! એકદમ ટૂંકી અને સાદી ગુજરાતી ભાષા !

'**દ્રવ્યદૃષ્ટિ પ્રગટી...**' ભાષા જુઓ ! દ્રવ્ય એટલે વસ્તુ. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન ધ્રુવ(સ્વરૂપ છે તેની) દૃષ્ટિ પ્રગટી '**તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.**' ચૈતન્યના ધ્રુવ ઉપર (દૃષ્ટિ છે). તળ એટલે ધ્રુવ. પર્યાયનું તળિયું ધ્રુવ. પર્યાય તો ઉપર ઉપર છે. એ તળિયામાં જતી નથી. આ..હા..હા..! ધ્રુવરૂપ તળિયામાં પર્યાય પ્રવેશ કરતી નથી. આ..હા..હા..! જેમ પાણીનું મણ-અધમણ દળ હોય (એમાં) તેલના બે-ચાર-પાંચ ટીપા હોય એ અંદર તળમાં – પાણીના દળમાં એ તેલ નહિ **જાય**, એ ઉપર જ રહેશે. આ..હા..હા...! એમ દ્રવ્યદૃષ્ટિ થતાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.

ચૈતન્યનું તળ (એટલે) ધ્રુવ. દૃષ્ટિ (પોતે) પર્યાય છે પણ પર્યાયની જે દૃષ્ટિ છે, (એનો) વિષય (છે) એ તળ છે – ધ્રુવ છે. અંદર એ તળિયું છે. આ..હા..હા..હા...! 'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.' તળ ઉપર દૃષ્ટિ છે તેથી ધ્રુવમાં પર્યાય અભેદ થઈ ગઈ છે. અભેદ એટલે એકમેક તો નથી પણ એની સાથે આમ એકમેક (થઈ ગઈ છે). રાગની સાથે (જેમ) ભિન્ન પડતી (છે), એ (ધ્રુવથી) ભિન્ન પડતી નથી, એકમેક થઈ ગઈ છે.

વિશેષ કહેશે...

કોઈ જીવને દુઃખ થાય એ હોય નહિં. બધા જીવો પરમાનંદ સ્વરૂપ છે. જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છે. એના સ્વભાવમાં દુઃખ ક્યાં છે ? ભાઈ ! ઊંધી શ્રદ્ધા કરતાં પર્યાયમાં તને દુઃખ થશે. સત્યની પ્રરૂપણા કરતાં એ ન રૂચે અને તને દુઃખ થાય એ અમે ઈચ્છીએ નહિ. માફ કરજે ભાઈ ! આહાહા ! આવો મારગ છે. કોઈ પણ જીવ એકેન્દ્રિયથી માંડીને તે જ ભવે સિદ્ધ થનાર બધાય જીવો પરમાનંદ સ્વરૂપ આત્મા છે. પછી કોનો અનાદર હોય ! મને દુઃખ થાય તો એ ન ગમે તેમ બીજાને દુઃખ થાય એ પણ કેમ ઈચ્છીએ ! ઊંધી શ્રદ્ધા-પ્રરૂપણા કરીને દુઃખી થાય એને કેમ અનુમોદાય ? સાધુપણાની ભગવનો કહેલી સત્ય પ્રરૂપણા થતાં અઠ્ઠાવીસ મૂળગુણ ચોક્ખા ન હોય ને છેદાય એને સાધુ કહેવાય નહિ, દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ- એવી સત્ય પ્રરુપણાથી કોઈને દુઃખ થાય એમ ન હો ! ભાઈ બાપુ ! ઘાંસનું તણખલું જરા વાગે તોપણ દુઃખ થાય તો મિથ્યા શ્રદ્ધાના કેટલા દુઃખ તને થાય ! એ કેમ અનુમોદાય ? સૌ આત્માને શાંતિ ... શાંતિ ... શાંતિ થાવ. અહીં અમારે તો કોઈનો વિરોધ નથી. કોઈ અમારો વિરોધ કરતું નથી. બધા આત્મા દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છે. વિરોધતાનો ભાવ પોતાને નુકશાન કરે છે, બીજાને નહિ અને અવિરોધતાનો ભાવ પણ પોતાને લાભ કરે છે. બીજાને નહિ. આહાહા ! આત્મા તો સર્વથી ઉદાસ ... ઉદાસ ... ઉદાસ છે. (પરમાગમસાર - **૫૧૧**)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેઠ સુદ ૪, ગુરૂવાર, તા. ૦૯-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૧૨-૧૪ પ્રવચન–૪**

'વચનામૃત' બારમો બોલ છે, એક લીટી ચાલી છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.' શું કહે છે ? મૂળ કરવાનું જે છે (એ) જે ધ્રુવ (તત્ત્વ છે તેના ઉપર દૃષ્ટિ કરવાની છે). એ એનું તળ છે. વર્તમાન પર્યાય છે એ ઉપર છે. એનું તળિયું છે ઈ ધ્રુવ છે. એ ધ્રુવ ઉપર દૃષ્ટિ ગઈ અને દ્રવ્યદૃષ્ટિ થઈ, એની તળ ઉપર દૃષ્ટિ રહી. શરૂઆતમાં આ કરવાનું છે.

દ્રવ્ય એટલે વસ્તુ, તે ત્રિકાળ શુદ્ધ, પરિપૂર્ણ, પર્યાય વિનાની ચીજ, અશુદ્ધતા રહિત એવી પરિપૂર્ણ વસ્તુ ! એની દૃષ્ટિ પ્રગટી. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટી એટલે સમ્યક્દર્શન થયું. જેટલું પૂર્ણ સત્યસ્વરૂપ છે એ ધ્રુવ સત્ છે. તળિયું એટલે પર્યાયની અંદર તળિયે છે. એના ઉપર દૃષ્ટિ પડતાં ચૈતન્યના તળ ઉપર દૃષ્ટિ ગઈ. દ્રવ્યદૃષ્ટિ પ્રગટી એટલે ચૈતન્યના અંતર તળમાં (અર્થાત્) અંતર સ્વભાવ, ધ્રુવ સ્વભાવ જેનું તળિયું છે ત્યાં દૃષ્ટિ ગઈ. આવું છે. એકદમ તત્ત્વની વાત છે ને ? કરવું શું ? કે આ કરવું.

મુમુક્ષુ :– આ કરવું એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્રિકાળી સામાન્ય છે ઈ તળમાં છે – પર્યાયમાં નથી. એક સમયની પર્યાયમાં એ નથી. પર્યાયની સમીપમાં એનું ધ્રુવપણું (છે), એ એનું તળિયું છે. એની દ્રવ્યદૃષ્ટિ પ્રગટી, એની તળિયા ઉપર દૃષ્ટિ ગઈ. આવી વાત છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી...' એમ કહ્યું ને ? 'તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.' ગમે તે ઠેકાણે ઉપયોગ બહારમાં **જાય** છતાં દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ છે. એ તળ ઉપર જ દૃષ્ટિ છે. સામાન્ય ઉપર જ દૃષ્ટિ છે. એકરૂપ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રિકાળી, પરિપૂર્ણ વસ્તુ, તે જ ધ્યેય (છે). ધ્યાનનું તે જ ધ્યેય છે. એમાં કોઈ વ્યવહારની અપેક્ષાથી ધ્રુવની દૃષ્ટિ થાય કે દ્રવ્યદૃષ્ટિ થાય કે તળિયામાં જવાય, એવી કોઈ અપેક્ષા છે નહિ. આ..હા..હા..! આવો માર્ગ છે.

'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.' વર્તમાન પર્યાય જે છે, એ ધ્રુવ–તળિયા ઉપર ગઈ એટલે એ બાજુ અભેદ થઈ – એકમેક થઈ. એકમેક (થઈ) એટલે જે ધ્રુવની પર્યાય રાગાદિમાં બહાર ઉપર આમ હતી એ પર્યાય ધ્રુવમાં ગઈ. અંતરમાં જે ધ્રુવ તળિયું છે ત્યાં ગઈ.

મુમુક્ષુ :– આપ વાત કરો છો ઈ ઘરમાં વાત કરીએ ત્યારે સમજાય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો સાદી ભાષા છે. આ..હા..હા..!

આત્મા છે એના બે અંશ છે. અહીં અત્યારે પરવસ્તુની વાત નથી. એક પર્યાયઅંશ છે – પલટતો અંશ છે (અને) એક એકરૂપ તળિયું ધ્રુવરૂપે છે, કે જે પર્યાયમાં ધ્રુવ આવતો નથી. તેથી તે ધ્રુવને તળ અથવા દ્રવ્ય કહેવામાં આવે છે. આ..હા..હા...!

'તેમાં પરિણતિ...' પરિણતિ એટલે પર્યાય – વર્તમાન અવસ્થા ધ્રુવ ઉપર ગઈ. દ્રવ્યદૃષ્ટિ થઈ, દૃષ્ટિ તળિયે ગઈ તેથી તે પર્યાયને તેમાં અભેદ થઈ – એકમેક થઈ એમ કહેવામાં આવે છે. આ..હા...! મૂળ વાતમાં જ આખો ફેરફાર થઈ ગયો. મૂળ શરૂઆત જ ત્યાંથી થાય છે.

પરપદાર્થની સાથે તો કાંઈ સંબંધ છે નહીં. પરપદાર્થમાં તો તેના સમયે –જન્મક્ષણે તેની તે પર્યાય થાય. ધ્રુવ ધ્રુવપણે ભલે રહે, એ તો એના સંબંધે એનામાં એને કારણે રહી. હવે અહીંયાં તો આત્મામાં એક ત્રિકાળી અંશ છે જે પર્યાયની દશામાં આવતું નથી અને તે ધ્રુવ દ્રવ્ય પલટતું નથી, બદલતું નથી. એવું જે બદલતું નથી, એવી જે ચીજ (છે) તેની દૃષ્ટિ થતાં પર્યાયે તળિયાને જોયું. એનું જે ધ્રુવ તળ હતું એને જોયું. હવે આવું તો ક્યાંય અત્યારે વાડામાં મળે એવું નથી. આ..હા...! લોકોને આકરું લાગે છે. આ..હા..હા..!

મૂળ ચીજ જ અહીંથી શરૂ થાય છે. પરમ સત્યાર્થ જે છે, ત્રિકાળી ધ્રુવ જે તળ છે, એ જ ભૂતાર્થ છે, એ સત્યાર્થ છે, એ હિત છે અને એ હિતરૂપ છે. પર્યાયમાં એને હિતરૂપ માનવું જોઈએ પણ વસ્તુ પોતે જ હિતરૂપ છે. પર્યાયમાં હિતરૂપ માને, કેમ ? (કે) એ વસ્તુ પોતે જ હિતરૂપ છે. વસ્તુસ્થિતિ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, મોજૂદ છે, હિત છે. આ..હા..હા...! હિતોપદેશ ! પર્યાયનો હિતોપદેશ તો છે પણ એ વસ્તુ અસ્તિ તત્ત્વ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાળ, યુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ એ તો બધા જડના લક્ષણો અને પર્યાયો છે.

જેને ધર્મ કરવો છે એને દ્રવ્ય ઉપર દષ્ટિ જતાં જે પર્યાય પ્રગટે તેને ધર્મ કહેવાય છે. 'પ્રગટી' કીધું ને ? 'દ્રવ્યદષ્ટિ પ્રગટી,' પ્રગટી ! આ..હા..હા...! દષ્ટિ પ્રગટી, દ્રવ્ય પ્રગટ્યું એમ નહીં. દ્રવ્ય છે એ તો વસ્તુ છે જ, પણ તેની દષ્ટિ પ્રગટી. એના તરફની દષ્ટિ થઈ એટલે દ્રવ્યનો સ્વીકાર થયો, એટલે દષ્ટિ પ્રગટી (એમ કહ્યું). એની પર્યાયમાં દ્રવ્ય પ્રગટયું એમ પણ કહેવાય, કેમ કે (પહેલા) દ્રવ્યને માન્યું નહોતું અને (હવે) માન્યું એટલે એની પર્યાયમાં દ્રવ્ય માન્યું. દ્રવ્યનું જે સામર્થ્ય છે, એનું સામર્થ્ય પર્યાયમાં આવી ગયું. આ..હા..હા..! આવી વાત છે.

પછી 'સોનગઢ'ને (નામે) માણસ તકરાર કરે છે, આ એકાંત છે, એનું સાહિત્ય આમ છે. બાપુ ! તું વ્યવહાર અને નિમિત્તથી લાભ કરવા જઈશ તો એ વસ્તુ હાથ નહિ આવે. વસ્તુને પરની અપેક્ષા નથી. કેમ કે એ વસ્તુમાં અકાર્યકારણ નામની શક્તિ – ત્રિકાળ ગુણ છે, કે જેના કાર્યને માટે રાગ અને વ્યવહારની અપેક્ષા નથી. આ..હા..હા..! અને જે વસ્તુ છે તે રાગનું – શુભરાગનું કારણ નથી એવી એ ચીજ છે. આ..હા..હા...! ભાઈ ! ક્યાંય સાંભળ્યું નહોતું. આ..હા..હા..!

ભાઈ ! પ્રભુ ! તું વસ્તુ છે કે નહિ ? બધું મૂકી દઈ એ વસ્તુ છે કે નહિ ? વસ્તુ છે ઈ એક સમયની પર્યાયમાં આવે છે ? પલટતી પર્યાયમાં આવે ? એકરૂપ રહે એવી વસ્તુ – એકરૂપ રહે એવી ચીજ, એ પલટતી (પર્યાય) માં કેમ આવે ? પલટતી (પર્યાયમાં) તેની શ્રદ્ધા અને જ્ઞાન આવે. બરાબર છે ? આ..હા..હા..! તેથી તેને દ્રવ્યદષ્ટિ પ્રગટી એમ કહેવાય. દ્રવ્ય પ્રગટયું એમ નહિ. (એણે) પર્યાયમાં દ્રવ્યને માન્યું નહોતું એથી એને (માટે) દ્રવ્ય નહોતું. એની પર્યાયમાં માન્યું નહોતું તો એને (માટે) દ્રવ્ય નહોતું. દ્રવ્ય છે ભલે પણ એને (માટે) ક્યાં હતું ? આ..હા..હા...! એણે તો પર્યાય છે એટલું માન્યું હતું, એટલે દ્રવ્ય છે એ માન્યું નહોતું. આકરી વાત, પ્રભુ ! જૈનમાર્ગ બહુ આકરો છે. વીતરાગમાર્ગ અત્યારે લોકોએ વીંખી નાખ્યો. અત્યારે અન્યમત જેવો કરી નાખ્યો છે, આ..હા..હા..! તો પણ અત્યારે તો હવે લાખો (માણસો) સાંભળવા, વિચારવા તૈયાર થઈ ગયા છે (કે) આ ચીજ શું છે ? ભાઈ !

પ્રમાણનો વિષય (એવો) આત્મા જેને કહીએ, એ પ્રમાણનો વિષય જે આત્મા (છે) એમાં તો પર્યાય અને દ્રવ્ય બન્ને આવે, પણ પ્રમાણનો વિષય છે એ સદ્ભુત વ્યવહારનયનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિષય છે. માટે ખરેખર એ પ્રમાણનો વિષય પણ આદરણીય નથી. આ..હા..હા..!

**મુમુક્ષુ :–** પ્રમાણ અસ્ત હો જાતા હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રમાણ અસ્ત હો જાતા હૈ, એ પછી. પ્રમાણ છે એ દ્રવ્ય અને પર્યાય બન્નેને જાણે છે અને બેને જાણે છે માટે એ પ્રમાણ સદ્‌ભુત વ્યવહારનય થઈ ગયો. વ્યવહારનય થઈ ગયો. એમાંથી એકરૂપ ત્રિકાળી વસ્તુ જે છે (એ નિશ્ચયનયનો વિષય છે). આ..હા...! તેથી 'નયચક્ર'માં કહ્યું છે કે પ્રમાણ પૂજ્ય નથી. કેમ કે પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી. નિશ્ચયનય છે (તે ભલે) એક અંશ છે પણ એ ત્રિકાળી જે ધ્રુવ છે, તળ છે, તળિયામાં આખી ચીજ પડી છે એને જે નય સ્વીકારે છે તે નય સત્ય છે. આ..હા..હા..! તેથી એને (–પર્યાયને) 'વવહારોऽभूदत्थो' કીધું. પર્યાય માત્ર અસત્યાર્થ (છે) કેમ કે એની પ્રતીતિ કરવી નથી. એ તો એક જાણવા લાયક છે એવું જાણવું. અશુદ્ધતા છે, ગુણભેદ છે એ બધું જાણવા લાયક ભલે હો, પણ આશ્રય કરવા લાયક તો એકરૂપ ચીજ જે તળમાં, જે પર્યાયની પાછળ, પર્યાયની પાસે... પર્યાયની પાસે (છે એ આશ્રય કરવા લાયક છે). પર્યાયથી અંદરમાં આગળ જતાં અંદર તળિયામાં, ધ્રુવમાં દૃષ્ટિ જાય ત્યારે ધ્રુવ અને દ્રવ્ય પર્યાયમાં પ્રતીત થાય એ દૃષ્ટિ પ્રગટી આ..હા..હા..! સમજાણું કાંઈ !

'તેમાં પરિણતિ...' એટલે અવસ્થા 'એકમેક થઈ ગઈ છે.' જે પર્યાય રાગમાં ભેદ પાડીને રાગમાં રોકાતી હતી એ પર્યાય ધ્રુવમાં રોકાણી. એ અપેક્ષાએ એકમેક થઈ એમ કહેવામાં આવે. પર્યાય અને દ્રવ્ય કાંઈ એક થતાં નથી અને પર્યાયમાં દ્રવ્ય આવતું નથી, છતાં પર્યાયમાં દૃષ્ટિ – દ્રવ્યદૃષ્ટિ પ્રગટી એટલે કે પર્યાયમાં દ્રવ્ય જેવડું છે એવડું તેનું જ્ઞાન (થયું) અને તેની શ્રદ્ધા થઈ. આ..હા..હા..! હવે આવું ક્યાં કરવું ? પેલું તો સામાયિક કરો, પોહા કરો, પડિકમણા કરો. (એટલે માને કે ધર્મ થઈ ગયો.) શ્વેતાંબરમાં વળી આ સિદ્ધચક્રની પૂજા કરો, ફલાણું મંદિરો બનાવો (એમાં ધર્મ માને,) અરે... બાપુ ! એ બધી વાતુંની સાથે વસ્તુને શું સંબંધ છે ? જેને પર્યાયનો સંબંધ નથી એને પરવસ્તુનો સંબંધ ક્યાં છે ? આ..હા..હા..! બહુ ઝીણી વાત, ભાઈ !

મૂળ તત્ત્વ વીતરાગ, જિનેન્દ્રદેવ, સર્વજ્ઞપ્રભુ ! એણે જોયેલું જે તત્ત્વ એવું કોઈએ જોયું નથી. સર્વજ્ઞ જિનેન્દ્ર સિવાય જેટલા મતો છે, જેના મતમાં સર્વજ્ઞ નથી તેના મતમાં સર્વજ્ઞસ્વભાવી જીવની પ્રતીતિ પણ નથી. શું કહ્યું સમજાણું ? સર્વજ્ઞસ્વભાવ એ એનું તળિયું છે. આ..હા..હા..! જેના મતમાં પર્યાયપણે પ્રગટ એવા સર્વજ્ઞ નથી એને સર્વજ્ઞસ્વભાવી જે તળિયું – ધ્રુવ દ્રવ્ય,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની એને પ્રતીત હોતી નથી. આ..હા..હા...! આ તો ગંભીર વસ્તુ છે, ભાઈ !

પેલા કહે કે દયા પાળો ને આ કરો, અહિંસા કરો. અહીં તો કહે (છે) કે પરની દયા પાળી શકતો નથી પણ પરની દયાનો ભાવ આવે એ રાગ છે, હિંસા છે. એ આત્માની વસ્તુ નથી. એટલું તો નહિ, પણ તે હિંસાને જાણવાની જ્ઞાનની પર્યાય છે તે પર્યાય જેટલું તત્ત્વ નથી. તત્ત્વ તો મહાપ્રભુ, સર્વોત્કૃષ્ટ તત્ત્વ, અપરિમિત સ્વભાવનું પૂર એવો અરૂપી પ્રભુ છે એની દૃષ્ટિ થતાં તે દૃષ્ટિ તળ ઉપર ગઈ – ધ્રુવ ઉપર ગઈ. તેથી તે પર્યાય તેમાં એકમેક થઈ એમ કહેવામાં આવે છે. આવી વાત છે.

આ (વચનામૃતનું) હિન્દી (પુસ્તક) હજી બહાર આવ્યું નથી. કેટલો વખત થઈ ગયો ! સવા ત્રણ મહિના તો બહાર (પડ્યા) થયા ! ત્રણ-ચાર દિ' તો અહીં થવા આવ્યા તો પણ હિન્દી બહાર આવ્યું નથી, કહો ! આ..હા..હા..!

'ચૈતન્ય તળિયામાં જ સહજ દૃષ્ટિ છે.' આ..હા..હા...! ચૈતન્યસ્વરૂપ જે ધ્રુવ, એ ચૈતન્ય તળિયું એટલે ધ્રુવ, એમાં જ સહજ દૃષ્ટિ (અર્થાત્) એમાં પણ સ્વભાવિક દૃષ્ટિ છે. આ..હા..હા..! કૃત્રિમ કરવું છે અને આમ છે એ નથી. દૃષ્ટિ પણ સહજ છે. વસ્તુ જેમ સહજ છે એમ એની દૃષ્ટિ પણ સહજ છે. આ..હા..હા..! પછી લોકો અહીંનું (નિશ્ચય છે એમ) કરીને ઉડાવી દે છે. એ વ્યવહારથી તો કાંઈ વાત કરતાં નથી, પણ શું કરે ? સાંભળ ને ! વ્યવહાર હોય છે, વ્યવહારનયનો વિષય છે, સંસાર છે, અશુદ્ધતા છે, પર્યાય છે, ભેદ છે, અનેક ગુણ છે. ઈ છે એ તો જાણવા લાયક વિષય છે. આ..હા..હા..! વ્યવહારનયનો વિષય નથી એમ કહે (તો) એ એકાંત છે અને વ્યવહારનયથી ધ્રુવ જણાય (એમ કહે તો) એ પણ મિથ્યા એકાંત છે. આ..હા..હા..! આવી વાતું હવે શું (થાય) ?

'ચૈતન્ય તળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે...' એટલે ? કે ઉપયોગ જ્યારે આનંદની અનુભૂતિમાં હોય કે 'બહાર ઉપયોગ હોય...' (અર્થાત્) વિકલ્પમાં આવી જાય. શુભ અને અશુભ કોઈ રાગ આવી પણ જાય. સમજાણું કાંઈ ? આ..હા...! હોય છે ને ? શુભ અને અશુભ વિકલ્પ હોય. 'ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી,...' ધ્રુવ ઉપરની દૃષ્ટિ ખસતી નથી. ધ્રુવ ઉપર જ એનું આખું પરિણમન થઈ ગયું છે. આ..હા..હા...!

આત્મા, તળમાં ધ્રુવ સ્વરૂપે પ્રભુ (બિરાજમાન છે) એનો અનુભૂતિનો ઉપયોગ લાગુ પડયો કે જે ઉપયોગ હવે બહારમાં નથી તે કાળે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ છે. છે ? અને 'બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ,...' (અર્થાત્) ધ્રુવ ઉપરની દૃષ્ટિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'છૂટતી નથી,...' આ..હા..હા..! જ્ઞાનીને શુભ કે અશુભ રાગ આવે છતાં ધ્રુવ ઉપરની દૃષ્ટિ કદી ખસતી નથી. આ..હા..હા...! ધ્રુવને જે પકડ્યું છે, ત્યાં તે રહી ગયો બસ ! આ..હા..હા..! આવું છે. કહો, ભાઈ ! કોઈ દિ' કાંઈ (આવું) સાંભળ્યું છે ? આ..હા..હા..!

'દૃષ્ટિ બહાર જતી જ નથી.' ઉપયોગ ભલે શુભાશુભમાં જાય પણ દૃષ્ટિ બહાર જતી નથી. દૃષ્ટિનો વિષય જે ધ્રુવ એ તો ધ્યેયમાં લીધો એ લીધો (પછી તે દૃષ્ટિમાંથી ખસતો નથી) આ..હા..હા..! હવે અહીં તો હજી બહારમાં તકરારો (ચાલે) નિમિત્તથી થાય, ક્રમબદ્ધથી ન થાય, આડીઅવળી પર્યાય પણ થાય, પુરુષાર્થ સવળો કરે તો અલ્પકાળમાં મોક્ષ કરે. અલ્પકાળમાં (મોક્ષ કરે) પણ એ ક્રમબદ્ધમાં આવે ઈ અલ્પકાળ છે. આ..હા..હા..! કેમ કે અહીંયાં ક્રમબદ્ધમાં તો જ્ઞાતા-દૃષ્ટાપણું સિદ્ધ કર્યું છે. એ તો જાણનાર–દેખનાર ધ્રુવ છે એ દૃષ્ટિ થઈ એને ક્રમબદ્ધ બેઠું છે. આ..હા..હા..! સમજાણું કાંઈ ? આ હળવે હળવે તો ચાલે છે.

'જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે.' ધર્મી જીવ ધ્રુવમાં પહોંચી ગયા છે. જે અનાદિથી પર્યાયમાં પહોંચેલ છે એ તો અંશમાં પહોંચેલ છે. એ તો અજ્ઞાની છે. ધર્મી પાતાળમાં પહોંચી ગયા છે. જેને દ્રવ્ય કીધું, જેને ધ્રુવ કીધું, જેને તળિયું કીધું, જેને ચૈતન્યસ્વભાવ કીધો આ..હા...! એ ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા. અસંખ્ય પ્રદેશની ઉપરની પર્યાય એ અંતરમાં પાતાળમાં – ધ્રુવમાં ગઈ છે. આ..હા..હા...! આવું છે.

આ..હા..હા...! જેનાથી જન્મ-મરણનો અંત આવી જાય, ભવ (રહે) નહિ અને કેવળજ્ઞાન થઈ જાય. આ..હા..હા...! ચૈતન્યના તળિયાને પકડતાં સમ્યક્દર્શનમાં કેવળજ્ઞાન પ્રગટ્યું. એટલે કે સર્વજ્ઞપણું માન્યું નહોતું એ માન્યું એટલે એ અપેક્ષાએ સર્વજ્ઞપણું પ્રગટયું. આ..હા..હા..! અને અંદરમાં જઈને એકાગ્રતાની ધુન લગાવીને કેવળજ્ઞાન પ્રગટશે જ. જરૂર પ્રગટશે. ચૈતન્યના તળિયાં જેણે જોયાં એની પર્યાયમાં ચૈતન્યની પૂર્ણ દશા પ્રગટશે જ. આ..હા..હા...! પાતાળના પાણી જેણે જોયાં એને પાણીની શેડું ફૂટશે જ. આ..હા..હા...! આવો માર્ગ છે.

'ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે;...' ધ્રુવગુફા(માં પહોંચી ગયા છે). અસંખ્ય પ્રદેશે જે પર્યાયો છે એ અસંખ્ય પ્રદેશી પર્યાયની પાછળ ત્યાં ત્યાં ધ્રુવ છે, ત્યાં પહોંચી ગયા છે. આ..હા..હા..! 'સાધનાની સહજ દશા સાધેલી છે.' આ..હા..હા..! સાધનાની સહજ દશા (અર્થાત્) સ્વરૂપના કેવળજ્ઞાનની પ્રાપ્તિનું સાધન (એવી) એ સાધનાની સહજ દશા સાધી છે, સાધેલી છે. આ..હા..હા..! બારમા બોલમાં એક એક શબ્દે એકલું માખણ છે !! (બારમો બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



> ‘હું જ્ઞાયક ને આ પર’, બાકી બધાં **જા**ણવાના પડખાં છે. ‘હું જ્ઞાયક છું, બાકી બધું પર’- આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી **જા**ય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે. **૧૩.**

તેરમો (બોલ). આ તો ‘ભાવનગર’ વંચાણો હતો.

‘હું જ્ઞાયક ને આ પર’ બે વાત (છે). એક કોર પ્રભુ જ્ઞાયક, ધ્રુવ, પૂર્ણ અસ્તિવાળું તત્ત્વ, પૂર્ણ સત્તાવાળું – હયાતીવાળું તત્ત્વ, એ જ્ઞાયક (તત્ત્વ છે) અને આ પર (અર્થાત્) રાગથી માંડી બધું પર (છે).

‘બાકી બધાં **જા**ણવાના પડખાં છે.’ (જેણે) આ બે **જા**ણ્યું એણે બધું **જા**ણ્યું. બાકી બી**જા** બધાં **જા**ણવાના પડખાં છે – પ્રકારો છે. વસ્તુસ્થિતિ (આ છે). એક કોર પ્રભુ જ્ઞાયકરામ (અને) એક કોર રાગથી માંડીને આખું ગામ (એટલે કે) અનંતા સિદ્ધો અને અનંતા નિગોદો. (એમાં બધું આવી **જા**ય). આ..હા..હા..! એક કોર પ્રભુ આત્મારામ, આતમરામ ! આ..હા..હા..!

જ્ઞાયક જે છઠ્ઠી ગાથામાં કીધો ને ? (જ્ઞાયકભાવ) પ્રમત-અપ્રમત નથી. કારણ કે (જ્ઞાયકભાવ) શુભાશુભભાવપણે થયો નથી. જ્ઞાયકભાવ શુભાશુભપણે (થયો નથી). (કારણ કે) એ (શુભાશુભભાવ) તો પર્યાયમાં છે. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થાય તો જડ થઈ **જા**ય. કેમ ? (કેમ કે જ્ઞાયકભાવ) **જા**ણકસ્વભાવી, ચૈતન્યપ્રકાશનું પૂર (છે) અને શુભાશુભભાવ તો ચેતનના અંશનો જેમાં અભાવ (છે) એવા (છે). જ્ઞાયકભાવ, **જો** શુભાશુભભાવ (કે) જે ચૈતન્યના અંશના અભાવ(સ્વરૂપ) એટલે કે જડ (છે) એ રૂપે થાય તો જ્ઞાયક જડ થઈ **જા**ય. આ..હા..હા..! સમ**જા**ણું કાંઈ ?

આવું (સૂક્ષ્મ) બહાર ન ચાલે. બહારમાં કો’ક દિવસ ગયા હોય (તો આવું ન ચાલે) અહીં તો હવે બધું ચાલે છે. આ..હા..હા..!

મુમુક્ષુ :– એ હળવે હળવે બહાર પણ ચાલશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હવે બહાર **જા**શે. કાલે જવાના છે, નહિ ? કાલે દસમી તારીખ છે ને ? આજે કેટલામી છે ? દસમી તારીખે કાલે ભાઈ જવાના છે. કાલે ‘નાઈરોબી’ જવાના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. ત્યાં સભા ભરાશે (એમ) છાપામાં આવ્યું છે. કાલે જવાના છે ને ? કેટલો વખત લાગે ? ભાઈ ! સાડા પાંચ ! બસ ! સત્તરમી તારીખે મુહૂર્ત છે ને ? પંદર લાખ રૂપિયાના મંદિરનું મુહૂર્ત છે ! કરોડો રૂપિયાના મંદિરો થઈ ગયા, કરોડો રૂપિયા અહીં નખાઈ ગયા, કરોડો રૂપિયા પુસ્તકમાં ગયા અને કરોડો રૂપિયા ખાવામાં (ગયા). કેમ કે આ મંદિર થાય ને પૂજા થાય એમાં (લોકો જમે). અહીં છવીસ હજાર માણસ હતું ને ? જુઓને ! એવી એવી રીતે કરોડો રૂપિયા તો જમવામાં ગયા, કરોડોના મંદિરો થાય, કરોડોના પુસ્તક થયા અને કરોડની તો અહીં ગામમાં વ્યવસ્થા થઈ છે. આ..હા..હા..!

મુમુક્ષુ :– યાત્રામાં પણ ઘણાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– યાત્રામાં પણ ઘણાં પૈસા થઈ ગયા. સાચી વાત છે. યાત્રામાં પણ બે-ચાર વાર નીકળ્યા. ઘણાં પૈસા થઈ ગયા. પણ વસ્તુ આ છે.

પ્રશ્ન :– યાત્રામાં હવે જાવું કે ન જાવું ?

સમાધાન :– જાય કોણ ને આવે કોણ ? ઈ જડની ક્રિયા થવાની હોય એ થાય. રાગ આવે છતાં ધ્રુવની દૃષ્ટિ ખસે નહિ તો તે વ્યવહાર કહેવામાં આવે. આ..હા...! પણ એ જાત્રા ધર્મ છે, વ્રત એ ધર્મ છે (એમ માને) તો તો મિથ્યાદૃષ્ટિ છે. આ..હા..હા..! માણસને આવું આકરું પડે. જન્મ-મરણ રહિત (થવાનો) માર્ગ આવો છે, બાપુ ! આ..હા..હા..!

આમ અબજો રૂપિયા પડ્યા હોય, આંખો આમ ટળવળે... ટળવળે ! **Double Pneumonia** થાય, શ્વાસ ઊંચો લેવા જાય ત્યાં રાડ નાખે ! આમ બધું પકડાઈ જાય. આ..હા..હા..! બાપુ ! એ દશા... 'એક દિવસ એવો આવશે જાણે જનમ્યા નહોતા.' આ..હા..હા...! એક કાળ એવો આવશે, લાખો-કરોડો... બધું તારું (અહીંયાં) પડ્યું રહેશે. જ્યાં જે છે (તે) ત્યાં રહેશે. તું ત્યાંથી ચાલ્યો જઈશ. આ..હા..હા...!

એવો જે ધ્રુવ પ્રભુ ! આ..હા..હા..! (જ્ઞાનીએ) એની સાધનાની સહજ દશા સાધેલી છે. 'હું જ્ઞાયક ને આ પર,...' બે વાત (લીધી છે). એક કોર જ્ઞાયક દ્રવ્ય–વસ્તુ અને એક કોર પર્યાયથી માંડીને પર. આ..હા..હા...! જ્ઞાયક તો દ્રવ્ય છે ને ? એક કોર રામ અને એક કોર ગામ. એક કોર પ્રભુ સર્વોત્કૃષ્ટ વસ્તુ ! જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જાણકસ્વભાવ સ્વરૂપી પ્રભુ ! અને એક બાજુ પર. બસ ! આ બેમાં બધું આવી ગયું. 'બાકી બધાં જાણવાના પડખાં છે.' પછી અનેક પ્રકારે વ્યવહાર આવો હોય, નિમિત્ત આવું હોય, ફલાણું આવું હોય, ઢીકણું આવું હોય એ બધાં જાણવાના પ્રકાર છે. આ..હા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'હું જ્ઞાયક છું, બાકી બધું પર...' **જા**ણનારો ધ્રુવ તે હું, બાકી બધું પર. આ..હા..હા...! 'આ એકધારાએ ઊપડે...' જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ દ્રવ્ય, પૂર્ણ સ્વભાવની શક્તિઓનો પાર નહિ અને શક્તિની શક્તિના સત્વનો પાર નહિ, એવું આખું જ્ઞાયકતત્ત્વ (તે હું) આ..હા..હા..! અને બીજું બધું પર. 'આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી **જા**ય છે,...' આ એક ધારાએ ઊપડે તો બધું એમાં આવી **જા**ય છે. નિશ્ચય અને વ્યવહાર બધું આવી ગયું. આ..હા..હા..!

આ તો ગુજરાતી ભાષા છે. સાદી, સાદી ભાષા છે. ઘણાં વખતથી માંગણી હતી ને ? કે 'વચનામૃત' વાંચો... વાંચો...! પણ કીધું સૌના હાથમાં **જા**ય (પછી વાંચીએ). તો પણ પાછું હિન્દી(ભાષી લોકોના) હાથમાં તો ગયું નથી, હ**જી** આવ્યું નથી. બહાર (આવ્યાને) તો સવા ત્રણ મહિના થઈ ગયા. અહીં ઘણું ક**હ્યું** હતું પણ ઈ...

મુમુક્ષુ :– આપે ક**હ્યું** હતું પણ એ બનવા યોગ્ય નહોતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બનવા યોગ્ય નહોતું ! વાત તો એમ જ છે ને ! એનો કાળ આવ્યો નહોતો, કાળે થાય ને ! આ..હા..હા..!

'આ એક ધારાએ ઊપડે,...' દૃષ્ટિમાં જ્ઞાયકપણું તે હું અને એ સિવાય બધું પર – એવું એક ધારાએ, એક જ પ્રકારે અંદરથી ઊઠે. આ..હા..હા..! 'તો એમાં બધું આવી **જા**ય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી,...' આ..હા...! એણે ઉપર ઉપર પર્યાયમાં જ રમતું માંડી છે. એક સમયની પર્યાયની જ રમતું માંડી છે. પર્યાય વિનાનું આખું જે ધ્રુવ દ્રવ્ય (છે) એ ઓજલમાં રહી ગયું. આ..હા..હા..! જેને **જો**વાની જરૂર છે તે ઓજલમાં રહી ગયું. આ..હા..હા...!

'કરવા ધારતો નથી...' એમ ભાષા છે. 'પણ પોતે ઊંડો ઊતરતો જ નથી,...' પર્યાયમાંથી ખસીને અંદરમાં જતો જ નથી અને 'કરવા ધારતો નથી,...' કરવા ધારે તો થયા વિના રહે નહિ. આ..હા..હા..! 'એટલે અઘરું લાગે.' એટલે અઘરું લાગે, એટલે શું ? કે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એથી અઘરું લાગે – એથી આકરું લાગે છે. આ..હા..હા..! આ તો આખી દશાની દિશા ફેરવવાની છે. આ..હા..હા..! પર્યાય ઉપર જે દૃષ્ટિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે – એ સંસારદૃષ્ટિ છે એને અંતર દૃષ્ટિમાં – ધ્રુવ તરફમાં લઈ જવું, આ જ્ઞાયક તે જ હું છું, પૂર્ણ સ્વભાવ, સત્વ છે. પૂર્ણ સ્વભાવથી ભરેલું સત્વ છે, તે જ હું છું એમ ઊંડો ઊતરતો નથી. એમ અંતરમાં જવાનું કરવા ધારતો નથી, તેથી અઘરું લાગે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ..હા..હા...! એ તેર બોલ થયો.

‘હું છું’ એમ પોતાથી પોતાને અસ્તિત્વનું **જોર** આવે, પોતે પોતાને ઓળખે. પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું **જોર** આવે, પછી અસ્તિત્વનું **ઊં**ડાણથી **જોર** આવે; એ વિકલ્પરૂપ હોય પણ ભાવના **જો**રદાર હોય એટલે સહજરૂપે **જોર** આવે. ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે. **૧૪.**

(હવે) **ચૌદમો** (બોલ). ‘હું છું’ એમ પોતાથી પોતાને અસ્તિત્વનું **જોર** આવે.’ ‘હું છું’, અસ્તિ છું, મોજૂદગી ચીજ છું, હયાતી ધરાવનારી સત્તા છું, હોવાપણે રહેનારી એક ચીજ છું. આ..હા..હા..! ‘હું છું’ એમ પોતાથી પોતાને...’ (અર્થાત્) રાગથી નહિ, નિમિત્તથી નહિ (પણ) ‘હું છું’ એ પોતાથી પોતાને અસ્તિત્વનું **જોર** આવે. આટલું ‘છે’ એનું **જોર** આવે. આ..હા..હા...! હું છું ને ? છે ને ? છે તો એ અસ્તિત્વ છે, એવું અસ્તિત્વનું **જોર** આવે. એટલે કે હોવાપણે હું છું, એવું જે **જોર** આવે. હું હોવાપણે – કાયમ હોવાપણે છું એવું **જોર** આવે તો ‘પોતે પોતાને ઓળખે.’ બહુ સાદી ભાષામાં (વાત આવી છે) આ..હા..હા..! ‘પોતે પોતાને ઓળખે...’ (તો) સમ્યક્જ્ઞાન થાય.

‘પોતે પોતાને ઓળખે.’ પરને પોતાનું કરવું હોય તો કરી ન શકાય. ખરેખર તો રાગને પોતાનો કરવો હોય તો ન કરી શકાય. કેમ કે (રાગ) એક સમયની કૃત્રિમ અવસ્થા છે, પણ પોતે પોતાનું સ્વરૂપ છે. એમાં અંતરમાં **જા**ય તો (એ) કરી શકાય છે. પોતે પોતાને ઓળખી શકાય છે.

‘પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું **જોર** આવે,...’ ઈ શું કહ્યું ? પહેલાં એના ખ્યાલમાં ‘આ છે... છે... છે... છે...’ વસ્તુ છે, એવું ઉપર ઉપરથી એટલે વિકલ્પથી કે બાહ્યજ્ઞાનની પર્યાયમાં પણ ‘આ છે’ વસ્તુ છે, અસ્તિ છે, હોવાવાળું તત્ત્વ છે, મોજૂદ ધ્રુવ બિરાજે છે. આ..હા..હા..! એવું અસ્તિત્વનું ઉપર ઉપરથી **જોર** આવે. ‘પછી અસ્તિત્વનું **ઊં**ડાણથી **જોર** આવે;...’ આ..હા..હા..! પછી અંતરમાં જઈને **ઊં**ડાણથી **જોર** આવે. આ..હા..હા..! ઘણી સાદી ભાષા અને મૂળ આખો મર્મ છે. આ..હા..હા..! શું કહ્યું એ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ અંદર કોઈ ચીજ છે કે નહિ ? 'હું' (ની વાત ચાલે છે), હોં ! 'તું' અને 'તે' નહિ. 'હું છું' એવું પોતાથી પોતાને હોવાપણાનું, અસ્તિત્વનું, સત્તાનું, મોજૂદ ચીજનું **જો**ર આવે (તો) પોતે પોતાને ઓળખે. આ..હા..હા..! ત્યારે પોતે પોતાનું જ્ઞાન કરે અને **જા**ણે. આ..હા..હા..!

આ મૂળ ચીજ છે એ રહી ગઈ અને વાતો બધી ઉપરની કરી. આ..હા...! જિંદગીયું પૂરી કરી નાખી. આ વ્રત પાળ્યા, સામાયિકો કરી, પોહા કર્યા. ધૂળેય નથી, (એ) સામાયિક ક્યાં હતી ? હજી આખી વસ્તુ પરમાત્મસ્વરૂપ પોતે (છે) એના હોવાપણાનું પર્યાયમાં **જો**ર ભાસ્યું નહિ ત્યાં સુધી એ અંદરમાં શી રીતે જઈ શકે ? આ..હા...! અને અંદરમાં ગયા વિના એનું તળિયું હાથ ન આવે અને (તળિયું) હાથ આવ્યા પછી પણ અંતરમાં આનંદમાં રમવા માંડે એને ચારિત્ર કહેવાય છે. આ તો બહારને બહારની વ્રત, ક્રિયામાં લુગડાં ફેરવ્યા (અને એમ માને કે) ચારિત્ર થયું, ધૂળેય (ચારિત્ર) નથી. આ..હા...! અનાદિથી છેતરાઈ ગયો છે. આ..હા..હા..!

**'પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે; એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય...'** શું કહે છે ? પોતાની સત્તા ત્રિકાળ છે એવું હોવાપણાનું પહેલાં ઉપરથી પણ **જો**ર આવે પછી **ઊં**ડાણમાંથી – અંદરમાંથી **જો**ર આવે. પહેલાં વિકલ્પ હોય.

('સમયસાર'માં) 'કર્તા-કર્મ અધિકાર' ૭૩ (ગાથામાં) એ કહ્યું છે ને ? કે વિકલ્પ દ્વારા પહેલો નિર્ણય કરવો. ૭૩ ગાથા, 'કર્તા-કર્મ' (અધિકાર) ! હું એક અનાદિ અનંત, અનંત ચૈતન્ય ચિન્હ ! એવી ચીજ (છું). આદિ નહિ, અંત નહિ અને વર્તમાન નિત્ય સ્વભાવથી ખાલી નહિ. નિત્ય સ્વભાવ, પ્રગટરૂપ સ્વભાવ છે. એવો હું એક છું, એવો ઉપર ઉપર એટલે પહેલાં વિકલ્પથી નિર્ણય કરે. પાંચે ઇન્દ્રિયોના વિષયોને લક્ષમાંથી છોડી દઈ, એકલો માનસિક કલ્પનાથી નિર્ણય કરે. આ..હા...! એમાં પણ કેટલી ધીરજ અને નિવૃત્તિ **જો**ઈએ છે. આ..હા..હા...!

**'એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય...'** (એટલે કે) અંતરમાં જવાની પુરુષાર્થની ઉગ્રતા હોય તો વિકલ્પ છે એ તૂટીને અંતરમાં **જા**ય. **'એટલે સહજરૂપે જોર આવે.'** **જો** અંદરમાં જવાનો ભાવ હોય તો વિકલ્પ તૂટીને સહજરૂપે **જો**ર આવે. અંતરમાં જવાનું સ્વાભાવિક **જો**ર આવે. આ..હા..હા..!

એકલા અમૃત રેડ્યા છે ! સાદી ભાષા (પરંતુ) અમૃત છે !! આ..હા...! એક વાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જો મધ્યસ્થ પ્રાણી હોય (એ) વાંચે તો એકવાર તો ગર્વ ઉતારી નાખે એવું છે !! આ..હા..હા...!

તારું તત્ત્વ અસ્તિપણે છે. એવું પહેલાં વિકલ્પથી પણ ઉપરથી જોર આવે, પછી અંદરમાં જવાનું જોર આવે ત્યારે વિકલ્પ તૂટીને એને અંદરમાં સહજરૂપે જોર આવે. પહેલાં વિકલ્પથી હતું એ પછી સહજરૂપે આવે. આ..હા..હા...! આવો ઉપદેશ અને આવી વાણી !! (લોકો એમ કહે છે કે) એકલી નિશ્ચયની વાતું (કરે છે) પણ બાપુ ! નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે બધી આરોપિત અને ઉપચારિત વાતું. આ..હા..હા..!

'સહજરૂપે જોર આવે. ભાવનાની ઉગ્રતા...' એટલે શું ? વસ્તુ પૂર્ણ સ્વરૂપ છે, એવો ભાવ એની ભાવનાની ઉગ્રતા (થવી). પૂર્ણ સ્વરૂપ છે, (એવું) અસ્તિપણાનું સહજ જોર અંદર આવતા અંતરમાં ભાવનાની ઉગ્રતાથી (સાચું આવવાનો અવકાશ છે). ભાવ તો ત્રિકાળી છે પણ એની વર્તમાન દશાની ભાવનાના જોરથી, વિકલ્પ નહિ, નિર્વિકલ્પ ભાવનાના જોરથી. આ..હા..હા..!

'ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે.' આ..હા..હા...! અંતરના તળિયા લેવાનો, તળને તપાસવાનો ભાવ જોરદાર હોય તો (સાચું) આવવાનો અવકાશ છે. છે ને ? 'સાચું આવવાનો...' એટલે સત્‌સ્વરૂપ પ્રગટ થવાનો ત્યાં અવકાશ છે. આવી વાત છે.

આ તો ગુજરાતી સાદી ભાષા આવી ગઈ. હજી તો આમાં અનેક બીજી ભાષાઓમાં (પ્રકાશિત) થશે. ગુજરાતી અને હિન્દી બેમાં આવ્યા છે પણ હજી બીજી ભાષાઓમાં (પણ) થશે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પીટાશે ! એવી વાત છે, બાપા ! એવા કોઈ કાળે (વાત) આવી ગઈ છે. હાથમાં જ્યાં (પુસ્તક) આવ્યું ત્યાં તો મેં તો કહ્યું હતું કે, 'આ પુસ્તક લાખ જોઈએ.' એક લાખ ! ત્યારે (બીજા મુમુક્ષુએ) કહ્યું કે, સવા લાખ જોઈએ. વસ્તુ તો જુઓ ! આ..હા..હા...! વીતરાગતાના ભાવનું રટણ અને લઢણ છે. આ..હા..હા...! દુનિયા દુનિયાની જાણે, બાપા !

હું પોતે જ્ઞાયક છું, એનો અર્થ કે પરની ગમે તે સ્થિતિ, અવસ્થા આદિ હોય, હું તો એને પર તરીકે જાણનારો છું. એ પણ વ્યવહાર છે. આ..હા..હા...! 'હું એક જાણનારો છું' એમાં પર તરીકે જાણે છે એ પણ વ્યવહાર છે. પરને જાણવાની પર્યાય પણ પોતે પોતાથી થઈ છે. જ્ઞાયકપણાને જાણ્યો એટલે જ્ઞાયકને જાણવાની દશા (થઈ) અને બધાં પરજ્ઞેય – અનંત સિદ્ધો, અનંત નિગોદો... આ..હા..હા..! અને ત્રિકાળી પંચ પરમેષ્ઠી એ બધાં પર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(તરીકે જણાયા). આ..હા..હા..! હું **જ્ઞાયક** અને એ પર, એમાં બધું સમાઈ **જાય** છે. પછી પરનો **જાણ**નારો હોવાને લઈને પરને **જાણે** એમ કહેવાય.

('સમયસાર'ની છઠ્ઠી ગાથામાં) ચોથો બોલ આવ્યો ને ? **'णादो जो सो दु सो चेव' જાણ**્યો તે **જાણ**્યો છે. **ખરેખર** તો **જ્ઞાયક** છે એમ **જ્યાં જાણ**્યો, એમાં પર છે એ મારામાં નથી (એમ આવી ગયું) છતાં પર છે એવું જે **જ્ઞાન** થયું એ **જ્ઞાન** જ આત્માનું કાર્ય છે અને આત્મા જ એનો કર્તા છે. જણાયેલ જે ચીજ છે તે અહીં **જાણ**ી છે, એવા ભાવની પર ચીજ કર્તા નથી આ..હા..હા...!

'હું **જ્ઞાયક** છું અને આ બધું પર છે' એમ જે પર છે તેનું જે **જ્ઞાન** થાય, તે પણ પોતાના સ્વભાવની શક્તિના સામર્થ્યને લઈને (થાય છે). પરને **જાણ**વાની પર્યાય પોતાથી સ્વતંત્રપણે ષટ્કારકની પરિણતિથી (થાય છે). આ..હા..હા...! હું એક **જ્ઞાયક** છું અને (બાકી) બધું પર છે, એવા પરના **જ્ઞાન**ની પરિણતિ જે સ્વમાં થાય, એ **જ્ઞાન**ની પર્યાયમાં પણ એ પર્યાય પોતે જ કર્તા, કર્મ, કરણ, સાધન થઈને પર્યાય થાય (છે) તે પર્યાય પરની અપેક્ષા રાખતી નથી. આ..હા..હા...! તે પર્યાય ત્રિકાળી દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખતી નથી. આ..હા..હા...! આવો ભગવાન **જ્ઞાયક**સ્વભાવ પર્યાયમાં **જ્યાં** જણાણો... આ..હા..હા..હા...! એ જ પર્યાય સ્વતંત્રપણે પરિણમીને પર્યાય જણાણી. એ પર્યાયમાં જણાણો ભલે **જ્ઞાયક** અને એ પર્યાયમાં જણાણું ભલે પર... સમ**જાણું** કાંઈ ? પણ (એ) પર્યાય સ્વતંત્ર પોતે પોતાથી કર્તા, કર્મ, કરણથી ઉત્પન્ન થયેલી છે. જેને પરનું **જાણ**વું પોતાથી થાય તેમાં પરની અપેક્ષા પણ લાગુ પડતી નથી. આ..હા..હા...! આવી વાત છે, આવી ચીજ છે, ભાઈ !

ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવનો આ પોકાર છે. જુઓ ! છે ને ? 'સાચું આવવાનો અવકાશ છે.' ત્યાં પૂરું થઈ ગયું.

વખત થઈ ગયો.

---

અમે સર્વજ્ઞ છીએ અને તારા પેટમાં પણ સર્વજ્ઞપદ પડ્યું છે. સ્વભાવમાં પડેલા સર્વજ્ઞ પદનો આદર થયો તેમાં અનંતા સર્વજ્ઞનો આદર આવી ગયો - એમ સર્વજ્ઞ કહે છે. (પરમાગમસાર - **૩૨૪**)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે ! અમૃતવાણીની મીઠાશ **જોઈ દ્રાક્ષો** શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ ! આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. તો જિનેન્દ્રદેવના **ચૈતન્યના** મહિમાની તો શી વાત કરવી ! **૧૫.**

**જેઠ સુદ ૫, શનિવાર, તા. ૧૦-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૧૫-૧૮, પ્રવચન–૫**

('બહેનશ્રીના વચનામૃત') ચૌદ બોલ થઈ ગયા. (આ બોલમાં ભગવાનની) વાણીની વાત છે. 'તીર્થંકરદેવની દિવ્યધ્વનિ...' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એની જે દિવ્ય, પ્રધાન, ધ્વનિ – અવાજ **ઊઠે** છે (એ) દિવ્યધ્વનિ (અર્થાત્) પ્રવચન છે. 'કે જે જડ છે...' વાણી તો જડ છે. એમાં કાંઈ **ચૈતન્યના** ભાવ ભર્યા નથી.

મુમુક્ષુ :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે.

પૂ. ગુરુદેવશ્રી :– નિમિત્તનો અર્થ શું ? અર્થ એ કે બીજી ચીજ છે, એ એને બતાવે છે એટલો નિમિત્ત સંબંધ છે. પણ વાણી છે એમાં કાંઈ સર્વજ્ઞના ગુણો (કે) ભાવ ભર્યા છે, એમ નથી. વાણીમાં સ્વ-પર કહેવાની શક્તિના ભાવ ભર્યા છે પણ જડરૂપે (ભર્યા છે). આ..હા..હા..!

'શ્રીમદ્'માં આવે છે ને ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ.' નિમિત્તથી એ તો કથન છે. શાંત અમૃતને બતાવનાર પ્રભુ ! અમૃતસ્વરૂપ ભગવાન ! શુદ્ધ જ્ઞાનસિંધુ, સુખસિંધુ, એ તો જીવના ભાવ છે. પણ વાણીમાં નિમિત્ત તરીકે, વાચક તરીકેના વાચકના ભાવ ભર્યા છે. (વાણીમાં) સ્વ-પર કહેવાના ભાવ છે પણ પર ભાવ એમાં નથી. આ..હા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે વીતરાગ, સર્વજ્ઞ, સુખસિંધુ, પ્રભુ ! એ સુખસિંધુનો કોઈ અંશ કંઈ વાણીમાં નથી પણ વાણીમાં સુખસિંધુને કહેવાની સ્વ-પર શક્તિ છે.

'તીર્થંકરદેવની દિવ્યધ્વનિ...' એટલે દિવ્યધ્વનિ – વાણી છે તો જડની પણ તીર્થંકરની (વાણી કહ્યું છે એ) નિમિત્તથી કથન છે. પહેલા શબ્દમાં જ એ છે. 'તીર્થંકરદેવની દિવ્યધ્વનિ...' દિવ્યધ્વનિ તો જડ છે, પણ નિમિત્ત તરીકે તીર્થંકરની દિવ્યધ્વનિ કહેવામાં આવે છે. આ..હા..હા..! 'જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે !' તેને પણ – જડને પણ કેવી ઉપમા (આપી છે) ! વસ્તુ, સુખસિંધુ, ચૈતન્યસિંધુ – દરિયો પ્રભુ ! જેના ભાવના તળિયાં બહુ ઊંડા, એવા ભાવને બતાવનારી (વાણી છે). (એ) નિમિત્ત તરીકે (કહ્યું છે). વાચક-વાચ્ય નિયોગ ! આવ્યું હતું ને ? વાચક છે એ શબ્દો છે અને વાચ્ય છે ભાવ. એ એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તીર્થંકરની વાણી !

ભગવાન પરમાત્મા જ્યારે સર્વજ્ઞ થાય છે ત્યારે વાણીની (અર્થાત્) એ વખતના પરમાણુની પર્યાયમાં પણ... આ..હા..હા..! નિજશક્તિથી સ્વ-પર કહેવાની શક્તિવાળા પર્યાયો જ ત્યાં પ્રગટે છે. આ..હા..હા...! ભગવાનની વાણી; ભગવાન તો પૂર્ણ આનંદ સુખસાગરસ્વરૂપ છે પણ એ વખતની વાણીની, એ જ વખતની ભાષાની નિજ ક્ષણ – તે પ્રકારની પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે. આ..હા..હા..!

એમાં પણ કહે છે ભગવાનની વાણીને એવી (ઉપમા) આપી. ભગવાન જે છે એ તો અલૌકિક વસ્તુ છે... આ..હા..હા..! પણ એની વાણીને એ ઉપમા આપી. કેવી ? કે, 'અમૃતવાણીની મીઠાશ જોઈ...' આ..હા..હા..! વાણીમાં પણ અમૃતને બતાવનારી (છે) માટે વચનામૃત (કહ્યું). એ વાણીને પણ અમૃતવાણી કીધી. આ..હા..હા..! વાણી છે તો જડ અને ભગવાનઆત્મા અંદર છે એ તો ચૈતન્યસ્વરૂપ છે. આ..હા..હા..! જે જડમાં સુખની ગંધ નથી, જ્ઞાનની ગંધ નથી છતાં તે વાણીને અમૃતવાણી કીધી ! નિમિત્ત તરીકે છે ને ? અમૃતને બતાવનારી (છે).

આત્મા અંદર સુખનો સાગર પ્રભુ છે. આ..હા..હા..! પ્રભુ ! આત્મા અંદર દેહદેવળમાં (બિરાજે છે). ચાહે તો બાળક હો કે વૃદ્ધ હો, સ્ત્રી હો કે પુરુષ હો, ભગવાનઆત્મા તો અંદર જે છે એ તો સુખનો સિંધુ છે ! દરિયો છે, મોટો દરિયો !! આ..હા..હા..! અને અતીન્દ્રિયજ્ઞાનનો સમુદ્ર છે. અરે..રે...! એને એવી પોતાની મોટપ કેમ બેસે ? અનાદિથી પામરતા માની છે. એવો પ્રભુ જે છે એની 'વાણી' – એ નિમિત્તથી કથન (થયું). એ વાણી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જડ છે. છતાં 'અમૃતવાણીની મીઠાશ **જોઈ**...' એ વાણીમાં મીઠાશ (છે). આ..હા..હા..!

ભગવાનની વાણી સિંહ અને વાઘ (જેવા) તિર્યંચો સાંભળે ! મહાવિદેહમાં ભગવાનના સમવસરણમાં ભગવાન બિરાજે છે. સમવસરણમાં વાઘ, સિંહ, નાગ, ઇન્દ્રો અને ગણધરો પણ (ભગવાનની વાણી) સાંભળે છે. આ..હા..હા..! એ વાણીની મીઠાશ **જોઈ** '**દ્રાક્ષો** શરમાઈને વનવાસમાં ચાલી ગઈ...' **દ્રાક્ષ... દ્રાક્ષ** ! **દ્રાક્ષ**માં મીઠાશ છે, પણ ભગવાનની વાણીની મીઠાશ **જોઈ**ને **દ્રાક્ષ** જંગલમાં ચાલી ગઈ. આ..હા..હા...! આ તો એક ઉપમા આપી છે ને ?

એવી પ્રભુની વાણી ! ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ ! એમને હોઠ હાલ્યા વિના, કંઠ ધ્રુજ્યા વિના, 'ઓ...મ' એવો ધ્વનિ ઊઠે. અમૃતની ધારા વહે. એ વાણીની મીઠાશને **જોઈ**ને કહે છે, **દ્રાક્ષ** પણ જંગલમાં ચાલી ગઈ. એવી શરમાઈ ગઈ કે આ..હા..હા..! આ વાણીની મીઠાશ (ક્યાં ?) અને આ મારી મીઠાશ ક્યાં ? ઉપમા (આપી) છે ને ? છે ને ? 'વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ !' શેરડી (એટલે) ગન્ના, એની મીઠાશ (તો) છે પણ (અહીંયાં) કહે છે, પ્રભુની વાણીની મીઠાશ આગળ શેરડીના રસની મીઠાશ ચિચોડામાં પિલાઈ ગઈ ! આ..હા..હા...!

આ તો એક વાણી નિમિત્ત છે (એની વાત કરે છે) અને એ વાણી ભગવાનને જ હોય. એ વાણી બી**જા**ને હોય નહિ. એવી એ વખતના પરમાણુની (રચના થઈ **જા**ય છે) ! આ..હા..હા..! શાંતરસનો ભરેલો પ્રભુ ! વીતરાગમૂર્તિ અંદર આત્મા પ્રભુ છે ! એવા (પ્રભુની) વાણી નીકળી, 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ' (અર્થાત્) વચન પરમ શાંતરસ મૂળ (છે). નિમિત્તથી કથન છે ને ? આ..હા..હા..! 'ઔષધ જે ભવરોગના,...' (અર્થાત્) ભગવાનની વાણી ભવરોગને નાશ કરવાનું ઔષધ છે.

અનાદિથી ચોરાશીના અવતાર કરી કરીને દુઃખી છે, ભાઈ ! એને ખબર નથી. બહારની જરીક સગવડતા (મળી) – ઉજળા ગામ ને ઉજળા મકાન ને ઉજળા શરીર ને ઉજળા કુટુંબી ને ઉજળા પૈસા ને ઉજળા કપડાં ને ઉજળા દાગીના... (મળ્યા) એ મસાણના ભભકા દેખીને એની મહિમામાં પોતાની મહિમા ભૂલી ગયો ! અંદર હું કોણ છું ? આ..હા..હા..! એને બતાવનારી વાણી છે, એ વાણી પણ કહે છે, (શેરડી) ચિચોડામાં પિલાઈ ગઈ. એ વાણીની મીઠાશ આગળ (શેરડી ચિચોડામાં પિલાઈ ગઈ). શેરડી – ગન્ના... ગન્ના ! આ..હા...! તુમ્હારે (હિન્દીમેં) ગન્ના કહતે હૈ ન ? અમારે અહીં ગુજરાતીમાં શેરડી (કહતે હૈં). આ..હા...!

'આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે.' ઓ..હો...! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાત્મા જેનું શરીર પરમ ઔદારિક થઈ ગયું છે. જેને પરમ આનંદ આદિ બધી શક્તિઓ વિકસિત થઈ ગઈ છે અને શરીરના રજકણો પણ પરમ ઔદારિક થઈ ગયા છે અને વાણી પણ અમૃત જેવી નીકળે છે. આ..હા..હા..!

મુમુક્ષુ :– 'પરમ ઔદારિક' જેવો શ્વેતાંબરના શાસ્ત્રોમાં શબ્દ જ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ (વાત) નથી. એ લોકોને (બધો) ફેરફાર થઈ ગયો છે. આ..હા...! પ્રભુ તો જન્મે ત્યારથી એનું પરમ ઔદારિક શરીર છે. પ્રભુને તો જન્મે ત્યારથી રોગ ન હોય, પેશાબ ન હોય, ઝાડો ન હોય. એ તો તીર્થંકર કોને કહે, બાપુ ! એ વસ્તુ(ની ખબર નથી). લોકોએ માણસ જેવું (કરી નાખ્યું છે). ગાયન ગાય છે ને ? ઈશ્વર, પ્રભુ કહે છે, 'મને માણસ જેવો બનાવ્યો'. પ્રભુને માણસ જેવો બનાવ્યો આ..હા..હા..!

આ (શરીર) તો જડ માટી – ધૂળ છે. વાણી જડ ધૂળ છે. પ્રભુ અંદર ચૈતન્ય બિરાજે છે. અમૃતનો સાગર – સિંધુ ! આ..હા..હા..! સ્વયંભૂ સિંધુ ! બાપુ ! એ તને ખબર નથી. તું અંદર એવડો છો. એવા અમૃતના સાગરને બતાવનારી વાણીને પણ અમૃત કહી દીધી. આ..હા..હા...! જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ ! ભાઈ ! એ વાણી અલૌકિક છે ! આ..હા..હા..!

એને જોઈને કહે છે 'આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી !' બાપુ ! આ તે અંદર ભગવાનઆત્મા છે કોણ ? આ દેહના રજકણો તો માટી છે. આ..હા..હા..! ભગવાનઆત્મા જે ચૈતન્યના આનંદ અને શાંતિના રસથી ભરેલો (છે). અંદર બધાં ભગવાનઆત્મા આવા જ છે. આ..હા..હા..! અરે...! પોતાની મોટપની એને ખબર ન મળે. આ..હા..હા..! પ્રભુ પોતે રંકમાં વેચાઈ ગયો. આ..હા..હા..! જેની વાણીની મીઠાશ દેખી દ્રાક્ષ બહાર (વનવાસમાં) ચાલી ગઈ, શેરડી (ચિચોડામાં) પિલાણી, તો એના આત્માની તો શું વાત કરવી ! કહે છે. આ..હા..હા..!

પ્રભુનો આત્મા પરમાત્મસ્વરૂપપણે પ્રગટ થઈ ગયો (છે). ત્રણ લોકના નાથ, જિનેન્દ્રદેવ ! આ..હા...! મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. 'મહાવીર' આદિ તો સિદ્ધ થઈ ગયા. એ તો ''ણમો સિદ્ધાણં'' (પદમાં બિરાજે છે). આ પ્રભુ 'ણમો અરિહંતાણં' (પદમાં) છે. મહાવિદેહમાં વીસ તીર્થંકર બિરાજે છે (એ) 'ણમો અરિહંતાણં' (પદમાં) છે. એના આત્માની શું વાત કરવી ! કહે છે. આ..હા..હા..! આ વાણીવાળા અરિહંત લીધા છે ને ? સિદ્ધને વાણી હોતી નથી. 'ણમો સિદ્ધાણં' (પદમાં બિરાજે છે એવા સિદ્ધને) વાણી હોતી નથી. અહીં તો વાણીવાળા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરિહંત લીધા છે. એની વાણી પણ જ્યારે આવી છે તો એના આત્માની તો શું વાત કરવી !! આ..હા..હા..! જિનેન્દ્રદેવ ! એની મહિમાની તો શી વાત કરવી ! એટલી વાત ત્યાં લીધી છે.

મુમુક્ષુ :– વાણી સારી હોય એનું (બધું) સારુ હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવું નથી. એની વાણી એવી હોય ત્યાં એવો એનો આત્મા વાણીને લઈને નથી પણ પોતાના સ્વરૂપને લઈને એવો છે. આ..હા..હા..! અને અહીં સ્વરૂપ એવું પ્રગટ્યું છે માટે વાણી એવી છે. એમ પણ નથી. આ..હા..હા..! આવી તે વાત ! આ જિનેશ્વરદેવ સિવાય (ક્યાંય નથી). જે એમ કહે કે, વાણી વાણીને કારણે નીકળે છે, બાપુ ! હું તો આત્મા છું. હું તો જ્ઞાનસ્વરૂપી સિંધુ, સ્વયંભૂ સિંધુ ! જ્ઞાન અને આનંદના સિંધુથી ભર્યો છું ! આ..હા..હા..! મારા તળિયાના લેનારાઓને તો સમ્યક્‌આનંદનો સ્વાદ આવે છે. કહે છે. આ..હા..હા...! અંદર જે ધ્રુવ તળિયું ભર્યું છે એને જેણે સ્પર્શ્યું છે એને તો અતિન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એવો એ ભગવાન છે. આ..હા..હા...! જેને કોઈ નય, નિક્ષેપ અને પ્રમાણ(ના ભેદ) જેના અનુભવમાં લાગુ પડતા નથી. આ..હા..હા...! જે નય, નિક્ષેપ અને પ્રમાણ બાહ્યજ્ઞાનના નિમિત્ત તરીકે વસ્તુને સિદ્ધ કરવાના નિમિત્ત કારણ તરીકે (કહેવામાં આવ્યા છે) આ..હા..હા..! એ પણ જેના અનુભવના કાળમાં છે નહિ. આ..હા..હા..!

ભગવાનઆત્મા ! અંતરના ઉપયોગમાં જ્યારે જાય છે ત્યારે ત્યાં આગળ નય, નિક્ષેપ, પ્રમાણની પણ ગંધ નથી. આ..હા..હા..! વ્યવહાર, રાગ આદિ ઉદયની તો ગંધ નથી પણ નય, નિક્ષેપ, પ્રમાણ (કે) જેને શાસ્ત્રે વ્યવહાર કહીને આત્માને સાબિત કરવા સાધન કહ્યું છે, એ વિકલ્પો પણ પૂર્ણાનંદના નાથના અનુભવના કાળમાં નથી. આ..હા..હા..! તો પૂર્ણ આનંદનો નાથ જ્યાં પરમાત્મપણે પ્રગટ થયો એની તો શું વાતું કરવી ! આ..હા..હા..!

અરે..રે...! એણે પોતાના સ્વરૂપની મહિમા અને મહાત્મ્ય કેટલું (છે) એ સાંભળ્યું નથી. બહારમાં ને બહારમાં રોકાઈ ગયો. આ..હા..હા..! બે-પાંચ લાખ ખર્ચે, વર્ષીતપ કરે, જાત્રા કાઢે, માળા પહેરાવે (એટલે) બસ ! આ..હા..હા..! જાણે બહુ કર્યું. અરે ! તેં કાંઈ કર્યું નથી, પ્રભુ ! એ તો બધી રાગની ક્રિયાઓ છે. આ..હા..હા..! અરે...! આવી વાત ક્યાંથી (સાંભળવા મળે) ? બાપા ! આ..હા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન-વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે; રાગ સિંચવાથી દુઃખ મળશે. માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ. ૧૬.

'જ્ઞાન-વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે..' નાથ ! તું એવડો છો, પ્રભુ ! તને ખબર નથી. તારું જે પૂર્ણ આનંદ સ્વરૂપ અંદર છે એનું જ્ઞાન અને પરના રાગનો અભાવ (એવો વૈરાગ્ય) એવું જ્ઞાન અને વૈરાગ્ય ત્યાં સિંચવાથી (અમૃત મળશે). આ..હા..હા..! જેમ ઝાડમાં પાણી સિંચવાથી ફળ ફળે છે... આ..હા..હા..! એમ પ્રભુ ! તું આત્મા આનંદ અને (સુખનો) સાગર (છો). આ..હા..હા..! અરે..રે...! આટલા શરીરમાં આટલો (આત્મા) ! એને એક રાગમાં રોકી દીધો. એક દયા, દાન, વ્રત, ભક્તિ અને આ વિષયભોગની વાસનાનો વિકલ્પ (ઊઠે) ત્યાં મીઠાશમાં રોકાઈ ગયો. આ..હા..હા..! જેની વાણીની મીઠાશ આગળ દ્રાક્ષ અને શેરડી પિલાઈ જાય, એના આત્માની શું વાતું કરવી ! (એમ) કહે છે. એવો દરેક આત્મા એવડો છે, એવો છે. આત્મા-પરમાત્માની વાત ચાલે છે પણ આત્મા એવડો પરમાત્મા જ છે. આ..હા..હા...!

સર્વોત્કૃષ્ટ ! પરમસ્વરૂપ ! એનું જ્ઞાન અને વૈરાગ્ય (અર્થાત્) પર તરફથી ઉદાસ. પર તરફથી, રાગથી વિરક્ત (અને) સ્વભાવમાં રક્ત. શુદ્ધ ચૈતન્ય પ્રભુ ! એમાં રક્ત (અને) રાગથી વિરક્ત, એમ અંદર સિંચવાથી (અમૃત મળશે). આ..હા..હા..! એવાં જળને (અર્થાત્) અસ્તિપણાનું જ્ઞાન અને નાસ્તિપણાનો વૈરાગ્ય. આ..હા..હા..! બેની મૈત્રી કીધી છે ને ? કળશમાં નહિ ? મૈત્રી કીધી છે. આ..હા..હા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન ! જેના અતીન્દ્રિય આનંદના એક અંશના સ્વાદ આગળ ઇન્દ્રની કરોડો અપ્સરાઓ અને કરોડો ઇન્દ્રાણીના (ભોગ સડેલા મીંદડા જેવા લાગે). જેના ધાનના શરીર નથી, ધાનના ઢીંગલા નથી. આ તો ધાન બે દિવસ ન નાખે તો (નાનું) મોઢું થઈ જાય. ત્રણ-ચાર ડીગ્રી તાવ આવ્યો હોય અને બે દિવસ આહાર ન ખાય ત્યાં આ બધું રૂપાળું શરીર આમ લઠ્ઠ જેવું લાગે, તે કરમાઈ જાય. બે દિવસ સરખો તાવ આવ્યો હોય, સરખાઈનો... આ..હા..હા..! ત્યાં મોઢામાં (કરચલી) પડી જાય, (ઢીલું) થઈ જાય, ફિક્કું થઈ જાય. (જેને) આહારની જરૂર નથી એવી ઇન્દ્રાણીઓ, જેને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આયુષ્ય પ્રમાણે હજારો વર્ષે અમૃત ઝરે એના ભોગ (તો તુચ્છ લાગે). આ..હા..હા...! અમૃત સ્વરૂપ ભગવાન ! એના જ્ઞાન અને વૈરાગ્ય કરવાથી (જે) અમૃત મળે, એ અમૃતના સ્વાદ આગળ ઇન્દ્રાણીના ભોગો, સડેલા ગધેડા અને મીંદડા સડી ગયા હોય, એવા એને લાગે. આ..હા..હા...! આવી વાતું છે !

આ બધી વાત એવી લાગે કે પણ આ આવી નવી (વાત) ક્યાંથી આવી ? અત્યાર સુધી આ બધું સાંભળતા, ભાઈ ! પડિકમણું કરો, સામાયિક કરો, જાઓ ! ધર્મ થઈ ગયો. આઠમ-પાખીના પોહા કરો. અરે... ભગવાન ! બાપુ ! એ શું કહે છે ? ભાઈ ! એ બધી વાતો તો રાગની ક્રિયાની છે. આ..હા..હા...! પ્રભુ તો રાગની ક્રિયાથી અંદર ભિન્ન બિરાજે છે. એનું જ્ઞાન અને વૈરાગ્ય કરવાથી ત્યાં અમૃત ફળશે. આ..હા..હા..! ક્રિયામાં તો રાગ – ઝેર ફળશે. આકરું કામ છે, ભાઈ ! આ..હા..હા..! ભલે દુકાન છોડી, બાયડી-છોકરા છોડીને જંગલમાં વસતો હોય અને પંચ મહાવ્રતના પરિણામ હોય પણ એ બધું ઝેર છે, દુઃખ છે. એનું ફળ તો દુઃખ છે. પ્રભુ ! (આત્મા) એનું જ્ઞાન અને વૈરાગ્ય... એનું જ્ઞાન અને વૈરાગ્ય... એનું જ્ઞાન અને વૈરાગ્ય... કરવાથી અમૃત (ફળશે). પર્યાયમાં તને અમૃત ફળશે. શક્તિરૂપ અમૃત છે એ તને પર્યાયમાં ફળશે. આ..હા..હા..! સમ્યક્‌દર્શન-જ્ઞાનમાં જે આનંદ આવશે એવો આનંદ ત્રણ લોકમાં બીજે ક્યાંય ઇન્દ્રિયના વિષયોમાં, (નથી એવો આનંદ આવશે). આ..હા..હા..!

ભૂખ્યો માણસ હોય અને દૂધપાક (મળે). આ..હા..હા..! દૂધપાક ! દૂધપાક કહતે હૈં ન ? ખીર કહતે હૈં ન ? હમારે (યહાં) ખીર ઔર દૂધપાક મેં ફર્ક હૈ. ખીરમેં એક શેર દૂધમેં નવ ટાંક ચોખા, એને ખીર કહે (છે) અને એક શેર દૂધમેં રૂપિયાભાર ચોખા (હોય) એને દૂધપાક કહે. દૂધનો પાક ! એ દૂધપાક અને... આ..હા...! ઘીની પૂરી, ઘઉંની ઘીની તળેલી પૂરી અને અવળીના પાનના પતરવેલીયા હોય, આમ ખાતો હોય (તો) જાણે (એમ લાગે) આ..હા..હા..! હું શું સુખને વેદુ છું ! પ્રભુ ! દુઃખને – ઝેરને વેદે છે. ભાઈ ! તને ખબર નથી, બાપુ ! પાગલ થઈ ગયો, પ્રભુ ! આ..હા..હા..! તું ત્યાં દુઃખનું વેદન (છે) એને સુખનું વેદન માને છે આ..હા..હા...! એ મિથ્યાભ્રમ, અજ્ઞાન છે. આ..હા..હા...!

પ્રભુ ! 'જ્ઞાન–વૈરાગ્યરૂપી પાણી...' જ્ઞાન અને વૈરાગ્યરૂપી પાણી. ખામણું કરીને ખાડો કરીને આંબાને પાણી સિંચે છે ને ? આ..હા..હા..! એમ અહીં પ્રભુ ! સુખસિંધુ ! તેનું જ્ઞાન અને પરનો – રાગનો અભાવ, એવું પાણી સિંચવાથી, પ્રભુ ! તને અમૃતનું ફળ ફળશે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બધાં શુભ અને અશુભભાવ ઝેરના ફળ છે. એ ઝેર છે. આ..હા..હા..! અશુભભાવ તો ઝેર છે, (પરંતુ) શુભભાવ પણ અમૃતસ્વરૂપની આગળ તો ઝેર છે. વિષકુંભ કહ્યાં છે ને ? 'મોક્ષઅધિકાર'માં ઝેરનો ઘડો કીધો છે. પ્રભુ ! અમૃતનો સિંધુ ! ભગવાન અમૃતનો સિંધુ (છે) ત્યારે પુણ્ય-પાપ વિષ-ઝેરનો ઘડો (છે). આ..હા..હા..! તને વૈરાગ્ય થવાથી (અર્થાત્) રાગથી પણ વૈરાગ્ય (થવાથી), શુભરાગ હોય એનાથી (પણ) વૈરાગ્ય અને પ્રભુ પૂર્ણાનંદનું હયાતીનું જેવું પૂર્ણ સ્વરૂપ છે તેવું તેની પ્રતીતિમાં અને જ્ઞાનમાં આવવું, એ જ્ઞાન અને વૈરાગ્ય સિંચવાથી, પ્રભુ ! તને અમૃત ફળશે. આ..હા..હા...! એ અમૃતના ફળ આવશે. જ્ઞાન અને વૈરાગ્ય એના મૂળિયામાં સિંચવાથી (અમૃતના ફળ આવશે). આ..હા..હા..હા...! બીજું આવડે ન આવડે એની સાથે સંબંધ નથી. જગતને સમજાવતાં આવડે કે ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આ..હા..હા..!

પ્રભુ ! તું જ્ઞાન અને વૈરાગ્ય... ઓ..હો..હો...! એને પ્રગટ કર. એ સિંચન (નો અર્થ થયો). આ..હા..હા..! સુખસાગરનું જ્ઞાન અને રાગાદિનો (અર્થાત્) ઝેરનો અભાવ, એનો વૈરાગ્ય. આ..હા..હા..! રાગના અભાવસ્વરૂપી વૈરાગ્ય, એવું સિંચન કરવાથી અમૃત ફળશે. 'તારા સુખનો ફુવારો છૂટશે;...' આ..હા..હા..!

પાતાળમાં જેમ પાણી ભર્યાં હોય અને ઉપરની તડ ફૂટતાં જેમ શે'ર નીકળે... આ..હા..હા..! (તેમ સુખના ફુવારા છૂટશે). એટલું ક્યાંક આવે છે ને ? કે મુનિને (આનંદની) શે'ર આવે છે પણ એટલેથી સંતોષ નથી. આવે છે ને ? આ..હા..હા..! મુનિ છે એને પાતાળમાંથી આનંદની ધારા વહે છે પણ એટલી ધારાએ પણ એને સંતોષ નથી. આ..હા..હા..! પૂર્ણ આનંદની પ્રાપ્તિ કેમ થાય ? એવો જેનો પ્રયત્ન ધ્રુવ ઉપર ઢળ્યા કરે છે. આ..હા..હા...! ભાઈ ! મુનિપણું કોને કહીએ ! બાપુ ! આકરી વાતું છે ! આ..હા..હા..!

અહીંયાં કહે છે, 'સુખનો ફુવારો છૂટશે;...' અમૃત મળશે એટલે કે અમૃતનો ફુવારો ફુટશે. આ..હા..હા...! જ્ઞાન અને વૈરાગ્યની એકતાથી સ્વભાવમાંથી જ્ઞાન અને આનંદ ફાટશે, ફુવારો ફાટશે, ધારા વહેશે. આ..હા..હા...! જુઓ ! આ અનુભવનો સાધક સ્વભાવ ! આ..હા..હા..! આનું નામ પરમાત્માનો ધર્મ છે, બાપુ ! ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે, પ્રભુ ! તું અમૃતનો દરિયો છો ને ! એનું જ્ઞાન અને રાગનો અભાવ, એવી સ્થિતિ થવાથી પ્રભુ ! (સુખનો) ફુવારો ફૂટશે. આ..હા..હા...! અમૃત મળશે એટલું કહ્યું પછી ફુવારો ફુટશે (એમ કહ્યું). અંદરથી ધારા વહેશે. આ..હા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે આવી વાત કોઈ દિવસ સાંભળી ન હોય એને એવું લાગે કે આ તે શું હશે ? આ તે વીતરાગનો-જૈનનો માર્ગ હશે ? લોકોએ બહારની ક્રિયા – પ્રવૃત્તિમાં જૈનધર્મ રાગમાં માની લીધો. ધર્મ (તો) વીતરાગમાર્ગ છે. આ..હા..હા..!

'સુખનો ફુવારો છૂટશે;...' એટલે કે આનંદનો સાગર છે એનું જ્ઞાન અને રાગનો અભાવ (થવાથી) એમાંથી તને આનંદનો ફુવારો ફૂટશે. એનું નામ વીતરાગધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. પ્રભુ ! શું થાય ? આ..હા..હા...! 'રાગ સિંચવાથી દુઃખ મળશે.' આ..હા..હા..! ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિ, પૂજાનો રાગ (હોય) એ સિંચવાથી તો દુઃખ થશે, ભાઈ ! ત્યાં દુઃખ ફળશે. ત્યાં સુખ નહિ ફળે. આ..હા..હા...!

ભાષા તો બહુ સાદી (છે). ભાવ તો બહુ ઊંચા છે ! જગતના ભાગ્ય (કે) આવી ભાષાનું પુસ્તક બહાર આવ્યું. સાદું તદ્દન સાદું. આ..હા..હા..!

'રાગ સિંચવાથી દુઃખ મળશે.' અસ્તિ-નાસ્તિ કરી. જ્ઞાન અને વૈરાગ્ય (અર્થાત્) સ્વરૂપનું જ્ઞાન અને પરથી ઉદાસ, એનાથી અમૃત ફળશે અને રાગ – શુભરાગ આદિ સિંચવાથી તો દુઃખ ફળશે. આ..હા..હા..! ચાહે તો નય, નિક્ષેપ, પ્રમાણનો વિકલ્પ હો, પણ છે તો દુઃખ. આવી વાતું ! ભારે આકરું કામ ! આ..હા..હા..!

'માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી...' માટે પ્રભુ ! તું અમૃતનો સાગર અને અમૃતની (વેલડી) ! આ..હા..હા...! જેમ કોળાપાકની વેલડી હોય છે ને ? અધમણના કોળા નથી થતાં ? વેલડી – વેલ, આમ પાતળી હોય. કોળા... કોળા કહે છે ને ? આવડા અધમણ-અધમણના. આખી વેલમાં દસ-વીસ-પચીસ (કોળા) પાકે. આ..હા..હા..! એમ આ પ્રભુ ! શરીર પ્રમાણે આનંદ અને જ્ઞાનની વેલડી છે. આ..હા..હા...! એ વેલડીમાં આવું અમૃત ફળશે. એ (બહારના) કોળાપાક (ફળે છે) પણ અહીં તો અમૃત ફળશે. આ..હા..હા..! આવું છે ! ભાઈ ! આવી વાતું છે ! આ..હા..હા..!

મુમુક્ષુ :– એની માટે તો સાંભળવા આવ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રેમ છે ને ! આ..હા..હા..! બાપુ ! આવી વાત સાંભળે તો ખરા ! આ..હા...! તારા ઘરમાં જવાની રીત આ છે, આ..હા...! બાપુ ! વીતરાગનો માર્ગ, આખા જગતથી જુદી જાત છે, ભાઈ ! આ..હા..હા..! એના વિના એને ક્યાંય સુખ નહિ મળે, ભાઈ ! આ..હા..હા..! 'રાગ સિંચવાથી દુઃખ મળશે.' એમ કીધું ને ? આ..હા..હા..!

'માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ.' (અર્થાત્) પૂર્ણને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મેળવ – મુક્તિસુખરૂપી અમૃતને મેળવ. આ..હા..હા..! પૂર્ણ અપરિમિત આનંદ આદિ સ્વભાવમાં એકાગ્ર થઈ, રાગથી છૂટી વૈરાગ્યમાં આવી, એ સાધન કર (તો) મુક્તિરૂપી અમૃત મળશે. તને મુક્તિ મળશે એટલે પૂર્ણ દુઃખથી છૂટી જઈશ. મુક્તિ એટલે પૂર્ણ દુઃખથી છૂટી જઈશ અને પૂર્ણ આનંદની અસ્તિત્વની પ્રાપ્તિ થશે. આ..હા...! મોક્ષ શબ્દ બંધનો અભાવ બતાવે છે અને અસ્તિ તરીકે કહીએ તો આત્મલાભની – પરમઆનંદની પ્રાપ્તિ એનું નામ મોક્ષ (છે) આ..હા..હા..! આવી વાતું છે ! (માટે) 'જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃતને મેળવ.' સોળ (પૂરો) થયો.

જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે. શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. **જો** મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ-સમાધાન રહેશે, જ્ઞાતા-દૃષ્ટાપણે રહી શકાશે. **૧૭.**

**૧૭.** 'જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે...' આંબાના ઝાડનું મૂળ પકડવાથી બધું હાથ આવે, ડાળાં, પાંખડા, ફળ અને ફૂલ (બધું હાથ આવે) આ..હા..હા..! છે ? 'જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે...' આ..હા..હા..! 'તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.' ભારે વાતું ! આ..હા..હા..! રાગને તો નહિ પણ પર્યાયને (પણ) પકડવાની વાત નહિ. આ..હા..હા..! પકડનારી પર્યાય (છે) પણ પર્યાયને પકડવી નહિ. આ..હા..હા..!

'જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.' મૂળિયું હાથ આવ્યું (એટલે) ડાળાં, પાંખડા, ફળ અને ફૂલ, બધું હાથ આવશે. આ..હા..હા..! ઝાડનું મૂળ પકડવાથી જેમ ફળ-ફૂલ આદિ બધું હાથ આવશે એમ જ્ઞાયકભાવ (પકડવાથી બધું હાથ આવશે). આ..હા..હા..! ગજબ વાત છે !

છટ્ઠી ગાથામાં એકલો જ્ઞાયકભાવ (કહ્યો). એક સમયની પર્યાય જેટલો નહિ (પરંતુ) ત્રિકાળી જ્ઞાયકભાવ, પૂર્ણ જ્ઞાયકભાવ, પૂર્ણ સહજ, પૂર્ણ સહજ જ્ઞાયકભાવ સ્વરૂપ પ્રભુ છે. આ..હા..હા..! પૂર્ણ સહજ, સ્વાભાવિક – અણકરેલી વસ્તુ, અકૃત્રિમ, પૂર્ણ સ્વભાવથી ભરેલો...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા..! એવો જ્ઞાયકભાવ – એને પકડ ! પકડે પર્યાય, પણ પકડે જ્ઞાયકને. આ..હા..હા..! સમજાણું કાંઈ ? આ..હા..હા...! 'જ્ઞાયકભાવ' એમ કીધું છે ને ? એને પકડવાથી એટલે જ્ઞાયકભાવ ઉપર નજર કરવાથી, જ્ઞાયકભાવ – ધ્રુવને ધ્યેય બનાવતા... આ..હા..હા...! બધું હાથ આવશે. બધું હાથ આવશે (એટલે) કેવળજ્ઞાન થશે, પ્રભુ ! આ..હા..હા...!

જ્ઞાયકભાવ જાણક સ્વભાવભાવ ! પૂર્ણ ભરેલો ભગવાન ! એક સમયની પર્યાયથી પણ ભિન્ન, એવો જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ ! ત્રિકાળી સહજાત્મ સ્વરૂપ પ્રભુ ! આ..હા..હા..! એને પકડવાથી એટલે કે તેના ઉપર દૃષ્ટિ કરવાથી એટલે કે જ્ઞાયકભાવ સન્મુખ થવાથી... આ..હા..હા..! બધું હાથ આવશે, તને બધું મળશે, પ્રભુ ! એમાંથી સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શુકલધ્યાન અને કેવળજ્ઞાન (મળશે). આ..હા..હા..! આટલું અગીયાર અંગનું જ્ઞાન હોય, ફલાણું હોય તો આ થાય, એવી વાત અહીં છે નહિ. એ વસ્તુ જ પોતે જ્ઞાયકનો પુંજ છે. એની સન્મુખ થવાથી એટલે પકડવાથી એમ (કહે છે). જે અનાદિથી રાગ અને પર્યાયને પકડીને ઊભો છે એ સંસાર છે. એમાં ચોરાશી લાખના અવતરવાના – અવતારના એ બીજડાં છે. આ..હા..હા..! ચોરાશી લાખ યોનિ(માં) અનંતવાર ઊપજવાના (બીજડાં છે). એક સમયની પર્યાયને, રાગને પોતાનો માનીને રહેવાથી સંસાર ફળશે. આ..હા..હા..! ત્યાં નરક અને નિગોદ ફળશે. આ..હા..હા..! પ્રભુને પકડવાથી બધું હાથ આવશે.

'શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે.' આ..હા..હા..! (શુભભાવ) આવે, અશુભ ટાળવા આવે પણ એનાથી કાંઈ હાથ નહિ આવે. આ..હા..હા..!

આ બધા આમાં વાંધા ઉઠાવે છે. શુભ માટેના (વાંધા ઉઠાવે છે). આ..હા..હા..! શુભ સાધન છે. અશુભ ઘટે છે (અને) છેલ્લો શુભભાવ હોય છે એથી એ સાધન છે. છેલ્લો ભલે હો પણ એ સાધન નથી. એનો અભાવ કરીને સાધન થાય છે. રાગ અને સ્વભાવની ભિન્નતા (કરવાથી) પ્રજ્ઞાછીણી મારવાથી, ભેદ કરવાથી સાધન થાય છે. રાગ કરવાથી પોતે સાધન થાય એમ નથી, ભાઈ ! આ..હા..હા..!

'શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે.' બે શબ્દ છે. શું ? કે, વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવશે. એક વાત. 'જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.' બધું હાથ આવશે અને શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. (આ બીજી વાત). આ..હા..હા..! તારા દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને ભગવાનનું સ્મરણ એ બધો શુભભાવ (છે) એમાં કાંઈ હાથ નહિ આવે. આ..હા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ બધા એ વાંધા ઉઠાવે છે. 'જૈનદર્શન' આવે છે ને ? એમાં એ ઊઠાવે છે. અરે... પ્રભુ ! ભાઈ ! તેં સાંભળ્યું નથી, પ્રભુ ! આ..હા..હા...! તેં કરવટ બદલી નથી. પ્રભુ ! તું રાગની કરવટમાં ચડી ગયો, પ્રભુ ! એમાંથી કાંઈ હાથ નહિ આવે. એમાં ક્યાં છે ? રાગમાં ક્યાં જ્ઞાન ને આનંદ ને શાંતિ છે ? શુભરાગ કરવાથી પણ કાંઈ હાથ નહિ આવે. આ..હા..હા..! તો અશુભની તો વાતું શું કરવી ! આ..હા..હા..!

જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે (અને) શુભભાવ ને પકડવાથી કાંઈ હાથ નહિ આવે. આ અસ્તિ-નાસ્તિ (છે). આ..હા..હા..!

'**જો** મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે...' જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, પરમ પારિણામિકભાવ, સહજ એકરૂપ રહેનારો ભાવ, સદૃશ રહેનારો ભાવ, જેમાં એક સમયનું પણ પલટન નથી... આ..હા..હા...! એવા 'મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ-સમાધાન રહેશે.' રોગ આવે, નિંદા આવે, પ્રતિકૂળતા આવે... આ..હા..હા...! (**જો**) મૂળ પકડ્યું હશે તો શાંતિ રહેશે. જ્ઞાયકભાવ શુદ્ધભાવ સ્વાભાવિક ભાવ છે એને મર્યાદા શી ? આ..હા..હા...! મોટો દરિયો – મોટો સિંધુ (છે).

'કહે વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,' આવે છે ને ? (સમયસાર નાટક શ્લોક-**૩૩**) 'કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં, અપને રસસૌં ભર્યો આપની ટેક હૌં. મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ...' આ..હા..હા..! 'સુખ સિંધુ હમારૌ રૂપ હૈ.' આ..હા...! 'મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ' આ..હા..હા..! 'જ્ઞાન સિંધુ હમારૌ રૂપ હૈ' આ..હા..હા..! 'મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.' શુદ્ધ ચેતના સિંધુ ! શુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. આ..હા..હા..! શુદ્ધ ચેતના સિંધુ ! મોટો દરિયો પડયો છે ! આ..હા..હા..! એને કંઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવના સામર્થ્યના મોટપની જ જરૂર છે. એની મોટપ ત્યાં છે. એવા જ્ઞાયકભાવને... આ..હા..હા..! પકડવાથી 'ગમે તે પ્રસંગો આવે...' આ..હા...! 'તે સમયે શાંતિ...' એટલે જ્ઞાતા-દૃષ્ટા રહીશ. આ..હા..હા..!

ક્રમબદ્ધનો અર્થ પણ એ છે. મારી પર્યાય ક્રમસર જ થશે. ક્રમસર થશે એમાં... ત્યાં ('સમયસાર' ગાથા **૩૦૮-૩૧૧**માં) માથે (–મથાળામાં) લીધું છે ને ? અકર્તાપણું સિદ્ધ કરીએ છીએ. આ..હા..હા..! ગજબ કામ કર્યું છે ! ક્રમસર પર્યાય થાય છે ત્યાં અકર્તાપણું સિદ્ધ થાય છે. અકર્તાપણું સિદ્ધ થાય છે ત્યાં જ્ઞાતાપણું સિદ્ધ રહે છે. આ..હા..હા..! જ્ઞાતાપણું સિદ્ધ થાય છે ત્યાં પૂર્ણ જ્ઞાતાપણું જ રહે છે. ચાહે તો ઉદય આવો ને **જા**ઓ. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનો એ જ્ઞાતા-દૃષ્ટા (રહે છે). **ક્રમબદ્ધ**ના નિર્ણયવાળા જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આ..હા...! **ક્રમબદ્ધ**નો નિર્ણય નથી તે કર્તા થઈને રાગમાં ભીંસાઈ **જાય** છે. આ..હા..હા..! દબાઈ **જાય** છે. આ..હા..હા...!

મધ્યસ્થતાથી એક-બે-ચાર દિ સાંભળે ને ! બાપા ! તો તને ખબર પડે. પ્રભુ ! જૈનપંથ કોઈ વાડો નથી, એ કોઈ પક્ષ નથી. જૈનધર્મ એટલે વાણિયાનો ધર્મ (એમ લોકો માને) અરે... પ્રભુ ! એમ નથી. જૈનધર્મ એટલે એ તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગી સ્વરૂપ મહાસિંધુ પ્રભુ ! એના શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરવો એ જૈન (છે). વસ્તુ જિન(સ્વરૂપ છે). વસ્તુ જિન અને એનો અનુભવ કરવો તે જૈન. આ..હા..હા...!

અહીં કહે છે, ગમે તેવા પ્રસંગો આવશે તો સમાધાન રહેશે. કેમ ? 'જ્ઞાતા-દૃષ્ટાપણે રહી શકાશે.' **જોયું** ? આ..હા..હા..! **ક્રમબદ્ધ**નો સાર એ છે, કરવું (એ તો નથી પણ) હવે તો ત્યાં પરિણતિ કરવું એ પણ નથી. આ..હા..હા..! **ક્રમ**સર (પર્યાય) થાય છે તેનો અકર્તા થઈ અને જ્ઞાતા થઈને રહે છે. આ..હા..હા..હા...! ત્યારે (લોકોને એમ થાય કે) 'આ તો નિયતવાદ થઈ ગયો.' 'ગોમ્મટસાર'માં નિયતવાદ વર્ણવ્યો છે. ભાઈ ! પ્રભુ ! એમ નથી. એકલો નિયતવાદ નથી. એની સાથે સ્વભાવ, પુરુષાર્થ બધા ભેગા છે. આ..હા..હા..! કેમ કે જ્યારે **ક્રમબદ્ધ**નો નિર્ણય થયો ત્યાં કર્તાપણું ટળ્યું, અકર્તાપણું થયું એ પુરુષાર્થ નથી ? એ સ્વભાવ નથી ? અને કર્તા(પણું) ટળ્યું અને અકર્તા(પણું) થયું ત્યાં શું રહ્યું ? (તો કહે છે) જ્ઞાતા-દૃષ્ટાપણું રહ્યું. આ..હા..હા..! એવા જ્ઞાતા-દૃષ્ટાપણાને – જ્ઞાયકપણાને પકડવાથી જ્ઞાતા-દૃષ્ટાપણે રહીશ. એમ કહે છે. આ..હા..હા..! છે ? આ..હા..હા..! 'જ્ઞાતા-દૃષ્ટાપણે રહી શકાશે.' એ સત્તર (બોલ પૂરો) થયો.

> દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું – એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય. ૧૮.

૧૮. 'દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે.'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રશ્ન :– દ્રવ્ય એટલે ?**

**સમાધાન :– દ્રવ્ય એટલે** કાયમ રહેનારી ચીજ. કાયમ રહેનારી **જ્ઞાયક** ચીજ. **દ્રવ્ય** ઉપર **દૃષ્ટિ** રાખવાની છે. **ધ્યેય** ત્યાં છે, **ધ્રુવ** ત્યાં છે, સામાન્યપણું ત્યાં છે. **ધામ – ધ્રુવનું ધામ** તે જ તું છો. **ધ્રુવ-ધામ** તે જ તારું **ધામ** છે. તે તારું મહાન **ક્ષેત્ર** છે. આ..હા..હા...!

શબ્દમાં વાત તો બહુ થોડી છે (પરંતુ) ભાવ તો ઘણાં (**ઊં**ડા છે). આ..હા..હા...! આમાં વાદ-વિવાદને (ક્યાં સ્થાન છે) ? (આ તો) જેને આત્માનો રસ લાગે એની વાતું છે, બાપુ ! આ..હા..હા..! પરના રસના રંગમાં રંગાઈ ગયો એને વીતરાગનો રસ નહિ આવે. આ..હા..હા..! અને જેને વીતરાગી સ્વરૂપનો રસ લાગ્યો એને રાગનો રંગ નહિ લાગે. રાગ આવશે, જુઓ ! છે ને ?

'વિકલ્પો આવે...' રાગ આવે, એમ ક**હ્યું**. '**દૃષ્ટિ દ્રવ્ય**...' એટલે વસ્તુ **જ્ઞાયક**, સુખસિંધુ ઉપર રાખવાની છે. 'વિકલ્પો આવે પણ **દૃષ્ટિ** એક **દ્રવ્ય** ઉપર છે.' સામાન્ય **ધ્રુવ** વસ્તુ છે એ ઉપરથી લ**ક્ષ** ખસતું નથી. આ..હા..હા..! **ધ્રુવ**નું **ધ્યેય** છે ત્યાંથી **દૃષ્ટિ** ખસે નહિ. ગમે તે પ્રસંગમાં, શુભ-અશુભ વિકલ્પમાં આવે (તો પણ **દૃષ્ટિ દ્રવ્ય** ઉપર છે). છે ને ? આવે કીધું ને ? 'વિકલ્પો આવે...' આ..હા..હા..! આવે છતાં 'પણ **દૃષ્ટિ** એક **દ્રવ્ય** ઉપર છે.'

'જેમ પતંગ આકાશમાં **ઊ**ડે પણ દોર હાથમાં હોય છે,...' (પતંગ) ગમે ત્યાં **જા**ય (પણ દોર) હાથમાં હોય છે. આ..હા..હા..! 'તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો.' કાયમી ચીજ, ટકતી ચીજ તે હું છું, ટકતી ચીજ **જ્ઞા**યક ચૈતન્ય તે હું છું, એ દોર હાથમાં રાખીને (પછી) ભલે ગમે તેવા વિકલ્પો આવે, એમ કહે છે. આ..હા..હા..!

'વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું...' આ..હા..હા..! પતંગનો દોર હાથમાં છે, એમ ચૈતન્ય પૂર્ણ સ્વરૂપ તે હું છું એનો એ દોર ખસવો ન **જો**ઈએ. 'પણ ચૈતન્યતત્ત્વ તે હું છું – એવો વારંવાર અભ્યાસ કરવાથી...' એવો વારંવાર અભ્યાસ કરવાથી 'દૃઢતા થાય.' આ કરવાથી અંદરની દૃઢતા થાય. શુભ (ભાવ) કરવાથી દૃઢતા થાય એમ નથી, એમ કહે છે. આ..હા..હા..!

વિશેષ કહેશે...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. ૧૯.**

**જેઠ સુદ ૬, રવિવાર, તા. ૧૧-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૧૯-૨૧, પ્રવચન–૬**

સાતમું પાનું છે ને ? **૧૯**મો બોલ છે. 'જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે.' એટલે ? આત્મા પોતે શુદ્ધ ચૈતન્ય આનંદ(સ્વરૂપ) છે, એનાથી શુભભાવ વિરુદ્ધ છે. (રાગ) આવે, હોય પણ ઝેર છે. વિષકુંભ કહ્યો છે ને ? આ..હા..હા...! શુભભાવ એ સ્વરૂપનો સાધક નથી પણ સ્વરૂપમાં બાધક છે, વ્યવહારે (પણ) બાધક છે અને નિશ્ચયે (પણ) બાધક છે. દૃષ્ટિની અપેક્ષાવાળાને અશુભ છૂટવાની અપેક્ષાએ શુભમાં (આવતા જેટલો) અશુભ છૂટે એટલો વ્યવહાર કહેવામાં આવે. ઠીક છે. ચૈતન્ય જ્ઞાયક દ્રવ્ય વસ્તુ છે, એની દૃષ્ટિ થઈ છે એને અશુભ ટળીને શુભ આવે, એટલી અપેક્ષાએ વ્યવહાર એને કહેવાય પણ નિશ્ચયથી છે તો ઝેર અને હેય. શુભભાવને ઉપાદેય માને તો તો મિથ્યાત્વ છે. આ..હા...! આવી વાત છે !

પ્રભુનું સ્વરૂપ જ (એવું છે). જિનસ્વરૂપી પ્રભુ છે ! વીતરાગસ્વરૂપી સર્વોત્કૃષ્ટ તત્ત્વ મહાપ્રભુ ! જેની શક્તિ અને જેનો સ્વભાવ તદ્દન વીતરાગી પૂર્ણ પૂર્ણ સ્વરૂપ છે. એમાં શુભભાવ આવે છતાં એ ઝેર છે, કાળો સર્પ છે. કાળો સર્પ ! સાધારણ સર્પ નહિ, કાળો સર્પ હોય ને ? આ..હા..હા...!

આમા મોટા વાંધા છે. અત્યારે કેટલાક પંડિતો (એમ કહે છે) શુભભાવ (ધર્મનું) સાધન છે. આમ છે ને તેમ (છે) બાપુ ! એ સાધન નથી. ભાઈ ! (તને) માર્ગની ખબર નથી. આ..હા..હા...!

ચૈતન્યસ્વરૂપી પ્રભુ ! આત્મા ચેતનસ્વરૂપ ! આ..હા..હા...! વસ્તુ છે (એ) અમૃતસ્વરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. પ્રભુ અમૃતની વેલડી છે. આ..હા..હા...! એનો સ્વીકાર કરતાં તો અમૃતના ફળ પાકે, કાંઈ ઝેર પાકે ? અમૃતની વેલડીએ (અમૃત પાકે). આ..હા..હા...! કોળાપાકની વેલડીએ કોળાપાક આવે. (એમાં કાંઈ) કારેલાં થાય ? કારેલાં હોય ને ? કોળાપાક મોટા હોય છે અને કારેલા નાના હોય છે. તો પણ એ કોળાપાકની વેલડીએ કારેલા ન થાય. આ..હા..હા...! એમ પ્રભુ આત્મા ! પૂર્ણ આનંદ અને પૂર્ણ અમૃતસ્વરૂપના પિંડસ્વરૂપ એ પિંડ છે. એનું પરિણમન થાય એ વેલડીએ (આનંદનું પરિણમન આવે). ત્રિકાળી (આનંદની) વેલડી પ્રભુ (છે). આ..હા..હા...! એના સ્વીકાર ને સત્કાર અને અનુભવથી આનંદના કોળા પાકે. આ..હા...! એમાં હજી શુભરાગ – આસક્તિ છે. પૂર્ણ વીતરાગ નથી, તેથી ધર્મીને – જ્ઞાનીને પણ શુભભાવ આસક્તિરૂપ આવે. (પરંતુ) અભિપ્રાયમાં કાળો નાગ છે, શ્રદ્ધામાં ઝેર છે. (તેમ છતાં) આસક્તિમાં આવ્યા વિના રહેતો નથી, પૂર્ણ વીતરાગ નથી ને ? (એટલે આવ્યા વિના રહેતો નથી). આ..હા..હા...!

જ્ઞાનીને, એટલે આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુભવનારને, જાણનારને અભિપ્રાયમાં તો, શ્રદ્ધામાં તો રાગ છે (એ ઝેર છે). (રાગ) છે ખરો; રાગ છે એમ કહ્યું (છે), નથી એમ નહિ, પર્યાયમાં છે પણ એ ઝેર છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– વ્યવહારે અમૃત કહેવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો અમૃતનો આરોપ આપ્યો છે. અમૃતસ્વરૂપ ભગવાન છે અને (પર્યાયમાં) અમૃતપણું પ્રગટયું છે, એની અપેક્ષાએ (સાથે રહેલા) રાગને અમૃતનો વ્યવહાર કહેવામાં (આવ્યો છે). 'મોક્ષ અધિકાર'માં કહ્યું છે. વ્યવહારે અમૃત (છે, એમ કહેવું) એટલે કે (જે અમૃત) 'નથી' તેને (અમૃત) કહેવું એનું નામ વ્યવહાર. આ..હા..હા...! વ્યવહારથી અમૃત કહ્યું (એટલે) આરોપથી કહ્યું છે. આત્મા અમૃતસ્વરૂપ છે એની પ્રતીતિ (અર્થાત્) સમ્યક્દર્શન (થયું) એ નિશ્ચય છે તો એનો આરોપ કરીને; દેવ-ગુરુની શ્રદ્ધાનો રાગ (એ) છે તો રાગ, (પરંતુ) આરોપ કરીને એને વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. છે તો રાગ, પણ નિશ્ચય સમકિતનો સહચર (અર્થાત્) નિમિત્તને સાથે દેખીને ઉપચારથી તેને વ્યવહાર કહેવામાં આવે છે. આ..હા..હા...! આવી વાત છે ! 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમા (અધિકારમાં છે).

'હજુ આસક્તિને લઈને...' પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીને – જ્ઞાનીને પણ, ક્ષાયિક સમકિતી હોવા છતાં પણ આસક્તિનો રાગ થાય. આ..હા..હા...! 'હજુ આસક્તિને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લઈને **જ્ઞાની** બહાર થોડા **ઊ**ભા છે,...' અંતરમાંથી નીકળીને રાગમાં આવીને **ઊ**ભા છે. **ઊ**ભા છે હોં ! (રાગનો) આદર નથી પણ રાગ આવે છે, હોય છે. આ..હા..હા...!

અત્યારે તો રાગ કોને કહેવો, એ વાતમાં બધી મૂંઝવણ છે. એ (અજ્ઞાની) તો આ અશુભરાગને રાગ (માને). અહીં તો ગુણી-ગુણનો ભેદ લક્ષમાં લે તો પણ એ શુભરાગ થાય છે. વસ્તુ એક સમયમાં અભેદ ચીજ છે. ગુણી અને ગુણનો ભેદ પણ જેમાં નથી, એવો જે દૃષ્ટિનો વિષય અભેદ (સ્વરૂપ), એ ગુણ-ગુણીના ભેદને પણ એ તો સ્વીકારતો નથી... આ..હા..હા...! તો પછી શુભભાવને આદરે અને સ્વીકારે એ તો હોય ક્યાંથી ? આ..હા..હા...! ઉથલપાથલનો માર્ગ છે, ભાઈ !

વર્તમાનમાં તો આ શુભરાગ-ક્રિયા કરો, વ્રત કરો, અપવાસ કરો, દેશસેવા કરો, શાસ્ત્રની ભાષા સારી બનાવો તો એ બધો ધર્મ છે, અત્યારે લોકો એમ ઠરાવે છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– લોકો નથી કહેતાં પણ ઉપદેશકો કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ (પણ) લોકમાં **જા**ય છે ને ! એ ઉપદેશકો પણ લોકમાં **જા**ય છે, ધર્મમાં નહિ. આ..હા..હા...! જેના ઉપદેશમાં શુભભાવથી આત્માને કંઈપણ લાભ થાય (એમ આવે) એ માન્યતા લૌકિક મિથ્યાદૃષ્ટિની છે. આવી વાતું ! અરે...! આ તો જન્મ-મરણની ચોરાશીની હાર (માળા) **ઊ**ડાડી દેવી છે. બાપુ ! અનાદિ અનંત પ્રભુ ! નિત્યાનંદ ધારાવાહી પડ્યો છે, એને (જેણે) પકડ્યો એને શુભભાવ આવે, ત્યાં **ઊ**ભો પણ રહે, અટકે છે, (ત્યાં) અટકે છે પણ (અભિપ્રાયમાં) કાળો નાગ અને ઝેર (માને છે). આ..હા..હા...!

(જ્ઞાનીને પણ) રાગ છે, 'થોડા **ઊ**ભા છે.' થોડા **ઊ**ભા છે એમ કીધું. રાગ થોડો આવે છે. આ..હા..હા...! ચોથે (ગુણસ્થાને) ત્રણ કષાયનો, પાંચમે બે (કષાયનો), છઠ્ઠે એક (કષાયનો) પણ થોડો રાગ આવે. 'રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.' અતીન્દ્રિય સમતાના આનંદ આગળ (રાગ ઝેર જેવો લાગે છે). 'રાગ આગ દાહ દહે સદા' (એમ) 'છ ઢાળા'માં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા તાતેં સમામૃત સેઈયે' આ..હા..હા...! તેથી સમામૃત (અર્થાત્) સમતારૂપી અમૃત ભગવાન (આત્મા છે) એની દશાને સેવો. આ..હા..હા...! 'રાગ આગ દહે' ચાહે તો શુભરાગ હો પણ છે (એ) આગ, કષાય છે, કષાય-અગ્નિ છે, દાહ છે. આ..હા..હા...! 'રાગ, આગ, દાહ, દહે સદા' આત્માની શાંતિને એ બાળે છે. આ..હા..હા...! શાંતિ દાઝે છે. આ..હા..હા...! 'તાતેં સમામૃત સેઈયે' તેથી એ શુભરાગને પણ છોડીને સમતારસરૂપી અમૃત પ્રભુ (છે) એની સેવા કરો. એમાં તને શાંતિ અને આનંદ આવશે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! આવી વાત છે. માર્ગ તો આ છે.

(લોકો વ્યવહારના) ઝગડા ઊભા કરે. વ્યવહાર છે (ખરો). ત્રિકાળી (સ્વરૂપ) શુદ્ધ હોવા છતાં, પવિત્ર પ્રભુ પૂર્ણ (છે). વસ્તુ તો પૂર્ણ શુદ્ધ અને પવિત્ર જ છે છતાં પર્યાયમાં અશુદ્ધતા આવે છે. અશુદ્ધતા નથી જ (એમ નથી). અજ્ઞાનીને અશુદ્ધતા છે અને જ્ઞાનીને (પણ) અશુદ્ધતા છે. એ આપણે હમણાં આવી ગયું. 'સમયસાર' ત્રીજા શ્લોકમાં 'અમૃતચંદ્રાચાર્ય' 'કલુષતાયામ્' કહે છે. અનાદિની કલુષિતતા (અર્થાત્) અશુદ્ધિ મને પણ છે. મુનિ કહે છે ને? 'અમૃતચંદ્રઆચાર્ય' આચાર્ય છે. આ..હા..હા...! જેના કળશો અમૃતકળશ છે ! એ પોતે એમ કહે છે (કે), હું શુદ્ધ ચિન્મૂર્તિ વસ્તુ તરીકે તો એમ જ છું પણ મારી પર્યાયમાં મોહકર્મનો અનુભાવ – નિમિત્ત છે અને અનુભાવ્ય – હું મારી દશામાં કલુષિત પરિણામપણે પરિણમું છું. આ..હા..હા...! અરે...! મુનિને તો અશુભભાવ હોય નહિ ને ! તો એ શુભભાવ પણ કલુષિત છે. આ..હા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો કહ્યું છે, મુનિને અશુભ (ભાવ) તો હોતા નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક' ! શુભનો ભાવ આવે. ધર્મના લોભી દેખીને પોતાની કમજોરીથી ઉપદેશનો શુભ રાગ આવે, આ..હા..હા...! ઉપદેશનો રાગ આવે પણ (એ) દુઃખનું વેદન છે. જ્ઞાનીને એટલું દુઃખ છે એટલું વેદન પણ છે. દૃષ્ટિની અપેક્ષાએ વાત ચાલે ત્યારે બીજી વાત છે. પણ વસ્તુની સ્થિતિ (આ) છે. દૃષ્ટિની અપેક્ષાએ તો દૃષ્ટિનો વિષય દ્રવ્યસ્વભાવ (છે) તેમાં તો અશુદ્ધતાની ઉત્પત્તિ છે જ નહિ. સમકિતીને અશુદ્ધિ અને આસ્રવ છે જ નહિ (એમ કહે). એ કઈ અપેક્ષાએ ? તીવ્ર મિથ્યાત્વ અને તીવ્ર અનંતાનુબંધીનો કષાય નથી, એથી આસ્રવ નથી, એથી અનંત સંસારનું કારણ (એવા) મિથ્યાત્વનો બંધ નથી. પણ (કોઈ) એમ જ માની લે કે એને જરાપણ બંધ જ નથી (તો એ) એકાંત છે. (વસ્તુસ્થિતિ) એમ નથી.

મુમુક્ષુ :– બંધન હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– (બંધન) હૈ. આ..હા..હા...! આવી વાતું છે.

(જ્ઞાનીને) અંદરમાં શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં અને અનુભવ હોવા છતાં આસક્તિ છે, છે ? (પણ) 'અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.' રુચિ અને દૃષ્ટિની અપેક્ષાએ ભગવાનઆત્મા તો અમૃત-સ્વરૂપ આનંદનો, સુખનો સાગર (છે). એના નમૂનાના વેદન આગળ... આ..હા..હા...! એ રાગ દુઃખરૂપ અને ઝેર લાગે છે. શુભ (ભાવ ઝેર લાગે છે) હોં ! આ રળવું, ભોગ (ભોગવવા) આ ભણવું એ તો બધા પાપના રાગ છે. ઘણો વખત તો (એમાં) જાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ..હા..હા...! કલાક-બે કલાક વખત મળે, સાંભળવા મળે ત્યાં કુગુરુ એને લૂંટી લે. શુભમાં ધર્મ છે, વ્રતમાં ધર્મ છે, તપમાં ધર્મ છે, એમ કરીને ત્યાં રોકી રાખે. મિથ્યાત્વના બંધનમાં એને રોકી રાખે. આ..હા..હા...! જન્મ સફળ જવો જોઈએ એને ઠેકાણે અફળ કરી નાખે. આ..હા..હા...! ધન્ય ભાગ્ય... સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ધન્ય ભાગ્ય અધૂરું રહી ગયું, સાહેબ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધન્ય ભાગ્ય (કે) આ વાત આવી સાંભળી અને રુચિથી બેસે (એમ કહેવું છે). ઓ..હો...! આ વાતો (અલૌકિક છે), ભાઈ !

મુમુક્ષુ :– ધર્મનો કાળ છે માટે આવે જ ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! આવો પ્રભુનો માર્ગ ! વીતરાગ નિર્મળાનંદ પ્રભુ ! એની રુચિ, દૃષ્ટિ અને શ્રદ્ધા થવી એ પણ ધન્ય માર્ગ છે. આ..હા..હા...! એ પણ આગળ વધીને, અનુભવ કરીને, ચારિત્ર લઈને કેવળ પામશે. આ..હા..હા...!

આ..હા...! સવારમાં આવ્યું હતું ને ? શ્રોતાની પર્યાયમાં પણ અનંત સિદ્ધોને સ્થાપે છે. આ..હા..હા...! ગજબ વાત કરે છે ! પ્રભુ ! પણ તમે છદ્મસ્થ, હજી તમે કેવળી નહિ છતાં તમારા શબ્દો અને વાણીને સાંભળવાને માટે જે આવે એવા જીવની પર્યાયમાં પણ તમે અનંતા સિદ્ધને સ્થાપો !! એનો અર્થ... આ..હા..હા...! કે એ સિદ્ધની પર્યાય તરફ વળીને સિદ્ધ(દશા)ને પામશે. આ..હા..હા...! કહેનાર તો સિદ્ધપદને પામનાર છે (જ). આ..હા..હા...! 'કુંદકુંદઆચાર્ય', 'અમૃતચંદ્રઆચાર્ય' ! આ..હા...! ધન્ય અવતાર ! અમે હજી 'સમયસાર'(ની) વાત કરશું. સવારમાં તો પેલા ડૉક્ટર બેઠા હતા ને ? એને ઝીણું પડે.

ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિ, ભાવવચન અને દ્રવ્યવચન ! આ..હા..હા...! મારી જ્ઞાનના ક્ષયોપશમ(રૂપ) જે ભાવ (છે) એ ભાવવચન છે. એની ધારાથી હું વાત કરીશ. વિકલ્પ અને વાણી આવશે એ દ્રવ્યવચન (છે). આ..હા..હા...! આ..હા..હા...! ભાવસ્તુતિમાં (એમ કહેવું છે કે) મારો ભગવાનઆત્મા ! એના તરફનું મારું જે આરાધકપણું છે, મારી જે નિર્વિકલ્પ શાંતિ છે એને ભાવસ્તુતિ કહીએ છીએ. વિકલ્પ ઊઠે તેને, વાણી આવે એને દ્રવ્યસ્તુતિ કહીએ છીએ. આ..હા..હા...!

મારે તો બીજું કહેવું છે. (અહીંયાં તો) એવાં શ્રોતા જ લીધા છે, એમ મારે કહેવું છે કે જેની પર્યાયમાં હું અનંતા સિદ્ધને સ્થાપું છું. આ..હા..હા...! ધન્ય ભાગ્ય ! જેને હું 'સમયસાર' શુદ્ધ આત્મા કહીશ એવા શ્રોતાની પર્યાયમાં અનંતા સિદ્ધને હું સ્થાપું છું. એવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ **જીવ** – **શ્રોતા** લીધા છે. આ..હા..હા...! અરે...! તમે પંચમઆરાના મુનિ છો ને, પ્રભુ ! એવા **શ્રોતાઓને** તમે લક્ષમાં લીધા ! આ..હા..હા...! એવા (**શ્રોતા**) છે, એવા **શ્રોતા** પણ છે (એમ કહે છે). આ..હા..હા...! જેની વર્તમાન દશામાં **શ્રોતાને** અલ્પજ્ઞતા હોવા છતાં હું અનંતા સર્વજ્ઞ, સિદ્ધોને અલ્પજ્ઞતામાં સ્થાપું (છું). આ..હા..હા...! **શ્રોતાને** સર્વજ્ઞ(પણું) તો છે નહિ. હજી તો સાંભળવા માટેની પાત્રતા (લઈને) સાંભળે છે.

મુમુક્ષુ :– ભાવિ નૈગમનયે તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ વર્તમાનમાં તો એ અલ્પજ્ઞ છે. આ..હા...! અને (તેમાં) પણ હજી સમ્યક્જ્ઞાન નથી છતાં એવી શૈલીવાળા (યોગ્યતાવાળા) **જીવ** લીધા છે. આ..હા..હા...!

પાંચમી ગાથામાં એમા કહ્યું ને ? '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण, जदि दाएज्ज पमाणं।**' રાગથી પૃથ્થક અને સ્વભાવથી એકત્વ એવો મારો નાથ પ્રભુ ! એની હું વાત કરીશ. તારો પ્રભુ પણ એવો જ છે. '**एयत्तविहत्तं दाएहं अप्पणो**' હું મારા (નિજ) વૈભવથી કહીશ. આ..હા..હા...! મારો વૈભવ એ આનંદ અને શાંતિનો ભાવ (છે) એવા વૈભવની ભૂમિકામાં રહેલો હું તને કહીશ. આ..હા..હા...! અનંતા.. અનંતા.. અનંતા... સિદ્ધો, અનંતા સર્વજ્ઞો (છે). આ..હા..હા...! એની (–**શ્રોતાની**) વર્તમાન અલ્પજ્ઞતામાં અનંતા સર્વજ્ઞોને સ્થાપીએ છીએ. આ..હા..હા...! ધન્ય અવતાર !

અનંત સર્વજ્ઞને અલ્પજ્ઞમાં સ્થાપે છે અને અહીં **શ્રોતામાં** એની હા પાડનારને જ લીધા છે. આ..હા..હા...! કેમ કે ઈ પાંચમી ગાથામાં એમ લીધું. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण, जदि दाएज्ज**' (અર્થાત્) **જો** દેખાડું, આ..હા..હા...! (તો) પ્રમાણ કરજે. ત્રીજું પદ છે. '**जदि दाएज्ज**' – '**जदि**' દેખાડું તો પ્રમાણ કરજે. એટલે ? આ..હા..હા...! (પણ) પ્રભુ ! બહુ દુષ્કર ચીજ છે ને ? (તો ગુરુ કહે છે) રહેવા દે, રહેવા દે, પ્રભુ ! આ..હા..હા...! અનુભવ કરીને પ્રમાણ કરજે ! એમ કીધું છે. અમથી હા પાડજે, એમ નહિ. આ..હા..હા...! '**जदि दाएज्ज पमाणं**' પ્રમાણ કરજે. '**चुक्केज्ज छलं न घेत्तव्वं**' ભાષામાં, ધાતુમાં, વ્યાકરણમાં કોઈ ફેર પડે (અને) તને (તેનું) જ્ઞાન હોય (અને) લક્ષમાં આવે તો એ ઉપર લક્ષ રાખીશ નહિ. અમારો હેતુ અંતર આનંદનો નાથ (છે) એને અનુભવ કરાવવાનો છે. આ..હા..હા...! આ..હા..હા...! એવા તો પંચમ આરાના **શ્રોતા** – **જીવ** લીધા છે. (આચાર્ય ભગવાન) પોતે પંચમ આરાના છે ! આ..હા..હા...! ભગવાનને પૂછયું નથી કે, પ્રભુ ! હું ત્યાં ઉપદેશ દઈશ તે **શ્રોતા** આવા હશે ? આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાનો જે ભાવ – આહલાદ છે અને સાંભળનારા એ આહલાદથી ભરેલા ભગવાન છે એની અલ્પજ્ઞતામાં અનંતા સિદ્ધો, એક સિદ્ધ સર્વજ્ઞ, એવાં અનંતા સિદ્ધો-સર્વજ્ઞ અલ્પજ્ઞની દશામાં સ્થાપું છું. આ..હા..હા...! (હવે) એ જીવની અલ્પજ્ઞ (પર્યાય) ઉપર દૃષ્ટિ નહિ રહે, એમ કહે છે. આ..હા..હા...! સર્વજ્ઞ પ્રભુ વસ્તુ છે ત્યાં એનું લક્ષ જોડાઈ જશે અને અમારે કહેવું (પણ) ઈ છે. આ..હા..હા...!

સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ ! એની પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને સ્થાપ્યા ! એક સર્વજ્ઞ નહિ, અનંતા (સર્વજ્ઞને સ્થાપ્યા) ! આ..હા..હા...! શું કહે છે ઈ ? એટલાં અસ્તિત્ત્વના અનુભવના જોરમાં શ્રોતાઓને પણ એવાં ઉપાડયા છે !! અલ્પજ્ઞમાંથી ઊઠી જા, પ્રભુ ! આ..હા..હા..હા...! અહીં તો રાગથી ઉઠી જા (એમ કહે છે). આ..હા..હા...! આવી વાત ! ગજબ વાત છે ! બાપા ! અમૃતના વેણલા વાવ્યા છે ! આ..હા..હા...! આ..હા..હા...! તમને ભાષા ભલે એવી લાગે પણ ભાવ કોઈ એવી ચીજ છે !! આ..હા..હા...!

('પ્રવચનસાર') ૮૦મી ગાથામાં એમ કહ્યું **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहि'** પોતાના આત્માને જાણે અને મોહનો નાશ થાય. અહીં તો અનંતા સિદ્ધને પર્યાયમાં સ્થાપ્યા.

મુમુક્ષુ :– મોહનો નાશ થાય જ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! એક અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણનારને પર્યાયમાં સર્વજ્ઞ આવ્યા. **'सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं'** એનો મોહ નાશ થાશે. એક સર્વજ્ઞની પર્યાયને જાણનારો પણ સ્વને જાણીને (મોહને નાશ કરશે). આ..હા..હા...! તો પ્રભુ ! જેની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપીને એનો એને વિશ્વાસ કરાવ્યો... આ..હા..હા...! કોલ કરાર (કરાવ્યા) એ સ્વ તરફ જશે જ, જઈને પૂર્ણતાની પ્રાપ્તિ કરશે જ, એવા શ્રોતાને લીધા છે. આ..હા..હા...! ગજબ શૈલી છે ! 'સમયસાર'ની શૈલીએ... આ..હા..હા...! કેવળી પરમાત્મા જિનેશ્વરદેવના કાળજા ખોલી નાખ્યા છે !! આ..હા..હા...!

એને (–અજ્ઞાનીને) બહારનું મહાત્મ્ય ખસતું નથી. જ્ઞાનનો વિશેષ ઉઘાડ થાય એને અહીંયાં લીધો નહિ. અમે સર્વજ્ઞને અને અનંતા સિદ્ધને સ્થાપીએ છીએ. આ..હા..હા...! હવે તારું થોડું અગિયાર અંગનું જ્ઞાન ઉઘડયું હોય એની તો વાત શું કરવી ! (એમ) કહે છે. આ..હા..હા...! અનંતા.. અનંતા... અનંતા... અનંતા... અનંતા... સર્વજ્ઞ ! સર્વ સિદ્ધ છે ને ? **'वंदित्तु सव्व सिद्धे'** (છે) ને ? સર્વ સિદ્ધને ? પચીસ-પચાસ વર્ષ, બે હજાર વર્ષ પહેલાં તમે સર્વસિદ્ધને કીધું અને અત્યારે પણ એનું એ પાછું ? તો સિદ્ધો તો ઘણા થયા. (તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે) ભલે (ઘણા) થયા ! (તો પણ) બધા અનંત સર્વજ્ઞ છે તેને અમે પર્યાયમાં સ્થાપીએ છીએ. આ..હા..હા...!

સર્વજ્ઞપણાની અનુભવમાં પ્રતીતિ આવી છે એનું **જોર**, એવું **જોર** છે... આ..હા..હા...! કે અલ્પકાળમાં એ સર્વજ્ઞ થશે, થશે અને થશે જ. એ કહેનાર તો (સર્વજ્ઞ) થશે પણ (અહીંયાં) કહે છે અમે શ્રોતા (પણ) એવાં લીધા છે !! આ..હા..હા...! ધન્ય ભાગ્ય ! એકવાર બધું ભૂલી **જા** ! આ..હા...! અનંતા સર્વજ્ઞનો પ્રસ્તાવનામાં પસ્તાનું મૂક્યું. પસ્તાનું મૂકે છે ને ? (એમ અહીંયાં) પસ્તાનું મૂક્યું, બાપુ ! અત્યારે પંચમ કાળ – કવાર છે. આ..હા..હા...! કેવળજ્ઞાન થવાને અત્યારે કવાર છે, પણ અમે પ્રસ્તાવ મૂકીએ છીએ. આ..હા..હા...! અને અનંત સર્વજ્ઞોને પર્યાયમાં શ્રદ્ધામાં તને કહીએ છીએ (–સ્થાપીએ છીએ). આ..હા..હા...! માણસને આકરું કામ એવું લાગે ! વસ્તુસ્થિતિ આવી છે. આ કાંઈ કોઈ કૃત્રિમ છે ? કોઈ પંથ વાડો, છે ? આ તો વસ્તુ સ્વરૂપ જ (એવું) છે. આ..હા..હા...!

અહીં આપણે આ (ચાલે) છે, 'અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં...' આ..હા...! ભલે એને હજી રાગ આદી હો ! એ રાગમાં ઊભા (હોવા) છતાં એમ ભાષા છે. ઊભા નામ (પરિણમનમાં) આસક્તિની સ્થિતિ છે. અભિપ્રાયમાંથી છૂટી ગયું છે પણ અસ્થિરતામાંથી હજી છૂટ્યું નથી. એટલે અસ્થિરતામાં ઊભા હોય છે. છે ? આ..હા..હા...!

'વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં...' વિકલ્પો આવે, શુભ (ભાવ) આવે, આ..હા..હા...! 'છતાં વિભાવથી જુદા છે,...' વિભાવની વચ્ચે રહ્યા છતાં 'વિભાવથી જુદાં છે,...' આ..હા..હા...! 'ન્યારા છે.' ધર્મી, સ્વરૂપની દૃષ્ટિના **જોર**થી રાગને ઝેર તરીકે **જા**ણતાં (હોવા) છતાં (રાગ) આવે છે, (વિભાવની વચ્ચે) ઊભા છે, છતાં તે ન્યારા છે. આ..હા..હા...! જનેતા કોઈ વખતે નગ્ન દેખાઈ **જા**ય, એને ખ્યાલ ન હોય. (જનેતા) ન્હાતી હોય અને દીકરાની નજર પડી **જા**ય... આ..હા..હા...! પણ ત્યાં એ નજર પડી જ નથી, (એમ) કહે છે. આ..હા..હા...! માતા, જેના કૂખમાં સવા નવ મહિના રહ્યો છું એ જનેતા... આ..હા..હા...! ખાટલાથી ઓથે ન્હાતી હોય અને એમાં ઊભી થઈને તદ્દન નગ્ન દશા થઈ ગઈ હોય અને જુવાન છોકરો આવ્યો (એ **જો**વે તો પણ) આ..હા..હા...! એ નજર પડી જ નથી. આ..હા..હા...! એમ ધર્મીને શુભરાગ આવ્યો પણ ત્યાં નજરું નથી. આ..હા..હા...! આવું છે. આવો માર્ગ પ્રભુ ! આ..હા..હા...! સિદ્ધમાં **જા**ણે બેઠા હોય એવી વાતું કરે છે ! આ..હા..હા...! એ ૧૯ બોલ (પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'મારે કાંઈ **જો**ઈતું જ નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ **જો**ઈએ–એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઈ **જા**ય છે કે મારે મારું અસ્તિત્વ જ **જો**ઈએ છે.–આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.' ૨૦.

૨૦. 'મારે કાંઈ **જો**ઈતું જ નથી,...' આ..હા..હા...! જેને પોતાનું અસ્તિત્વ જ **જો**ઈએ છે. આ..હા..હા...! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હયાતીવાળી ચીજ ! આ..હા...! હયાતી ! હિતરૂપ ! હયાતીવાળી હિતરૂપ... આ..હા...! એવો વસ્તુનો સ્વભાવ, જેને જિજ્ઞાસામાં એ **જો**ઈએ છે. એને (એમ ભાવ થાય છે કે) 'મારે કાંઈ **જો**ઈતું જ નથી,...' મારા પ્રભુ સિવાય મારે કાંઈ **જો**ઈતું નથી (એવું) એની દૃષ્ટિમાં **જો**ર આવી **જા**ય છે.

મારું અસ્તિત્વ જે પૂર્ણ વસ્તુ એ જ **જો**ઈએ છે. એ સિવાય મારે કાંઈ **જો**ઈતું નથી. આ..હા..હા...! દુનિયાની પ્રશંસા, દુનિયામાં વખાણ કે શુભરાગ એ કાંઈ મારે **જો**ઈતું નથી. આ..હા..હા...! મારો પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો (છે) એ સિવાય મારે કાંઈ **જો**ઈતું નથી. આ..હા...!

'કોઈ પર પદાર્થની લાલસા નથી,...' વિકલ્પથી માંડીને કોઈ પણ પર (પદાર્થમાં) લાલસા નથી. આ હોય તો ઠીક, એમ એને નથી. આ..હા..હા...! 'કોઈ પર પદાર્થની...' પરમાં તો શુભભાવ પણ આવી ગયા. આ..હા..હા...! અરે...! દેવ, ગુરુ અને શાસ્ત્રની પણ જેને લાલસા નથી ! આ..હા...! બાપુ...! મારગડા...! એના દૃષ્ટિના વિષયો અને એ વિષયનું કેવું સ્વરૂપ છે ? આ..હા..હા...!

કહે છે, પ્રભુતા...! આ..હા...! 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી...' પહેલાં 'દલપતરામ'નું (આ પદ) નિશાળમાં આવતું. પોણોસો વર્ષ પહેલાં ! 'દલપતરામ' કવિ 'ક.દ.ડા' ! 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરિ', 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી...' આ..હા..હા...! રૂંવાટાં ઊભા થઈ **જા**ય ! પ્રભુતા પરમાત્મસ્વરૂપની (એટલે કે) પોતાની. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો...' મારો મુજરો – 'મુજ રોગ લે હરી' કવિ છે ને એ તો ! અજ્ઞાન અને રાગ-દ્વેષને (હરે) એવો હું હરિ છું. 'હરિ' (શબ્દ) 'પંચાધ્યાયી'માં આવે છે. હરિ કોને કહીએ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે, રાગ-દ્વેષને હરે તે હરિ. પ્રભુ પોતે હરિ છે. આ..હા..હા...! રાગ-દ્વેષ અને મિથ્યાત્વને હરે તેને હરિ કહીએ. એવો પ્રભુ પોતે આત્મા છે. આ..હા..હા...!

'પર પદાર્થની લાલસા નથી, આત્મા જ **જોઈએ**–' મારે તો પ્રભુ આત્મા જ **જોવે** છે. આ..હા...! અને પ્રભુ એ જ બતાવે છે. આ..હા..હા...! 'એવી જેને તીખી તમન્ના લાગે...' આ..હા..હા...! એવી જેને તીખી – ઉગ્ર તમન્ના – તન્મયતા લાગે. આ..હા..હા...! 'તેને માર્ગ મળ્યે જ છૂટકો છે.' એને તો માર્ગ મળ્યે જ છૂટકો. આ..હા..હા...! જેની તીખી (તમન્ના) એટલે ઉગ્ર એકાગ્રતા થવાની જેની ભાવના (છે) આ..હા..હા...! 'તેને માર્ગ મળ્યે જ છૂટકો છે.' આ..હા...!

'અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી.' એની – ભગવાનની સંપદા ! પર્યાયમાં દ્રવ્યની સંપદા અનંત અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શ્રદ્ધા, અનંત શાંતિ (એવા) અપાર ગુણોનો દરિયો પ્રભુ ! અપાર શક્તિ અને ગુણનો સાગર પ્રભુ ! આ..હા...! એની નિજઋદ્ધિ 'સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી.' આ..હા...! **જોયું** ? તેથી શું ? એ (વિકલ્પ પણ) કાઢી નાખ્યો. 'હું અબદ્ધ છું, પૂર્ણ છું, શુદ્ધ છું' એ વિકલ્પ આવ્યો છે તેથી શું ? ત્યાં રોકાણો તેથી શું ? ('સમયસાર') **૧૪૨** ગાથામાં આવે છે. '**तत् किम**' એમ સંસ્કૃત આવે છે.

આ..હા..હા...! અહીં તો કહે છે કે, આવી અનંતી ઋદ્ધિનો ખ્યાલ આવે, જ્ઞાનમાં આ વસ્તુ છે અને વસ્તુ છે તે અપરિમિત શક્તિઓનો ભંડાર છે, એમ એની ઋદ્ધિ અને સંપદાના વિકલ્પમાં પણ રોકાતો નથી, (એમ) કહે છે. બીજે તો (વિકલ્પ) રોકવો નથી પણ હવે અહીં વિકલ્પ રોકવો નથી. આ..હા..હા...! આવી વાત છે, બાપુ ! સમ**જા**ણું કાંઈ ?

'અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઈ **જા**ય છે...' એવો લાલસા વિનાનો નિસ્પૃહ (થઈ **જા**ય છે). પૂર્ણાનંદનો નાથ એક જ **જો**ઈએ છે. આ..હા...! એની આટલી સંપદા ! (તેની) મહિમા લાગે એના વિકલ્પમાં પણ રોકાવું નથી. આ..હા..હા...!

'એવો નિસ્પૃહ થઈ **જા**ય છે કે મારે મારું અસ્તિત્વ જ **જો**ઈએ છે.' મારે મારું હોવાપણું જેટલું, જેવડું (છે), પ્રભુનું – દ્રવ્યનું હોવાપણું જેવડું છે... આ..હા...! એ જ **જો**ઈએ છે. મારી હયાતી – ત્રિકાળી હયાતી – અનંત... અનંત... વસ્તુ જે પોતે હયાતીવાળી ત્રિકાળ છે, એમ એની સંપદાઓ – અનંત ગુણો પણ અનાદિ હયાતીવાળી ચીજ છે. એમાં ખંડ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને ખાપણ જરીયે આવી નથી, આ..હા..હા...! એવો જે મારો પ્રભુ દ્રવ્યસ્વભાવ ! એની ઋદ્ધિ લક્ષમાં આવતાં અપરિમિત વસ્તુનો ખ્યાલ આવતા છતાં તેના વિકલ્પમાં રોકાતો નથી. આ..હા..હા...! બીજે તો રોકાતો નથી (પણ ગુણ-ઋદ્ધિના વિકલ્પમાં પણ રોકાતો નથી). આ..હા..હા...!

'સમયસાર', ('બહેનશ્રીના વચનામૃત') એમાં આ બધી ગુજરાતી વાણી આવી ! લોકો ન્યાલ (થઈ જાય) ! ભાગ્ય જગતના ! સાદી ગુજરાતી ભાષામાં જે કોઈ વાંચે વાંચે અને બોલે એ એના વખાણ જ કરે છે. સાદી ગુજરાતી ! આ..હા...! 'આત્મધર્મ'વાળાને બધાને ભેટ છે. હિન્દીવાળાને ઓછું છે. આ..હા..હા...!

મારે તો મારું અસ્તિત્વ એટલે ? હોવાપણાની ચીજ જે છે – આદિ નથી – શરૂઆત નથી, કોઈથી થઈ નથી એવું જે અસ્તિત્વવાળું તત્ત્વ – હોવાપણું (એ જ જોઈએ છે). અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતા આદિ હોવાપણાવાળું તત્ત્વ જ જોઈએ છે, બસ ! આ..હા..હા...! પર્યાયની અવસ્થા પણ એક સમયની છે એ પૂર્ણ અસ્તિત્વ નથી, અસ્તિત્વ ત્યાં નથી, પૂર્ણ અસ્તિત્વ આ છે. આ..હા...!

'મારું અસ્તિત્વ જ જોઈએ છે.' 'અસ્તિત્વ જ' જોઈએ છે. આ..હા...! મારું હયાતીવાળું તત્ત્વ – 'છે'... 'છે' એવું તત્ત્વ. આ..હા..હા...! તે જ જોઈએ છે. આ..હા..હા...! દૃષ્ટિમાં અને જિજ્ઞાસામાં તો હયાતીવાળું જે પૂર્ણ તત્ત્વ 'એ જ' (જોઈએ છે). એની સંપદાની મહિમાના રાગમાં પણ ન રોકાતાં... આ..હા..હા...! એની પૂર્ણ ચીજ જે છે... આ..હા..હા...! તે જ જોઈએ છે. 'આવી અંદર જવાની તીખી તમન્ના લાગે,...' આ..હા..હા...! આવી અંતરમાં જવા માટે, ધ્રુવના તળિયામાં જવા માટે (તીખી તમન્ના લાગે). આ..હા..હા...! અરે...! આવો ઉપદેશ હવે ! આમાં કથા–વાર્તા નહિ થાય. બાપુ ! પ્રભુ ! તારો માર્ગ આ છે, ભાઈ ! આ..હા..હા...!

આ..હા..હા...! 'આવી અંદર જવાની...' અંદર જવાની (એટલે) ધ્રુવમાં જવાની. હયાતીવાળી જે કાયમી ચીજ છે તેને પહોંચવાની. આ..હા..હા...! 'તીખી તમન્ના લાગે...' 'તમન્ના' તન્મય એમ, તન્મય ! 'તો આત્મા પ્રગટ થાય,...' આત્મા પ્રભુ પર્યાયમાં પ્રગટ થાય, જણાય જાય. 'પ્રાપ્ત થાય.' જ. આ..હા..હા...! આ..હા..હા...! આવી શરત છે.

હવે તો બધાને હાથમાં આવી ગયું છે. પહેલાં તો નહોતું ત્યારે આ કોનો, કેવો અર્થ થાય છે (એ ખબર ન પડે). (પોતાની મેળે) વાંચતા બહુ વિસ્તાર ન આવ્યો હોય તો આમાં આ શું આવે છે (તે સમજી શકાય). આ..હા..હા...! એ ૨૦ બોલ (પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના - એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. **જો ન ફળે** તો જગતને - ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ **જાય**. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે - એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.

**૨૧.** 'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના..' આ..હા..હા...! ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ ! એવાં 'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી...' શુદ્ધ પૂર્ણસ્વરૂપમાંથી પરિણમેલી દશા થઈ, આ..હા..હા...! 'એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના...' (આ) અસ્તિ-નાસ્તિ કરી. ચૈતન્યને ચૈતન્યમાંથી થયેલી – પરિણમેલી. પર્યાયમાં ચૈતન્યની (પરિણમેલી) પરિણતિ. આ..હા..હા...! એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ થયેલી ભાવના.

'એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.' આ..હા..હા...! એની શ્રદ્ધામાં છે કે બીજ વાવ્યું (છે) તો આમાંથી ઝાડ થાશે, ફળ થાશે. એ એને પાકો વિશ્વાસ છે. એમ આ ભગવાનઆત્માને મેળવવા માટે તમન્ના હોય, એ યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. આ..હા..હા...!

'**જો ન ફળે** તો જગતને – ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે,..' એટલે શું ? કે પૂર્ણ જે વસ્તુ છે એની ભાવના થઈ અને (તે) પ્રાપ્ત ન થાય (તો) ચૌદ બ્રહ્માંડનો અભાવ થઈ **જાય**. આ..હા..હા...! હું આવું તત્ત્વ છું એવી અંદર (તીખી) તમન્નાની ભાવના થઈ (અને) એ ભાવના થયે (વસ્તુ) પ્રાપ્ત ન થાય (તો) ચૌદ બ્રહ્માંડનો અભાવ થઈ જવાનો પ્રસંગ આવે. પ્રાપ્ત થાય જ એમ કહે છે. આ..હા..હા...!

આજ રવિવારનો દિવસ છે. 'ભાવનગરવાળા' આવ્યા છે. આ..હા..હા...! '(ચૌદ બ્રહ્માંડને) શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ **જાય**.' એટલે કે દ્રવ્યની ઉત્પત્તિ થાય જ (અર્થાત્) (એની) ભાવનામાંથી ભાવ આવે જ. ભાવના હોય અને પ્રાપ્તિ ન થાય (તો) દ્રવ્યનો નાશ થઈ **જાય**. (નિર્મળ પર્યાયની) ઉત્પત્તિ થાય, ન થાય એમ નહિ, એમ કહેવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. ન થાય તો દ્રવ્યનો નાશ થઈ **જાય**. જેની ભાવના છે એ પ્રાપ્ત ન થાય તો એ દ્રવ્ય વસ્તુ છે એની અસ્તિની નાસ્તિ થઈ **જાય**. આ..હા..હા...! અંદર **જોર** છે ! આવું છે.

પછી (લોકો) વાતું કરે કે, પહેલેથી તમે આ દેવ-ગુરુ-શાસ્ત્રને વાંદવા એ શુભભાવ છે, (અને) હેય છે (એમ કહો છો), છોકરાઓને આવું શીખવો છો તો (એ લોકો) ભક્તિ નહિ કરે. અરે... પ્રભુ ! સાંભળને, બાપા ! ભાઈ ! તારે **ઊંચી ચીજ જોઈએ છે** કે **નીચી** (ચીજ) **જોઈએ છે ? એને પહેલેથી** (એવા) **સંસ્કાર નાખ** કે ભગવાન પૂર્ણાનંદનો નાથ ! એની ભાવના કર, ભાઈ ! આ (શુભભાવનો) વિકલ્પ આવે પણ એ કંઈ ખાસ (વસ્તુ નથી). વસ્તુ અસ્તિ છે એમાં એ નથી. શુભભાવના લક્ષમાં એ અસ્તિ આવતી નથી. આ..હા..હા...! પૂર્ણાનંદનો નાથ જે અસ્તિત્વ છે, એ ભગવાનના લક્ષે (કે) દેવદર્શનના લક્ષે (પોતાની) પૂર્ણ હયાતી તને બેસતી નથી. આવી વાતું છે. જરી મધ્યસ્થ થઈને સાંભળેને તો આ ઝગડા મટી **જાય**. (લોકો) વિરોધ કરે છે ને ? બાપા ! ભાઈ ! આ..હા..હા...! બાપુ ! તારું સ્વરૂપ આવું જ છે એની ભાવનાના **જોરમાં જો** વસ્તુ ન મળે (તો) ચૌદ બ્રહ્માંડ નહિ રહે. દ્રવ્ય નહિ રહે. આ..હા..હા...! (વસ્તુ પ્રાપ્ત) થાય જ એમ કહે છે. આ..હા..હા...!

'**पमाणं**' એમ કીધુંને ? '**जदि दाएज्ज पमाणं**' દિગંબર સંતોની વાણી... આ..હા..હા...! આ..હા..હા...! એ મુનિઓ... બાપા ! મુનિ કોને કહેવાય !! અલૌકિક વાત છે ! એ ગમે તે વાત કરે નહિ (બધી અલૌકિક વાતો છે). આ..હા..હા...!

અહીં કહે છે, આ આત્માની ભાવના, **જો** ચૈતન્યમાંથી રાગ-દ્વેષ વિનાની ભાવના આવે તો એ ભાવનામાં ભાવ મળ્યા વિના રહે જ નહિ. આ..હા..હા...! કારણ આપે અને કાર્ય ન થાય, એમ બને જ નહિ. આ..હા..હા...! 'પરંતુ એમ બને જ નહિ.' છે ને ?

'ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે.' એટલે ? જેને ચૈતન્યની ભાવના થઈ એને ચૈતન્ય હાથ આવે જ એ રીતે કુદરતનો સ્વભાવ છે. 'બંધાયેલી છે.' (એનો અર્થ આ છે). આ..હા..હા...! 'એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.' આ..હા..હા...! પૂર્ણાનંદના અસ્તિત્વની ભાવના થતાં એ અસ્તિત્વ પ્રાપ્ત ન થાય, એમ કોઈ દિ' બને નહિ એમ અનંત તીર્થંકરો કહે છે. વિશેષ કહેશે... **શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તો પણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે; રસબસતી વાણી છે. **૨૨.**

**જેઠ સુદ ૬, સોમવાર, તા. ૧૨-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૨૨-૨૬, પ્રવચન–૭**

'વચનામૃત' પાનું ૮, બોલ **૨૨. ૨૨**માં (અમારી માટેના) બહેનના વચનો છે. એમના વિનયના, નમ્રતાના (વચનો છે) એટલે એ સૌએ વાંચી લેવું. એ તો બહેનના નમ્રતાના, વિનયના વચન (છે). બહેને એક ઠેકાણે તો ત્યાં સુધી લખ્યું છે કે, અમે 'આત્મા' બોલતા શીખ્યા હોય તો એ (મુમુક્ષુ : 'ગુરુદેવ' પાસેથી શીખ્યા છીએ). આ..હા..હા...! એની નમ્રતા અને એના વિનયની વાતો (છે). આ..હા..હા...! 'આત્મા' બોલતા અહીંથી શીખ્યા છીએ. એ રીતે આ બધો વિનય છે.

ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ. **૨૩.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**૨૩**મો બોલ. 'ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય,...' એ શું કહે છે ? આમ વાંચન કરવું અને ઉપર ઉપરથી વિચાર (કરે અને) અંતરની દૃષ્ટિમાં દ્રવ્ય ઉપર જોર ન મળે (તો કાંઈ ન થાય). આ..હા..હા...! વસ્તુ આખી પરમાત્મસ્વરૂપ જ પોતે છે. ભલે શક્તિરૂપ છે પણ પોતે પરમાત્મા જ છે. (સ્વરૂપદૃષ્ટિ થાય ત્યારે) વ્યક્તરૂપે પર્યાયમાં કાર્યરૂપે થાય. આ કારણપરમાત્મા છે. એનું અંદર લક્ષ સહિત વાંચન-વિચાર હોય.

આ 'ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંતર આંતરડીમાંથી ભાવના ઊઠે...' (અર્થાત્) અંતરના ભાવમાંથી ભાવના ઊઠે, એમ કહેવું છે. ઊંડાણમાંથી (ભાવના ઊઠે). આ..હા..હા...! આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય છે એની અંતરની રુચિથી ભાવના ઊઠે અને વાંચન-વિચાર કરે. આ..હા...! 'તો માર્ગ સરળ થાય.' સરળ થાય, તો માર્ગ સરળ થાય. આ..હા..હા...!

ઉપર ઉપરથીનો અર્થ ઈ કે, (મુમુક્ષુને) વાંચન હોય (પરંતુ) 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે ને ? કે, વાંચન સાચું છે છતાં માન માટે અને પૂજા માટે જે વાંચે છે એનું જ્ઞાન ખોટું છે. આ..હા..હા...! એનો હેતુ જગતને રાજી રાખવા પોતાની વિશેષતા - બડાઈ બતાવવા વાંચે-વિચારે છે, એ બધું (પરલક્ષી) જ્ઞાન (છે, એ) અજ્ઞાન છે. આ..હા..હા...! આવો માર્ગ છે.

અંતરમાંથી ભાવના ઊઠે. 'આંતરડી' એટલે અંતરની દશા. એમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. 'જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.' આ..હા..હા...! જ્ઞાયક એટલે વસ્તુ, એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનનો...પિંડ !! તે ધ્રુવ સત્ ત્રિકાળ એકરૂપ સત્ વસ્તુ છે ને ! વસ્તુ છે ને !! એવો જ્ઞાયકભાવ (છે). આ..હા..હા...! એનો અંતઃસ્થળમાંથી (અર્થાત્) એનું અંતઃસ્થળ (અર્થાત્) એનું સ્થાન છે ત્યાંથી. જ્ઞાયકનું ધ્રુવ સ્થાન છે. આ..હા..હા...! જાણનાર જાણનારો, જાણનારો પ્રભુ ! એનું ધ્રુવ સ્થળ છે. અંતઃસ્થળ એટલે અંદર ધ્રુવ સ્થાન છે, ધ્રુવધામ છે. આ..હા..હા...! એમાંથી 'ખૂબ મહિમા આવવો જોઈએ..' ત્યારે એને આ પ્રાપ્તિ થાય. આ..હા..હા...! પર્યાયમાં જ્ઞાનનો અગિયાર અંગનો ક્ષયોપક્ષમ હો, નવ પૂર્વની લબ્ધિ હો તો પણ એની મહિમા ઊડી જવી જોઈએ. આ..હા..હા...! મહિમા તો પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ વસ્તુ અસ્તિ છે એનો અંતરમાં ખૂબ મહિમા આવવો જોઈએ.

**પ્રશ્ન** :– મહિમા એટલે ?

સમાધાન :– વિશેષતા, મોટપ, સર્વોત્કૃષ્ટતા. એ સર્વોત્કૃષ્ટત વસ્તુ છે. જ્ઞાયક પૂર્ણ વસ્તુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(છે). (એને) મહિમા (કહે છે). તમારે હિન્દીમેં 'મહિમા' શબ્દ નથી આવતો ? હિન્દી મેં આતા હૈ કિ નહીં ? વિશેષ (અર્થાત્) આ કોઈ ચીજ જ અલૌકિક છે ! વસ્તુ જે જ્ઞાયક અસ્તિપણે છે એ કોઈ અલૌકિક ચીજ છે. આ..હા..હા...! જેની સર્વોત્કૃષ્ટતા પરમાત્મસ્વરૂપ જ છે. પોતે પરમાત્મસ્વરૂપ જ છે. આ..હા..હા...! એમ એને અંતરમાં મહિમા આવવી **જોઈએ**. આ..હા..હા...! ઝીણી વાત, ભાઈ ! અહીં તો હજી સમ્યક્દર્શન કેમ થાય ? એની વાત છે. આ..હા..હા...! એ **૨૩** બોલ (પૂરો થયો).

આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર-મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે. **૨૪.**

**૨૪.** 'આત્માર્થીએ...' (અર્થાત્) આત્મા જેને પ્રયોજનમાં છે, જેનું પ્રયોજન શુદ્ધ આત્માને સાધવો છે, જે કોઈ દિ' **જોયો** નથી, **જાણ્યો** નથી. આહા...હા...! એવા આત્માર્થીએ – એવા આત્માના પ્રયોજનવાળાએ. આહા...હા...! **જાણનારો જાણે** છે એ તો પરને **જાણે** છે પણ પોતાનું અસ્તિત્વ આખું પરને **જાણવામાં** આવ્યું નથી. એ તો સ્વ અને પરને **જાણે** એવું જ એનું પોતાનું અસ્તિત્વ છે. આહા...હા...! એના હોવાપણાની હયાતી જ એટલી છે. એવું જેને પ્રયોજન છે એવા 'આત્માર્થીએ સ્વાધ્યાય કરવો...' વિકલ્પ છે પણ સ્વાધ્યાય આવે.

'વિચાર-મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે.' વ્યવહારે, લ્યો ! આહા...હા...! જેમ બે ટંક ટાઈમસર બરાબર ખાધા વિના ચાલતું નથી, એમ ટાઈમસર આનું વાંચન-મનન **જોઈએ**. આહા...હા...! અહીં તો એક કલાક કાઢવો હોય તો એ કાઢી શકે નહિ. અહીં તો કહે (છે) વાંચન-વિચારમાં ખોરાકની પેઠે વખત કાઢવો **જોઈએ**. 'એ જ આત્માર્થીનો ખોરાક છે.' **જોયું** ! એનો વેપાર એ એનો ખોરાક (નથી). વચ્ચે એ (વેપારનો) રાગ આવે પણ એ પાપ છે. આ વસ્તુ(નું) વાંચન, વિચાર, મનન (હોવું **જોઈએ**). આ...હા...! છે ને ? મનન કરવું **જોઈએ**. કેમ છે આ ? શું છે આ ? એનું અંદર ઘોલન થવું **જોઈએ**. એ એનો ખોરાક છે. આહા...હા...!

બહારની ક્રિયાકાંડની પ્રવૃત્તિમાં માણસને રસ લાગી ગયો અને (આ) વસ્તુ રહી ગઈ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાધરો ધર્મ કરવો છે તો શું કરવું ? (તો) કહે, પડિમા લ્યો, બસ ! કાં સાધુ થાઓ. હવે પણ સમ્યક્દર્શન વિના પડિમા કેવી અને સાધુપણું કેવું ? આ...હા...! આત્માર્થીનું મૂળ વાંચન-શ્રવણ તો આત્મા માટે છે, સમ્યક્દર્શન પામવા માટે છે. એ માટે (શ્રવણ-વાંચન કરે) નહિ અને બીજા માટે કરે (એમાં હેતુ ફરી જાય છે). આહા...હા...! પછી **૨૫**માં (વચનામૃતમાં) એ જ આવે છે.

> પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભભાવથી સંતોષાઈ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી **જોઈએ** કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે. શુભાશુભભાવથી રહિત માર્ગ અંદર છે – એ ખટક સાથે જ રહેવી **જોઈએ**.
> **૨૫.**

'પહેલી ભૂમિકામાં....' શરૂઆતમાં તો શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન હોય છે.

મુમુક્ષુ :– શાસ્ત્ર તો બધાય સંપ્રદાયમાં હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ શાસ્ત્ર નહિ. અહીં તો સર્વજ્ઞના શાસ્ત્રો, દિગંબર શાસ્ત્રો તે શાસ્ત્ર (છે). આ..હા..હા...! એની વાણી તો જુઓ ! આ..હા..હા...! એ '**वंदितु सव्वसिद्धे**'માંથી કેટલું (કાઢયું છે) ! આ..હા..હા...! એમાં (એ બધું) ભર્યું છે. એ તો અલૌકિક વાણી છે, બાપા ! આ..હા..હા...! એ દિગંબર શાસ્ત્રો સિવાય કોઈ શાસ્ત્રો સાચા છે નહિ.

મુમુક્ષુ :– દિગંબરમાં પણ ઘણા શાસ્ત્રો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં છે, એની એને ખબર નથી. એનામાં બધું ભર્યું છે. આ..હા...! પૂર્ણાનંદનો નાથ આમ (દેખાડે છે). 'આત્મખ્યાતિ' ! (ટીકામાં) ૩૦૦૦-૩૫૦૦ (અક્ષરો છે). એકલી આત્માની પ્રસિદ્ધિના જ બધા અક્ષરો ભર્યા છે. 'સમયસાર'ની ટીકા, 'અમૃતચંદ્રાચાર્યે' (રચી છે). આ..હા..હા...! 'નિયમસાર'માં 'પદ્મપ્રભમલધારીદેવ'ની 'તાત્પર્યવૃત્તિ' ટીકા (જુઓ તો) ઓ..હો..હો...! ભલે એ ('પદ્મપ્રભમલધારીદેવ') મુનિ છે. 'અમૃતચંદ્રાચાર્ય' આચાર્ય છે. એ તો પદવીની પર્યાય અપેક્ષાએ ફેર (છે). વસ્તુ તરીકે એની દૃષ્ટિ અને એની દશામાં તો કાંઈ ફેર નથી. આ..હા..હા...! અંદર જેને અતીન્દ્રિય આનંદના વેદનના સડકા આવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, ઊભરા આવે છે. આ..હા..હા...! અંતર આનંદ સ્વરૂપમાં ડુબકી મારતાં મુનિઓને તો ક્ષણે ને પળે અતીન્દ્રિય આનંદની અપ્રમતદશા જ આવે છે. આ..હા..હા...! વિકલ્પ આવે છે ત્યારે જરી શાસ્ત્ર વાંચન હોય છે.

અહીં તો પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન (હોય), પણ શાસ્ત્ર એટલે આ ભગવાનના કહેલાં, કેવળીના કહેલાં (શાસ્ત્રોની વાત છે). દિગંબર શાસ્ત્રો એ કેવળીના કહેલાં છે. **'सुदकेवलिभणिदं'** પહેલું પદ આવશે, હજી કાલ આવશે ને ? **'वोच्छामि समयपाहुडम्'** આ..હા..હા...! આ..હા...! **'वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते। वोच्छामि समयपाहुडमिणमो, सुदकेवलीभणिदं।'** (ટીકાકારે) એમાંથી કેવળી અને શ્રુતકેવળી, બે અર્થ કાઢયા છે. કેવળી (એટલે) ત્રણ લોકના નાથે કહ્યું છે અને શ્રુતકેવળીએ કહ્યું છે. 'નિયમસાર'માં તો બન્ને શબ્દ ચોખ્ખા છે. આમાંથી **'सुदकेवलिभणिदं'**માંથી કાઢયું. આ..હા..હા...! એની ટીકા એ શાસ્ત્ર (છે). એને લગતા બધા શાસ્ત્રો છે -- 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય', 'અષ્ટપાહુડ', 'દ્રવ્યસંગ્રહ', 'ઇષ્ટોપદેશ', 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા', 'સમાધિ-શતક', 'તત્ત્વાર્થસૂત્ર' આદિ બધા શાસ્ત્રો છે. ઓ..હો..હો...! એનું પ્રથમ શાસ્ત્ર (વાંચન) જોઈએ. પણ એ શાસ્ત્ર વિના બીજા શાસ્ત્રમાં લેવા જાશે તો એમાં કાંઈ હાથ નહિ આવે.

મુમુક્ષુ :– તાતેં જિનવર કથિત...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કથતિ છે.

મુમુક્ષુ :– બધા એમ જ કહે અમારા શાસ્ત્રો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધા કહે, પણ એને પરીક્ષા તો કરવી જોઈએ ને ? બધા એમ જ કહે છે. આ..હા..હા...! અરે... પ્રભુ ! જિનવર કથિત (એટલે શું ! ) બાપા ! એ વાણીમાં ભગવાનની, વસ્તુના સ્વરૂપની કેટલી મહિમા ભરી હોય ! આ..હા..હા...! જિનવર કથિત એવા શાસ્ત્રોનો એણે પહેલા નિર્ણય કરવો પડશે.

એવા શાસ્ત્રનું વાંચન, એનું શ્રવણ (પ્રથમ ભૂમિકામાં હોય). એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લખ્યું છે, નહિ ? આવા શાસ્ત્ર વાંચવા, આવા શાસ્ત્ર સાંભળવા. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલા અધ્યાયમાં (લખ્યું છે). આ..હા..હા...! (એવાં શાસ્ત્રોનું) શ્રવણ જોઈએ અને શ્રવણ પછી મનન જોઈએ. એકલું સાંભળે એમ નહિ. આ..હા..હા...! 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર' એ અમારે (ભણવામાં) 'દલપતરામ'નું (લખેલું) ચોપડીમાં આવતું, ૭૮વર્ષ પહેલા (આવતું).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે **શ્ર**વણ કરીને મનન **જો**ઈએ. એકલું સાંભળીને અહીંને અહીં રાખ્યુ, પછી થઈ રહ્યું (એમ નહિ). 'મનન આદિ બધું હોય...' આવે વિકલ્પો, હોય, એમ કહે છે, 'પણ અંદર તે શુભભાવથી સંતોષાઈ ન જવું.' શું કીધું ? પ્રથમમાં શાસ્ત્ર વાંચન-શ્રવણ-મનન હોય, પણ એ બધો શુભભાવ છે, ધર્મ નથી. આ..હા...! બહુ ઝીણી વાત છે, બાપુ ! આ..હા..હા...! એ બધો શુભભાવ છે, એટલેથી સંતોષાઈ ન જવું કે અમે ઘણાં શાસ્ત્રો વાંચ્યા, મનન કર્યાં છે, આમ કર્યા છે, ઘણાં શાસ્ત્રોની પારાયણ કરી છે એથી શું ? એ તો એક શુભભાવ છે. આ..હા..હા...! એ કોઈ સમ્યક્‌દર્શન કે ધર્મ નથી. આ..હા..હા...! આવી વાત છે.

આ..હા...! આ આત્મા અંદર દેહના રજકણથી જુદી ચીજ (છે). અને ખરેખર તો એવું છે, વાત જરી મોંઘી પડે પણ આ આત્મા છે એ સર્વજ્ઞ સ્વરૂપી છે. આ વસ્તુ છે કે નહિ ? તો વસ્તુમાં જ્ઞાન સ્વભાવ છે કે નહિ ? એવો સ્વભાવ બીજે ક્યાંય છે ? આ શરીરમાં, માટીમાં, વાણીમાં ક્યાંય છે ? **જા**ણનાર... **જા**ણનાર....! જેની ભૂમિકાના તળમાં **જા**ણવું ભર્યું છે. એ પરને **જા**ણે છે એ વખતે પણ પર્યાય તો પોતાની જ **જા**ણે છે. આ..હા..હા...! એ **જા**ણનાર જેનો સ્વભાવ છે, **જા**ણવું – પ્રજ્ઞા સ્વરૂપ એવું જેનું સ્વરૂપ છે... આ..હા..હા...! એ આત્મા. એનું વાંચન-શ્રવણ-મનન હોવા છતાં તેટલાથી સંતોષાઈ ન જવું. એ તો શુભભાવ છે, પુણ્ય છે. આ..હા..હા...! આકરું કામ છે, ભાઈ ! એ શુભભાવ છે, પુણ્ય છે. એ તો આમાં કાલે આવી ગયું છે. કાળો સર્પ છે, ઝેર છે. આ..હા..હા...! લોકોને આકરી વાતું (લાગે), ભાઈ ! શું થાય ?

ચૈતન્ય વસ્તુ અસ્તિ છે ને ? છે ને ? છે તો પછી એમાં કોઈ સ્વભાવ છે કે નહિ ? વસ્તુ હોય એને કોઈ સ્વભાવ હોય કે નહિ ? તો એનો સ્વભાવ છે, એ **જા**ણવું, આનંદ એ એનો સ્વભાવ છે. પણ મૂળ આનંદ પ્રગટ નથી એથી જ્ઞાન સ્વભાવથી વિશેષ વર્ણન કર્યું છે. કેમ કે પ્રગટમાં જ્ઞાનની અવસ્થા – દશા છે એમાં **જા**ણે છે કે આ છે, આ શરીર, આ છે, આ છે. શરીર છે, વાણી છે, આ ફલાણું છે, બાયડી છે, છોકરા છે, દેશ છે. એ જે ભૂમિકામાં – જેના અસ્તિત્વની સત્તામાં એ જણાય છે, એ **જા**ણનારાને **જા**ણ ! (જે) જણાય છે તેના ઉપરથી દૃષ્ટિ છોડી દે. આ..હા..હા...! કારણ કે જે જણાય છે તેમાં તું નથી. એનો તું **જા**ણનારો છો, તેમાં તું છો. આ..હા..હા...! આવી વસ્તુ !

(અહીંયાં) કહે છે, આ..હા..હા...! 'સંતોષાઈ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી **જો**ઈએ...' વાંચન, શાસ્ત્ર ભણતર વગેરેમાં એને એવી ખટક રહેવી **જો**ઈએ. વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવી છે કે આ આત્મા છે એવું જો એને લક્ષ થાય તો એ વસ્તુ જાણનાર છે. જાણનારનો સમૂહ છે. જાણનાર સિવાય એ ચીજ બીજે ક્યાંય નથી. એ જાણનારનો સમૂહ છે. અને એ જાણવામાં કોને ન જાણે ? કેટલાને ન જાણે ? કેટલા કાળને, કેટલા ભાવને ન જાણે ? એ જાણનારો છે એમાં એની મર્યાદા શી ? આ..હા..હા...! એવા જાણનારના સ્વભાવથી ભરેલો, એટલે કે સર્વજ્ઞ સ્વભાવથી ભરેલો ભગવાન. એટલે કે જેને સર્વજ્ઞ સ્વભાવમાંથી સર્વજ્ઞપણું દશામાં પ્રગટયું છે. એના કહેલા શાસ્ત્રો વાંચવા, એનું નામ અહીં શાસ્ત્રવાંચન કહેવું છે. આ..હા..હા...! આકરી વાતું બહુ ! દુનિયાથી બહુ ફેર છે. આ..હા..હા...!

આમ તો માણસો દવાખાનામાં અને (એમાં) લાખો રૂપિયા આપે છે ને ? 'મદ્રાસ'માં ગયા હતા ને ? 'મદ્રાસ'માં મોટું દવાખાનું છે. લોહી લેવા ગયા હતા. 'મદ્રાસ'માં મોટું દવાખાનું ! (એક ભાઈ) છે એણે છ લાખ આપ્યા છે. છ લાખ ! એને ખબર પડી કે, મહારાજ ત્યાં ઇસ્પીતાલમાં આજે જવાના છે. કો'કે કહ્યું હશે. સાથે આવ્યા હતા. મોટરમાં સાથે આવ્યા હતા. નરમ માણસ, બહુ નરમ માણસ ! આમ જુઓ તો છ લાખ (આપ્યા છે), આમ જુઓ તો એના મોઢામાં કાંઈ દેખાય નહિ. સાધારણ માણસ લાગે. પણ એણે બિચારાએ સાથે આવીને ડૉક્ટરને (બધું સમજાવ્યું). પાછા ઠેઠ અમારો જ્યાં વાસ (–ઉતારો) હતો ત્યાં આવ્યા હતા. ત્યાં બેઠા.

આવા માણસને એમ થઈ જાય કે આટલા લાખ આપ્યા. લોકો પણ વખાણ કરે એટલે જાણે ધર્મ થઈ જાય. બાપુ ! એમાં ધર્મ-બરમ નથી, તારા ૬ લાખ અને કરોડ (એ ધૂળ છે). આ..હા..હા...! ધર્મ ચીજ પરના આશ્રયે થતી નથી. એ તો પરાધીન છે. ભગવાન અંદર જ્ઞાન સ્વરૂપી પ્રભુ ! જ્ઞાનનો ભંડાર અને જ્ઞાનસાગર છે એનો આશ્રય લેતા એને શાંતિ અને ધર્મ પ્રગટ થાય. જન્મ-મરણ રહિત (થવાનો) ઉપાય આ છે. આ..હા..હા...!

એટલે (અહીંયાં) કહે છે, 'આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ...' શાસ્ત્રવાંચન-મનન વખતે પણ (એમ રહેવું જોઈએ) કે, 'આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે.' શાસ્ત્રવાંચન હોય, શ્રવણ હોય, મનન હોય પણ એમાં આ રહેવું જોઈએ કે, આનાથી ચીજ કોઈ અંદર ભિન્ન છે. વસ્તુ છે, અસ્તિ છે, મોજૂદ ચીજ છે અને મોજૂદ ચીજ છે એ પોતે પરિપૂર્ણ છે. વસ્તુ હોય તે અધૂરી અને વિપરીત હોય નહિ. એવા ભાવની ખટક રહેવી જોઈએ, શાસ્ત્રવાંચન-મનન (વખતે) પણ આ ખટક રહેવી જોઈએ. આ..હા..હા...!

'આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે.' ભાષા જોઈ ? 'માર્ગ તો કોઈ જુદો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ છે.' એ શુભભાવ(થી ધર્મ નથી). આ..હા..હા...! 'શુભાશુભભાવથી રહિત માર્ગ અંદર છે...' દયા, દાન, વ્રત, ભક્તિ, વાંચન આદિના ભાવ એ શુભભાવ (છે). હિંસા જૂઠું, રળવું એ (બધાં) પાપ (ભાવ છે). બન્ને ભાવ વિકૃત છે, કૃત્રિમ છે, સંયોગી છે, તેથી તેનાથી ભગવાન-પ્રભુનો સ્વભાવ ભિન્ન છે. કાયમ રહેનારો એ સ્વભાવ ભિન્ન છે. આત્માનો જાણવું, આનંદ આદિ કાયમ રહેવાવાળો સ્વભાવ, એ આ કૃત્રિમ ક્ષણિક શુભાશુભભાવથી તદ્દન ભિન્ન છે. આ..હા..હા...! છે ?

(શુભાશુભભાવથી) 'રહિત માર્ગ અંદર છે – એ ખટક સાથે જ રહેવી જોઈએ.' શુભભાવને કાળે પણ... આ..હા..હા...! આ ખટક અંદર (રહેવી જોઈએ). આ..હા..હા...! એટલે આ શુદ્ધ ચૈતન્ય વસ્તુ ભિન્ન છે એને પામવો છે. એમ આવી ચીજ વખતે પણ (–શુભભાવ વખતે પણ) આ ખટક રહેવી જોઈએ. ત્યાં સંતોષાઈ જવું જોઈએ નહિ. આ..હા..હા...!

> અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં **જા,** ને તૃપ્ત થા. અનંતગુણસ્વરૂપ આત્માને **જો,** તેની સંભાળ કર. વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર, તે આનંદરૂપ સરોવરમાં કેલી કર – તેમાં રમણ કર. **૨૬.**

૨૬. 'અંદર આત્મદેવ બિરાજે છે...' આ..હા..હા...! જે તત્ત્વ છે અને જગતમાં અસ્તિત્વ છે એ દિવ્ય શક્તિનો ભંડાર ભગવાનઆત્મા છે. દિવ્ય શક્તિ (અર્થાત્) જેનો ચૈતન્ય ચમત્કાર આનંદનો સ્વભાવ... આ..હા..હા...! અને ઈશ્વરતાના સ્વભાવથી, સ્વતંત્રપણે ખંડ ન થાય તેવા ભાવથી ભરેલો, ભગવાનઆત્મા દેવ છે ! આ..હા..હા...! છે ? 'આત્મદેવ બિરાજે છે...' આ..હા..હા...! જાણવું... જાણવું... જાણવું જેના અસ્તિત્વમાં થાય છે, એ જાણનારો આત્મદેવ -- વસ્તુ ભિન્ન બિરાજે છે. પુણ્ય-પાપ અને સંયોગની ક્રિયાથી ભિન્ન છે. આ..હા..હા...! 'તેની સાંભળ કર.' 'અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર.' આ..હા..હા...! 'હવે અંતરમાં જા,...'

'**अथ**' આવ્યું હતું ને ? આ..હા..હા...! સવારમાં આવ્યું નહોતું '**अथ**' ? મંગળિક. ટીકામાં નહોતું (આવ્યું) ? '**अथ**' એટલે મંગળિક -- શરૂઆત -- હવે એમ. '**अथ**' એટલે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે. હવે બાધકપણું છોડીને સાધકમાં **જા** ! આ..હા..હા...! ભગવાન અંદર વસ્તુ છે કે નહિ ? અને છે તો એમાં ભરેલા ભરપૂર સ્વભાવ છે કે નહિ ? અને સ્વભાવ હોય એ ભરપૂર અને પૂરા હોય કે અપૂર્ણ હોય ? આ..હા..હા...! એણે એની તુલના, (અને) વિચાર કે દિ' કર્યો છે ? આ..હા..હા...!

ભગવાન આત્મદેવ ! અંદર આત્મદેવ બિરાજે છે. એટલે કે દેહથી તો ભિન્ન (છે) પણ એ દયા, દાનના, પુણ્ય-પાપના ભાવથી પણ આત્મદેવ અંદર (ભિન્ન બિરાજે) છે. એ રાગ આદિ બાહ્ય છે અને એ રાગ આદિને પોતાના માનવા, એ (માનનારા) બહિરાત્મા છે અને રાગ આદિથી ભિન્ન આત્મા છે, એને જેવો છે એવો પૂર્ણ માનવો, એ (માનનારા) અંતરઆત્મા છે. અને અંતરઆત્માના સાધક દ્વારા પૂર્ણ પરમાત્મદશા – સાધ્ય પ્રગટ કરવી, તે પરમાત્મા છે. આ..હા..હા...! આ ત્રણ દશા છે.

'અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં **જા**,...' એ પુણ્ય-પાપના વિકલ્પ તો ઠીક, એ તો છૂટા (છે), પણ વર્તમાન દશા(માં) આ જે પુણ્ય – શુભ છે, આ અશુભ છે, એવી જે જ્ઞાનની વર્તમાન દશા પ્રગટ – વ્યક્ત **જા**ણે છે, એને અંદરમાં લઈ **જા**. આ..હા..હા...! જ્યાં તળમાં ધ્રુવપણું પડયું છે, જેના પાતાળમાં... આ..હા..હા...! ઊંડે ઊંડે અંતર તત્ત્વ આખું પડયું છે. ત્યાં **જા**. અરે... અરે...! આવી વાતું ! આ..હા..હા...! 'ને તૃપ્ત થા.' ત્યાં **જા** ને તૃપ્ત થા. ત્યાં તને આનંદ મળશે. આ..હા..હા...!

એક છોકરો કાલે રાતે પૂછતો હતો ને ? (એમ આવે છે ને ?) બીજે ક્યાંય તને ગોઠતું ન હોય તો આત્મામાં ગોઠશે. (એ કહે) અમને તો બહારમાં ગોઠે છે, એમ પૂછતો હતો. રાત્રે પૂછતો હતો નહિ ? કે આ બહારમાં પૈસા રળવા, સવારમાં ભજિયા, સેવ ખાવું અને કોઈ વખાણ કરે એમાં મ**જા** પડે. અમને તો બહારમાં ગમે છે અને આ વળી કહે, અંતરમાં ગમે, ઈ શું તમે કહો છો ? બિચારો છોકરો – બાળક હતો પણ. નથી ને અત્યારે એ ? રાતે પૂછતો હતો. એણે પૂછયું હતું તમે કહો છો કે, અંદરમાં ગમશે. એ પહેલું વાક્ય છે ને ? તને ક્યાંય ન ગમે તો અંતરમાં ગમશે. ત્યારે એણે પૂછયું કે, પણ ક્યાંય ન ગમે (એટલે) ક્યાં (ન ગમે) ? અમને તો બધે ગમે છે. બાપ મોઢે બોલાવે, 'બેટા આવ ! (એવું કહે) તો પણ ગમે. આ..હા..હા...! **જા**, ખા ખા ! તો પણ ગમે. ભણવા **જા**, ભણીશ તો તને લાભ થશે, તો એ પણ ગમે. અમને તો બધું ગમે છે. અને તમે કહો કે ત્યાં ગમતું નથી માટે અહીં **જા**. પણ અમને ગમે છે ને અમે ત્યાંથી કેમ જઈએ ? ઠીક, પ્રશ્ન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઠીક કર્યો હતો. આ..હા..હા...! એ વાત તો એની સાચી હતી. પણ વાત એ કે તને ક્યાં ગમે છે એની ખબર ક્યાં છે?

**મુમુક્ષુ :–** બહારમાં એને ગમે છે એની એને ખબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને ગમે છે ઈ ખબર છે, એ તો (એને) ખબર છે. આમ ખાવા-પીવાનું મળે, આ મળે, આ મળે. આ..હા..હા...! પેન્ટ, કોટ, પાટલૂન પહેરીને પુસ્તક નાખીને આમ નિશાળે જાય, હરખ જાણે (સમાય નહિ) ઓ..હો..હો...! અરે...! પણ બાપા ! હરખ એ તો દુઃખ છે. તને ખબર નથી. બહારમાં ભટકવાનો વિકલ્પ તો દુઃખ છે. પણ તને જેમ માખી બળખામાં ચોંટે છે, એ પહેલા તો મીઠાશ માટે ચોંટે છે, પછી ત્યાં ચોંટી જાય છે. ચીકણો બળખો નીકળે ને ? આ..હા..હા...! એ ત્યાં દુઃખી છે.

આ છોકરાને જમવામાં સાકર આપે છે ને ? રોટલી ખાય ને રોટલી ? ઘી હોય ને સાકરના **૨-૪-૫** ગાંગડા આપે, તે ખાવા વખતે મોઢાનું પાણી, થૂંક એને – સાકરને અડે ને ? સાકર લીલી થઈ જાય. માખી ખાવા આવે એટલે મીઠું લાગે એટલે ચોંટી જાય, એની પાંખો ચોંટી જાય. પાંખ ચોંટી જાય અને ખાનારો છોકરો સાકરને લે, એમાં દબાણમાં એની પાંખ પણ ભેગી આવી જાય પણ મીઠાશને લઈને ઊઠે નહિ. ત્યાં ગમે છે પણ તો શું ગમે છે ? માખીને ત્યાં ગમે છે, ઊઠવું ગોઠતું નથી. પણ એ તો ઝેરના પ્યાલા ગમે છે. આ..હા..હા...! ભૂંડ વિષ્ટા ખાય એ એને ગમે છે, લ્યો !

ત્યાં 'કુરાવડ'માં બહુ ભૂંડ હતા. અમે જ્યાં ઉતર્યા (હતા) ત્યાં પાછળ ઘણા મોટા મોટા ભૂંડ બેસતા. પાણી ભરાણું હતું. નળ ટૂટી ગયો હતો તો પાણી નિકળ્યું (હતું), કાદવમાં (બેસે) કાદવ પીવે અને કાદવમાં પડે. આ..હા..હા...! અને વિષ્ટા ખાય. ભૂંડ... ભૂંડ ! વિષ્ટા ખાઈને ખુશી માને. તો એ પણ એને ગમે છે. આ..હા..હા...! પાગલપણાને ભાન ક્યાં છે કે મને ક્યાં ગમે છે ? અને ક્યાં ગમે તો ઠીક લાગે એવી ખબર પણ ક્યાં છે ? આ..હા..હા...!

અહીં કહે છે, 'અંતરમાં જા, ને તૃપ્ત થા.' ત્યાં તૃપ્તિ થશે. વસ્તુ ભગવાનઆત્મા ! પૂર્ણાનંદ પ્રભુ ! અસ્તિ તરીકે છે. અનાદિ અનંત એવી ચીજ છે, સનાતન સત્ય વસ્તુ પ્રભુ છે. સનાતન પરમ પરમાત્મ સત્ય સ્વરૂપ છે, ત્યાં તું જા. તૃપ્ત થઈશ. તને શાંતિ મળશે, ભાઈ ! અને તને ભવનો અભાવ થશે. આ..હા..હા...! ઝીણી વાતું છે.

અત્યારે તો બધી બહારની પ્રવૃત્તિમાં જ સૌએ ધર્મ મનાવી દીધો છે. આ..હા..હા...! અંતર ચૈતન્ય સ્વરૂપી પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ ! અસ્તિપણે છે એ કોણ છે ? કેવડો છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેટલી શક્તિવાળો છે ? એ ક્યાં એણે **જો**યું અને **નક્કી** કર્યું છે. આ..હા..હા...! બહારની દૃષ્ટિમાં ભમીને (માન્યું છે કે) અમને અહીં ગોઠે છે અને ગમે છે, તે ધૂળમાં ગમે છે. આ..હા..હા...!

અગ્નિમાં ઉંદર થાય છે. સાંભળ્યું છે ? અગ્નિ છે ને ? એમાં અગ્નિના ઉંદર થાય છે. કુંભારના નિભાડામાં (એવા ઉંદર થાય છે). એક **ફે**રી અમે 'ખસ' (ગામે) ગયેલા (ત્યાં) કુંભારે ક**હ્યું** 'મહારાજ ! અમારે નિભાડામાં ઉંદર હતો.' અગ્નિ યોનિના ઉંદર થાય છે. એ ઉંદર બહાર નીકળે તો મરી **જા**ય. અહીં તો બધું **જો**વાનું મળેલું અને શાસ્ત્રમાં છે. અગ્નિ યોનિના ઉંદર છે. એની ઉત્પત્તિનું સ્થાન અગ્નિ છે. એ ઉંદર અગ્નિમય હોય. અગ્નિમાંથી થયેલા અગ્નિમય ઉંદર હોય. એ બહાર નીકળી શકે નહિ. એ નિભાડામાં જ (રહે). કુંભારનો નિભાડો હોય ને ? ઈંટોનો, નળિયાનો મોટો (નિભાડો હોય) એમાં જ એ રહે. (અગ્નિ) ખલાસ થઈ **જા**ય એટલે મરી **જા**ય. આ..હા..હા...! એમ અજ્ઞાનીને બહારના રાગ અને દ્વેષ ગમ્યા છે, એ અગ્નિના ઉંદર છે. આ..હા..હા...!

આ તો કહેલું એકવાર હોં ! 'બોટાદ' પાસે 'ખસ' છે. એક (ભાઈએ) અમારી પાસે દીક્ષા લીધી હતી. અને ગામમાં ગયા તો સાંભળવા બધા લોકો આવે અને ન આવે તો એને આમ ખબર તો પડે કે મહારાજ ગામમાં છે. પછી વાતું ચાલતી કે ભાઈ ! અમારા નિભાડામાં પણ ઉંદર થાય છે. કુંભારનો નિભાડો સમજે ને ? નળિયાના, ઈંટોના મોટા (નિભાડા હોય) એમાં ઉંદર હોય, ઉંદર **ફ**રતા હોય, એ અગ્નિની યોનિના હોય. એ પાણીમાં આવે તો મરી **જા**ય. પાણીના માછલા અગ્નિમાં આવે તો મરી **જા**ય. ભગવાન એમ કહે છે, અગ્નિના ઉંદર હોય છે. શાસ્ત્રમાં પાઠ છે. આ..હા..હા...! એ પણ (અગ્નિમાં) મ**જા** માને છે, માટે મ**જા** છે ? આ..હા..હા...! એમ અજ્ઞાની અનાદિથી પોતાની **જા**તને ભૂલી અને પરમાં મ**જા** માને છે, એ તો દુઃખ છે. આ..હા..હા...!

ભાઈ ! તું અંદર મોટો પ્રભુ છો ! સર્વોત્કૃષ્ટ તત્ત્વ છો. તારી પૂર્ણતાના વખાણ સર્વજ્ઞની વાણીમાં પણ પૂરા ન આવે એવું તારું સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વઆનંદ, સર્વશાંતિ, સર્વપ્રભુતા એવાં સર્વ ગુણોથી પરિપૂર્ણ (ગુણ સ્વરૂપ) પ્રભુ છો ! ભાઈ ! આ..હા..હા...! પણ એને વિશ્વાસમાં આવવું ભારે કઠણ (પડે). કેમ કે એની રમતું વર્તમાન દશાના વ્યક્ત ઉઘાડ જ્ઞાનનો પર્યાય છે ને ? એટલામાં જ એની રમત છે. પણ આ અંશ કોનો છે ? અંશ બદલે છે, પણ કોને આધારે બદલે છે ? અંશ બદલે છે, વિચાર બદલે છે ને ? બદલે છે પણ કોને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આધારે ? અધ્ધરથી બદલે છે ? એને ત્રિકાળનો આધાર છે. આ..હા..હા...! આ..હા..હા...! નિત્ય ધ્રુવ તત્ત્વને આધારે એ બદલે છે. પાણીના તરંગો **ઊઠે** છે એ પાણીના દળમાંથી **ઊઠે** છે. એમ વ્યવહારથી (કહેવાય) પણ તરંગ તો તરંગથી **ઊઠે** છે, સમ**જા**ણું ? આ..હા..હા...! બહુ ઝીણી વાત !

આત્મા પર્યાયનો પણ કર્તા નહિ, વાતને અહીં (સુધી) લઈ જવી (કઠણ પડે). આ..હા..હા...! આવી ચીજ જ છે ને ? પ્રભુ ! તું તો એવડો છો અને તને ખબર નથી. તારી મોટપની મહિમાની તને ખબર નથી. આ..હા..હા...! કેમ કે પર્યાય – એક અંશ (રૂપ) જે દશા, એક ગુણની એક અવસ્થાની દશા, એના પ્રેમમાં આખો ભગવાન અંદર છે, એને તું ભૂલી **જા** છો. આ..હા..હા...!

કરોડપતિ માણસ હોય અને એનો એક જ છોકરો હોય અને કોઈ વાઘરણ કે કોળણની સાથે વ્યભિચારે ચડી ગયો હોય, એનો બાપ કહે 'ભાઈ ! ઘરે ખાનદાનની કન્યા દીકરી છે. જેની નજરું – આંખો બહાર **જા**ય નહિ. એવી ઘરે તારી (સાથે) પરણેલી કન્યા છે. એવાં ભર્યા ભાણા મૂકીને બેટા ! તું આ એઠાં ચાટવા ક્યાં **જા**ય છો ?' એઠાં સમજે ? જૂઠાં. જૂઠું હોય ને ? જમી લીધા પછી (વધે) એને એઠું – જૂઠું કહે છે. આ..હા..હા...! 'ભાઈ ! અને ઘરમાંથી તું (પૈસા આદિ) લઈ **જા**ય છો એ ખબર છે, એ વ્યભિચારીને દેવા માટે પેટીમાંથી તું (લઈ **જા**ય છે પણ) બાપુ ! આ ઘર હવે નહિ ખમે. આહાહા ! દિકરા મૂકી દે.' આ..હા..હા...!

એમ અહીં ધર્મપિતા, સર્વજ્ઞ ત્રિલોકનાથ ધર્મપિતા પૂર્ણાનંદનો નાથ ! કહે છે, ભાઈ ! તારા ઘરને છોડીને (તને) રાગ આદિના પ્રેમમાં ગમે છે, ગોઠે છે, એ વ્યભિચારે ચડી ગયો. પ્રભુ ! અને ઘરની શાંતિ ત્યાં ખોવાઈ **જા**ય છે. આ..હા..હા...! જેમ ઘરમાં નાગરની ખાનદાન દીકરી (હોય) એમ અંદર અનાદિની ખાનદાન ચીજ પડી છે ને ! આ..હા..હા...! એની સામું **જો**તો નથી અને આ વ્યભિચારે ચડી ગયો, ભાઈ ! આ ઘર નહિ ખમે. આ..હા..હા...!

આ..હા..હા...! આ જુઓને સંસારની વાત હમણાં સવારે સાંભળ્યું ને ? એક મહિનાનું પરણેતર. બાઈ મરી ગઈ. એક મહિનાનું પરણેતર ને દાગીના, લુગડાં સારાં પહેર્યા હોય, એમાં... શું કહેવાય તમારું ? પ્રાઈમસ ! પ્રાઈમસ સળગતો હશે અને લાગ્યું પેલા કપડાંને (અને) મરી ગઈ. આ..હા..હા...! આ ગઈ રાતે (થયું). આ દશા તો જુઓ ! આ..હા..હા...! એક મહિનાનું લગ્ન અને કેટલી હોંશ હશે ! હ**જી** શું કરશું ને શું કરશું ને...! આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં એ સારો સાડલો પહેરેલો અને અગ્નિ આમ લાગી... લાગ્યા પછી કાંઈ **જા**લ્યું રહે છે ? આ..હા...! દેહ છૂટી ગયો. મહિનાના લગ્નમાં દેહ છૂટી ગયો. આ..હા..હા...! સવારે (એક ભાઈ) કહેતા હતા. આ..હા..હા...! એવું તો અનંતવાર થયું. બાપુ ! તું અનાદિનો છો ને ! ભાઈ ! અનંતકાળના પ્રવાહને તું નજરે જરી **જો** તો ખરો. કાળ તારો અનંત છે કે નહિ ? અનંતકાળમાં શું શું થયું છે ? બાપુ ! આવું પણ તારે અનંતવાર થઈ ગયું છે. આ..હા..હા...! પણ તારી ચીજ જે અંદર છે, જ્યાંથી તૃપ્તિ મળવી **જો**ઈએ ત્યાં તું જતો નથી અને બહારની કાંઈ અનુકૂળતા મળી ત્યાં તૃપ્તિ... તૃપ્તિ... (માનીને) ત્યાં સંતોષાઈ ગયો છે. આ..હા..હા...!

'તૃપ્ત થા. અનંતગુણસ્વરૂપ આત્માને **જો**,...' ભગવાનઆત્મા ! એક શક્તિરૂપ નથી. વસ્તુ હોય એ એક શક્તિરૂપ ન હોય (એમાં) અનંત શક્તિ છે. પરમાણુ – **Point** છે એ પણ અનંત શક્તિવાન છે. (એ) જડની શક્તિ (છે). આ..હા..હા...! એ પરમાણુ પોતાના વર્ણ, ગંધ, રસ પલટીને કોઈ દિવસ અરૂપી થાય ? એવી શક્તિવાળું એ તત્ત્વ છે. એમ ભગવાનઆત્મા ! જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણરૂપ ભંડાર પ્રભુ છે, એ ગુણ બદલીને કોઈ દિવસ રંગરૂપે થાય ? પરમાણુના વર્ણ, ગંધ પલટીને કોઈ દિવસ ચૈતન્યના જ્ઞાન, દર્શન થાય ? આ..હા..હા...! **જા**ણનારો કોઈ દિવસ અ**જા**ણરૂપે થાય ? અને અ**જા**ણનારા તત્ત્વ કોઈ દિવસ **જા**ણરૂપે થાય ? આ..હા..હા...! તત્ત્વના **logic** તો જુઓ ! આ..હા..હા...! એવો અહીંયાં ભગવાન અંદર તું છો, બસ **જા**ણનારો. આ..હા...! તે અનંત ગુણનો ભંડાર છે. છે ?

'અનંતગુણસ્વરૂપ...' અનંતગુણસ્વરૂપ (કહ્યું) અનંતગુણવાળો નહિ, 'અનંતગુણસ્વરૂપ...' એ વસ્તુ જ અનંતગુણસ્વરૂપ છે. સ્વપણે છે બી**જા**પણે નથી, ત્રી**જા**પણે નથી, અનંતપણે નથી. એવા અનંતા નાસ્તિના તો ધર્મ એનામાં પડયા છે. આ..હા..હા...! એવા અનંત પરના અભાવરૂપ છો અને તારામાં ભાવરૂપી પણ અનંત છે. અભાવરૂપી (પણ) અનંત છે અને ભાવરૂપી (પણ) અનંત છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ (ભાવસ્વરૂપ છો). આ..હા..હા...! અરે...! આવી વાત ! જગત ભગવાન ભૂલીને બધી વાતું કરી છે. નિજતત્ત્વ શું છે ? એની ખબર ન મળે. આ..હા..હા...!

'અનંતગુણસ્વરૂપ આત્માને **જો**,...' પ્રભુ ! અંદર જે આ આત્મા છે તેનો જ્ઞાન સ્વભાવ છે. સ્વભાવ છે તેને હદ ન હોય. એની દશામાં, હાલતમાં ભલે મર્યાદિત(પણું) આવી **જા**ય પણ એના સ્વભાવમાં હદ ન આવે. બેહદ જેનું જ્ઞાન, બેહદ જેનો આનંદ, અનંત જેનું ઈશ્વરરૂપ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! અનંત... અનંત... જેની શાંતિ, અનંત... અનંત... અનંત... અનંત... જેની શાંતિ, જેની શાંતિના માપ કરતાં માપ થઈ શકે નહિ, એવી શાંતિ ભરેલી છે !

શુભ-અશુભભાવ એ તો વિકાર છે. વિકાર રહિત અંદર વસ્તુ છે, એ પરમ શાંત... શાંત... શાંત... શાંત... (સ્વરૂપ છે). આ..હા..હા...! એક ક્રોધ અને વિકારનો અંશ કાઢી નાખે તો અંશે શાંતિ જ્યાં દેખાય. આ..હા..હા...! એ શાંતિનું સ્વરૂપ જ એનું છે. આ..હા..હા...! એવો બેહદ અનંતગુણસ્વરૂપ પ્રભુ ! આ..હા..હા...! એને જો. આને (વિકારને) ન જો, આને જો. જોનારને જો, જોવાય તેને ન જો. આ..હા..હા...! (જીવે) ઘણું બદલવું પડે. આ..હા..હા...!

આ..હા...! 'તેની સંભાળ કર.' અનંતકાળથી બહારની સંભાળ કરી કરીને તો મરી ગયો છતાં રહ્યું નહિ. આ શરીરની સંભાળ સવાર-બપોર આમ બરાબર (રાખે). આ..હા..હા...! કેવું ખાવું-પીવું (વગેરે ધ્યાન રાખે). આ..હા..હા...! એમાં મહિનામાં લગ્ન હશે તેમાં તો બધું તાજુ (હશે). આ..હા..હા...! ફલાણું ને આ લીધું ને આ લીધું, આ..હા..હા...! અરે...! એમાં દેહ છૂટીને જાવું, હાય... હાય...! ક્યાંય ચોરાશીના અવતારમાં અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા કાળે, અજાણ્યા ભાવે, આ..હા..હા...! જાણીતાને છોડીને અજાણમાં જાવું, કેમ કે જાણનારને જાણ્યો નહોતો માટે (અજાણમાં જાવું પડ્યું). આ..હા..હા...! ભગવાન જાણનારો પ્રભુ ! ચૈતન્યમૂર્તિ ચમત્કારિક વસ્તુ એને જાણ્યો નહિ, એથી તું અજાણ્યા ક્ષેત્રે, કાળે, ભાવે જાઈશ, બાપા ! આ..હા..હા...!

એથી અહીં કહે છે, 'તેની સંભાળ કર.' પ્રભુ ! તું કોણ છો ? ને એ શું છે ? એની સંભાળ કર. એને સંભાળીને રાખ. આ..હા..હા...! તું રાગને, પુણ્ય-પાપને સંભાળીને રાખે છો, એને યાદ કરીને પણ પરપદાર્થને આમ રહેવું જોઈએ ને આમ રાખવું જોઈએ, એવા અનેરા અન્યમાર્ગે ચડી ગયો છો. આ..હા..હા...! પણ તારી સંભાળ કરને પ્રભુ ! તું કેટલો, કેવડો છો ! આ..હા..હા...! એ છે શું ? અને છે તો એનું રૂપ – સ્વરૂપ કેટલું, કેવડું હોય ? જે સ્વતંત્ર વસ્તુ છે અને જે આદિ અને અંત વિનાની ધ્રુવ ચીજ છે, એ ધ્રુવના સ્વભાવની હદ કેટલી હોય. આ..હા..હા...! આવો ઉપદેશ છે. માર્ગ તો આવો છે.

'તેની સંભાળ કર. વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર,...' આ..હા..હા...! તને જેમ બહારની ચીજોમાં ક્ષણે ક્ષણે, ભિન્ન ભિન્ન રાગથી મજા દેખાય છે, એને ઠેકાણે તારું સ્વરૂપ વીતરાગી આનંદ છે, પ્રભુ ! આ..હા..હા...! વીતરાગી આનંદથી ભરેલો ભગવાન છે. કેમ કે જે રાગ અને દ્વેષ છે એ તો ક્ષણિક છે, દુઃખરૂપ છે, પલટતી ચીજ છે અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ પ્રભુ કાયમી ચીજ છે, એ તો વીતરાગી સ્વરૂપ છે. આ..હા..હા...! પુણ્ય-પાપના, રાગ આદિના શુભ-અશુભભાવ કૃત્રિમ છે, બદલતા છે, ક્ષણે ક્ષણે નવા નવા (થાય) છે. નથી અને થાય છે. આ તો છે, અને છે તેને જાણવું છે. આ..હા..હા...!

આ..હા..હા...! 'વીતરાગી આનંદથી ભરેલા...' અંદર કેવો પ્રભુ છે ? વસ્તુ હોય એ દુઃખરૂપ ન હોય શકે, વસ્તુ સ્વતઃ હોય એ વિકૃત ન હોય શકે, વસ્તુ સ્વતઃ હોય એ અપૂર્ણ ન હોય શકે, વસ્તુ સ્વતઃ હોય એ અશુદ્ધ ન હોય શકે. આ..હા..હા...! વસ્તુ સ્વતઃ હોય એ પરિપૂર્ણ હોય, વસ્તુ સ્વતઃ હોય એ અનંત શક્તિથી, પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ હોય. આ..હા..હા...! એવા વીતરાગી આનંદમાં જા ! 'વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર,...' આ..હા..હા...!

ભાષા તો સાદી પણ (ભાવ ગંભીર છે). આ..હા...! અરે...! બહાર જાશે તો લોકો વાંચશે તો ખરા. વાંચે તો ખરા ! આ..હા..હા...! ભેટ આવી ગયું ને તમારે કે નહિ ? હિન્દી આવી ગયું ? ભેટ... ભેટ ! નથી આવ્યું ? વાર લગાડે છે. હજી છાપવાને વાર લાગે છે. આ..હા..હા...!

'વીતરાગી આનંદથી ભરેલા...' એ શું કહે છે ? વસ્તુ અસ્તિ જે છે. અસ્તિ છે, એમાં પુણ્ય અને પાપના ભાવ એ કૃત્રિમ નવીન... નવીન... નવીન... નવીન... નવીન.. થાય (છે) અને આવે છે. જાય ને આવે, જાય ને આવે, આવે ને જાય. પણ એની પાછળ પ્રભુ વસ્તુ છે ને ? એ તો આવે જાય વિનાની છે... છે... ને છે. અહીં આવે જાય એવા રાગ છે, તો આ છે... છે.... એ વીતરાગી સ્વરૂપ છે. આ..હા..હા...! એવા વીતરાગી આનંદથી ભરેલો (સ્વભાવ છે) આ કેમ બેસે ?

ઘીનો એક... શું કહેવાય મોટા ? શું કહેવાય મોટા ભરેલા (હોય એને) ? અઢી મણ, ચાર મણના ભરેલા નથી આવતા ? આ ચામડાના (હોય છે). ઘી... ઘી ! ઘી રહે એને શું કહેવાય ? કુડલા... કુડલા ! ચામડાના મોટા કુડલા આમ ઘીથી ભરેલા હોય છે. આ..હા..હા...! ગોળના ઘડા આવે, લ્યો ને ! ગોળના ઘડા આવે છે ને ? ગુજરાતમાં 'નવસારી' ગામ છે ને ? ત્યાં ગોળ બહુ પાકે છે. અમારી દુકાનમાં પણ ગોળના સેંકડો (ઘડા) લાવતા, ત્યાંથી 'નવસારી'થી (આવતા). તે દિ'ની વાત છે. આ તો પોણોસો વર્ષ પહેલાં ! એ ઘડે દીઠ આખો ગોળ પૂરો ભર્યો હોય છે. આ..હા..હા...! એને એક જરીક આ બાજુથી મારે તો કાણું પડે (અને) ત્યાંથી ગોળ નીકળે. ભરેલો છે ને એ ? આ તો પરમાણુના જડના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વાદથી ભરેલો (અને) આ તો ચૈતન્યના આનંદથી ભરેલો ભગવાન (છે). આ..હા..હા...! આ..હા..હા...! ઘડાને ઉપરથી ગોળ ન આપે વચમાંથી જરાક કાણું પાડી ત્યાંથી આપે. આ..હા..હા...! એમ આ પ્રભુ આખો આનંદથી ભરેલો છે એને વર્તમાન પ્રગટ પર્યાય જે તિરછી છે, એને અંદર લઈ **જા**. આ..હા..હા...! એ ભરપૂર આનંદથી ભરેલો પ્રભુ છે. આ..હા..હા...! ત્યાં ક્રીડા કર. આ..હા..હા...! છે ?

'ક્રીડા કર,...' આ બહાર બાગમાં ને ફલાણે ને ઢીકણે ક્રીડા કરવા **જા**ય છે ને ? આ..હા..હા...! (એને બદલે) આ આતમ બાગમાં **જા**, પ્રભુ ! ત્યાં તને આનંદ ખીલશે !

મુમુક્ષુ :– એ હરવા-ફરવા કાશ્મીરમાં અને બધે **જા**ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, બધે **જા**ય છે રખડવા. અહીં આનંદનો નાથ અંદર છે, બાપુ ! ત્યાં નજર કર. ક્રીડા કરવાનું સ્થાન તો એ છે.

'તે આનંદરૂપ સરોવરમાં કેલી કર...' આનંદરૂપી સરોવર ભર્યો છે, બાપુ ! એ રાગ અને દ્વેષ તો કૃત્રિમ નવા નવા થાય છે અને આ તો જૂનું તત્ત્વ અનાદિનું છે. આ..હા...! એવા જ્ઞાનરૂપી સરોવરમાં કેલી કર એટલે 'તેમાં રમણ કર.' તો તને આનંદ આવશે અને તારા જન્મ-મરણ મટી જશે. દુઃખ મટશે અને આનંદ થશે. એવો આ ભગવાન આનંદથી ભરેલો સરોવર છે. એમાં અંતરમાં **જા** તો આનંદ આવશે.

(વિશેષ કહેશું..)

પવિત્ર વસ્તુ અપવિત્રપણે પરિણમે તે તેની શોભા નથી. વસ્તુ અકષાય સ્વરૂપ છે. તે અકષાયભાવે થાય તે તેની શોભા છે. એકપણું જેમાં છે એવી વસ્તુ રાગાદિપણે પરિણમે તે વિવિધપણું છે તેથી તે અશોભનીક છે. ચૈતન્યનું જે ત્રિકાળીક સ્વરૂપ છે તેનો વિચાર કરવામાં આવે તો એકપણું જ શોભનીક છે. સુંદર વસ્તુ છે તે સુંદરપણે પરિણમે તે જ શોભા છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ ભગવાન એકપણામાં રહે તે તેની શોભા છે. રાગ રહિત નિર્વિકલ્પ સ્વરૂપ છે તેથી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ એકપણું છે તે શોભા છે. (પરમાગમસાર - **૩૫૮**)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે. **૨૭.**

ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે. માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'. **૨૮.**

**જેઠ સુદ ૭, મંગળવાર, તા. ૧૩-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૨૭-૩૦, પ્રવચન–૮**

'વચનામૃત', **૨૭**માં તો એમના ભક્તિના વચન છે. પાનું **૧૦**, **૨૮**મો બોલ (લઈએ).

'ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે.' એટલે ? ભવિષ્યનો કેવો ભવ કરવો કે ભાવ (કરવો) તે તારા વર્તમાન હાથમાં છે. 'માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ,...' 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ.' સલૂણા... ઉદય સમયે પછી ઉચાટ શું ? બંધ સમયમાં જે ભાવ કર્યો તે વખતે ચેત ને ! પછી બંધ જે થયો, એનો ઉદય આવે એ તો આવશે જ. બંધને કાળે ચેતવું (અર્થાત્) સ્વસન્મુખ થઈને દર્શન, જ્ઞાન અને ચારિત્રની દશા પ્રગટ કરવી. બંધ સમયમાં ચેતવું કે જેથી એના ફળ તરીકે ઉદયમાં શો ઉચાટ ? એનું ફળ આવવાનું આવે, એ તો આવે જ. આ..હા...! (ભવિષ્યનું ચિતરામણ) એ પોતાના હાથમાં છે, એમ (કહે છે). એ ૨૮ (બોલ) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે. એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ. ૨૯.**

૨૯. 'જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર **જો** તો આત્મા પકડાય એવો છે.' આ એકદમ અંદરથી આવ્યું. (૨૮ બોલમાં) કર્મનું નિમિત્ત અને ભવિષ્યના ચિતરામણની વાત (હતી). હવે આત્મા જે વસ્તુ છે, એ જ્ઞાનસ્વભાવ કાયમી અસલી સ્વરૂપે છે. એ જ્ઞાનને સૂક્ષ્મ ધીરું કરીને એટલે વર્તમાન દશામાં ધીરજથી, સૂક્ષ્મતાથી અંદર **જો** ! આ..હા..હા...! વસ્તુ છે એ તો વસ્તુ છે. એને ધીરજથી, સૂક્ષ્મતાથી અંદરમાં **જો** તો તને આત્મા પકડાશે. આમ વાત છે.

ધીરજથી, (જ્ઞાનને) ધીરું કરીને, સૂક્ષ્મતાથી અંદર **જો.** ધીરું કરવાનો અર્થ જ એ છે કે સૂક્ષ્મપણે ઉપયોગ થાય. જે પર તરફથી વળીને પોતાના તરફમાં **જા**ય, એને અહીંયાં જ્ઞાનને ધીરજથી, સૂક્ષ્મ કરતાં આત્મા પકડાય એવો છે. આ તો મુદ્દાની રકમની વાત છે. આ..હા..હા...! પકડાય (એટલે) આત્મા જણાય એવો છે. એમ (કહે છે).

ધીરજથી, જ્ઞાનને ધીરું કરીને શાંતિ... શાંતિ.. શાંતિ... એને સૂક્ષ્મતાથી આત્મા પકડાય એવો છે. આ એનો ઉપાય છે. કાંઈક કરવું ક્રિયા-શુભભાવ, આ ને આ ને આ... એ કોઈ સાધન નથી, એ ઉપાય નથી. પરની અપેક્ષા વિના પોતાનો પ્રભુ પૂર્ણ સ્વરૂપ (છે). તે ધીરું છે એટલે શાશ્વત છે અને અહીં ધીરું છે એટલે વર્તમાન પર્યાયમાં તેવું (જ્ઞાનને) ધીરું કરવું, એમ (કહે છે). શું કીધું ઈ ?

વસ્તુ છે એ ધીરું છે. ધીરું છે એટલે શાશ્વત છે. કળશમાં આવે છે ને ? ત્રણ બોલ આવે છે. આ..હા..હા...! શાંત... શાંત... શાંત... નિર્વિકલ્પ શાંતિનું સ્વરૂપ એ પોતે જ ધીરું છે – શાશ્વત છે, તેને વર્તમાન દશામાં ધીરું કરીને, શાશ્વત તરફ વળે એ રીતે કરીને... આ..હા..હા...! સૂક્ષ્મતાથી અંદર **જો** તો આત્મા (પકડાય એવો છે). ધીરું કરીને અંદર **જો** તો એ પર્યાયમાં છે. અનિત્ય એવા પુણ્ય-પાપના ભાવની અપેક્ષા છોડી દઈ અને જે ધીરું, શાશ્વત શાંત છે તેને નમૂનામાં (–પર્યાયમાં) ધીરું, શાંત કરીને સૂક્ષ્મતાથી (જુએ તો) પકડાય એવો છે. આ..હા..હા...! આવી વાત !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(લોકો) આવા આગમથી, શુભભાવથી (ધર્મ) થાય (એમ માને). અરે... બાપુ ! એ બધી વાતું ! એ તો ત્યાં કેવું નિમિત્ત હોય ? સાધક થયો છે એને નિમિત્તપણાનો કેવો વિકલ્પ હોય ? એનું જ્ઞાન કરાવ્યું છે. આગમમાં આમ (કહ્યું છે). અધ્યાત્મમાં પણ કહ્યું છે ને ? 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથામાં ભિન્ન સાધ્ય-સાધન (કહ્યું છે). આ કાંઈ આગમમાં જ કહ્યું છે એવું નથી, અધ્યાત્મમાં પણ કહ્યું છે. પણ એની કહેવાની કઈ અપેક્ષા છે ? (એ સમજવું જોઈએ). આ..હા..હા...!

એનું સ્વરૂપ છે તેવું અંતર નિશ્ચય શાંતિ... શાંતિથી, ધીરું કરીને, સૂક્ષ્મતાથી પકડે. એ વખતે પહેલાં વિકલ્પ હોય કે થયા વખતે પણ અંદર અબુદ્ધિપૂર્વક વિકલ્પ હોય એનું જ્ઞાન કરાવવા એને સાધન કહ્યું છે. છે નહિ એને સાધન કહ્યું છે. આવી વાત છે. બીજી ચીજ છે, નિમિત્ત વસ્તુ નથી ? ઉચિત નિમિત્તો કયે સ્થળે નથી ? કયા સમયની પર્યાયમાં ઉચિત – એને યોગ્ય નિમિત્ત ક્યાં નથી ? નિમિત્ત છે (ખરું પણ) નિમિત્તથી થાતું નથી. આ..હા..હા...!

અનાદિ અનંત દરેક જીવની કે જડની જે પર્યાયની ઉત્પત્તિની નિજ ક્ષણ છે તે જ તે છે અને તે કાળે એને ઉચિત નિમિત્ત ક્યાં નથી ? છએ દ્રવ્યને અને આત્માને દરેક સમયે ઉચિત નિમિત્ત હોય જ છે. છતાં એ નિમિત્તથી અંદર (કાર્ય) થાય છે એમ નથી. આ..હા..હા...! (કાર્ય) થાય છે, થયું છે, ત્યારે સામે (વસ્તુ હોય) એને નિમિત્ત કહીએ, એમાં નિમિત્તથી થાય, એ આવ્યું ક્યાં ? (કાર્ય) છે, થયેલું છે, રાગથી પૃથક કરેલું છે, વિકલ્પથી પૃથક કરેલું (છે). ભેદજ્ઞાન કરેલું છે, તે વખતે જે કંઈ વિકલ્પ પછી હોય છે એને સાધન તરીકેની ઉપમા અપાય છે. (સાધન) છે નહિ, છે તો બાધક. આ..હા..હા...! બાકી સાધન તો આ એક જ છે. જ્ઞાનને ધીરું કરી સૂક્ષ્મતાથી (સ્વરૂપને) પકડવું – એ એક જ સાધન છે.

ત્યાં (શાસ્ત્રમાં) પ્રજ્ઞાછીણી કીધી. અહીં સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપાય કહ્યો. ૧૬મી ગાથામાં દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવવું કહ્યું. બધું એક જ છે. ઉપાય-ઉપેયમાં પણ બન્ને એક જ આત્માના છે અને અહીં સાધ્ય-સાધકમાં પણ એક આત્માના જ બે ભાગ છે. તો પછી એમાં રાગ આવ્યો નહિ, આ રાગ તો અનાત્મા છે. સાધ્ય અને સાધકમાં આત્મા આવે છે. તો આત્માની જે નિર્મળ પર્યાય છે એ ઉપાસક છે. સાધક છે. આત્માની પર્યાય (કીધી ને) ? (તો) રાગ એ આત્માની પર્યાય નથી. આ..હા..હા...! એટલે અશુદ્ધ અવસ્થા સાધક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ કોઈ રીતે બેસતું નથી. એનો ભાવ જે છે – રાગથી ભિન્ન પડેલી પ્રજ્ઞાછીણી એ સાધક છે. (પ્રજ્ઞાછીણી) છે ત્યાં (સાથે) રાગનો વિકલ્પ છે, એને સાધકના (રૂપમાં) નિરૂપણ (કર્યું છે), કથન કહ્યું છે. કથનમાં બે પ્રકાર (પડે છે) વસ્તુના બે પ્રકાર નહીં.

હવે આવી વાત છે. શાસ્ત્રમાં લખાણ એવાં આવે – વ્રત પાળે, ભક્તિ કરતાં આમ થશે, શુભ કરતાં આમ થશે. શુભ કરતાં શું થશે ? શુભને છોડી અને (પર્યાય) શુદ્ધ કરશે, ત્યારે એને શુભને છોડીને કર્યું કહેવામાં આવે છે. શુભથી થયું એમ કહે. આ..હા..હા...! શુભ(ભાવ) તો નિમિત્ત છે. નિમિત્તનો અભાવ કરે ત્યારે સ્વભાવનું ભાન થાય છે. એમાં નિમિત્તે કર્યું શું ? (નિમિત્ત) છે એમ જ્ઞાન કરવા જેવું છે.

સ્વભાવ ! અંદર પરની અપેક્ષા રાખ્યા વિના, રાગના વિકલ્પથી ભેદજ્ઞાન કરતાં જે અભેદ સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું એમાં એ ભેદજ્ઞાન જ સાધન છે. છતાં ત્યાં રાગનો ભાગ હજી અબુદ્ધિપૂર્વક રહે છે એને વ્યવહારનો આરોપ દઈને, સાથે સહચર દેખીને, એને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યો છે. આ સિવાય બીજી રીતે કરશે તો ક્યાંય મેળ નહિ થાય. આ..હા..હા...!

'એક વાર વિકલ્પની જાળ તોડીને,...' આ..હા..હા...! જ્ઞાયક સ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ ! એને એકવાર વિકલ્પના રાગની વૃત્તિ જે છે, એની એકતા તોડીને (એમ કહે છે). આ..હા..હા...! એક થઈ નથી, પણ એણે (એક) માન્યું છે. રાગનો વિકલ્પ છે એ એક સમયનો કૃત્રિમ વિભાવભાવ છે અને ભગવાન સ્વભાવભાવ ત્રિકાળ છે. એ ત્રિકાળ પિંડ સ્વભાવ (અને) એક સમયની વિકૃત અવસ્થા (બન્ને) એકરૂપ થયા નથી. બે વચ્ચે સાંધ છે. એટલે કે બે જુદા છે. આ..હા..હા...!

પત્થર અને સોનું એક ખાણમાંથી ભેગા નીકળે છતાં સોનું સોનું છે અને પત્થર પત્થર છે. એને અગ્નિનો પ્રયોગ આપતાં બન્ને જુદાં પડી જાય છે. એમ ભગવાન આત્મા વિકલ્પથી તદ્દન જુદો જ છે. પણ એને એકત્વપણે માન્યો છે, એ માન્યતા તોડીને ધ્યાનની એટલે સ્વરૂપ તરફની એકાગ્રતાનું ધ્યાન આપે તો બન્ને જુદાં પડી જાય છે. કારણ કે બન્ને જુદા હતા તે જુદાં થઈ જાય છે. આ..હા...! આવી વાતું ! બહુ માર્ગ (સૂક્ષ્મ) !

'એક વાર વિકલ્પની જાળ તોડીને...' એકવાર (જાળ) તોડી તો જાળ તૂટી એ જુદી રહી ગઈ, ડુંગરમાં વિજળી પડી અને ડુંગરના જે બે કટકા થયા, હવે એને રેણ દીધે ભેગા ન થાય, રેણ સમજતે હૈં ? વાસણમાં રેણ આપતે હૈ ન ? કથીરનું રેણ આપે. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ એકવાર પણ રાગથી ભિન્ન પડ્યો અને જુદો રહ્યો, એ જાળ તૂટી ઈ તૂટી, હવે એક થશે નહિ, આ..હા..હા...! 'વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા,...' આ..હા..હા...! અંદરથી છૂટો પડી જા, 'પછી જાળ ચોંટશે નહિ.' અહીં તો એ જોર આપ્યું છે.

એક પેલા હતા ને ? 'ભિન્ડ'ના (એક) બ્રહ્મચારી ૨૦૦૦ની સાલમાં અહીં આવ્યા હતા. આઠ દિ' રહ્યા હતા. એની ચર્ચામાં એવું આવ્યું હતું કે, રાગથી જુદો પડે પછી એને મિથ્યાત્વ થતું જ નથી, એકત્વ થતું જ નથી. મિથ્યાત્વ થતું નથી એ બીજી વાત છે. અહીં તો અપ્રતિહતભાવ કહેવું છે. એ તો સિદ્ધાંતનો ભાવ છે ને ? રાગથી જુદો પડ્યો એ પડ્યો, પણ પાછું મિથ્યાત્વ જે થાય છે તે વખતે પણ જુદો જ રહે છે, એમ નથી. પણ અહીં આ પડવાની, પડી જાય એ વાત જ નથી લેવાની, પણ ચર્ચા એમ થાય કે, જ્યારે અગિયારમે ગુણસ્થાને આવે, એ પાછો પડીને નિગોદમાં જાય છે અને 'આસ્રવ અધિકાર'માં આવ્યું છે ને ? 'આસ્રવ અધિકાર'માં 'નય ચ્યુતા' એવો પાઠ છે. નયથી ચ્યુત – ભ્રષ્ટ. ઈ નયનો અર્થ શુદ્ધનય છે. વ્યવહારનય એ તો કથનમાત્ર છે. શુદ્ધનયથી ચ્યુત થાય તો ભ્રષ્ટ થઈ જાય. (સ્વરૂપ) પ્રગટેલું છે અને પછી (કાયમ) એવુંને એવું રહે, નિગોદમાં જાય તો પણ ભિન્ન રહે, એમ નથી.

અહીં તો ન જાય એની જ વાત છે. પણ જાય તો પાછો એવોને એવો ત્યાં રહે એમ નથી. આ..હા..હા...! મિથ્યાત્વ થઈ જાય છે. જે સંસાર તોડી નાખ્યો છે એટલો સંસાર હવે એને નથી પણ અંદર મિથ્યાત્વ છે એ સંસાર પાછો લાગૂ પડી ગયો. આ..હા..હા...! મોટી ચર્ચા થઈ હતી. એ 'ભિન્ડ'ના બ્રહ્મચારી આઠ દિ' રહ્યા હતા. એણે ગાયનમાં એવું કાંઈક મૂક્યું છે અને આપણે કળશમાં પણ આવે છે, 'सर्व भावान्तरच्छिदे'. અને અપ્રતિહત ભાવની જ આમાં વાત છે. 'સમયસાર'માં તો અપ્રતિહત (ભાવની જ વાત કરી છે). રાગથી જુદો પડ્યો એ પડ્યો, જાળ તોડી એ તોડી, બસ ! દ્રવ્યસ્વરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ ! એનું જ્યાં ભાન આવ્યું, જ્ઞાનમાં એને જ્ઞેય બનાવ્યું અને જે પ્રતીત થઈ તે પર્યાયમાં આખો આત્મા જણાણો. એ જણાણો એ જણાણો. હવે વિકલ્પની જાળ એને એકપણે કદી થશે નહિ. આ..હા..હા...! વીતરાગની વાણી કઈ અપેક્ષા છે (તે સમજવું જોઈએ).

એમ જ કહે કે, એકવાર જુદો પડયો એટલે હવે ત્યાં જુદો જ રહેશે. નિગોદમાં પણ જુદો રહેશે, એમ નહિ. અનંત સંસાર જે છે એટલો અનંત સંસાર એને નહિ રહે પણ મિથ્યાત્વ થયું છે એ સંસાર છે, એ સંસાર છે. આ..હા..હા...! પણ અહીંયાં તો એ પડવાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત અને પડ્યા પછી એ મિથ્યાત્વ થાય, એ વાત અહીં લેવી જ નથી. આ..હા..હા...! આવા પંચમકાળમાં અંદરમાં આવી ચીજ મળે ! આ..હા..હા...! એને વળી હવે ભેગું શું થાય ? એમ કહે છે. આ..હા..હા...!

(વિકલ્પની) '**જાળ** તોડીને અંદરથી છૂટો પડી **જા**, પછી **જાળ ચોંટ**શે નહિ.' આ..હા..હા...! 'સમયસાર'ની **૩૮**ની ગાથામાં 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહ્યું, 'પ્રવચનસાર'ની **૯૨**મી ગાથામાં એમ કહ્યું, અમને આગમજ્ઞાનથી અને અનુભવજ્ઞાન – નિર્વિકલ્પ જ્ઞાનથી જે **જા**ણવામાં આવ્યું અને મિથ્યાત્વનો નાશ કર્યો, એ હવે **ફ**રીને થવાનું નથી. એ મિથ્યાત્વ **ફ**રીને હવે આવવાનું નથી. પાંચમા આરાના સંત પણ આ રીતે પોતાની ભાષા કરે છે. 'સમયસાર'ની **૩૮** (અને) 'પ્રવચનસાર'ની **૯૨** (ગાથામાં કહ્યું છે). એ ઠેકઠેકાણે ઘણું એવું (કહ્યું) છે. આ..હા..હા...!

આ..હા..હા...! આવા પંચમકાળમાં દુર્લભ ચીજ, એને લભ્ય કરી આ..હા...! દુર્લભને લભ્ય કરી ! વિકલ્પની **જા**ળ તોડીને નિર્વિકલ્પ અનુભવદૃષ્ટિ થઈ, હવે એ વિકલ્પની **જા**ળ નહિ અડે. સ્વભાવમાં (વિભાવનું) એકત્વપણું હવે નહિ થાય. વિકલ્પ આવશે પણ તેને પર તરીકે, જ્ઞેય તરીકે, પરજ્ઞેય તરીકે **જા**ણશે. આ..હા..હા...!

વીતરાગ દર્શન ગહન છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરનું કથન બહુ ગહન છે, ઘણું ગહન છે !! અહીં **૩૮**, **૯૨** (ગાથામાં) આમ કહે છે અને ત્યાં આસ્રવમાં એમ કહે છે કે નયથી ચ્યુત થાય, એવી એક જગતમાં (સ્થિતિ) છે, એનું જ્ઞાન કરાવે છે. આ..હા..હા...! તું **જા**ળને તોડનારો (**ફ**રીથી) **જા**ળમાં એકત્વ થશે, એ વાત નહિ જ રહે. આ..હા..હા...! એ રીતે અહીં સિદ્ધ કરવું છે. આ..હા..હા...! 'પછી **જા**ળ **ચોંટ**શે (જ) નહિ'. આ..હા..હા...! એ **૨૯** (બોલ પૂરો) થયો.

જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી. છતાં વિશ્વાસ છે કે આ બીજમાંથી વૃક્ષ **ફ**ાલશે. તેમાંથી ડાળાં-પાંદડાં-**ફ**ળ વગેરે આવશે, પછી તેનો વિચાર આવતો નથી; તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. **૩૦.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**૩૦.** 'જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી,...' અત્યારે, વર્તમાન(માં) આંબાનું બીજ વાવે તો એમાં કાંઈ કેરી કે એના ડાળાં, પાંખડાં કાંઈ દેખાતા નથી. આ..હા..હા...! 'બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે,...' પ્રગટરૂપે હોં ! શક્તિરૂપે તો (બધું) છે. આ..હા..હા...! બીજમાં શક્તિરૂપે તો આખું ઝાડ થવાની જ શક્તિ છે, આ..હા..હા...! 'પરમાર્થ વચનિકા'માં આવે છે ને ? વડમાં વડ... વડમાં વડ... વડમાં વડ... અનંત શક્તિ છે એમાં. અનંત શક્તિ છે ! બીજમાં મોટું વડ થવાની અને વડમાં પાછા અનેક બીજ થવાની અને એક એક બીજમાં પાછો વડ થવાની, એવી પરંપરા લ્યો તો અનંત.. અનંત.. અનંત.. અનંત... આ..હા..હા...! એ બીજમાં એ બધી તાકાત છે, વર્તમાન(માં) ભલે પ્રગટ ન દેખાય. એમ ભગવાનઆત્મામાં (અનંત શક્તિ છે).

અહીં પહેલાં બીજની વાત કરી. (તેમાં પ્રગટરૂપે) 'કાંઈ દેખાતું નથી છતાં વિશ્વાસ છે...' બીજને વાવતાં વિશ્વાસ છે કે, 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે,...' જરૂર આંબો થાશે (અને) આમ હજારો કેરી લટકશે. એ બીજને વાવતાં જ આવો વિશ્વાસ છે કે આમાંથી આંબો થાશે અને કેરીઓ થાશે. આ..હા..હા...!

'કલકત્તા' એક શેઠને ઘરે ઉતર્યા હતા ને ? એને ત્યાં એક આંબો હતો. જે મકાનમાં ઉતર્યા હતા ત્યાં ફળિયામાં આંબો હતો. આઠ વર્ષથી કેરી નહોતી ફાલતી. એમાં કુદરતે અમારો ઉતારો (ત્યાં) થયો, મેડી ઉપર (ઉતર્યા હતા). અને એ આંબામાં તો કેરીઓ આમ લૂમઝૂમ થઈ ગઈ. અમે ઉતર્યા હતા ત્યાં મોટો આંબો હતો. લોકો એમ કહે, આઠ વર્ષથી આંબો ફાલતો નહોતો પણ કોણ જાણે આપનું અહીં આવવું થયું તે હજારો કેરીઓ, લીલી-લીલી, આવડી મોટી ! આંબો ફાલી ગયો છે. પણ એ તો બીજ વાવતાં જ એનો વિશ્વાસ છે. ન થાય (નહિ થશે) એનો પ્રશ્ન અહીં છે નહિ. બીજમાંથી આંબો ફળશે જ. હજારો કેરીઓ થશે. એ કેરીમાંથી પણ બીજા બીજને વાવીને એના ગોટલાં, એના આંબા થાશે જે, આ..હા..હા...!

એમ પ્રભુ ! અહીં તો પહેલા ઝાડનો (દૃષ્ટાંત) આપે છે. 'તેમાંથી ડાળાં-પાંદડાં-ફળ વગેરે આવશે,...' બીજ વાવતાં જ વિશ્વાસ છે કે આમાંથી ડાળાં થાશે, પાંદડાં થાશે, ફળ થાશે. 'વગેરે આવશે.' આ..હા...! એટલે ફૂલ વગેરે (આવશે). ફૂલ અને ફળ (આવશે). આંબામાં પણ પહેલા કોર આવે છે ને ? કોર આવે કોર. પછી એનું ફળ થાય, આ..હા..હા...! બીજ વાવતાં જ એમાં એનો વિશ્વાસ છે કે આમાંથી ડાળાં-પાંદડાં ને ફળ વગેરે આવશે. એટલે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફૂલ આદિ (આવશે). 'પછી તેનો વિચાર આવતો નથી.' પછી વિચાર આવતો નથી કે, આમાં નહિ થાય. વાવ્યું છે તે થશે જ. આ..હા..હા...! તેમ એ વૃક્ષને દૃષ્ટાંતે, બીજને દૃષ્ટાંતે, 'મૂળ શક્તિરૂપ દ્રવ્યને...' જેમ બીજમાં વડ થવાની શક્તિ છે તો બીજ વાવતાં જ વિશ્વાસ છે કે આમાંથી ઝાડ થશે જ. થવાનું જ છે. આ..હા..હા...!

વડ, વડ હોય છે ને ? 'ભરૂચ'માં એક 'કબીરવડ' છે અને એક મોટો વડ છે – 'કલકત્તા'. 'કલકત્તા'માં બહાર જંગલમાં વડ છે. એવડો મોડો વડ, એટલો મોટો વડ છે ! ડાળાં ને પાંખડાં ક્યાંય જતાં રહ્યા. એવડો મોટો વડ ! એ તો 'કલકત્તા' જોયો છે. ત્યાં નીકળ્યા હતા પણ આ 'ભરૂચ'નો વડ જોયો નથી પણ સાંભળ્યો છે. એ (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે. સ્થાનકવાસી સાધુ આવવાના હતા. એટલે અમે જોવા – તપાસવા ગયા હતા. અમે ત્યાં સ્થાનકવાસીમાં મુખ્ય હતા ખરા ને ? (એટલે) સાધુ આવે એનો આદર કરીએ. (ત્યારે) કોઈ કહે કે એ 'કબીરવડ' છે ને ત્યાં ઉતર્યા હશે કદાચિત્. પછી બીજાએ કહ્યું કે, ત્યાં નથી લાગતા. તમે ધર્મશાળામાં જુઓ. 'ભરૂચ'ના સ્ટેશનની સામે એક ધર્મશાળા છે, 'ભરૂચ... ભરૂચ' ! એમાં જુઓ. (એમાં જોયું) તો ત્યાં હતા. આ ૧૯૬૪ની (સાલની) વાત છે. 'કબીરવડ'ને તે દિ' સાંભળેલો. 'કબીરવડ' ! મોટો આમ ડાળાં નીકળી નીકળીને એટલાં બધા ગયા છે કે જે ડાળાં અહીં પાછા નીચે ગરી ગયા છે. સમજાણું કાંઈ ? વડની મોડી ડાળ નીકળી હોય ને ? ડાળ... ડાળ ! એ ડાળ આમ જમીનમાં ઉતરી ગઈ હોય. એવી તો સેંકડો (ડાળવાળો) મોટો વડ છે. અહીં 'કલકત્તા'માં જંગલમાં મોટો વડ છે. એકવાર નીકળ્યા હતા. અહીં કહે છે, આ..હા..હા...! માઈલ માઈલ જેટલી લાંબી ડાળ ! અને એક એક ડાળમાં પાછા અંદર ઝુમખા ! અંદર જમીનમાં ગરી ગયેલા. શું કહેવાય એને ? વડવાઈ... વડવાઈ ! આ..હા..હા...! એટલું મોટું (વડ) ! એક બીજ એમાંથી આવડો વડ ! આ..હા..હા...! એનો વિશ્વાસ છે. એમ પ્રભુ બીજ છે. અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદને પ્રગટ કરશે, એવું આ બીજ છે. આ..હા..હા...! છે ?

'તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને...' જેમ બીજમાં શક્તિ છે એમ વિશ્વાસ છે, વાવ્યે વિશ્વાસ છે કે ફળશે જ. એમ, 'મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી...' આ..હા..હા...! મૂળ શક્તિરૂપ વસ્તુ જે ભગવાનઆત્મા ! આ..હા..હા...! દ્રવ્ય જે છે, વસ્તુ છે, ત્રિકાળ નિરાવરણ છે, ઓછપ નથી, અશુદ્ધતા નથી, પૂર્ણ છે, શુદ્ધ છે અને નિરાવરણ છે. આ..હા..હા...! એવું જે દ્રવ્ય છે એનો વિશ્વાસ આવ્યે, એવા 'દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગ્રહણ કરવાથી...' (અર્થાત્) એને પકડવાથી, 'નિર્મળ પર્યાય પ્રગટ થાય છે;...' આ..હા..હા...! (આ સ્વરૂપને ગ્રહણ કરવાથી) **ફાલીને કેવળજ્ઞાન થશે જ એવા વિશ્વાસપૂર્વક દ્રવ્યની પ્રતીતિ કરે છે,** આ..હા...! છે ?

'ગ્રહણ કરવાથી...' એટલે **જા**ણવાથી. પૂર્ણ આત્મ પદાર્થને (ગ્રહણ કરવાથી). વસ્તુ છે ને ? પૂર્ણરૂપ છે ને ? અને અનંત સ્વભાવ – જે શક્તિઓ છે એ પણ પૂર્ણરૂપ છે. આ..હા..હા...! એવા પૂર્ણ રૂપને વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી, સમ્યગ્દર્શનની **શ્રદ્ધા**પૂર્વક ગ્રહણ કરવાથી. આ..હા..હા...! વિશ્વાસ છે કે, આમાં આ બધું (છે). એક સમયની પર્યાયમાં હું **ઊ**ભો છું, એથી એ વસ્તુ પર્યાયમાત્ર નથી. એના સમીપમાં **ઊં**ડે અંદર અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવા પૂર્ણ સ્વભાવના ભારથી ભરેલો ભરપૂર ભગવાન છે. આ..હા..હા...! એને વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી (નિર્મળ પર્યાય પ્રગટ થાય છે).

આમ તો શાસ્ત્રમાં **જા**ણપણાની વાત તો આવે, તો ખ્યાલમાં, ધારવામાં તો એને આવે (કે) આત્મા આવો છે ને તેવો છે. (પરંતુ) એ નહિ. (એવી ધારણામાં) એને વિશ્વાસ નથી. એ તો એક ધારવામાં શાસ્ત્રમાંથી વાંચીને ધારી લીધું. આ..હા..હા...! પણ અંદર જે ચીજ જેવડી છે એવડીનો વિશ્વાસપૂર્વક – વિશ્વાસ કરીને, અસ્તિ જેવડું છે તેની અસ્તિની પ્રતીતિ કરીને, જેવડું એ અસ્તિત્વ છે તેવડું તેનું જ્ઞાન કરીને, **શ્રદ્ધા**માં તેને લઈને ભરોસો ઉપાડ ! 'વિશ્વાસે વહાણ ચાલશે' આ..હા...! એ પૂર્ણાનંદના નાથને વિશ્વાસે **જા**ણતાં નિર્મળ પર્યાયનું વહાણ ત્યાં વહેશે. નિર્મળ પર્યાયની ધારા ચાલશે. આ..હા..હા...! આવી વાતું છે.

'નિર્મળ પર્યાય પ્રગટ થાય છે;...' વસ્તુ તો છે પણ એને વિશ્વાસથી **જા**ણવાથી, છે આવડું મોટું !... આ..હા..હા...! એને વિશ્વાસપૂર્વક **જા**ણવાથી, પરમ આનંદની અને પરમ અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. આ..હા..હા..હા...!

**પ્રશ્ન** :– વિશ્વાસ કરવાથી જ થાય ?

સમાધાન :– વિશ્વાસ ! **શ્રદ્ધા**માં આવડું છે એ **શ્રદ્ધા**માં લે. એક સમયની પર્યાયમાં એ આખી ચીજ આવશે નહિ પણ આખી ચીજનો વિશ્વાસ લે ! આ..હા..હા...! અંતર્મુખના જ્ઞાનની પર્યાયમાં એનો પૂર્ણ વિશ્વાસ કર. પૂર્ણ વસ્તુ, વસ્તુ છે ને ?

મુમુક્ષુ :– અંતર્મુખમાં તો વિશ્વાસ હોય જ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ અંતર્મુખ **જા**ય એટલે એને વિશ્વાસ થાય જ. અને વિશ્વાસ થાય ત્યારે જ અંતર્મુખ **જા**ય. આ..હા..હા...! આમ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક સમયની પર્યાયથી ત્રિકાળીને અડ્યા વિના એની સન્મુખ થઈને, એ પર્યાયમાં વિશ્વાસ લાવે છે કે, આ પ્રભુ પોતે સર્વોત્કૃષ્ટ છે ! આ વસ્તુ સર્વોત્કૃષ્ટ પ્રભુ પરમાત્મા છે ! એમ વિશ્વાસ કરતાં પર્યાયમાં આનંદ અને જ્ઞાન આદિ અનંત ગુણની શક્તિની વ્યક્તતા, બધા ગુણોની અંશે વ્યક્તતા પ્રગટ થાય છે. આ..હા..હા...! જેટલી સંખ્યાએ ગુણ છે એ આખા ગુણનો ધરનાર દરિયો – દ્રવ્ય એનો ભરોંસો કરતાં, જેટલાં ગુણો છે તેટલા, શક્તિમાંથી અનંત ગુણની વ્યક્તતા, એક અંશે બધા ગુણની પ્રગટ થાય છે. આમ છે. આ..હા..હા...! પણ પહેલું કરવું શું ? એ પહેલું જ આ છે. એમ કીધું છે.

મુમુક્ષુ :– વિશ્વાસ એ ક્યા ગુણની પર્યાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પુરુષાર્થ વીર્યગુણની પર્યાય છે. પુરુષાર્થ વીર્યગુણની પર્યાય છે. આ..હા..હા...! અને કઈ પર્યાયમાં પુરુષાર્થ નથી ? ઊંધી પર્યાયમાં પણ વીર્ય – ઊંધો પુરુષાર્થ છે. આ..હા..હા...! તે પણ નિજ ક્ષણે ઉત્પન્ન થવાની પર્યાયમાં પણ ઊંધો પુરુષાર્થ તો છે જ. આ નિજ ક્ષણે ઉત્પન્ન થવાની (સમ્યક્) પર્યાયમાં પણ અનંતો પુરુષાર્થ છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– પે'લામાં અનંતો ઊંધો (પુરુષાર્થ) છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંત પુરુષાર્થ છે. વિશ્વાસ... વિશ્વાસ ! એક સમયની પર્યાય(માં) અનંતી... અનંતી... અનંતી... અંનતી... શક્તિઓના સાગરનો વિશ્વાસ. આ..હા..હા...! મોટો સુખનો દરિયો પ્રભુ ! અતીન્દ્રિય આનંદ, જ્ઞાનનો સાગર ! અતીન્દ્રિય પ્રભુતા, ઈશ્વરતા અને સ્વચ્છતાનું તો આખું એનું રૂપ છે. આ..હા..હા...! અતીન્દ્રિય સ્વચ્છતા અને અતીન્દ્રિય પ્રભુતા, એવી અનંતી... અનંતી... શક્તિઓનું તો એ રૂપ છે. એવો વિશ્વાસ લાવતાં (નિર્મળ પર્યાય પ્રગટ થાય છે). આ..હા..હા...!

એને કોઈ શુભરાગથી આ વિશ્વાસ આવે એમ નથી. આ..હા..હા...! નિરાલંબી વસ્તુ અને નિરાલંબી વિશ્વાસ ! એ વિશ્વાસને કોઈનો આધાર નથી. એ વિશ્વાસ જ પોતે ત્રિકાળીને જાણવામાં કર્તા છે, એ વિશ્વાસ જ કાર્ય છે અને વિશ્વાસ જ સાધન છે. આ..હા..હા...! એવા વિશ્વાસપૂર્વક આ..હા..હા...! 'ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે;...' આ..હા..હા...! 'છે' એવડાને હા પાડતાં, સ્વીકાર કરતાં – વિશ્વાસમાં, શ્રદ્ધામાં સ્વીકાર કરતાં જે પર્યાયમાં 'નથી' એમ જે અનાદિથી હતું, જે પર્યાયમાં 'આ નથી' એમ હતું, 'આ અહીં છે' એ નહોતું, એ પર્યાયમાં આ વિશ્વાસ આવતાં 'એ છે' પૂર્ણ (છે) એવો પર્યાયમાં પ્રગટ થાય છે. આ..હા..હા...! માર્ગ તો આવો છે. પછી એને એવી રીતે નબળાઈમાં ગોઠવી દીધો,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કલંક છે એ તો. શુભભાવથી આત્માની નિર્મળ પર્યાય પ્રગટ થાય, એ તો કલંક છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– શુભ અને અશુભ વચ્ચે ભેદ કરે તો મિથ્યાત્વ (થાય છે).

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલે તો એને જુદો પાડયો. એને સાથે રાખીને અંદર જઈ શક્યો નથી. એને જુદો પાડીને જઈ શક્યો છે. આ..હા..હા...! આવો જૈન માર્ગ ! લોકોને બિચારાને મળ્યું નથી. એમ ને એમ જીંદગી (કાઢી નાખી). મિચ્છામિ પડિકમણા... કરી કરીને મરી ગયા. સામાયિક ને પડિકમણા ને પોહા શેના ?

અમે પણ ત્યાં દુકાન ઉપર એમ કરતાં. પજુષણના આઠ દિવસ, બસ ! પછી કાંઈ નહીં. આઠ દિવસ આવે ત્યારે ચાર ચોવિયારા ઉપવાસ (કરતા), નાની ઉંમરથી, હોં ! સાંજે પડિકમણું (કરીએ) અને પડિકમણા થયા પછી થોડું ગાતા.

'જુઓ રે... જુઓ રે.' 'જંબુસ્વામી'નું આવે છે.

જુઓ રે જુઓ રે, જૈનો કેવાં, વ્રતધારી' હા, એવું ગાતા, (સંવત) **૧૯૬૪** ને **૬૫**ની વાત છે. 'જુઓ રે જુઓ રે, જૈનો કેવાં વ્રતધારી...' લોકો પછી ખુશી થાય. **જા**ડી બુદ્ધિ, કંસારાનો વેપાર, ગામમાં એક જ દુકાન અને 'પાલેજ' સો ગામનું મોટું હટાણું ! અને પોતાની એક જ દુકાન. અત્યારે (એક ભાઈ) છે. પૈસા **૭૦-૮૦** લાખ થઈ ગયા. અત્યારે છે. એ તો પૂર્વના પરમાણુની વાતું ! એમાં આત્માને શું ?

મુમુક્ષુ :– આપ એમ કહો પણ અમે એમ કહીએ કે અમે ધ્યાન રાખીને ધંધો કર્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધ્યાન રાખ્યે ધૂળેય મળે નહિ. ધ્યાન રાખે તો આર્ત્તધ્યાન થાય. આર્ત્તધ્યાનથી મળે ? આ..હા..હા...!

અહીં તો ધ્યાન રાખે તો ભગવાન મળે, એમ કહે છે. અનંતગુણનો નિધાન ! અનંત... અનંત જેનો એક એક સ્વભાવ જ્ઞાન-દર્શન, સ્વભાવ છે એની મર્યાદા શી ? ક્ષેત્ર ભલે નાનું પણ એના સ્વભાવની ઊંડપ અને સ્વભાવની શક્તિ અનંત... અનંત... એક શક્તિમાં અનંતી શક્તિ ! આ..હા..હા...! એવી અનંતી શક્તિનો સાગર પ્રભુ ! એને વિશ્વાસ.... વિશ્વાસ... છે (કે), આવો જ પ્રભુ છે, એમ વિશ્વાસપૂર્વક અંદર **જો**તાં, તને નિર્મળ પર્યાય પ્રગટ થશે. આ..હા..હા...! આવો માર્ગ છે.

એક તો ધંધા આડે નવરાશ નહીં. ધંધામાં મશગુલ, એમાં કલાક, બે કલાક વખત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળે (અને) માથે કહે (ઈ માની લે), 'જય નારાયણ', પ્રમાણ વચન ! 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક' જય, જય મહારાજ. એટલે કર્મને જોરે આ રખડીએ છીએ ને ?

**પ્રશ્ન :–** રાજાને રંક એ તો કર્મે જ છે ?

**સમાધાન :–** રાજા અને રંક એ જુદી વાત, પણ પાછો આડો અંક વાળ્યો. કર્મે રખડાવી માર્યા. સ્થાનકવાસીમાં એ સ્તુતિમાં પહેલા બોલે. પાંચ-દસ મિનિટ પહેલા સ્તુતિ બોલે ને ? (એમાં બોલે). આ..હા..હા...!

અહીંયાં તો પ્રભુનો વિશ્વાસ આવતાં મિથ્યાત્વ ગુજરી જાય છે. જેને એક પર્યાય પૂરતો જોયો હતો અને અલ્પ જ્ઞાન, અલ્પ વિશ્વાસ, અલ્પ વીર્ય, એટલામાં જેની રમતું હતી, ત્યાં પ્રભુ ગુજરી ગયો હતો. આ..હા..હા...! આ હતો એ નહોતો થઈ ગયો છે એને. આ..હા..હા...! એવા પૂર્ણાનંદના નાથનો પૂર્ણ સ્વભાવ, એનો વિશ્વાસ, સમ્યક્દર્શન ! આ..હા..હા...! એનો વિશ્વાસ લાવતાં, એ ગુજરી ગયો હતો એ જીવતો થઈ ગયો અને જે મિથ્યાત્વ જીવતો હતો એને મારી નાખ્યો. આ..હા..હા...! મારી નાખ્યો, એ હવે મરણ થઈ રહ્યું એને કોઈ દિ' ઉત્પન્ન ન થાય. આ..હા..હા...! આ કરવાનું છે અને આ વસ્તુસ્થિતિ છે. ભાઈ ! આકરું પડે પણ બાપુ ! માર્ગ તો આ છે. આ..હા..હા...!

'નિર્મળ પર્યાય પ્રગટ થાય છે; દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી;...' તે શી રીતે ? જેમ પેલું બીજ વાવ્યું એમાં પ્રગટ કાંઈ ડાળાં-પાખડાં દેખાતા નથી પણ વિશ્વાસ છે કે આમાંથી થશે. આ..હા..હા...! એમ ભગવાનઆત્મા ! વસ્તુ જે દ્રવ્ય છે, પદાર્થ છે, અસ્તિ છે, અનાદિ અનંત નિત્ય ધ્રુવ ધાતુ છે. આ..હા...! ધ્રુવથી ધરાયેલો – ધારેલી ચીજ છે – પદાર્થ ! આ..હા..હા...! એવી ચૈતન્ય ધાતુ, એ 'દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે...' વિશ્વાસ વિના થશે શું ? પર્યાય ક્યાંથી આવશે ? વિશ્વાસ તો નથી તને કે આમાં આ બધું છે. આ..હા..હા...! રાગમાં, પુણ્યમાં, દયામાં, દયા-દાનમાં, નિમિત્તમાં મારો આત્મા ક્યાંય નથી. એના વડે કાંઈ નહિ થાય. આ..હા..હા...!

આ..હા..હા...! 'વિશ્વાસ વિના 'શું પ્રગટશે...' બીજમાં વિશ્વાસ છે કે ઝાડ થશે, પાંદડાં થશે, ફૂલ થશે. એમ આમાં દ્રવ્યમાં એને વિશ્વાસ નથી (કે) શું પ્રગટ થશે ? આ..હા...! 'તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી...' આ..હા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રનો વિશ્વાસ પણ નહીં, એ રાગ એક બીજુ રહી ગયો. પુણ્ય-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાપના પરિણામનો વિશ્વાસ નહીં, એ તત્ત્વ ભિન્ન રહી ગયું. એક સમયની પર્યાયમાં જે લક્ષ છે એનો પણ વિશ્વાસ નહીં. વિશ્વાસ ત્રિકાળીનો. આ..હા..હા...!

મુમુક્ષુ :– ત્રિકાળી તો કોઈ દિવસ સાંભળ્યો પણ નહોતો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાંભળ્યું પણ નહોતું. વાત સાચી છે. વસ્તુ છે આમ તો કહે કે 'અવિનાશી આત્મા છે.' 'ગીતા' પણ એમ કહે છે, 'ન છેદન્તિ ન ભેદન્તિ.' 'ગીતા'માં પણ આવે છે એમાં એક શ્લોક તો એવો પણ આવે છે કે, 'આના અમે કોઈ કર્તા નથી અને ભોક્તા નથી. અમે કર્તા નથી.' એમાં આવે છે. 'ન સર્જ્યામિ,' એ ચીજને અમે સર્જ્યું નથી. એના ઉપર લોકોનું લક્ષ ન જાય અને આ બીજું (લક્ષ) જાય. 'ગીતા'માં એવો શ્લોક આવે છે. આ..હા..હા...! વસ્તુ છે એને કોણ સર્જે ? કોણ બનાવે ? એવો ઈશ્વર કોણ છે ? આ..હા..હા...! એમ આ ચીજ વસ્તુ છે. 'છે' એનો જેને વિશ્વાસ નથી, (તો) ક્યાંથી પ્રગટશે ? બીજનો વિશ્વાસ છે કે ફળ થાશે. આંબામાં લાખો કેરીઓ લટકશે. આ..હા..હા...! એકમાંથી લાખ ! આ..હા..હા...! મોટું ઝાડ હોય તો વળી ઘણી (કેરી પાકે). આ..હા...!

અહીં આપણે આંબાનું ઝાડ હતું ને ? હમણાં તો ઘણા મહિનાથી ગયા નથી. ત્યાં હતું તે કેરી થતી હતી. નાનું ઝાડ પણ કેરી (થતી).

મુમુક્ષુ :– બોર્ડિંગમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બોર્ડિંગ નહિ. આ તો આપણું આ શું કહેવાય આ તમારું ? 'પ્રવચનમંડપ' ! એમાં પેલે ખૂણે છે ને ઝાડ ? ત્યાં કેરી થઈ હતી. એકવાર કેરી પાકી હતી, ઘણી પાકી હતી. હવે તો આપણે હમણાં ઘણા મહિનાથી ગયા નથી. આ બાજુ જોવા પણ ગયા નથી. અત્યારે એનું ટાણું થયું છે.

અહીં કહે છે. 'દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે.' આ..હા..હા...! એક એક શક્તિનું અપરિમિત જેનું સ્વરૂપ એવી અનંતી શક્તિનો – ગુણનો ગંભીર, ગુણથી ગંભીર ભગવાન ! એનો વિશ્વાસ આવવાથી... આ..હા..હા...! નિર્મળતા પ્રગટવા લાગે છે. આ..હા..હા...! આવી વાતું ! બહારમાં માથાકૂટ કરીને મરી ગયો. આ સામાયિક કરી, પોહા કર્યા, પડિકમણા કર્યા. શું કર્યું એમાં ? એ તો રાગની ક્રિયા હતી, રાગ (હતો) અને દેહની ક્રિયા તો જડની છે.

મુમુક્ષુ :– દેહની ક્રિયાને આત્માની ક્રિયા માની.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** (હા). આ..હા..હા...! અને રાગની ક્રિયા છે એને પણ આત્માની ધર્મની ક્રિયા માની. ખબર ક્યાં છે એને. આ..હા..હા...!

'નિર્જરા અધિકાર'માં તો એમ કહે છે કે, ક્લેશ કરો તો કરો, એ શુભ ક્રિયાનો ક્લેશ કરો તો કરો. એમાં આત્મા હાથ નહીં આવે. આ..હા..હા...! પણ આ વસ્તુનો વિશ્વાસ કરો ! આ..હા..હા...! આવો પ્રભુ તું અંદર ભગવાન છો ! સર્વોત્કૃષ્ટ ચીજ છો ! એ વાત પણ ક્યાં બાપુ ! (સાંભળવા મળે છે) ? આ..હા..હા...!

સવારમાં કહ્યું ને ? સર્વજ્ઞ પ્રણીત પ્રભુની આ વાણી છે. આ..હા..હા...! નિકટવર્તી ગણધરોએ સાક્ષાત્ સાંભળેલી, એ આ વાણી છે. આ..હા..હા...! એ ક્યાં છે બાપુ બીજે ? આ..હા..હા...!

દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટ થશે. આ..હા..હા...! 'પ્રગટવા લાગે છે.' થશે, એમ ન કીધું. આ..હા..હા...! બીજનો વિશ્વાસ કરવાથી ડાળાં-પાંખડાં-ફળ થાશે જ. અહીં ડાળાં-પાખડાં-ફળ લાગશે જ. લાગવા લાગશે જ. એમ ભગવાનઆત્મા...! અલ્પજ્ઞ પર્યાયમાં પૂર્ણનો વિશ્વાસ આવ્યાથી... આ..હા..હા...! અલ્પજ્ઞ દશામાં પૂર્ણાનંદનો સ્વાદ અને આનંદ આવવાથી... આ..હા..હા...! જેના આનંદના સ્વાદ આગળ દુનિયાના વિષય ને ભોગ ને ઇન્દ્ર અને ઇન્દ્રાણીના ભોગ સડયા કૂતરા જેવા દેખાય. આ..હા..હા...! બહારની મહિમા તને ઊડી જશે. બહારની મોટપ તને નહીં દેખાય. કોઈ બાહ્ય અધિક છે એમ નહી ભાસે. આવ્યું છે ને ? ('સમયસાર'ની **૩૧-૩૨** ગાથા) 'णाणसहावाधियं मुणदि आदं' '**અધિક**' શબ્દે ત્યાં જુદાપણું છે. રાગથી અને પર્યાયથી અંદર જુદાપણું તને ભાસશે. આ..હા..હા...! એવો ભગવાનનો વિશ્વાસ લાવવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. 'નિર્મળતા પ્રગટવા લાગે છે.' આ..હા..હા...! એ **૩૦** (બોલ પૂરો) થયો.

થઈ ગયો વખત લ્યો !

---

પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે ! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે ! એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ પોતાને લાગવું જોઈએ.

(પરમાગમસાર - ૩૦૮)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જાુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે. ૩૧.

**જેઠ સુદ ૮, બુધવાર, તા. ૧૪-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૩૧-૩૩, પ્રવચન–૯**

(વચનામૃત પાનું) **૧૦, ૧૦** છે ને ? **૩૧** મો બોલ.

'સમ્યગ્દૃષ્ટિને....' એટલે ? જેને આત્માનો પૂર્ણ સ્વભાવ, શક્તિ પૂર્ણ છે, એવો અંદર વિશ્વાસ થઈ અને સમ્યગ્દર્શન થયું (એ સમ્યક્દૃષ્ટિ છે).

મુમુક્ષુ :– વિશ્વાસ મૂક્યો અને સમ્યગ્દર્શન થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિશ્વાસ થઈને (સમ્યગ્દર્શન) થયું છે, એમ. પહેલા ભરોસો આવ્યો કે (સ્વરૂપ) આમ છે ત્યારે અનુભવ થયો. પહેલા આપણે આવી ગયું હતું, 'વિશ્વાસ' આવી ગયું હતું – વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી. વિશ્વાસ એટલે અનાદિથી અંદર પર્યાયમાં વિશ્વાસ છે. એનો વિશ્વાસ અહીંયા અંદરમાં વસ્તુ છે (તેની ઉપર નથી). પર્યાયની પાછળ, એના તળિયે ઊંડે વસ્તુ છે, જેમાં અનંત... અનંત... અપરિમિત શક્તિઓનો સાગર છે. એવો જેને અંતર **શ્રદ્ધા**માં વિશ્વાસ આવે અને પછી અંતર અનુભવમાં **જાય**, એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

પરનો જે વિશ્વાસ (કરે) છે, જે ચીજ દેખે છે, (એ) દેખનારો કોણ છે ? એની શક્તિની સંભાળ અનાદિથી લીધી નથી. કારણ કે એની નજર જ, એક સમયની પર્યાય અને રાગ ઉપર છે. એથી એની નજરમાં ભગવાન પૂર્ણ સ્વરૂપ જે અંદર દ્રવ્ય છે, તત્ત્વ છે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ પર્યાય તો એક સમયનો અંશ છે. પણ (એ) કોના આધારે થાય છે ? ધ્રુવ(ના આધારે થાય છે). નિશ્ચયથી આધાર એનો પોતાનો છે પણ ધ્રુવ છે એના ઉપર (પર્યાય) થાય છે ને ? એવા સ્વભાવનો પૂર્ણ સ્વરૂપ(નો) અંતર વિશ્વાસ – ભરોંસો... વિશ્વાસ કરીને અંતરમાં જાય ત્યારે એને સમ્યક્ – સત્યદર્શન (થાય). જેટલો અને જેવડો આત્મા છે, એટલો જ્ઞાન થઈને પ્રતીતમાં આવે એને અહીં સમ્યક્દર્શન કહે છે. આ..હા..હા...!

એ 'સમ્યક્દષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે...' જ્ઞાન એટલે પૂર્ણસ્વરૂપ છે તેનું જ્ઞાન અને વૈરાગ્ય એટલે રાગનો અભાવ. અસ્તિમાં પૂર્ણ પદાર્થ – પૂર્ણ તત્ત્વને જ્ઞાનમાં જાણ્યું, એની પ્રતીતિ (તથા) એનું ભાન. અને (નાસ્તિમાં) પર તરફના વિકલ્પથી માંડીને બધી ચીજો એનો જેમાં અભાવ છે, એનું નામ વૈરાગ્ય. આ..હા...! આવી વાત છે !

'સમ્યક્દષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે...' 'નિર્જરા અધિકાર'માં પણ એ આવે છે – જ્ઞાન અને વૈરાગ્ય. પહેલી ગાથા, બીજી ગાથા(માં આવે છે). વસ્તુ સ્વરૂપ છે તેની સન્મુખ થઈને તેનું અંદર યથાર્થ જ્ઞાન (થવું તથા) નિમિત્ત, રાગ અને પર્યાયથી પણ વિમુખ થઈને, પૂર્ણ સ્વભાવની અંદર જ્ઞાન કરીને પ્રતીતિ થવી, એવા સમ્યગ્દષ્ટિને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ (પ્રગટ) હોય છે. સ્વરૂપનું જ્ઞાન અને પર તરફનો, રાગનો અભાવ. આ..હા..હા...! આવી વાત છે !

'(સમ્યક્દષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની) એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં,...' (સમ્યક્દષ્ટિ) ભલે ગૃહસ્થાશ્રમમાં હોય હજી મુનિપણું ન હોય. 'બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં,...' બધા એટલે એને યોગ્ય જે છે એ. એવો રાગ આવે, જ્ઞાનીને રાગ આવે અને તેથી બહારના કાર્યો તો થાય, થવાના તે થાય. એ બધાં કાર્યમાં જાણે ઊભો હોય, એમ રાગ છે માટે દેખાય. આહા..હા... !

'બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી,....' એટલે ? રાગધારાને પોતામાં ખતવતો નથી. આહા..હા... ! આવી વાત છે ! ચોથે ગુણસ્થાને સમ્યક્દષ્ટિને રાગ આવે ખરો. ચક્રવર્તી હોય તો ૯૬,૦૦૦ સ્ત્રી પણ હોય છે. છતાં એ રાગનું નાસ્તિત્વપણું તે હું છું અને સ્વભાવનું અસ્તિત્વપણું તે હું છું, એવી દશામાં રાગની એકતા થતી નથી, તેથી રાગથી નિર્લેપ રહે છે. આ સિદ્ધાંતો આવા આકરા છે ! આહા..હા... !

'બધાં જ કાર્યોમાં...' બધાં એટલે એની યોગ્યતા પ્રમાણે 'ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી,...' કેમ કે પોતાના પૂર્ણ સ્વભાવની પ્રતીતિનું જ્ઞાન વર્તે છે અને પરના અભાવ સ્વભાવરૂપે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વૈરાગ્ય વર્તે છે, એથી એને પરને કારણે અંદર કંઈ લેપ લાગતો નથી. આહા..હા... ! 'નિર્લેપ રહે છે;...' પહેલી નાસ્તિથી વાત કરી (કે) લેપ લાગતો નથી એટલે કે નિર્લેપ રહે છે. રાગમાં એકત્વ (થતું) નથી. રાગ થવા છતાં... આ..હા..હા...! એકત્વ થતું નથી એટલે નિર્લેપ રહે છે. રાગ થાય છે એટલો તો લેપ છે, પણ એ મારા છે, એ રીતે એકત્વ(રૂપ) થતો નથી માટે નિર્લેપ રહે છે. આહા..હા... ! બાકી જેટલો રાગ થાય છે એટલી અશુદ્ધતા છે, એટલું બંધન પણ નવું થાય છે. પણ અહીંયા તો રાગની એકત્વબુદ્ધિ થતી નથી કેમ કે પૂર્ણ અસ્તિત્વનું ભાન છે અને પરના અભાવ સ્વભાવરૂપ વૈરાગ્યનું ભાન છે. એટલે રાગમાં મારાપણું અને એકત્વપણું સમ્યક્દ્દષ્ટિને હોતું નથી. આવી વાત છે. ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, એમ (કહે છે). મુનિ ન થયા હોય.

ઋષભદેવ ભગવાન(ને) ૮૩લાખ પૂર્વ સુધી સમકિત હતું, ત્રણ જ્ઞાન હતાં, ગૃહસ્થાશ્રમમાં હતા. આહા..હા... ! એમ એક સમજાવવા કહ્યું. ખરેખર સમ્યક્દ્દષ્ટિ તો ગૃહસ્થાશ્રમની પર્યાયમાં પણ નથી. આહા..હા... ! એ તો પૂર્ણ સ્વભાવનું જ્ઞાન અને વિકલ્પથી માંડીને પરપદાર્થના અભાવરૂપ વૈરાગ્ય, એના અસ્તિત્ત્વમાં છે. આવી શરતું છે. આહા..હા... !

'જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે;...' શાસ્ત્રમાં એ આવે છે ને ? જ્ઞાન એટલે સ્વરૂપ શુદ્ધ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ છે તેનું જ્ઞાન પણ વર્તે છે અને જેટલો રાગ થાય છે એ રાગધારા પણ વર્તે છે. એ ઉદયધારા કીધી, રાગ થાય છે એટલી ઉદયધારા (છે). આ..હા..હા...! જેમાં ક્ષયોપશમ અને ઉપશમ પણ મારી ચીજમાં નથી, એ પણ વ્યવહાર છે.

આ..હા..હા...! પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, ચૈતન્યઘન, આનંદકંદ, એકરૂપ સ્વભાવ, ધ્રુવ, અનાદિ અનંત ! આ..હા..હા...! એનું સમ્યક્દર્શન થતાં એને રાગની એકતારૂપી લેપ થતો નથી. એમ એટલું કહેવું છે. બે ધારા જુદી પરિણમે છે. એમ. એટલું કહેવું છે. રાગ છે તો ખરો (પણ) રાગની ધારા, જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવામાં રહે છે. આ..હા..હા...! આવી વાતું છે. હિન્દી પુસ્તક તો આવી ગયું છે. આવી ગયું છે કે નહીં ? હિન્દી આવી ગયું ? ઠીક !

જ્ઞાનધારા એટલે પર્યાયમાં વસ્તુના સ્વરૂપનું જે જ્ઞાન થયું છે, એ જ્ઞાનધારા તો કાયમ વર્તે જ છે. આ..હા..હા...! જેમ ધ્રુવધારા વર્તે છે, એમ ધ્રુવનું જે જ્ઞાન થયું, અનુભવ (થયો) એ જ્ઞાન પણ કાયમ વર્તે જ છે, એમ. છે ભલે પર્યાય. આ..હા...! અને ઉદયધારા (અર્થાત્) રાગનો જે શુભ કે અશુભ વિકલ્પ છે (તે). બે (ધારા) જુદી થાય છે (અર્થાત્) 'બે જુદી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણમે છે;...'

'અલ્પ અસ્થિરતા છે,...' રાગ આવે છે એટલે અલ્પ અસ્થિરતા છે. ભલે ચોથે ગુણસ્થાને હોય તો પણ તેને અનંતાનુબંધી અને મિથ્યાત્વનો નાશ થવાથી, (જેટલો) એ રાગ છે તેને પણ અનંતાનુબંધીની અપેક્ષાએ અલ્પ ગણવામાં આવ્યો છે. કેમ કે અનંત છે એ મિથ્યાત્વ છે અને એની સાથે અનુબંધ – સંબંધવાળો કષાય, તેને અનંતાનુબંધી કહે છે. એવો અનંત-અનુબંધી કષાય, સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન થતાં, તે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થઈ જાય છે. એટલી સ્થિરતાધારા પણ સદાય વર્તે છે. આ..હા..હા...! છે ? 'અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે,..' કર્મથી થાય છે, એમ નહીં.

પરદ્રવ્યને અને સ્વદ્રવ્યને શું સંબંધ છે ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એટલે પૃથક. એનાથી આમાં થાય અને આનાથી એમાં થાય, એવું ક્યાંય.. ક્યાંય... ક્યાંય... છે નહીં. આ..હા..હા...! દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં (જ વર્તે છે). દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે, પણ દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં વર્તે. કર્મ પણ એની ઉદયની પર્યાયમાં વર્તે (છે). આ..હા..હા...! 'અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે.' આ..હા..હા...! જાણનાર રહે છે. લ્યો ! આનું નામ સમકિતી ! એ રાગ થાય છે એનો એ જાણનાર રહે છે. મારાં છે, એમ માનનાર રહેતો નથી. આ..હા..હા...! આવું એનું સમ્યગ્દર્શન અને જ્ઞાનનું સ્વરૂપ છે.

સમ્યગ્દૃષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના - બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે - બહાર ઊભા છે. **૩૨.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'સમ્યગ્દષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી,...' આ..હા..હા...! ભગવાન આત્મા ! અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ! એનું માપ પણ અપરિમિત આનંદ ! એનો જ્યાં પર્યાયમાં સ્વાદ આવ્યો છે... આ..હા..હા...! એને (અહીંયા) કહે છે કે બહારમાં ક્યાંય ગોઠતું નથી. સ્વના આનંદ સિવાય, બહારમાં ક્યાંય અનુકૂળતા (છે) માટે ઠીક છે, એમ પણ નથી અને રાગ થાય છે માટે ઠીક છે, એમ પણ નથી. આ..હા..હા...! બહાર ક્યાંય ગોઠતું નથી, 'સારું લાગતું નથી,...' એ શુભભાવમાં પણ જ્ઞાનીને સારું લાગતું નથી. આ..હા..હા...!

સ્વઆત્માની સર્વોત્કૃષ્ટતા આગળ અને સ્વઆત્મામાં અતીન્દ્રિય, અતીન્દ્રિય, અતીન્દ્રિય (આનંદનો અનુભવ હોવાથી ક્યાંય સારું લાગતુ નથી). કદી ચોરાશીના અવતારમાં ક્યાંય જોયો નહોતો, જાણ્યો નહોતો, એવા આનંદનો સમ્યક્દ્દષ્ટિને અનુભવ છે... આ..હા..હા...! એને પોતાના આનંદ સિવાય ક્યાંય ગોઠતું નથી, ક્યાંય સારું લાગતું નથી. આ..હા..હા...!

મુમુક્ષુ :– ચક્રવર્તી તો રોજ પરણવા જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરણવા જાય તો પણ સારું લાગતું નથી. આ..હા..હા...! આ..હા..હા...! પોતે ૨૦ વર્ષનો હોય, માતા ૪૦ વર્ષની હોય, (માતા) ન્હાતી હોય ને એકદમ નગ્નપણું પણ નજરમાં આવી જાય... આ..હા..હા...! પણ એ જોતો જ નથી. એ માતા – જનેતા છે, એમ (જોવે છે). એને એ (વિકારી) સ્થિતિએ જોતો જ નથી. એમ (સમ્યક્દ્દષ્ટિ) રાગને પર તરીકે જાણે, એને પોતા તરીકે જાણતો જ નથી. આ..હા..હ...! ચાહે તો શુભ રાગ હો કે અશુભ, પણ છે તો વ્યભિચાર, ઝેરનો ઘડો છે. આ..હા..હા...! (આત્માને છોડીને) બહારમાં ક્યાંય સારું લાગતું નથી. એટલે કે અંદરમાં સારું લાગવાની અપેક્ષાએ, શુદ્ધ ચૈતન્ય આનંદ હું છું, એ અનુભૂતિના કારણે બહારમાં ક્યાંય સારું લાગતું નથી. આ..હા..હા...! આ (સમ્યક્દ્દષ્ટિની) સ્થિતિ !

'જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી.' આ..હા..હા...! ઘર, મકાન (અને) મકાનમાં શું કહેવાય એ ? ફર્નીચર ! કરોડો રુપિયાના ફર્નીચર હોય, જુઓને ! ચક્રવર્તીને તો શું કહેવું ! આ..હા..હા...! એને તો મોટા પાંચ મહેલ (હોય છે). ઇન્દ્રોએ બનાવી દીધેલા પાંચ મહેલ (હોય છે). આ..હા..હા...! (સમ્યક્દ્દષ્ટિને) પણ એ રાગ આવે, પણ ત્યાં સારું લાગતું નથી. એમાં મીઠાશ દેખાતી નથી. મીઠાશ પ્રભુ આત્મામાં છે. આ..હા..હા...! આવું છે.

'જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી.' એ મકાન, મહેલ, એ ઘરવખરીઓ, એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દીકરા, દીકરીઓ, આમ છોકરાઓના લગ્ન થાય અને લાખો-કરોડો પૈસાના ખર્ચ થાય, આમ હા-હો, હા-હો બહારમાં થાય. આ..હા..હા...! પણ કોઈ ચીજ સુંદર લાગતી નથી. આ..હા..હા...! કરોડો રૂપિયાનું દારૂખાનું હોય, રાતે છોકરાના લગ્ન હોય, આમ ધમ-ધમ-ધમાલ-ધમાલ (થાતી હોય). આ..હા..હા...! પણ ધર્મીને ક્યાંય સારું લાગતું નથી. કેમ કે ભગવાનઆત્મા અંદર અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના પ્રેમમાં (બીજે) ક્યાંય પ્રેમ ચોંટતો નથી. આસક્તિ આવે ખરી. (પણ એના પ્રેમમાં ક્યાંય ચોંટતો નથી). આ..હા..હા...!

**પ્રશ્ન** :– આસક્તિ એ પ્રેમ નહીં ?

સમાધાન :– એ પ્રેમ મારા તરીકે નથી. માટે પ્રેમ નહીં. એ આસકિતનો પ્રેમ છે, મારાપણાનો પ્રેમ નથી. આ..હા...! તેથી પહેલા કહ્યુંને ? નબળાઈથી અસ્થિરતા તો આવે છે.

'જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો...' આ..હા..હા...! જેને દૂધપાકના સ્વાદ આવ્યા એને એ લાલ જારના ફોતરાના રોટલાં સારાં ન લાગે.

મુમુક્ષુ :– વિઠ્ઠલગઢ જેવું ગામ હોય (તો) તેવા પણ (રોટલા) ખાવા પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ખાવું પડે પણ સારાં ન લાગે. ભલે લાલ જુવારના આવે. ધોળી જુવાર કરતાં લાલ જુવારમાં મીઠાશ ઓછી હોય છે. અમારે તો બધોય અનુભવ થઈ ગયેલો છે. (સંવત) **૧૯૭૬**ની સાલ(ની વાત છે). વિરમગામ પાસે એક વિઠ્ઠલગઢ છે. (ગામમાં) વાણિયાના ઘર નહોતા. વિહાર કરીને ગયા હતા, (આમ તો) વિરમગામ જાવું હતું. વ્યાખ્યાનમાં આવે ઘણાં બધાં માણસો. ગામના માણસો (અને) બીજા આસપાસના (ગામના) વાણિયા (આવે) પણ વાણિયો ગામમાં નહીં અને વ્હોરવા જઈએ ત્યાં જુવારના રોટલાં ! (એ પણ) લાલ જુવારના, હોં ! લાલ જુવારની મીઠાશ ઓછી હોય. ધોળીમાં મીઠાશ વધારે (હોય). આ..હા..હા...!

(અહીંયા કહે છે), જેણે આનંદને ચાખ્યો છે, પ્રભુ આનંદસ્વરૂપ છે, એના જેણે સ્વાદ લીધા, એને જગતની કોઈ ચીજમાં પ્રેમ લાગતો નથી. આ..હા..હા...! 'જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે,...' આ..હા..હા...! (એમાં) રસ નથી. રસનો અર્થ ત્યાં એકાકારપણું નથી. રસનો અર્થ કર્યો છે ને ? નવ રસ ! આ..હા..હા...! પહેલા અધિકારમાં – જીવ અધિકારમાં (છેલ્લે) નવ રસનું આવે છે ને ? એક જ્ઞેયાકારમાં એકાકાર થઈ જવું, એ રસ (છે). જ્ઞાનીને જ્ઞાનમાં એકાકાર થઈ જવું, એ રસ (છે). અજ્ઞાનીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ્ઞેય**માં એકાકાર થઈ જવું. એ રસ (છે). એ રસ **જ્ઞાની**ને હોતો નથી. રાગ અને પરમાં એકાકાર થઈને રસ લેવો. એ (પ્રકારનો) રસ હોતો નથી. આ..હા..હા...!

'**બાહ્ય** વિષયોનો રસ તૂટી ગયો છે,...' **બાહ્ય** વિષયો (એટલે) સ્વ-સ્વભાવ સિવાય જેટલા વિકલ્પ અને **બાહ્ય જ્ઞેયો** (છે એ) બધાનો રસ તૂટી ગયો છે. આ..હા..હા...! સમકિતી **ચક્ર**વર્તીને પણ વિષયની વાસના આવે, પણ એ વખતે એના અંતરમાં મીઠાશ અને રસ નથી અને તરત જ બીજે **ક્ષ**ણે... આ..હા..હા...! ધ્યાનમાં બેસે અને આનંદનો વિશેષ રસ આવે !! આ..હા..હા...! એટલી મોકળાશ રાખીને રાગમાં આવી ગયેલા હતા. આ..હા..હા...! તે રાગ (આવ્યા) પછી અંદરમાં ધ્યાનમાં જરીક **ઊ**તરે છે... આ..હા..હા...! ત્યાં તરત **જ્ઞા**તા-**જ્ઞા**ન અને **જ્ઞે**ય એક થઈ એકલા આનંદનો સ્વાદ વિશેષ આવે છે. વિશેષ એટલે (શું) ? વિકલ્પ પરમાં હતો ત્યારે (પણ) આનંદ તો છે, પણ વિકલ્પ છૂટીને અંદરમાં **જા**ય છે ત્યારે જે આનંદની ધારામાં વધે છે... આ..હા..હા...! એ આનંદ એને બીજે ક્યાંય પ્રેમ લગાવતો નથી. આ..હા..હા...!

'કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી.' શુભરાગથી માંડીને બહારના (સર્વ) પદાર્થ. આમ સુંદર રૂપાળા શરીર (હોય), એક-એક અવયવ જુઓ તો રૂપાળાં (દેખાતા હોય) એ કોઈપણ ચીજ છે એ તો જડની દશા (છે). (એ) જડના રૂપ, જડનું એ અસ્તિત્વ, એ જડના અસ્તિત્વમાં ક્યાંય રસ લાગતો નથી. ચૈતન્યના અસ્તિત્વના રસમાં આવ્યો, એને જડના કોઈપણ અસ્તિત્વની સુંદરતામાં રસ લાગતો નથી. આ..હા..હા...! અહીં તો માખણ છે ! એકલી ચીજ એવી છે ! આવું સ્વરૂપ છે.

'અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને...' એમ. (એટલે કે) જરી અસ્થિરતા છે, 'સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી...' સ્વરૂપધ્યાનમાં **જ્ઞા**તા-**જ્ઞે**ય અને **જ્ઞા**ન એકરૂપ (થઈ **જા**ય) એવી દશા (હોય છે). **જ્ઞા**તા પણ પોતે, **જ્ઞે**ય પોતે, **જ્ઞા**ન પોતે – એ પણ અપે**ક્ષા** સમજવા વખતે (હોય છે). એવી એકરૂપ દશાના અનુભવમાં રહી શકે નહીં તેથી એને રાગ આવે. આ..હા..હા...! 'સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે...' ઉપયોગ બહાર આવે, હોં ! વિકલ્પમાં આવે. 'પણ રસ વિના...' આ..હા..હા...! બહારથી તો એવું લાગે (કે) ભગવાનની ભક્તિ કરે, સ્તુતિ કરે તો આમ **જા**ણે, રસ જેવું લાગે લ્યો ! આ..હા..હા...! છતાં એ ભાવમાં પણ રસ નથી. આ..હા..હા...!

ઘણી ધીરજ **જો**ઈએ છે અને પુરુષાર્થનો પલ્ટો ઘણો **જો**ઈએ છે. પુરુષાર્થનો પલ્ટો પર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તરફ છે તે પુરુષાર્થ અંતરમાં વાળવો, એ તે કાંઈ વાત છે ! એ કાંઈ ભણતરેથી આવી જાય છે ? આ..હા..હા...! અનાદિના જે અભ્યાસ છે, એમાંથી છૂટીને સ્વના અભ્યાસમાં આવવું. અને પછી કાંઈ અસ્થિરતા જરી આવે (છે). એ અહીં કહ્યું ને ? 'ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના - બધું નિઃસાર,...' આ..હા..હા...! 'ફોતરાં સમાન,...' (લાગે છે). કસ તો જે છે એ મારું સ્વરૂપ છે. આનંદ, જ્ઞાન અને પ્રભુતા, એ તો હું છું. આ..હા..હા...! અને આ રાગ ફોતરાં સમાન છે. (હિન્દી મેં) ફોતરાંકો ક્યા કહતે હૈં ? છિલકા ! છિલકા... છિલકા ! આ..હા..હા...! શક્કરકંદમાં કીધું હતું ને ? ઉપરના લાલ છાલ-છિલકા (હોય છે અને) અંદરનો શક્કરકંદ, સાકરની મીઠાશનો પિંડ છે. સાકરની મીઠાશનો પિંડ છે. એ પિંડ આગળ એની લાલ છાલ પણ ફોતરાં (જેવી) દેખાય છે. આ..હા..હા...! એમ આત્માના પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, ધ્રુવના ધ્યેયને લઈને રાગ આદિ અને બહારનો સંયોગ – એ બધું ફોતરાં જેવું (લાગે છે). આ..હા..હા...! 'રસ-કસ વગરનું હોય...' રસ અને કસ (એટલે) બહારમાં રસ પણ નથી અને કસ એમાં દેખાતો નથી. કસ છે એ તો અહીં (આત્મામાં) છે. આ..હા..હા...! 'રસ-કસ વગરનું હોય એવા ભાવે – બહાર ઊભા છે.' આ..હા..હા...!

શુદ્ધ ચૈતન્યનો દળ પ્રભુ પરમાત્મા પડયો છે, એ પરમાત્માની એકાગ્રતાને લઈને, સ્વદ્રવ્યના આશ્રયમાં પડેલો (છે) એને પરદ્રવ્યની કોઈપણ ચીજ ઠીક લાગતી નથી. પરદ્રવ્યમાં રસ લાગતો નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહીં. જેને આત્માનો રસ છે એને રાગ આદિનો રસ ઊડી જાય છે અને જેને રાગ આદિનો રસ છે એને આત્માનો રસ નથી. આ..હા..હા...! ચાહે તો દયા પાળવાનો ભાવ હો, એ પણ રાગ છે.

**પ્રશ્ન** :– સ્વદયા એ શું છે ?

સમાધાન :– સ્વદયા તો રાગની ઉત્પત્તિ ન થવી એ છે. એ 'અહિંસા પરમો ધર્મ' છે. રાગ માત્ર પરદ્રવ્યને માટે હોય ખરો ! જાણપણું પણ કરવું જોઈએ. છ કાયના જીવો, છ દ્રવ્ય છે એને જાણે પણ જાણવામાં એ તો જ્ઞેય તરીકે જાણે, પણ મારે એને પાળવાં છે એ તરીકે એ ન જાણે. આ..હા..હા...! વ્યવહારમાં તો એમ બોલવામાં આવે, બીજાની દયા પાળો, વ્રતમાં બીજાનું રક્ષણ કરો, જોઈને ચાલો. આ..હા..હા...! એ બધા વિકલ્પો હો, પણ જેમાં એનો રસ નથી. એ રસ વગરનું હોય એવા ભાવે બહાર ઊભા છે. આ..હા..હા...!

અંતરની જ્યાં દૃષ્ટિ છે ત્યાં બહારના રસ ઊડી જાય છે, એમ કહે છે. અને જેને બહારનો રાગનો, શુભરાગનો પણ રસ છે, એને ચૈતન્યનો રસ હોતો નથી. આ..હા...! એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો **ચૈતન્યનો** રસનો **અનાદર** કરે છે. રાગના રસવાળો **ચૈતન્યનો અનાદર** કરે છે **અને ચૈતન્યના** રસવાળો રાગનો **આદર** કરતો **નથી.** (રાગ) થાય છે. હોય છે (પણ **એનો આદર નથી**). **આ**..હા..હા...! **આવી** વાત છે. **એ ૩૨** (બોલ પૂરો) થયો.

> ‘જેને લાગી છે તેને જ લાગી છે’... પરંતુ બહુ **ખેદ** ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, **કૂટસ્થ નથી;** શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય **અથવા** શુષ્ક થઈ જઈશ. **માટે એકદમ** ઉતાવળ ન કરવી. **મુમુક્ષુ જીવ** ઉલ્લાસના કાર્યોમાં પણ **જો**ડાય. સાથે સાથે **અંદરથી ઊં**ડાણમાં **ખટક** ર**હ્યા** જ કરે, **સંતોષ** ન થાય. હ**જુ** મારે જે કરવાનું છે તે બાકી રહી **જાય** છે – **એવી ઊંડી ખટક** નિરંતર ર**હ્યા** જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને **સંતોષ** થતો **નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ** હાથ **આવતી નથી, એટલે મૂંઝવણ** તો થાય; પણ **આડો-અવળો** નહિ જતાં **મૂંઝવણમાંથી** તે માર્ગ શોધી કાઢે છે. (વચનામૃત-**૩૩**)

‘જેને લાગી છે તેને જ લાગી છે...’ **આ**..હા..હા...! ‘જેને લાગી છે...’ (**એટલે**) ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપની જેને **રુચિ** લાગી છે. **આ**..હા..હા...! પૂર્ણ સ્વભાવ જેને પોસાય છે, **એને** લાગી છે, (**એમ** કહે છે). **આ**..હા..હા...! ‘જેને લાગી છે તેને જ લાગી છે’... પરંતુ બહુ **ખેદ** ન કરવો.’ જરીક **અપેક્ષાથી** વાત કરે છે. ‘વસ્તુ પરિણમનશીલ છે, **કૂટસ્થ નથી;** શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય **અથવા** શુષ્ક થઈ જઈશ.’ (**અર્થાત્**) **આ** શુભ છે **એને** છોડું (**એમ** કરવા જઈશ તો), **દૃષ્ટિ** પર ઉપર જશે (**અને**) શુષ્ક થઈ જઈશ. **આ**..હા..હા...! ઝીણી વાત છે. શુભાશુભભાવ **આવશે,** પણ **આને** છોડું (**એમ** કરવા જઈશ તો) ત્યાં તો **દૃષ્ટિ** રાગ ઉપર રહી ગઈ. (**દૃષ્ટિ**) સ્વભાવ સન્મુ**ખ નથી, એ** તો રાગની સન્મુ**ખ** થઈને ‘**આને** છોડું’ (**એમાં** રોકાઈ ગઈ). **આ**..હા..હા...! **એ** (શુભાશુભની) પરિણતિ છે તે છૂટશે નહિ **અને આ** બાજુ **અંતરમાં** (–સ્વરૂપમાં) **આવ્યો નથી** (તો શુષ્ક થઈ જઈશ), **આ**..હા..હા...! સમ**જા**ણું કાંઈ ? **એ** કહેવા માગે છે. ‘વસ્તુ પરિણમનશીલ છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કૂટસ્થ નથી;...' (કૂટસ્થ) નામ એકરૂપ રહે. શિખર (એટલે) કૂટ. કૂટ (અર્થાત્) મોટા ડુંગરનું (શિખર) એકરૂપ રહે, એમ નથી. (વસ્તુ) પરિણમે છે. શુભાશુભ પરિણામ (પણ) થશે.

મુમુક્ષુ :– રાત્રે તો આપ કહેતા હતા કે વસ્તુ કૂટસ્થ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કેવળજ્ઞાનને પણ કૂટસ્થ કહેતા હતાં.

મુમુક્ષુ :– એ તો પર્યાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– તે એકરૂપ રહે છે એ અપેક્ષાએ એમ (કહ્યું). અહીં શુભાશુભ પરિણામ કૂટસ્થ નથી એટલે (એમ કહ્યું). પર્યાય છે એ કૂટસ્થ નથી એટલે અહીં શુભાશુભ ઉપર **જો**ર દેવું છે. અહીં તો પહેલી નીચેની વાત છે ને ! આ..હા..હા...! કેવળજ્ઞાન છે એ તો એક ન્યાયે કૂટસ્થ છે. (કેવળજ્ઞાન એ) છે તો પર્યાય, પણ એવી ને એવી... એવી ને એવી.... એવી ને એવી.... ધારાવાહી અનંત કાળ ચાલશે. ધ્રુવ જેમ (એકરૂપ) છે તેમ એ (કેવળજ્ઞાનની) ધારા, ધારાવાહી ધ્રુવ ચાલશે. આ..હા..હા...! તેથી સવારમાં ધ્રુવ કહ્યું ને ! **'ધ્રુવમચલમણોવમં ગદિં પત્તે'** સિદ્ધ ધ્રુવપણાને પામ્યા છે. (સિદ્ધપણું) છે તો પર્યાય (તેમ છતાં ધ્રુવ કહ્યું છે). આ..હા..હા...! પણ એ સ્થિતિ એમ ને એમ રહેવાની છે, એથી એને ધ્રુવપણાને પામ્યા એમ કહ્યું છે. આ..હા..હા...! ઘણાં પડખાં, ઘણાં પ્રકારો ! મોટું ગહન ગંભીર તત્ત્વ છે, પ્રભુ ! જેના જ્ઞાનના તળિયાં બહુ **ઊં**ડા છે ! આ..હા..હા...! પર્યાયને દ્રવ્યમાં ઢાળતાં, અવસ્થાને દ્રવ્ય ઉપર લઈ જતાં એની **ઊં**ડપ અને ગંભીરતાનો પાર નથી ! આ..હા..હા...! એ સિવાય પર્યાયદૃષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી અજ્ઞાનમાં રોકાયેલો છે. આ..હા..હા...!

રાગ આદિ ભાવ એ એનો અંશ નથી અને રાગ આદિ ભાવ એનો વંશ નથી. આ..હા..હા...! વંશ તો પ્રભુ આનંદસ્વરૂપ છે, એ એનો વંશ છે. દયા, દાનનો રાગ – વિકલ્પ આવે છતાં તેની **જા**ત અને વંશ નથી. એથી તેનો તેને આદર નથી. આ..હા..હા...!

'તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ.' શું કહે છે ? (મુમુક્ષુ જીવને) સ્વરૂપની દૃષ્ટિ નથી અને શુભાશુભભાવ થાય એને છોડવા જઈશ (તો) અજ્ઞાન થઈ જશે, ત્યાં રોકાઈ જઈશ અથવા શુષ્ક થઈ જઈશ. સાચું જ્ઞાન થશે નહિ અને છોડવા જઈશ ત્યાં શુષ્ક, લૂખ્ખું જ્ઞાન થઈ જશે. આ..હા..હા...! જરીક ઝીણી વાત છે. 'માટે એકદમ ઉતાવળ ન કરવી.' એમ કહેવું છે. એટલે ? એકદમ ઉતાવળ કરીને અંદર **જા**ણે રાગને છોડું, રાગને છોડું, એમ બહુ ઉતાવળ (ન કરવી).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મુમુક્ષુ :–** અંતર્મુહૂર્તમાં પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, એમ પણ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો અંદર પુરુષાર્થમાં ઉતરવા માટેની વાત છે. પણ અહીં (મુમુક્ષુની ભૂમિકામાં) વધારે ઉતાવળ કરવા **જા**ય, તોડવા...તોડવા...તોડવા... (એમ ઉતાવળ કરવા **જા**ય તો શૂન્ય થઈ જશે). નાસ્તિપણે (પ્રયત્ન) છે ને ? અંદરમાં **જા**ય એનો પુરુષાર્થ તો અસ્તિપણે છે. આ..હા..હા...! રાગ અને વિકલ્પને ઉતાવળથી તોડવા જશે તો મૂંઝાઈ જઈશ, (વિકલ્પ) તૂટશે નહિ, વસ્તુની દૃષ્ટિ આવી નથી માટે ધીરજ રાખીને કામ લેજે, એમ કહે છે. આ..હા..હા...!

'માટે એકદમ ઉતાવળ ન કરવી.' શેમાં એકદમ ઉતાવળ ન કરવી ? શુભાશુભ રાગ આવે એને તોડવાની ઉતાવળ ન કરવી. ત્યાં તોડવાની (વાતમાં) તો નાસ્તિપણું છે (એટલે) પર ઉપર લક્ષ **જા**ય છે. અંદરમાં પુરુષાર્થ કરવો એ તો જુદી ચીજ છે. આ..હા..હા...! અંદરમાં તો, એકદમ અંદર ઉતરે ને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય પણ આ વસ્તુની ખબર નથી, સત્‌ની દૃષ્ટિ છે નહિ અને શુભાશુભભાવને એકદમ ઉતાવળો થઈને (છોડવા જતાં) મૂંઝવણ કરશે ને હટાવવા જશે (તો) હટશે નહિ ને મૂંઝવણ **ઊ**ભી થશે.

'માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ **જી**વ ઉલ્લાસના કાર્યોમાં પણ **જો**ડાય.' (**જો**ડાતો હોય એવું) દેખાય. આ..હા..હા...! બહારથી શુભભાવમાં પણ **જો**ડાય (પણ) 'સાથે સાથે અંદરથી **ઊં**ડાણમાં ખટક રહ્યા જ કરે,...' આ..હા..હા...! એ શુભભાવ – ભગવાનની ભક્તિ, શ્રવણનો ઉલ્લાસ, સત્‌ને કહેવાનો પણ વિકલ્પનો ઉલ્લાસ આવે... આ..હા..હા...! પણ **ઊં**ડાણમાં તો ખટક રહ્યા જ કરે કે, આ (સ્વરૂપ) નહિ, આ (સ્વરૂપ) નહિ. આ..હા..હા...! એ ઉપદેશ કરવાનો વિકલ્પ પણ રાગ (છે) અને સાંભળવાનો (વિકલ્પ) પણ રાગ છે. આ..હા..હા...! કારણ કે, વસ્તુ તો વીતરાગસ્વરૂપ, ચૈતન્યબિંબ છે, એમાં આ વિકલ્પ **ઊ**ઠે, (એ ખટકે છે). આ..હા..હા...!

'**ઊં**ડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય.' એ ભાવમાં (સંતોષ ન થાય). ભક્તિ, વાંચન, શ્રવણ, એમાં ઉલ્લાસ આવે છતાં ત્યાં સંતોષ ન થાય. એમાં સંતોષ ન થઈ **જા**ય કે, આપણ દરરોજ આઠ કલાક વાંચીએ છીએ, દસ કલાક વાંચીએ છીએ માટે આપણને જ્ઞાન થઈ ગયું, એમ નથી. આ..હા..હા...! ભારે માર્ગ ભાઈ ! 'હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી **જા**ય છે...' મુમુક્ષુ **જી**વને વાંચન, શ્રવણ, ભક્તિનો ઉલ્લાસ-વિકલ્પ આવે પણ એમાં સંતોષાઈ ન **જા**ય કે, મેં ઘણું કર્યું ! પણ (એને એવી ખટક રહે કે) મારે કરવાનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ તો બીજું છે. આ..હા..હા...!

એ રાગના વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ પ્રભુ (છે) ત્યાં ઠરવાનું, જવાનું છે. આ..હા..હા...! બે, પાંચ, દસ, પચ્ચીસ અપવાસ કર્યા અને સંતોષ (થઈ જાય કે) ઓ..હો...! જાણે તપસ્યા થઈ ગઈ ! એમ રહેવા દેજે, સંતોષાઈશ નહિ. એ પણ એક રાગ છે, બાપુ ! તને આત્મા શું ચીજ છે (એની ખબર નથી). એ તો આનંદનો નાથ છે, જ્ઞાનનો સાગર છે. એ અપવાસનો વિકલ્પ ઊઠે છે, એ રાગ છે. આ..હા..હા...! પણ એ વખતે (કષાય મંદ) કર્યો હોય કદાચ (તો પણ) સંતોષાઈ ન જઈશ કે, ઠીક ! મારે આ તપ થઈ ગયું. આવું છે.

મુમુક્ષુ :– મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો એમ લખ્યું છે કે અપવાસ કરવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– (પણ) કરવો એ કોને ? અંતર આનંદનું ભાન છે એની સમીપ જવા માટે ઇચ્છા તોડવી, એમ એનો અર્થ છે. ઇચ્છા તોડવી. એમ કહે છે કે, ભગવાને તો છઠ જ કર્યો હતો, 'ઋષભદેવ' ભગવાને ! કેમ એકસાથે બધું ન કર્યું ? ઝીણી વાત છે. ત્યાં મૂક્યું છે – 'મોક્ષમાર્ગ પ્રકાશકમાં' !

અપવાસ ઝાઝા કરીએ માટે તપસ્યા કહેવાય એમ નથી. તપસ્યા તો રાગથી રહિત, વિકલ્પ ઊઠે એથી રહિત, ચૈતન્યનું સમ્યગ્દર્શન થયું હોય એની આનંદની શોભા પર્યાયમાં વધે, સોનાને જેમ ગેરુ લગાડીએ (અને સોનુ) શોભે એમ પ્રભુ આત્મા **'विजयते तपते इती तपः'** અતીન્દ્રિય આનંદથી તપે અને શોભે તેને તપ કહીએ. આ વર્ષીતપ ને ફલાણું ને આ બધી તો લાંઘણું છે. આ..હા..હા...! આવી વાતું છે. બાઈઓ ખુશી થઈ જાય, વર્ષીતપ કરે (એટલે) બસ ! અને વર્ષીતપ કર્યું હોય તો બ્રહ્મચર્ય પાળે. (પછી) ઉજવાવે વળી બે-પાંચ હજાર, દસ હજાર ખર્ચીને. આ..હા..હા...! વળી વર્ષીતપ ને પારણે જરીક અઠ્ઠમ કરે, વળી સૂંઠ ચોપડે ને ફલાણું કરે ને ઢોંગ કરે માળા ! એ જાણે કે ઓ..હો..હો...! ભારે તપ કર્યું ! એ સૂંઠ-બૂંઠ ચોપડે ને ! (એટલે) બીજાને દેખાય. બીજાને દેખાય કે આને કાંઈક છે, એમ કરીને પણ લોકો વખાણ કરે. મરી ગયો, હવે સાંભળને ! અને ગાણાં ગાય, છેલ્લે દિવસે વહેંચે. શું કહેવાય (એને) ?

મુમુક્ષુ :– લ્હાણી કરે, લ્હાણી-સાંજી કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લ્હાણી કરે, લ્હાણી (અને) ગાય. ગાય એને શું કાંઈક કહે છે ? ભાષા હોય છે (કાંઈક) તમારી.

મુમુક્ષુ :– સાંજી કરે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાંજી... સાંજી (કરે). સાંજે ભેગા થાય અને ગાયન ગાય. પછી વહેંચે કાંઈક ટબુડીયુ–લોઢાની કે સ્ટીલની. શું કહેવાય ? નાની વાટકીઓ. બસ ! ખુશી-ખુશી થઈ જાય. ધૂળમાં પણ (ધર્મ) નથી હવે સાંભળને ! એ તો બધી જડની ક્રિયાઓ (છે) અને તેમાં તને કદાચિત્ શુભરાગ થયો, એ તો પુણ્ય-રાગ છે. આ..હા..હા...! એ વખતે સંતોષાઈ ન જઈશ કે, મેં ઘણું કર્યું ! ઘણું કર્યું ! આ..હા..હા...! આમ (લાખ્ખો રૂપિયા ખર્ચીને) ધામ-ધૂમ, ધામ-ધૂમ (કરે) ! ધૂળ પણ નથી ક્યાંય, સાંભળને ! પોણો લાખ શું તારા (કરોડ ખર્ચને !) આ..હા..હા...! અરે...! તારી ક્રિયામાં હજી શુભરાગ કરતો હોય તો એ રાગ છે, બાપુ ! માન માટે અને બહાર માટે કરતો હોય તો પાપ છે. આ..હા..હા...! વીતરાગમાર્ગ બહુ ઝીણો, ભાઈ !

જિનેશ્વરદેવ કહે છે કે, ભાઈ ! તને બહારમાં ઉલ્લાસ દેખાય. ભક્તિ, વાંચન, શ્રવણ આદિનો ભાવ આવે, પણ એમાં સંતોષાઈ ન જાઈશ, કેમ કે એ પણ રાગ છે. આ..હા..હા...! એ રાગથી ભિન્ન પડીને અંદર આનંદનો અનુભવ થવો, એ ધર્મ છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ ધર્મ છે. તારા વર્ષીતપ અને લાંઘણું કરી, એ બધો ધર્મ નથી. આ..હા..હા...!

ભાઈ ! આ વર્ષીતપ કરે છે કે નહીં ? તમારા ઘરમાં કોઈ દિ' થયું છે કે નહીં ? નથી થયું, ઠીક ! (વર્ષીતપ) કરે, પછી ઉજવે અને પછી ગાણાં ગાય, સાંજે ભેગા થાય. ઓ..હો..હો...! (થઈ જાય). જરી મોઢું મલાવે અને આમ કરે (પછી) દરરોજ ખાય, સરખું પેટ ભરીને ખાય ત્યારે માંડ બીજે દિવસે તો પચે, ત્યારે હજુ અપવાસ થાય આખો ! ટોપરાપાક, ઢીકણાપાક (ખાય) ! એટલું ખાય. સારું ઘર હોય તો પાક કરી રાખ્યો હોય ને હંમેશા એને થાડુંક ખાવા આપે. આ..હા..હા...!

આ..હા...! 'મુમુક્ષુ જીવ ઉલ્લાસના કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે...' આ..હા..હા...! કરવાનું તો પ્રભુ ! એ રાગનો વિકલ્પ છે એનાથી ભિન્ન પડવું, નિર્વિકલ્પ અનુભવ કરવો, એ કરવાનું છે. આ..હા..હા...! કરવાનું એ અને ધર્મ એ છે. બાકી તારા અપવાસ-બપવાસ કર્યા અને પૈસા ખર્ચ્યા–લાખ-બે લાખ અને આંગીઓ કરી (એ કોઈ ધર્મ નથી). આ..હા..હા...! આ શ્વેતાંબરમાં વળી ભગવાનને આંગી રચે. આ..હા..હા...! એમાં અત્તર નાખે વળી ! કોટ-પાટલૂન પહેરાવે અને અત્તર નાખે ! (એ બધા) પાપ છે. અત્તરના એક બિંદુમાં કેટલું (હિંસાનું પાપ છે) ! આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...! અહીં કહે છે કે, એવા શુભભાવમાં (કદાચિત્) આવી **જા**, પણ **જો** મુમુક્ષુ હો, સત્નો જિજ્ઞાસુ હો તો એટલામાંથી સંતોષાઈ ન **જા**ઈશ કે મને આટલું વાંચતા આવડ્યું, આટલું ભણતા આવડ્યું, આટલું તપ કરતાં આવડ્યું, આટલી ભક્તિ કરતા આવડી, આટલા દેરાસર કર્યા, માટે કાંઈક ધર્મ થયો. (પણ) ત્રણે કાળમાં એમાં ક્યાંય ધર્મ નથી. એ તો બધો રાગ મંદ કર તો શુભભાવ છે. આ..હા..હા...!

મારે ઘણું કરવાનું છે તે બાકી રહી **જા**ય છે '– એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે,...' **જો**યું ! ઊંડી ખટક (રહ્યા જ કરે). હજી ભલે ધર્મી થયો નથી પણ ધર્મની જિજ્ઞાસા (છે) મુમુક્ષુ છે ને (એટલે) એની ઊંડી ખટક રહ્યા જ કરે. 'તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી;...' આ..હા..હા...! વાંચતા આવડ્યું, જ્ઞાન થયું, શાસ્ત્રનું **જા**ણપણું (થયું), સાંભળનારા લોકો ખુશી થાય અને એમાં સંતોષાઈ **જા**ય, એ તો મિથ્યાત્વ છે. આ..હા..હા...! આકરી વાતું છે, બાપુ ! આ તો અંતર વીતરાગમાર્ગ છે. આ..હા..હા...!

'અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી;...' આ..હા..હા...! આવું કરતાં કરતાં પણ જ્ઞાયક ચીજ ચૈતન્ય વસ્તુ છે, ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાયક ચીજ છે, **જા**ગતો **જી**વ ઊભો છે ને ! આ..હા..હા...! એ હાથ આવતી નથી. 'એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં...' ધીરજ રાખજે, ધીરજ રાખજે, બાપુ ! ધીરજ રાખીને અંતરમાં જવાનો પ્રયત્ન કરજે, આ..હા..હા...! આ..હા..હા...! 'આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.' આ..હા..હા...! (મુમુક્ષુને) શુભભાવમાં ઉલ્લાસ દેખાય છતાં સંતોષાય નહિ. અને તેને (–શુભાશુભભાવને) છોડવા **જા**ય, એના ઉપર દૃષ્ટિ હોય અને છોડવા **જા**ય, તો પણ (એ) વસ્તુ છૂટશે નહિ. આ..હા..હા...! ભારે કામ ! આમાં બહુ સ્પષ્ટ કથન છે ! આ..હા..હા...!

'માર્ગ શોધી કાઢે છે.' **જો**યું ! એવી મૂંઝવણમાં પણ વસ્તુ તરફનું વલણ કરીને (માર્ગ) શોધી કાઢે છે. શુભભાવ થાય અને આત્મા ઝટ મળે નહિ એટલે મૂંઝવણ થાય પણ મૂંઝવણમાંથી અંદરમાં જવા માટે, પ્રયત્ન કરીને મૂંઝવણને ટાળી નાખે. આ..હા..હા...! એમ કહે છે. છે ને (અંદર) ? મૂંઝવણમાં રહે નહિ, એમ કહે છે. આ..હા..હા...! માર્ગ શોધી લે.

મુમુક્ષુની વાતમાં પહેલેથી આટલી વાત આવી છે. (મુમુક્ષુ) બહારના કામમાં શુભભાવમાં આવે, વાંચનમાં, ભક્તિમાં, દેવ, ગુરુ, શાસ્ત્રના વખાણમાં ઉલ્લાસ દેખાય, છતાં ત્યાં સંતોષાય ન **જા**ય. કારણ કે એ તો શુભભાવ છે. મારે કરવાનું છે એ તો બાકી રહી **જા**ય છે. એવી ખટક તો એવા ભાવ વખતે પણ રહેવી **જો**ઈએ અને ઉતાવળ કરીને છોડવા જઈશ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને દૃષ્ટિ એ તરફ ઢળશે નહિ (તો) શુષ્ક થઈ જઈશ. આ..હા..હા...! છે ને (અંદર) ? શુષ્ક થઈ જઈશ અને શૂન્ય થઈ જઈશ. રાગ ટળશે નહિ, સ્વભાવ તરફ ઢળી શકશે નહિ, પછી શૂન્ય જેવું લાગશે. આ..હા..હા...! માટે ધીરજથી રાગ આદિને કાળે, શુભમાં સંતોષાઈ ન જતાં, અંતરમાં ખટક રાખજે (કે) મારે કરવાનું તો અંદરમાં જવાનું છે (એ છે). એનો સંતોષ કરજે અને ત્યાં જવાનો પ્રયત્ન કરજે, તારી મૂંઝવણ ત્યાં ટળી જશે.

(એ **૩૩** બોલ પૂરો થયો).

ખાનદાન કુળ, ધનવાનપણું, નીરોગી શરીર તથા લાંબું આયુષ્ય એ બધુંય પામીને પણ અંતરમાં ઉત્તમ સરળ સ્વભાવ પામવો દુર્લભ છે. પરિણામમાં તીવ્ર વક્રતા હોય, મહાસંક્લિષ્ટ પરિણામ હોય, ક્રોધ-માન-માયા-લોભ તીવ્ર હોય ત્યાં ધર્મનો વિચાર ક્યાંથી કરે ? વિષય કષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયના પરિણામ પણ ન હોય–તેને ધર્મની પાત્રતા પણ નથી, એટલે મંદકષાયનાં સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે. સરળ પરિણામ થયા તે કાંઈ ધર્મ નથી. પણ અહીં તો એમ કહે છે કે, સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. તો પછી ધર્મની દુર્લભતાની તો શી વાત ! ઘણા જીવોને સરળ પરિણામ થવા છતાં સત્યસમાગમ મળવો દુર્લભ છે. કોઈક લૌકિક માણસો પણ મંદકષાયવાળા હોય છે, પણ વીતરાગી સર્વજ્ઞ શાસનના તત્ત્વ સમજાવનારનો સત્યસમાગમ મળવો બહુ દુર્લભ છે. મંદકષાય કરે, પણ કુદેવ–કુગુરુના સંગે ચડીને ઊંધી શ્રદ્ધાને પોષીને મનુષ્યપણું હારી જાય છે. વીતરાગી દેવ–ગુરુનો સમાગમ મળવો મહા દુર્લભ છે. ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા જ્ઞાની પુરુષોનો સમાગમ મહા ભાગ્યથી મળે છે, સત્ સમજવાની યોગ્યતા હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્યસમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે.

(પરમાગમસાર - **૭૭૬**)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ **જાય**. તેને સુખનું વેદન **જોઈએ** છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે. જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે. આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, **ખોટી** ઉતાવળે પ્રાપ્ત ન થાય. (વચનામૃત - ૩૪)

**જેઠ સુદ ૯, ગુરુવાર, તા. ૧૫-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૩૪–૩૬, પ્રવચન–૧૦**

(બહેનશ્રીના) વચનામૃત પાનું **૧૨**. ૩૪મો બોલ છે. **૩૩** બોલ થઈ ગયા. **૩૪**થી છે ને ?

'મુમુક્ષુને...' પહેલી વાત આ (લીધી) છે. (મુમુક્ષુને એટલે) જેને સત્ય સમજવાની અને સત્ **જા**ણવાની જિજ્ઞાસા છે, એને અહીંયા મુમુક્ષુ કહેવામાં આવે છે. આ તે ચીજ શું છે ? પૂર્ણ શુદ્ધ અને પૂર્ણ આનંદ (સ્વરૂપ છે), જેમાં વિકારનો અંશ નથી. એ શું ચીજ છે ? એમ જેને **જા**ણવાની જિજ્ઞાસા હોય એવા 'મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય,...' (એટલે કે સ્વરૂપ) જણાય નહીં એટલે જરી મૂંઝાય કે, આ શું છે ? આમાં કંઈ જણાતું નથી. વાત તો બરાબર છે ને ? ચૈતન્યસ્વરૂપ છે, આનંદનો ભરપૂર દરિયો છે, એની જેને જિજ્ઞાસા છે, એને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય. (મુમુક્ષુ) મૂંઝાય, ઝટ ન પકડાય એટલે મૂંઝાય.

'પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ **જાય**.' એવી મૂંઝવણ ન કરે. (અર્થાત્) મૂઢતા થઈ **જાય** એવી મૂંઝવણ ન કરે. મૂંઝાય તો એણે ધીરેથી સમજવા માટે સ્વરૂપ તર**ફ**નો પ્રયત્ન કરવો, પણ મૂંઝવણ કરીને મૂંઝાઈ જવું (એમ ન કરવું).

મુમુક્ષુ :– મૂંઝાઈ **જાય** તો એ છોડી દ્યે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ છોડી દ્યે એનો અર્થ જ કે ન છોડવું. મૂંઝાઈ જાય માટે વસ્તુને સમજવા માટેનો પ્રયત્ન છોડી દેવો, એમ નહીં. આ..હા..હા...! અનાદિકાળનું નથી સમજાણું એટલે જરી વાર લાગે. તેથી કહ્યું છે ને ! એકવાર ૬ માસ તો અભ્યાસ કર. આવ્યું છે ને એ ? આમ તો અંતર્મુહૂર્તમાં થઈ શકે છે પણ ધીરા થવા માટે ૬ માસ એનો અભ્યાસ તો કર. ઉતાવળ ન કર. આ..હા..હા...!

'તેને સુખનું વેદન જોઈએ છે,...' સાંભળ્યું છે એટલે એને એમ થઈ જાય કે, મારો આત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને આટલું આટલું સાંભળીએ છીએ છતાં સુખનું વેદન તો આવતું નથી. બરાબર છે ને ? આ..હા..હા...! 'સુખનું વેદન જોઈએ છે,...' (અર્થાત્) આનંદનું વેદન જોઈએ છે. રાગ અને પુણ્ય-પાપના ભાવ એ દુઃખરૂપ છે, એમ સાંભળ્યું છે એટલે ખ્યાલમાં એ જાતનું લીધું. પણ એ (રાગ) દુઃખરૂપ છે અને એના સ્થાનમાં આનંદ જોઈએ (છે પણ) એ સુખનું વેદન ન થાય. (એટલે) ત્યાંથી એને મૂંઝવણ આવે. આ..હા..હા...! 'સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી...' આ..હા..હા...! જિજ્ઞાસુને રાગમાં રહેવું પોષાતું નથી, સુખનું વેદન જોઈએ તે મળતું નથી. આ..હા..હા...! વાત તો બહુ સરસ છે ! બરાબર છે ? કહો, સમજાણું કાંઈ ? આ..હા..હા...!

'બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે.' (મૂંઝાઈને) છોડી ન દ્યે, એમ કહે છે. ધીરો થઈ, ધીરે...ધીરે... અંતરમાં જવાનો પ્રયત્ન કરે. બહારમાં જવામાંથી ખસી જાય. આ..હા...! (એટલે કે) દુનિયામાં રાજી થાઉં, દુનિયાને રાજી કરું કે દુનિયાથી રાજી થવું, એ છોડી દ્યે. આ..હા..હા...! ધીરજથી અંતરનો પ્રયત્ન કરે (તો) શોધી લે. (અને) મૂંઝવણમાંથી પણ માર્ગ તો શોધી લે. મૂંઝવણમાં મૂંઝાય નહીં. આ..હા..હા...!

'જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે.' (અર્થાત્) જેટલો સ્વભાવસન્મુખ (થવાનો) પુરુષાર્થ ઉપાડે એટલો પુરુષાર્થ કાર્ય કરે. પુરુષાર્થ થોડો ઉપાડે ને કાર્ય વધારે માંગે (તો) એમ ન મળે. આ..હા..હા...! એટલે કે અંદર રાગનો જે પુરુષાર્થ રુચે છે, વેદાય છે અને આ આનંદનું વેદન છે નહીં એટલે એ મૂંઝાય નહીં. (સુખનું વેદન નથી મળતું) એમ કરીને છોડી ન દે. આ..હા..હા...! (મુમુક્ષુને એમ જ થાય કે) એમાં મારા પુરુષાર્થની જ ખામી છે. એને સમજવા માટેનો જેટલો પુરુષાર્થ જોઈએ એટલું કારણ જો આપ્યું હોય તો કાર્ય થયા વિના રહે નહીં. આ..હા..હા...! આવી ચીજ છે !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'આત્માર્થી હઠ ન કરે કે મારે **ઝટઝટ** કરવું છે.' **ઝટઝટ** એટલે સહજપણે જે થવું **જોઈએ**, એને (બદલે) કોઈ વિકલ્પના હઠથી, (એમ કરે કે) આમ જ કરવું છે... આમ જ કરવું છે... એમ હઠ નહીં કામ આવે ત્યાં. આ..હા..હા...! બહુ સરસ ! સાધારણ માણસને પણ કઈ શૈલીમાં (–ભૂમિકામાં) **ઊ**ભો હોય એને કેમ કરવું ? એ વાત છે. આ..હા..હા...! 'આત્માર્થી હઠ ન કરે કે મારે **ઝટઝટ** કરવું છે.' આ..હા...! પુરુષાર્થ એટલો હોય નહીં અને **ઝટઝટ** કરવું છે એમ માને તો એ નહીં થઈ શકે. આ..હા..હા...!

'હઠ સ્વભાવમાં કામ ન આવે.' પ્રભુ ! આત્મા ચિદાનંદ પ્રભુ ! સહજસ્વરૂપ પ્રભુ (છે). એમાં હઠ કામ ન આવે. આ..હા..હા...! આ..હા...! આગમજ્ઞાન થાય, **૧૧** અંગ ભણે છતાં (યથાર્થ) મુમુક્ષુની વાત લીધી છે, હોં ! અહીં (માત્ર) ભણી ગયો (એની વાત નથી). જેને સત્ય **જો**ઈએ છે એની વાત લીધી છે. આ..હા..હા...! એ આગમજ્ઞાનથી સંતોષ ન માની **જા**ય. કારણ કે એને સત્ય **જો**ઈએ છે. આ..હા..હા...! અને આગમજ્ઞાન એ કંઈ જ્ઞાન નથી. આ..હા..હા...!

મુમુક્ષુ :– એ બહિર્લક્ષી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બહિર્દષ્ટિનું (જ્ઞાન) એ કંઈ જ્ઞાન નથી. માટે એણે અંદરમાં જવા માટે ત્યાં રોકાવું નહીં. (પરંતુ) ધીમે ધીમે અંતરમાં જવાનો પુરુષાર્થ કરવો. આ..હા...!

'હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે,...' આ..હા..હા...! શુદ્ધ ચૈતન્યસ્વભાવ એનું જ્યાં માહાત્મ્ય અને મહિમા (આવ્યો કે) આ તે કોણ (છે) ! શું ચીજ છે ! એક (સમયની) પર્યાયની આડમાં ભગવાન પૂર્ણસ્વરૂપ દેખાય નહીં અને આનંદ આવે નહીં અને જિજ્ઞાસા (સુખના વેદનની) છે. તો (અહીંયા કહે છે) સહજ સ્વભાવ છે. બહુ હઠ ન કરવી. આ..હા..હા...! સ્વભાવ તરફ (જવાના) પ્રયત્નને **જા**રી (–**જા**ળવી) રાખવો.

'હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.' ઉતાવળ (હોય) તો ખરી, પણ ખોટી ઉતાવળે કામ ન થાય. આ..હા..હા...! અંતરમાં જવા માટે જેટલો પુરુષાર્થ **જો**ઈએ તેટલો કરે નહીં ને ખોટી ઉતાવળ કરે (તો) 'ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.' બહુ ઉતાવળ કરવા **જા**ય તો સહજપણું તો રહે નહીં અને વસ્તુ તો સહજ છે. આ..હા..હા...! બહુ સમજવા જેવી વાત છે. (મુમુક્ષુને એમ થાય કે) મારા પ્રયત્નમાં ક્યાંક કચાશ છે. કોઈક ઠેકાણે ક્યાંક વીર્ય અટકી ગયું છે, માટે મારે અંતરમાં વળીને પુરુષાર્થને વિશેષ **જા**ગૃત કરવો, એમ કરવું; પણ હઠ કરીને (એમ માને કે) નહીં, (મારે તો હમણાં જ **જો**ઈએ) તો ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હઠ ન કામ આવે. એ તો અંદર સહજ સ્વભાવ છે. આ..હા..હા...!

'ઋષભદેવ ભગવાન' ત્રણ જ્ઞાન (લઈને આવ્યા હતા અને) ૮૩ લાખ પૂર્વ (ગૃહસ્થદશામાં) રહ્યાં ! (પણ) ચારિત્ર ન આવ્યું ! ૮૩ લાખ પૂર્વ ! એક પૂર્વમાં ૭૦ લાખ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એક પૂર્વમાં (એટલા વર્ષ જાય) એવા ૮૩ લાખ પૂર્વ (ગૃહસ્થદશામાં રહ્યા) અને તે પણ ખબર છે કે અમે આ ભવમાં 'કેવળ' પામવાના છીએ. આ..હા..હા...! છતાં સહજપણે પુરુષાર્થ થાય તે પ્રમાણે કામ કરે છે. આ..હા..હા...! એમ નહીં કે, ભાઈ ! અમે તીર્થંકર થવાના છીએ અને કેવળ પામવાના છીએ, સમકિત લઈને તો આવ્યા છીએ માટે ઝટ દઈને હવે અંતર્મુહૂર્તમાં ચારિત્ર કેમ ન આવે ? એમ હઠ ન કામ આવે, એમ (કહેવું છે). આ..હા..હા...!

'ભરત ચક્રવર્તી' ! ૭૭ લાખ પૂર્વ સુધી તો ચક્રવર્તીપદ સિવાય રહ્યાં અને સમકિત સહિત ૬ લાખ પૂર્વ ચક્રવર્તીપદમાં રહ્યાં છે. (પરંતુ) ચારિત્ર ન થયું. શાંતિ રાખવી જોઈએ.

મુમુક્ષુ :– પુરુષાર્થની ખામી હોય તો ક્યાંથી થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મારા પુરુષાર્થની ખામી (છે). અંતરમાં જેટલો ડૂબકી મારવાનો પુરુષાર્થ જોઈએ તેટલો ઓછો છે. એમ કરીને ત્યાં હઠ ન કરવી કે, બસ ! અંતર્મુહૂર્તમાં જ, આજે જ મારે કેવળજ્ઞાન લેવું છે. એમ ન પાલવે, એમ કહે છે. આ..હા..હા...!

બાવા માગવા આવે ત્યારે કાંઈ કહે છે ને ? 'સહજ મિલા સો દૂધ બરાબર.' પેલા બાવા માગવા આવે ને માગવા ? એ એમ બોલે. અમે દુકાન ઉપર બેઠા હોઈએ ત્યારે ઘણા જોયા છે. ત્યાં તો અમારે દરરોજ એક બાવો તો આવે જ. એ ગામમાં – પાલેજમાં રિવાજ (હતો). અને એ રીતે કોઈક માણસ આપે. એટલે એ રીતે પૈસો પૈસો ઉઘરાવી જાય. તે દિ' હોં ! ૭૦ વર્ષ પહેલાં ! એ પછી બોલે, 'સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની, ખીંચ લિયા સો રક્ત બરાબર, ગોરખ બોલે વાણી.' તે દિ' (એવું બોલતા). આ..હા..હા...! 'સહજ મિલા સો દૂધ બરાબર' એમ એ લોકો બોલે. અર્થને તો ક્યાં કંઈ સમજે છે ? 'માંગ લિયા સો (પાની)' માંગે (કે) મને આપો આપો. 'ખીંચચ લિયા સો (રક્ત બરાબર)' (એટલે) પરાણે લાવો, લાવો. આ..હા...!

એક ફકીર આવ્યો હતો. ગામનો હતો. પછી તો ગામમાં રહેતો હતો (એટલે) જાણીતો થઈ ગયો. બાયડી હતી, છોકરા હતા. પણ અમારા (ભાઈ) હઠે ચડી ગયા. પેલો કહે, ઝટ પૈસો આપો ! (આમને આપતા) વાર લાગી. (અને આણે) પોતાનું એક લૂગડું બાળ્યું. કાંઈક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હઠે ચડ્યા હતા, કારણ ગમે ઈ હોય. (પહેલાં) એક પૈસો (માંગ્યો) પછી ચાર પૈસા માંગવા મંડ્યો. અંતે લૂગડું બાળ્યું એટલે આઠઆના આપવા પડ્યા. જૂનું લૂગડું હોય ઈ બાળ્યું (હોય). તે દિ'ની વાત છે. પેલો ફકીર એવો હતો, પછી હઠે ચડી ગયો. પહેલા પૈસો માગતો હતો, પછી (કહે), હવે ચાર પૈસા વિના નહીં ઉઠું. બે આના વિના નહીં ઉઠું, (એમ) કરતાં કરતાં લૂગડું બાળ્યું ! લાવો અડધો રૂપિયો ! અંતે આઠઆના દેવા પડ્યા. 'પાલેજ' દુકાન ઉપર આ બનેલી વાત છે.

અહીં કહે છે, 'ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.' 'ખોટી' શબ્દ કેમ વાપર્યો છે ? કે, અંદર સાચો પુરુષાર્થ કરે તો તો સહજ કામ થાય. અંતરમાં જવા માટે સાચો પુરુષાર્થ કરે તો તો કામ થાય પણ ખોટી ઉતાવળ કરીને હઠથી કામ કરવા જાય (તો) એ નહીં મળે. રાગમાં – હઠમાં આવીને (એમ કહે કે), 'બસ ! આજે જ કેવળ લેવું છે, આ ચારિત્ર લેવું છે.' એમ નહીં ચાલે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

કેટલાક કહે છે ને કે, સમકિત થયું ને ચારિત્ર ન થાય તો તો પછી થઈ રહ્યું ! (પણ એમ ચારિત્ર) ન થાય. કરોડો, અબજો વર્ષ ન થયું. આ..હા..હા...! અને કોઈએ છઠ કર્યો ને કોઈએ ૬ મહિના (ઉપવાસ) કર્યા. 'ઋષભદેવ' ભગવાને ૬મહિનાના ઉપવાસ કર્યા છે, 'મહાવીરે' છઠ કર્યા હતા, લ્યો ! એ તો જેમ સહજપણે જે પુરુષાર્થ આવે એ પ્રમાણે જાણે. (પહેલા તીર્થંકરે) ૬ મહિનાના ઉપવાસ (કર્યા હતા). પછી બીજા તીર્થંકર કહે, અમે પણ ૬ મહિનાના ઉપવાસ (કરશું) એમ ન હોય. સહજપણે જે વિકલ્પ ઊઠયો હોય એ પ્રમાણે પુરુષાર્થથી કામ કરે. ખોટી ઉતાવળ કામ ન કરે, એમ કહે છે. આ બધી બહુ સમજવા જેવી વાત છે. આ..હા..હા...! ૩૪ (બોલ પૂરો થયો).

> અનંત કાળથી જીવને અશુભભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભભાવ સહજ છે. વળી શુભને વારંવાર કરતા શુભભાવ પણ સહજ થઈ જાય છે. પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી, ખબર પડતી નથી. ઉપયોગને સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ. ૩૫.

૩૫. 'અનંત કાળથી જીવને અશુભભાવની ટેવ પડી ગઈ છે,...' આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાશ્રદ્ધા અને ક્રોધ, માન, માયા, લોભ, વિષય-વાસનાના અશુભભાવની તો અનાદિથી ટેવ પડી ગયેલી છે. એ અનાદિનો અભ્યાસી છે. '**सुदपरचिदाणुभूदा**' આ..હા..હા...! 'અનંત કાળથી જીવને અશુભભાવની ટેવ પડી ગઈ છે,...' કીધું નહિ ? '**सुदपरचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**' ('સમયસાર'ની) ચોથી ગાથા છે ને ? સર્વ જીવોને ઇચ્છા અને ઇચ્છાનું ભોગવવું – એ વાત સાંભળી છે, પરિચયમાં આવી છે અને અનુભવમાં આવી ગઈ છે. ત્યાં 'સર્વ જીવને' એમ કીધું છે.

એકેન્દ્રિય જીવ જે હજી માણસ થયા નથી એને પણ એમ કહ્યું. '**सुदपरचिदाणुभूदा सव्वस्स वि**' 'સર્વ જીવ' – એમ શબ્દ પડ્યો છે. કેટલાક તો હજી ત્રણ પણ થયા નથી. છતાં એને કેમ છે ? કે, એને પણ ત્યાં રાગની અનુભવદશા વર્તે છે એટલે એને રાગ સાંભળ્યો છે, પરિચયમાં આવ્યો (છે) અને વેદાય છે. એકેન્દ્રિય નિગોદના જીવ હજી ત્રણ થયા નથી તો પણ '**सुदपरचिदाणुभूदा**' જેને વેદનમાં રાગનો જ એકલો વિકાર છે માટે શ્રુત, પરિચય એમાં આવી ગયું. એનું પરિણામ(નું) વેદન છે એ તો કરે જ છે માટે રાગને કરવું અને વેદવું એ તો અનાદિની ટેવ છે. આ..હા..હા...! એટલે તેને અશુભભાવ સહજ છે. સહજ થઈ ગયો, જાણે મારી ચીજ જ હોય નહિ ! આ..હા..હા...! વિષય-વાસનાનો રસ એને જાણે સહજ થઈ ગયો ! આ..હા..હા...! ઈ ટેવાઈ ગયો છે.

'વળી શુભને વારંવાર કરતા શુભભાવ પણ સહજ થઈ જાય છે.' શુભ પણ અનંત વાર કર્યું છે (એટલે) એને ટેવ થઈ ગઈ છે. એકેન્દ્રિય નિગોદમાં પણ શુભ છે. સદાય છે. આ..હા..હા...! હજી કોઈ દિ' ત્રસ થયા નથી એવા નિગોદના જીવને ક્ષણે શુભ, ક્ષણે અશુભ, ક્ષણે શુભ (થયા જ કરે છે). આ..હા..હા...! એવો શુભભાવ એને સહજ થઈ ગયો છે. સહજ થઈ ગયો એટલે કે બસ ! થયા જ કરે છે. આ..હા..હા...! સ્વભાવ છે એમ નહિ પણ વિકાર એને સહજ થઈ ગયો છે, એમ કહે છે. આ..હા..હા...!

'પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી,...' આ..હા..હા...! બહારની સામગ્રી તો અધિકપણે દેખાય એટલે ત્યાં રોકાણો પણ એ તો એનો અશુભભાવ છે. એની ટેવ પડી ગઈ. આ..હા..હા...! પાંચ-પચીસ લાખ થાય, વ્યવસ્થિત કામ લેવું, આમ દુકાન કરવી, આમ કરવું, તેમ કરવું, આટલા નોકર રાખવા એવો અશુભભાવ તો એને સહજ થઈ ગયેલો છે, ટેવ પડી ગઈ છે. આ..હા..હા...! સવારે ઊઠે એટલે પાધરો દુકાને જાય. આનું આમ કરવું, આનું આમ કરવું, આનું આમ કરવું... (એમ) એ તો ટેવાઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયો છે. કામ કોણ કરી શકતો હતો ? આ..હા..હા...!

'હું કરું, હું કરું, એ જ **અજ્ઞાન** છે' આ તો ભગવાનઆત્મા માને છે એમ કહેવું છે. અહીં તો એ લેવું છે ને ? મેં કર્યું ! આ દુકાનમાં મેં વ્યવસ્થિત કર્યું, આ ધંધો બરાબર સરાડે મેં ચડાવ્યો, દુકાનમાં બાર મહિના ધ્યાન રાખ્યું (ઈ) મેં બરાબર કર્યું, લ્યો ! (આપણા એક મુમુક્ષુ) સાધારણ હતા. સાયકલ (લઈને) પોતે ગામડામાં એકલા જાતા, આમ ને તેમ, કરતા કરતા પૈસા ભેગા થઈ ગયા. સાયકલ (લઈને) જાય ને ગામડામાં જાય, તમાકૂ (જોવે), આ કરો, ફલાણું કરો... એ તો અશુભભાવની ટેવ પડી ગઈ છે, કહે છે. પેલી ક્રિયા કરી શકે છે એ વાત તો છે નહિ. આ..હા..હા...!

આ..હા..હા...! છોકરાના લગ્નનો પ્રસંગ હોય તો આમ ગાંડો થઈ જાય !

મુમુક્ષુ :– એ કંઈ વારંવાર થોડી આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કંઈ વારંવાર થોડી આવવાનું. વિચારમાં ધૂન ચડી જાય, આનું આમ કરવું છે, આનું આમ કરવું છે, આનું આમ કરવું છે. આ..હા..હા...! પછી નાતમાં બેડા વેચવા છે, ઢીકણું આમ કરવું છે. બેડા સમજાય છે ? બેડા ! તાંબાના પાણી ભરવાના હોય છે ને ? છોકરાના લગ્ન કરે ને ? (એટલે) નાતમાં વ્હેંચે. પૈસાવાળો માણસ હોય ને ? આ..હા..હા...! કરે છે ને, આવું કરે છે.

ભાઈની વાત નહોતી ? એકના લગ્ન હતા તો નાતમાં બેડા વ્હેંચ્યા. તાંબાના, પીત્તળના ઘર દીઠ (વ્હેંચ્યા). એના છોકરાની વહુની જ્યારે સુવાવડ આવી ત્યારે પૈસા ન્હોતા. (એક જણ) કહેતા કે, ઈ મારી પાસે આવ્યો (અને કહ્યું), ભાઈ ! (મારી) પાસે પૈસા નથી (અને) વહુને હોસ્પીટલમાં ગોઠવવી છે. કહો, જેના લગ્નમાં નાતમાં પીત્તળના, તાંબાના બેડા વ્હેંચ્યા. બેડા સમજ્યા ને ? આ પાણી ભરવાના ઠામ. એને સુવાવડ વખતે કો'ક પાસે પૈસા માંગવા પડ્યા ! પૈસા ખલાસ થઈ ગયા. આ..હા..હા...! એ તો... આ..હા..હા...! ચડતી-પડતી છાયા છે. એમાં એને મુશ્કેલ થઈ જાય. આ..હા..હા...! બે હજાર ઘર, ઘરદીઠ બેડા, એક એક બેડાની પચીસ-પચીસ રૂપિયાની કીંમત ! આ..હા...! પચાસ હજાર વ્હેંચ્યા, ઢીકણું થયું... એમાં શું ડાળિયા થયા ? ધૂળ (છે). આ..હા..હા...! એ તો એમાં ટેવાઈ ગયો છે, કહે છે. અને શુભમાં પણ ટેવાઈ ગયો છે એમ અહીં તો કીધું. મંદિર કરવું ને ભક્તિ કરવી ને પૂજા કરવી ને શાસ્ત્ર બનાવવા... આ..હા..હા...!

મુમુક્ષુ :– મંદિર તો આપણે પણ બનાવ્યા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ બનાવે ? પેલાએ મને પૂછ્યું કે, એક પુસ્તક રાખવું જોઈએ કે, આવું મકાન (છે), ફલાણું આ છે, ઢીકણું છે... મેં કીધું, ભાઈ ! હું તો કોઈને કહેતો નથી. આમ તો ખુશી થતો હતો. ઓ..હો...! આ બધું શું છે આ ! આ ઠેકાણે આ છે, આ ઠેકાણે આ છે... લખેલું છે ક્યાંય ? હશે, આપણને ખબર નથી. કીધું, અમે તો કોઈને કાંઈ કરવાનું કીધું નથી કે, મકાન કરો. થઈ ગયું છે, થાય છે. આ..હા..હા...! આમ કરવું જોઈએ, એક પુસ્તક રાખવું જોઈએ, જેથી (દર્શન કરવા) આવ્યો હોય એને ખ્યાલ આવે કે, આ આટલી કીંમતનું છે ને આ થયું છે... પણ એ પણ શુભભાવની એક ટેવ પડી જાય છે, કહે છે. આ..હા..હા...!

'પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે...' પેલો (શુભ-અશુભભાવ) સહજ નથી, કૃત્રિમ છે એની તને ટેવ પડી ગઈ... આ..હા..હા...! એમ કહે છે. કૃત્રિમ છે, નવો થાય છે, મૂળ સ્વભાવમાં નથી અને નવો કૃત્રિમ થાય છે. એની પરંપરા પણ નવી કરે તો થાય છે. એ પરંપરા ચાલે એવી કોઈ ચીજ નથી. આ..હા..હા...! છતાં કહે છે, એની – શુભભાવની ટેવ પડી ગઈ. આનું આમ કરવું ને આનું આમ કરવું, શાસ્ત્રો રચવા, ફલાણું કરવું પછી આમ (કરવું). આ..હા...! ૨૭ લાખનું મકાન આમ દેખે તો લોકોને એમ થાય કે, આ..હા..હા...! 'સોનગઢ' ગામ નાનું અને આ શું ! એ તો જાણનારને જાણવું હશે અને થવાનું હશે (તે) થશે, બાપા ! કોણ કરે એને ? આ..હા..હા...!

મુમુક્ષુ :– આપના પુણ્યપ્રતાપે થાય....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધી વાતું (છે). પુણ્યની વાતું (છે).

'પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી,...' ત્રિકાળી આનંદનો કંદ પ્રભુ સહજ છે, જે નવું કરવું નથી અને જેમાંથી કાંઈ જાતું નથી. આ..હા..હા...! જે ચીજ અંદર છે એમાં કંઈ નવું કરવું પડતું નથી, ઈ તો છે. આ..હા..હા...! એમાંથી કંઈ જાતુ પણ નથી. આ..હા..હા...! નવું કરવું પડતું નથી અને કંઈ જાતું નથી, ઈ તો છે. આ..હા..હા...! અરે..રે...! મુદ્દાની રકમ રહી ગઈ અને ઉપરની બધી વાતું કરી ! આ..હા..હા...!

'પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે...' સહજ છે. નવો કરવો પડતો નથી તેમ એમાં ઓછપ થતી નથી. તેથી પૂરું કરવું પડે (એવું નથી). પૂર્ણ ચીજ છે એમાં ઓછપ થતી નથી. ઘટતું નથી (કે) એને વધારવું પડે. એ તો છે એમ ને એમ છે. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ..હા..હા...! શુભ અને અશુભની ટેવ પડી ગઈ.

‘**सुदपरचिदाणुभूदा**’ કામ-ભોગ બંધનની કથા. કામ એટલે ઇચ્છાનું ભોગવવું. ‘**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।**’ પરથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન, એ વાત તરફનો એને ખ્યાલ આવતો નથી. એ ચીજ આવડી છે, જેમાં કાંઈ નવું કરવું પડે નહિ. નવું કરે તો એ થાય, જેમાં ઘટશે માટે કંઈ પુષ્ટિ આપવી પડે તો થાય (એવું નથી). આ..હા..હા...! જેમાં વધઘટ નથી એવો પ્રભુનો ત્રિકાળી સહજ સ્વભાવ... આ..હા..હા...! એનો એને ખ્યાલ આવતો નથી. જે વાસ્તવિક ચીજ છે, વાસ્તવિક અસ્તિ છે, જેની ઉત્પત્તિ (અને) વ્યય છે નહિ. આ..હા..હા...! ઉત્પત્તિ અને વ્યય તો પર્યાયમાં છે. આ..હા..હા...! ત્રિકાળી સહજ સ્વભાવ, અતીન્દ્રય અમૃતના સાગરથી પૂર્ણ ભરેલો ભગવાન (છે), એને શુભ-અશુભભાવની ટેવને લઈને આ ખ્યાલમાં આવતું નથી. આ..હા..હા...!

શુભ અને અશુભના પરિચયને લઈને... ‘શ્રુત પરિચિત’ કીધું ને ? (‘સમયસાર’) ચોથી ગાથા. સાંભળ્યું (એ) તો ઠીક, પરિચય ઘણો કર્યો. એનો સમસ્ત પ્રકારે પરિચય. સમસ્ત પ્રકારે એનો ચય (કર્યો). પરિચય એટલે ઢગલો કર્યો, સમસ્ત પ્રકારે એનો જ ઢગલો કર્યો. આ..હા..હા...! અશુભરાગની ટેવને લઈને અશુભ કર્યું, એને સહજ લાગ્યું. શુભની ટેવને લઈને શુભ કર્યું, એ પણ સહજ લાગ્યું. પણ સહજ સ્વરૂપ જે છે (જેમાં કંઈ) કરવું નથી, ઉત્પન્ન કરવું નથી, ઉત્પન્ન કરવું નથી, વ્યય થતો નથી... આ..હા..હા...! એની ટેવ પાડે તો એ વસ્તુ હાથ આવે. પર્યાયમાં ટેવ પાડે તો એ જુદી (વાત છે), પણ ધ્રુવની ટેવ પાડે તો ધ્રુવ રહે એમ નથી. આ..હા..હા...! એવી વાતું છે.

‘ખરેખર સહજ છે...’ પોતાનો સ્વભાવ ખરેખર સહજ છે. સ્વભાવમાં... આ..હા..હા...! આવરણ નથી, અશુદ્ધિ નથી, ઓછપ નથી. નિરાવરણ છે, પૂર્ણ શુદ્ધ છે અને તે પણ પૂર્ણ છે. આ..હા..હા...! એવા સહજ સ્વભાવનો ખ્યાલ આવતો નથી. આ..હા..હા...! ઉછળી ઉછળીને કૃત્રિમ ભાવ – શુભ-અશુભમાં ઉછળી જાય છે. ત્યાં અંદર ઉછળે છે, આમ.. આમ.. આમ.. આમ... આ..હા..હા..હા...! (સહજ સ્વભાવનો ખ્યાલ આવતો નથી) ‘ખબર પડતી નથી.’ ખ્યાલ આવતો નથી તેથી એની ખબર (પડતી નથી). આ ચીજ છે, પૂર્ણ સ્વરૂપ છે, દરેક શક્તિ–ગુણે પૂર્ણ છે અને આખું તત્ત્વ બધા ગુણે પૂર્ણ છે... આ..હા..હા...! એનો એને ખ્યાલ આવતો નથી તેથી તેની ખબર પડતી નથી. ખ્યાલ આવતો નથી તેથી તેની ખબર પડતી નથી. આ..હા..હા...! ભાષા સાદી (છે) પણ ભાવ ઘણા ઊંડા છે. આ..હા...! મધ્યસ્થ માણસ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય તો એકવાર તો આત્મામાંથી એને આવે કે, ઓ..હો...! આવી વાત તો આપણે કોઈ દિ' સાંભળી નથી !! આ..હા..હા...! જે સહજ સ્વરૂપ છે, જેમાં કંઈ કરેલું નથી, જેમાં કરવાનું નથી... આ..હા..હા...! અધૂરું છે માટે અંદરમાં પૂરું કરવું છે એવું નથી. આ..હા..હા...!

**પ્રશ્ન :–** દ્રવ્ય અપેક્ષાએ કરવું નથી પણ પર્યાય અપેક્ષાએ કરવાનું છે ને ?

સમાધાન :– ઈ પર્યાયની પછી વાત, અહીં તો પહેલું આ. એવું જે સહજ સ્વરૂપ એની ટેવ પડી નથી એમ કહે છે. આ..હા..હા...!

'ખબર પડતી નથી.' આ..હા..હા...! 'ઉપયોગને સૂક્ષ્મ કરીને...' આ..હા..હા...! હવે ખબર કેમ પડે ? 'ઉપયોગને સૂક્ષ્મ કરીને...' વર્તમાન જે જ્ઞાનનો પર્યાયમાં વેપાર તે પર્યાયને સૂક્ષ્મ કરી, સ્થૂળપણાના પરના લક્ષમાંથી છોડી દઈ અને સ્વને જાણવા માટે તે જ્ઞાનના પર્યાયને સૂક્ષ્મ કરી... આ..હા..હા...! 'સહજ સ્વભાવ પકડવો **જોઈએ**.' ત્રિકાળી આનંદના નાથને... આ..હા..હા...! ઉપયોગને સૂક્ષ્મ કરી (સહજ સ્વભાવ પકડવો **જોઈએ**). શુભ-અશુભ ઉપયોગ છે એ તો સ્થૂળ છે. આ પુણ્ય-પાપ અધિકારમાં આવે છે ને ? સ્થૂળ અશુભભાવ છોડ્યો પણ સ્થૂળ શુભભાવ છોડતો નથી તેથી તેને સામાયિકની પ્રતિજ્ઞા લીધાં છતાં સામાયિક થતી નથી. આ..હા..હા...! આ..હા..હા...! સ્થૂળ, શુભને સ્થૂળ ઉપયોગ કીધો છે. આ..હા...!

'ઉપયોગને સૂક્ષ્મ કરી...' એનો અર્થ કે, શુદ્ધ કરી. આ..હા..હા...! સહજ સ્વભાવ અનુભવવો **જોઈએ**. 'પકડવો **જોઈએ**.' એટલે એ વસ્તુ જે બિંબ છે, વ**જ**નું બિંબ, ધ્રુવ બિંબને પકડવું **જોઈએ**. આ..હા..હા...! આ..હા..હા...! ઉપયોગને સૂક્ષ્મ કરી એટલે કે શુદ્ધ કરીને. આ..હા..હા...! 'સહજ સ્વભાવ પકડવો **જોઈએ**.' સહજ સ્વભાવ ધ્રુવ સ્વભાવ અનુભવમાં લેવો **જોઈએ**. આ..હા..હા...!

'ઉપયોગને સૂક્ષ્મ કરીને...' કેમ કે પોતે સૂક્ષ્મ ચીજ છે. વર્ણ, ગંધ, રસવાળી નથી. રાગના, પુણ્ય-પાપના ભાવવાળી નથી. 'ઉપયોગને સૂક્ષ્મ કરી' એ પર્યાય થઈ. 'સહજ સ્વભાવ' એ ત્રિકાળ થયો. 'પકડવો **જોઈએ**' એ વર્તમાન પર્યાય થઈ. આ..હા..હા...! સાદી ભાષામાં ગુજરાતીમાં આવ્યું છે.

સવારમાં કો'ક બે 'રતલામવાળા' આવ્યા હતા. 'રતલામવાળા' જુવાન છોકરાઓ હતા. અમે સાંભળવા આવ્યા પણ અમને ગુજરાતી સમ**જા**તું નથી. બન્ને છોકરાઓ હતા પ્રેમી. વ્યાખ્યાનની બહાર નીકળી (એને પૂછ્યું), ગુજરાતી સમ**જા**ણું કાંઈ ? તો કહે, ના, ના. ગુજરાતી અમે સમજતા નથી. (મેં કીધું), અહીં તો ગુજરાતી ચાલે છે, ભાઈ ! હિન્દીમાં આવું સૂક્ષ્મ નીકળે નહિ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬.**

**૩૬.** 'જે પ્રથમ ઉપયોગ...' નામ **જ્ઞા**નના વેપારને 'પલટો કરવા માગે છે પણ અંતરંગ **રુ**ચિને પલટાવતો નથી,...' **રુ**ચિને પલટાવતો નથી તો ઉપયોગ પલટો કઈ રીતે ? આ..હા..હા...! જે પરની **રુ**ચિ છે તેને છોડીને પોતાનો સ્વભાવ છે એની **રુ**ચિ કરે તો ઉપયોગ પલટે. ઉપયોગ પલટવા માગે છે પણ **રુ**ચિ તો પરમાં પડી છે. આ..હા..હા...! જેમાં ઉપયોગ **જો**ડવો છે તે વસ્તુની **રુ**ચિ વિના ઉપયોગ તે તર**ફ** કેમ ઢળશે ? આ..હા..હા...! સાદી ભાષા ! આ..હા...! આમાં ક્યાં કોઈ વાદવિવાદની વાત પણ છે ? વસ્તુસ્થિતિ જ આ છે. આ..હા..હા...!

'પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે...' (અર્થાત્) **જા**ણવાની પર્યાય છે એને સ્વભાવ તર**ફ** વાળવા માગે છે પણ સ્વભાવની **રુ**ચિ તો કરતો નથી. **રુ**ચિ કરતો નથી તો '**રુ**ચિ અનુયાયી વીર્ય' જેના તર**ફ** **રુ**ચિ હોય ત્યાં વીર્ય કામ કરે. તો **રુ**ચિ નથી તો ઉપયોગ કેમ પલટે ? આ..હા..હા...! ભાઈ ! આવી વાત છે.

પુસ્તક બહાર આવી ગયું છે, લોકો વાંચશે. એની મેળાએ શક્તિ પ્રમાણે સમ**જા**ય એવું છે, બહુ ઝીણું, ગૂઢ છે. ભાષા સાદી ગુજરાતી (છે) અને એકલા સિદ્ધાંતો જ છે. આ..હા..હા...!

શું કહે છે ? કે, વસ્તુ છે એની **રુ**ચિ કરતો નથી અને ઉપયોગને પર તર**ફ**થી હટીને આ બાજુ પલટાવવા માગે છે (પણ) એ શી રીતે થઈ શકશે ? આ..હા..હા...! વસ્તુસ્વભાવ ત્રિકાળ (છે) એની **રુ**ચિ કરતો નથી અને **રુ**ચિ કર્યા વિના ઉપયોગને પલટાવવા માગે છે (પણ) નહિ પલટી શકે. આ..હા..હા...! સ્વભાવ સિવાય ક્યાંય પણ કોઈ સ્થાનમાં – માનમાં, રાગમાં, કોઈ અનુકૂળતામાં બહારમાં **રુ**ચિ પડી હોય એ ઉપયોગ પલટાવવા માગે છે (પણ) **રુ**ચિ તો અંતરમાં આવી નથી. પરમાં, **રુ**ચિમાં ત્યાં પ્રેમમાં પડ્યો છે. આ..હા..હા...! **રુ**ચિ પલટ્યા વિના ઉપયોગ પલટી શકશે નહિ. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ચીજ છે તે પાસાશે, રાગ અને પુણ્ય આદિ પોસાય નહિ અને પ્રભુ પૂર્ણ છે તે પોસાણમાં પ્રતીત થશે, **રુચિ** (થશે), પોસાણ થશે તો ઉપયોગ પલટશે. આ..હા..હા...! અંતરના પોસાણ વિના અંતરમાં ઉપયોગ કઈ રીતે જશે ? આ..હા..હા...! આ..હા..હા...! શાસ્ત્રના **જ્ઞાન** કરે, વાંચે, વિચારે પણ પ્રેમ – **રુચિ** હજી અંદર ગઈ નથી. આ..હા..હા...! એને સ્વભાવથી બીજી કોઈપણ ચીજમાં – **જ્ઞાન**ના ઉઘાડમાં, ધારણામાં અધિકતા ભાસે એ ઉપયોગ કેમ પલટી શકે ? આ..હા..હા...! શું કહ્યું ઈ સમજાણું ?

પ્રભુ પોતે એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ સહજ સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ (છે) તેના તરફનો ઉપયોગ પલટાવવા માગે છે પણ તેની **રુચિ** વિના ઉપયોગ કેમ પલટે ? **રુચિ** તો ક્યાંક ક્યાંક અટકી ગઈ છે. આ..હા..હા...! વસ્તુના સ્વભાવની **રુચિ** સિવાય ક્યાંય પણ ઉઘાડમાં, માનમાં, બીજા અધિક માને એની મહાનતામાં તું રોકાઈ ગયો છો...આ..હા..હા...! તો એની **રુચિ** પલટી નથી. આ..હા..હા...! અને **રુચિ**ના પલટ્યા વિના **જ્ઞાન**નો ઉપયોગ પલટી શકશે નહિ. આવી સાદી ભાષા છે, પ્રભુ ! આ..હા..હા...! પેલું તો આમ ધમાલ ચાલે.. આ કરો, આ કરો, વ્રત કરો, તપ કરો, રથયાત્રા કાઢો, ગજરથ હાથી કાઢો... આ..હા..હા...! **૨૧-૨૧** હાથી ! 'જયપુર'માં નીકળ્યું હતું ને ? હતા તમે ? ભાઈ હતા ? **૨૧** હાથી ! આખું ગામ ઉછળેલું !! માણસ... માણસ... માણસ...

મુમુક્ષુ :– હાથી જોવા નીકળ્યું, આપનું વ્યાખ્યાન સાંભળવા આખું ગામ ન આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ ન આવી શકે, આ (–બહારની ધમાલ) જોવામાં આવે ને ? એક સાધુ ગામમાં હતો તે જોવા નીકળ્યો હતો કે, આ છે શું પણ ? આ..હા..હા...! માણસ તો માય નહિ. ઠેઠથી ઠેઠ નજર પડે નહિ એટલું માણસ ! **૨૧** તો હાથી ! અને શું કહેવાય ? બેંડવાજા ! એ પણ ઘણા, હજાર-હજાર, બે-બે હજાર માણસ પછી વાજા ! એક જ વાજું નહિ. લોકો જોવા નીકળે. એ સાધુ જોવા નીકળેલા, આ શું છે ? આટલું બધું ! આ 'કાનજીસ્વામી' તો રથ ઉપર બેઠા છે ! અને લોકો, બાવા જોવા નીકળેલા. છે કોણ આ ? **૨૧** હાથી મોઢા આગળ (ચાલે) ! બાપુ ! એ તો બહારની વાતું છે, ભાઈ !

મુમુક્ષુ :– એના વખાણ બહુ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુનિયા તો જેની **રુચિ** છે ત્યાં ઉપયોગ કામ કરે છે. ઈ ચીજ ક્યાં તારી છે ? અને એ ક્યાં આત્માનું કર્યું થાય છે ? રથ ને ઘોડા ને, એ તો જગતની જડની ચીજ છે. એને કાળે તે નિજ ક્ષણે પર્યાય થવાની તે થાય છે. આ..હા..હા...! પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહાર તરફના ભપકા અને પોતાની ચીજથી બીજી ચીજમાં કાંઈક અધિક, વિશેષતા... વિશેષતા, કંઈ પણ વિશેષતા ભાસે તો ત્યાં રુચિ રહી ગઈ, ઉપયોગ નહિ પલટી શકે. આ..હા..હા...! બરાબર છે ? ભાઈ ! એને હવે જાવું છે, 'યૂરોપ'માં ! દર્શન કરવા આવ્યા હતા, પછી 'યૂરોપ'માં જશે. રખડવા !

મુમુક્ષુ :– વેપાર માટે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વેપાર માટે, રખડવા માટે તો કહ્યું.

અંતરની ચીજ જે એક સમયમાં સહજ પડી છે, પૂર્ણ પડી છે અને એકલી અંદર આનંદ આદિ શક્તિઓનો તો સાગર છે. એની રુચિ વિના પર તરફનો ઉપયોગ અંદર નહિ વળી શકે. આ..હા..હા...! અને પર તરફનો ઉપયોગ નથી વળતો (તો) આ બાજુમાં (–બહારમાં) ક્યાંક રુચિ રહી ગઈ છે. આ..હા..હા...! એમ કહે છે. ઉપયોગ પલટાવવા માગે પણ રુચિ પલટ્યા વિના (ઉપયોગ) કેમ પલટશે ? એમ કહે છે. એ રુચિ કયાંક અટકી છે. આ..હા..હા...! કોઈ સૂક્ષ્મ રાગ આદિ વિકલ્પના પ્રેમમાં ફસાઈ ગયો હોય.... આ..હા..હા...! છે ને ?

'પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે...' પહેલું આ કરવા માગે છે, પણ પહેલાં રુચિ કરવી જોઈએ. આ..હા..હા...! પોસાણમાં આત્મા પોસાવો જોઈએ. આત્મા સિવાય કોઈ ચીજ પોસાણમાં પોસાય નહિ. આ..હા..હા...! કરોડો, અબજો રૂપિયા ખર્ચીને આમ ભપકાવાળા મંદિરો બનાવ્યા હોય. આ કીધું ને ? 'બેંગલોર' ! પંદર લાખનું મંદિર ! 'બેંગલોર' ! હેઠે, ઉપર... વૈદ્ય સાથે હતા, વૈદ્ય ! 'કલકત્તા'નો મોટો (ડૉક્ટર) ! હોમિયોપેથીનો મોટો વૈદ્ય ! બ્રહ્મચારી, હોં ! ૪૯ વર્ષની ઉંમર પણ બાળ બ્રહ્મચારી અને રાજકુમાર જેવો રૂપાળો છે. ઈ કહે, પ્રભુ ! અત્યાર સુધી તો મેં (લગ્ન) નથી (કર્યાં), હવે આ પ્રમાણે જાવજીવ રહેવું છે. ઈ માણસે ભગવાનનું આ પંદર લાખનું મંદિર જોયું, એ તો વેદાંતી (છે), પણ અહીંયાં સાંભળવામાં રસ આવી ગયો એટલે સાંભળતા આમ જોયું... ઓ..હો..હો...! 'બેંગલોર' ! એક હજાર રૂપિયા પોતે આપ્યા ! વૈદ્ય ! આ..હા..હા...! પણ એ બધી બહારના ભપકાની ચીજ ! આ..હા..હા...!

અહીંયાં 'આફ્રિકા'માં અત્યારે (આપણા મુમુક્ષુઓ) ગયા છે. હજારો માણસો સાંભળવા ભેગા થશે. ત્યાં જાનારા ઓછા હોય. પણ ત્યાં શ્વેતાંબર છે, આપણો પક્ષ છે, સ્થાનકવાસી પણ હશે, હોય. સાંભળવા (માટે) માણસ ઘણું ભેગું થશે. આજે કેટલામી તારીખ છે ? પંદર !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમ દિ' એટલે અગિયારસ નહિ ? આજે નોમ છે, કાલે દસમ. તીથી વધે-ઘટે છે ? પૂનમ પહેલાં કાંઈ ઘટતી-વધતી નથી ને ? આ પાંચમ બે થઈ ગઈ. બારસ-તેરસ ભેગા છે ? એક તીથી ઘટે છે. આજે તો નોમ છે, કાલે દસમ, પરમ દિ' અગિયારસ. પંદર લાખના મંદિરનું ખાતમૂહુર્ત પરદેશમાં ! અહીંથી ઈંટુ લઈ ગયા છે. ઈંટુ... ઈંટું....! સાથિયા કરીને લઈ ગયા છે. પાંચ-પાંચ ઈંટું (લઈ ગયા છે). (એક ભાઈએ) ત્યાં (સાથિયા) કરાવ્યા અને (બીજા ભાઈએ) અહીં કરાવ્યા હતા, ભાઈ અહીં આવ્યા હતા. લોકો ભરાશે, માણસ ભરાશે. આ બે જણ પણ હોશિયાર છે ને ! આ..હા..હા...!

બહારની વાતું કરતાં અંતર ચીજની રુચિ પલટે તો ઉપયોગ અંદર જવાનું કામ કરે. આ..હા..હા...! ઈ સાંભળવાનો પ્રેમ, ભગવાનના દર્શનનો પ્રેમ, ભગવાનની મૂર્તિ દેખવાનો પ્રેમ, એ બધો ઉપયોગ પર તરફ છે. એ તો શુભઉપયોગ છે. આ..હા..હા...! એને પલટાવવા (માટે તો) રુચિ પલટે તો ઉપયોગ પલટી જાય. આ..હા..હા...! આ 'રુચિ અનુયાયી વીર્ય' માતાને માતા તરીકે જ્યારે જાણે તો એનો પ્રેમ બીજી જાતનો થઈ જાય અને એને એક સ્ત્રી તરીકે જોવે તો બીજી જાતનો (પ્રેમ) થઈ જાય. આ..હા...!

'બોટાદ'માં (એકવાર એવું) થયું હતું. નવી મા હતા, નવી. તે બૈરા ન્હાવા ગયેલા અને એ બૈરાનો સાડલો નવી માએ પહેરેલો. નવી માં સમજાય છે ? પેલી બાઈ સૂતી હતી. બાઈનો – વહુનો સાડલો પહેરીને સૂતી હતી. એને ખબર નહિ કે વહુ ન્હાવા ગયા છે. આ..હા..હા...! એટલે આમ જગાડવા માટે ઠેબુ માર્યું. (એને) એમ કે એની સ્ત્રી છે. ત્યાં બેને જાગ્યા (અને કહ્યું), કેમ ભાઈ ? વહુ ન્હાવા ગયા છે. આમ કીધું ત્યાં... પલટો ફડાક થઈ ગયો ! આ તો માતા (છે) ! અરે...! જનેતા (છે). ભલે નવી મા હતા પણ માતા તો છે ને ? અરે...! મારી મા છે. આ..હા..હા...! રુચિ પલટી ગઈ, ઉપયોગ (પલટી ગયો). પેલો અશુદ્ધ ઉપયોગ હતો એ એકદમ મંદ પડી ગયો. છે તો એ પણ અશુદ્ધ, પણ મંદ પડી ગયો. એમ રુચિ પલટે તો ઉપયોગ પલટે, એ વિના પલટે નહિ.

વિશેષ કહેશે....

પરાવલંબી ભાવોમાં ક્યાંક ક્યાંક મહિમા રહી જાય છે એટલે આત્માની મહિમાનું ખૂન થઈ જાય છે. (પરમાગમસાર - ૩૧૦)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## જેઠ સુદ ૧૦, શુક્રવાર, તા. ૧૬-૦૬-૧૯૭૮.
## વચનામૃત–૩૬–૩૯, પ્રવચન–૧૧

**૩૬**મો બોલ છે, **૩૬** છે ને ? **૩૬**. ફરીને લઈએ, જુઓ ! **૩૬** (બોલ). **૧૨**મે પાને નીચેથી છે.

'જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે...' શું કહે છે ? કે, આત્મા ઉપર ઉપયોગ લઈ જવા (માગે છે), જે આ બાહ્યના કામમાં ઉપયોગ છે – શરીર, વાણી, મન, દુકાન, ધંધા, સ્ત્રી, કુટુંબ-પરિવાર અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિમાં જે ઉપયોગ છે, એ ઉપયોગ મિથ્યા ઉપયોગ છે. આ..હા..હા...! જે (એ) ઉપયોગ પલટો કરવા માગે છે પણ 'અંતરંગ રુચિને પલટાવતો નથી,...' આત્મા સિવાય બધી ચીજોની જ્યાં સુધી રુચિ છે ત્યાં સુધી ઉપયોગ અંદરમાં જઈ શકશે નહિ. ઝીણી વાત છે, ભાઈ ! અનંત કાળ... આ..હા..હા...! બહારના વિષય-કષાય, મકાન, આબરુ-કીર્તિ, ધંધાપાણી, નોકરચાકર, સ્ત્રી, કુટુંબ-પરિવાર ઉપર જ્યાં સુધી રુચિ છે, જે પરચીજ છે, પરને અને આત્માને કાંઈ સંબંધ નથી, એની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ અંતરમાં નહિ જઈ શકે. આ..હા..હા...! આખી દુનિયા ઉપરથી ઉપયોગને પાછો વાળવો છે ને ? જે સ્વરૂપ છે તે તરફ વાળવો છે. પણ ઉપયોગને અંતરમાં વાળવા પહેલાં એની રુચિ જો આત્મા પ્રત્યે ન હોય તો ઉપયોગ અંતરમાં નહિ જઈ શકે.

આનંદકંદ પ્રભુ જ્ઞાયક એકલી સત્તા, સત્, જેમાં પુણ્ય અને પાપના વિકલ્પોનો પણ જેમાં અભાવ (છે). બાહ્ય સામગ્રી તો બધી દૂર છે. સ્ત્રી, કુટુંબ-પરિવાર, ધંધો, મકાન આદિ (તો દૂર છે) પણ બાહ્ય પદાર્થ પ્રત્યેનો જ્યાં સુધી સૂક્ષ્મ ભાવ (રહે), પુણ્ય પણ આદિમાં પણ રુચિ છે ત્યાં સુધી ઉપયોગ અંદરમાં નહિ જઈ શકે. આ..હા..હા...!

'અંતરંગ રુચિને પલટાવતો નથી,...' આ..હા..હા...! એના પોસાણમાં જ્યાં સુધી એક ભગવાનઆત્મા જ આવે નહિ, ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાયકસ્વરૂપનું પોસાણ આવે નહિ, રુચિ આવે નહિ ત્યાં સુધી ઉપયોગ અંદરમાં નહિ જઈ શકે. આ..હા..હા...! ભલે બાહ્યથી નિવૃત્તિ લીધી હોય પણ અંદરમાં રુચિ પર તરફના વલણવાળી છે એ અંતરમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપયોગને વાળી નહિ શકે. આ..હા..હા...! એક કોર રામ અને એક કોર ગામ !

આત્મા સિવાય વિકલ્પ – દયા, દાનના વિકલ્પથી માંડીને વેપાર-ધંધા આદિના પરિણામ તો પાપ છે એ તો વળી બહુ (દૂર છે). આખો દિ' એમાં રચ્યોપચ્યો (રહે) એ તો એકલો પાપમાં પચ્યો છે. ધર્મ તો નથી ત્યાં તો પુણ્ય પણ નથી. આ..હા..હા...! જેને આત્મા આનંદ અને જ્ઞાયક સ્વરૂપ છે, એની રુચિ થઈ નથી અને ઉપયોગને પરમાંથી પાછો વાળવા માગે છે એ નહિ વળી શકે. ઝીણી વાત છે, બાપુ ! અનંત કાળમાં નહિ કરેલું (આ કામ છે). બાકી બધું થોથાં (છે), અનંત વાર કર્યાં છે અને મરીને રખડ્યો છે. આ..હા..હા...!

'તેને માર્ગનો ખ્યાલ નથી.' અંતરંગ વસ્તુ છે પૂર્ણાનંદ અનંત ગુણ ! આ..હા..હા...! સવારમાં તો કહ્યું હતું ને ? રાત્રે બહુ કહ્યું હતું. એ વ્યાખ્યા જિંદગીમાં પહેલી જ (વાર) કહી છે. રાત્રે પણ કહી હતી અને સવારે પણ કહી હતી. જિંદગીમાં પહેલી કહી છે, કોઈ દિ' કહી નથી. વિસ્તાર તો ઘણો (આવ્યો હતો), અત્યારે તો હવે થઈ શકે નહિ, થઈ ગયો.

અહીં તો એટલું કહેવું છે કે, આ આત્મા છે એમાં ગુણની સંખ્યા અનંત છે, તે અનંતનો આ ગુણ છેલ્લો એવું જેમાં છે નહિ. આ..હા..હા...! એવા અમાપ ગુણ ઉપરની રુચિ કર્યા વિના ઉપયોગ પરથી પલટી નહિ શકે. સમજાય છે કાંઈ ? આવી ઝીણી વાત છે.

'અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી.' એટલે ? અંતરંગ વસ્તુ મહા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... સવારે કીધું હતું. અનંતનો અંત નથી (એમ) ભાઈ સવારે કહેતા હતા. અનંતનો અંત છે, આ અનંતનો અંત નથી. પણ અર્ધ પુદ્ગલપરાવર્તન છે ને ? પેલામાં છે. શું કહેવાય આ ? શું કીધું ? 'ષટ્ખંડાગમ' ! એમાં પહેલા બોલમાં છે. અનંતનો અંત છે. અર્ધ પુદ્ગલપરાવર્તન છે તો અનંત પણ એનો અંત છે.

**પ્રશ્ન** :– પૂરો થઈ ગયો ?

સમાધાન :– થઈ ગયો ને પૂરો ? એમાં (આવે) છે. શું નામ કીધું ? 'ધવલ'... 'ધવલ' ! 'ધવલ'માં છે કે, અનંતનો અંત છે. અરે...! એ તો અર્ધપુદ્ગલ લીધાં પણ નવમી ગ્રૈવેયકે અનંતા પુદ્ગલપરાવર્તન કર્યાં. સાધુ થયો, બાહ્ય ત્યાગ કર્યો પણ અંતર રુચિ, દૃષ્ટિ પલટાવી નહિ એથી એને જન્મ-મરણ મટ્યા નહિ. તો ત્યાં અનંત પુદ્ગલપરાવર્તન કર્યાં એનો પણ અંત આવી ગયો ને ?

મુમુક્ષુ :– .....

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંત (પરાવર્તન) કર્યાં પણ થઈ ગયું ને ? એમ. અનંત પુદ્‌ગલ-પરાવર્તન કર્યાં એ એટલું (પૂરું) થઈ ગયું ને ? અંત આવી ગયો કે નહિ ? આ..હા..હા...! આ જે આત્મા છે, એના ગુણની જે સંખ્યા છે એનો ક્યાંય અંત આવતો નથી. આ..હા..હા...!

આ જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તૃત્વ, કર્મ, કરણ, સંપ્રદાન.. એવી એવી એવી સંખ્યા કે, છેલ્લો આ (ગુણ), હવે થઈ રહ્યું (એવું છે નહિ). આ..હા..હા...! એવા સ્વભાવની રુચિ કર્યા વિના પર તરફથી ઉપયોગ સ્વમાં નહિ વળી શકે. આ..હા...! આવી વાત છે. જગતને ક્યાં પડી છે અંદર ? શું થશે ? અને ક્યાં જઈશ ? આ..હા..હા...!

'તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે...' આ..હા..હા...! અનંત... અનંત... બેહદ જેની સંખ્યાનો અંત નહિ. ક્ષેત્રે અસંખ્ય પ્રદેશ, કાળમાં એક સમય અને સંખ્યાનો છેડો નહિ, છેલ્લો નહિ... આ..હા..હા...! એવા અનંત ગુણનું એક દ્રવ્ય, એની રુચિ થયા વિના (ઉપયોગનો પલટો નહિ થઈ શકે). પ્રથમ રુચિનો પલટો કરે. આ..હા..હા...! એના વિશ્વાસમાં રુચિમાં અનંત... અનંત... અમાપ, જેનો છેલ્લો છેડો નહિ ! ક્ષેત્ર ભલે આટલું પણ ગણતરી કરતાં... કરતાં... કરતાં... કરતાં... આ છેલ્લો ગુણ એવું જેમાં છે જ નહિ. આ..હા..હા...! એની 'રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જાય.' આ..હા..હા...! ભાષા તો ઘણી સાદી છે પણ ભાવ તો ઘણા ઊંચા છે ! આ..હા...!

આ આત્મા અનંત શક્તિનો એક સંગ્રહાલય પ્રભુ ! જેની શક્તિની ગણતરી કરતા કંઈ અંત (આવે) નહિ કે હવે આ અનંત... અનંત... અનંત... થઈ ગયા. આ..હા..હા...! એવા આત્માની રુચિના પલટા વિના (ઉપયોગનો પલટો નહિ થાય). આ..હા..હા...! જો એની રુચિ કરે તો અંદર ઉપયોગનો પલટો સહજ થાય. આ..હા..હા...! રુચિ વિના બીજા લાખ ઉપાય કરે... આ..હા..હા...! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને.. સાધુ થઈને પંચ મહાવ્રત પાળે, બધું મિથ્યાત્વ છે. કારણ કે મૂળ ચીજ જે છે એનો એને અનંતનો વિશ્વાસ અને રુચિ થઈ નથી. આ..હા..હા...! એવા સ્વભાવની અંદર અમાપ ગુણના માપ નહિ, એ વસ્તુ માપ વિનાની અનંત, ભલે જ્ઞાન એને જાણી લ્યે. જ્ઞાનમાં માપ આવી જાય પણ અનંતનું અનંતપણે જ્ઞાનમાં માપ આવે. આ..હા..હા...! એવી રુચિનો પલટો કરે તો ઉપયોગનો સહજ પલટો થઈ જશે. આ..હા..હા...!

જે જ્ઞાનનો વેપાર પર તરફના જ્ઞેય તરફ ઝૂક્યો છે તે રુચિનો પલટો કર્યે, તે ઉપયોગ સ્વ તરફ ઝૂકી જશે. આવી વાત છે. હવે આવું તો હજી સમજવું કઠણ પડે. સાંભળવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળે નહિ. આ..હા..હા...! આ..હા..હા...!

આ તો બેનના શબ્દો ઘણા સાદા અને અંદર ઘણી ગંભીરતા છે ! આ..હા..હા...! આ વસ્તુનો **રુચિ**નો પલટો.. શું કહે છે ઈ ? આ..હા..હા...! અમાપ શક્તિનો સંગ્રહાલય પ્રભુ ! એની **રુચિ**ના પલટા વિના **જ્ઞાન**નો વેપાર પર તર**ફ**થી નહિ **ખ**સે. આ..હા..હા...! ક્યાંય **ઊં**ડાણમાં પણ ક્યાંય પર તર**ફ**ની **રુચિ** રહી ગઈ... આ..હા..હા...! ચાહે તો કોઈ દયા, દાન ને ભક્તિનો ભાવ (હોય) પણ એની **રુચિ** રહી ગઈ તો મિથ્યાત્વ છે. આ..હા..હા...! એનો ઉપયોગ અંતરમાં નહિ વળી શકે.

'માર્ગની યથાર્થ વિધિનો આ **ક્ર**મ છે.' સમ**જા**ણું કાંઈ ? હવે તો હ**જા**રો પુસ્તકો બહાર આવી ગયા છે. ત્રીસ હ**જા**ર તો આ છપાઈ ગયા છે, આવડા આ (વચનામૃત) ! 'માર્ગની યથાર્થ વિધિ...' એટલે કે **રુચિ**ના પલટા વિના ઉપયોગ અંદરમાં નહિ જઈ શકે. એ **રુચિ**ને પલટાવવી. આ..હા..હા...! જે એની વર્તમાન દશામાં, વર્તમાન દશા જ **રુચિ**(માં) પોસાય છે એમ શુભ-અશુભ રાગ પોસાય છે, એમ એના **ફ**ળ તરીકેની સામગ્રીઓનું પોસાણ અને **રુચિ** છે ત્યાં સુધી ઉપયોગ અંતરમાં નહિ જઈ શકે. આ..હા..હા...!

'**રુચિ** અનુયાયી વીર્ય' **જ્યાં** જેની **રુચિ** હશે ત્યાં તેનું વીર્ય – પુ**રુ**ષાર્થ કામ કરશે. આ..હા..હા...! આમાં વ્રત પાળવા ને ભક્તિ કરવી ને પડિમા પાળવી એ બધું આમાં કાંઈ આવતું નથી. કારણ કે એ બધો રાગ છે અને એની **જ્યાં** સુધી **રુચિ** છે... આ..હા..હા...! (ત્યાં) સુધી સ્વ-**ચૈ**તન્યમૂર્તિ પ્રભુ ! એનો ઉપયોગમાં પલટો નહિ **જા**ય. આ..હા..હા...! માર્ગની આ યથાર્થ વિધિ છે, વિધિ આ છે. પહેલું શું કરવું ? કે, પહેલું આ (કરવું). પે'લામાં આવે -છે ને ? 'ज्ञावन्न' **૧૭-૧૮** (ગાથામાં). પહેલો આત્મા **જા**ણવો. એમ ત્યાં પહેલું ઈ આવે છે. ('સમયસાર') **૧૭-૧૮** ! **શ્રદ્ધ**વું પછી લીધું છે. પહેલું – પ્રથમ – 'ज्ञावन्न' પ્રભુ ! અનંત ગુણનો પિંડ અમાપ શક્તિ(થી ભરેલો) ! **ક્ષે**ત્રથી ભલે અસંખ્યપ્રદેશી હોય, કાળથી ભલે એક સમય પૂરતો જ હોય, એ ચીજ સમય પૂરતી છે. ઈ તો ત્રિકાળ રહેવાની અપે**ક્ષા**એ ત્રિકાળ છે. એક સમયમાં અનંત અમાપ ગુણનો પિંડ છે. આ..હા..હા...! કેમ કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં છે ને ? ત્રિકાળ ભેળવીને વાત કરવી એ તો પછી અપે**ક્ષિ**ત થઈ ગઈ. આ..હા..હા...! વર્તમાન જ એ વસ્તુ, ઉત્પાદ-વ્યયની પર્યાયવાળી પણ છતાં ધ્રુવ અને ધ્રુવની ગુણની સંખ્યાનો પાર નહિ ! આ..હા..હા...! સ્વર્ગના, નરકના ભવના અનંત પુદ્ગલપરાવર્તન કર્યા પણ અનાદિકાળની અપે**ક્ષા**એ ત્યાં અંત આવી ગયો. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા એવા અનંતા પુદ્‌ગલપરાવર્તન (કર્યા), એના પરાવર્તનની પણ હદ આવી ગઈ. વર્તમાનમાં કર્યું. આ તો બેહદ, જેનું માપ જ ન મળે ! આ..હા..હા...! એવો ચૈતન્યસિંધુ ! સ્વયંભૂરમણના બિંદુનો પણ પાર છે, અસંખ્ય છે. બિંદુ અનંત નથી. સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય યોજન પહોળો (છે), એના બિંદુ ગણો તો અસંખ્ય જ છે, અનંત ન હોય. અનંત બિંદુને અનંત યોજન પહોળું (ક્ષેત્ર) જોઈએ. આ તો અસંખ્ય યોજનમાં છે. આ..હા..હા...!

આ આત્માને એથી અનંત અનંત ગુણા હો, ગુણને માટે પ્રદેશ ઝાઝા ન જોઈએ. આ..હા..હા...! એના સ્વભાવની શક્તિનું અમાપપણું, એની જેને રુચિ થઈ એનો ઉપયોગ અંદરમાં ગયા વિના રહે જ નહિ. આ..હા...! એ ૩૬ બોલ (પૂરો થયો).

**'હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે, શાંતિ મળતી નથી, વિકલ્પ માત્રમાં દુઃખ-દુઃખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે. ૩૭.**

**૩૭, ૩૭** બોલ. આ..હા..હા...! 'હું અબદ્ધ છું', પુણ્ય-પાપના વિકલ્પો છે એની તો વાતો શું કરવી કહે છે. એ તો દુઃખરૂપ છે. વેપાર-ધંધા, સ્ત્રી, કુટુંબનું પાલનપોષણ કરવું એ બધું તો એકલા પાપના પોટલાં છે. એ દુઃખ તો એક કોર રહો પણ દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામ પણ દુઃખરૂપ છે. રાગ છે ને એટલે દુઃખરૂપ છે. એ તો દૂર રહો પણ જ્ઞાયક છું અને અબદ્ધ છું 'એ વિકલ્પ પણ દુઃખરૂપ લાગે,...' આ..હા..હા...! ('સમયસાર') **૧૪૨** ગાથામાં કહ્યું ને ? આત્મા અબદ્ધ છે, પૂર્ણ છે તેથી શું ? આ..હા..હા...! ગજબ વાત છે ! તેથી ઘરમાં તું ક્યાં આવ્યો ? વ્યવહારની વાતું તો ક્યાંય દૂર રહી ગઈ પણ એની વસ્તુ જે છે, નિશ્ચય એનું સત્ય (સ્વરૂપ) જેવડું છે એવડું, એવો વિકલ્પ ઉઠાવ્યો કે, આ અબદ્ધ છું, જ્ઞાયક છું, મુક્ત છું, અમાપ ગુણનો સાગર છું એવો જે અંદર વિકલ્પ – વૃત્તિ ઉઠે... આ..હા..હા...! એવો સૂક્ષ્મ વિકલ્પ નામ રાગની વૃત્તિ ઉઠે એ પણ 'દુઃખરૂપ લાગે છે,...' આ..હા..હા...!

સંસારના બધા પાપના કાર્યો તો દુઃખરૂપ (છે). આ..હા..હા...! ગજબ વાતું ! આ..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ પુણ્યના જેટલા કાર્યો છે – વ્રત ને તપ ને ભક્તિ ને દાન ને મંદિર (બનાવવા), કરોડો-**અબજો** રૂપિયાના દાન... એ પણ દુઃખરૂપ (છે). વિકલ્પ છે, દુઃખ છે. આ..હા..હા...! એ કોઈ (આત્માની) ચીજ – વસ્તુ નથી.

અહીં તો જ્ઞાયક છું અને અબદ્ધ છું, છે (ખરું એવું સ્વરૂપ) પણ એવો વિકલ્પ ઉઠે એ પણ દુઃખ(રૂપ) લાગે. આ..હા..હા...! અરે...! જન્મ-મરણ રહિત થવાની રીત બાપુ ! બહુ ઝીણી છે. આ..હા..હા...!

હું એક ચૈતન્ય છું, ત્રિકાળી જ્ઞાયકભાવ સ્વભાવ છું, 'ત્રિકાળ' શબ્દ કહેતાં પણ વર્તમાન સમયમાં હું તેવડો પૂરો ધ્રુવ છું. આ..હા..હા...! એવો જ્ઞાયક છું, જે ('સમયસાર'ની) છઠ્ઠી ગાથામાં કહ્યો તે – પ્રમત્ત-અપ્રમત્ત નહિ. એ શુભાશુભભાવરૂપે (થયો નથી). ત્રિકાળી વસ્તુ જ્ઞાનનો કંદ ! અનંત અમાપ શક્તિનો રસકંદ ! એની સત્તા જ્ઞાનરૂપે સત્તા છે. એ કંઈ પુણ્ય અને પાપરૂપે (થતો નથી). કારણ કે પુણ્ય અને પાપ તો જડ છે. આ..હા..હા...! શુભ અને અશુભભાવ જડ છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– થાય છે તેની પર્યાયમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ તો વ્યવહારનયે એની પર્યાય કીધી. પર્યાયમાં વ્યવહારનયે, અભૂતાર્થનયે કીધી. નિશ્ચયના સ્વભાવની દષ્ટિએ તો જ્ઞાયકભાવ શુભાશુભપણે થયો જ નથી. કોઈ દિ' ત્રણ કાળમાં થયો નથી. કેમ કે **જો** (એ રૂપે) થાય તો શુભ-અશુભભાવ તો અચેતન છે. એમાં ચૈતન્યના તેજના ઝળોહળના ચમકતા અંશ તો એમાં નથી. આ..હા..હા...! શું કહે છે આ !!

ભગવાન જે ચૈતન્યનો ચમત્કાર, ચમત્કૃતિ ! આ..હા...! જેમ મણિમાં ચમક ઉઠે એમ આ અનંત ગુણની અંદરથી ચમક ઉઠે ! એવું જે ચૈતન્યરત્ન... આ..હા..હા...! એ હું ચૈતન્ય આવો છું... આ..હા..હા...! એવો પણ એક પક્ષનો વિકલ્પ ઉઠે... આ..હા..હા...! (એમાં) એને દુઃખ લાગે. આ..હા..હા...! છે ? 'દુઃખરૂપ લાગે છે, શાંતિ મળતી નથી,...' એ વિકલ્પમાં પણ શાંતિ, સુખ... આ..હા...! છે નહિ. આ..હા..હા...!

અહીં તો પાંચ-પચાસ લાખનું મોટુ મકાન કરાવે, વાસ્તુ કરાવે, લોકોને બોલાવે ને... આ..હા..હા...! ઊંચા ઊંચા જમણ કરે, દહીંથરા ને ફલાણા ને ઢીકણાં... એ ક્રિયા તો આત્મા કરી શકતો નથી ફક્ત 'કરું છું' અને 'આ ઠીક થાય છે', એવો જે રાગ, એ તો સ્થૂળ દુઃખ છે. આ..હા..હા...! પણ અહીં તો અબદ્ધ અને જ્ઞાયક છું, એવી પણ એક વૃત્તિનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્થાન થાય – વૃત્તિ ઉઠે (એમાં) દુઃખ લાગે અને ત્યાં શાંતિ ન દેખાય. આ..હા..હા...! 'શાંતિ મળતી નથી, વિકલ્પ માત્રમાં દુઃખ-દુઃખ ભાસે છે,...' આ..હા..હા...! વૃત્તિનું ઉત્થાન થાય એ વસ્તુમાં છે નહિ. સૂક્ષ્મપણે પણ અંતર્‌જલ્પની રાગની વૃત્તિ – હું જ્ઞાયક છું, અબદ્ધ છું, એવો વિકલ્પ પણ જ્યાં દુઃખરૂપ છે (ત્યાં) શાંતિ મળતી નથી. આ..હા..હા...! 'વિકલ્પ માત્રમાં દુઃખ-દુઃખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં,...' આ..હા..હા...! આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન થવામાં (આવું થાય છે). સમ્યગ્દર્શન થવા કાળમાં (આવું હોય છે). આ..હા..હા...! એ વૃત્તિઓ – જે વિકલ્પ પોતે જ્ઞાયક અને અબદ્ધ છું, વ્યવહારના વિકલ્પની અપેક્ષા તો દુઃખરૂપ છે, એ તો સ્થૂળ દુઃખરૂપ છે... આ..હા..હા...! પણ આ જ્ઞાયક છું અને અબદ્ધ છું એવી મનના સંબંધે વિકલ્પની વૃત્તિ ઉઠે (એમાં) દુઃખ લાગે, શાંતિ ન મળે. દરેક વિકલ્પમાત્રમાં દુઃખ લાગે ત્યારે એનો પુરુષાર્થ અંદરમાં જાય. આવી વાતું છે (એટલે) આકરું લાગે. આ..હા..હા...! નિશ્ચય.. નિશ્ચય (કરે) પણ નિશ્ચય સત્ય આ છે, બાકી બધા થોથે થોથાં છે. આ..હા..હા...!

'ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં,...' અપૂર્વ પુરુષાર્થ એટલે પૂર્વે કોઈ સમયે નહિ કરેલો. અનંત અનંત કાળમાં 'મુનિવ્રત ધાર અનંત બૈર, ગ્રૈવેયક ઊપજાયો' તે દિ' પણ સ્વરૂપનો પુરુષાર્થનો નહોતો કર્યો. આ..હા..હા...! એવો 'અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં,....' વસ્તુના સ્વભાવમાં લીન થતાં પુરુષાર્થને વિકલ્પથી ખસેડીને અંતરમાં જતા વસ્તુ ભગવાન વસ્તુ (છે), પરમેશ્વરના સ્વભાવમાં પ્રભુના સ્વભાવમાં.. આ..હા..હા...! લીન થતાં 'આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે....' આ..હા..હા...!

જેને ભગવાનઆત્મા અનંત ગુણનું એકરૂપ (સ્વરૂપ) એવું પ્રયોજન જેની દૃષ્ટિમાં છે... આ..હા..હા...! જેની દૃષ્ટિમાં આ આત્મા જ પ્રયોજન(ભૂત લાગ્યો) છે... આ..હા..હા...! એવા આત્માર્થી જીવને 'બધા વિકલ્પો છૂટી જાય છે...' આ..હા..હા...! 'અને આનંદનું વેદન થાય છે.' એનું નામ સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સ્વરૂપઆચરણ કહેવામાં આવે છે. આ..હા..હા...! આકરી વાતું ભારે, ભાઈ ! છે ?

'જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે.' કેમ કે પ્રભુ અતીન્દ્રિય આનંદનો તો પિંડ આત્મા છે. જ્યારે આ વિકલ્પો છૂટી ગયા, પુરુષાર્થ દ્વારા, હોં ! અંદર પુરુષાર્થ કરતા ત્યારે આનંદ જે શક્તિરૂપે સ્વભાવરૂપે (છે) એનો જ્યાં આશ્રય લીધો, સ્વીકાર કર્યો, સત્કાર કર્યો, આદર કર્યો... આ..હા..હા...! ઉપાદેયરૂપે જ્યાં આદર્યો એને આનંદનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વાદ આવે. આ..હા..હા...! આનંદનું વેદન થાય. એનું નામ આત્મજ્ઞાન અને આત્મદર્શન કહેવામાં આવે છે. આ..હા..હા...! આવું આકરું લાગે એથી બિચારા બીજે ધર્મને નામે પણ જોડાય જાય. આ કરો ને આ કરો ને આ કરો... મંદિર બનાવો, દાન કરો, રથયાત્રા કાઢો ને ગજરથ (કાઢો)... આ..હા..હા...! પાંચ-પચાસ લાખ ખર્ચે એને સંઘવીની પદવી આપે. સંઘવી ! ધૂળની પદવી ! વસ્તુની ખબર વિના તું સંઘવી ક્યાંથી આવ્યો ? આ..હા..હા...!

અહીંયાં (કહે છે), વિકલ્પો છૂટી જઈને, અબદ્ધ અને જ્ઞાયકનો પણ વિકલ્પ છૂટી જઈને... આ..હા..હા...! જ્યાં સ્વરૂપમાં પુરુષાર્થથી જાય છે ત્યારે અતીન્દ્રિય આનંદ થાય છે. આ..હા..હા...! આનું નામ ધર્મ, એનું નામ જન્મ-મરણથી મૂકાવાનો પંથ ! બાકી તો જન્મ-મરણના પંથમાં અનાદિથી પડ્યો છે. ધર્મને નામે પણ રાગની ક્રિયા કરીને સંસારને પોસે છે. આ..હા..હા...!

એ ૩૭ (બોલ પૂરો) થયો.

**આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. સદ્‌ગુરુના ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવાં રહસ્યોથી ભરપૂર વાક્યોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. ૩૮.**

૩૮. 'આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે...' સ્વસ્વરૂપને અનંતકાળમાં મેળવ્યું નથી. એ વિના બધું મેળવ્યું. આ..હા..હા...! રાગ ને પુણ્ય ને પાપના ભાવ અને એના ફળ તરીકે જાણે સંયોગો મળ્યા એમ માને છે. સંયોગ કંઈ એને મળ્યા નથી. સંયોગ તો સંયોગમાં રહ્યા છે. એનું અસ્તિત્વ કંઈ એની પાસે આત્મામાં આવ્યું નથી. એણે 'આ મારા ને આ તારા' એવા વિકલ્પો (કર્યા છે). એ એના અસ્તિત્વમાં – પર્યાયમાં મિથ્યાદૃષ્ટિને લઈને 'આ મારી બાયડી, આ મારા છોકરા, આ મારા મકાન, આ મારી લક્ષ્મી, આ મારી આબરુ, આ મારી વ્યવસ્થાના બધા કામ...' આ..હા..હા...! એવો જે મિથ્યાત્વભાવ (કરે છે)... આ..હા..હા...! એને જેણે છોડવો છે અને આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે... આ..હા..હા...! 'તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે.'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કહે છે ઈ ? આ..હા..હા...!

સાદી ગુજરાતી ભાષા (છે). જેને ભગવાનઆત્મા અંદર ચૈતન્યરત્નાકર... ઓ..હો..હો...! ક્ષેત્રથી આકાશનો અંત ન મળે, કાળથી અંત ન મળે, આ (આત્માનો) ભાવથી અંત ન મળે. એની (–ગુણની) સંખ્યાનો અંત (ન મળે) આ..હા...! આ તે શું ચીજ છે આ ! એવો જે ભગવાનઆત્મા, એને 'મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ...' શરીરમાં રોગ આવે, નિર્ધનતા થાય, આબરુ જાય, લક્ષ્મી જાય, દીકરા મરે... આ..હા..હા...! દુકાન ભાંગે તે ટાણે વીમાવાળો પણ ભાંગે, અહીં દુકાન ભાંગે અને વીમો લીધો હોય ઈ વીમાવાળો એ ટાણે ત્યાં ભાંગે. ચારે કોર (પ્રતિકૂળતા) ફરી વળે. આ..હા..હા...! એવા 'પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર...' આત્માને જેણે મેળવવાનો પુરુષાર્થ છે એણે તો એવા પ્રતિકૂળ સંયોગોમાં પણ 'તીવ્ર ને કરડો...' કરડો એટલે આકરો. ગુજરાતી ભાષા છે. કરડો પુરુષાર્થ, નબળો પુરુષાર્થ નહિ, હીણો પુરુષાર્થ નહિ. કરડો, ઉગ્ર પુરુષાર્થ ! આહા..હ...!

શરીરમાં રોગ આવે, શીતળા નીકળે, દાણે દાણે શીતળા (નીકળે), શીતળા સમજો છો ? દાણે દાણે ઇયળ – કીડા પડે. એવે ટાણે પણ... આહા..હ...! 'આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે...' (તેણે) 'તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે.' આ..હા..હા...! એ તરફનું લક્ષ છોડી, જ્યાં પોતે જેવડો અને તેવડો છે, ત્યાં પુરુષાર્થને જોડી દ્યે છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

એણે આકરો અને કઠણ પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. આ..હા..હા...! તે વિના એને અંદર સમતા નહિ આવે. આ..હા..હા...! ગમે તે સંયોગો હો, ક્રમબદ્ધની અવસ્થા તેના કાળે, તે તે અવસ્થાઓ શરીરમાં અને પરમાં ભજો, તે કાળે પુરુષાર્થને તીવ્ર કરીને અંતરમાં વાળવો પડશે. તે વિના છૂટકો નથી. આ..હા..હા...! એ દુઃખમાં જો ગયો (અર્થાત્) 'મને દુઃખ છે ને હું રોગી છું ને હું નિર્ધન છું' (એમ ભાવ કરશે તો) મરી જશે ! રાગના ભાવમાં (પોતાના) અસ્તિત્વને માની ચૈતન્યના ત્રિકાળી ભાવનો એ અનાદર કરશે. આ..હા..હા...! આવી વાત છે.

'જ્ઞાનીના ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવાં રહસ્યોથી ભરપૂર વાક્યોનું ખરો મુમુક્ષુ ઊંડું મંથન...' કરે. આ..હા..હા...! 'ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય...' મૂળ વસ્તુ. ભગવાન પોતે મૂળ ચીજ (છે). આ..હા..હા...! એવું સ્વરૂપ સમજાય, 'એવાં રહસ્યોથી ભરપૂર વાક્યોનું...' આ..હા..હા...! ભાષા તરીકે એમ ભલે (સાદી વાત) લાગે પણ વસ્તુસ્થિતિ કોઈ એવી છે... આ..હા..હા...! અને જેને આવા અમાપ, જેના શક્તિના ગુણોનો છેલ્લો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણ ક્યો ? એવું જેમાં છેલ્લું (નથી આવતું) અને છેડો નથી... આ..હા..હા...! એવા આત્મામાં પુરુષાર્થ કરી... આ..હા..હા...! 'ખૂબ ઊંડું મંથન કરીને...' આ..હા..હા...!

અંદર ભગવાન ચૈતન્યરત્ન અમાપ શક્તિનો સાગર (બિરાજે છે) એવું આત્માનું રહસ્ય સાંભળીને... આ..હા..હા...! એવો આત્મા છે (તેનું ઊંડું મંથન કરીને). બીજી ચીજની મોજૂદગી છોડી દઈને... આ..હા..હા...! આવો એક પ્રભુ અંદર (બિરાજે છે), જેના ગુણ પૂરપાટ ભર્યા છે... આ..હા..હા...! ભલે અરૂપી હો તો એ અરૂપીના નિર્મળ સ્વભાવ દ્વારા જણાય એવો છે. એ રાગ અને નિમિત્તથી જણાય એવો નથી. આ..હા..હા...!

(રહસ્યોથી ભરપૂર) 'વાક્યોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને...' અંતર વસ્તુમાં... આ તો હજી પહેલી સમ્યગ્દર્શનની વાત છે. ચારિત્ર તો બાપુ ! એ કોઈ જુદી ચીજ છે. અત્યારે તો એ ચારિત્ર (જોવામાં આવતું નથી). આ..હા...! આ બધા પરિષહ સહન કરે છે ને ઉપસર્ગ સહન કરે છે, એ ચારિત્ર નહિ ? એમ એક જણો પૂછતો હતો. હમણાં આવ્યો હતો. 'કુરાવડ' ! ક્ષુલ્લક ક્ષુલ્લક છે, અહીંયાં આવ્યો હતો, પહેલા બે-ત્રણ વાર આવી ગયો છે. છોકરા તરીકે – છાત્ર તરીકે (આવ્યો હતો), કન્નડ ભાષામાં બોલતો હતો. એ થઈ ગયો ક્ષુલ્લક. એ ત્યાં આવ્યો હતો. પણ કષાય ઘણો, બહુ કષાય, કષાય ઘણો. આ બધા પરિષહ અને ઉપસર્ગ સહન કરે છે એ બધા સમકિતી નથી ? અરે...! બાપા ! અત્યારે એવા ઉપસર્ગ ક્યાં છે એવા ? નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે એના ઉપસર્ગ અને પરિષહ એવા સહન કર્યા છતાં એ શુભ રાગ છે, એ કંઈ ધર્મ નથી. આ..હા..હા...! અહીં બે-ત્રણ વાર આવી ગયો હતો, અહીં ભાષણ પણ કર્યું છે. છોકરો – છાત્ર હતો. ત્યાંનો કન્નડ નહિ ? આમ તો એ વખતે ભાષણ કરતો હતો. ક્યાંક એને નોકર રાખ્યો હતો. કષાય વધી ગયો હતો. ક્ષુલ્લક થઈ ગયો ને એટલે (એમ થઈ ગયું) એમ ક્ષુલ્લક થયા, વ્રતધારી થયા. અરે... બાપા ! આ..હા..હા...! (એક મુમુક્ષુ) સાથે બહુ વાત કરતો હતો. (એમણે) કીધું ભઈ, હું તો વાત કરવાને લાયક નથી. હું લાયક નથી. શું કરવું પણ ? સાંભળે નહિ ને કષાય (કરે), આ આમ છે ને આ આમ છે ને તેમ છે. આટલા પરિષહ સહન કરે, આટલા ઉપસર્ગ સહન કરે અને એને તમે સમકિતી ન માનો. અરે.. પ્રભુ ! તું સાંભળ બાપા ! સાંભળવાનો મોખ નહિ. એ પણ અભિમાનથી રહેતો. અહીં આવ્યો ત્યારે બે-ત્રણ દિ' આવ્યો હતો. છોકરા તરીકે ભાષણ કર્યું હતું. આ બહારના ત્યાગમાં જાય છે ને પછી અભિમાન ચડી જાય છે. આ..હા..હા...! અંદરથી પાવર ચડી જાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અમે ક્ષુલ્લક છીએ, અમે વ્રતધારી છીએ ને અમે તપસ્વી છીએ અને એમ કહેતો હતો, થોડું ખાવું, બસ ! થોડું ખાવું એ જ મોક્ષનું સાધન છે. ભાઈ ! બાપુ ! શું કહીએ ? છ-છ મહિનાના ચોવિયારા અપવાસ કર્યા છે, પાણીના બિંદુ વિના ! એ બધી ક્રિયા રાગની છે, એ આત્મા નહિ. આ..હા..હા...!

પ્રભુ તો આનંદનો સાગર છે એ રાગની એકતા તોડ્યા વિના નહિ ખુલે. એના તાળા નહિ ખુલે. આ..હા..હા...! જેને એ વિકલ્પમાં જ પુરુષાર્થ લાગે છે, એણે રાગ અને આત્માની એકતાની બુદ્ધિનું તાળું માર્યું છે, નહિ ખુલે એને ધર્મ નહિ ખુલે. આ..હા..હા...!

'આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે છૂટકો છે.' (સદ્ગુરુના) ગંભીર વચનોને પણ મંથન કરીને, ખૂબ ઊંડું મંથન કરીને. 'ખૂબ', 'ઊંડું' અને 'મંથન' ત્રણ શબ્દ છે. ખૂબ એટલે ઘણું, ઊંડું એટલે ધ્રુવ તરફ ઢળી, મંથન એટલે અંદરની એકાગ્રતા કરવી. મંથનનો વિકલ્પ પહેલા હોય છે. આ..હા..હા...! અરે..રે...! આવો ધર્મ ! હજી ધર્મની શરૂઆત અહીંથી થાય. આહા..હા..! શું થાય ? પ્રભુ ! તારા હિતની વાત છે ને ! આ..હા..હા...! તને દુઃખ લાગે કે અમે આ વ્રત પાળીએ, આ જાવજીવના બ્રહ્મચર્ય પાળીએ. જાવજીવના બ્રહ્મચર્ય તો અનંત વાર પાળ્યા છે, હવે એમાં છે શું નવું ? આ..હા..હા...! એ તો બધો શુભરાગ છે. આ..હા..હા...!

બ્રહ્મ નામ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એ અતીન્દ્રિય આનંદના વેદનમાં રહેવું એ બ્રહ્મચર્ય છે. આ..હા..હા...! એકવાર કહ્યું હતું ને ? 'પદ્મનંદી પંચવિંશતિ' ! 'પદ્મનંદી પંચવિંશતિ'માં બ્રહ્મચર્યનો અધિકાર (છે). છે છવીસ અધિકાર પણ નામ પચીસ (આપ્યું છે). પેલું 'પદ્મનંદી'માં 'પ' નામ ખરું ને, એટલે પંચવીશ અધિકાર (રાખ્યું) પણ છે છવીસ. 'પદ્મનંદી'માં છવીસમો એક અધિકાર બ્રહ્મચર્યનો છે, પણ બ્રહ્મચર્યને... આ..હા..હા...! જે રીતે છે તેને મલાવ્યું છે. આ..હા..હા...! અરે...! શરીરથી બ્રહ્મચર્ય અને મનથી પાળ, બાપા ! એ તો અનંત વાર પાળ્યા, ભાઈ ! એ કોઈ ધર્મ નથી. આ..હા..હા...! અમે બાળ બ્રહ્મચારી છીએ ને અમે આ છીએ. બાપુ ! એ કોઈ ધર્મ નથી. આ..હા..હા...! અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ અંદર બિરાજે છે એના આનંદમાં ગયા વિના.. આ..હા..હા...! બ્રહ્મચર્ય કહેવાતું નથી. આ..હા..હા...!

બ્રહ્મ-ચર્ય – બ્રહ્મ આત્મા આનંદમાં ચરવું. અહીં તો જ્ઞાયક છું, અબદ્ધ છું એ વિકલ્પ પણ દુઃખદાયક છે. આ..હા..હા...! 'પદ્મનંદી આચાર્યે' ઘણી બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી. મુનિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતા, ભાવલિંગી સંત હતા ને વિકલ્પ આવ્યો (તો) શાસ્ત્ર લખાઈ ગયું. પછી **બ્રહ્મ**ચર્યની વ્યાખ્યા બહુ કરીને ક**હ્યું**, હે જુવાનો ! હે યુવકો ! અને હે યુવતીઓ ! **મેં** આ **બ્રહ્મ**ચર્યની આવી વ્યાખ્યા કરી, તમને કદાચિત્ ન ગોઠે (તો) પ્રભુ ! મા**ફ** કર**જો**, મારી પાસે બીજું શું માંગશો ? આ..હા..હા...! પંડિત**જી** ! સાધુ આનંદમાં રમનારા એ એમ કહે છે કે, **મેં** **બ્રહ્મ**ચર્યની આવી વ્યાખ્યા બહુ કરી... આ..હા..હા...! હે જુવાનો ! તમને શરીરમાં ને બા**હ્ય**માં વિષયમાં તમને પ્રેમ લાગે અને આ મારી વાત તમને ન ગોઠે (તો) પ્રભુ ! મા**ફ** કર**જો**, હોં ! એમ કહે છે. હું મુનિ છું, મારી પાસે શું આશા રાખશો ? એમ રાખે છે. આ..હા...! ગજબ વાત છે ! આ..હા..હા...! જેને સિ**દ્ધ**પદનો અનુભવ વર્તે છે અને અલ્પકાળમાં એક-બે ભવે સિ**દ્ધ** થઈ જવાના છે. આ..હા..હા...! એ સંતો એમ કહે. **બ્રહ્મ**ચર્યની વાત કરતાં એમ કહે, **બ્રહ્મા**નંદ ભગવાન એમાં રમવું, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવે ત્યારે તેને **બ્રહ્મ**ચારી કહીએ. આ..હા..હા...! તમને આ બહારના શરીર ને ભપકા, મસાણના હાડકામાં જેમ **ફ**ાસ**ફૂ**સ દેખાય (એમ) આ બધી **ફ**ાસ**ફૂ**સ દેખાય છે, આ બધા મસાણના હાડકા છે. શરીર ને મકાન ને પૈસા... આ..હા..હા...! તમને જુવાનીમાં તેમાં રસ લાગતો હોય, મારી વાત તમને ન ગોઠે (તો) પ્રભુ ! તો હું મુનિ છું. ગજબ કરે છે ! હું સંત છું, હું સાધુ છું, હોં ! મારી પાસે બી**જી** શી આશા રાખશો ? આ..હા..હા...! હું તો આ જ કહીશ અને આ જ ક**હ્યું** છે, કહે છે. આ..હા..હા...!

એમ અહીંયાં કહે છે કે, સમ્યગ્દર્શનની વ્યાખ્યા આવી કરતાં જેને ઠીક ન લાગે (તો) મા**ફ** કર**જો**, બીજું શું થાય ? માર્ગ તો આ છે, બાપુ ! શું થાય ? આ..હા..હા...! ભાઈ આવ્યા છે ને ? ઠીક ! આ..હા..હા...! આવી વાતું છે. આ કઈ **જા**તનો ધર્મ ? કાંઈ કરવું.. કરવું.. કરવું.. ઈ તો નહિ. આ કરવું નહિ ? આ કરું, રાગ કરું, દયા કરું, **ફ**લાણું કરું ઈ કરવું તો મરવું છે ત્યાં તો. ત્યાં તો તારું ભાવમરણ છે, પ્રભુ ! તને ખબર નથી. આ..હા..હા...!

'મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે.' સાધક **જી**વો, મુમુ**ક્ષુ**ઓ.. આ.હા.હા...! છે ? મુમુ**ક્ષુ**ઓ 'મૂળ માર્ગને શોધી કાઢે છે.' આ..હા..હા...! **જ્**યાં ભગવાન બિરાજે છે, પ્રભુ ! એના તર**ફ**નો પુરુષાર્થ કરીને માર્ગને શોધી કાઢે છે. મુમુ**ક્ષુ**ઓ તત્ત્વના રહસ્યવાળા ભાવોને પકડીને.. આ..હા...! અંતરમાં મંથન કરીને માર્ગને શોધી કાઢે છે. અરે...! આવી (વાત). મોટા વિ**દ્વા**ન હોય ને આમ ભાષણ (કરતા હોય), આ ને આ ને આ.. ઝપાટા બોલતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય, દસ-દસ હ**જા**ર, વીસ હ**જા**ર માણસ ભેગું થયું હોય. અરે...! બાપુ ! એ મારગડા જુદા, નાથ ! આ..હા..હા...! એ ૩૮ (બોલ પૂરો) થયો.

> સહજ દશાને વિકલ્પ કરીને **જા**ળવી રાખવી પડતી નથી. **જો** વિકલ્પ કરી **જા**ળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. વળી પ્રગટેલી દશાને **જા**ળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી; કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે. ૩૯.

'સહજ દશાને વિકલ્પ કરીને **જા**ળવી રાખવી પડતી નથી.' શું કહે છે ? આ..હા..હા...! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એનો જ્યાં અનુભવ થયો, રાગના વિકલ્પથી ભિન્ન પડી સહજ સ્વભાવની દશા અનુભવમાં આવી, એવી દશાને વિકલ્પ કરીને **જા**ળવી રાખવી પડતી નથી. આ વિકલ્પ કરું તો એ જળવાઈ રહે, એમ નથી. ઇ તો સહજ દશા છે. સમ**જા**ય છે કાંઈ ? આવું છે, બી**જા**ને આકરું પડે, શું થાય ? એ...! 'સોનગઢ'નું આવું છે. બાપુ ! કહે ભાઈ ! પ્રભુ ! તું પ્રભુ છો ને, બાપુ ! આ..હા....! તારી મોટપ તને સૂઝે નહિ એટલે હીણપતથી મોટપ મળશે એવી તું માન્યતા કર, પ્રભુ ! એ તને ન શોભે. આ..હા..હા...! તારી મોટપનો પાર નથી, નાથ ! તારી પ્રભુતાનો પાર નથી. એવી સંખ્યાથી ભરેલો પ્રભુ ! એને આ રાગથી અને નિમિત્તથી થાય, પ્રભુ ! એને કલંક લાગે છે. આ..હા..હા...! જે રંગની છાપ પાડવી હોય એમાં બોળે ને એવું ? શું કહેવાય ? એવું અંદર બીબુ પડે. જે રંગ છે એવું બીબુ પડે. એમ ભગવાનઆત્માનો જેને અંદર રંગ લાગ્યો છે... આ..હા..હા...! એવી પર્યાયમાં સહજ બિંબ લાગે. આ..હા...! એને વિકલ્પ કરું તો આ સહજ દશા રહે એવું હોતું નથી. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેઠ સુદ ૧૧, શનિવાર, તા. ૧૭-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૩૯, ૪૦ પ્રવચન–૧૨**

'વચનામૃત' છેલ્લો, છેલ્લો ભાગ, છેલ્લો પેરેગ્રાફ. 'સહજ દશાને વિકલ્પ કરીને **જા**ળવી રાખવી પડતી નથી.' એ શું કહ્યું ? કે, આ આત્મા અનંત ગુણનું સ્વરૂપ એક દ્રવ્ય, એવી જ્યાં અંતર દૃષ્ટિ અને અનુભવ થયો, રાગથી ભિન્ન પડી અને શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ સ્વભાવને આશ્રયે, સ્વભાવને અનુસરીને જે નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યું એ સહજ દશા છે. એ 'સહજ દશાને વિકલ્પ કરીને **જા**ળવી રાખવી પડતી નથી.' એ શું કહ્યું ? વસ્તુસ્થિતિ છે એવું જ્યાં અંતરમાં અનુભવમાં ભાનમાં આવ્યું, અનંત આનંદ અને અનંત શાંતિ, શાંતિ એટલે વીતરાગતા, અનંત જ્ઞાનાદિ અનંત અતીન્દ્રિય એવો જે સમ્યગ્દર્શનનો વિષય – ધ્યેય એ અનુભવમાં આવ્યો, હું રાગ નહિ, હું તો પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપ તે હું છું, એવું જેની દશામાં વેદન આવ્યું... આ..હા..હા...! રાગના કાળમાં તો રાગ ને પુણ્ય ને વિકલ્પનું વેદન (છે) એ તો આકુળતાનું વેદન (છે), એ કોઈ ધર્મ નથી, એ ધર્મનું કારણ પણ નથી. આ..હા..હા...!

વસ્તુ(નું) જે સ્વરૂપ છે એક સમયમાં પૂર્ણ બ્રહ્મ પ્રભુ, જ્ઞાયક છું, અબદ્ધ છું એવો જે વિકલ્પ છે એ પણ જેને તૂટી ગયો છે. કારણ કે વિકલ્પ છે એ દુઃખ છે અને આનંદ સહ**જા**ત્મસ્વરૂપ, એનું જ્યાં વેદન (થયું), રાગરહિત એ ચીજ છે એવું વેદનમાં આવ્યું તે સહજ દશા છે. જેવો સ્વભાવ હતો એવી દશા થઈ. એને વિકલ્પ કરીને **જા**ળવી રાખવી પડતી નથી. હવે એ દશા થઈ એને વિકલ્પ કરી (અર્થાત્) રાગને રાખું તો એ રહે, એમ નથી. આ..હા..હા...! જ્યાં અંતરમાં રાગથી ભિન્ન પડીને સહજ પરિણતિ શુદ્ધ થઈ એ પરિણતિને રાગ કરું તો, શુભ વિકલ્પ કરું તો રહે એમ નથી. આ..હા...! આવી વાતું, ભાઈ ! એવો માર્ગ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**જો** વિકલ્પ કરી **જા**ળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી.' આ..હા..હા...! શુભ રાગને અને વાંચન કરીને એવા વિકલ્પથી **જો** સહજ દશા રહે તો એ સહજ દશા જ નથી. આ..હા..હા...! જેમ સહ**જા**ત્મ નિત્ય ધ્રુવ સ્વરૂપ પ્રભુ સહજ છે, એને કોઈ પર્યાય, રાગ હોય તો ધ્રુવ ટકી શકે એમ નથી. તો એ ધ્રુવના ધ્યાનથી પ્રગટેલી દશા, એને પણ શુભ વિકલ્પ રાગ કરું, ભક્તિ, પૂ**જા**, દાન, દયા, વાંચન, શ્રવણ એવા વિકલ્પ કરું તો એ સહજ દશા રહે, એવું નથી. ભાઈ ! આવું છે આ.

દશા થાય કેમ ? કે, જેટલા વિકલ્પો છે એનાથી ભિન્ન પડીને સ્વરૂપ પોતે નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપ છે એમાં અંતર દૃષ્ટિ કરતાં રાગની એકતા તૂટતાં, સ્વભાવની એકતા થતાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દશા થાય એ આ રીતે થાય અને થયા પછી એને વિકલ્પથી રાખવી પડે એમ નથી. આ..હા..હા...! બી**જી** રીતે કહીએ તો એમ કે આ શુભરાગ રાખીએ તો એ સહજ દશા રહે એમ નથી. એને ટકવા માટે વિકલ્પથી વાંચન, મનન કરીએ તો એ દશા રહે, એમ નથી. ઝીણી વાત બહુ, બાપુ ! આ..હા..હા...!

'વળી પ્રગટેલી દશાને **જા**ળવવાનો...' બે બોલ થયા, ત્રી**જો** બોલ કહે છે. એક તો એમ કહ્યું કે, સહજ દશાને વિકલ્પ નામ શુભ રાગાદિ કરીએ તો જળવાઈ રહે એમ નથી. વળી, વિકલ્પ કરી **જા**ળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. બે (વાત કરી). ત્રીજું, 'પ્રગટેલી દશાને **જા**ળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી;...' આ..હા...! એ ત્રીજું. શું કહ્યું એ ? કે, વસ્તુનો સ્વભાવ જ્યાં અનુભવમાં આવ્યો એટલે એના તરફનું વલણ પુરુષાર્થનું રહ્યા જ કરે છે. એને નવો કોઈ પુરુષાર્થ કરવો પડે એમ નથી. કેમ કે સ્વભાવ તરફની જ્યાં દૃષ્ટિ, અનુભવ થયો એટલે સ્વભાવના વલણમાં જ એનો પુરુષાર્થ છે. આ..હા..હા...!

આ પુસ્તક તો બહાર આવી ગયું છે, કુદરતે એવી વાત છે. એકલું માખણ ભર્યું છે. આ..હા...! એકવાર તો ગમે તે આગ્રહ હોય પણ મધ્યસ્થ થઈને **જો** સાંભળે અને વિચારે તો એને એમ થઈ **જા**ય કે, વાત તો (આ છે), માર્ગ તો આ છે. આ..હા..હા...!

ત્રણ બોલ થયા. 'પ્રગટેલી દશાને **જા**ળવાવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી;...' આ..હા...! એ પ્રગટેલી દશા તરફ પુરુષાર્થની સાવધાની વર્તે જ છે. આ..હા..હા...! રુચિ થઈ ત્યાં વીર્ય વળ્યા જ કરે છે. 'રુચિ અનુયાયી વીર્ય' **જો** અંદર રુચિ થઈ તેના તરફ એનું વીર્ય વળ્યા જ કરે છે. આ..હા...! ત્રણ (વાત થઈ). 'કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે.' આ..હા...! આકરી વાતું, બાપુ ! આ આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે વસ્તુ છે એ સહ**જા**નંદ સ્વરૂપ, એનું નિર્મળ પૂર્ણ પવિત્ર સ્વરૂપ જ છે. વસ્તુ છે એનું પવિત્ર પૂર્ણ (સ્વરૂપ જ છે). આ દયા, દાન ને વ્રત ને ભક્તિના ભાવ પણ બધા રાગ છે. એ રાગથી ભિન્ન પાડીને જેણે આત્માની દશા જે પવિત્ર છે એની દશામાં પવિત્રતા પ્રગટ કરી છે, એ દશાને શુભ રાગ કરું તો રહે એમ નથી અને **જો** શુભ રાગ કરું તો રહે તો એ સહજ દશા જ નથી. આ..હા..હા...! આવી વાત છે. અને જે શુભ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અરે...! ગુણ-ગુણના ભેદનો વિકલ્પ છે એ રાગ છે. આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ ! એનો ગુણ તે આત્મા અને એના આનંદાદિ ગુણ, એવો ભેદ પાડવો એ પણ એક રાગનો ભાગ, વિકલ્પ છે. આ..હા..હા...! તો એ વિકલ્પને તોડીને જેણે ધર્મદશા, સહજ દશા, જેવી ધ્રુવ શક્તિ છે, સ્વરૂપ જે ભગવાનઆત્મા ધ્રુવ છે, એવી જ પર્યાયમાં ધ્રુવતાની શક્તિની વ્યક્તતા, પરિણતિ પ્રગટ કરી છે, એને માટે નવીન (કાંઈક કરીને) **જા**ળવવાનું પડે એવું નથી. એ પુરુષાર્થ એ બાજુ વળ્યા જ કરેલો છે. વાત આખી દુનિયાથી **ફે**ર છે, બાપુ ! આ..હા..હા...! દુનિયાને ધર્મ શું છે એની ખબર જ નથી. આ..હા..હા...! આ તો દયા પાળવી, હિંસા ન કરવી એ ધર્મ. ધૂળેય ધર્મ નથી. એવા રાગ તો અનંત વાર કર્યા, સાંભળ ભાઈ ! આ..હા..હા...!

અહીંયાં તો આત્મા અંદર જે વસ્તુ છે, સત્ છે, મોજૂદ ચીજ છે અને તે અણકરાયેલી છે, અવિનાશી છે અને તે પણ પૂર્ણ સ્વભાવથી ભરેલી છે. આ..હા..હા...! એનું **જ્યાં** અંદર ભાન થાય, ત્યારે એ રાગના વિકલ્પથી જુદો પડે, એ જુદો પડ્યો હવે એને રાગથી રખાય, શુભ ક્રિયા કંઈક કરીએ, વ્રત પાળીએ, ભક્તિ કરીએ કે દયા પાળીએ, બી**જા જી**વને ન મારવો, બી**જા**ની દયા પાળવી, આવા ભાવ હોય તો એ દશા રહેશે, એમ નથી. એમ એ દશા થવા માટે નવા પુરુષાર્થની જરૂર નથી. કેમ કે એ તર**ફ** પુરુષાર્થ વળેલો જ છે. છે ? '**જા**ળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી.' આ..હા...! આકરી વાતું, બાપુ ! એણે અનંત અનંત કાળમાં સહ**જા**ત્મ સ્વરૂપ શું છે એની એને ખબર નથી. આ કરું ને આ કરું ને આ કરું ને આ કરું... એ બધો તો મિથ્યાત્વ ભાવ છે. આ..હા..હા...! સમ**જા**ણું કાંઈ ? પરની દયા પાળું, એ પણ મિથ્યાત્વ ભાવ છે, અજ્ઞાન ભાવ છે. કારણ કે એ પરની દયા પાળી શકતો નથી. સ્વતંત્ર પરપદાર્થ છે એની દશાને બી**જો** કોણ કરી શકે ? આ..હા..હા...! એ પરની દયા પાળવાનો વિકલ્પ, વૃત્તિ છે એ પણ એક રાગ છે અને એ પણ એક સ્વરૂપની હિંસા છે. ગજબ વાત છે, બાપુ ! મારગડો જુદો છે, ભાઈ ! આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો કહે છે કે, જે કંઈ રાગથી ભિન્ન પડીને, જેવું એનું સ્વરૂપ છે તેવું અનુભવમાં આવે એની દશાને **જાળ**વવા માટે કોઈ શુભ રાગની ક્રિયા કરે તો (એ દશા) રહેશે એમેય નથી. સમ**જા**ણું કાંઈ ? આ..હા...! વિકલ્પ કરીને **જાળ**વવી પડતી નથી, વિકલ્પ કરીને રાખવી પડે તો સહજ દશા નથી. અને પ્રગટેલી દશાને **જાળ**વવાનો નવો પુરુષાર્થ કરવો પડે એમેય નથી. જુદો પુરુષાર્થ કરવો એમ નથી. 'કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે...' શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ પ્રભુ, એના તરફ વધવાનો પુરુષાર્થ અંદર ચાલે જ છે. કેમ કે બીજ થાય તે પૂનમ થયા વિના રહે નહિ. એને નવું કરવું પડતું નથી. વિકાસ થાય જ છે. એમ જેને સહ**જા**ત્મ પ્રભુ ! એકલો જ્ઞાતા-દૃષ્ટા આનંદનો કંદ પ્રભુ ! એવું જેને અનુભવમાં આવ્યું એને તેના **જાળ**વવા માટે જુદો પુરુષાર્થ કરવો પડતો નથી. આકરા શબ્દ છે. આ..હા..હા...!

'કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે...' જે કંઈ આત્માને આશ્રયે શુદ્ધિ (થઈ), પુણ્ય-પાપ વિનાના ભાવની શુદ્ધિ થઈ એ શુદ્ધિની વૃદ્ધિ માટે તો પ્રયત્ન છે જ, એટલે નિર્જરા. સ્વભાવ તરફનો પુરુષાર્થ છે. સમ**જા**ણું કાંઈ ? જેને સંવર દશા કહે, એ શુદ્ધ ચૈતન્યમૂર્તિને અવલંબે, પુણ્ય-પાપના આશ્રય રહિત જે દશા થઈ, એમાં સમયે સમયે શુદ્ધિ વધે છે. એના તરફનો પુરુષાર્થ છે જ તે. એને **જાળ**વવાનો માટે બી**જો** નવો પુરુષાર્થ કરવો પડે એમ છે નહિ. આ..હા..હા...! આવી વાતું છે. કોઈ દિ' સાંભળી ન હોય એને (એમ થાય કે) શું હશે આ ? અરે... બાપુ ! ધર્મ કોઈ ચીજ ઝીણી છે, ભાઈ ! અહીં તો પરની દયા પાળવા માટે આ કરો એટલે થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. આ..હા...! પરની દયા પાળી શકું છું, એ માન્યતા જ મિથ્યા ભ્રમ ને પાપ મોટું છે. સમ**જા**ણું કાંઈ ? આ..હા..હા...!

અહીંયાં તો મારો આત્મા જેવડો જેટલો છે... ગુજરાતી ચાલે, હિન્દી નહિ ચાલે. પાટ નહિ ચાલે, આ તો ગુજરાતી છે ને. ક્યા કહતે હૈં ? દેખો, સુનો ! આ જે આત્મા છે આત્મા અંદર, એ આ દેહના પરમાણુથી ભિન્ન જુદો છે અને અંદર દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય છે એ રાગ છે. રાગ છે, વિકલ્પ હોં ! દુનિયાને એ ચીજની ખબર નથી.

**પ્રશ્ન** :– આ અમે કરીએ એ ધર્મ નથી ?

સમાધાન :– ધર્મ ધૂળમાંય નથી. ધર્મ ક્યાં આવ્યો ? ધર્મ કોને કહે છે ? ધર્મ તો અંતર અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ, ત્રિકાળી સત્તા પોતાની રાખે છે, અંદર શુદ્ધ ચૈતન્યઘન, તેની દૃષ્ટિ થઈને અનુભવ થવો અને દશામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો, એનું નામ ધર્મ છે. બાકી બધા મીંડાં છે. વાત એવી છે, ભાઈ ! અમે તો આખી દુનિયા **જો**ઈ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– અમે પહેલા ભટક્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભટક્યા. સાધુ નામ ધરાવે તો પણ મિથ્યાદૃષ્ટિ છે. અમે પરનું કરી શકીએ છીએ, પરને સમજાવી શકીએ છીએ, મારાથી પરનું કાર્ય સારું થાય છે, બધું મિથ્યા નામ જૂઠી દૃષ્ટિનું સેવન કરનાર છે, એને સત્ય દૃષ્ટિની ખબર નથી.

અહીંયાં તો એમ કહે છે, પોતાનું ચૈતન્ય ઝળહળ જ્યોતિ ચૈતન્યપ્રજ્ઞાન, જ્ઞાનઘન સ્વરૂપ આત્મા, અનાદિ અણકરેલ, અણબનેલ, બનનાર, બનાવનાર કોઈ નહિ અને નાશ કરનાર કોઈ નહિ, એવી ચીજ જે અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! સત્.. સત્.. સત્.. જ્ઞાન અને આનંદ એવી ચીજ, એ પુણ્ય ને દયા. દાન, વ્રત, ભક્તિના વિકલ્પ છે એ રાગ છે, એ બંધનું કારણ છે, ઝેર છે, દુઃખ છે, દુઃખ છે, બંધનું કારણ છે. દુનિયાની ખબર છે. .... બંધ છે, દુઃખનું કારણ છે. અહીં તો શું લીધું છે ? હું અનંત આનંદસ્વરૂપ અતીન્દ્રિય નિષ્ક્રિય રાગની ક્રિયાથી ભિન્ન, એવો હું છું, એવો પણ વિકલ્પ રાગ ઊઠે છે, એ પણ બંધનનું કારણ, દુઃખનું કારણ છે. ઝીણી વાત છે, પ્રભુ ! એણે કોઈ દિ' સાંભળી નથી. ખબર છે ને. બહારમાં પ્રવૃત્તિ કરીને જાણે થઈ ગયો (ધર્મ). ભાષણ કર્યા ને આવી હિંસા ન કરવી, ફલાણું ન કરવું, તમને લાભ થશે. ધૂળમાંય છે નહિ. મરી જવાના છે. ચોરાશીના અવતારમાં રખડીને મરશે.

અહીંયાં તો પરમાત્મા એમ કહે છે, સર્વજ્ઞ પ્રભુ ! આ..હા..હા...! કે, આત્માની જે દશા પુણ્ય ને પાપના જે વિકલ્પ ઊઠે છે એ તો રાગ છે, એ રાગ ધર્મ નથી અને તે ધર્મનું કારણ પણ નથી. ધર્મનું કારણ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદકંદ પિંડ પ્રભુ, તેનું રાગથી ભિન્ન પડીને પોતાના આનંદનું વેદન કરવું, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો, તેનું નામ ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. શરૂઆત, હોં ! હજી પૂર્ણ તો પછી થશે. આ બીજી વાત છે, અમે તો આખી દુનિયાને જાણીએ છીએ ને. 'મુંબઈ' પણ અને હતા ને, પંદર-પંદર હજાર, વીસ-વીસ હજાર માણસ હતા. ૮૯મું વર્ષ બેઠું ને ! 'ઘાટકોપર', 'ઘાટકોપર' વીસ-વીસ હજાર માણસ ! અમારી વાત તો આ છે. બધા ચોરાશીના અવતારમાં રખડીને મરી જવાના. દુનિયાથી જુદી (વાત છે). આ..હા..હા...!

મુમુક્ષુ :– મેં જીવને બચાવ્યો, ધર્મ થઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં બચાવી શકતો નથી. હું પરને બચાવી શકું છું, એ ભાવ જ મહાપાપ પાખંડ છે. કારણ કે પરને બચાવી શકતો નથી અને બચાવી શકું છે એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માને છે. એ તો એની આયુષ્યની સ્થિતિ છે તો બચે છે. એના આયુષ્યની સ્થિતિ દેહમાં રહેવાની છે એ કારણે બચે છે. આ કહે, મૈં બચાવ્યો. મૂઢ છે. આવી વાત છે, ભાઈ ! આ..હા..હા...!

અહીં તો કહે છે, અહીં તો સૂક્ષ્મ વાત ચાલે છે. પોતાની જે દશા છે એ શુભ-અશુભ જે વિકલ્પ, રાગ ઊઠે છે, એનાથી પોતાની ચીજ ભિન્ન છે એવો જ્યારે અનુભવ થાય, અનુભવમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે (એમ આવે). વસ્તુ છે એ સુખરૂપ છે, વસ્તુ આનંદરૂપ (હોય), દુઃખરૂપ ન હોય. જેમ હરણની નાભિમાં કસ્તૂરી છે, એ કસ્તૂરીની ગંધ એને આવે છે તો જાણે બહારથી આવે છે એમ માને છે, પણ અંદરમાં કસ્તૂરી પડી છે એની ખબર નહિ. એમ અનાદિનો અજ્ઞાની જીવ આત્મામાં આનંદ છે, એની કસ્તૂરીમાં આનંદ ભર્યો છે, તેની જેમ મૃગલાંને ખબર નહિ, આ કરું ને આ કરું ને આ કરું, પૈસા મેળવું, બાયડી-છોકરા મેળવું, પરની દયા પાળું તો મને ધર્મ થાય, એમ પરમાં બફમમાં ને બફમમાં મરી ગયો છે અનાદિથી પોતાની ચીજમાં આનંદ છે, ત્યાં જાઉં તો મને સુખ મળે, એવી શ્રદ્ધા અને જ્ઞાન ક્યારેય અનંત કાળમાં કર્યા નથી. સમજાણું કાંઈ ?

અહીં તો વિશેષ દશા કહે છે કે, પોતાનું સ્વરૂપ.. આ..હા...! છે કે નહિ ? આત્મા છે કે નહિ ? અસ્તિ છે કે નહિ ? અસ્તિ. છે. ત્રણે કાળ રહેવાવાળી ચીજ છે કે નહિ ? નવી બને છે ? છે તેનો નાશ થાય છે ? છે તેને કોઈ ઉત્પન્ન કરે છે ? એમ છે.. છે.. ત્રણ વાત – ભૂતકાળમાં હતી, વર્તમાનમાં છે, ભવિષ્યમાં રહેશે. તો છે.. છે.. એવી ચીજ જે છે એ ચીજમાં તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન ભર્યા છે. એમાં આ દયા, દાન ને વ્રત, ભક્તિના ભાવ વિપરીત ઝેર, દુઃખરૂપ છે. આ..હા..હા...! એનાથી ભિન્ન પોતાની ચીજને જાણે, હું તો અતીન્દ્રિય આનંદ અને સહજાત્મસ્વરૂપ, એવી દૃષ્ટિ કરીને વિકલ્પથી, રાગથી (ભિન્ન જાણે). દયા, દાન તો ઠીક, એ તો સ્થૂળ પાપ છે, રાગ છે. સ્થૂળ રાગ છે. એ પણ નિશ્ચયથી તો પાપ છે. 'પાપકો પાપ તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યકો ભી પાપ કહે' કેમ કે પોતાના આનંદના સ્વરૂપથી પતીત થાય છે. પરના લક્ષમાં રાગ આવે છે તો રાગમાં પોતાના સ્વરૂપથી પતીત થાય છે, ભ્રષ્ટ થાય છે, એ કારણે તેને પાપ કહેવામાં આવ્યું છે. ઝીણી વાત છે, પ્રભુ ! બહુ સૂક્ષ્મ વાત છે.

**પ્રશ્ન :–** આખી દુનિયાથી જુદી આપ કેમ કહો છો ?

**સમાધાન :–** વસ્તુ એવી છે. દુનિયાને ભાન ક્યાં છે ? ગાંડા, પાગલ થઈને દુનિયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફરે છે. હરણને પોતાની કસ્તૂરીની ખબર નથી. કસ્તૂરી અંદર પડી છે. એમ આનંદ પોતામાં છે, અંદર પ્રભુમાં આનંદ પડ્યો છે એની ખબર નથી અને અહીંથી મળશે ને અહીંથી મળશે, પરની દયા પાળું તો સુખી થાઉં, પરને અનુકૂળતાની મદદ કરું, પૈસાની, આબરૂની, આહાર-પાણીની (મદદ કરું) તો સુખી થાઉં, બધી ભ્રમણા અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– એટલે એમ કે કોઈ કોઈનું ભલું કરી શકે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોઈ કરી શકતું નથી. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે' હું કરું, આનું કરી દઉં, આનું આ કરી દઉં, ફલાણાના કામ ચાલતા હોય ઇ બંધ કરી દઉં, નવા કામ કરાવી દઉં.. બધી ભ્રમણા અજ્ઞાનીઓની છે. ચાર ગતિમાં રઝળવાની શ્રદ્ધા છે. આ..હા..હા...! પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે.

મુમુક્ષુ :– અમે ક્યાં ભટકી રહ્યા છીએ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આમને આમ ભટકી રહ્યો છે. આ..હા..હા...! અમે તો આખો દેશ જોયો છે ને. આખું હિન્દુસ્તાન દસ-દસ હજાર માઈલ ત્રણ વખત ફર્યા છીએ. આખું હિન્દુસ્તાન ! મોટરમાં, હોં ! દસ-દસ હજાર માઈલ ત્રણ વાર ! આ ચીજ કોઈ બીજી છે.

અનંત કાળમાં પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જે કંઈ કહે છે એનાથી બીજી જ ચીજ સંપ્રદાયમાં ચાલે છે. સંપ્રદાયમાં ચીજ જ બીજી ચાલે છે. આ વ્રત કરો ને બ્રહ્મચર્ય પાળો ને દયા પાળો ને લીલોતરી ન ખાઓ ને કંદમૂળ ન ખાઓ ને આવું ખાવું ને આવું ન ખાવું, ક્રિયાકાંડ – રાગની ક્રિયામાં ફસાઈ ગયા છે. આત્મા તો રાગની ક્રિયાથી પણ ભિન્ન છે. આ..હા..હા...!

ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ, ચૈતન્યના પ્રકાશનું પૂર, નૂરનું પૂર, ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર પ્રભુ આત્મા અંદર છે. ખબર ક્યાં છે ? ભાન જ ક્યાં છે ? આ કર્યું ને આ કર્યું... કુટુંબને જાળવ્યા ને બાયડીને પોષી, આ પૈસા રળ્યા, પાંચ-પચીસ લાખ પૈસા મળ્યા ને લાખ-બે લાખ મંદિરમાં ખર્ચ કર્યા (એટલે) ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી, મરી જઈશ, સાંભળને હવે. એ કરોડ શું, બે કરોડ, પાંચ કરોડ આપી દે છે ઇ તો જડ દશા છે. જડ દશા શું તારી છે કે તું દઈ શકે અને એને લાભ થાય ? પૈસા તો માટી ધૂળ છે. તું તો આત્મા ચૈતન્ય ભિન્ન છે. અરૂપી ભગવાન ભિન્ન છે, રૂપી પૈસા ભિન્ન છે. હું પૈસા આપું ને એનો મને લાભ થશે. અજ્ઞાનની ભ્રમણામાં અનાદિથી ફસાઈ ગયો છે. આપણે અધિકાર ચાલે છે એ તો બહુ સૂક્ષ્મ ચાલે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– આવી વાત સાંભળીને હૃદયમાં આનંદ થાય છે. દુનિયા કાંઈક કહે છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– માર્ગ આવો છે. દુનિયા ગાંડી પાગલ છે. સાધુ નામ ધરાવનારા પણ પાગલ છે. લૂગડાં છોડીને નગ્ન સાધુ થયા કે લૂગડાં સહિત સાધુ થયા તો સાધુ (માને એ) બધી ભ્રમણા છે. આ..હા..હા...!

અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. ક્યાં પણ એને ખબર (છે) ? વસ્તુ ક્યાં કેવી ચીજ અંદર છે ? (એની ખબર નથી).

મુમુક્ષુ :– પહેલા આવો નિર્ણય કર.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પહેલા આવો નિર્ણય કર. પછી અનુભવ (થઈને) પછી સ્થિરતા અંદર થાય તો સાધુ થાય છે. સાધુ-બાધુ લૂગડાં છોડ્યા ને બાયડી, છોકરા છોડ્યા માટે સાધુ થઈ ગયો, ધૂળમાંય (સાધુ) નથી. અહીંયાં તો આપણા વીસ લાખ પુસ્તકો છપાણાં છે.

મુમુક્ષુ :– આજ કા પ્રવચન હિન્દી મેં હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પ્રવચન હિન્દીમાં છે. થોડા હિન્દી મેં ભી હૈ. અહીંયાંથી વીસ લાખ પૂસ્તકો છપાણાં છે. વીસ લાખ ! લાખો છપાય છે. અહીંયાં તો તેંતાલીસ વર્ષથી (છીએ). ચાલીસ અને ત્રણ વર્ષથી જંગલમાં છીએ. .. બધામાં આ વાત છે. તેંતાલીસ વર્ષે જુઓ કે અત્યારે જુઓ. આ..હા..હા...!

> સાધકદશામાં શુભભાવ વચ્ચે આવે છે પણ સાધક તેને છોડતો **જાય** છે; સાધ્યનું લક્ષ ચૂકતો નથી. – જેમ મુસાફર એક નગરથી **બીજા** નગરે **જાય** છે ત્યારે વચ્ચે **બીજા બીજા** નગર આવે તેને છોડતો **જાય** છે, ત્યાં રોકાતો નથી; **જ્યાં** જવું છે, તેનું જ લક્ષ રહે છે. **૪૦.**

હવે આપણે અહીંયાં ચાલીસમો લ્યો, ચાલીસ બોલ. 'સાધકદશામાં...' જુઓ ! છે ચાલીસમો ? પાનું ચૌદ. 'સાધકદશામાં...' અર્થાત્ રાગના વિકલ્પથી ભિન્ન પોતાની ચીજનો અનુભવ કર્યો, રાગથી લાભ નહિ, મારી ચીજમાં જ બધો લાભ ભર્યો છે, એવી સાધકદશા જ્યારે ઉત્પન્ન થઈ તો 'શુભભાવ વચ્ચે આવે છે,...' દયા, દાનનો વિકલ્પ, રાગ આવે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અશુભથી બચવા માટે (આવે છે), પણ એ ધર્મ નથી. આ..હા..હા...! છે ? 'સાધકદશામાં શુભભાવ વચ્ચે આવે છે,...' શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ હું, એવી દૃષ્ટિ થવા છતાં પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી વચ્ચે શુભભાવ આવે છે. દયા, દાનાદિના શુભ (ભાવ આવે છે), પણ છે વિઘ્નકારી, છે દુઃખરૂપ. છે ?

'પણ સાધક તેને છોડતો જાય છે;...' આ..હા..હા...! શું કહે છે ? કે, આત્માનું જેને સમ્યગ્દર્શન થયું અર્થાત્ જેવો આત્મા છે એવું પ્રતીતિમાં અને જ્ઞાનના જ્ઞેયમાં, જ્ઞાનમાં એનું ભાન થયું તો એ રાગથી ભિન્ન થયો. એ રાગથી ભિન્ન થયો (એને) વચમાં શુભ રાગ આવે છે 'પણ સાધક તેને છોડતો જાય છે;...' સાધક એ શુભ રાગને છોડતો જાય છે. એ નહિ, એ નહિ, એ હું નહિ. શુભ રાગ દયાનો, દાનનો, ભક્તિનો, મંદિર બનાવવાનો, મંદિર બનાવવામાં લાખો, કરોડો ખર્ચવાનો શુભભાવ આવે પણ ધર્મી તેને કહીએ કે તેને છોડતો જાય. એ નહિ, એ નહિ, એ નહિ. આ..હા..હા...! છે ?

'સાધકદશામાં શુભભાવ વચ્ચે આવે છે, પણ સાધક તેને છોડતો જાય છે;...' શુભ રાગને આદરતો નથી. આ..હા..હા...! અહીં તો હજી એકલો જે શુભરાગ છે એનાય ઠેકાણા ન મળે અને જ્યાં-ત્યાં અભિમાન.. અભિમાન.. અભિમાન.

મુમુક્ષુ :– આપના ઉપદેશથી તો મંદિર બન્યા છે, મહારાજ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીંયાંથી નથી બન્યા. એ બનવાના હતા તો બન્યા છે, અમારાથી નહિ. આજે મંદિર બને છે, 'નાઈરોબી' 'આફ્રિકા' ! આજે સાડા દસ વાગે પંદર લાખના મંદિરનું આરોપણ થયું. 'આફ્રિકા'માં 'નાઈરોબી'. 'નાઈરોબી' છે ને 'નાઈરોબી' ? અહીંયાંથી (આપણા મુમુક્ષુઓ) અત્યારે 'આફ્રિકા'માં ગયા છે. આજે સાડા દસ વાગે તેનું મુહૂર્ત હતું. પંદર લાખનું મંદિર બનવાનું છે. દિગંબર મંદિર પંદર લાખનું, આજે મુહૂર્ત થઈ ગયું, સાડા દસ વાગે મુહૂર્ત થઈ ગયું. તૈયારી થઈ ગઈ છે. છ મહિને, બાર મહિને (થઈ જશે). પણ એને પહેલેથી કહ્યું કે, પંદર લાખ શું કરોડનું બનાવે તો તમને ધર્મ થશે, બિલકુલ નહિ. એ શુભભાવ આવે છે. અશુભથી પાપથી બચવા શુભ (ભાવ આવે), એ ધર્મ નહિ. એનાથી જન્મ-મરણ મટે, ચોરાશીના અવતાર મટે એ ચીજ એ નહિ. કરોડપતિ હૈ, કરોડો રૂપિયા ખર્ચે છે, ધૂળમાં શું એમાં ? આ..હા..હા...! આજે જ થયું છે, સાડા દસ વાગે. 'નાઈરોબી', 'આફ્રિકા' ! (બે મુમુક્ષુઓ) ગયા છે. ત્યાં ઘણા માણસો સાંભળવા જાય છે. શ્વેતાંબર, દિગંબર મંડળ છે. ચાલીસ ઘર છે, ચાર તો કરોડપતિ છે અને બીજા પંદર-પંદર, વીસ-વીસ લાખના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આસામી (છે), અહીંનું મંડળ છે, મુમુક્ષુ છે. ત્યાં બે-અઢી લાખનું મંદિર તો છે અને પ્રતિમા લઈ ગયા છે. પણ એ પ્રતિમા અને પ્રતિમાની પૂજાનો ભાવ આવે છે પણ એ ભાવ છે રાગ. રાગ બંધનું કારણ છે. અહીં કંઈ .. ચીજ નથી. ઘણા વર્ષોથી ચાલે છે. વીસ લાખ પુસ્તક તો બહાર પડી ગયા છે. બધા પુસ્તકમાં આ વાત છે. આ..હા..હા...!

અહીં તો આ બેનના વચનામૃત છે. બેન છે. કહ્યું હતું ને ? 'ચંપાબેન' છે. (એમને) અસંખ્ય અબજ વર્ષનું પૂર્વનું જાતિસ્મરણ છે. પૂર્વના ભાવ આ ભવ.. આ ભવ.. આ ભવ... એવા અસંખ્ય અબજ વર્ષ. બેન બેઠા છે, આ એમના વચનામૃત છે. લોકોની માંગણી હતી કે (આની ઉપર) પ્રવચન થાય.

(અહીં કહે છે), 'સાધકદશામાં શુભભાવ વચ્ચે આવે છે,...' વસ્તુસ્વરૂપ નિર્વિકલ્પ છે, વીતરાગ સ્વરૂપ આત્મા તો છે, એમાં અનુભવ થયો, સાધકદશા પ્રગટ થઈ, હું રાગ નહિ, હું તો પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય છું, એવું હોવા છતાં વચમાં શુભ રાગ આવે છે પણ તેને છોડતો જાય છે. ધર્મી તો તેને કહીએ કે, શુભભાવને પણ હેય માને છે. હેય, છોડવા લાયક, છોડવા લાયક છે. મારી ચીજ જે અંદર આનંદનો નાથ છે તે મને ઉપાદેય છે. આ..હા..હા...!

પ્રશ્ન :– ઉપાદેયનો અર્થ ?

સમાધાન :– ઉપાદેયનો અર્થ આદરણીય. મારી ચીજ જે અંદર સચ્ચિદાનંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ! એ જ મને આદરણીય છે અને શુભ રાગ એ આદરણીય છે નહિ. છે તે છે. એ શુભ-અશુભભાવ અશુદ્ધ છે. એનાથી ભિન્ન અંદર શુદ્ધ થવું. આ..હા..હા...! એ શુભભાવથી શુદ્ધતા થતી નથી. તેની રુચિ છોડીને, તેનો આશ્રય છોડીને ત્રિલોકનાથ ચિદાનંદ પ્રભુ અંદર છે તેનો આશ્રય કરીને, તેમાં એકાગ્ર થઈને શુદ્ધતા પ્રગટ થાય છે એ ધર્મ છે. બાકી બધા થોથા છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– નોંધ કરી લેવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નોંધ કરવા જેવી છે.

શું કહે છે ? જુઓ ! 'સાધકદશામાં શુભભાવ વચ્ચે આવે છે, પણ સાધક તેને છોડતો જાય છે;...' છોડતો જાય છે એટલે ? હેય (માને છે). હિન્દી મેં ક્યા ભાષા હૈ ? હેય હૈ, છોડને લાયક હૈ, આદરને લાયક નહીં. આ..હા..હા...! કેમ કે એ તો રાગ છે. આ..હા..હા...! અને આદરવા યોગ્ય માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એ ધર્મી નહિ અને એને ધર્મની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખબરેય નથી. આવી વાત છે. આ..હા...! આ..હા..હા...! માતાને માતા કહેતા કહેતા કાંઈક ઢીલું કરો. એને માતા નહિ પણ પોતાની સ્ત્રી પણ કહેવી. એવી વસ્તુસ્થિતિ... આ..હા...! .... પાંચ સમિતિ ને ગુપ્તિનું ભાન અંદર થયું, હું તો આનંદસ્વરૂપ ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ, ઝળહળ જ્યોતિ, ચૈતન્યના પ્રકાશનો પણ પ્રકાશક હું છું, એવી ચૈતન્યજ્યોતિ હું છું, એવો અંતરમાં અનુભવ થયો એને પણ વચ્ચે શુભભાવ આવે છે પણ હેય કરીને છોડતો જાય છે. કેવી રીતે ?

'સાધ્યનું લક્ષ ચૂકતો નથી.' સાધ્ય નામ ધ્યેય જે પૂર્ણાનંદ પ્રભુ હું, એ ધ્યેય – સાધ્ય એ છે. જેમ બાણ મારનારનું સાધ્ય હોય છે એમ અહીંયાં ધર્મીનું સાધ્ય ત્રિકાળી ધ્રુવ ધ્રુવ આત્મા (છે). નિત્યાનંદ પ્રભુ અનાદિ અનંત સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, એ ધર્મીનું ધ્યેય છે. ધર્મીના ધ્યાનનું લક્ષ ત્યાં છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...! ફેરફાર લાગે. શું થાય ? 'સાધ્યનું લક્ષ ચૂકતો નથી.' ધર્મી – સાધકજીવ. ધર્મી એને કહીએ કે જેને અંતરમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવ્યું હોય અને એ વેદનમાં રહી શકે નહિ તો શુભભાવ વચ્ચે આવે છે પણ એ શુભભાવને છોડતો જાય છે, હેય માને છે, સારો નથી, ઠીક નથી અને એ શુભભાવ રાગ મને લાભદાયક નથી. ચાહે તો ભગવાનની ભક્તિ હો કે ભગવાનનો (નમસ્કાર મંત્ર હો), ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... (કરે) એ પણ વિકલ્પ અને શુભ રાગ છે.

પ્રશ્ન :– નમસ્કાર મંત્ર પણ એવો છે ?

સમાધાન :– એવો જ છે. ણમો અરિહંતાણં.. એ શુભ રાગની વૃત્તિ ઊઠે છે ત્યારે ણમો અરિહંતાણં બોલે છે.

પ્રશ્ન :– એ પણ રાગ છે ?

સમાધાન :– એ પણ રાગ છે, પ્રભુ ! અહીં તો બીજી ચીજ છે. આ..હા..હા...! ભગવાન તારી ચીજની તને ખબર નથી, પ્રભુ !

મુમુક્ષુ :– અમને તો આ જ ઉપદેશ મળે છે કે રાગ કરો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ છે, એ જ કરે છે, દુનિયા આખી એ જ માને છે. બધા માને છે. અહીં તો કહે છે કે, શુભ રાગ પણ બંધનું કારણ છે. મારી કમજોરીથી મને આવે છે પણ એ બંધનું કારણ છે, મને આદરવા લાયક નથી. આ..હા..હા...! છે ? નથી આવ્યું, નાનું પુસ્તક નથી આવ્યું. 'અધ્યાત્મ પીયૂષ'માં. આ..હા..હા...! શું કહે છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ થોડા શબ્દમાં એકલો માલ ભર્યો છે. આ..હા...!

મુમુક્ષુ :– પહેલા આપે કીધું, એકલું માખણ ભર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– માલ કહો કે માખણ કહો. આ..હા..હા...! ચૈતન્યરસ આનંદકંદ ! આ આમાં હશે કે નહિ ખબર નહિ. એક પુસ્તક પછી (આમને) આપજો ને. સમજશે, લઈ તો જાય. એક નાનું પુસ્તક છે, એમાં બધું ભર્યું છે. બધું એકદમ સમજાશે તો નહિ. આખી દુનિયાથી જુદી (વાત) છે. મોટા પંડિતો 'કાશી'ના ભણીને ગણીને ભણ્યા પણ મીંડાં છે બધા. આ..હા..હા...!

સચ્ચિદાનંદ આત્મા વસ્તુ સ્વરૂપ અંદર છે એમાં પુણ્ય ને પાપ વિકૃત ઉત્પન્ન થાય છે અને વિકૃતને પોતાનું માને છે તો ચાર ગતિમાં રખડે છે. એ વિકૃતથી રહિત મારી ચીજ અંદર નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ પૂર્ણ છું, એવી દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ ધર્મની પ્રથમ શ્રેણી છે. આ..હા..હા...! સાધકદશામાં પણ વચ્ચે શુભભાવ આવે છે પણ સાધ્યનું લક્ષ છૂટતું નથી. (શુભભાવને) છોડી દ્યે છે, નહિ, એ નહિ. હું તો અંદર આનંદમાં રહું એ મારી ચીજ છે. આ..હા..હા...!

'જેમ મુસાફર એક નગરથી બીજા નગરે જાય છે...' મુસાફર એક નગરેથી બીજા નગરે જાય છે તો નગરને છોડતો જાય છે. એમ ધર્મી પોતાની દૃષ્ટિ જે શુદ્ધ ચૈતન્ય ઉપર છે, એમાં વચ્ચે શુભ રાગ છે તો મુસાફર જેમ નગર છોડતો જાય છે એમ ધર્મી શુભને છોડતો જાય છે. આ..હા..હા...! સડક ઉપર માણસ ચાલે અને સેંકડો ઝાડ હોય, ઝાડ (એની) છાયા હોય, છાયા. વચ્ચે છાયા આવે છે તે છૂટી જાય છે. એમ પ્રભુ આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપની દૃષ્ટિમાં વચ્ચે એ રાગાદિની છાયા જેમ ઝાડની (છાયા) વચ્ચે આવી જાય છે પણ એ છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી, ત્યાં અટકતો નથી અને એમાં ધર્મ માનતો નથી. આ..હા..હા...! અરે...! પાગલ જેવું લાગે એવું છે. પાગલ દુનિયા છે એને પાગલ જેવું લાગે એવું છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...! ભૂલ્યા.. ભૂલ્યા.. ભૂલ્યા સારા સંસાર.. 'કબીર'માં એમ આવે છે. એક ભૂલ્યો નહિ 'કબીર' જેને સત્‌નો આધાર. 'એવું ભૂલ્યા, દૂસરા ભૂલ્યા, ભૂલ્યા સારા સંસાર' આ..હા..! 'દાસ કબીરો એમ કહે' એમ દાસ આત્મા એમ કહે કે, એક ભૂલ્યો હું નહિ ભૂલ્યો. મારી ચીજ અંદર આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! સત્‌ – છે, ચિદ્‌ નામ જ્ઞાન અને અનંત સચ્ચિદાનંદ. સત્‌ ચિદ્‌ અને આનંદ. આ..હા..હા...! આવી મારી ચીજ ભરી પડી છે, એ ચીજ મારી ચીજ અને એને સાધનારો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું. રાગ આવે છે તેનો સાધનારો નહિ. આ..હા..હા...! આવી વાત છે.

'ચૂકતો નથી. – જેમ મુસાફર એક નગરથી **બીજા** નગરે **જાય** છે ત્યારે **બીજા બીજા** નગર આવે તેને છોડતો **જાય** છે, ત્યાં રોકાતો નથી;...' આ..હા..હા...!

મુમુક્ષુ :– ટ્રેઈનમાં **જાય** તો ઘણાય સ્ટેશને ગાડી **ઊ**ભી રહે, ક્યાંય **ઊ**તરતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાંય **ઊ**તરતો નથી. 'મુંબઈ' **જા**વું હોય (એમાં) વચમાં ઘણાય ગામ આવે. ટિકીટ 'મુંબઈ'ની લીધી હોય તો ત્યાં વચમાં અટકી **જાય** ? એમ ધર્મીનું ધ્યેય પૂર્ણ સ્વરૂપ આનંદ છે તે એનું ધ્યેય છે. એની દશામાં પૂર્ણ પ્રાપ્તિ કરું એ એનું સાધ્ય છે. એ સાધ્યનું સાધક પુણ્ય ને પાપની ક્રિયાના રાગથી ભિન્ન, પોતાના સ્વરૂપની સ્થિરતા, દૃષ્ટિ, સ્થિરતા એ પૂર્ણ સાધ્યનું સાધક છે. વચમાં રાગ આવે છે, મુસાફર જેમ નગરને છોડતો **જાય** છે, મુસાફર કોઈ એક નગરમાં રહે છે ? જ્યાં મોટા નગરમાં **જા**વું હોય ત્યાં **જાય** છે. હોટલમાં **જાય**, પ્લેનમાં **જાય**. એમ પ્રભુઆત્મા.. આ..હા..હા...! પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુ, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, એ પ્રાપ્ત કરવાની ચીજ જે સાધ્ય છે એનું સાધન દ્રવ્ય વસ્તુ, વસ્તુ છે. એ વસ્તુની દૃષ્ટિ અને જ્ઞાન કરવાથી સાધકદશા પ્રગટ થાય છે. એવી સાધકદશામાં શુભભાવ આવે છે પણ ધર્મી એને છોડી દ્યે છે. એ નહિ, એ નહિ, એ નહિ. એ મારી ચીજ નહિ, એનાથી મને લાભ નહિ, એ મારા આત્મામાં મદદગાર નહિ. આ..હા..હા...! અત્યારે તો બધું **ઊં**ધું ચાલે છે. આખી દુનિયા સાધુ થઈને વ્રત કરો ને પરની દયા પાળો ને આ કરો ને પાંચ-પચીસ હ**જા**રના દાન આપો, ખરડા કરો, ખરડા કહતે હૈં ક્યા કહતે હૈં ? ચંદા. આ..હા..હા...! ધૂળમાંય ધર્મ નથી. તારા ખરડા કર ને અબજ રૂપિયા ભેગા કર ને. આ..હા..હા...! એ તરફની વૃત્તિ છે એ તો રાગ છે. રાગ છે એ દુઃખ છે, દુઃખ છે એ ઝેર છે. ભગવાનઆત્મા રાગથી ભિન્ન અંદર અમૃતસાગર છે. આવી વાત છે.

અરે...! એણે અનંતકાળમાં ક્યારેય સાંભળ્યું નથી. સત્ય વાત સાંભળવા મળે નહિ, પરિચયમાં તો ક્યાંથી આવે ? અને અનુભવમાં તો ક્યાંથી આવે ? આ..હા...! 'શ્રુત પરિચીત અનુભૂતા' ('સમયસાર'ની) ચોથી ગાથામાં આવે છે. રાગ કરવો, શુભરાગ કરવો અને શુભરાગનું ફળ ભોગવવું, એવી વાત તો પ્રભુ ! તેં અનંત વાર સાંભળી છે. અનંત વાર તને પરિચયમાં પણ આવી ગઈ છે અને તારી અનુભૂતિમાં – અનુભવમાં રાગનું વેદન અનંત વાર આવી ગયું છે. આ..હા..હા...! પણ એકત્વ અને પરથી ભિન્ન (આત્મા અનુભવમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યો નથી). આ શરીર તો જડ માટી – ધૂળ છે. આ તો રાખ છે. એની હાલવા-ચાલવાની ક્રિયા છે એ પણ જડની ક્રિયા છે, આત્માની નહિ, આત્મા કરી શકતો નથી. આ બોલવું એ આત્માની ક્રિયા છે નહિ. એ તો માટી – ધૂળ જડની ક્રિયા છે. આ..હા..હા...! મોટા અવાજે ભાષણ કરી શકું છું (એમ માનનાર) મૂઢ છે. ભાષા તો જડ છે, એનો સ્વામી થાય છે અને પોતાની ચૈતન્ય ચીજ છે એનો નકાર કરી દ્યે છે. આ..હા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! આ..હા..હા...! અનંત કાળથી રખડ્યો, 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન' અભિમાન છોડ્યું નહિ. જ્યાં-ત્યાં અમે જાણીએ છીએ ને અમને ખબર છે. એમ ને એમ અજ્ઞાનની પાગલ દશામાં જીવન વ્યતીત થઈ ગયું. અનંત (કાળ) વ્યતીત થઈ ગયો. આ..હા..હા...!

હવે તો જાગ ને પ્રભુ ! આ..હા..હા...! તારી ચીજને સંભાળ. પુણ્ય-પાપની સંભાળ તો તેં ઘણી કરી. શુભ-અશુભ રાગની સંભાળ, યાદગીરી, ધારણા, કર્તવ્ય, અનુભવ અનંત વાર થયા. આ..હા..હા...! પણ રાગથી પૃથક્ ચૈતન્યજ્યોતિ ઝળહળ પ્રભુ ! જ્ઞાનપ્રકાશનું પૂર આદિ અને અંત વિનાની ચીજ નિત્યાનંદ પ્રભુ, એને ધ્યેય બનાવીને એક વાર પર્યાયમાં શુદ્ધિ પ્રગટ કર. એ શુદ્ધિ પ્રગટ થશે એ ધર્મ સાધક છે. આ..હા..હા...! અરે...! વાતે વાતમાં ફેર. આ દુનિયા નથી કહેતી ? 'આનંદ કહે પરમાનંદા, માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક તાંબિયાના તેર' એમ પરમાત્મા એમ કહે છે કે, તારી શ્રદ્ધા અને મારી વાતમાં વાત વાતમાં ફેર છે, ફેર છે. આ..હા..! સમજાણું કાંઈ ? આ..હા..હા...!

(અહીંયાં કહે છે), નગર જેમ છૂટતું જાય છે તેમ 'બીજા નગર આવે તેને છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી;...' અટકતો નથી. એમ ધર્મી જીવ... આ..હા..હા...! અંતરની દૃષ્ટિ અને રાગથી ભિન્નનું ભાન છે એ કારણે વચમાં રાગ તો અશુભથી બચવા માટે આવે છે પણ છોડી દ્યે છે, હેય છે. જેમ ઘઉંમાં કાંકરા હોય છે, કંકર.. કંકર.. ઘઉં ! (એને) કાઢી નાખે છે.

મુમુક્ષુ :– એની કિંમત તો આપી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઘઉંની કિંમત આપી છે, કાંકરીની નહિ. ઘઉંની કિંમત આપી છે. કાંકરીની કિંમત આપી છે ? એમ ભગવાનઆત્મા(માં) પુણ્ય-પાપના ભાવ છે એ કાંકરી સમાન (છે). પ્રભુ ! તારી અંદરની મહત્તા કોઈ જુદી છે. તેની તને ખબર નથી. આ..હા..હા...! તેં કદી સાંભળ્યું નથી. તારી અંતરની મહિમાની મોટપની તને ખબર નથી અને તેં દયા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દાન, વ્રત ને શુભ રાગમાં મોટપ આપી દીધી. ઝેરને મોટપ આપી દીધી અને અમૃતના સાગરને ધિક્કાર કરી દીધો. સમજાણું કાંઈ ? આવી વાત છે. લો, આ તો પાંચ મિનિટને ઠેકાણે આખું ચાલ્યું. પાંચ મિનિટનું કહ્યું હતું ને ? પણ અડધી કલાક ચાલ્યું.

પ્રભુ ! તું કોણ છો ? આ..હા..હા...! નિર્વિકલ્પ છો, શુદ્ધ છો, બુદ્ધ છો, આનંદનો સાગર છો, તારા ચૈતન્યના પ્રકાશના પૂરનું અપરિમિત તત્ત્વ છો. એમાં પુણ્ય અને પાપના ભાવ બધા રાગ અને વિકલ્પ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...! પ્રભુ ! તું કોણ છો એની તને ખબર નથી. આ..હા...!

એકવાર કહ્યું હતું, નહિ ? સંવત ૧૯૬૪ની સાલ. તે દિ' તો ઉંમર ૧૮ વર્ષની હતી. સીત્તેર વર્ષ પહેલાની વાત છે. અત્યારે તો શરીરને ૮૮ થયા. નેવુમાં બે ઓછા. ૮૯ અત્યારે બેઠું. એકવાર અમે માલ લેવા ગયા હતા. હમારી દુકાન વહાં હૈ ન, 'પાલેજ'માં દુકાન છે. 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે 'પાલેજ' છે. ત્યાં પિતાજીની દુકાન હતી. અમે તો ગયા હતા. પિતાજી ૧૯૫૯થી ૧૯૬૩ સુધી ચાર વર્ષ રહ્યા. પિતાજી ગુજરી ગયા પછી ૧૯૬૩થી ૧૯૬૮ સુધી મેં પણ દુકાન ચલાવી. ૧૭ વર્ષની ઉંમરથી ૨૨, પાંચ વર્ષ. એકવાર અમે 'વડોદરા' માલ લેવા ગયા હતા. નાની ઉંમરમાં અમે તો વેપાર કરતા હતા ને. અમને નાની ઉંમરમાં શેઠ.. શેઠ કહેતા હતા. દુકાન ચાલતી હતી અને ધારધીર કરતા હતા. દુકાન મોટી ચાલે છે. 'પાલેજ', 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે 'પાલેજ' છે. મોટી દુકાન છે. અત્યારે ૩૫-૪૦ લાખ રૂપિયા છે અને ત્રણથી ચાલ લાખની પેદાશ છે. અત્યારે 'પાલેજ'માં દુકાનમાં (છે) એ દુકાનમાં હું ૬૫ વર્ષ પહેલા હતો.

એકવાર 'વડોદરા' માલ લેવા ગયા હતા. રાત્રે હમણાં ક્યાંક 'અનુસૂયા'નું નાટક હતું. 'ભાવનગર' ને ? 'ભાવનગર' ! 'અનુસૂયા'નું નાટક. 'ભરૂચ'ને કાંઠે 'નર્મદા' નદી છે ને ? એ 'નર્મદા' અને 'અનુસૂયા' બે બહેન હતા. બે બહેનનું નાટક હતું, મોટું નાટક હતું. અત્યારે 'ભાવનગર'માં હતું. અમે સંવત ૧૯૬૪માં એ નાટક જોયું હતું, સીત્તેર વર્ષ થયા. તો એ કન્યા હતી. શું કીધું ? 'અનુસૂયા' ! 'અનુસૂયા' બાઈ હતી એણે લગ્ન નહોતા કર્યા. (એ) સ્વર્ગમાં જાતી હતી. સ્વર્ગમાંથી નકાર થયો. એ લોકોમાં એવું આવે છે. વેદમાં 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ' (અર્થાત્) પુત્ર વિનાને ગતિ નહિ મળે. છે તો બધું ખોટું – જૂઠું. પણ એ નાટકમાં જોયું હતું. સ્વર્ગમાંથી ના પાડી. અહીંયાં નહિ, લગ્ન કર, પુત્ર થાય પછી તને સ્વર્ગ મળશે. નીચે એક આંધળો બ્રાહ્મણ હતો તેની સાથે લગ્ન કર્યા. પુત્ર થયો (એને)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઝુલામાં ઝુલાવતી હતી પણ એવી ભાષા હતી.. અત્યારે તો સંપ્રદાયમાં નહિ એવું તો નાટકમાં હતું. અત્યારે તો નાટક અને ફિલ્મ જોવામાં તો કાળાકેર થઈ ગયા છે. વ્યભિચાર અને બધા દેખાવ, આ..હા...! સ્ત્રી આમ ઊભી હોય અને આમ હાથ નાખે. અરે...! આ તે અનીતિ ! એ વખતે બાઈ પુત્રને ઝુલાવતી હતી (અને) એમ બોલતી હતી. સીત્તેર વર્ષ થયા. સાત અને મીંડું. સત્તર કહતે હૈં ન ? સીત્તેર વર્ષ પહેલાની વાત છે.

બેટા ! તું નિર્વિકલ્પ છો. આ..હા..હા...! તે દિ' સાંભળ્યું છે. નાટકમાં ! નિર્વિકલ્પ છો, પ્રભુ ! તું નિર્વિકલ્પ છો. તું ઉદાસીનો છો. રાગથી અને પરથી તારું આસન ભિન્ન છે અને તું બુદ્ધ છો. જ્ઞાનનો પિંડ છો. આવું તો નાટકમાં જોયું હતું. અત્યારે સંપ્રદાયમાં વાત રહી નહિ. પ્રભુ ! તું કોણ છો અંદર ? શું ચીજ છે અંદરમાં ? આ..હા...! એ વિકલ્પ નામ રાગથી રહિત તારી ચીજ છે અને બુદ્ધોસિ (અર્થાત્) જ્ઞાનનો પિંડ છો, જ્ઞાનનો પુંજ છો. આ..હા...! અને ઉદાસીનો (અર્થાત્) રાગાદિ વિકલ્પથી પ્રભુ ! તારું આસન ભિન્ન છે અંદર. તારી ચીજ અંદર ભિન્ન છે. એ ત્રણ બોલ યાદ રહ્યા. આપણે તો શાસ્ત્રમાં બધા છે. એ વખતની ૭૦ વર્ષ પહેલાની વાતમાં ફિલ્મની ત્રણ વાત યાદ રહી. અહીં તો (અત્યારે) સંપ્રદાયમાં એ વાત ન મળે કે, તું અંદર નિર્વિકલ્પ ઉદાસીન બુદ્ધ તત્ત્વ છો. એ નહિ. આ કર ને આ કર ને આ કર.. કર આ (અને) મર. પરના કરવાના ભાવ તો મરવું છે. ચૈતન્યને જ્ઞાતા-દૃષ્ટાને મારી નાખવાનું છે. વિશેષ કહેશે....

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

જેમ ધૂમાડાના ગોટા આડે ચૂલા ઉપર લાપસીનું તપેલું દેખાતું નથી તેમ પુણ્ય - પાપનો ધૂમાડાના પ્રેમની આડમાં જ્ઞાયકભાવ દેખાતો નથી. પર્યાયબુદ્ધિવાળાને રાગનો રસ છે, રુચિ છે તેથી તેને અંદર જે વીતરાગમૂર્તિ સકળ-નિરાવરણ છે તે ઢંકાઈ ગયો છે. પ્રબળ કર્મના મળવાથી જ્ઞાયકભાવ તિરોભૂત થયો છે. એટલે ? જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ છે, તે તિરોભૂત થતો નથી. પણ પ્રબળ રાગના મળવાથી એટલે કે રાગની રુચિના પ્રેમને લઈને તેને જ્ઞાયકભાવ દેખાતો નથી. તેથી તિરોભૂત થઈ ગયો છે. (પરમાગમસાર - ૩૪૧)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેઠ સુદ ૧૩, રવિવાર, તા. ૧૮-૦૬-૧૯૭૮.
વચનામૃત–૪૧-૪૪ પ્રવચન–૧૩

ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ, માર્ગ ન મળે એમ બને નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ. અંદર વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે. ૪૧.

'વચનામૃત' ૪૧મો (બોલ). ૪૦ ચાલ્યા ને ? સૂક્ષ્મ વાત છે, આ તો મૂળ માર્ગ છે ને. 'ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ.' એટલે શું કહ્યું ? કે, જેને આ આત્મા અનંત આનંદનું રૂપ જેનું સ્વરૂપ, એવા આનંદના સ્વાદ લેવાની જેને તાલાવેલી લાગે, જગતના સ્વાદનો જેને ફીકો ભાવ થાય. આ..હા..હા...! એક આત્મા સિવાય બીજાની વાતમાં ક્યાંય રસ ન પડે અને આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ (છે) એની તાલાવેલી એટલે પ્રયત્નનો પુરુષાર્થ તે તરફ ઢળે એને માર્ગ મળે જ, તો અંદર રસ્તો થાય જ. પણ બીજે રસ્તે જાય અને આ રસ્તો મળે એમ બની શકે નહિ. આહા..હા..! ઝીણી વાત બહુ. મૂળ સત્ય વસ્તુ ઝીણી.

'માર્ગ ન મળે એમ બને નહિ.' જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ થયા વિના રહે નહિ. આ..હા..હા...! જેને સંસારના રાગના રસમાં રસ છે તો એનો એ પુરુષાર્થ કરે છે. આ..હા..હા...! જેને જરૂરિયાત જણાય અને પુરુષાર્થ કર્યા વિના રહે નહિ એમ બને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. એમ આત્મા વસ્તુ શું છે આ ચીજ ? આત્માના આટલા આટલા વખાણ કરે છે. ભગવાનઆત્મા સર્વોત્કૃષ્ટ આત્મા પરમેશ્વર સ્વરૂપ આત્મા ! આ..હા..હા...! અનંત અનંત ગુણની ખાણ આત્મા શું છે આ તે ? એવી જેને અંદરમાં લગની લાગે. આ..હા..હા...! ધુન ચડે, ધુન એની. એમ કહે છે. ઝીણી વાત છે. ત્યારે માર્ગ મળે. 'માર્ગ ન મળે એમ બને નહિ.' કેમ ? કે 'જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ.' અમને કેમ કાર્ય આવતું નથી ? એમ કોઈ કહે કે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ અમને કેમ થતો નથી ? તો કહે છે કે એ કાર્ય છે તેનું કારણ આપવું જોઈએ. જેટલું કારણ આપે તેટલું કાર્ય થાય. કારણ થોડું આપે અને કાર્ય વધારે થાય એમ બને નહિ. આ..હા..હા...!

પૂર્ણ આનંદ અને પૂર્ણ ધર્મ, ધર્મી પોતે અનંત ધર્મનો ધરનાર, શું આ તે ચીજ છે ? એક સમયની દશામાં જે આવતો નથી અને કાયમ એકરૂપે રહે છે, જેમાં બદલતું નથી, પલટતું નથી, ઓછું થતું નથી, વિપરીત થતું નથી, એવું પૂર્ણ તત્ત્વ છે, આ શું છે આ ? આ..હા..હા...! એવી જેને રુચિની તાલાવેલી લાગે એને અંતર સ્વરૂપ અનુભવ થયા વિના રહે નહિ, એમ કહે છે. આ..હા..હા...! કારણની કચાસને લઈને કાર્ય આવતું નથી. એમ સિદ્ધાંત નક્કી કરે કે અમે પુરુષાર્થ તો ઘણો કરીએ છીએ, પણ પુરુષાર્થ ઘણો કહેવો કોને ? આહા...હા...!

અંતર પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ છે એની પૂર્ણતાને પામવાનો જેને ભાવ હોય એને અંતરમાં લગની લાગે. આ..હા..હા...! એને આત્મા સિવાય ક્યાંય મીઠાશ દેખાય નહિ, ક્યાંય મીઠાશ લાગે નહિ. આ..હા..હા...! ક્યાંય રસ પડે નહિ. એવો ચૈતન્ય સ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તે. આ..હા..હા...! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો, એ પ્રભુએ એને આત્મા કહ્યો, કાંઈ શરીર, વાણીને આત્મા કહ્યો નથી તેમ પુણ્ય-પાપના ભાવને આત્મા કહ્યો નથી. તેમ અપૂર્ણ દશાને આત્મા કહ્યો નથી. આ..હા..હા...! એવો જે પૂર્ણ સ્વભાવ. વાત તો અલૌકિક છે પણ... આ..હા..હા...! ઘણી સાદી ભાષામાં (વાત કરી છે).

જેને અંતર પરમાત્મા પ્રત્યેનો આશ્ચર્ય અને વિસ્મયતા આવે કે શું ચીજ (છે) કે આવા ગાણાં ગાય છે ? આવો ભગવાન સર્વોત્કૃષ્ટ, જેમાં ગુણનો પાર નહિ, સંખ્યાએ કંઈ પાર નહિ, શું છે આ તે ચીજ ? એવી જેને પુરુષાર્થમાં જરૂરિયાત જણાય અને વસ્તુ ન મળે એમ બને નહિ. આ..હા..હા...! ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આમ છે.

'જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ.' તેટલું કાર્ય થાય જ. જેવો ભગવાન પૂર્ણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ છે એને શ્રદ્ધા અને જ્ઞાનમાં તેટલો પુરુષાર્થ કરીને કારણ આપે તો કાર્ય થયા વિના રહે નહિ. 'અંદર વેદના સહિત ભાવના હોય તો...' અંતર વેદના એટલે ? અંતર વેદન થવાની જેને ભાવના (હોય). આ..હા...! રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપનું વેદન તો અનાદિનું છે. સાધુ થયો તો પણ વેદન તો એને રાગ-દ્વેષનું જ છે, કંઈ અંતરનું વેદન નથી. અંતર-વેદન હોય તો તો દ્રવ્યલિંગ ધારીને રખડે નહિ. આ..હા..હા...! અંતર વેદન (એટલે) અંતર ખટક. આહા..હા....! 'અંદર વેદના સહિત ભાવના હોય...' (અર્થાત્) અંતરની એકાગ્રતા થવાની (ભાવના હોય તો) 'માર્ગ શોધે.' આ..હા...! એ ૪૧ (બોલ પૂરો) થયો.

આ વાત એવી છે પ્રભુ ! કે બહારના કોઈ સાધન કે રાગ, દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને દાન, ક્રિયાકાંડના બધા ભાવ, એનો જ્યાં સુધી પ્રેમ છે અને એનાથી મળશે એવી જ્યાં સુધી રુચિ ત્યાં જ ચોંટી છે અને પુરુષાર્થથી અમે આટલું કરીએ અને મળતું નથી (એમ કહે), પણ ઇ પુરુષાર્થ જ તારો ઊંધો છે. આ..હા..હા...! ઘણા અપવાસ કરીએ, ઇન્દ્રિયદમન કરીએ, શરીરથી બ્રહ્મચર્ય પાળીએ, કોઈ જીવને દુઃખ ન દેવાનો ભાવ (રાખીએ). પણ એ તો બધી વિકલ્પ અને રાગની ક્રિયા છે. એ રાગમાં.. આ..હા..હા...! રાગ અંધારું છે. એ અંધારાને માર્ગે આત્માનો પ્રકાશ મળે, એવું છે નહિ. આ..હા..હા...! ૪૧ (થયો).

> **યથાર્થ રુચિ સહિતના શુભભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે; અને યથાર્થ રુચિ વિના, તેના તે શુભભાવો લૂખા અને ચંચળતાવાળા હોય છે. ૪૨.**

૪૨. 'યથાર્થ રુચિ સહિતના શુભભાવો...' શું કહે છે ? ભગવાનઆત્મા એ જગતમાં અસ્તિ વસ્તુ છે. એ એક જ સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે, ભગવાનસ્વરૂપ જ છે પણ એને બહારની મીઠાશ આડે... આ..હા..હા...! સ્ત્રી, કુટુંબ-પરિવાર જેને પહેલેથી જોઈને માન્યા છે કે, આ મારા. આત્મા તો ક્યાં એને ખબર છે ? જોયું (કે), આમ ચેષ્ટા કરે ઇ મારી બા અને આવા મારા બાપ ને આવા મારા દીકરા, આ મારી દુકાન ને આ દુકાનના નોકરો મારા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ ધંધાની વ્યવસ્થામાં મારો રસ છે તેથી આ વ્યવસ્થા ચાલે છે. આવા રસમાં એને યથાર્થ રુચિ નથી. આ..હા..હા...!

'યથાર્થ રુચિ સહિત...' ભગવાનઆત્મા જ્યાં પોસાણમાં આવે, એ સિવાય કંઈ કોઈ વાત જેને ભલી લાગે નહિ. આ..હા..હા...! એવો શુદ્ધ પ્રભુ, એની રુચિ પોસાણ સહિત જે શુભભાવો (આવે), એમાં રાગની મંદતાનો ભાવ આવે, પણ 'વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે;...' કારણ કે રાગ છે છતાં ત્યાંથી વિરક્તપણાનો વૈરાગ્ય તો ત્યાં છે. આ..હા..હા...! જેને આત્માના આનંદની અથવા વસ્તુના સ્વરૂપની રુચિ થઈ, એને શુભ રાગ આવે પણ એ રાગમાં એને વૈરાગ્ય તો સાથે હોય છે. રાગ હું નહિ, એવા વૈરાગ્યથી તરબોળ રાગ હોય. રાગ હું નહિ, એવા વૈરાગ્યથી તરબોળ રાગ હોય છે. આ..હા..હા...! ઝીણી વાતું ઘણી, ભાઈ !

'અને ઉપશમરસ...' એટલે પોતાનો આત્મરસ. આમ રાગથી વિરક્ત છે, વૈરાગ્ય સાથમાં હોય છે અને સાથમાં શાંત અવિકારી પ્રભુ છે, એની રુચિ છે તે શાંતરસ પણ સાથે છે. અકષાય અંશ ઉપશમરસ સાથે છે. એથી શુભભાવ પણ વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ નામ સાથે હોય છે. આ..હા..હા...! રાગ તો રાગ છે પણ રાગ સાથે વૈરાગ્ય છે અને આત્માના અસ્તિપણાના ઉપશમરસનું વેદન છે. આ..હા..હા...! આવી વાતું હવે. એ બેસે છે ત્યાં એ શુભ રાગ વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ છે એટલે કે એની દશા એ વખતે શુભરાગ હોવા છતાં ભિન્ન છે. આ..હા..હા...!

જોનાર જોવે છે પરને એમાં એને ક્યાંક વિસ્મયતા, અધિકતા, આશ્ચર્યતા લાગે છે એથી તે અંતરની વિસ્મયતાના આશ્રયમાં જતો નથી. આ..હા..હા...! બહારની સામગ્રીઓ પૈસાથી માંડીને શરીર, સુંદર વાણી, મકાન અને એ બધા શું કહેવાય તમારે ? ઘરવખરો ! ફર્નીચર ને આમ ભભકા ભર્યાં હોય. આ..હા...! જુઓ ને !

મુમુક્ષુ :– ઈ તો પરદ્રવ્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરદ્રવ્ય (છે), પણ રસ પડે છે ને, મજા લાગે છે. આ..હા...! જુઓ ! આવું મકાન, આરસપહાણનું મકાન ! સત્તાવીસ લાખ રૂપિયા ! જોનારા આવે એમ કહે કે તમે કાંઈક લખો આમાં કે આમાં શું શું છે. અમને એકદમ નહિ સમજાય. કહો. બાપુ ! એ ચીજ તો પર છે. તારામાંથી થઈ નથી, તેં તે કરી નથી, તારી હયાતી છે માટે એની હયાતી છે એમ નથી અને એની હયાતીમાં તારો કાંઈ પણ ભાગ છે (એમ નથી).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ..હા..હા...! **એની હયાતી એને** લઈને. જડને લઈને. આ..હા...! **એની હયાતીથી તને** કંઈ **આશ્ચર્ય અને** વિસ્મય લાગે તો તને તારી હયાતીની વિસ્મયતા **નહિ** બેસે. આ..હા..હા...!

**એ** કહે છે, 'યથાર્થ **રુચિ** સહિત...' શુભ ભૂમિકામાં આવે એ 'વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે; **અને** યથાર્થ **રુચિ** વિના...' આ..હા..હા...! પૂર્ણાનંદ પ્રભુ આત્મા, એની **દૃષ્ટિ અને રુચિ** વિના, એ જેને અંદર પોસાતું નથી અને બહારના ભભકામાં (રસ આવે છે). આ..હા..હા...! કંઈક વાંચતા આવડે, બોલતા આવડે.

મુમુક્ષુ :– ચક્રવર્તીને ભભકા ઘણા હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભભકા-ભપકા મસાણની રાખ (છે). શું કીધું ? **ફાસફુસ**, શું કહે છે ? **ફોસ્ફરસ** ? ઠીક. મસાણના હાડકામાં **ફોસ્ફરસ** હોય છે એવી આ દુનિયાનું ચક્રવર્તીનું રાજ હાડકાની **ફોસ્ફરસ** છે. મારો નાથ અમૃત સ્વરૂપ ભગવાન, એની પાસે તો આ બધું હાડકાના **ફોસ્ફરસ** (જેવું છે). આ..હા..હા...!

અનંત ચીજ **માહ્યલી** કોઈ પણ ચીજને, પોતા સિવાયની ચીજને વિશેષ તરીકે, **અધિકતા** તરીકે, **આશ્રય** તરીકે, વિસ્મય તરીકે અંદર વીર્યમાં કામ કરે એનો વૈરાગ્ય, શુભભાવ પણ સાચો નથી. આ..હા..હા...! (તેના તે) 'શુભભાવો લૂખા...' **જોયું** ને ? આ..હા..હા...! જેને આત્માના રસ વિનાનો શુભભાવ (આવે) એ લૂખો લાગે, લૂખો. આ..હા..હા...! 'લૂખા અને ચંચળતાવાળા હોય છે.' શુભભાવ **ફર્યા** કરે. ત્યાંને ત્યાં લક્ષ છે ને. અને શુભ કરવામાં ટેવાઈ ગયો છે. આ..હા..હા...! સવારે **ઊઠે**, દેવદર્શન કરે, સામે બેસે, સ્તુતિ કરે, **પૂજા** કરે, બે-ચાર કલાક ત્યાં ગાળે. આ..હા...! પણ અંતર વસ્તુ છે એની તો દૃષ્ટિ નથી. અંતર ચીજ પરમાત્મા પોતે છે એનું તો જેને માહાત્મ્ય અને મહિમા આવ્યો નથી અને બહારની ચીજની મહિમા અને માહાત્મ્યમાં કાળ ગાળે છે એ બધા ચંચળતાવાળા શુભભાવ છે. આ..હા..હા...! ભારે કામ આકરું. આ..હા..હા...!

ભાઈ ! દેહ છૂટશે. એનો દેહ છુટવાનો જ છે ને ? છૂટો જ છે પણ **ક્ષેત્રથી** અવગાહથી છૂટો પડશે. આ..હા..હા...! એ રાખ્યો રહેશે નહિ અને એની સંભાળ કરશે તો પણ એ રહેશે નહિ. કારણ કે એ ચીજ પર છે. આ..હા..હા...! અરે...! એને પોતાના માનીને પડ્યો હોય એને એ છોડવા ટાણે ભીંસાઈ જશે. રાગની એકતામાં ભીંસાઈ જશે. ભલે એ અંદર ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કરતો હોય. આ..હા..હા...! સમ**જાણું** કાંઈ ? લોકો એમ કહે કે, ઓ..હો...! (એને) તો ભગવાનનું નામસ્મરણ કરતા સમાધિમરણ થયું. ધૂળેય નથી,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ ! તને ખબર નથી. આ..હા..હા...! એવા શુભભાવના કાળે આત્માનો અંદર રસ નથી અને રાગથી વિરક્ત વૈરાગ્યની દિશા નથી એ રાગ બધો ચંચળતાવાળો અને લૂખો છે. આ..હા..હા...! આવી વાતું છે.

આવું તો બાવા થાય ત્યારે થાય, ઓ'લો કહેતો હતો. બાવો જ છું, બાપા ! આ..હા..હા...! 'અમૃતલાલ' એમ કહેતા કે, આ તો બધું તમે કહો છો (ઇ તો બાવો થાય ત્યારે સમજાય). પણ પ્રભુ ! બાવો જ છો, ભાઈ ! અરે...! તારામાં રાગનો કણ નથી. શરીર ને વાણી, બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. એ તો ધૂળ એને કારણે એ કામ કરે. તારે લઈને તે નહિ અને તેનામાં તું નહિ. આ..હા..હા...! એવું અંતરમાં બીજાના સ્વભાવ ભાવ પ્રત્યેની વિસ્મયતા અને આશ્ચર્ય ન છૂટે અને શુભભાવ રહે એ બધો લૂખો અને ચંચળતાવાળો છે. આ..હા..હા...! ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં (બોલે). ણમો સિદ્ધાણં તો ભગવાન પણ દીક્ષા લેતી વખતે (બોલતા). તીર્થંકર પણ ણમો સિદ્ધાણં કરતા. ભાઈ ! પણ એ વિકલ્પ છે, એની પાછળ વૈરાગ્ય છે. આ..હા..હા...! રાગનો રસ ત્યાં નથી અને એની પાછળ આત્માનો શાંતરસ છે. એને લઈને એ શુભભાવ શાંતિથી અને વૈરાગ્ય સહિત કહેવામાં આવે છે. અને એના ભાન વિનાનો શુભભાવ લૂખો અને ચંચળ કહેવામાં આવે છે. આ તો મુદ્દાની રકમની વાતું છે, ભાઈ ! આ તો આ કરવું ને આ કરવું ને આ કરવું. આ..હા...! વ્યવહાર ચારિત્ર કરીએ તો નિશ્ચય થાય. આ..હા..હા...! એનો જે શુભભાવ છે એ તો લૂખો અને ચંચળ છે. આ..હા..હા...!

ધર્મીને આત્માની દૃષ્ટિ સહિતમાં શુભભાવ આવે છે, વ્યવહાર ચારિત્ર આદિનો ભાવ (આવે છે) પણ એ શુભભાવના પ્રેમમાં આવ્યો નથી. એને તે (વખતે) પણ વૈરાગ્ય વર્તે છે અને અસ્તિપણાનો જેને શાંતરસ દેખાય છે. આ..હા..હા...! એને લઈને એ રાગ વૈરાગ્ય અને શાંતિથી જાણે તરબોળ હોય એમ દેખાય છે. છે તો રાગ, રાગ. પણ એની ભૂમિકામાં (એવો રાગ) હોય છે. સમજાણું કાંઈ ? આવી જાતનો આ ઉપદેશ છે. આ..હા..હા...! હવે એનો ન્યાય આપે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે 'તારું નામ શું ?' તો કહે 'મારી બા', 'તારું ગામ કયું ?' તો કહે 'મારી બા', 'તારા માતા-પિતા કોણ ?' તો કહે, 'મારી બા'; તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ... જ્ઞાયકસ્વભાવ' – એવું રટણ રહ્યા જ કરે, તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે. ૪૩.

'જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય...' માની આંગળીએ રસ્તામાં આમ દોરાતો હોય, બહુ માણસનો જથ્થો દેખાય એમાં બાળક આંગળીથી છૂટી ગયો. 'બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે 'તારું નામ શું ?' આ તો અમે 'પોરબંદર'માં નજરે **જો**યેલું. 'પોરબંદર' પાસે અમે હતા અને એમાં એક છોડી બરાબર અપાસરાની **જો**ડે ઊભેલી અને એમાં મા આઘીપાછી વઈ ગઈ. અને રોવે.. રોવે.. રોવે.. રોવે... પોલીસ આવ્યા, (એને) પૂછે કે, તારું નામ શું ? તારી ક્યાંય ગોઠણ છે ? તારી શેરી છે ક્યાંય ? (તો કહ્યું), મારી બા, મારી બા. બસ ! એક જ જવાબ. આ તો નજરે **જો**યેલું. 'પોરબંદર'માં અપાસરાની **જો**ડે થયેલું. છોડી જઈ શકે નહિ, ક્યાં **જા**વું ? મારી મા ક્યે રસ્તે અને ક્યાં ગઈ છે ? ક્યો રસ્તો હશે એની ખબર ન મળે. અહીંથી આમ **જા**વું કે આમ **જા**વું ? આ..હા..હા...! એને પૂછે કે પણ તારી ગોઠણ કોઈ છે ? શેઠિયાની દીકરી કે એવું નામ આવડે છે ? તો કહે, મારી બા. બસ ! એક જ વાત. એમ કહેતી, અમે સાંભળતા, હોં ! આહા..હા...ન તારા બાપનું નામ (શું) ? કઈ નાતના તમે ? (તો કહે), મારી બા, બસ ! એક જ વાત. કારણ કે બા હાથમાંથી ગઈ. કઈ દિશાએ અને ક્યાં (ગઈ) ? આ..હા..હા...!

'તારું ગામ કયું' તો કહે 'મારી બા', તારા માતા-પિતા કોણ ? તો કહે 'મારી બા' એક જ કહે. આ તો 'પોરબંદર' ચોમાસા (વખતે) નજરે **જો**યેલું. 'તેમ જેને આત્માની ખરી રુચિથી...' આ..હા..હા...! 'જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે...' આ..હા..હા...! જેના ધ્યેયમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રેમ, જેને જ્ઞાયકભાવ જ રુચિમાં પડ્યો છે. આ..હા..હા...! એને જ્ઞાયકભાવ સિવાય ક્યાંય એને વિકલ્પમાં ગોઠતું નથી. આ..હા..હા...! ક્યાંય અટકવું એને ગોઠતું નથી. આ..હા..હા...! અંતરમાં જવા માટેની તાલાવેલી (લાગી છે). બહિરાત્મપણું જે છે એટલે કે જે આત્મામાં નથી એવા જે પુણ્ય-પાપના ભાવ અને એના ફળો એ આત્મામાં નથી તેનો જેને રસ અને પ્રેમ (છે), તેને જ્ઞાયકભાવનો પ્રેમ નથી. અને જેને આત્માના જ્ઞાયકભાવનો પ્રેમ લાગ્યો એને પુણ્યના પરિણામથી માંડી આખું જગત જેને પ્રેમનો વિષય નથી. આ..હા..હા...! એવો જ્ઞાયકભાવનો જેને રસ છે, જેને પ્રાપ્ત કરવો છે. આ..હા..હા...! ખરી રુચિથી ભગવાન (પ્રાપ્ત કરવો છે). દુનિયા કેમ માને ? દુનિયામાં કેમ પ્રસિદ્ધિ થાય ? અને મને આવડે તો દુનિયા મને મોટો માને એ બધી રુચિ પર ઉપર છે. આ..હા..હા...! એને જ્ઞાયકભાવ પ્રત્યેની રુચિ અને પ્રેમ નથી. આ..હા..હા...!

ઓ'લી 'અમેરિકા'ની વાત નહોતી સાંભળી ? નહોતું પ્લેન (પડી ગયું) ? 'અમેરીકા'માં મોટું પ્લેન.. શું કહેવાય તમારું ઇ ? પ્લેન કહેવાય ને ઇ ? (ઇ) પડ્યું. માણસ બધા મરી ગયા. જંગલમાં માણસનો પગરવ તો નહિ પણ માણસનું નામ ક્યાંય સાંભળવા મળે નહિ. એવા જંગલમાં પડ્યું. એમાં બધાં મરી ગયા. એક ૧૮ વર્ષની 'જર્મની'ની છોડી બચી ગઈ અને અસાધ્ય થઈ ગઈ. એ અસાધ્યમાંથી જરી આમ (સાધ્યમાં આવી) આમ જોવે ત્યાં ઊંચે આકાશ, નીચે ધરતી, તીરછે જોતાં આ બધા મડદાં પડ્યા છે. આ..હા..હા...! એને ક્યાં (જાવું) ? કોઈ માર્ગ મને બતાવો. આ..હા...! એક જ તાલાવેલી. કોઈ માર્ગ મને બતાવો, મારે ઘરમાં જાવું છે. શહેર ક્યાં છે અને કઈ દિશા છે એની ખબર ન મળે. કેડો કોઈ ન મળે કે, આ કેડો ક્યાંક જાતો હશે. આ..હા...! એની તાલાવેલી કેવી હશે ? આ..હા..હા...! અગિયાર દિ' (એવી રીતે) કાઢ્યા. નહિ માણસ (એવી રીતે) રાત ને દિ' અગિયાર દિ' કાઢ્યા. કેમ કાઢ્યા હશે ? આયુષ્યની સ્થિતિ હશે. આ..હા..હા...!

બારમે દિ'એ વળી એક શિકારની ઝુંપડી દેખી. (ત્યાં) ઊભી રહી. આ ઝુંપડી છે, કોઈક માણસ આવશે. ઊભી (રહી). આ..હા..હા...! કાંઈક ગોતતી હતી કોઈ માર્ગ, કાંઈ માર્ગ (મળે). એમાં ઇ ઝુંપડી દેખીને ત્યાં ઊભી રહી કે, અહીં કોઈ માણસ આવશે. ત્યાં શિકારી લોકો આવ્યા. અરે...! બેને શું છે તને ? આખા શરીરે સોજા, જીવો કરડેલા, વીંછી, દેડકા કેવા કહેવાય ઇ ? કડવા.. કડવા, ઝેરી.. ઝેરી, દેડકાઓ કરડેલા, પગમાં આ બધી ઇયળ (પડેલી), પગ સડી ગયા. હેઠે એકલું પાણી, જીવાત (ભરેલી). આ..હા...! એને કેવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હશે ? અરે...! મને કોઈ માર્ગ બતાવે, માર્ગ બતાવે. એક જ લાઈન. આ..હા..હા...! પણ આયુષ્ય હતું તે વળી શિકારી આવી ગયા અને એને જોઈને દયા આવી ગઈ. અરે...રે...! બેન ! શું થયું તને આ બધું ? આખા શરીરે સોજા, ચાલે તો પગમાંથી આવડી ઈયળું નીકળે, પગમાંથી ઈયળું (નીકળે) એટલા સડી ગયેલાં પગ. એનું આયુષ્ય છે ને. આ..હા...! ઓ'લા બિચારા મોટરમાં નાખી પોતાના શહેર લઈ ગયા. એને કેવું થાતું હશે ?

એમ અનાદિનો પરના પ્રેમમાં ઝંપલાઈ ગયો છે. એને મારો પ્રભુ ક્યાં છે ? કોણ છે ? શું છે આ ? એવો કોઈ બતાવો રે.. બતાવો, મને બતાવો એમ પોકાર કરે. અરે...! 'શ્રીમદ્' ને કહ્યું ? 'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? કોના સંબંધે વળગણા ? એ રાખું કે એ પરહરું ? એના વિચાર વિવેકપૂર્વક...' વિવેક નામ ભેદજ્ઞાન. રાગ ને પરથી ભેદ કરવાના વિચારમાં જ્યાં ઊતર્યા. 'એનો વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના કપાટ સહુ ખુલી ગયા' આ..હા..હા...! પ્રભુ ! આ છે કોણ ? શું છે ? એને પકડ્યા વિનાનું ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય રસ પડે નહિ, ક્યાંય ગમ પડે નહિ. આ..હા..હા...! એવી જેને આત્માની તાલાવેલી લાગે. આહા..હા..!

'તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ... જ્ઞાયકસ્વભાવ' આ..હા..હા...! જાગતો જીવ ચૈતન્ય જીવ જ્ઞાયક સ્વભાવ, જેનો સ્વભાવ એકલું જાણવું એ ચીજ છે. તે પણ પૂર્ણ સ્વભાવ જ્ઞાયક ભાવ એવી જેને લગની લાગે. આ..હા..હા...! છે ? 'જ્ઞાયકસ્વભાવ... જ્ઞાયકસ્વભાવ' – એવું જેને રટણ રહ્યા જ કરે,...' આ..હા..હા...! લાખ વાતની વાત, આવે છે ને ? 'છ ઢાળા'માં નહિ ? 'લાખ વાતની વાત' આ..હા..હા...! પછી શું કીધું ? 'નિશ્ચય ઉર આણો' નિશ્ચય એટલે આ. 'છોડી જગત દ્વંદ્વ ફંદ, એક આતમ ઉર ધ્યાવો' આ..હા..હા...! જેની લગનીમાં, તાલાવેલીમાં સપના પણ ઈ આવે. જાગૃતમાં તો આવે પણ ઊંઘમાં સપના પણ આવે, એવી એની તાલાવેલી લાગે.

આ વેપારવાળાને નથી તાલાવેલી લાગતી ? કેવી લાગે, જુઓને ! આ આપ્યું, આ આપ્યું. બીજો કહે, લ્યો, લઈ લ્યો, લઈ લ્યો, પાંચસો લઈ જાઓ, પાંચસો લઈ જાઓ. દિવસની તાલાવેલી રાત્રે મુંઝવણમાં એને બોલાવે છે. આ..હા..હા...! એમ જેને ભગવાનઆત્મા મારો નાથ કોણ છે આ ? છે કોણ આ ? શું છે ? કેમ છે ? ક્યાં છે ? કેમ પમાય ? આ..હા..હા...! એવી જેને લગની લાગે. 'એવું રટણ રહ્યા જ કરે,...' આ..હા...! 'તેની જ નિરંતર રુચિ અને ભાવના રહે.' આ..હા...! લાખ વાત બહારમાં હોય અને શરીરની ક્રિયામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ દેખાય, પણ ત્યાં જ્ઞાયકભાવ.. જ્ઞાયકભાવ સામાન્ય ભાવ, એકરૂપ ભાવ, એની જેને લગની લાગે એને આત્મા પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. આ..હા..હા...!

આ તો બે ઘડી સાંભળે, બે-ચાર કલાક વાંચે, બધું બોલી લે, પછી દુકાને બેસે ને તાલાવેલી લાગે, ઘરાક આવે ને એમાં બે-પાંચ હજારની પેદાશ દેખાય એવો ધંધો હોય. આ..હા..હા...! બે ટંકનું એક ટંક ખાવાનું કરી નાખે. દસ વાગે (કહે કે), ટાઈમ થઈ ગયો. તો કહે, હમણાં નહિ. એવી કોઈ ભોળી બિચારી શેઠાણી મળી હોય, હોય કરોડપતિ અને પાંચ લાખનો માલ લેવો હોય, કાપડ (લેવું હોય) અને અહીં પચાસ લાખનો માલ પડ્યો હોય અને એને આપવા ટાણે જુઓ, એની લીનતા ! ભાઈ ! આ..હા..હા...! છોકરો કહેવા આવે, બાપુ ! ચાલો ટાઈમ થઈ ગયો. (તો કહે), ઘરાક છે, ઘરાક પતાવ્યા પછી આવીશ. પતાવતાં પતાવતાં ચાર વાગી જાય. બે ટંકનું સાંજે એક ટંક કરી નાખે. આ..હા..હા...!

શાસ્ત્રમાં તો એ પણ આવ્યું છે, ભાઈ ! જ્ઞાનીને અકામનિર્જરા લીધી. નથી ઓ'લી ગાથા ? સકામ, અકામ નિર્જરા. ટીકામાં છે ને ? **૩૨૦** ગાથા. જ્ઞાનીને અકામ નિર્જરા હોય છે. સકામ, અકામ, સવિપાક, અવિપાક – ચાર બોલ લીધા છે. આ..હા..હા...! એને પણ કોઈ આ પ્રકારની વૃત્તિ (આવી જાય). બેઠો હોય ઇ અકામ નિર્જરા કહેવાય છે. છે દૃષ્ટિ આત્મા ઉપર. આ..હા..હા...! પણ એમાં ધંધામાં રોકાઈ ગયો, છ-છ કલાક ભૂખ્યો રહ્યો, પાણી પણ નહિ તો એને અકામ નિર્જરા ગણી છે. **૩૨૦** ગાથા. આ..હા..હા...! તો મિથ્યાદૃષ્ટિની તો શું વાતું કરવી ?

અહીં તો જેને આત્માનો રસ લાગ્યો છે એને પણ એવો જ્યાં ભાવ હોય ત્યાં પણ એને રુચિ તો નિરંતર આત્મા.. આત્મા.. આત્માની (છે). જેમ છોડીને જ્યાં પૂછો ત્યાં બા.. બા.. મારી બા. એમ આ જ્યાં પૂછો ત્યાં એના ભાવમાં વસ્તુ જ્ઞાયકભાવ ચૈતન્યભાવ સ્વભાવભાવ ધ્રુવભાવ નિત્યભાવ એકભાવ કાયમ ટકતી ચીજ એકરૂપે પૂર્ણ કોણ છે આ ? એની વારંવાર ખટક રહ્યા કરે. માળો, આવો ઉપદેશ ! આ કઈ જાતનો ઉપદેશ ? (અજ્ઞાની) તો કહે, ઈશ્વરની ભક્તિ કરવી, (અજ્ઞાની) કહે કે, ભગવાનના, મંદિરના દર્શન કરવા. તો આ બધું શું કરવા કર્યું ? ધર્મ થતો હશે માટે આ બધું કર્યું હશે કે નહિ ? (પ્રમુખ) આમાં ધ્યાન તો બહુ રાખતા હતા. કાંઈક કાંઈક આમાં જરીયે ધર્મ થાતો હશે કે નહિ ? આ..હા..હા...! એ એને કાળે થાય, પ્રભુ ! એ પુદ્‌ગલની પર્યાય તે ક્ષણે તે ચૈતન્યની પર્યાયથી પુદ્‌ગલની પર્યાય થાય નહિ. ચૈતન્યના શુભભાવથી પણ એ આ પર્યાય આમ રચાય નહિ, ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! એવો ભગવાનઆત્મા આખી જગતની પર્યાય દેખાય છે એનાથી એ તદ્દન જુદો છે. આ..હા..હા...!

સમ્યક્દ્રષ્ટિને પૂછે તો બોલે તો એવું કે, આ છોકરો કોનો છે ? (તો કહે), મારો. આ દુકાન કોની ? મારી. આ મારો માણસ, નોકર છે. આ..હા..હા...! અંદરમાં કાંઈ માનતો નથી. આ..હા..હા...! 'શ્રીમદ્'ને એકવાર પૂછ્યું, તમે એકલા જ છો ને 'અમારું, અમારું' શબ્દ કેમ વાપરો છો ? તમે તો એક જ છો. તો અમારું કપડું, અમારો કોટ, અમારું ફલાણું એમ કેમ કહો છો ? ભાઈ ! અમારો કોટ (કહીએ છીએ) એમાં અ (એટલે) મારો નથી એમ એમાં છે. આ..હા..હા...! બાપુ ! પ્રભુ ! તને 'અમારા' શબ્દમાં એનો ઇશારો કરવા માટેનો એક શબ્દમાં આ છે. અમારો (એટલે) એ અમારો નથી. કોટ મારો નથી, સ્ત્રી મારી નથી, મકાન મારું નથી, દુકાન મારી નથી. આ..હા..હા...! અમારો ધંધો આમ ચાલે છે. એટલે કે એ અમારો ધંધો જ નથી. આ..હા..હા...! એવું પૂછ્યું હતું.

મને પણ કોઈએ પ્રશ્ન કર્યો હતો. ત્યાં 'વરસડા' છે, 'વરસડા'. ત્યાં એક ભાઈ હતા. ઘણા વર્ષ થઈ ગયા, ગુજરી ગયા. એણે પૂછ્યું હતું કે, 'શ્રીમદ્' અમારો.. અમારો શબ્દ કેમ વાપરે છે ? છે એકલાને. બાપુ ! એ અમારામાં .. ઘણાં વર્ષની વાત છે, હોં ! ત્યાં 'વરસડા'માં સ્થાનકવાસીના થોડા ઘર છે. (એક ભાઈ) હતા એ ગુજરી ગયા. ત્યાં 'ગોંડલ'માં વ્યાખ્યાનમાં આવતા. ત્યાં એ દશાશ્રીમાળીમાં દવાખાનામાં હતો. અપાસરાની સામે જ્યાં વ્યાખ્યાન વાંચતા ને, અંદર જોડે દવાખાનું (હતું) ત્યાં હતો. બીજો એક હતો. આ તો ઘણા વર્ષ થયા. ઈ કહે, 'શ્રીમદ્' આમ કેમ (શબ્દ) વાપરે છે ? કીધું, બાપુ ! અમારામાં અર્થ એવો છે, એને બોલવાનો વખત છે, લોકો પૂછે છે એટલે પ્રશ્ન ઊભો થાય છે, પણ એમાં અમારો એટલે મારો નથી એમ ત્યાં ધ્વનિ છે. આ..હા..હા...! અમારો શુભભાવ એટલે કે મારો શુભભાવ નથી. આ..હા..હા...! અમારું કુટુંબ, અમારી નાત.. આહા.હા...! એટલે કે અમારી નાત નથી, કુટુંબ અમારું નથી. અમારી નાત અને કુટુંબ તો અહીં અંદર છે. આ..હા..હા...! એવી જેને જ્ઞાયકભાવની લીનતા અને તલ્લીનતા લાગે એને નિરંતર રુચિથી ભાવના જ રહે. આ..હા..હા...! ૪૩ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**રુચિમાં ખરેખર** પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. તેને ચોવીસે કલાક એક જ ચિંતન, ઘોલન, **ખટક** ચાલુ રહે. જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય તો તેને 'બા'ની યાદ, તેની **ખટક** નિરંતર રહ્યા જ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં **ખટક** તો આત્માની જ હોય છે. 'બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા'માં જ રહ્યું હોય છે 'અરે મારી બા.. મારી બા !'; એવી જ રીતે આત્માની **ખટક** રહેવી **જોઈએ**. ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા... મારો આત્મા !' એ જ **ખટક** ને **રુચિ** રહેવી **જોઈએ**. એવી **ખટક** રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ. ૪૪.

૪૪મો બોલ મોટો છે. '**રુચિમાં ખરેખર** પોતાને જરૂરિયાત લાગે...' જુઓ, આવ્યું ! એને **રુચિમાં ચૈતન્યતત્ત્વની** જરૂરિયાત લાગે, શોધ કરીને તેને મેળવવાની જરૂરિયાત લાગે તો ક્ષણે સંગે અને પ્રસંગે એનું ત્યાં ને ત્યાં અંદર ધ્યાન હોય. અંતરનું ધ્યાન એટલે ધ્યેય તો એના ઉપર હોય છે. આ..હા..હા...! '**રુચિમાં ખરેખર** પોતાને જરૂરિયાત લાગે...' અંતરની **રુચિમાં**, અંતરના રસમાં જેને અંતરની જરૂરિયાત અંતર તત્ત્વની લાગે 'તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ.' આ..હા..હા...! જેને અંતરની **ખરેખર** જરૂરિયાત લાગે, બીજી કોઈ ચીજની જરૂરિયાત નથી, મારે તો એક આત્મા જ **જોઈએ** છે, બસ ! આ..હા..હા...! એવું જેને સમ્યગ્દર્શન પહેલા પણ આવી લાગણી અને લગની લાગે 'તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ.' આ..હા..હા...!

દુનિયાની, આખી દુનિયાની ઉપેક્ષા અને એક વસ્તુની જ અપેક્ષા. બેમાં સમાઈ ગયું. રાગથી માંડીને બધી ચીજોમાં જેની ઉપેક્ષા વર્તે છે અને જેને એક આત્મસ્વભાવની જ અપેક્ષા વર્તે છે. આ..હા..હા...! તેને 'વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ.' 'રહે જ નહિ'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! આ ચોપડી તમને આપી છે, ડૉક્ટર ! એમાં તો આવું બધું ભરેલું છે. આ..હા..હા...! બહુ સાદા શબ્દો, ગુજરાતી સાદા શબ્દો. ... પહેલા આ આવી ગયું છે. હિન્દીવાળાને હજી કેટલાયને મળી નથી પણ ગુજરાતીવાળાને ઘણાને મળી ગઈ છે. આ..હા..હા...!

'તેને ચોવીસે કલાક એક જ ચિંતન,...' આ..હા..હા...! ઊંઘમાં પણ એને એ જ વિચારની ધારા ચાલતી હોય છે. એવી જેને ખરેખર આત્માની રુચિ લાગે.. આ..હા...! દુનિયાની અનુકૂળતાના ગંજ હો કે પ્રતિકૂળતાના ગંજ હો, એ સર્વથી ઉપેક્ષા કરી. આ..હા..હા...!

સાતમી નરકનો નારકી પ્રતિકૂળતાનો પાર ન મળે, આ..હા..હા...! બાપુ ! એના દુઃખો સાંભળ્યા જાય નહિ. સંયોગોનું દુઃખ નહિ પણ સંયોગ પ્રત્યેની એકતાબુદ્ધિ એટલી છે. મહા મિથ્યાત્વ. ત્યાં જનારા તો મિથ્યાદૃષ્ટિ જ હોય. પછી સમકિત પામે. એ જીવ એવી સ્થિતિમાં પણ... આ..હા..હા...! જેને ખાવાનો કણ મળે નહિ, પાણીનું બિંદુ મળે નહિ, જન્મથી શરીરમાં સોળ રોગ. આહા..હા..! અરે..રે...! જ્યાં પડ્યો છે એની શીત વેદના, એ શીતનો એક કણ અહીંયાં લાવે તો દસ હજાર જોજનના માણસો ઠંડીમાં મરી જાય એટલી તો શીત. પ્રભુ ! એ પ્રતિકૂળતામાં પણ જેને આત્માની લગની લાગી.. આ..હા..હા...! આ..હા..હા...! અને પહેલી, બીજી, ત્રીજી નરક સુધી તો પરમાધામીઓ નારકીને લોઢાના ધગધગતા સળિયા લઈ, લાંબા બનાવી, આખા શરીરને બાંધે. પગ ને માથુ ખેંચીને ઉપર લોઢાના ઘણ મારે. ભાઈ ! એ સ્થિતિમાં પણ પ્રભુ તો અંદર જુદો છે ને ! આ..હા..હા...!

જેના શરીરનું આમ બધું વાળી ગાંસડો બાંધે અને તે પણ લોઢાના ધગધગતા સળિયાથી (બાંધે) અને પછી ઘણ મારે. પણ તે વખતે પ્રભુ તો અંદર જુદો છે ને ! આ..હા..હા...! એવી સ્થિતિ હોય છતાં ત્યાં સમકિત પામી જાય છે. આ..હા..હા...! કેમ કે એ ચીજમાં છે નહિ, પોતે છે ત્યાં એ છે નહિ. આ..હા..હા...! અહીંથી મિથ્યાદૃષ્ટિ લઈને ગયો હોય અને આવી સ્થિતિમાં પણ ત્યાં સાતમીમાં મારનાર નથી, વેદના આકરી છે. અહીં તો મારનાર માથે પરમાધામી હોય છે. આ..હા..હા...! એ બાપા ! વાતું નથી. શું થાય ? ભાઈ ! એની આ પીડામાં એનો પ્રસંગ કેટલો ? છતાં તેને અંતરની આત્માની જ્યાં લગની લાગી છે આ..હા...હા...! એ અંદર આત્મામાં ફડાક દઈને ઊતરી જાય છે. આ..હા..હા...! પરનું લક્ષ છોડી દઈને એટલી પ્રતિકૂળતાના સંયોગની સામગ્રીનું પણ લક્ષ છોડી દઈને (અંદર સમકિત પ્રગટ કરે છે). પ્રભુ ! તને (અત્યારે તો) તે અવસર તો છે નહિ. તને ખાવા, પીવા, બાહ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાધન (અનુકૂળ છે). આ..હા..હા...! એવામાં પણ જેને અંતર પ્રભુની લગની લાગી એ અંતર ઉતરીને સમ્યગ્દર્શન પામે છે. જુઓ તો ખરા !

એનાથી અનંતગણી સગવડતા ઇન્દ્રના ઇન્દ્રાસનમાં અને ચક્રવર્તીના રાજમાં (હોય) એ વખતે પણ ધર્મી સમકિતી એ તરફનું લક્ષ છોડી દઈને અંદરમાં ઊતરી જાય છે. આ..હા...! કેમ કે અનુકૂળ અને પ્રતિકૂળ એ ચીજમાં છે જ નહિ. આ..હા..હા...! અનુકૂળ પ્રતિકૂળને ચૈતન્યપ્રભુ અડતોય નથી. આ..હા..હા...! આવી જે અનુકૂળતામાં અને નરક જેવી પ્રતિકૂળતામાં, પૂર્વે સાંભળ્યું હતું પણ કર્યું નહોતું એ અંદરમાં ઊતરી જાય છે. આ..હા..હા...! જેમ વીજળી પડે ને તાંબાનો તાર ફડાક હેઠો ઊતરી જાય એમ બધું લક્ષ છોડી દઈ (અંદર ઊતરી જાય છે). આ..હા...! અહીં તો જરીક પ્રતિકૂળતા હોય તો (એમ કહે), અમને હમણા હખ (–સુખ) નથી, હમણાં અમારે આમ નથી, હમણા અમારે આમ, હમણા અમારે આમ નથી, એવો તો અનંત કાળ ગયો, સાંભળને હવે. આ..હા...!

અહીં તો 'ચોવીસે કલાક એક જ ચિંતન,...' એનું 'ઘોલન,...' એની 'ખટક ચાલુ રહે. જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય તો તેને બાની યાદ,...' આ..હા..હા...! હોય છે ને. એક શેઠ હતા ને, ભાઈ ! 'અમદાવાદ'માં નહિ ? મોટા શેઠ. શું નામ ? ભૂલી ગયા. મોટા શેઠ હતા. એની બા મરી ગઈ. મોટો શેઠ. એની બા મરી ગઈ, પછી પોતે રોવે છે. આમ તો કરોડો રૂપિયા, પૈસા ઘણા. અરે...! મને તું કહેનારી ગઈ, બા ! લાલચંદ, તું અહીં આવ ! એ કહેનારું કોઈ હવે ન રહ્યું. કારણ કે એવા મોટા માણસને એકવચને બોલાવે કોણ ? એ મારી બા એક હતી. લાલચંદ તું અહીં આવ, લાલચંદ, તું ખા. કહેનારી એક હતી. એ આજે ગઈ. એમ કરીને રોતા. આ..હા..હા...! આ..હા...!

આ મારો આત્મા એક જ છે. આ..હા..હા...! અને એ મારો છે, મારી પાસે છે. એની જેને લગની લાગે તે બધું ભૂલી જાય છે. આ..હા..હા...! ઓ'લો રોવે છે, આ આનંદમાં આવે છે. હું એકલો, મારું કોઈ નથી અને મારામાં કોઈ નથી અને જેટલા બહારના મારા કહેવાય છે તેમાં મારી ગંધેય નથી ને હું એને અડતોય નથી. આ..હા..હા...! એવી જેને તાલાવેલી લાગે. છે ને ?

'જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય...' આ..હા..હા...! ભક્તિમાં, વાંચનમાં ઉલ્લાસથી (ભાગ લેતો) દેખાય છતાં એ ઉલ્લાસ ભાવમાં નથી, અંદરમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉલ્લાસ છે. આ..હા..હા...! છે ? 'છતાં અંદરમાં **ખટક** તો આત્માની જ હોય.' આ..હા..હા...! 'બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા'માં જ રહ્યું હોય છે;...' આ..હા..હા...! મારી મા વૃદ્ધ છે, **૧૧૦** વર્ષની ઉંમર છે, મને **૨૧** વર્ષ થયા, આવી મા, જેના પેટમાં સવા નવ મહિના રહ્યો છું. આ..હા..હા...! અરે...! એની જેને લગની છે, તો આ તો અનંતકાળથી પોતામાં પોતે રહેલો છે. આ..હા..હા...! એનો જેને અંતરમાં પ્રેમ થાય. આ વસ્તુસ્થિતિ આવી છે, બાપુ ! આ..હા..હા...!

'અરે ! મારી બા.. મારી બા !', એવી જ રીતે આત્માની **ખટક** રહેવી **જોઈએ**. ગમે તે પ્રસંગમાં...' અનુકૂળ કે પ્રતિકૂળ ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા.. મારો આત્મા !' (પેલામાં) જેમ મારી બા.. મારી બા.. (હતું તેમ). આ..હા...! બહુ સાદી ભાષામાં આખું તત્ત્વ છે. 'એ જ **ખટક** ને **રુચિ** રહેવી **જોઈએ**.' જ્યાં હું નથી ત્યાં એને મારે યાદ કરવા શું ? અને જ્યાં હું છું.. આ..હા..હા...! એને યાદ કરવા પડે એ શું ? છું ને હું તો. એવી જેને અંદર **ખટક** લાગે. 'એ જ **ખટક** ને **રુચિ** રહેવી **જોઈએ**, એવી **ખટક** રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ.' આત્મારૂપી બા મળ્યા વિના રહે નહિ. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે **જીવ** સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને **ચિંતવનમાં** પણ હું પરિપૂર્ણજ્ઞાયક વસ્તુ છું એમ **જોર** રહે છે તે **જીવને** સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયક રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના **જોરમાં** રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું **જોઈએ** તેટલું કારણ ન આપી શકે તોપણ તે **જીવને** સમ્યક્ની સન્મુખતા થાય છે. એ **જીવને** અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. જ્ઞાયક છું. એવા દ્રઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર **ફરે** નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દ્રઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છુટકો.

(પરમાગમસાર - ૩૫૯)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અંતરના તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તો પણ સ્વભાવ હતો તે પ્રગટ્યો, તેમાં નવીન શું ? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. ૪૫.**

**જેઠ સુદ ૧૪, સોમવાર, તા. ૧૯-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૪૫-૪૭ પ્રવચન–૧૪**

('વચનામૃત'), ૪૪ થયો છે, ૪૫ બોલ. 'અંતરના તળિયાં તપાસનીને આત્માને ઓળખ.' શું કહે છે ? ધ્રુવ અંતરનું તળિયું જે ધ્રુવ છે, એક સમયની પર્યાય તો ઉપર તરે છે, ઉપર. પુણ્ય-પાપના ભાવની તો અહીંયાં વાત જ શું કરવી ? આ..હા...! અંતરનું તળિયું એટલે ધ્રુવ. એક સમયની પર્યાયની પાસે, સમીપે અંતરમાં જે આત્મા છે એને તપાસ. 'અંતરના તળિયાં....' એટલે ધ્રુવ. અંતર વસ્તુ જે છે આખી, એને તપાસ. આ..હા..હા...! તપાસીને આત્માને ઓળખ. આત્માને ઓળખવાનો એ જ ઉપાય છે. આ..હા..હા...! સમ્યગ્દર્શન પામવાનો આ એક જ ઉપાય છે. અંતર પર્યાયની પાછળ અંતરમાં – સ્વમાં જે ધ્રુવ છે એને તપાસીને આત્માને ઓળખ. પર્યાયને અને રાગને ઓળખીને આત્મા નહિ ઓળખાય. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'શુભ પરિણામ,...' કંઈક શુભ થાય, દયા, દાન, વ્રતાદિ કે વાંચન, શ્રવણ કે 'ધારણા...' કંઈક શાસ્ત્રની ધારણા થાય. કંઈક કહેતાં આવડે, બોલતા આવડે એનો 'થોડો પુરુષાર્થ ખરી...' એક જરીક પુરુષાર્થ કરી એને એમ થાય કે 'મેં ઘણું જ કર્યું છે' આ..હા...! છે ? 'મેં ઘણું જ કર્યું છે' શુભભાવ અને ધારણા – બે. શુભભાવ કર્યો કંઈક દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને શાસ્ત્રની ધારણા કરી. વાંચન કરીને, શ્રવણ કરીને ધાર્યું. એ કોઈ ચીજ નથી. એમાં એને થાય કે, મેં ઘણું કર્યું.. ઓ..હો..હો...! મને આવડત ઘણી, એમાં શુભભાવ પણ મારો ઘણો. એમ માનીને ત્યાં રોકાય જાય છે.

'મેં ઘણું જ કર્યું છે' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.' કરવાનું તો એ છે. ગમે તેટલી ધારણા કરી, શુભભાવ હો, પણ અંતર્મુખ તળિયે જવાનું છે, ધ્રુવને ધ્યેય બનાવીને ધ્રુવનું જ્ઞાન કરવાનું છે એમાં ન જાય અને એમાં આ શુભભાવ ને ધારણામાં વગેરે વગેરે કે કંઈક બોલતા આવડે, બીજા બીજાને સમજાવતા આવડે, ત્યાં એને એમ થઈ જાય કે, આપણને ઘણું આવડે છે. આ..હા..હા...! એ ત્યાં એ આત્મા અટકી જાય છે, રોકાઈ જાય છે. આ..હા...! જે કરવાનું છે એ તો ત્રિકાળી ધ્રુવ છે તેને અનુભવવો, તેને પકડવો, તેને જ્ઞાનમાં લેવો, એને શ્રદ્ધામાં શ્રદ્ધા કરવા યોગ્ય બનાવવો. આ..હા..હા...! આ જે કરવાનું છે એ તો પડ્યું રહ્યું અને શુભભાવ ને ધારણા આદિ થઈ. શાસ્ત્રની ધારણા થઈ, પાંચ-પચાસ હજાર શ્લોક કંઠસ્થ આવડે, લાખ-બે લાખ શ્લોક કંઠસ્થ આવડે. એ શું ચીજ છે ? એ કંઈ વસ્તુ છે ? આ..હા..હા...!

જ્યાં ધ્રુવ ચૈતન્ય તળિયું – તળ પડ્યું છે આખું, એને ન પહોંચે અને આટલામાંથી સંતોષ કરીને બેસે ઇ આગળ નહિ વધી શકે. એ (જીવ) 'આગળ વધવાને બદલે અટકી જાય છે.' આ..હા...! અને લોકોએ કંઈક વખાણ કર્યાં હોય કે, ઓ..હો...! ભારે તમને સમજાવતાં આવડે છે. દસ-દસ હજાર માણસમાં તમારું વ્યાખ્યાન લોકોને પસંદ છે, તમારું લેખન, તમારી ભાષા (સારી છે). એમાં આત્માને શું ? આ..હા..હા...! ત્યાં અટકી જતાં રોકાઈ જાય છે. આ તો બધી મુદ્દાની રકમની વાત છે. આ..હા...!

'અજ્ઞાનીને જરાક કાંઈક આવડે,...' આ..હા..હા...! કાંઈક ધારણા કરી શકે અને પ્રશ્નનો ઉત્તર તાત્કાલિક આપે એટલે એને એમ થઈ જાય કે, મને ઘણું જ્ઞાન થઈ ગયું. એને શું સંબંધ છે ? આ..હા..હા...! જે વસ્તુ સ્વદ્રવ્ય છે, એને પકડે નહિ, તેની દૃષ્ટિ કરે નહિ, તેને ધ્યેય બનાવે નહિ અને અહીં અટકી જાય એ અજ્ઞાની આગળ નહિ જાય. ત્યાં રોકાઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જઈને જીવન અફળ કરશે. આ..હા..હા...! જીવનનું જે જીવન, ચૈતન્ય જીવ ત્રિકાળી, એને દૃષ્ટિમાં અને વિશ્વાસમાં અને જ્ઞાનની પર્યાયમાં એને જ્ઞેય બનાવીને જે જ્ઞાન થાય તે જ્ઞાન તો કરતો નથી અને જ્ઞેય જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય જણાય, એ જાણીને પછી જે ધારણા થાય કે, આત્મા તો પરમાનંદ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ છે, એવી ધારણા સમજ્યો નથી એટલે ધારણા કરતો નથી. આ..હા..હા...!

'એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે,...' આ..હા..હા...! 'ધારણાથી યાદ રહે,...' ઉઘાડ – ક્ષયોપશમ હોય. આ..હા..હા...! અગિયાર અંગ ધારે એમાં એથી શું ? એક આચારાંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક, એ બધું કંઠસ્થ અને યાદ રહે એથી શું ? આ..હા..હા...! ભગવાન જ્ઞાનસમુદ્ર પ્રભુ, એને સ્પર્શે નહિ, એની સન્મુખ થાય નહિ અને આ વિમુખની ધારણામાં સંતોષાઈ જાય એ રખડી મરશે. આ..હા..હા...! જરાક ધારણાથી યાદ રહે 'ત્યાં તેને અભિમાન થઈ જાય છે;...' આ..હા..હા...! કેટલું યાદ છે ! ફડાક ફડાક પાણીનું આમ પૂર ચાલે એમ ભાષા (નીકળે). જાણે એવું, ધારણા એટલી બધી હોય, એને પૂછે ત્યાં એનો જવાબ અંદર તૈયાર જ હોય. એથી શું, બાપુ ? એ કંઈ વસ્તુ છે ? આ..હા..હા...!

વસ્તુ આખી ચીજ પરમાનંદ પ્રભુ, એના તળમાં જાય નહિ, તળિયાં જોવે નહિ અને ઉપર ઉપરની આ પર્યાયની વહેતામાં અટકીને રોકાઈ જાય એ આત્માને નહિ મેળવે. આ..હા..હા...! 'તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તને ખ્યાલ જ નથી;...' આ..હા..હા...! કેવળજ્ઞાન થાય તો પણ એની પાસે હતું, શક્તિરૂપે હતું એ પ્રગટ્યું એમાં કાંઈ વિશેષતા છે નહિ. આ..હા..હા...! તો એની પાસે મતિ-શ્રુત જ્ઞાનની તો શું વાત ? આ..હા...! અને એની પાસે પરલક્ષી ધારણા મતિ ને શ્રુત, એ તો બધાં થોથાં છે. આ..હા...! જેમાં અનુભૂતિ ન આવી, વસ્તુ ચૈતન્યસ્વરૂપ આખી છે એની અનુભૂતિ ન આવી અને આ બહારની ધારણાથી સંતોષાઈ જાય અને અભિમાન કરે. આ..હા..હા...! છે ને ?

'વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી;...' એટલે શું કહે છે ? એ ધારણા અને સાધારણ શુભભાવમાં આવ્યો એને આ વસ્તુ કોઈ અગાધ છે. આ અનંત અનંત આનંદનું તળિયે ભરેલું તત્ત્વ આખું છે. જેની શક્તિમાં એવી કેવળજ્ઞાનની પર્યાયો તો જેની અનંતી એક જ્ઞાનગુણમાં ભરી છે. આ..હા..હા...! એવા અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય તત્ત્વ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એના તરફ તો એનું લક્ષ છે નહિ. છે ? આ..હા...! 'તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં...' આ..હા..હા...! જ્ઞાનાવરણીયનો કોઈ એવો ક્ષયોપશમ હોય એમાં સંતોષાઈ જાય. આ..હા..હા...! 'ઉઘાડ આદિમાં...' ઉઘાડ આદિ એટલે ઉઘાડ, ધારણા. (એમાં) 'સંતોષાઈ, અટકી જાય છે.' આ..હા..હા...!

'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી.' આ..હા..હા...! ધર્મીને આખું તત્ત્વ મહાપ્રભુ અગાધ ગંભીર સ્વભાવનો સાગર, એનું જ્યાં જ્ઞાન અને શ્રદ્ધા થઈ, એ અંશમાં (એટલે) પ્રગટ દશામાં સંતોષાઈ જતો નથી. આ..હા..હા...! છે ? 'પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી.' આ..હા..હા...! અને સાચું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સ્વને આશ્રયે થાય એ પણ કેવળજ્ઞાનની પર્યાય પાસે અનંતમા ભાગે છે. સાચું સમ્યક્જ્ઞાન, હોં ! આ..હા..હા...! ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, એની સન્મુખતાનો અને તેના આશ્રયનો ભાવ પ્રગટ્યો એ પણ એક અંશ છે. આ..હા..હા...! કેવળજ્ઞાનની પાસે એ તો અંશ છે. અરે...! કેવળજ્ઞાન હોય તોય એ તો ચીજ - વસ્તુ હતી તે આવી છે. નવીન શું છે ? આ..હા..હા...! અટકવાના ઘણા સાધન અને છૂટવાનું એક સાધન. અંતર ચૈતન્ય તત્ત્વમાં જાવું એ એક છૂટવાનું સાધન. આ...હા...! બાકી બધા છૂટવાના સાધન (નહિ), અટકવાના અને અભિમાનના સાધન છે. આહા...હા...!

'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તો પણ સ્વભાવ હતો તે પ્રગટ્યો...' એ તો હતું એ પ્રગટ્યું. એમાં નવું કાંઈ છે ? આ..હા..હા...! મતિ-શ્રુતમાં બાર અંગનું જ્ઞાન થાય તો પણ એ તો હજી સ્થૂળ જ્ઞાન છે. આ..હા..હા...! 'પંચાધ્યાયી'માં તો એમ કહે છે કે, બાર અંગનું જ્ઞાન ! વસ્તુ અગાધ (છે) એના અનંતમા ભાગમાં તો કથનમાં આવે, એના અનંતમા ભાગમાં તો રચવામાં આવે. આ..હા..હા...! એવા બાર અંગની રચના પણ જ્ઞાનનો દરિયો પૂર્ણ સ્વભાવ, એની પાસે બાર અંગનું જ્ઞાન.. આ..હા..હા...! જેમાં પૂર્વનું જ્ઞાન આવી ગયું. બાર અંગમાં તો પૂરો. આ..હા..હા...! તો પણ તે એક અંશ સ્થૂળ કથન કરનારું સ્થૂળ જ્ઞાન છે. આ..હા..હા...! એટલે જ્ઞાનીને 'પૂર્ણ પર્યાય પ્રગટ થાય તો પણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું ?' આ..હા..હા...!

**પ્રશ્ન** :– પોતે પર્યાય નવી પ્રગટી ઇ નવી નહિ ?

સમાધાન :– નવીન પ્રગટી ઇ તો પર્યાયની અપેક્ષાએ. વસ્તુ તો હતી ને અંદર, એમ. હતી તે આવી છે, છે તે નીકળી છે. આ..હા..હા...! એ તો પર્યાયની અપેક્ષાએ નવી (છે),

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ નવી તે છે અંદર, સત્ છે ને સત્ છે ને પ્રગટ્યું છે ને ! એ તો ‘સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા’માં બે બોલ ચાલ્યા છે ને ? બેય બોલ ચાલ્યા છે. સત્ પ્રગટ છે. છે ઇ પ્રગટે છે અને પર્યાયની અપેક્ષાએ પર્યાય નહોતી અને પ્રગટે છે. બે બોલ લીધા છે. ‘સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા’ ! સત્ સત્ છે તે પ્રગટે છે અને અસત્ (એટલે કે) પર્યાયની અપેક્ષાએ એ પર્યાય નહોતી અને પ્રગટી તે અસત્ પર્યાય. પર્યાયની અપેક્ષાએ નહોતી ને પ્રગટી. વસ્તુના સ્વભાવની અપેક્ષાએ.. આ..હા..હા...! એ અંશ આવ્યો ક્યાંથી ? ક્યાંય બહારથી આવે છે ? કોઈ પૂર્વની પર્યાયમાંથી આવે છે ? પૂર્વની પર્યાયમાંથી પૂર્ણ અંશ આવે છે ? આ..હા..હા...! એ તો હતું તે આવ્યું. છે તે છેરૂપે થયું, એમાં નવીન વિશેષતા શું છે ? આ..હા..હા...! ત્યાં તો વીતરાગતા વર્તે છે. કેવળજ્ઞાન થતાં તો એને વીતરાગતા વર્તે છે અને અહીં તો થોડી જ્યાં ધારણા થાય અને જ્યાં વાંચતા આવડે, સભા ભરાય, ત્યાં એમ થઈ જાય કે, ઓ..હો..હો...! અમે આગળ વધી ગયા ને આગળ છીએ. અરે...! ભાઈ ! અગાધ વસ્તુ અંદર પડી છે. એ ચીજની ખબર વિના શેના તને અભિમાન ? શેમાં તને સંતોષાઈ જવાનું થાય છે ? એની એને ખબર નથી. આ..હા...!

‘તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.’ તેથી કેમ ? કેવળજ્ઞાન થયું. જ્ઞાનની એક સમયની પર્યાય ત્રણ કાળ ત્રણ લોકના સર્વ પદાર્થને જાણે એ પણ છતી હતી એમાંથી આવી છે. અહીં એ લેવું છે ને. આ..હા..હા...! ‘સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું ? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.’ આ..હા..હા...! બાર અંગના ભણનાર પણ પોતાને પર્યાયમાં પામરતા માને છે. આ..હા..હા...! બાર અંગ કોને કહે ! ગામ બેઠું હોવાને.. એવું કાંઈક આવે છે. જ્ઞાન થયું. ભાષા ભૂલી ગયા. એમ નથી કહેતા, જ્ઞાન થયું ને ગામ બેઠું રોવા. એવી ભાષા આવે છે. (સંવત) ૧૯૭૧માં એમ બોલાતી હતી. ભાષા ભૂલી ગયા. કંઈક જાણવાનું થાય ત્યાં એને અભિમાન આવી જાય એટલે પછી એમ કહે કે, જ્ઞાન થયું.. (એવી) ભાષા કાંઈક છે. જ્ઞાન થયું.. એમ કંઈક (છે). એટલે ગામ બેઠું રોવાને. ગામને એમ થયું કે, ઓ..હો...! આ તો વધી ગયો. એવી ભાષા છે. ‘તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.’ એ ૪૫ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જીવન આત્મામય જ કરી લેવું જોઈએ. ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે, મારે આ જ કરવું છે; તે વર્તમાન પાત્ર છે. ૪૬.**

'જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.' કરવાનું તો આ છે. જ્ઞાનમય, આનંદમય, શ્રદ્ધામય, શાંતિમય પૂર્ણ પ્રભુતાનો દરિયો ભગવાન, એને પ્રભુતામય કરીને જીવવું જોઈએ. આ..હા...! એની જીવનની જ્યોત, જીવમાં જે ભરેલું છે તેના જીવનની જ્યોતને પર્યાય પ્રગટ કરીને એ જીવન જીવવું જોઈએ. આ..હા..હા...! પચીસ વર્ષ જીવ્યો, પચાસ વર્ષ, સાઠ વર્ષ ને સો વર્ષ જીવ્યો ને બાયડી, છોકરા સંભાળ્યા ને ધંધો કર્યો ને ઉદ્યોગપતિ થયો, પોતાના બાવડે બળે પૈસા નહોતા ને ભેગા થયા, બાપ પાસે નહોતા ને.. બધી વાતું છે. અહીં ભાષણ કર્યું હતું ને ? કો'ક 'ભાવનગર'ના છે, 'ભાવનગર'ના (એણે) ભાષણ કર્યું હતું. 'ભાવનગર'નો કો'ક દશાશ્રીમાળી હતો. ઘણા વર્ષ પહેલા ભાષણ કર્યું હતું, અમે ઉદ્યોગથી આમ કર્યું, અમે આમ કર્યું. અને લોકો લખે છે એમ ને કે, એના બાપ પાસે કાંઈ નહોતું ને ઉદ્યોગ કરીને આમ કર્યું ને આમ કર્યું ને આમ કર્યું.

મુમુક્ષુ :– ... કરવામાં તો એમ જ કહેવાય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોના ? શેના ? ગાંડપણાના ? આ..હા..હા...! 'જ્ઞાન થયું ગોવાને અને ગામ બેઠું રોવાને' એમ ભાષા છે. 'જ્ઞાન થયું ગોવાને, ગામ બેઠું રોવાને' એવી ભાષા છે. અરે... બાપુ ! આ વસ્તુ ! આ..હા..હા...! જ્યાં સમ્યક્ ઠરે, જ્ઞાન એ તો અંદર ઠરે. એને બહાર દેખાડવું કે બીજાને બતાવવું એની એને વિશેષતા, અધિકતા હોય નહિ. આ..હા..હા...!

'જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.' આ..હા..હા...! 'ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય...' સૂક્ષ્મ ઉપયોગ થઈને એકદમ પર્યાયને પકડી શકે નહિ, એવું સૂક્ષ્મ જ્યાં ન હોય. આ..હા..હા...! છે ? 'ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય...' આ..હા..હા...! 'પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે,...'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! ચૈતન્ય ભગવાન સર્વોત્કૃષ્ટ વસ્તુ, એને પ્રાપ્ત કર્યે જ છૂટકો છે. આ..હા..હા...! કર્યે જ લાભ છે.

'મારે આ જ કરવું છે;...' 'મારે આ જ કરવું છે;...' આ..હા..હા...! 'તે વર્તમાન પાત્ર છે.' એ આવ્યું ને, 'તત્પ્રતી પ્રીતિ ચિતેન્ વાર્તાપિ શ્રોતાઃ' અંદરના પ્રેમથી પોતાને માટે, પરને (માટે) નહિ. 'પ્રીતિ ચિતેન્ વાર્તાપિ શ્રોતાઃ' પોતાના આત્માના આનંદને માટે, પ્રાપ્તિ માટે રુચિથી જે સાંભળ્યું છે (તે) 'ભાવિ નિર્વાણ ભાજનમ્' જરૂર તે મોક્ષને પામશે. જરૂર તે મુક્તિને પાત્ર છે. એમાં મુક્તિ થઈ શકશે, રહી શકશે. આ..હા..હા...! આમાં કરવું શું ? પણ કરવું આ. જીવન આત્મામય કરવું એ કરવું. આ બહારમાં બીજા દેખે એવું શું કરવું ? લોકો પસંદ કરે, લોકોની કાંઈક બુદ્ધિમાં આવે (કે), આ કાંઈક મોટો છે. સમજણમાં, સમજાવવામાં, આચરણમાં, શુભાદિ આચરણ કરતો હોય એવું દુનિયા પસંદ કરે. આ..હા..હા...! એથી એના આત્માને શું ?

'આ કાર્ય કર્યે જ લાભ છે,...' મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એમાં અનુભવ કર્યે જ છૂટકો છે. આ..હા..હા...! બીજું આવડે ન આવડે, ઓછુંવત્તુ હોય એની સાથે સંબંધ છે નહિ. આ..હા..હા...! 'મારે આ જ કરવું છે; તે વર્તમાન પાત્ર છે.' તે વર્તમાન પાત્ર છે. આ..હા..હા...! એ ૪૬ થયો.

ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી. મુક્ત છે કે બંધાયેલું છે તે વ્યવહારનયથી છે. તે પર્યાય છે. જેમ કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે, જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે છૂટો છે; તેમ જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય. ચૈતન્યપદાર્થ તો છૂટો જ છે. ચૈતન્ય તો જ્ઞાન-આનંદની મૂર્તિ–જ્ઞાયકમૂર્તિ છે, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. વિભાવના જાળ પાથરેલી છે. વિભાવની જાળમાં ફસાઈ ગયો છે. પણ પ્રયત્ન કરે તો છૂટો જ છે. દ્રવ્ય બંધાયેલ નથી. ૪૭.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**૪૭.** 'ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી.' આ..હા..હા...! વસ્તુ છે, અસ્તિ ત્રિકાળી ધ્રુવ પદાર્થ છે તે કે દિ' બંધાય ? ધ્રુવ બંધાય તો અવસ્તુ થઈ જાય. આ..હા..હા...! જેનો ત્રિકાળી સ્વભાવ ભાવ સત્‌રૂપે છે એ કદી રાગથી બંધાતો નથી. કર્મથી તો નહિ પણ રાગથી બંધાતો નથી. દ્રવ્ય છે તે રાગમાં અટકતું નથી. આ..હા..હા...! દ્રવ્ય છે એ તો દ્રવ્યમાં રહેલું છે. આ..હા..હા...! પર્યાય એક સમયની રાગમાં અટકે, એ તો એક સમયની દશા છે. આ..હા...! વસ્તુ જે છે ચૈતન્યરસ, જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ, વસ્તુ છે અનાદિ અનંત, એ બંધાતી નથી. આ..હા..હા...! ત્યારે (કોઈ કહે કે), પર્યાયમાં બંધ છે ને માટે દ્રવ્ય બંધાય છે ? કે, ના, એમ નથી. આ..હા..હા...! એક સમયની પર્યાય અટકેલી છે. દ્રવ્ય અટકેલું નથી. દ્રવ્ય તો છૂટું, મુક્ત સ્વરૂપ જ છે. આ..હા..હા...!

'ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી.' આટલા તો વિશેષણ. ત્રણે કાળ રહેનારી ચીજ જે ધ્રુવ એટલે દ્રવ્ય (તે) કદી બંધાયું નથી. કોઈ કાળે તે બંધાયેલું નથી. એ બેસવું ભાઈ ! આ..હા..હા...! પર્યાયબુદ્ધિવાળાને આ બેસવું કઠણ (પડે). પર્યાય અશુદ્ધ થઈ તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું એમ કહે છે. કહો, એક પંડિત એમેય કહે છે. પર્યાય એની છે ને ! પણ એની એક સમયની દશા (છે). દ્રવ્યમાં ક્યાં છે ? આ..હા..હા...! દ્રવ્ય તો વસ્તુ ત્રિકાળી સત્‌ જેમ છે. હીરો ચૈતન્ય હીરો તો છૂટો અનાદિ અનંત અણબંધાયેલું એ તત્ત્વ છે. આ..હા..હા...! અગમ્ય વાતું છે ! પર્યાય અટકે છે ને, પર્યાય એની છે ને. તો એ અટક્યો, એમ નથી. આ..હા..હા...! બાપુ ! ઝીણી વાતું બહુ. આ..હા..હા...! તારા મહિમાની વાત શું ! કહે છે. પ્રભુ ! તારી પ્રભુતાની વાતું શું કરવી ! આ..હા..હા...! એનું માપ કરવા જાય છે ત્યાં પોતાનું માપ થઈ જાય છે. આ આવો છે ને આ આવો છે. બાપુ ! એ તો કોઈ અગાધ ચીજ છે.

અરૂપી ભગવાન મહાપ્રભુ અલૌકિક ચીજ છે. એ કદી બંધાયેલી નથી. કેમ બેસે ? એક સમયની પર્યાયમાં રમતું અનાદિની માંડી છે. નવમી ગ્રૈવેયક ગયો તો પણ એક સમયની પર્યાયની રમતમાં હતો. પંચ મહાવ્રત પાળવા ને આ કરવું ને આ કરવું ને આ કરવું. આ..હા..હા...! એને આ દ્રવ્ય બંધાયેલું નથી કેમ બેસે ? આ..હા..હા...!

'ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી...' કોઈ કાળે 'બંધાયું નથી. મુક્ત છે કે બંધાયેલું છે તે વ્યવહારનયથી છે.' આ..હા..હા...! વસ્તુ ભગવાનઆત્મા, એનું તો મુક્તપણું અને બંધાયેલપણું બેથી રહિત છે. આ..હા..હા...! મુક્તપણું એ પર્યાય છે અને બંધન પણ પર્યાય છે. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયથી રહિત ત્રિકાળી ચીજ છે. એ બંધાયેલું કે મૂકાયેલું બેયથી રહિત છે. આ..હા..હા...! આવું સમજવું હવે. ક્યાંથી શરૂ કરવું પણ આવડી મોટી વાતુંમાં ? અહીંથી, આત્મામાંથી શરૂ કરવું. આ..હા...! એનું તળ જે ઊંડું છે, ગંભીર.. ગંભીર.. ગંભીર. અનંત ગુણની સંખ્યા.. આ..હા...! એ સંખ્યાનો અંત નહિ છતાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનમાં જણાય. આ..હા..હા...! જેના ગુણનો અંત નહિ. આવું અસ્તિત્વ એવું જીવતત્ત્વ જ્યાં મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનમાં બેઠું.. આ..હા..હા...! એ મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનમાં એ વસ્તુ છે એ બેઠી, એ બેઠી કહે છે કે, એ વસ્તુ બેઠી નથી. એ પર્યાયમાં ખ્યાલમાં આવ્યો. વસ્તુ તો વસ્તુ છે. ખ્યાલ ન આવે તોય પર્યાયમાં ને ખ્યાલ આવે તોય પર્યાયમાં. બેયથી રહિત વસ્તુ છે. આ..હા..હા...! બંધાયેલું નથી.

મુક્ત છે કે બંધાયેલું છે એ વ્યવહારનયથી પર્યાયથી છે. વ્યવહારનયથી અભૂતાર્થનયથી છે. આ..હા..હા...! અગિયારમી ગાથામાં પર્યાય નથી, એમ કહ્યું ને ? અસત્ય છે. એ તો કઈ અપેક્ષાએ ? એનું લક્ષ છોડાવવા અસ્તિપણે હોવા છતાં તેનો આશ્રય કરવા જતાં રાગ થાય છે. જેનો આશ્રય કરવાથી વસ્તુ હાથ આવે, પર્યાયમાં તેના આનંદનું વેદન આવે, એવી ચીજ તો એ દ્રવ્ય વસ્તુ પોતે છે. આ..હા...! બંધાયેલું છે, મૂકાયેલું છે એ પણ (વ્યવહારનયથી છે). શક્તિરૂપ મુક્ત છે એ અહીં વાત નથી. વસ્તુ છે એ અબંધ જ છે. અબંધ છે એટલે મુક્તસ્વરૂપ છે. પણ અહીં તો પર્યાયમાં મુક્તિ અને પર્યાયમાં બંધન, એ વસ્તુને નથી. આ..હા..હા...!

મુક્ત છે એ વ્યવહારનયથી છે. પર્યાયની મુક્તિ, હોં ! સ્વરૂપ મુક્ત છે ઇ તો ત્રિકાળ છે. ઇ તો નિશ્ચયનયથી વાસ્તવિક નિશ્ચયનયથી છે. વિકલ્પનો નિશ્ચયનય છે એનાથી પણ એ નથી. આ..હા..હા...! વ્યવહારનયથી તે પર્યાય (છે). આ..હા..હા...! ૩૨૦ ગાથામાં તો ત્યાં સુધી કહ્યું, દ્રવ્ય જે વસ્તુ ધ્રુવ છે, એ તો બંધમાર્ગને કરતી નથી અને મોક્ષમાર્ગને કરતી નથી. અને બંધ ને મોક્ષમાર્ગને કરતી નથી. આ..હા..હા...! ઇ શું છે ઇ ? તત્ત્વ છે ને, વસ્તુ છે ને, એક મોજૂદગી સત્ ચીજ છે ને. સત્ છે એ આદિ-અંત વિનાની ચીજ છે. આ..હા..હા...! એ બંધાય એ પણ રાગની એક સમયની પર્યાયની અપેક્ષાએ. મૂકાય એ પણ એક સમયના રાગ ને અલ્પજ્ઞના અભાવથી થયેલી સર્વજ્ઞ દશા, એ પણ પર્યાય છે અને વ્યવહારનય છે. આ..હા..હા...! એક જીવના બે પર્યાયથી વિચારણા કરવી એ તો વ્યવહારનય છે એમ કહે છે. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુ સ્વરૂપ ત્રિકાળી છે, જે અસ્તિ છે, છતી ચીજ છે, છતી વસ્તુ દ્રવ્ય છે. આ..હા..હા...! એ સત્ છે. આ..હા..હા...! એને બંધ અને મોક્ષ કહેવા એ પર્યાયદૃષ્ટિથી વ્યવહારનયથી છે. આ..હા..હા...! એ વસ્તુ છે એ મોક્ષને કરતી નથી, મોક્ષમાર્ગને કરતી નથી. એ તો પર્યાય કરે છે. આ..હા..હા...! પણ એની હોવાથી એમ કહેવામાં આવે. પર્યાયનો અંશ એ પ્રમાણના વિષયમાં એનો અંશ છે ને ! એમ કહેવામાં આવે કે, બંધ-મોક્ષને કરે છે. સમ્યગ્દર્શનને પ્રગટ કરે છે, કેવળજ્ઞાનને પ્રગટ કરે છે એમ વ્યવહારથી કહેવામાં આવે. આ..હા...! આવી વાતું. ધર્મ કરવો છે એમાં આવી શું વાત ? બાપુ ! ધર્મ એને થાય કે જે ચીજ અગાધ અને ગંભીર પડી છે એને પકડે. એટલે ? એવડી અનંતી સત્તાવાળી ચીજ છે. એને અનંતી સત્તા જેટલું જ સમ્યગ્દર્શન દૃષ્ટિમાં લઈ લે. જેટલું એ સત્તાવાળું તત્ત્વ છે એવું જ તત્ત્વ દર્શનમાં લઈને, સમ્યગ્દર્શન, સત્યદર્શનમાં (લે). તેને સમ્યગ્દર્શન થાય છે. આ..હા..હા...!

'મુક્ત છે કે બંધાયેલું તે વ્યવહારનયથી છે.' આ..હા..હા...! **૩૨૦**માં તો એમ જ કહ્યું છે, બંધ-મોક્ષને પણ દ્રવ્ય (કરતું નથી). 'જીવો ણ કરેહિ બંધન, જીવો ન કરેહિ મોક્ખમ્, એમ જિણવર ભણેહિ' એમ જિનવર કહે છે. ઇ ગાથા એમાં આવી ગઈ છે. જિનવર એમ કહે છે. ત્રણ લોકના નાથ અનંત જિનેન્દ્રો, અનંત તીર્થંકરો એમ કહે છે કે, જીવમાં દ્રવ્ય જીવ છે, દ્રવ્ય મોક્ષને કરતું નથી. આ..હા..હા...! તેમ બંધના માર્ગને કરતું નથી, તેમ બંધને કરતું નથી. બંધને કરતું નથી, બંધના માર્ગને કરતું નથી. મોક્ષને કરતું નથી, મોક્ષમાર્ગને કરતું નથી. આ..હા..હા...! એ બધું પર્યાય કરે છે, એમ કહે છે. મોક્ષને પણ પર્યાય કરે છે, મોક્ષમાર્ગને પણ પર્યાય કરે છે. આવી વાતું.

અગાધ ગંભીર ઊંડું ઊંડું એનું તળિયું ઝીણું છે. આ..હા...! નિર્વિકલ્પ ચીજ છે. ભલે અરૂપી છે પણ વસ્તુ છે. અરૂપી પણ વસ્તુ છે ને ! અગાધ ગંભીર ! આ..હા...! પણ એમાં પર્યાય મુક્તિ થાય એ પણ પર્યાય છે તો પછી નિશ્ચય મોક્ષનો માર્ગ જે થાય એ પણ પર્યાય છે. આ..હા..હા...!

'જેમ કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે,...' કરોળિયો થાય છે ને આ ? લાળ બાંધે છે ને ? જંગલમાં બહુ બાંધે. તાણાવાણા કરે. ઝીણા ઝીણા, ધોળા ધોળા તાણા હોય છે. 'કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો...' દાખલો કરોળિયાનો આપ્યો. ઓ'લામાંય કરોળિયાનો દાખલો આપ્યો. બે પગો માણસ માને ત્યાં સુધી માણસ. બાયડી પરણીને ચાર પગો માન્યો ત્યારે ઢોર (થયો). ક્યાં પણ એના રજકણો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને આત્માને ક્યાં સંબધ છે ? જગતની ચીજ ક્યાંયની ક્યાંય. આહા.હા...! તારાથી જુદી રહીને પરિણમી રહી છે અને જુદી રહીને, ભૂતકાળમાં પણ જુદી રહીને (રહી), ભવિષ્યમાં પણ જુદી રહીને થઈ રહે છે. એમાં તારે ને એને સંબંધ શું છે ?

એક સાધારણ મકાન હતું. પછી પૈસાવાળા થઈ ગયા. મકાન વેંચાઈ ગયેલું. પછી પૈસાવાળા થયા તો એની માને કહે, આ મકાનમાં મારો જન્મ અને આપણું મકાન છે. એની જે કિંમત કહે, આપણે એની કિંમત લીધી છે, ઇ કહે એટલી આપજો પણ એ મકાન મારે લઈ લેવું છે. કારણ કે મારો જન્મ (એમાં થયો છે) અને આપણું મકાન છે. ઓ'લો કહે, પણ શી રીતે ? (તો આ કહે), ભર આંકડો ! તું ભર આંકડો. અમારે 'ઉમરાળા'માં બ્રાહ્મણ.. બ્રાહ્મણ (હતો). મકાન વેંચાઈ ગયેલું, સાધારણ હતા. એમાં થયા પૈસા, એની મા જીવતી (હતી). આ..હા..હા...! આપણું આ મકાન. ધણીને કહે, આંકડો ભર. તું આટલું લે પણ મકાન છોડી દે. કેમ કે અમારું મકાન. ક્યાં હવે (તારું મકાન) ? આ..હા..હા...! એ હતું કાંઈક બે-ચાર હજારનું પણ ઓ'લાએ વીસ હજાર કે સત્તર હજાર ભર્યા. જાઓ ! કબૂલ છે, છોડી દે મકાન. આહા...હા...! અમે અમારા મકાન, જેમાં જન્મ્યા, મોટા થાય.. આ..હા..હા...! જે મકાનને અમે આખો દિ' સ્પર્શ્યા. એની કિંમત બે હજારની હતી ને વીસ હજાર કે સોળ-સત્તર હજાર (ભર્યા). એમાં ઓ'લો ભરે કેટલા બિચારો ? અને 'ઉમરાળા' જેવું નાનું ગામ. ભર, તું આકડો ભર એટલા દેવા છે. અમારું મકાન છે. આ..હા..હા...! ધૂળમાંય નથી. એ રજકણો જુદા. પહેલેથી જુદા ટકીને પરિણમ્યા છે, અત્યારે જુદા થઈને પરિણમે છે, જુદા રહીને પરિણમે છે. ભવિષ્યમાં પણ જુદા રહીને ટકીને પરિણમશે. તારે અને એને કાંઈ સંબંધ છે નહિ. આ..હા..હા...! એમ રાગના પરિણામને અને આત્માને પણ શું સંબંધ છે ? આ..હા..હા...!

એ કરોળિયો બંધાયલે છે. કીધું ને ? બે થયા ત્યારે ઇ ચાર પગો થયો, છોકરો થયો ત્યારે ઇ છ પગો ભમરો થયો અને જ્યારે છોકરાને પરણાવ્યો ત્યારે આઠ પગો કરોળિયો થયો. કરોળિયો ! આનું કરું ને આનું કરું ને આને કરું, આને મોટું કરું, એની દુકાન ગોઠવી, એનું ફલાણું ગોઠવ્યું, એના છોકરા થાય ને પાછા આપણે (આમ કરવું), આપણી બુદ્ધિ, ઘર પ્રમાણે, મોભા પ્રમાણે દેવા ને મોભા પ્રમાણે લેવા. એ..ઈ...! આ..હા..હા...! શેના મોભા ? બાપા ! એ ક્યાં હતા ? ભાઈ ! આ..હા..હા...! જ્યાં મોક્ષને અને બંધને વ્યવહારનય કહ્યો... આ..હા..હા...! ત્યાં રાગ ને પરને સંબંધ શું છે ? બાપા ! આ..હા...! જ્યાં ઊભો છો ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરથી તારે કાંઈ સંબંધ નથી. આ..હા..હા...! પણ અંદરમાં વાત (બેસવી જોઈએ). અભ્યાસ આમ બહારનો થઈ ગયો છે. જોનારનું અંદર તળિયું કેવડું છે એની ખબરું ન મળે. જોનારની વર્તમાન દશામાં આ જણાય, ત્યાં અટકી ગયો, ચોંટી ગયો. બસ, થઈ રહ્યું. આ..હા..હા...! પાગલ થઈ ગયો, પાગલ માળો ! પ્રભુની પર્યાયના તળિયામાં પ્રભુતા પડી છે કે જે પ્રભુતાનો પાર ન મળે. આ..હા..હા...! અનંત અનંત આનંદ, અનંત અનંત આનંદ તે કેટલો ? કે, આનંદ.. આનંદ.. અનંત.. અનંત.. અનંત... અનંત.. અનંત.. છેલ્લો અનંત ક્યો ? કે, છેલ્લો અનંત છે જ નહિ. શું કહે છે આ ? આ..હા..હા...! એવો અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ! એવો અતીન્દ્રિય જ્ઞાનનો રસ, એવો અતીન્દ્રિય સ્વચ્છતા અને પ્રભુતાનો પિંડ, એ વસ્તુને પર્યાયમાં મોક્ષ કહેવો એ પણ વ્યવહારનય છે. આ..હા..હા...! તો પરની સાથે તો સંબંધ શેનો ? (એ) અસદ્ભૂત જૂઠી દૃષ્ટિએ બધી વાતું કરવી (છે). આ..હા..હા...!

'કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે, જેમ ઘરમાં રહેતો માણસ...' જુઓ ! 'અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે...' ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં (એટલે) ઘરના, બહારના આદિ. અને 'ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે છૂટો છે;...' માણસપણું ક્યાંય ગરી ગયું નથી. આ..હા..હા...! ઘરમાં હોય, જંગલમાં હોય કે દુકાનની ક્રિયામાં હોય, ખાવા-પીવાની ક્રિયામાં હોય. માણસ તરીકે તો માણસ છે. એ માણસ કંઈ પરમાં ગરી ગયો નથી. આ..હા..હા...! માણસ તરીકે તો છૂટો છે. એ દૃષ્ટાંત છે.

'તેમ જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે,...' આ..હા..હા...! શુદ્ધ સ્વભાવથી ભરેલો ભગવાન, જેમ માણસ કાર્યમાં ફસાઈ ગયો છે છતાં માણસ માણસ છે, એમ ભગવાનઆત્મા વિભાવની જાળમાં બંધાયેલ છે. આ..હા...! 'ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે...' આ..હા..હા...! વિભાવની જાળમાં બંધાયેલો છે. છે ખરો, હોં ! પર્યાયમાં. આ..હા..હા...! બિલકુલ વ્યવહારનયથી પણ બંધાયેલ નથી જ એમ નથી. નય છે ને ! નયનો વિષય છે. પણ વસ્તુ તરીકે જે છે એ બંધાયેલ (કહેવું) એ તો વ્યવહારનયનો વિષય છે. મોક્ષ અને બંધ, એવા એક દ્રવ્યના, પર્યાયથી બે ભાગ પાડવા એ વ્યવહારનય છે. આ..હા..હા...! એવું જે એક તળમાં પડેલું તત્ત્વ એને જ્ઞેય બનાવીને જ્ઞાન થાય તે જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. આ..હા..હા...! બાકી તો અગિયાર અંગનું જ્ઞાન હોય તો પણ (એ સમ્યક્જ્ઞાન નથી). અરે...! અહીં તો કળશમાં એમ કહ્યું નહિ ? કે, બાર અંગનું જ્ઞાન પણ વિકલ્પ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. કળશમાં કહ્યું છે. આ..હા..હા...!

'પોતે છૂટો જ છે એમ જણાય.' છે ? 'પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય.' જેમ માણસ બધા કાર્યમાં (દેખાય) પણ માણસ માણસપણું જ રહે છે. એમ બધા કાર્યોમાં દેખાવા છતાં પોતે છૂટો છે એમ જણાય. આ..હા..હા...! 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ' આવે છે ને 'શ્રીમદ્'માં ? આ નહિ, આ નહિ, આ નહિ, આ નહિ, આ નહિ... શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ, ઘર નહિ, સ્ત્રી નહિ, કુટુંબ નહિ, રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ. બાકી બાદ કરતાં (જે) રહે તે પોતે પ્રભુ છે આખો. આ..હા..હા...! એ બાદ કરી નાખ્યા. બાદબાકી કરે છે ને ? બાદબાકી કહે છે ને ? એમ આ બાદબાકી કરી નાખી. આ..હા..હા...! છૂટો જ છે.

'ચૈતન્યપદાર્થ તો છૂટો જ છે.' 'છૂટો જ છે.' આ..હા..હા...! ચૈતન્ય વસ્તુ છે. ચૈતન્ય.. ચૈતન્યનું ચૈતન્યપણું (છે) એ તો છૂટું જ છે. વસ્તુને શું છે ? વસ્તુનો બદલો હોય તો એ વસ્તુ અવસ્તુ થાય. કોઈ દિ' અવસ્તુ થતી નથી. દ્રવ્યને બંધન હોય તો દ્રવ્ય અદ્રવ્ય થઈ જાય. જેમ પોતાની દ્રવ્યની અપેક્ષાએ બીજું (દ્રવ્ય) અદ્રવ્ય છે એમ દ્રવ્યનું બંધન થાય તો દ્રવ્ય અદ્રવ્ય થઈ જાય. પોતાનું સ્વદ્રવ્ય રહે નહિ. આ..હા..હા...! આવી વાતું છે.

'ચૈતન્ય તો જ્ઞાન-આનંદની મૂર્તિ–જ્ઞાયકમૂર્તિ છે,...' જ્ઞાન અને આનંદ કોઈ દિ' બંધાય છે ? ગુણ છે, આનંદ અને જ્ઞાન ગુણ છે, શક્તિ છે, સત્‌નું સત્ત્વ છે, એ સત્ અને સત્ત્વ કોઈ દિ' બંધાય છે ? આ..હા..હા...! વસ્તુ વસ્તુ તરીકે તો જ્ઞાયકમૂર્તિ છૂટી છે. આ..હા..હા...! આવી આત્માની વાત છે. ભાઈ ! 'પણ પોતે પોતાને ભૂલી ગયો છે.' આ..હા..હા...! આવડું મોટું અસ્તિત્વ, પ્રભુ ! એને ભૂલી ગયો. અલ્પ અસ્તિત્વમાં પોતાનું માની, મહાતત્ત્વનું અસ્તિત્વ તેને ભૂલી ગયો. આ..હા..હા...!

'વિભાવની જાળ પાથરેલી છે,...' કરોળિયાની જેમ. આ..હા..હા...! વિકલ્પ અસંખ્ય પ્રકારના, શુભના અને અશુભના (થાય છે). નિમિત્ત અનંત, એ અનંતના લક્ષે ઉપાડેલા વિકલ્પો – જાળ, આ..હા..હા...! એમાં ફસાઈ ગયો છે. જીવે 'વિભાવની જાળ પાથરેલી છે,...' એણે પોતે, હોં ! પર્યાયે. 'વિભાવની જાળમાં ફસાઈ ગયો છે, પણ પ્રયત્ન કરે...' આ..હા..હા...! પુરુષાર્થ કરે (તો) 'છૂટો જ છે.' આ..હા..હા...! 'દ્રવ્ય બંધાયેલ નથી.' વસ્તુ, વસ્તુ, વસ્તુને બંધન શું ? આ..હા...! એ તો પર્યાયમાં અટકેલી એક સમયની દશાની અપેક્ષાએ બંધન (છે). અને નિમિત્તરૂપે કર્મનું બંધન વ્યવહાર (છે). અને એક સમયની દશા પૂર્ણ પ્રાપ્ત થાય,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઇ તો એક સમયની દશા છે. વસ્તુ કંઈ પર્યાયમાં આવતી નથી અને વસ્તુ કોઈ દિ' મુક્ત થતી નથી. ઇ તો ત્રિકાળી મુક્ત સ્વરૂપ છે. આ..હા...!

'પ્રયત્ન કરે તો છૂટો જ છે. દ્રવ્ય બંધાયેલ નથી.' વસ્તુ કોઈ દિ' બંધાય ? એ પણ વાત બાપુ ! અંદર બેસવી (જોઈએ). આવી એક ચીજ છે કે જે અનાદિ અનંત અસ્તિત્વ ધરાવે છે. અનાદિ અનંત હયાતી ધરાવનારું તત્ત્વ છે એ કોઈ દિ' બંધાતું નથી. આ..હા..હા...! એવી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જવી.. આ..હા..હા...! એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મનો માર્ગ છે. વિશેષ કહેવાશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

આત્મામાં પંચમહાવ્રત, ભક્તિ વગેરેના પરિણામ થાય તે શુભરાગ છે, તે આસ્રવ છે. તે રાગને આસ્રવ પણ માનવો ને તેને જ સંવર પણ માનવો તે ભ્રમ છે. એક શુભરાગ છે તે જ આસ્રવનું અને સંવરનું બન્નેનું કારણ કેમ થાય ? મિશ્રભાવનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. સમ્યગ્દૃષ્ટિને પણ જે રાગ છે તે ધર્મ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રાગરહિત છે તે જ ધર્મ છે. હું જ્ઞાયક છું એવા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી જેટલો વીતરાગભાવ થયો તે સંવર ધર્મ છે. ને તે જ સમયે જે રાગ છે તે આસ્રવ છે, એક જ સમયમાં આવા બન્ને ભાવો મિશ્રરૂપ છે, તે બન્નેને ભિન્ન ભિન્ન ધર્મી જીવ ઓળખે છે. પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એમ નથી. વ્યવહારનો શુભરાગ તો આસ્રવ છે, આસ્રવ તે સંવરનું કારણ કેમ થાય ? પહેલો વ્યવહાર, તે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એવી દૃષ્ટિથી તો સનાતન જૈન પરંપરામાંથી જુદા પડીને શ્વેતામ્બરો નીકળ્યા. અને દિગમ્બર સંપ્રદાયમાં રહીને પણ કોઈ એમ માને કે રાગ કરતાં કરતાં ધર્મ થશે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે તો એમ માનનાર પણ શ્વેતામ્બર જેવા જ અભિપ્રાયવાળો છે, તેને દિગમ્બર જૈન ધર્મની ખબર નથી. (પરમાગમસાર - ૯૫૫)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું **જોઈએ**. વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી એમ **જીવ**ને અંતરથી લાગવું **જોઈએ**. એક વિકલ્પમાં દુઃખ લાગે છે ને **બીજા** મંદ વિકલ્પમાં શાન્તિ મનાઈ **જાય** છે, પણ વિકલ્પમાત્રમાં તીવ્ર દુઃખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ. ૪૮.

**જેઠ સુદ ૧૫, મંગળવાર, તા. ૨૦-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૪૮-૫૧ પ્રવચન–૧૫**

'વચનામૃત' ૪૭, ૪૮ છે ને ? ૪૭ થઈ ગયો છે. ઝીણું છે, ઝીણું. 'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું **જોઈએ**.' એટલે શું ? ચાહે તો શુભ રાગ હો, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો, ભક્તિનો ચાહે તો રાગ હો એ તો સ્થૂળ છે પણ વિકલ્પ રાગ છે એમાં પૂરેપૂરું દુઃખ લાગવું **જોઈએ**. એમાં જરીયે સુખ છે નહિ. આ..હા..હા...!

મુમુક્ષુ :— વિકલ્પમાં દુઃખ છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવું જ વિકલ્પમાં દુઃખ છે. વિકલ્પ પોતાનો માન્યો એ મિથ્યાત્વ છે. વિકલ્પ જે થાય છે, ભલે શુભ (હો), પણ એ મારો છે એ જ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– એ તો દુઃખ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ મિથ્યાત્વ અને દુઃખ (છે). એ એકલું દુઃખ જ છે. અને મિથ્યાત્વ પછીનો રાગ છે એ પણ દુઃખ છે, એ પણ એ તો જ્ઞાનમાં ખ્યાલ છે. આ તો ખ્યાલ જ નથી. હું આનંદ સ્વરૂપ છું, મારી કાયમની ચીજ તો અસલી (આનંદ સ્વરૂપ છે).

આત્મામાં ચાહે તો શુભ રાગ હો, અશુભ રાગ તો દુઃખરૂપ છે... આ..હા..હા...! વિષયવાસના માન, બડાઈ, મોટપ એવો જે ભાવ છે એ તો દુઃખરૂપ છે, તીવ્ર દુઃખરૂપ છે. કેમ કે એ કંઈ આત્માની **જાત** નથી. એથી એને વિકલ્પ **ઊઠે** એમાં તીવ્ર દુઃખ લાગવું **જોઈએ**. એટલે કે તેના તર**ફ**ના વલણમાં આકુળતા લાગવી **જોઈએ**. આહા..હા..! ક્યાંય શાંતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેમાં નથી. વ્યવહાર નિશ્ચયનું સાધન છે એમ કહે છે ને ? પણ એ વ્યવહાર રાગ છે એ દુઃખરૂપ છે. એ સાધન આત્માનો આશ્રય લેવા માટે કેમ થાય ? આ..હા..હા...! રાગ **ઊઠે** એમાં પૂરેપૂરું દુઃખ લાગવું (**જોઈએ**). અહીં તો પ્રથમ (ભૂમિકાની) વાત છે ને.

'વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી...' પહેલા અસ્તિથી **કહ્યું** પછી નાસ્તિથી (**કહ્યું**). એ રાગની વૃત્તિ **ઊઠે**, ચાહે તો **સૂક્ષ્મ** શુભની (હો), એમાંય કંઈ જરીયે શાંતિ, જરીયે સુખ નથી. આ..હા..હા...! આવી વાતું. અહીં તો **હજી** બહારના અનુકૂળ સાધનોમાં પણ કંઈક મને અનુકૂળતા છે, સાધન મને સારા મળ્યા છે એવી જે વૃત્તિ છે એ તો મહાદુઃખરૂપ છે. આ..હા..હા...! પણ અંતરમાં રાગની મંદતાની વૃત્તિ શુભ રાગ, હોં ! ભગવાનનું સ્મરણ આદિ જે રાગ છે એ પૂરેપૂરો દુઃખરૂપ છે. કેમ કે પ્રભુ આનંદરૂપ છે. આ..હા..હા...!

'વિકલ્પમાં જરા...' બે શબ્દ સામેસામા આવ્યા. 'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું **જોઈએ**.' અને 'વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી...' ઓ'લું પૂરું દુઃખ છે, શાંતિ અને સુખ જરીયે નથી. ચાહે તો વ્યવહાર ક્રિયાકાંડ હો, એ નિશ્ચયનું સાધન થાય એ કેમ બને ? એ તો રાગ છે, પરલક્ષી દશા છે અને તે દશા દુઃખ દશા છે. એના સાધનથી નિશ્ચય આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન કે નિશ્ચય ચારિત્ર થાય એમ ત્રણ કાળમાં બને નહિ. સમ**જા**ણું કાંઈ ? આ..હા..હા...! ઝીણી વાતું બહુ, બાપુ ! જન્મ-મરણથી રહિત થવાનો પંથ જગતને સાંભળવા મળ્યો નથી. આ..હા...!

પ્રભુ પોતે નિત્ય ચૈતન્યધાતુને ધારીને બિરાજે છે એમ આનંદના સ્વભાવના ધારીને ટકેલું તત્ત્વ ત્રિકાળ છે ને ! એને છોડીને જેટલી વૃત્તિ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, **પૂજા**, ગુણસ્મરણ, ભગવાન-સ્મરણ, એ બધું દુઃખરૂપ છે.

**પ્રશ્ન** :– આ સાંભળવું તો બરાબર છે ને ?

સમાધાન :– શાસ્ત્ર સાંભળવાની વૃત્તિ એ દુઃખરૂપ છે. શાસ્ત્ર કહેવાની વૃત્તિ એ પણ દુઃખરૂપ છે. વૃત્તિ છે ને. આ..હા..હા...! આકરું કામ છે. અત્યારે દુનિયાથી (જુદી વાત છે). છે, ૪૮મો બોલ છે. ભાઈ ! આ..હા...!

સ્વરૂપ, આનંદ સ્વરૂપ ભગવાન, એના સિવાયની જેટલી વૃત્તિઓ **ઊઠે** એ પૂરેપૂરી દુઃખરૂપ છે, જરાય શાંતિ અને સુખ નથી. તેથી તે નિશ્ચયનું સાધન થાય, નિશ્ચય સમ્યગ્દર્શન (થયા) પછી પણ વ્યવહાર ચારિત્રના વિકલ્પ આવે પણ એનાથી નિશ્ચય ચારિત્ર પમાય (એમ) જરીયે નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મુમુક્ષુ :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કથન નિરૂપણનું કથન છે. આ..હા..હા...!

અબંધ સ્વરૂપી ભગવાન, એ બંધ ભાવથી કેમ પ્રાપ્ત થાય ? ચારિત્ર છે એ તો અરાગી, અકષાયી પરિણતિ દશા છે (અને) રાગની મંદતાનું દુઃખ છે. એ દુઃખ છે, નિશ્ચય ચારિત્ર આનંદ છે. એ આનંદનું સાધન દુઃખ કેમ થાય ? કહ્યું છે, પણ કહ્યું છે એ તો સાધનના બે રૂપનું વર્ણન કર્યું છે. જેણે રાગથી ભિન્ન પાડી ચૈતન્યના આનંદનો જેને સ્વાદ આવ્યો છે, એવા જીવને જે રાગ છે, સાધન તો તે આનંદ અને શાંતિ છે, પણ એને જે વિકલ્પ શુભરાગ ઊઠે છે એમાં આરોપિતથી સહચર ગણીને, સાથે છે, નિમિત્તરૂપે છે એમ ગણીને એને સાધન કહ્યું. છે નહિ. આ..હા..હા...! (લોકોમાં અત્યારે આ) મોટો ગોટો છે.

'એમ જીવને અંદરથી લાગવું જોઈએ.' છે ? આ.હા..હા...! 'એમ જીવને અંદરથી લાગવું જોઈએ.' બાહ્યથી શાસ્ત્રભાષાથી એમ કહે કે આ આમ છે ને તેમ છે (એમ નહિ) અંતરમાંથી એને લાગવું જોઈએ. આ..હા..હા...! 'એક વિકલ્પમાં દુઃખ લાગે છે ને બીજા મંદ વિકલ્પમાં શાન્તિ મનાઈ જાય છે,...' એ શુભ-અશુભની વાત કરી. એક વિકલ્પમાં.. આ..હા..હા...! અશુભ વિકલ્પમાં દુઃખ લાગે છે અને બીજો મંદ વિકલ્પ, રાગની મંદતા એમાં 'શાન્તિ મનાઈ જાય છે,...' આ..હા..હા...!

'પણ વિકલ્પમાત્રમાં તીવ્ર દુઃખ લાગે...' આ..હા..હા...! 'તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ.' આ..હા...! અહીં તો હજી માર્ગ મળવાની વાત છે ને. માર્ગ મળ્યો અને પછી વિકલ્પ આવે એ પણ લાગે તો દુઃખરૂપ. એ ધારા – કર્મધારા છે. જ્ઞાનધારાને એ બિલકુલ મદદ કરતી નથી. પણ અહીં તો પહેલેથી પામનારને કઈ રીતે પમાય, એમ વાત ચાલે છે. આ..હા..હા...! અંદર માર્ગ (મળ્યા વિના રહે નહિ).

વિકલ્પમાત્ર – શુભ કે અશુભ. એક વિકલ્પમાં દુઃખ લાગે અને એક વિકલ્પમાં જરી શાંતિ (લાગે એ) ભ્રમ છે. આ..હા..હા...! આ તપસ્યાઓ કરે, મહિના મહિનાના અપવાસ ને જરાક એક શુભ રાગ હોય તે પણ દુઃખરૂપ છે. એ તપસ્યા જ નથી. એ તો લાંઘણ છે. આ..હા..હા...! જગતથી આકરું કામ છે, ભાઈ ! વીતરાગ જિનેશ્વરદેવ વીતરાગભાવે બતાવે છે. એ આનંદભાવે આનંદ આવે. એ રાગભાવે આનંદ આવે, એ રાગભાવે વીતરાગતા આવે, એમ વીતરાગ માર્ગમાં તો નિષેધ છે. આ..હા..હા...! 'અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ.' એ ૪૮ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું. ચિંતવન ખાસ કરવું જોઈએ. કષાયના વેગમાં તણાતાં અટકવું, ગુણગ્રાહી બનવું. ૪૯.**

'આખા દિવસમાં આત્માને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે...' એ વિચારવાનો અવસર પણ લેતો નથી. આ..હા..હા...! ચોવીસ કલાકમાં 'આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે...' અંતર તરફ વળેલા પરિણામ કેટલા આવે છે અને બહાર તરફ વળેલા ભાવ કેટલા છે, એને 'તપાસી પુરુષાર્થ તરફ વળવું.' એને તપાસી સ્વ તરફ વળવું. ભગવાન જ્યાં પૂર્ણ સ્વરૂપ છે, ધ્રુવધામ મોટું પડ્યું છે, પ્રભુ ! આ..હા...! જેમ ઓટલો હોય તો બેસવાનું સ્થાન છે એમ આ ધ્રુવ ઠરવાનું સ્થાન છે. આ..હા..હા...! ધ્રુવરૂપી ઓટલો, ધ્રુવ ચૈતન્યપ્રભુ, એના તરફના વલણના પરિણામ કેટલા છે અને બહાર તરફના વલણના પરિણામ કેટલા છે ? બેને ભેદ કરી, બેની તપાસ કરી.. આ..હા..હા...! છે ? 'પુરુષાર્થ તરફ વળવું.' અંદર વીર્યને – પુરુષાર્થને અંદરમાં વાળવું.

જ્યાં ભગવાન ધ્રુવધામ ચૈતન્યધામ નિત્યાનંદ પ્રભુ જ્યાં ઉદાસીન – પરથી ઉદાસીન થઈ સ્વરૂપમાં બેસવાને – સ્થિર થવાનું એ ઠામ છે, ધામ છે. ત્યાં વિસામાનું એ સ્થાન છે. અંદરના પરિણામ અને બહારના પરિણામને તપાસી અંતરના પુરુષાર્થમાં વળવું. આ..હા...! આવી વાત છે. લોકોને બિચારાને સાંભળવાય મળતું નથી અને એમ ને એમ જિંદગી.. આ..હા..હા...! પાપના પોટલા બાંધી ચાલ્યા જવાના. અરે...! એને શું ચીજ છે એની ખબર નથી. આ..હા...!

અહીં તો કહે છે, અંતર તરફના પરિણામ પણ જોઈને અને બહાર તરફ વળેલા પરિણામ જાણવામાં આવે (એ) જોઈને પુરુષાર્થ તો અંદરમાં કરવો. આ..હા...! જ્યાં ચૈતન્યધામ.. આ..હા..હા...! તરવાના સાધનને, તરવાના સાધનને ઠરવાનું સ્થાન જે છે... આ..હા...! શું કહ્યું એ ? નિર્વિકલ્પ વીતરાગી પરિણામ.. આ વાત કેમ બેસે ? અરે...! દુનિયા.. આ..હા...! એ સ્વરૂપ છે તેમાં પુરુષાર્થ કર.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'ચિંતવન ખાસ કરવું **જો**ઈએ.' એનું ચિંતવન. અંદરમાં કેટલું જવાય છે અને બહારમાં કેટલા વિકલ્પો આવ્યા, એને **જા**ણીને અંદરમાં જવું. 'કષાયના વેગમાં તણાતાં અટકવું,...' ચિંતવન ખાસ કરવું **જો**ઈએ. લોકોને કષાય કોને કહેવી એની (ખબર નથી). આ..હા...! એ તો **જા**ણે હિંસા ને વિષયભોગ ને આ રળવું ને કમાવું એ બધા પાપ માને, એ કષાય માને પણ અંદરમાં ભગવાનની ભક્તિનો રાગ, **જા**ત્રાનો રાગ એ કષાય છે. આ વાત ક્યાં બેસે ? આ..હા..હા...! અરે..રે...! અનંતકાળથી વસ્તુના શરણ વિના ચોરાશીના અવતારમાં રખડી મર્યો છે. સ્ત્રી, કુટુંબ, દુકાન છોડીને સાધુ થાય પણ અંદરમાં વિકલ્પ **ઊ**ઠે છે એ દુઃખરૂપ છે અને એને છોડવો **જો**ઈએ, ત્યારે એણે આત્મા આદર્યો, એ વિકલ્પ ત્યારે છોડ્યો, ત્યારે તેણે વિકલ્પનો ત્યાગ કર્યો અને સ્વરૂપને ગ્રહણ કર્યું, ત્યારે તેને ધર્મ થાય. આ..હા..હા...! આવી વાતું, ભાઈ !

'કષાયના વેગમાં તણાતાં અટકવું,...' લોકના પ્રવાહમાં ચાલે તેમાં ચાલ્યા કરવું એ કષાયનો વેગ છે. આ..હા..હા...! ભગવાને ક**હ્યો** એ આત્માનો સ્વભાવ અંદર, એના તર**ફ**માં જવું, એના તર**ફ**માં ઢળવું એવા જે વીતરાગી પરિણામ એને અહીંયાં ધર્મ કહે છે. બાકી બધાં થોથાં છે. આ..હા..હા...! મોટા ગજરથ કાઢે, હાથી (લાવે), 'પાલીતાણા'ની **જા**ત્રા કાઢે, પચાસ-પચાસ હ**જા**ર માણસ ને બે-પાંચ દસ લાખનો ખર્ચ ને.. ધૂળમાંય ધર્મ નથી. એ તો બધા વિકલ્પો છે, પ્રભુ ! તને ખબર નથી. આ..હા..હા...!

અહીં તો ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય, મહાવિદેહમાં બિરાજે છે, એના સમવસરણમાં પણ અનંત વાર ગયો, વાણી સાંભળી, પણ એ સાંભળવાનો વિકલ્પ છે એ પોતે દુઃખરૂપ છે. આ વાત કેમ બેસે ? આ..હા..હા...! એ દુઃખરૂપને છોડી 'કષાયના વેગમાં તણાતાં અટકવું, ગુણગ્રાહી...' (અર્થાત્) અંતરના ગુણને પકડવા.

મુમુક્ષુ :– બી**જા**ના ગુણને તો અનંતવાર..

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો વિકલ્પ છે.

મુમુક્ષુ :– લોકોમાં તો એ ગણાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનું હતું ક્યાં ?

આ તો અંતર ગુણગ્રાહી, અનંત સ્વભાવ છે તેને પકડવાનો. આ..હા..હા...! આવી વાત છે. 'ગુણગ્રાહી બનવું.' અંતરના અનંત અનંત અપાર ગુણોનો દરિયો પ્રભુ છે તેને **જા**ણવો અને પકડવો. આ..હા..હા...! બી**જા**ના ગુણો હોય એને **જા**ણવા એ પણ વિકલ્પ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરિહંતને **જા**ણવા, આ કેવળી છે એ પણ પરલક્ષી વિકલ્પ રાગ છે. આ..હા..હા...! ભારે કામ આકરું. પંડિતો ચર્ચા કરી ને શાસ્ત્રોના આધાર આપી (વાતો કરે). અગિયારમી ગાથામાં નથી કહ્યું ? કે, વીતરાગની વાણીમાં પણ સહચારી ગણીને વ્યવહાર આવ્યો છે એને પકડે છે કે, જુઓ ! વ્યવહાર. પણ એનું ફળ સંસાર છે. આ..હા..હા...! વીતરાગની વાણીમાં પણ જેટલું વ્યવહારનું કથન આવ્યું કે, આ વ્રત લેવા ને આમ કરવું ને તેમ કરવું ને ઢીકણું કરવું ને અપવાસ કરવા ને બ્રહ્મચર્ય પાળવું એ બધો પણ વિકલ્પ અને રાગ છે. એનું ફળ સંસાર છે. આ વાત આકરી, બાપા ! બહુ કઠણ, ભાઈ ! શું થાય ? અરે...! એણે પોતાની નિજ સત્તા શુદ્ધથી ભરેલી છે એની તો એને ખબર નથી અને પોતાની સત્તાની પ્રાપ્તિ **જા**ણે બહારથી થશે (એમ માને છે). અહીં તો કહે છે કે, પાંચ-દસ લાખ ખર્ચીને મોટી 'ગિરનાર'ની **જા**ત્રા કાઢ, એમાં રાગની મંદતા કરી હોય (તો શુભ છે અને) માન માટે હોય તો તો પાપ છે.

**મુમુક્ષુ :–** આપણે તો લાંબી **જા**ત્રા કાઢી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાં **જા**ત્રા કોણ કાઢે ? વિકલ્પ હોય પણ છે એ દુઃખરૂપ. આ..હા...! 'જયપુર'માં તો મોટા અગિયાર હાથી નીકળ્યા હતા. મોઢા આગળ એકવીસ હાથી ! લોકો **જો**વા નીકળેલા, આખું ગામ ! માણસ.. માણસ માય નહિ. લોકો એટલા વખાણ કરે. પણ બાપુ ! એમાં તો રાગ મંદ હોય તો શુભ છે. એ બધા રથ ચાલે, હાથી ચાલે એ તો બધી પરની ક્રિયા છે. આ..હા..હા...! એમાં રાગ કદાચિત્ મંદ કર્યો હોય તો એ શુભ છે, એ પણ દુઃખ છે. આ..હા...! આવો વીતરાગનો માર્ગ કહ્યો **જા**ય એવો નથી. આ..હા...! અને એકાંત છે, એમ બિચારા પોકાર કરે છે. એકાંતવાદીઓ છે, એકાતંવાદીઓ છે, 'સોનગઢ'નો એકાંતવાદ છે. કારણ કે વ્યવહારથી થાય એ ના પાડે છે.

અહીં તો એ કહે છે, અંતર સ્વરૂપને આશ્રયે ધર્મ થાય. રાગના વિકલ્પથી ધર્મ ન થાય, એ દુઃખ છે. એનું નામ અનેકાંત છે. આજે આવ્યું છે, એકાંતવાદીઓ છે, એકાંતવાદીઓ (છે). સાંભળને બાપા ! ભાઈ ! આ..હા...! જ્યાં સમ્યક્ એકાંત એવું તત્ત્વ પડ્યું છે, પ્રભુ ! નયનો વિષય જ એકાંત છે. એક જ અંશ છે, બે નહિ. આ..હા..હા...! નિશ્ચયનયનું જે જ્ઞાન એ તો સ્વરૂપ એકલા ચૈતન્યને જ પકડે છે. સમ્યક્ એકાંતમાં પર્યાયનું લક્ષ છોડી દઈ... આ..હા..હા...!

(એક મુમુક્ષુએ ભક્તિ) કરી છે (એમાં એમ આવે છે), 'શુભભાવમાં ધર્મ નથી પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં તને અટકવા નહીં દઉં હવે' એમ આવે છે. અહીં વ્યાખ્યાનમાં આવ્યું હોય (એ) એમાં ગોઠવી નાખ્યું. 'ઘાટકોપર'ની ભજનમંડળી. આ..હા...! શુભભાવમાં તો તને નહિ રહેવા દઉં, પણ પર્યાયમાં નહિ અકટવા દઉં. એમ એક ભજન છે. આ..હા...! કારણ કે એક સમયની પર્યાય પ્રગટ અંશ જેટલો દેખાય છે. એમાં કાંઈ આખો આત્મા નથી. આખો આત્મા તો અંદર પાછળ પડ્યો છે મોટો. આખું તત્ત્વ જે છે, આત્મતત્ત્વ (એ) ચાલતી વિચારધારાની સમયની દશા, એનાથી ભિન્ન અંદર વર્તે છે. આ..હા..હા...! હજી શરીરથી ભિન્ન, શરીરની ક્રિયા થવા કાળે આત્માથી ન થાય, આવી વાત આકરી પડે. શું થાય ? ભાઈ ! આ..હા..! બોલવું, ચાલવું ક્રિયા, આ તો જડની, માટીની ક્રિયા છે. આ..હા...! એમાં થતો વિકલ્પ જે છે એ રાગ છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– રાગ છે એમ ક્યાં કહો છે, દુઃખ છે એમ કહો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ છે એ દુઃખ છે. કેમ કે અતીન્દ્રિય આનંદ પ્રભુ આત્મા, એનાથી રાગ છે તે વિરુદ્ધ છે. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો હો, પ્રભુસ્મરણ ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં.. એ પણ વિકલ્પ ને રાગ ને દુઃખ છે, બાપુ ! કઠણ પડશે, ભાઈ ! આ..હા..હા...! અરે...! તેં તારી જાતને કોઈ દિ' સાંભળી નથી, પ્રભુ ! ભગવાન તને પ્રભુ તરીકે બોલાવે છે. ભગવાન તરીકે ભગવાન બોલાવે છે. એ ભગવાન કેવડો હશે, બાપા ! આ..હા..હા...! એ રાગનો અંશ ઊઠે છે, શુભનો હોં, પુણ્યનો, એ એને દુઃખરૂપ જાણી અંદર પુરુષાર્થ વાળ. ગુણને પકડ. અનંતા અનંતા ગુણો જે છે તેને પકડ. આ..હા..હા...! દુઃખરૂપને છોડી દે, તો આત્માનું હિત થશે, તો પરિભ્રમણ મટશે, નહિ તો પરિભ્રમણ મટશે નહિ. આ..હા..હા...! દુનિયા ભલે તને બીજા વખાણે કે, ઓ..હો...! આ તો ભારે આવો છે, હંમેશાં સામાયિક કરે છે, રાત્રે જાવજીવ આહાર કરતો નથી, પાણી પીતો નથી, આઠ પરબી બ્રહ્મચર્ય પાળે છે, છ પરબી કંદમૂળ લીલોતરી ખાતો નથી. થયું શું પણ એમાં ? આ..હા..હા...! અંદરમાં વિકલ્પ ઊઠે એને હજી ખાય છે, એને અનુભવે છે, એ મિથ્યાત્વ છે. એવી વાતું છે. વાડામાં તો આવી વાત હોય તો રહેવા ન દ્યે. અહીં તો વાડો નથી, જંગલ છે. આત્મા જંગલસ્વરૂપ પ્રભુ અંદર છે. આ..હા..હા...! એ જ્ઞાનની જ્યોત ઝળહળ જ્યોતિ પ્રભુ ! એને રાગનો અંશ માત્ર દુઃખરૂપ છે. એ આત્માનો સ્વભાવ નથી, આત્માને લાભદાયક નથી. આ..હા..હા...! એ ૪૯ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે; તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્‌ પ્રગટશે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ. ૫૦.**

**૫૦.** 'તું સત્‌ની **ઊંડી** જિજ્ઞાસા કર...' **ઊંડી** જિજ્ઞાસા એટલે ? ઉપલક ટપકે આત્મા આવો છે ને આવો છે ને આવો છે. શાસ્ત્રથી ધાર્યો એમ નહિ. આ..હા..હા...! સત્‌ની **ઊંડી** જિજ્ઞાસા – પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદ સ્વરૂપે સર્વોત્કૃષ્ટ ભગવાનઆત્મા છે, સ્વભાવ અને શક્તિરૂપે ભગવાનઆત્મા છે. આ..હા..હા...!

અહીં એક જરી અનુકૂળતા (હોય), બહારની જરીક ખાવા-પીવાની અનુકૂળતામાં મેસુભને ખાતો હોય ને અળવીના.. શું કહેવાય ? અળવીના પાન. પત્તરવેલિયાં આમ ઘીમાં તળેલા હોય અને મેસુભ ખાય. અરે... પ્રભુ ! શું છે તને ? પ્રભુ ! એ તો જડ છે ને ! તને એમાં સુખ ક્યાંથી લાગ્યું ? આ..હા..હા...! એની મીઠાશનું જ્ઞાન કરવું. જ્ઞાનમાં મીઠાશ આવતી નથી. મીઠાશનું જ્ઞાન કરે છે. એ જ્ઞાનમાં મીઠાશ આવતી નથી અને મીઠાશમાં જ્ઞાન જાતું નથી. આ..હા..હા...! ફક્ત રાગ થાય છે (કે), ઠીક છે, મેસુભ સારો છે. આ ચીજ સારી છે, આ રસગુલ્લા છે, આ સ્ત્રી રૂપાળી ને શરીર માખણ જેવું છે, એને ભોગવું છું. એને ભોગવતો નથી. પ્રભુ ! એ તો જડ છે ને ! એની ઉપર 'ઠીક છે' એવો રાગનો પાપનો વિકલ્પ ઊઠાવે છે એને તું અનુભવે છે, ભોગવે છો. આ..હા..હા...! શું તું ભોગવે છો એની એને ખબર નથી. આ..હા..હા...!

આમ બે-પાંચ, દસ લાખનું ફર્નીચર હોય, બંગલો મોટો ઊંચો હોય.. આ..હા..હા...! વચમાં ઢોલિયો નાખીને રેશમી ગાદલાં (હોય). (શ્રોતા :– ઢોલિયો નહિ, પલંગ). પલંગ કહો. આમ પડ્યો હોય અને પચાસ લાખનું મકાન હોય.. આ..હા..હા...! આમ જ્યાં નજર કરે. શું છે ? બાપુ ! એ તો બધી પરવસ્તુ છે, પ્રભુ ! એ તો જડ છે, પર છે. તું તેને અડતો નથી, એ તને અડતાય નથી. શું તને થઈ ગયું આ ? અમે પૈસેટકે સુખી છીએ, છોકરાઓ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધા અનુકૂળ કર્મો જાગ્યા છે.

મુમુક્ષુ :– ધર્મો નહીં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્મો ! કર્મના કરનારા જાગ્યા છે. હમણાં અમે સુખી છીએ, નિવૃત્તિ છે. છોકરાઓ રળે છે અને પાંચ-સાત-દસ લાખની પેદાશ છે. અરે...! પેલાને સાડા ત્રણ કરોડની પેદાશ છે. 'જામનગર' ! 'અમર ડાઈંગ કંપની' ! (એના) શેઠ છે ને, અહીં આવ્યા હતા. ત્યાં છે ને, 'જામનગર'માં. વર્ષની સાડા ત્રણ કરોડની પેદાશ છે. સાડા ત્રણ કરોડ !

મુમુક્ષુ :– હજી વધારવાના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વધારવાના છે ને, સાંભળ્યું છે ને. હજી વધારે ધંધો કરું (તો) ચાર-પાંચ કરોડ પેદા થાય. એ રીતે વિચારે છે. અહીંયાં આવ્યા હતા, ત્યાં પણ મળ્યા હતા. 'મુંબઈ' ! અરે...! ફાટી જાય પ્યાલા ! પ્રભુ ! એ બધું તો જડ છે ને !

મુમુક્ષુ :– પૈસા મીઠા લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળ મીઠા લાગે છે. મીઠો લાગે છે એને એનો રાગ. રાગ મીઠો લાગે છે, બાપા ! પૈસા તો જડ છે, પૈસાને તો આત્મા અડી શકતો નથી. જડને આત્મા અડે ? પ્રભુ તો અરૂપી છે. રંગ, ગંધ, સ્પર્શ વિનાનો છે. આ શરીરને આત્મા અડતો નથી. શરીરથી જુદી ચીજ છે, અડ્યા વિનાની રહેલી છે. આ..હા..હા...! કેમ બેસે ?

'તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર...' ઊંડી જિજ્ઞાસા કર, એમ. ઠેઠ ધ્રુવનો પત્તો લેવા માટે (ઊંડી જિજ્ઞાસા કર). આ..હા..હા...! જેના તળ હાથમાં આવે, ચૈતન્યના તળ – તળિયાં હાથમાં આવે એવી ઊંડી જિજ્ઞાસા કર. આ..હા...! 'જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે;...' પ્રભુની ઊંડી જિજ્ઞાસા. પ્રભુ પોતે ભગવાન જ સાક્ષાત્‌ છે અંદર. આ..હા..હા...! કેમ બેસે ? અહીં સવારમાં દસ-બાર બીડી પીવે ત્યારે ભાઈસા'બના મગજ સારા રહે. આ..હા..હા...! ત્રણ વાર ચા પીવે. સવાર, બપોર, સાંજ, સૂતા વખતે (પીવે).

એક વૃદ્ધ માણસ હતો તે ઊંઘ ન આવે તો સૂતા વખતે નવટાંક ઘી ખાય. આ..હા...! પૈસા એની પાસે હતા, એંસી હજાર ! તે દિ', આ તો સાઠ વર્ષ પહેલાની વાત છે. વૃદ્ધ અવસ્થા થઈ ગયેલી. (એને) સૂવા ટાણે નવટાંક ઘી જોઈએ. એ ઘી ખાય તો ઊંઘ આવે નહિતર ઊંઘ ન આવે, કહો ! (સંવત) ૧૯૭૫નું ચોમાસુ હતું ને, ૧૯૭૫નું ચોમાસુ 'પાળીયાદ' હતું. ૧૯૭૫, કેટલા વર્ષ થયા ? ૫૯ વર્ષ થયા. ૫૯ વર્ષ પહેલા ત્યાં ચોમાસુ હતુ. બધા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્યાખ્યાનમાં આવે. આ..હા..હા...! રાત્રે સૂતા વખતે ઘી જોઈએ, ચોવીયાર તો શેના કરે ? આ..હા..હા...! સૂતા વખતે નવટાંક જોઈએ. એવું કાંઈક સાંભળ્યું હતું. ત્યારે એને ઊંઘ આવે. કોણ જાણે કાંઈક ઘી કહેતા હતા, સાંભળ્યું હતું. ઘી ને ? ઘી કહેતા હતા. ગૃહસ્થ પૈસાવાળા માણસ, 'જામનગર' નાનું. એંસી હજાર. 'પાળીયાદ' નાનું, સાઠ વર્ષ પહેલાની વાત છે. ઓ..હો...! એવી ને એવી જિંદગીયું ચાલી જાય છે. દુનિયા એને સુખી કહે. આ..હા..હા...! એકલા દુઃખના ગંજમાં ગરકાવ છે. વિકલ્પની જાળો ઊઠાવે છે. એ તો બધું અશુભ જ છે. અહીં તો શુભરાગ થાય એ પણ દુઃખરૂપ છે (એમ કહે છે). આ..હા..હા...!

માટે 'તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા...' (કર). શુભાશુભભાવથી રહિત જેમાં ચૈતન્ય ભગવાન અંદર છે, નિત્ય વસ્તુ છે, ધ્રુવ છે. આ..હા...! એ બેસવાને, રહેવાને, વિશ્રામનું સ્થાન છે. વિશ્રામસ્થાન છે. આ..હા..હા...! એવા સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર. 'જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે;...' સત્‌ની જિજ્ઞાસામાં તારો પ્રયત્ન ચાલશે. આહા...હા...! જ્યાં પૂર્ણ સત્‌ પ્રભુ પડ્યો છે, ધ્રુવ છે, આદિ વિનાનું – શરૂઆત વિનાનું, અંત વિનાનું તત્ત્વ જે ધ્રુવ પડ્યું છે, પ્રભુ ! આ..હા..હા...! એની ઊંડી જિજ્ઞાસા કર. ઉપર ઉપરની જિજ્ઞાસા નહિ. આ..હા..હા...! (આ વચનામૃત) પુસ્તક બહાર આવી ગયું છે. સાદી ભાષા ગુજરાતી છે. હિન્દી થઈ ગયું છે.

'તારી મતિ સરળ અને સવળી થઈ...' આ..હા..હા...! 'તારી મતિ સરળ...' (અર્થાત્‌) પરની વક્રતા અને પરને પોતાનું માનવું, એ છોડી દઈ અને મતિ સ્વરૂપ શું છે તેના તરફ વાળ. 'તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે.' ઊંડી જિજ્ઞાસાથી... આ..હા...! તેનો પ્રયત્ન બરાબર ચાલતાં તારી મતિ શુદ્ધરૂપે પરિણમી જશે. આ..હા..હા...! એ શુભરાગથી ભિન્ન પડી, તારું મતિજ્ઞાન, તારી બુદ્ધિ શુદ્ધ પરિણમી જશે. આહા..હા..! સ્વરૂપ તરફ ઢળશે એટલે શુદ્ધ પરિણમી જશે. ઊંડે ઊંડે જવું છે ને ! આ..હા..હા..! જ્યાં તળિયાં – મોટું તળ પડ્યું છે. આ..હા..હા...! તને ત્યાં જતાં 'તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે.' આત્મામાં આનંદરૂપે અને જ્ઞાનરૂપે થઈ જશે. આ..હા..હા...!

અબુદ્ધિપૂર્વક વિકલ્પો રહેવા છતાં બુદ્ધિપૂર્વકનો ઉપયોગ અંતરમાં ગયો. આ..હા..હા...! એ આત્મામાં સમ્યક્‌ પરિણમી જશે. સમ્યગ્દર્શનરૂપે, સમ્યક્‌ જ્ઞાનરૂપે, સમ્યક્‌ શાંતિરૂપે, અતીન્દ્રિય આનંદ અંશરૂપે આત્મા થઈ જશે, પરિણમી જશે. કારણ કે જેને પકડ્યો છે એની પરિણતિ એવી નિર્મળ થઈ જશે. આ..હા..હા...! આવો ઉપદેશ ! આવો કઈ જાતનો ઉપદેશ ? આ..હા..હા...! આ વસ્તુ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સત્‌ના સંસ્કાર **ઊં**ડા **નાખ્યા**...' આ..હા..હા...! ભવિષ્યમાં પણ તારું કામ થઈ જશે, એમ કહે છે. આ..હા..હા...! શુદ્ધ સત્તાસ્વરૂપ પવિત્ર પ્રભુ ! પૂર્ણાનંદના સંસ્કાર નાખ્યા કે આ જ વસ્તુ છે, રાગ નહિ. સત્ સ્વરૂપ તે ચૈતન્ય શુદ્ધ આનંદકંદ છે, એમ જેણે **શ્રદ્ધા**માં – વ્યવહાર **શ્રદ્ધા**માં પણ જેણે એમ રાખ્યું.. આ..હા...! એના સંસ્કાર અંદરમાં જઈને પરિણમી જશે. આ..હા..હા...! કેમ કે વ્યવહારથી પણ જેણે આવી **શ્રદ્ધા** રાખી કે, અંતરમાં જવાનું થાય એ જ પરિણમન અને ધર્મ છે. તો એનું વીર્ય રાગની **રુચિ**માંથી ખસી ગયું છે. આ..હા..હા...! ત્યાં અટક્યું (છે), ભલે અંદર ગયું નથી પણ વ્યવહાર **શ્રદ્ધા**માં રાગ તર**ફ** ઢળવું અને રાગની **રુચિ** કરવી એ ચાલ્યું ગયું છે. આ..હા..હા...! એ **શ્રદ્ધા**માં આનંદસ્વરૂપ પ્રભુ છે, ત્યાં જવું, ઢળવું એ **શ્રદ્ધા** કરી છે. એથી **શ્રદ્ધા** ત્યાં રોકાઈ ગઈ છે. રાગમાં **જા**ય અને રાગથી લાભ માને (એમ નથી). એ વ્યવહાર**શ્રદ્ધા**માં રોકાઈ ગયું છે. વ્યવહાર એટલે ભલે વિકલ્પ સહિત છે પણ આમાં જવું એ ઠીક છે, એ વાત અટકી ગઈ છે. આ..હા..હા...! સમ**જા**ણું કાંઈ ?

'સત્‌ના સંસ્કાર **ઊં**ડા નાખ્યા હશે તો છેવટે બી**જી** ગતિમાં પણ...' આ..હા..હા...! ભવ પૂરો થઈ જશે (તો પણ) ઓ'લા ભવમાં મળી જશે. આ..હા..હા...! પુ**રુ**ષાર્થની કંઈ ખામી રહી ગઈ હોય તો પુ**રુ**ષાર્થ ત્યાં પૂરો થઈ જશે. આ..હા..હા...! આવું કરવા માટે એની પાત્રતા કેટલી **જો**ઈએ ! આ..હા..હા...! **શ્રદ્ધા**માં એની પાત્રતા એવી આવે કે અંતરમાં ગયા વિના આત્માનો ધર્મ કદી ત્રણ કાળમાં થાય નહિ. આ..હા..હા...! એ દયા, દાન ને વ્રત, ભક્તિ, **પૂજા** ને એ બધા ભાવો દુઃખરૂપ છે, મારા આનંદના ઘાત કરનારા છે. આ..હા..હા...! એવું જેણે **રુ**ચિમાં પર તર**ફ**નું (વલણ) **ફે**રવી નાખ્યું છે. આ..હા..હા...! અને સ્વ તર**ફ**માં ઢળવાનો જ જેણે પ્રયત્ન ચાલુ કર્યો છે એ સંસ્કાર ભવિષ્યમાં પણ રહેશે. આ..હા...! છે ને ?

'તો છેવટે બી**જી** ગતિમાં પણ સત્ પ્રગટશે.' આ..હા..હા...! વિશ્વાસ લાવ. પ્રભુને પકડ્યા, પ્રભુ મળ્યા વિના રહેશે નહિ. આ..હા..હા...! બી**જા** બધા વિકલ્પનો આદર **શ્રદ્ધા**માંથી છોડી, ભલે વિકલ્પવાળી આ **શ્રદ્ધા** છે, અને અંતરમાં જવાને માટે જેનો પ્રયત્ન (છે), એ જ પુ**રુ**ષાર્થ છે, એ જ મુક્તિનું કારણ છે એમ જેને સંસ્કાર પડ્યા (એને) ભવિષ્યમાં પણ સત્ પ્રગટશે. આ..હા..હા...! કોરું કોરું.. કોડિયું હોય ને ? કોરું કોડિયું. કોરું કોડિયું. (એની ઉપર) પાણીના બિંદુ નાખો તો ચૂસી જશે પણ ચૂસતા ચૂસતા એ કામ કરશે. પછીના પાછળના બિંદુ જે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપર રહી જશે એ નીચે પડેલું છે એને ઉપર લઈ જશે. સમજાણું કાંઈ ? શું કીધું ઇ ? એ પાણી એમાં નાખે ને, પહેલા બિંદુ નાખે તો ચૂસી જશે, દેખાશે નહિ. પણ એ સંસ્કાર એવું કામ કરશે કે, પછીના પચીસ-પચાસ-સો બિંદુ નાખતાં ઉપરના બિંદુ લીલા દેખાશે એ બધાનું કારણ તો આ છે. આ..હા..હા...! એમ જેણે અંતર સત્‌ના સંસ્કાર નાખ્યા છે... આ..હા..હા...! એને ઉપર આવીને જ્યારે પરિણતિ થશે એ પરિણતિનું કારણ ઓ'લા સંસ્કાર પડ્યા છે એ (છે). સમજાણું કાંઈ ?

**પ્રશ્ન** :– પરિણતિનું કારણ પૂર્વનો પુરુષાર્થ કે વર્તમાન પુરુષાર્થ ?

સમાધાન :– વર્તમાન પુરુષાર્થ છે પણ પૂર્વના સંસ્કાર છે એ વર્તમાન પુરુષાર્થને ત્યાં એક ન્યાયે મદદ કરે છે. એ વ્યવહારે એમ કહેવાય. સંસ્કાર નાખ્યા છે ને. 'સમાધિ શતક'માં કહ્યું છે, 'સમાધિ શતક'માં. પૂર્વના સંસ્કાર આવીને છૂટી જાય, સમ્યગ્દર્શન પામ્યો હોય છતાં સંસ્કાર.. એવું આવે છે. નહિતર તો વર્તમાન પુરુષાર્થ ઊંધો છે ને છૂટે છે. આ..હા..હા...! 'સમાધિ શતક'માં મૂળ ગાથા સંસ્કારની છે. હેતુ આ કહેવો છે.

મુમુક્ષુ :– 'સમાધિ શતક'માં તો એમ કહે છે કે, આખું જગત હણાઈ ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હણાઈ ગયું છે, રાગથી આખું જગત હણાઈ જાય. આ..હા..હા...! પ્રભુ ! તું રાગ વિનાનો છો ને, પ્રભુ ! એ તને રાગની ક્રિયાથી શુભાચરણથી ધર્મ થાય ને સમકિત થાય એ મિથ્યાત્વ ભાવ છે. આ..હા..હા...! એ બધા નિગોદમાં જવાના લખણ છે અને આ સંસ્કાર સિદ્ધ થવાના લખણ છે. આ..હા..હા...! છે ને ?

'માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ.' માટે સત્‌ના સત્ વસ્તુ જે છે, ત્રિકાળી સત્ છે, એક સમયની પર્યાયનું સત્ છે પણ એ પર્યાયના સત્‌ના ત્રિકાળી સત્ તરફ ઢાળ. એમાં તને સત્ મળશે. એક સમયની પર્યાય ઉપર લક્ષ જશે તો તને સત્ નહિ મળે. ત્યાં પૂર્ણ સત્ છે નહિ. આ..હા..હા...! પૂર્ણ સત્ સ્વરૂપ અંદર છે, વસ્તુ છે, બાપુ ! અંદર હયાતી ધરાવતું તત્ત્વ છે પણ ખબર ન મળે, કોઈ દિ' સાંભળ્યું ન મળે. આ શું કહે છે ? પ્રભુ ! શરીરથી તો જુદો છે, વાણીથી તો જુદો છે, અત્યારે ! પણ વિકલ્પ દયા, દાનનો આવે એનાથી જુદો અંદર પડ્યો છે. અરે...! જુદો તો છે પણ એને રાગને જાણનારી જ્ઞાનની વર્તમાન પર્યાય એ પર્યાયમાં પણ આખું તત્ત્વ નથી આવતું. આ..હા..હા...! એ અંશને ત્રિકાળીમાં ભાળ તો ત્રિકાળી તત્ત્વનું તને પરિણમન થશે. આ..હા...! પર્યાય ઉપર લક્ષ રાખીને પરિણમીશ તો રાગની દશા થશે. આ..હા...! અને ત્રિકાળી સત્ ઉપર દૃષ્ટિ કરીને ઊંડા સંસ્કાર નાખીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણમ (તો) વીતરાગ દશા થશે. આ..હા..હા...! સાદી ભાષા ગુજરાતી, ગુજરાતી સાદી ભાષા. અરે..રે...! દુનિયાને ક્યાં પડી છે ? આ..હા..હા...! પાગલપણે જિંદગી ગાળે. આ મેં કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું... હું રળ્યો છું ને ઉદ્યોગપતિ થયો છું, પાંચ કરોડ મેં મારા પુરુષાર્થથી મેળવ્યા છે. બાહુબળથી મેળવ્યા છે, બાપ પાસે કાંઈ નહોતું. અમે આ બધું (કર્યું). ધૂળેય કર્યું નથી સાંભળને ! રાગ અને મિથ્યા ભાવ સેવ્યા છે. આ..હા..હા...!

અંદરમાં ઊંડા સંસ્કાર નાખ, પ્રભુ ! ઊંડું તત્ત્વ જે અંદર પડ્યું છે તળ, એ ધ્રુવ છે, નિત્ય છે, ટકતું તત્ત્વ છે ત્યાં બેસતા આત્માને વિશ્રામ મળશે. રાગ અને પર્યાયમાં રહેતાં, બેસતાં તને દુઃખ થશે. આ..હા..હા...! એક સમયની પર્યાયમાં પણ રહેતાં પર્યાયબુદ્ધિ છે તેની દૃષ્ટિ આગળ જતાં રાગ ઉપર જશે. દુઃખી થઈશ. એ તારું વિશ્રામસ્થાન, ધામ તારું ધ્રુવધામ એ નહિ. આ..હા..હા...! જ્યાં ધ્રુવધામ ભગવાન છે ત્યાં જા, ઊંડા સંસ્કાર પડશે, રેડ. આ..હા..હા...!

| |
|---|
| આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડ્યો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે. **૫૧.** |

**૫૧.** 'આકાશ-પાતાળ ભલે એક થાય...' આ..હા..હા...! દુનિયા આખી ભલે તારાથી ઊંધી પડી જાય પણ તારું ધ્યેય ચૂકીશ નહિ. અંતર આત્મા આનંદનો નાથ પ્રભુ તેને ધ્યેય કરીને ચૂકીશ નહિ. આકાશ-પાતાળ એક થઈ જાય, દુનિયા ફરી જાય, આખી દુનિયા એમ કહે કે, આ તો માળો ભ્રષ્ટ થયો. એ તો નિશ્ચયાભાસી છે, વ્યવહારની તો કાંઈ કિંમત કરતો નથી. આખી દુનિયા કહે પણ તું અંદર ઊંડો ઊતરી જા. આ..હા..હા...! ભાષા કેવી છે, જોઈ ! આકાશ અને પાતાળ ભલે એક થાય. કોઈ દિ' એક તો થતું નથી પણ કહે છે કે, ઊંધા પડેલા માણસો આખા તને વિરોધ કરે, આખી દુનિયા વિરોધ કરે, ત્યાગી નામ ધરાવનારા, બાવા નામ ધરાવનારા, સાધુ નામ ધરાવનારા (એમ કહે) આવો ધર્મ ! આ વ્રત ને તપ ને ભક્તિ બધી કરીએ છીએ એ ધર્મ નહિ ? આ..હા...! એ દુનિયા આખી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભલે **ફરી જાય,** કહે છે.

'પણ ભાઈ ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ,...' આ..હા..હા...! તું પોતે આનંદનો નાથ અંદર છો, અતીન્દ્રિય આનંદનો સાગર છો, તને ખબર નથી. દેહથી તો ભિન્ન, દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન અને એને **જા**ણનારી એક સમયની પર્યાયથી પ્રભુ અંદર આખો ભિન્ન છે. આહા..હા..! એવા તત્ત્વમાં તું **જા.** આખી દુનિયા ભલે આકાશ ને પાતાળ ભેગી થઈ **જા**ય અને વિરુદ્ધ થઈ **જા**ય પણ તારું ધ્યેય ચૂકીશ નહિ. જ્યાં આનંદના નાથમાં જવું છે તેના સંસ્કાર નાખી સમ્યગ્દર્શન પામવાનો પ્રયત્ન કર. આ..હા..હા...! બી**જા** કોઈ સાધન થશે નહિ. આ..હા..હા...! આ તો હાડકાનો માળો છે. શરીર તો હાડકા, ચામડાનો (માળો છે). અંદરમાં પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, **જા**ત્રાનો ભાવ આવે, પણ ઇ તો રાગ છે અને દુઃખ છે. અર..ર..ર...! આ વાત એને કેમ બેસે ? પ્રભુ ! તું એ રાગ અને દુઃખથી જુદી ચીજ છો. આ..હા...! આખી દુનિયા તને વિરોધ કરે પણ તું તારા ધ્યેયને ચૂકીશ નહિ. વિશેષ કહેશે... શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

---

**પ્રશ્ન** :- ઉપવાસાદિ કરવા કે ન કરવા ?

ઉત્તર :- આહાર જે ક્ષણે મળવાનો નથી તેને તું મેળવ એમ કહેવામાં આવતું નથી. અને જે ક્ષણે રાગની મંદતા થવાની છે તે ન કરવી એમ પણ કહેવાતું નથી. વળી રાગ તીવ્ર હો કે મંદ હો પણ તે ધર્મ નથી. જે સમયે જે રાગ આવે તેની ના પાડી શકાય નહિ અને જે આહાર મળવાનો નથી. તેને મેળવવાનું કહી શકાય નહિ. હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, રાગની મંદતા કરનારો નથી. એવી રુચિ જ્ઞાન અને રમણતાનો પુરુષાર્થ કરે છે તેને વિકલ્પ અને નિમિત્ત હોય છે. પણ રાગ કે નિમિત્ત માટે પ્રયત્ન કરવો પડતો નથી. મોક્ષનો ઉપાય કરવો એ ઉપદેશનું તાત્પર્ય છે. નિમિત્ત મેળવવો કે રાગ કરવો વગેરે ઉપદેશમાં છે જ નહિ.

(પરમાગમસાર - ૯૫૯)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## જેઠ સુદ ૧, બુધવાર, તા. ૨૧-૦૬-૧૯૭૮. વચનામૃત–૫૧-૫૩ પ્રવચન–૧૬

**૫૧** બોલ ચાલે છે, **૫૧** ચાલે છે ને ? શું કહે છે ? 'આકાશ-પાતાળ ભલે એક થાય...' શું કહે છે ? તું આત્મા જે અંતર નિત્ય ધ્રુવ છો એને પકડવા માટે એવો પ્રયત્ન કર કે (જેથી) અનંત સંસારનો અંત આવે. એમાં દુનિયા આખી ફેરફાર થઈ જાય. આકાશ-પાતાળ એક થાય એનો અર્થ (શું) ? દુનિયા આખી વિરૂદ્ધ પડી જાય તો પણ તારું ધ્યેય ચૂકીશ નહિ. તારી નિંદા થાય, પ્રતિકૂળતા થાય પણ આત્મા અંદર વસ્તુ છે, શુદ્ધ આનંદકંદ પ્રભુ, એને મેળવવા માટે ધ્યેય ચૂકીશ નહિ. આ..હા..હા...! ધ્યેય પર ચીજનું નહિ, ધ્યેય રાગનું નહિ, ધ્યેય પર્યાયનું નહિ. આ..હા..હા...! સ્વરૂપ જે ચૈતન્ય, ભરપુર સ્વભાવથી ભરેલી અસ્તિ છે, અસ્તિ છે, તેનું અસ્તિત્વનું અસ્તિત્વ તરીકે ધ્યેય બનાવીને માનવું અને અનુભવવું એમાં દુનિયાની પ્રતિકૂળતા થઈ જાઓ કે અનુકૂળતા હો, એને જોઈશ નહિ.

'તારા ધ્યેયને તું ચૂકીશ નહિ,...' આ..હા..હા...! કરવાનું જે છે એ વિકલ્પને તોડીને સ્વરૂપમાં નિર્વિકલ્પ અનુભવ કરવો (એ કરવાનું છે). આ..હા..હા...! આ પ્રથમમાં પ્રથમ કર્તવ્ય તો આ છે. દુનિયાના અનેક પ્રકારના – વિવિધ પ્રકાર ભાળીને, જોઈને તું ધ્યેયને ચૂકીશ નહિ. કેટલાક વ્યવહારથી નિશ્ચય પમાય એમ કહે, કેટલાક દેવ-ગુરુની કૃપા મળે તો મળી જાય (એમ કહે), કેટલાક કેવળજ્ઞાનીના સમવસરણમાં જાય તો પ્રાપ્ત થાય જ, એવા અનેક પ્રકારના જગતના સ્વચ્છંદો ચાલતા હોય તો એનું લક્ષ છોડીને તું તારું ધ્યેય અંદર ચૈતન્યસ્વરૂપ વસ્તુ છે, એ જ કરવાનું છે. આ..હા..હા...! તેને ચૂકીશ નહિ.

'તારા પ્રયત્નને છોડીશ નહિ.' આ..હા...! સ્વરૂપ તરફનો જે પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પ્રયત્ન, બહારની ક્રિયાનો પ્રયત્ન તો આત્મા કરી શકતો નથી પણ અજ્ઞાનભાવે અશુદ્ધ ભાવને કરે છે અને માને છે કે એ મારો ભાવ છે. એને પણ છોડી દઈને. આ..હા..હા...! 'પ્રયત્નને છોડીશ નહિ.' અંતરમાં જવા માટે વાર લાગે, અકળામણ થાય, મુંઝવણ થાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ ધ્યેયને ચૂકીશ નહિ. એ પામે જ છૂટકો છે એવો અંતર નિર્ણય કર. આ..હા..હા...! આવી વાત છે.

'તારા પ્રયત્નને...' તારો પ્રયત્ન એટલે અંતર્મુખ (જવાનો પ્રયત્ન). રાગના આશ્રયને છોડી. 'ભેદજ્ઞાન સિદ્ધા' એમ કીધું છે ને. જેટલા અત્યાર સુધી સિદ્ધ થયા એ ભેદજ્ઞાનથી થયા છે અને જે કોઈ બંધાણા એ કર્મથી બંધાણા એમ નથી કહ્યું, ભેદજ્ઞાનનો અભાવ, એનાથી બંધાયેલા છે. આ..હા..હા...! તો ભેદજ્ઞાન કરવાનો તારો જે અભ્યાસ છે એનો પ્રયત્ન ચૂકીશ નહિ. આ..હા..હા...! આવી વાત છે. બહારમાં લોકો તો બહારમાં (ધર્મ) માને કે આ કરવું ને આ કરવું. આ..હા...!

અહીં તો રાગને જુદો પાડવાનો જે ભેદજ્ઞાનનો પ્રયત્ન છે એ તારું ધ્યેય છે કે દ્રવ્યને પ્રાપ્ત કરવું. ધર્મીની દૃષ્ટિ અથવા લાયકાત ને દૃષ્ટિ પણ આ છે. પાત્ર જીવની દૃષ્ટિ પણ શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરવો એ જ ધ્યેય છે. એના પ્રયત્નને ચૂકીશ નહિ. આ..હા..હા...! દુનિયા પ્રસંગ કરે કે અપ્રસંગી કરે, એ ઉપર તારે આધાર ન રાખવો. આ..હા...! આવી વાત છે.

'આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું.' આત્માનું પ્રયોજન જે સિદ્ધ, શુદ્ધને અનુભવવો એવું જે આત્માનું જ પોષણ, તે કાર્ય કરવું. આ..હા..હા...! રાગનો શુભ વિકલ્પ આવે, હોય. સાંભળવાનો, વાંચવાનો (વિકલ્પ આવે) છતાં આત્માને પોષણ મળે તે કાર્ય કરવું. એનાથી (–શુભ રાગથી) પોષણ મળતું નથી. આ..હા...! પૂર્ણાનંદનો દૃષ્ટિમાં સ્વીકાર, પૂર્ણ હયાતીની પર્યાયમાં કબૂલાત (કરવી) એ જીવનું કાર્ય છે. આ..હા...! 'આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડ્યો...' આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ ધ્રુવ પરમાર્થ નિશ્ચય આત્મા, એને પકડવાની, એની સન્મુખ થઈને એના ઉપર જવા ચડ્યો, આત્મામાં ચડવા, આરૂઢ થવા ચડ્યો 'તે પૂર્ણ કરજે,...' આ..હા...! આવા વાક્યો છે.

આજે કો'કનું લખાણ આવ્યું છે, નહિ ? કયા ગામનું છે ? કો'ક વકીલ છે મોટો. હિન્દી, હિન્દી મોકલાવ્યું છે. કો'ક ઘરાક છે એણે આપ્યું છે પણ વાંચીને એટલો ખુશી થયો. વકીલ છે મોટો, એવો ખુશી થયો. ઓ..હો..હો...! આવી ચીજ બહાર કોણે પાડી ? આવી ચીજ લખી કોણે ? એમ લખ્યું છે. અને આવી ચીજના પૈસા ઘટાડવા માટે પૈસા આપનારા કોણ નીકળ્યા ? એમાં કાંઈક ૭૪૦૦૦ રૂપિયા (છે). (કિંમત) ઘટાડવા માટે પૈસાની ખબર પડી હશે. (શ્રોતા :– પાછળ લખ્યું છે). એમ ! આપણને કાંઈ (ખબર નથી). લખનાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દીકરીયુંને ધન્ય છે, જેણે, ટ્રસ્ટે બહાર પાડ્યું એને ધન્ય છે. આ..હા...! એમ લખ્યું છે. અને જેણે પૈસા આપીને સસ્તું કરીને આપ્યું એને ધન્ય છે. (એમ) બહુ ખુશી થયો. સંસ્થા ધર્મની પ્રભાવના માટે લાગે છે. એમ કરીને (લખ્યું છે). કો'ક મોટો વકીલ છે. બાપુ ! આ તો એના ઘરની વાત (છે), ભાઈ ! વકીલ હોય કે બાળક હોય કે નારકી હોય કે પશુ હોય. આ..હા...! વસ્તુ પોતે ક્યાં પશુ ને નારકી ને વકીલ ને બાળક છે. આ..હા..હા...!

એક સમયમાં વર્તમાન ત્રિકાળ ! આ..હા..હા...! આખો ધ્રુવ અસ્તિપણે પદાર્થ છે ને, પ્રભુ ! એના ધ્યેયને.. આ..હા..હા...! પૂર્ણ કરજે. જે ધ્યેયે ચડ્યો ત્યાં જજે હવે. આ..હા..હા...! 'જરૂર સિદ્ધિ થશે.' આ..હા..હા...! વસ્તુ અંદર પડી છે, આખી છે, છે તેને પ્રાપ્ત કરવી છે એનો અર્થ શું ? આ..હા..હા...! રાગને પોતાનો કરવો હોય તો થઈ શકે નહિ. શરીરને, પરવસ્તુને ઘણો પ્રયત્ન કરીને રાખવા માગે તો નહિ રહે. આ..હા...! આ તો છે તેને પ્રાપ્ત (કરવી છે), છે ને તે તને પ્રાપ્ત છે. તું તે છો. આ..હા..હા...! પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છો, એને જેણે ધ્યેય લીધું છે, દૃષ્ટિમાં એને જેણે ધ્યેય બનાવ્યું છે, જ્ઞાનની વર્તમાન પર્યાયમાં તેને જ્ઞેય બનાવ્યું છે. આ..હા..હા...! તે પૂરું કરજે. તે ધ્યેયમાં જઈને પૂરું કરજે. આ..હા..હા...! છે ?

(આત્માર્થને) 'પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડ્યો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે.' આ..હા..હા...! પડ્યો છે, વસ્તુ પડી છે તને પોતાની કરવી એમાં શું ? એમ કહે છે. આ..હા..હા...! આખી ચીજ જ છે. પરમાત્મસ્વરૂપે એક સમયમાં પ્રભુ બિરાજે છે. એને ધ્યેયમાં લઈ પૂર્ણ કરજે. જરૂર પૂર્ણ થશે. આ..હા..હા...! આવી વાત છે. લોકો જરી મધ્યસ્થ થઈને (સાંભળે તો ખરા).

કો'ક કહેતું હતું, નહિ ? 'કલકત્તા'વાળા. આ તો માણસો વાંચશે, વિરોધ કરનારાનો વિરોધ મટી જશે. આ પુસ્તક વાંચશે, મુનિઓ વાંચશે તો (એનો પણ) વિરોધ ટળી જશે. એવી શૈલી (છે). આવું મુનિપણું હોય, આવું મુનિપણું હોય. આ..હા...! એ આવશે. આ..હા..હા...! એમાં એની જે સ્થિતિ છે, વસ્તુનું અસ્તિત્વ જેવું છે અને મુનિપણાની પ્રાપ્તિનું જેટલું જેવડું અસ્તિત્વ છે એને એમાં વર્ણન કરીને (કહ્યું છે કે), આનું નામ મુનિપણું. એમાં કોને વિરોધ લાગે ? કહે છે. એને એમ થાય કે, માળું.. આ..હા...! અમે મુનિ આ દશામાં તો નથી અને મુનિપણું તો આવું કહે છે. ન્યાય અને લોજીકથી પણ એમ છે. તો વિરોધ ટળી જાય. ઈ કહેતા હતા. એ ૫૧ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીર શરીરનું કાર્ય કરે છે, **આત્મા આત્માનું** કાર્ય કરે છે. **બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે,** તેમાં 'આ શરીરાદિ મારા' **એમ** માની **સુખ-દુઃખ** ન કર, **જ્ઞાતા** થઈ **જા.** દેહને **ખાતર** અનંત ભવ વ્યતીત થયા; હવે, સંતો કહે છે કે તારા **આત્માને ખાતર** આ **જીવન** અર્પણ કર. **પર.**

'શરીર શરીરનું કાર્ય કરે છે,..' કરશે, એમ નહિ. કરે જ છે. આ હાલવું, ચાલવું, બોલવું, આ ભાષા એ બધું જડ જડનું કામ કરે જ છે. એ કામ તારાથી થાય છે એમ નથી, તેમ તારામાં એ ચીજ નથી કે જેથી તેનું કાર્ય તારાથી થાય. આ..હા..હા...! હવે અહીં તો શરીરને લીધું. તમારા વેપાર-ધંધા ક્યાં ગયા ? ઘડિયાળના વેપાર બધા.. આ..હા..હા...! ભાઈ ! આ ક્યાં ગયા તમારા પતરાના વેપાર ? આ..હા..હા...! ઈ તો એના કાર્ય કરે છે, એ વાત અહીં લીધી નહીં. અહીં તો એકક્ષેત્રાવગાહ, શરીર એકક્ષેત્રાવગાહે છે. એ બાકી છે ને, સવારમાં આવ્યું હતું. **ત્રીજા, ત્રીજા** બોલનું. એકક્ષેત્રાવગાહે છે છતાં એકબી**જા** રૂપે થતું નથી. આ..હા..હા...!

એક ક્ષેત્રમાં વ્યાપેલું, રહેલું (છે). એક ક્ષેત્ર એટલે આકાશનું ક્ષેત્ર. આનું ક્ષેત્ર – શરીરનું અને આત્માનું ક્ષેત્ર તો ભિન્ન છે. પણ આકાશના ક્ષેત્રમાં એક ઠેકાણે **જા**ણે, શરીર છે ત્યાં આત્મા છે અને આત્મા છે ત્યાં શરીર છે, પણ 'શરીર શરીરનું કાર્ય કરે છે,...' એ એનું કામ કરે જ છે. આ..હા..હા...! શરીરની અવસ્થાનું કાર્ય તે તેનાથી થાય જ છે.

'આત્મા આત્માનું કાર્ય કરે છે.' આત્મા પોતે પોતાનું કાર્ય કરે છે, પરનું કાર્ય કરતો નથી તેમ પોતાના કાર્ય માટે પરની મદદની – સહાયની જરૂર નથી. આ..હા..હા...! આત્મા આત્માનું કાર્ય કરે છે અને જડ જડનું કાર્ય કરે છે. કરે છે. કરે છે એમાં તું કરીશ એ ક્યાંથી આવ્યું ? શરીર શરીરનું કાર્ય કરે છે. કરે છે એને હું કરું (એ ક્યાંથી આવ્યું) ? આ..હા..હા...! આવી વાતું છે. લોકો મધ્યસ્થ હોય એને તો બહુ સારું લાગે. આ..હા...! તત્ત્વ વસ્તુ આવી છે ને, ભાઈ ! અને તે તારા હિતને માટે છે ને, બાપુ ! આ..હા..હા...! દેહ છૂટી જશે, આંખ મીચાઈ જશે, બધું ભિન્ન પડીને ચાલ્યો જશે. આ..હા..હા...! જેના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભિમાન કર્યા હશે, અમે આમ કર્યા ને અમે મકાન કરાવ્યા ને એમાં આમ કરાવ્યું ને એમાં આમ કરાવ્યું, છોકરાઓને ટાઈમસર પરણાવ્યા, છોડિયુંને ઠેકાણે પાડી, જોઈતું હોય એને પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારનું દહેજ આપ્યું. અરે...! પ્રભુ ! શું છે ? ભાઈ !

અહીં તો શરીર શરીરનું કાર્ય કરે છે એમ કીધું તો પરપદાર્થ પદાર્થના કાર્ય કરે જે છે, એમાં તારો અધિકાર શું છે ? આ..હા..હા...! શરીરનું કામ શરીર (કરે છે) અને આત્મા આત્માનું કાર્ય કરે. 'બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે,...' આ..હા...! બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે. શરીરની પર્યાય પણ જે સમયે જે રીતે થવાની એના નિજ ક્ષણે (થવાની જ છે). આ..હા..! ઇ માણસને આકરું પડે. એની કાળલબ્ધિ છે. આત્મામાં પણ રાગ થવાનો અને જ્ઞાન થવાનો સ્વકાળ છે. એનું કાર્ય આત્મા કરે છે. અને શરીરાદિનું કાર્ય તો શરીર એ (પોતે) કરે છે. એમાં મારે હજી આનું આટલું કામ બાકી રહ્યું, એમ ક્યાં રહ્યું ? આ..હા...! કેટલાક કામ સરાડે ચડાવ્યા અને કેટલાક બાકી છે. ઇ છે ક્યાં પણ ? આ..હા...! આવી વસ્તુ છે. ભાષા ઘણી સાદી અને ભાષા એકદમ ભિન્ન. બેય ચીજો સ્વતંત્ર. આ..હા...!

'તેમાં 'આ શરીરાદિ મારા' એ એનું કાર્ય કરે તેમાં વળી તું મારા એમ ક્યાંથી લાવ્યો ? કહે છે. શરીર શરીરનું કામ કરે એમાં તું આ મારા, એમ લાવ્યો ક્યાંથી ? આ..હા..હા...! હું છું તો આ શરીર ચાલે છે. મડદું ચાલે છે કાંઈ ? અરે...! સાંભળને ભાઈ ! મડદાં વખતે એ શરીરની પર્યાય શરીર કરે છે અને અહીંયાં પણ શરીરની પર્યાયનું કાર્ય શરીર કરે છે. આત્માને અને એને કાંઈ સંબંધ છે નહિ. આ..હા..હા...! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ જ કર્તા-કર્મપણાને ઉડાવી દ્યે છે. આ..હા..હા...!

'તેમાં 'આ શરીરાદિ મારા' શરીર આદિ બધું લીધું ને. વાણી, મકાન, કુટુંબ, કબીલા... આ..હા..હા...! એ જે છે, જેમાં રહે છે તે ધરતી. આ..હા..હા...! જેમાં જે રહે છે તે મકાન, જેમાં જે રહે છે ત્યાં ફર્નીચર, ચારેકોર દિશામાં જ્યાં જોઈએ ત્યાં ફર્નીચર ગોઠવ્યું હોય. અરે...! શરીરાદિ મારા કાર્ય છે એમ નથી. ત્યાં આ મારા છે, એમ ક્યાંથી આવ્યું ? આ..હા..હા...! આ દીકરી મારી, મારે એને ઠેકાણે પાડવી જોઈએ. પ્રભુ ! પણ એનું કાર્ય તો જ્યાં થાય (છે) એને તું કાર્ય શી રીતે કરીશ ? આ..હા..હા...! આ છોકરાઓ નાનાથી મોટા કરવા, નાના બાળક બિચારા ચાલી શકે નહિ, એનો હાથ ઝાલવો જોઈએ, ટેકો દેવો જોઈએ.

મુમુક્ષુ :– છોકરાઓને ખોળામાં બેસાડીને મોટા ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય ખોટા બેસાડ્યા છે. પૈસા પાપથી પેદા કર્યા ને પૈસા પાપ માટે ખર્ચ્યા. આ..હા..હા...!

**મુમુક્ષુ :–** પહેલાં કહેવું હતું ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવું જ હતું. ભાઈ ! આ તો ઘરનો દાખલો આપ્યો.

**મુમુક્ષુ :–** છોકરી ઠેકાણે પાડવી જોઈએ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ ઠેકાણે પાડે ? જે એ દ્રવ્ય – વસ્તુ છે (એ) એનું કાર્ય કરે છે, એને ઠેકાણે પાડવું તારે રહે છે ક્યાં ? આ..હા..હા...! તે તે સમયમાં તે તે પદાર્થ, પોતાની અવસ્થાની હાલતના કાર્ય કરે એમાં તું ત્યાં કર એ રહે છે ક્યાં ? પ્રભુ ! આ..હા...! બાપુ ! મારગડા જુદા છે. અત્યારે વીતરાગ માર્ગ બહુ વીંખી નાખ્યો. આ..હા..હા...! આ..હા...!

અહીં તો આત્માનું કાર્ય ખરેખર તો આનંદ અને જ્ઞાન, એ એનું કાર્ય કરવું છે. એ તો પરથી જુદું પાડવા કાળે એમ કહે (કે), એનો રાગ છે એ અજ્ઞાનભાવે એનું કાર્ય છે પણ ભાનભાવે તો આત્મા તો જ્ઞાનનું જ કાર્ય કરે છે. જાણવાનું કાર્ય કરે છે. પરના કાર્ય થાય છે તે ત્યાં પરથી થાય. એને જાણવાનું કાર્ય કરે છે એમ પણ કહેવું એ વ્યવહાર છે. આ..હા..હા...! એના – શરીર, વાણી આદિના કાર્ય તો કરતો નથી, આ મંદિરના ને આ બધાં (કાર્ય કરતો નથી). સવારે પડે ઘડિયાળ બધી સચવાય, કૂંચી દેવાય ત્યારે ચાલે. કૂંચી દેવાનું ધ્યાન રાખે, લ્યો ! આ તમારું આવ્યું, ઘડિયાળનું. આ..હા...! આ ઘડિયાળને સુધારી આપજો, ચાલતી નથી. એ મોટર છે એ પૈડાંથી ચાલે છે એમ નથી. એ મોટરનો રજકણે રજકણ પોતાના કાર્યને તે તે સમયે સ્વતંત્રપણે કરે છે. આ..હા..હા...! આ વાત કેમ બેસે ? માર્ગ પ્રભુનો બહુ ઝીણો, બાપુ ! અને એના ફળ પણ મોટી શાંતિ છે ને ! આ..હા..હા...!

આત્મા જેણે ધ્યેય કર્યો અને પરપદાર્થ પરના કાર્ય કરે છે એમાંથી દૃષ્ટિ ઊઠાવી દીધી. આ..હા..હા...! મારો એમાં અધિકાર છે જ નહિ તેમ તેનો અધિકાર મારા કાર્ય માટે નથી. આ..હા..હા...! આ પ્લેન-બ્લેનના નહોતા તોફાન કરતાં ત્યાં ? ટોપી પહેરીને, પંદરસોનો માસિક પગાર. પ્લેનમાં શું કહેવાય ઇ ? પ્લેન જ કહેવાય ને ? એરોપ્લેન, એરોપ્લેન ને ? એમાં હતા. તેરસોનો પગાર હતો પછી પંદરસો (થયા). બે વર્ષથી છોડી દીધું. માસિક પંદરસોનો પગાર. પગાર કોનો પણ ? આ..હા..હા...! પૈસા પૈસાનું કાર્ય આવવું-જવું એને કારણે કરે. અને આટલા પૈસા આ હું મેળવું છું અને આટલા મેં વાપર્યા, આટલા ભેગા કર્યા અને આટલા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મેં સારા ખાતે વાપર્યા.

**પ્રશ્ન** :– સંસ્થાના કામમાં ધ્યાન રાખવું કે નહિ ?

સમાધાન :– કોણ રાખે ? ધ્યાન રાખે થાતા હશે ? ઘણું આમાં ધ્યાન રાખ્યું હતું. આ..હા..હા...! એવું કામ છે. આ (એક મુમુક્ષુ) ચાલ્યા ગયા બિચારા, લ્યો ! આ..હા...! કેટલી હોંશેથી કર્યું ! છોકરાએ મૂળમાં નાશ કર્યો. આખું મકાન વેંચી નાખ્યું. કોણ છે ? બાપા ! કોનો કોણ છે ? મફતનું... આ..હા..હા...! જ્યારે મકાન બનાવ્યું હશે ત્યારે કેટલી ઓ'લી હશે કે, અહીં રહીશ ને કુટુંબીઓ પણ આવશે ને રહેશે. આ..હા..હા...! થઈ રહ્યું, અહીંથી મકાન આખું વેંચી નાખ્યું. અહીં જે કાંઈ પોતાનું વધારાનું હતું (એ) લઈ ગયા. જાઓ ! હવે અમારે 'સોનગઢ'માં બાપનું સ્થાન હતું એ (રહ્યું) નહિ. અર..ર...! આ જગત કેવું ? એ પોતપોતાના કાર્યને કરે, આત્મા રાગને અને દ્વેષને ને મિથ્યા ભાવને કરે. એથી પરના કાર્ય કરે છે એ વાત ક્યાં છે ? કહે છે. આ..હા..હા...!

'તેમાં 'આ શરીરાદિ મારા' એમ માની સુખ-દુઃખ ન કર,...' આ શરીરાદિ મારા, એમ માનીને કલ્પનામાં ઠીક છે એમ સુખ માને છે. અને શરીરાદિમાં રોગ થાય, સ્ત્રી, કુટુંબને આકરા રોગ થાય, મરવાની તૈયારી થાય તેથી દુઃખ ન કર, પ્રભુ ! એ એના કાર્ય છે. આ..હા..હા...! આવી વાતું છે. કેવી જાતનો આ ઉપદેશ ? અહીં તો હજી સંપ્રદાયમાં જાય તો (એમ કહે), આ કરો, અપવાસ કરો, 'ગિરનાર'ની જાત્રા કરો, અરે...! 'સમેદશીખર'ની (જાત્રા કરે), જ્યાં ઘણા તીર્થંકરો મોક્ષ પધાર્યા છે એની જાત્રા કરો. અરે...! લાખ જાત્રા કર ને. એ તો પરનું કાર્ય છે. શરીર ચડે એ શરીરનું કાર્ય છે. આ..હા..હા...! એ શરીર ત્યાંના પથ્થરને અડતુંય નથી. આ..હા..હા...! અને અહીં પણ ભગવાનની મૂર્તિને અડતું નથી. આવું શું પણ ? અને આ જ્ઞાનમાં આ મૂર્તિ છે એમ જાણે છે, તે જ્ઞેય છે માટે જ્ઞાન જાણે છે એમેય નથી. જ્ઞેયનું કાર્ય જ્ઞેયમાં છે, જ્ઞાનનું કાર્ય જ્ઞાનમાં છે. આ..હા..હા...! આવી વાત છે. આ..હા...!

એના અભિમાન બધા ઊડી જવાના. જેણે આત્માને ધ્યેય બનાવ્યો અને પોતાનું કાર્ય હું કરું અને પર પરનું (કરે). બધું અભિમાન ઊડી જાય. આ..હા..હા...! અહમ્ અહમ્ – મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું. આ..હા...! અને પરને પોતાના માની અનુકૂળતામાં સુખ અને પ્રતિકૂળતામાં દુઃખ (માને છે). પરચીજ તો જ્ઞેય તરીકે વ્યવહારે જ્ઞેય છે. શરીરાદિ તો જ્ઞેય છે પણ એ પણ વ્યવહારે જ્ઞેય છે. નિશ્ચયથી જ્ઞેય તો તું તને છો. એને ઠેકાણે પરની અનુકૂળતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેખીને મને ઠીક પડે, **મજા** છે. શું આ લાવ્યો ક્યાંથી ? એ પદાર્થમાં તો એવું છે નહિ. પદાર્થ તો **ફક્ત** જ્ઞાનમાં જણાય એવું જ્ઞેયપણું તેમાં પડ્યું છે, એનામાં તો પ્રમેયપણું પડ્યું છે. એ તારા જ્ઞાનમાં પ્રમેય તરીકે જણાય એટલો નિમિત્ત-નૈમિત્તક સંબંધ પૃથક્ સંબંધ છે. આ..હા..હા...! એમાં આ જ્ઞેયો અનુકૂળ છે, આ સ્ત્રી, આ છોકરા, આ બાયડી, આ ધણી, બાયડીને ધણી અનુકૂળ હોય, હોંશિયાર ભણેલો (હોય), પાંચ-દસ હ**જાર**નો પગાર લાવતો હોય, આ..હા...! ટોપા પહેરતો હોય. અરે...! પ્રભુ ! પણ વસ્તુ ક્યાં તારી છે ? ભાઈ ! એ મારા માનીને તું સુખ કલ્પના કરે છો એ મિથ્યાત્વ ભાવ છે. અને મારા માનીને એને રોગ થાય, એને દેખીને તને દુઃખ થાય એ મિથ્યાત્વ ભાવ છે. આ..હા...! જૂઠો ભાવ છે. એ જ્ઞેય કહેતા નથી કે તું અમને તારા માન. આ..હા..હા...! જ્ઞેય એમ કહેતા નથી કે અમે અનુકૂળ-પ્રતિકૂળ છીએ. આ..હા..હા...! જ્ઞેય તો એમ છે કે એ તો પ્રમેય છે. પ્ર-મેય (અર્થાત્) તારા પ્રમાણમાં પ્રમેય તરીકે જણાય એવું છે. આ..હા..હા...!

શક્તિ આવે છે ને ? પ્રમેય-પ્રમાણ. આ..હા..હા...! શક્તિ છે તારી. એને જ્ઞેય તરીકે **જા**ણવું અને પરમાં જ્ઞેય તરીકે જણાવું, બસ એટલું. આ..હા..હા...! જ્ઞાનીઓના જ્ઞાનમાં જણાવું એટલો વ્યવહાર. આ આત્મા છે એમ જ્ઞાનીના જ્ઞાનમાં (જણાય) અને તું પણ તે જ્ઞેયને જ્ઞાનમાં **જા**ણ. એ સિવાય અધિક કરવા **જા**ય કે, આ મારા ને આ મારા નહિ, અનુકૂળતા એ સુખરૂપ અને પ્રતિકૂળતા દુઃખરૂપ, એ મિથ્યાશ્રદ્ધા (છે અને) આત્માના મિથ્યા પોષણના એ બધા કાર્ય છે. આ..હા..હા...! ભારે વાત આ તો !

મુમુક્ષુ :– આ વાત બહુ મોડી કરી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ કે, પહેલાં અમે આ બધું કરી દીધું. આ..હા...! શું કર્યું ? કાંઈ કર્યું નથી. રાગ અને દ્વેષ કર્યા છે. આ..હા..હા...! (દીકરો) ભણીને આવ્યો હોય ત્યાં આ..હા...! (થઈ **જા**ય). શું કર્યું ? રાગ કર્યો છે. આ..હા..હા...! છોકરાઓ કંઈક કમાઉ **જા**ગે, ત્યાં પોતાને ઠીક લાગે. પણ બાપુ ! પરવસ્તુ મારી છે એ આવ્યું ક્યાંથી ? કે જેથી તને ઠીક લાગ્યું. અમારા છોકરાઓ કહ્યાગરા, અમારી આજ્ઞા ફેરવે નહિ. પણ તારા હતા કે દિ' ? આ..હા..હા...! અને આ એક છોકરો એવો **જા**ગ્યો કે અમારું કુળ બોળ્યું. પણ છોકરો હતો કે દિ' તારો ? આ..હા..હા...! ભારે ભ્રમણા !

એ અહીં કહે છે, 'સુખ-દુઃખ ન કર,...' એ શરીરાદિ પરવસ્તુ, શરીર, વાણી, મકાન, એ મકાનના અજવાળા ને એની બારચું-બારણા, એનું ફર્નીચર, હેઠે મખમલ પાથરે, માથે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીજળીના સંચા – પંખા ને... ભાઈ ! એ તો પરદ્રવ્યના કાર્ય પરમાં થાય છે. એને આ મારો સંચો હલાવ્યો હાલે. જે ખાટલે સૂતો હોઉં એના ઉપર એ સંચો રાખ. પંખો.. પંખો ! શું છે તને આ પ્રભુ ? આ સુખ-દુઃખ ન કર. એવી કલ્પના માનીને (સુખ-દુઃખ ન કર). આ..હા..હા...! વાત જાણે નાની (લાગે) પણ છે મોટી, પોતાની માની તો મોટું મિથ્યાત્વ છે. આ..હા..હા...!

'જ્ઞાતા થઈ જા.' આ..હા..હા...! છો ઇ તું. તારું સ્વરૂપ જ જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન છે તે જે રીતે, જે પ્રકારે, જે કાળે, જે ક્ષેત્રે જે કાર્ય થાય તેનો જાણનાર છો, બસ ! એનાથી અધિક વિશેષ કરવા જઈશે ત્યાં વ્યભિચાર મિથ્યાત્વ થશે. આ..હા..હા...! હોશિયાર આમ દુકાને બેઠા હોય, ચલાવે આમ... આ..હા..હા...! માલ લેવા અમારો (માણસ) 'મુંબઈ' જાતો ને. ઓ'લી રાખી હતી, 'પાલેજ'થી 'મુંબઈ'ની શું કહેવાય ઇ ? મહિનાનો પાસ. પાસ રાખ્યો હતો. કારણ કે મહિનામાં ઘણી વાર જાવું પડે. ત્રીજે-ચોથે દિ', ત્રીજે-ચોથે દિ' જાવું પડે. એટલે મહિનાના પાસ (રાખ્યા હતા). અમે દુકાને બેઠા હોય ને ઇ માલ લઈને આવે અને હાથમાં ઓ'લી હોય.. છત્રી ! હું તો દુકાને બેઠો હોઉં, ઇ માલ લઈને ઉતરે એટલે એવી રીતે ચાલે, એની ગતિ જાણે આ.હા..હા...! માન.. માન.. માન... ક્યાં હું જઈ આવ્યો ને કોણ લઈ આવ્યો ને કેવો માલ લઈ આવ્યો ! ડબ્બાના ડબ્બા ભરેલા લઈને આવે. આ..હા..હા...! કોણ લાવે ? પ્રભુ ! એ જડના કાર્ય જડથી થાય, એને કોણ લાવે ? કોણ દુકાનમાં એને ગોઠવે ? આ..હા..હા...! અને કોણ દુકાનમાંથી એને વેંચે ? શું છે આ ? આ..હા..હા...! એક તત્ત્વને બીજી તત્ત્વની અંદર ભેળસેળ કરી નાખવું. સર્વસંકરદોષ આવ્યું હતું ને ? સવારે આવ્યું હતું. આ..હા..હા...! નિમિત્ત તો છે ને, નિમિત્ત તો છે ને (એમ લોકો કહે), પણ નિમિત્ત છે એટલે શું ? આ..હા..હા...!

'જ્ઞાતા થઈ જા.' જે કંઈ શરીરનું, વાણીનું, મકાનનું, બાયડી-છોકરાનું, કુટુંબનું, વેવિશાળ થાય, લગ્ન થાય, માંડવા બંધાય.. આ..હા..હા...! વાજા વાગે, શું કહેવાય ઇ બધું ? બેંડવાજા ! આ..હા..હા...! એમાં વળી અહીં ધર્મને નામે પચીસ-પચીસ હજાર માણસ રથમાં (–રથયાત્રામાં) હોય, એક એક હજાર માણસની વચ્ચે એક બેંડવાજું અને પચીસ હજાર (માણસમાં) છેટે (હોય) ઇ બીજા તો સાંભળે નહિ. હજાર માણસ દીઠે બેંડવાજા, હજાર માણસ દીઠે બેંડવાજા. અમારે થયું હતું ને ત્યાં, નહિ ? 'જયપુર' ! ઓ..હો..હો...! કેટલા માણસ ! ચાલીસ હજાર માણસ તો આમ રથની સાથે (ચાલે), એકવીસ તો હાથી. કોણ કરે એને ? બાપા ! તને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખબર નથી, ભાઈ ! તે કાળે તે પરદ્રવ્યની પર્યાયરૂપી કાર્ય થવાનું તેનો જ્ઞાતા થઈ જા. જાણનાર રહી જા. કર્તા માને છો તે છોડી દે. તેમ મારાથી મારી ઉપસ્થિતિ છે માટે આ કામ વ્યવસ્થિત ચાલે છે (એ) છોડી દે, છોડી દે. આ..હા..હા...! ભાઈ ! ઘણાં વખતથી છૂટવું છે પણ ત્યાં છોકરાઓમાં ગરી જાવું છે. આ તો દાખલો (છે), બાકી ઘરે દીઠ એ જ ચાલે છે ને. આ..હા..હા...!

આ..હા...! 'દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા;...' એ 'શ્રીમદ્'નું વાક્ય છે. એમાંથી આ છે. 'શ્રીમદ્'માં આવે છે ને. દેહને ખાતર આનું કરું, આનું કર્યું, આને જાળવું. આ..હા...! સવારમાં ચા, ભાખરી, ચા ને ભજીયાં, બપોરે પાછું દાળ, ભાત, શાક ને ચૂરમું, પછી બે વાગે વળી કાંઈક બીજું, સાંજે વળી કાંઈક બીજું. આ..હા..હા...! શું મોઢું માગે છે ? એમ પૂછે ઓ'લા. ઘરના માણસ (પૂછે) શું મોઢે તમને કઈ ઇચ્છા છે ? તમને મોઢે ઠીક કયું પડશે ? ભજીયાં, પુડલાં.. ? અરે..રે...! આવું શું છે આ બધું ? મોઢું કોનું ? મોઢે ઠીક પડશે કોને ? અને ચીજ કોની કે એને ઠીક પડશે ? આ..હા..હા...! ભગવાનસ્વરૂપે પોતે બિરાજે છે. ભગવાનમાં આવી ભ્રમણા એ ભગવાનને હેરાન કરનાર છે. પર ચીજ હેરાન કરનાર નથી. આ..હા..હા...!

'દેહન ખાતર અનંત ભવ વ્યતીત થયા;...' એટલે એને ખાતર અનંત ભવ રહ્યા. 'હવે સંતો કહે છે...' 'શ્રીમદ્'માં આવે છે ને ! 'તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર.' આ..હા..હા...! દેહ ખાતર તો તેં અનંતા ભવ કાઢ્યા. આ..હા..હા...! હવે આત્મા ખાતર એકવાર દેહની મમતા છોડી દે. આ..હા...! આત્મા માટે 'આ જીવન અર્પણ કર.' આ..હા..હા...! 'આત્માને ખાતર આ જીવન અર્પણ કર.' હું તો આત્મા છું, હું છું પરમાત્મા, આ છાકરાઓ ગાય છે. ભાષા નહિ, પરિણમન થવું જોઈએ એમ કહે છે. પર્યાયમાં પરિણમન થવું જોઈએ. મારું કાર્ય પરનું નહિ, મારું કાર્ય જ્ઞાતા-દૃષ્ટા (છે), એવું જ્ઞાન-દર્શનનું પર્યાયમાં ત્રિકાળી સ્વભાવનું સ્વભાવરૂપે રહીને જ્ઞાન-દર્શનનું પરિણમન થવું. આ..હા..હા...! અજાણ્યા માણસને એવું લાગે કે, શું આ કહે છે ? આ શેનું કહે છે ? અમે આટલા વર્ષ ગાળ્યા, પચાસ વર્ષ, ચાલીસ વર્ષ, પણ આવું તો ક્યાંય સાંભળતા નહોતા. આ નવો ધર્મ કાઢ્યો હશે ? અરે... બાપા ! ભાઈ ! તને ખબર નથી.

તેં પરપદાર્થના લક્ષે અનંત ભવ કર્યા. હવે આત્માના લક્ષે એકવાર જીવન (અર્પણ) કર. આ..હા..હા...! દુનિયાની બધી ચીજો એક બાજુ રહી, એક બાજુ તું જાણનારો થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જા** ! આ..હા..હા...! 'તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર.' આ..હા..હા...! દુનિયા એમ કહે કે, આ તો નમાલો છે, ધંધો કરતા આવડતો નથી, આ છે. આ..હા..હા...! અને અમે ધંધામાં પાવરધા છીએ એ મૂર્ખાઈ છોડી દે. આ..હા..હા...! એકવાર આત્માનું (હિત) કરવા માટે આત્મામાં (જીવન) આપી દે. આ..હા..હા...! મારે તો મારું **જા**ણવું-દેખવું, આનંદ એ મારે તો કરવાનું છે. આ..હા..હા...! આ પુસ્તક તો બહાર આવ્યું છે, જુઓ ને ! વાંચ્યું કે નહિ ? ભાઈ ! આખું ? ઠીક ! આ..હા..હા...! ટૂંકી ભાષામાં (ઘણું ગંભીર). એ **પર** (બોલ પૂરો) થયો.

નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે. શરીરનો રોગ મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે. બહારનું કાર્ય ઉપાધિ લાગે, રુચે નહિ. **પ૩.**

**પ૩.** 'નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે.' આ..હા..હા...! રાગથી રહિત પ્રભુ ચૈતન્યમૂર્તિ નિવૃત્તિ (સ્વરૂપ છે). એ નિવૃત્તિમય જીવન કર્યું છે તેને પ્રવૃત્તિમય જીવન ન ગમે (અર્થાત્) રાગની પ્રવૃત્તિમય જીવન ન ગમે. આ..હા..હા...! છોકરાની વહુને માટે પાંચ હ**જા**રનો સાડલો લાવ્યા હોય... આ..હા..હા...! છેડામાં ભરેલું હોય છે ને ? પાંચ-પાંચ હ**જા**રના હોય છે ને, દસ-દસ હ**જા**રના હોય છે. છેડા હોય છે ને ? છેડા અહીં રાખે, લોકો દેખે એટલે. બીજું બધો સાડલો ખાલી (હોય), છેડો ભર્યો હોય ને બધું, હીરા.. શું કહેવાય ઇ ? જરી.. જરી ! જરી ભરી હોય ને, ઇ આમ રાખે. લોકો દેખે. મારે તો બીજું કહેવું છે. એને **જો**નાર બી**જા** જુવાન હોય એની નજરું બી**જી** હોય કે, આ.. મારી બાઈ છે ને એનો **જો**નારો સાસરો એમ માને કે મારો સાડલો આપ્યો છે ને ઇ બહાર પડે છે અને અમારા દીકરાની વહુ પણ આવા સાડલા પહેરે છે એ બહાર પડે છે એમાં અમારી વિશેષતા છે. અર..ર....! આ શું ? પ્રભુ !

આ બાઈ હમણાં મરી ગઈ નહિ ? (એક મુમુક્ષુનો) દીકરો હમણા મહિના પહેલા પરણ્યો. વૈશાખ સુદ ૮, એક મહિને (મરી ગઈ). સાડલો બહુ ઊંચો હશે અને ઓ'લું શું તમારું કહેવાય ? પ્રાયમસ ! પાયમાલ કરી નાખે. એ સળગ્યું, પછી ઝાલ્યું રહે ? ખલાસ થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગઈ. મહિનાનું પરણેતર અને પાપની હોંશનો પાર ન મળે. આ.હા...! ભોગની વાસનાના તો જાણે અંદર ગલગલિયા ઊઠતા હોય. અરે..રે..રે...! એમાં એ બળી. આ..હા..હા...! પાણી છંટાય નહિ. પાણી છાંટે તો ચામડું ઉખડી જાય. એ બળે ત્યાં બે ઘડીમાં તો ખલાસ થઈ જાય. તેલ લાવવું કે દવા લાવવી, ચોપડવી એ વખતે ક્યાં (મળે) ? આ..હા..હા...!

અરે...! અહીં આપણે નહિ, ? 'ઘાટકોપર' ! પંડાલ એક લાખ ચાલીસ હજારનો, એક ઘડીકમાં બળીને રાખ ! સંચો ઓ'લો થઈ ગયો. નજીક હતું ને અમે જોતા હતા. બે વાગે બળ્યું. આ..હા..હા...! મોટા ભડકા ઊઠે. લૂગડાં બળે, એટલા લૂગડાં, ઉપર લૂગડાં. એક લાખ ચાલીસ હજારનો મોટો પંડાળ ! વીમો કર્યો હતો લાખનો, લાખ આવ્યા હશે. આ..હા..હા...! ક્ષણમાં તો (બળી ગયો). પાંચ-પાંચ હજાર માણસ, છ-છ હજાર માણસ વ્યાખ્યાન સાંભળતું. એમાં જુઓ તો ખલાસ ! બળીને રાખ બધું. નાશવાનમાં શું હોય ? બાપુ ! આ..હા..હા...! તે સમયે તે જડની અવસ્થા થવા કાળે થાય, એને કોણ રોકે ? અને એમાં અકસ્માત્ થયું છે એમ કોણ માને ? આ..હા..હા...!

'નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે.' આ..હા..હા...! રાગનું પ્રવર્તન થાય એ પણ ગોઠે નહિ. ભક્તિનો ભાવ આવે, વાંચન, શ્રવણ હોય. આ..હા..હા...! પણ અંદર સ્વરૂપ ભગવાન નિવૃત્ત સ્વરૂપ છે એનું જ્યાં જીવન નિવૃત્તિમય થયું.. આ..હા..હા...! રાગથી પણ જુદો પડીને નિવૃત્તિમય જીવન કર્યું એને પ્રવૃત્તિમય જીવન ગોઠે નહિ. આ..હા..હા...! બહારની પ્રવૃત્તિ શરીરની, ધંધાની, રાંધવાની ઈ તો ક્યાંય રહી ગઈ. આ..હા..હા...!

'નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે. શરીરનો રોગ મટવો હોય તો મટે,...' પણ એને પ્રવૃતિ માટે આ દવા ને આનું આ ને આનું આ.. એમાં રોકાવું ગોઠે નહિ. આ..હા..હા...! 'શરીરનો રોગ...' અહીં શું કહેવા માગે છે ? કે, નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિ – રાગ આમ કરું ને આને આમ કરું ને આને આમ કરું, દવા આવી લાવે ને વૈદ્ય આવો આવે ને ફલાણું આવું આવે.. આ..હા..હા...! એવી પ્રવૃત્તિમય જીવન ગોઠે નહિ. 'પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે.' 'મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે.' આ..હા..હા...! જે સમયે શરીરની જે રોગની ક્રિયા (થવાની હોય તે થાય). આ..હા..હા...! આજે ભાઈ ગયા ને ? 'ભાવનગર' ગયા. બિચારાને શ્વાસ બહુ ચાલતો. 'ભાવનગર' ઈસ્પિતાલમાં (ગયા). આજે આવ્યા. શ્વાસ બેસે નહિ, ઉધરસ બેસે નહિ, તાવ ખસે નહિ અને હરસ... શરીરનો હરસ... શું કહેવાય ? હરસ. કહેતા બિચારા. આ..હા..હા...! 'ભાવનગર'ની ઈસ્પિતાલમાં જવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માગું છું. પહેલા રહ્યા હતા પછી આવ્યા હતા. અત્યારે એને શરીરમાં જરીયે શ્વાસ બેસે નહિ. આ..હા..હા...! અને શરીરમાં તાવ અને ઉધરસ. ઇ કફ નીકળે નહિ ને એને ખાંસી.. ખાંસી.. ખાંસી.. અને ચોથું આ હરસ, એનું દર્દ. બાપુ ! આ..હા...! એ જડની પર્યાયનો કાળ છે તે કાળ ખાય છે, પ્રભુ ! તેને ફેરવવા ન મથ. એને મટાડવા પ્રવૃત્તિ ન કર. આ..હા..હા...! છે ને ? 'તેને માટે પ્રવૃત્તિ ન ગમે.' આ..હા..હા...!

ગળત કોઢ. 'સનતકુમાર' ચક્રવર્તી પુણ્યશાળી પ્રાણી ! આ..હા..હા...! જેના શરીરને દેખીને દેવો પણ એમ કહેતા.. આ..હા..હા..! શું એનું સુંદર રૂપ ! એક એક અવયવ સુંદર અને વિધિએ એવા ગોઠવેલા હોય. જ્યાં જ્યાં જોઈએ ત્યાં (તે) પ્રમાણે (ગોઠવાયેલા હોય). આ..હા..હા...! ઇ આમ બેઠા, દેવ આવીને જોવે કે ઓ..હો...! બહુ રૂપાળું શરીર ! બહુ ! ચક્રવર્તીને અભિમાન આવ્યું (કહ્યું), હજી હું ન્હાયો નથી. હજી સવારનો ઊઠીને પરસેવો ને મેલ છે. હજી લુગડાં ફેરવ્યા નથી. નાહીને લુગડાં પહેરીને બેસું ત્યારે જોવા આવજો. આ..હા..હા...! હજી તો સૂઈને ઊઠ્યો છે. રાતના પહેરવાના લુગડાં જુદા હોય. રાજા હોય રાજા, રાતના સૂવાના (કપડાં) બીજા હોય, દિવસના બીજા હોય. આ..હા..હા...! એના ઇ લૂગડે બેઠો છું, હજી કાંઈ શરીર ન્હાયું નથી. દેવને કહ્યું કે, હું નાહીને આવું અને સભામાં દિવાનખાને જ્યારે બેસું (ત્યારે આવજો). મોટા દેવો જેની સેવામાં ત્યાં ઊભા હોય. ત્યારે જોવા આવજો.

આવ્યા, બેઠા. દેવોએ જોયું (અને માથું ધુણાવ્યું એટલે ચક્રવર્તીએ પૂછ્યું), શું થયું ? આમ કેમ કર્યું ? (ત્યારે દેવો કહે છે), શરીર બગડી ગયું છે. ઇયળ પડી (ગઈ છે). થૂંકો ! થૂંક નાખો. ઇયળ પડી ગઈ છે. આ..હા..હા...! જેને દેવ દેખીને ખુશી થતા એના અભિમાન આવ્યા કે, આ નહિ પણ હજી તો નહાઈશ, આમ કરીશ. મોટા સાબુ કિંમતી હોય. અને એમાં કપડાં પહેરીને દિવાનખાને બેસું ! અરે... પ્રભુ ! શું છે ? બાપુ ! દેવ દેખીને આમ કર્યું. કેમ દેવ ? (ત્યારે દેવે કહ્યું) બગડી ગયું છે, ભાઈ ! તમારું શરીર બગડી ગયું છે. પહેલાં જોયું હતું ત્યાર કરતા અત્યારે શરીર બગડી ગયું છે. હેં...! આમ જ્યાં થૂંક નાખે છે.. આ..હા..હા...! ઝીણી ઇયળો ! શરીર બગડ્યું. સાતસો વર્ષ ગળતકોઢ (રહ્યો), ચક્રવર્તી ! આ..હા..હા...! જેને પુણ્યનો પાર ન મળે. તેને સાતસો વર્ષ કોઢ (રહ્યો છતાં અંદરમાં) આનંદ આનંદ છે. જેની પાસે ઔષધ એવું હતું કે થૂંક ચોપડે તો ઇયળ મટી જાય. પણ એ મટે કે ન મટે એ તો એની પર્યાય છે. હું તો એક જાણનાર-દેખનાર આનંદનો કરનાર છું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા....! એવું એનું જે કર્તવ્ય છે તે તું છોડીશ નહિ. આ..હા..હા...!

'તેને માટે પ્રવૃત્તિ ન ગમે. બહારનું કાર્ય ઉપાધિ લાગે,...' આ.હા..હા...! બહારના કાર્યો આ કરું ને આ કરું ને.. આ..હા..હા...! સવારથી ઊઠીને બધા છોકરા નાના હોય, એમાં બે-બે વર્ષે છોકરા થયા હોય, એક બે વર્ષનો, એક ચાર વર્ષનો, એક છ વર્ષનો ને એક આઠ વર્ષનો ને દસ વર્ષનો. સાત-આઠ છોકરા સોળ વર્ષની અંદરમાં થયા (હોય), એને સાચવવા. આ..હા...! શું છે ? પ્રભુ ! એ નિવૃત્તિમાં પ્રભુ ! તને પ્રવૃત્તિ ન ગોઠે એવો આ છે. એ વિના તારો ઉદ્ધાર આવશે નહિ. વિશેષ કહેશે... **શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ !

**પ્રશ્ન :-** સરાગ અને વીતરાગ ભેદથી ચારિત્ર બે પ્રકારે કહ્યું છે, તે કેવી રીતે છે ?

ઉત્તર :- ચારિત્ર બે પ્રકારથી કહેલ છે. એક તો સરાગ તથા એક વીતરાગ છે. ત્યાં એમ સમજવું કે રાગ તે ચારિત્રનું સ્વરૂપ નથી. પંચમહાવ્રત ચારિત્ર નથી. બહારથી નગ્નદશા તે ચારિત્ર નથી. અજ્ઞાની લંગોટી છોડીને છઠ્ઠું ગુણસ્થાન થયું માને છે-પણ એમ નથી. આત્માનું ચારિત્ર પરથી તો હોય નહિ પણ નગ્નદશાનો ભાવ પણ ચારિત્ર નથી. તે તો ચારિત્રમાં દોષ છે.

હવે કોઈ જ્ઞાની પ્રશસ્ત રાગસહિત ચારિત્ર ધારે છે, તેને દેખી કોઈ અજ્ઞાની પ્રશસ્ત રાગને જ ચારિત્ર માની સંગ્રહ કરે તો તે નિરર્થક ખેદખિન્ન જ થાય. દેખાદેખીથી વ્રત લઈ લે તો તે કાંઈ ચારિત્ર નથી. જ્ઞાની તો જેટલો વીતરાગભાવ થયો છે એને જ ચારિત્ર માને છે. અજ્ઞાની વ્રતને ચારિત્ર માને છે પણ તે ખરેખર ચારિત્ર નથી. (પરમાગમસાર - ૮૯૩)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે પણ ભાવના સફળ થાય જ. ૫૫.**

**જેઠ સુદ ૨, ગુરુવાર, તા. ૨૨-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૫૪-૫૮ પ્રવચન–૧૭**

('વચનામૃત') **૫૫.** 'ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી,...' ભગવાનઆત્મા આનંદ સ્વરૂપ પ્રભુ, એની રુચિ કરીને... આ..હા..હા...! એનું પોષાણ કરીને એના તરફની ભાવના કરે એ નિષ્ફળ નહિ જાય. આ..હા..હા...! અને સફળ થશે, પ્રભુ ! આ..હા...! તારો પ્રયત્ન અંદરમાં લઈ જા. તારું જીવન સફળ થશે. આ..હા...! 'નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે.' વસ્તુ છે ચૈતન્ય અતીન્દ્રિય આનંદનું ધ્રુવ દળ પડ્યું છે તેના તરફની ભાવના નિષ્ફળ નહિ જાય, સફળ થશે. તને આત્મજ્ઞાન થશે, આત્મદર્શન થશે, આત્મઆનંદ થશે. આ..હા..હા...! આવી વાત છે. 'સફળ જ થાય છે.'

'ભલે થોડો વખત લાગે,...' આ..હા..હા...! અંદરમાં જવા માટે થોડો વખત લાગે. ભગવાન ધ્રુવધામ છે, મહાપ્રભુ બિરાજે છે એનો અનુભવ કરવા માટે થોડી વાર લાગે પણ વાર લાગે એને માટે જોઈશ નહિ. તને એનું પરિણામ આવશે. આ..હા..હા...! લ્યો, 'વખત લાગે, પણ ભાવના સફળ થાય જ.' થોડો વખત લાગે. અંતર પ્રયત્ન કરતાં કરતાં સ્વભાવની પૂર્ણતા તરફ જતાં ભાવનાથી થોડો વખત કદાચ લાગે, પણ એ ભાવને જેણે ભાવનામાં લીધો છે એ મળશે. આ..હા..હા...! અહીં પંડિતાઈ કામ કરતી નથી, આગમજ્ઞાન પણ કામ કરતું નથી. આ..હા..હા...! આગમજ્ઞાન ધારણામાં લઈને કર્યું હોય એ કોઈ કામ કરતું નથી. આ..હા..હા...!

એ ચૈતન્યની અંતરની રુચિથી જે એકાગ્ર કરવાનો ભાવ છે... આ..હા..હા...! એમાં ચૈતન્ય ધ્રુવમાં એકાગ્ર થવાનો ભાવ છે (એ) સફળ થશે. આ..હા..હા...! આગમજ્ઞાન કર્યું હોય એ પણ ત્યાં કામ નહિ કરે. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એક) કાગળ આવ્યો છે. ઓ'લા વકીલે તે એ લખાણ કર્યું છે. જેણે લખ્યું એ દીકરીયુંનો આભાર માનું છું, જેણે – જે ટ્રસ્ટે આ બહાર પાડ્યું એનો હું આભાર માનું છું, જેણે આમાં પૈસા આપ્યા એનો હું આભાર માનું છું. આ..હા...! એવું લખ્યું છે, મોટો વકીલ (છે). 'આત્મધર્મ'નો ગ્રાહક છે ને, એને ખબર નહિ કે આવું પુસ્તક ભેટ આવશે. તમે મોકલ્યું એ અમને મળ્યું છે. હું, મારી પત્ની અને મારો પરિવાર એ બધું વાંચશું અને કષાયની નિર્જરા કરશું. એમ લખ્યું છે. આ..હા..હા...! કાલે કાગળ વાંચ્યો હતો, કાગળ વાંચ્યો હતો. કહો, ક્યાંના ક્યાં માણસો.. મધ્યસ્થ જીવ હોય તો (આ બેસી જાય). બાપુ ! તારો માર્ગ તો તારામાંથી નીકળે કે પરથી નીકળે ? આ..હા..હા...! જ્યાં તું છો ત્યાં જા તો માર્ગ નીકળે. રાગ ને પુણ્યમાં આત્મા ક્યાં છે તો એમાંથી માર્ગ નીકળે ? આ..હા..હા...!

**જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો; રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો. અરે ! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો ! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય ? ૫૬.**

**૫૬**. 'જીવ પોતે આખો ખોવાઈ ગયો...' આ..હા..હા...! એની નજરુંમાં રાગ ને પુણ્ય ને બહુ બહુ તો વર્તમાન પર્યાયની પ્રગટતા, એમાં એનો પ્રેમ અને એ જ જાણે અસ્તિત્વ, બસ ! આખો પ્રભુ અંદર ધ્રુવ છે તે એને ખોવાઈ ગયો. આ..હા..હા...! વર્તમાન એક સમયની પ્રગટ વ્યક્ત દશા એના પ્રેમમાં... આ..હા..હા...! અને કોઈ દયા, દાન આદિ રાગની મંદતાના પ્રેમમાં પ્રભુ આખો ખોવાઈ ગયો. આ..હા..હા...! જેમાં નજરું પડી ત્યાં એ નથી. પોતે નજરમાંથી ખોવાઈ ગયો. જેમાં – પર્યાય, રાગ(માં) નજરું પડી છે ત્યાં એ નથી. આ..હા..હા...! જ્યાં છે ત્યાં જા. એ ખોવાઈ ગયો છે. હવે દાખલો આપે છે. 'તે જોતો નથી,...' આખી ચીજ ખોવાઈ ગઈ છે. આ..હા..હા...!

'એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો...' આ.હા...! વસ્તુ પચીસ-પચાસ-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સો ઘરમાં હોય અને એકાદ વસ્તુ કો'ક લઈ ગયું, ધ્યાન બહાર ગયું તો પણ એને એમ થાય કે, અરે..રે...! ક્યાં ગઈ હશે ? કોણે લીધી ? આ..હા..હા...! એની શોધમાં એમાં ને એમાં રોકાઈ ગયો પણ આ આખો આત્મા ખોવાઈ ગયો એને **જો**તો નથી.

મુમુક્ષુ :– આત્મા છું એમ માન્યું છે કે દિ' ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– માન્યું નથી પણ વસ્તુ અંદર છે. આમ તો સાંભળીને માન્યું છે પણ જેવું છે તેવું **જા**ણ્યું નથી. આમ તો આત્મા છે, (એમ માને છે), એક નાસ્તિક સિવાય (બધા માને છે). એ આવે છે ને ? નાસ્તિક સિવાય કહે, શાસ્ત્રથી વાંચીને પણ માને છે, એમ નહિ. એના તળમાં જઈને આ છે એમ અનુભવે, માને ત્યારે એ એને હાથ આવે. એક ચીજ ખોવાઈ **જા**ય તો વારંવાર ગોત્યા કરે, ક્યાં ગઈ ? ક્યાં ગઈ ? ક્યાં ગઈ ? નામું લખતાં નામમાં મેળ ખાય નહિ, બે આનાનો ફેર કેમ પડ્યો આ ? છોકરા લઈ ગયા ? કે આપણે કાંઈ ... લેવા ગયા એમાં પૈસા વધી ગયા કે વધારે દીધા ? નવ થઈ ગયા, સાડા નવ થઈ ગયા, દસ થઈ ગયા. આ..હા..હા...! (છોડી) ક્યાં ગઈ ? આ ગઈ ક્યાં ? અહીં કેમ આવી નથી ? ત્યાં ગોતવાની ચટપટી લાગે. આ..હા..હા...! આ પ્રભુ અનાદિથી ખોવાઈ ગયો એની ચટપટી તને નથી. આ..હા..હા...! જે કંઈ હાથ કરવો છે તે હાથમાં લીધો નથી અને જે હાથમાં લીધો છે – પર્યાયને, એમાં એ આત્મા ખોવાઈ ગયો છે. આવી વાતું છે. ભાષા સાદી છે. ભાવ તો બહુ સારા છે. આ..હા..હા...!

ભાઈ ! તું આખો ખોવાઈ ગયો. કોઈ એકાદ ચીજ ખોવાય તો ગોતવા માટે રાત અને દિ' મહેનત કર. આ..હા..હા...! આ આખો ખોવાઈ ગયો (એના) માટે મહેનત એક ક્ષણ નહિ. આ..હા..હા...! શું તારે ક્યાં **જા**વું છે ? શું કરવું છે ?

'ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો;...' ત્યાં. આ..હા..હા...! આ..હા..હા...! એક ગામમાં બૈરાંને છોડિયું થઈ. એની સાસુ બોલી ગઈ કે, મારા છોકરાને આ વહુ તો છે પણ કોઈ છોકરું થાતું નથી, બધી છોડિયું થઈ. મારા દીકરાને નવી પરણાવું. એમ બોલી એમાં ઓ'લી વહુને એવી લાગી ગઈ. આ તો બનેલું છે. અમારા 'ઉમરાળા'માં બનેલું. છોકરી લઈને કૂવામાં પડી. એક પછી એક છોકરી છોડી કૂવામાં નાખી પછી પોતે પડી. આ..હા..હા...! એટલો શબ્દ સાંખી ન શકી. વહુ તમને છોડિયું સિવાય છોકરો થાતો નથી અને મારા છોકરાને છોકરો **જો**વે છે. હવે એને બી**જી** પરણાવીશ. આ..હા..હા...! એ બાઈને કીધું ને લાગી ગયું. એ રાતના દસ વાગે બાપા ! અંધારા કૂવા ... અંધારો કૂવો કહેવાય છે. અંધારું કાંઈક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાષા કહે છે. **અંધારા એ કૂવા ઊં**ડા (ત્યાં) છોડિયું લઈને ગઈ, **એક** પછી **એક નાખી** પોતે ગઈ. શું છે **આ** ? **આ**..હા..હા...! **આ** સ્થિતિ શું છે **આ** ? **આ**..હા..હા...! **એટલું** પણ **સાંખી** શકી **નહિ**. પ્રભુ ! **આ** પ્રતિકૂળ ટાણે તો **અંદર જા** ને. કૂવામાં પડીને મરવું છે **એ** કરતાં (**અંદર જા** ને.) પણ **આત્મા** કોણ છે ? **ઇ** ક્યાં પડી છે. **અંદર આત્મા** છે, **મહાપ્રભુ** છે, **સર્વોત્કૃષ્ટ** વસ્તુ છે **એનાથી** કોઈ ઉત્કૃષ્ટ જગતમાં પરમાત્મા પરમેશ્વર પણ પર્યાયમાં .... વસ્તુ **એનાથી** કોઈ **મોટી** છે **નહિ**. **આ**..હા..હા...!

'રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો.' પૈસા રળવામાં ને પૈસા રાખવામાં ને પૈસામાં ને વેપાર ગોઠવવામાં (રોકાઈ ગયો). આ..હા..હા...! ઘરમાં ખોવાઈ ગયો. ઘરને રાખવામાં રોકાઈ ગયો. આમ ધોળ દેવું ને આમ ગાર કરવી ને આમ નળિયા કરવા ને આમ કરવું. આ..હા..હા...! ઉગમણા-આથમણા બારણાં રાખવા કે જેથી હવા અને પ્રકાશ આવે. ફલાણું આમ કરવું. ઓ..હો..હો...! ક્યાં રોકાણો ? પ્રભુ તું ! 'ઘર, શરીર,...' શરીરમાં રોકાઈ ગયો. આને કેમ રાખું ? એ તો એની પર્યાયપણે રહ્યું છે. તારા રાખ્યા રહે નહિ અને તું પ્રયત્ન કર તો મેળવતા રહે એ ચીજ છે જ નહિ. આ..હા..હા...! ત્યાં રોકાઈ ગયો.

'પુત્ર...' આ..હા..હા...! દીકરા આદિ પાંચ-છ થયા. એક પછી એકને પરણાવવા. આ..હા..હા...! એમાં વળી વહુ કાંઈક બીજી નીકળે અને ખરાબ નીકળે કે મરી જાય એમાં વળી બીજી પરણાવવી. આ..હા..હા...! ક્યાં રોકાઈ ગયો પણ તું ? કહે છે. આ..હા..હા...! દીકરા ન હોય તો ખોળે લઈને પણ એને સાચવવા રોકાય. આ..હા...! ક્યાં તું રોકાઈ ગયો ? ક્યાં જાવું છે ? પ્રભુ ! જ્યાં છો, ખોવાઈ ગયો એની ખબર નથી. આ..હા..હા...! આદિ (એટલે) દીકરીયું, વહરુ, નોકરું, ધંધો, વેપાર વગેરે. 'આદિમાં તું રોકાઈ ગયો.'

'અરે ! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો !' આ..હા..હા...! ચોવીસ કલાક ન આવ્યો હોય તો એનો બાપા પણ (એમે કહે), તું ક્યાં વયો ગયો ? અમે અહીં ખાવા ટાણે તારી બહુ વાટ જોઈ. આ..હા..હા...! આ..હા..હા...! 'અરે ! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો !' આ..હા...! ચોવીસ કલાકમાં પ્રભુ અંદર પડ્યો છે એના તરફ તેં સામું કોઈ દિ' જોયું ? એની સત્તાની સંભાળ કરી ? એના વિના આ જગતની ચીજોની સંભાળ કરી. આ..હા..હા...! બાયડી હોય તો આ ચાકળા ભરે. આવે છે ને ? નાના આભલા ! ઘરને શણગારે. આ..હા...! કોના ઘર ? બાપુ ! ક્યાં તું રોકાઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગયો ? ભાઈ ! તારા ઘર મૂકીને પડોશીને આટા. ઘરના છોકરા ઘંટી ચાટે. કહે છે ને ? એમ તારા ઘરમાં જવાને માટે પ્રયત્ન ન મળે અને આ બધા પુણ્ય ને પાપના ફળ, એના સંયોગની મીઠાશમાં.. આ..હા...! તું રોકાઈ ગયો. આબરૂ મળે, કોઈ મને સારો કહે. આ..હા..હા...! વ્રતાદિ પાળે, લ્યો ને. એને સારા કહે તો ત્યાં રોકાઈ ગયો. જાવજીવનું બ્રહ્મચર્ય પાળે. બીજા વખાણ કરે (તો) ત્યાં રોકાઈ ગયો. અરે...! પણ ક્યાં તું છો ? બાપુ ! છે ? આ..હા..હા...! છે ?

'આખો દિવસ ક્યાં રોકાઈ ગયો ! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો,...' આ..હા..હા...! તારે માટે કોઈ એક ક્ષણ ને ઘડી પણ ન લીધી. આ..હા..હા...! 'બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય ?' બહારના પ્રસંગોમાં વ્યવસ્થિત કરવામાં, બધી ચીજોને વર્તમાનમાં વ્યવસ્થિત રાખવામાં રોકાઈ ગયો. વ્યવસ્થિત પ્રભુ અંદર ધ્રુવ પડ્યો છે. આખો દિવસ ક્યાંય રોકાઈને અંદરમાં ન ગયો. આ..હા..હા...! જોનારને પ્રભુ જોવા ન ગયો અને જોનાર પરને જોવામાં રોકાઈ ગયો. આ ચોપડા ને પાના ને શાસ્ત્રો ને આખો દિ' ત્યાં ને ત્યાં વાંચન ને ત્યાં રોકાઈ ગયો.

મુમુક્ષુ :– ... લખે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ લખે તો ... ખરું ને. પણ ત્યાંને ત્યાં રોકાઈ ગયો. 'શ્રીમદ્' કહે છે, જેનું એકલું શાસ્ત્રનું વાંચન ઘણું, આખો દિ' વેદિયો વાંચ્યા જ કરે એની મતિ મંદ થઈ જશે. મતિ અંદર પ્રયોજન તરફ નહિ જઈ શકે. ત્યાં ને ત્યાં રોકાશે, આ ને આ ને આ... એ બધા રોકાવાના સાધન છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– અહીંયાં કહે, શાસ્ત્ર વાંચ અને અહીં વેદિયો કહે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આવે, વાંચન આવે પણ ત્યાં ને ત્યાં રોકાઈ જઈને અંદરમાં જવા માટેનો કાંઈ પ્રયત્ન નહિ. ઈ શું ? આ..હા..હા...! એવું તો અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન (કરી) ત્યાં રોકાઈ ગયો. અંદર વસ્તુ છે ત્યાં જવા તને વખત જ મળ્યો નહિ. લોકો એમ કહે ને કે, તારી વાટ જોતા હતા. દિવસ આથમવા આવ્યો, અમે ત્રણ વાગ્યા સુધી તારી વાટ જોઈ પણ તું કાં આવ્યો નહિ ? અહીં પ્રભુ કહે છે, તું ક્યાં રોકાઈ ગયો ? અંદર પ્રભુ પડ્યો છે. અંતર્મુખ જોવાનો વખત પણ તેં લીધો નહિ. આ..હા..હા...! 'રોકાઈ ગયો, ત્યાં ભાઈ ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય ?' આ..હા..હા...! એ ૫૬ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડ્યું હોય તેનું મંથન કરવું **જો**ઈએ. નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવા પુસ્તકોનું વાંચન કરીને પોતાની લગનીને **જા**ગૃત રાખવી **જો**ઈએ. આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવા વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી **જા**ય છે. **૫૭.**

હવે અહીં બેન લખે છે. મુખેથી સાંભળેલું હોય, પોતે જે તત્ત્વને પકડ્યું હોય તેનું મંથન કરવું **જો**ઈએ. સાંભળીને સાંભળીને ત્યાં ને ત્યાં રાખે (એમ નહિ). આ..હા..હા...! સાંભળ્યું એટલે શું થયું ? એમ કહે છે. સાંભળ્યું તો અનંત વાર સાંભળ્યું. સમવસરણમાં પણ અનંત વાર ગયો છે, ભગવાનની વાણી અનંત વાર સાંભળી છે. આ..હા...!

'તત્ત્વને પકડ્યું હોય...' વાસ્તવિક તત્ત્વ શું છે એમ **જો** ખ્યાલમાં આવ્યું હોય તો 'તેનું મંથન કરવું **જો**ઈએ.' આ..હા..હા...! તેનું વારંવાર મનન અને મંથન કરવું **જો**ઈએ. 'નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવા પુસ્તકોનું વાંચન કરીને...' 'નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે...' આ..હા..હા...! પોતાની વીતરાગી દશા, જે વસ્તુની નિર્મળ પરિણતિ, એમાં રસ આવે એવા પુસ્તકોનું વાંચન કરીને પછી કરવું છે એ છે ત્યાં **જા** ને. 'પોતાની લગનીને **જા**ગૃત રાખવી **જો**ઈએ.' આ..હા..હા...! વાંચન કરીને પણ કરવાનું તો પાછું આ છે. આ..હા..હા...! આ તો એ વખત પણ ન મળે (કે) નિવૃત્તિમાં વાંચન (કરે). ઉપરથી એમ ને એમ ધર્મ થઈ જતો હશે. રાત્રે આહાર ન કર્યો, શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, વ્રત કંઈક કર્યા, બસ ! ત્યાં રોકાઈ ગયો. અંદરમાં 'પોતાની લગનીને **જા**ગૃત રાખવી **જો**ઈએ.'

શુદ્ધ ચૈતન્ય ધ્રુવ સ્વભાવને પકડ્યો હોય તો એની લગનીને **જા**ગૃત રાખવી. આ..હા..હા...! શુભાશુભભાવ આવે એના ઉપર નજર ઉઠાવી લેવી **જો**ઈએ. આ..હા..હા...! અને ચૈતન્યના સ્વભાવના રસમાં જ અંદર **જા**વું **જો**ઈએ. ચૈતન્યનો રસ એટલે અંદર એકાગ્રતા. આ..હા..હા...!

'પરિણતિમાં રસ આવે તેવા પુસ્તકોનું વાંચન કરીને...' તેવા પુસ્તકોનું. આ..હા..હા...! 'પોતાની લગનીને **જા**ગૃત રાખવી **જો**ઈએ.' સ્વરૂપ તરફની દૃષ્ટિને એવી **જા**ગૃત રાખવી **જો**ઈએ. આ..હા..હા...! ભાષા બહુ સાદી, ભાવ તો છે ઈ છે અંદર. ગુજરાતી સાદી ભાષા. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'આત્માના ધ્યેયપૂર્વક,...' જે વસ્તુને પામવી છે તેના ધ્યેયપૂર્વક. આ..હા..હા...! 'પોતાની પરિણતિમાં રસ આવે...' પોતાને શાંતિનો રસ આવે. આ..હા...! 'તેવા વિચાર-મંથન કરતાં...' તેવા વિચાર, મંથન કરતાં. એમ. આ..હા..હા...! વાંચવા ટાણે પણ (એમ રાખે કે), ધારી લઉં ને ધારીને પછી કહીશ. એવી મારામાં શક્તિ રહેશે તો જવાબ આપીશ. એ કંઈ વાંચન સ્વ માટે કર્યું નથી. આ..હા..હા...! .. વાંચન થાય તો હું અધિકારી થઈશ. સંસ્થાનો અધિકારી, સંસ્થાના ઓ'લાનો અધિકારી. આ..હા..હા...! મને પદવી મળશે. અરે...! ક્યાં રોકાણો ? પ્રભુ !

'આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવા વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી **જા**ય છે.' આ..હા..હા...! અંતરથી, પોતાનો માર્ગ અંતરથી (મળી **જા**ય છે). સ્વરૂપ તરફનું બરાબર જ્ઞાન કરીને, એનું મંથન કરીને અંતરથી પોતાનો માર્ગ મળી **જા**ય છે. આ..હા..હા...! **'दुविहं पि मोक्खहउं झाणे पाउणदि जं मुणी णियमा।'** 'દ્રવ્યસંગ્રહ'નો ૪૭મો શ્લોક (છે). આ..હા..હા...! બે મોક્ષમાર્ગ – નિશ્ચય અને વ્યવહાર. કઠણ પડે. માર્ગ જે છે એ અંતર તરફના ધ્યાનમાં મળે એવું છે. અંતર વસ્તુ જે પૂર્ણ છે તેના ધ્યેયનું ધ્યાન કરીને.. આ..હા..હા...! અંતરથી માર્ગ મળી **જા**ય એવું છે. બાહ્યથી કોઈ રીતે મળે એવું છે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રથી કે પુસ્તકથી મળે એવું નથી. 'સર્વ **જી**વ છે સિદ્ધસમ, જે સમજે તે થાય' 'સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા' એ તો નિમિત્તકારણ. એટલે એ કંઈ કરી શકે નહિ, એમ કહે છે. આ..હા...! સદ્‌ગુરુ આજ્ઞા એટલે નિમિત્ત, એનો અર્થ કે એ કંઈ કરતું નથી. આ..હા...! મુનિદશા વીતરાગી કેવળજ્ઞાન એનું લક્ષ રાખવું. એ બધા નિમિત્ત કારણો છે. ગુરુની આજ્ઞા, દેવની દશા.. આ..હા..હા...! એ નિમિત્ત કારણો છે. એટલે કે એ નિમિત્ત કારણો તારા કાર્ય માટે.. આ..હા..હા...! અકિંચિત્કર છે. આ બધી વાતું આકરી (છે). આ..હા...!

તને સુખ-દુઃખની કલ્પના થવામાં પાંચ ઇન્દ્રિયના વિષયો અકિંચિત્કર છે. 'પ્રવચનસાર'માં આવે છે. આ..હા..હા...! શું કહ્યું ઇ ? કે, પાંચ ઇન્દ્રિયના વિષયો – સ્પર્શ ઇન્દ્રિય, રૂપ સુંદર, સ્પર્શ, રસ આદિ બધા અનુકૂળ (હોય), એ કંઈ તારા સુખ-દુઃખને માટે તો અકિંચિત્કર (છે). તું તારા અશુદ્ધ ઉપાદાનમાં કલ્પના ઊભી કરે છો એનાથી દુઃખ થાય છે. તેનાથી સુખની કલ્પના માને છો. પાંચ ઇન્દ્રિયના વિષયો એટલે નિમિત્ત અકિંચિત્કર છે. આ..હા..હા...! એમ અહીંયાં દેવ-ગુરુ-શાસ્ત્ર, એની આજ્ઞા અને અરિહંતની દશા કેવળજ્ઞાનમય દશા, એ બધા નિમિત્ત કારણ છે. એટલે કે તારા કાર્યને માટે અકિંચિત્કર છે. આ..હા..હા...! આકરું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડે માણસને.

'અંતરથી પોતાનો માર્ગ મળી **જાય** છે.' આ..હા...! કેમ કે માર્ગનો આશ્રય અને આધાર તો ભગવાન પોતે છે. આ..હા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવો જે મોક્ષમાર્ગ છે પર્યાય પણ એનો આધાર – આશ્રય, વ્યવહારે તો દ્રવ્ય આશ્રય છે. નિશ્ચયથી તો માર્ગ માર્ગને આશ્રયે છે. આ..હા..હા...! પણ અંતર્મુખ (નજર) કરે તો ને. આ..હા..હા...! જ્યારે અંતર્મુખ વળે ત્યારે અંતરથી માર્ગ નીકળે ને. આ..હા..હા...! 'તેવા વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી **જાય** છે.' બહાર બધા નિમિત્તો છે પણ નિમિત્ત છે ઇ તારા કાર્યને માટે તો અકિંચિત્કર છે. ઇ આવ્યું છે ને ?

દ્રવ્ય તેને કહીએ કે જેના કાર્યને માટે એટલે મોક્ષમાર્ગ માટે અન્ય દ્રવ્યની રાહ **જો**વી પડે નહિ. આ..હા..હા...! અન્ય દ્રવ્ય, તીર્થંકરની વાણીની રાહ પણ **જો**વી ન પડે. આ..હા..હા...! મહાવિદેહ ક્ષેત્ર મળે ... અમે સમવસરણમાં જઈએ તો માર્ગ મળે, એમ નથી. આ..હા..હા...! એમ કે અત્યારે એવા પુણ્ય કરું વ્રત ને તપ ને ભક્તિ (કર તો) એનાથી તને ભગવાન પાસે જવાશે. એટલે સ્વર્ગમાં જવાશે. અને સ્વર્ગમાં જશે એ ભગવાન પાસે જશે, જઈ શકશે. ત્યાં સમકિત પામશે. એમ લખાણમાં આવ્યું છે. (એક વર્તમાન મુનિની) ચોપડી છે ને એમાં આવ્યું છે. આ..હા..હા...!

અહીં તો કહે છે કે, તારી ચીજ અંદર જે છે... આ..હા..હા...! એને માટે દેવ-ગુરુ નિમિત્ત કારણ એટલે કે અકિંચિત્કર છે. આ..હા...! નિમિત્ત કાંઈ કરતું નથી. (**જો** કરે) તો નિમિત્ત ન કહેવાય. આ..હા..હા...! વિચાર અને મંથન કેનું ? પોતાની નિર્મળ પરિણતિમાં રસ આવે એનું. વિકથા ઉત્પન્ન થાય... આ..હા..હા...! એવું વાંચન નહિ. આ..હા..હા...! 'અંતરથી પોતાનો માર્ગ મળી **જાય** છે.' આ..હા..હા...! પોતાનો માર્ગ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ અંતર્મુખની દૃષ્ટિથી મળી શકે છે. એ અંતરને કારણે તે મળે, બહારના કોઈ કારણો ત્યાં કામ કરતાં નથી. હવે આટલું બધું ક્યારે (સમજે) ? એકલું અંદર શરણ.. શરણ.. શરણ.. આ..હા..હા...! શાસ્ત્રનું વાંચન પણ ત્યાં અકિંચિત્કર છે. દેવ-ગુરુની ભક્તિ પણ ત્યાં અકિંચિત્કર છે. આહા.હા...! ગુરુની ભક્તિથી મળી જશે. એ અકિંચિત્કર (છે). આ..હા..હા...! અંતરથી મંથન કરતાં 'અંતરથી પોતાનો માર્ગ મળી **જાય** છે.' વસ્તુને ધ્યેયમાં લઈને એનું મંથન કરતાં, મનન કરતાં અંતરમાં વસ્તુ મળી **જાય** છે. માર્ગ કાંઈ બહારથી આવતો નથી. આ..હા...! **૫૭** (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે, જો કે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ૫૮.**

ધર્મીને 'જ્ઞાનીને...' પહેલાં ધર્મી કેમ કહ્યું ? કે, જાણપણું ઝાઝું હોય તો જ્ઞાન કહેવાય એમ અહીં નથી. જ્ઞાની એટલે ધર્મી. આ..હા..હા...! જેને આત્માના અનુભવનું જ્ઞાન છે એ જ્ઞાની. જ્ઞાની એટલે ઘણું વાંચન છે, ઘણું ઘોલન છે અને બહુ વાંચતાં આવડે છે માટે જ્ઞાની (એમ નથી). માટે પહેલો ધર્મી કીધો. આ..હા..હા...! ધર્મી એવો જે પ્રભુ, એનો જે નિર્વિકલ્પ સ્વભાવ એવો જે ધર્મ એને આશ્રયે થતી દશા તે ધર્મ છે. તે ધર્મી છે.

ધર્મી એવો જે આત્મા એનાથી જેને ધર્મી થાવું છે. ધર્મી એવો આત્મા, ધર્મ એવા જે એના ગુણો.. આ..હા..હા...! એમાંથી જેને ધર્મ કરવો છે તે દ્રવ્ય અને ગુણને આશ્રયે પર્યાયમાં ધર્મ થાય તે ધર્મી છે. આ..હા..હા...! આ આવે છે ને નિરાલંબી. કંઈ કંઈ કંઈ સાધન જોઈએ (એમ કહે છે). આ સાધન નથી ? આ..હા...! કેમ ? કે, આત્મામાં કરણ નામનો ગુણ તો અનાદિ પડ્યો છે. સાધન નામનો ગુણ. આ..હા..હા...! એવા ગુણીને દૃષ્ટિમાં લેતાં, તે ગુણીને દૃષ્ટિમાં (લેતાં) કે જેમાં સાધન નામનો ગુણ પડ્યો છે, કરણ નામનો ગુણ પડ્યો છે. છે ને ? શે'માં ? કર્તા, કર્મ, કરણ.. છ કારકો છે. આ..હા..હા...! જ્યાં સાધન નામનો ગુણ છે તેનો ધરનાર ગુણી છે તેની દૃષ્ટિ કર તો એ સાધન પ્રગટ થશે. રાગને લઈને, નિમિત્તને લઈને સાધન (થાય) એ સાધન છે જ નહિ. આવી વાત છે. બહુ વ્રત પાળે, ભક્તિ કરે, તપસ્યાઓ કરે, નગ્નપણું લાખો વર્ષ રાખે તો એને અંદરમાં નિશ્ચયની ભાવના હોય તો એનાથી પામે, એ વાત ખોટી છે. આ..હા..હા...! એ કારણ નથી. આ..હા..હા...! આકરી વાતું. કાંઈક એને આધાર જોઈએ છે.

'શ્રીમદ્'માં એમ આવ્યું ને, 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય' ઇ ક્યા સાધન ? નિશ્ચય લક્ષમાં રાખવું એ જ સાધન છે. દૃષ્ટિમાં નિશ્ચય.. આ..હા..હા...! દ્રવ્ય જેવું છે એવો સ્વીકાર જ્ઞાનમાં થવો એ સાધન છે. નિશ્ચય દૃષ્ટિમાં રાખીને સાધન શું કરવું ? ભક્તિ ને પૂજા એ સાધન ? એમાંથી કાઢે ઇ. આ..હા..હા...! આકરી વાતું, બાપુ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ...' પૂર્ણ સ્વરૂપ છે ભગવાનઆત્મા, એની દૃષ્ટિ થતાં દૃષ્ટિની અપેક્ષાએ 'ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે,...' ચૈતન્ય અને રાગ. દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે છતાં એનો ખુલાસો હવે થશે. કારણ કે બે ભિન્ન જાણવું છે એ દૃષ્ટિનો વિષય નથી. 'જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે,...' ભગવાન આનંદસ્વરૂપ અને રાગ આકુળતા સ્વરૂપ, એમ ધર્મીને ભિન્ન ભાસે છે. આ..હા..હા...! દૃષ્ટિની અપેક્ષાએ એટલે ? કે, ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષા કરતાં જે જ્ઞાન થયું (તે અપેક્ષાએ). સમજાણું કાંઈ ?

ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ ! એની દૃષ્ટિ કરતાં એ દૃષ્ટિની સાથે જે જ્ઞાન થાય તે ચૈતન્ય અને રાગને ભિન્ન જાણે છે. સમજાણું કાંઈ ? દૃષ્ટિની અપેક્ષાએ કેમ કહ્યું ? કે, દૃષ્ટિ જ્યાં થઈ છે એને સમ્યક્જ્ઞાન હોય છે. દૃષ્ટિ જ્યાં તત્ત્વની નથી એને સમ્યક્જ્ઞાન હોતું નથી. તેથી દૃષ્ટિની અપેક્ષાએ ધર્મીને ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા.. અત્યંત ભિન્નતા (ભાસે છે). કંઈ સંબંધ જ નથી. આ..હા..હા...! અત્યંત ભિન્નતા. આહા..હા....! રાગના પ્રદેશોનો અંશ પણ ભિન્ન છે. ચૈતન્યના પ્રદેશો અને રાગના પ્રદેશો.. આહા.હા...! અત્યંત ભિન્ન છે. ('સમયસાર'માં) 'સંવર અધિકાર'માં આવ્યું નહિ ? વ્યવહાર સાધન જે છે, એ એક વસ્તુ છે એના પ્રદેશ ભિન્ન છે. આ..હા..હા...! અહીં તો ભાવ ભિન્ન ભાસતાં એનું ક્ષેત્ર પણ ભિન્ન ભાસે છે. આ..હા..હા...! આવી વાતું છે. 'સંવર અધિકાર'માં આવ્યું છે. દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા એ બધો રાગ છે. આ..હા..હા...! એ રાગના પ્રદેશો ભાવ ભિન્ન તો છે, આ ચૈતન્યસ્વરૂપ આનંદ અને રાગસ્વરૂપ આકુળતા, એ રીતે ભાવ ભિન્ન તો છે, એમ જ્ઞાન બેની ભિન્નતાને જાણે છે. દૃષ્ટિની અપેક્ષા થઈ છે એને. જેને દૃષ્ટિ થઈ નથી એને તો જ્ઞાન ચૈતન્ય અને રાગની ભિન્નતા જાણે એવી તાકાત નથી. આ..હા..હા...! આવું છે આ.

'જો કે...' હવે ખુલાસો કરે છે 'તે જ્ઞાનમાં જાણે છે...' જાણે છે તો જ્ઞાનમાં. દૃષ્ટિમાં તો ધ્યેય દ્રવ્ય ધ્રુવ જ છે. દૃષ્ટિમાં ધ્યેય તો ધ્રુવ જ છે. દ્રવ્ય છે. પણ દૃષ્ટિ થઈ છે તેની સાથે જે જ્ઞાન થયું તે જ્ઞાન ચૈતન્ય અને રાગને ભિન્ન જાણે છે. કારણ કે ચૈતન્યના સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. દૃષ્ટિનો સ્વભાવ નિર્વિકલ્પ છે. એકલો તદ્દન દ્રવ્યને જ ધ્યેયમાં લીધું છે. એ દ્રવ્યને ધ્યેયમાં લીધું છે એવું એ જ્ઞાન જ્ઞાન કરે છે. આ..હા..હા...! આવી વાતું છે.

દૃષ્ટિ છે એ પોતે જાણતી નથી કે હું દ્રવ્યનું ધ્યેય કરું. કારણ કે એ તો પોતાને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણતી નથી તો વળી ધ્યેય છે એમ જાણવું ત્યાં ક્યાં રહ્યું ? પણ દૃષ્ટિનો વિષય ધ્રુવ થઈ જાય છે. કારણ કે દૃષ્ટિ બાહ્યથી ખસીને જ્યાં અંદર જાય છે ત્યાં એવો વિષય – ધ્યેય છે એમ થઈ જાય છે. એમ જાણે છે કોણ ? જ્ઞાન. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે. ઝીણું પડે પણ શું થાય ? ભાઈ ! અત્યારે તો પ્રથા આખી ફેરવી નાખી. લોકોએ વીતરાગમાર્ગની શૈલી જે છે એ ફેરફાર કરી નાખી. એટલે આ કઠણ પડે. સાંભળવાનું સરખું મળતું હોય તો તો એને સમજવામાં જરી સહેલાઈ પડે. આ તો ફેરફાર.. ફેરફાર. આ..હા..હા...!

'જો કે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે.' જોયું ? રાગ કાંઈ જડમાં થાય છે અને જડનો રાગ છે એમ નથી. જડનો એટલે પરનો. છે તો રાગ પોતે જડ અને ભગવાનઆત્મા ચૈતન્ય. એ બે લીધું ને ? એ ચૈતન્યસ્વરૂપ છે અને રાગ છે તે ચૈતન્યના સ્વરૂપના અભાવસ્વરૂપ જડ છે. પણ એ ચૈતન્યની પર્યાય જે જ્ઞાનની દશા, તે ચૈતન્ય અને રાગને ભિન્ન જાણે છે. દૃષ્ટિની અપેક્ષામાં જે જ્ઞાન થયું, દૃષ્ટિ તો ધ્રુવ એક જ વાત છે, દૃષ્ટિનો વિષય રાગને જાણવું (એવું છે નહિ). આ..હા...!

'જો કે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે.' જોયું ? મારી પર્યાયમાં રાગ છે. ભલે એને પુદ્‌ગલ કીધું હોય, અચેતન કહ્યું હોય, જડ કહ્યો હોય, અજીવ કહ્યો હોય. ઈ તો એના સ્વભાવની અપેક્ષાએ, સ્વભાવ એ રૂપ નથી એ અપેક્ષાએ (કહ્યું) પણ થાય છે એની પર્યાયમાં. એમ જ્ઞાન બરાબર જાણે છે. મારી પર્યાયમાં રાગ થાય છે એમ બરાબર જાણે છે. વિશેષ કહેશે... શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

જેમ સંસારનો અભાવ થઈને સિદ્ધ દશા થાય છે તે ફરતી નથી, તેમ અસત્ય ફરીને સત્ય ગ્રહણ થાય છે તે સત્ય છૂટતું નથી. અસત્ય હોય તે છૂટી જાય છે. એક વખત સમ્યક્ત્વ થયું એટલે તે સત્ય જ રહે છે. (સમ્યક્ત્વથી ચ્યુત થનારને અપવાદમાં ગણેલ છે.) માટે આ વાત યથાર્થપણે સમજવા જેવી છે. તે ફરે તેમ નથી. સત્ય તો સત્યરૂપ જ રહે છે એવો વિશ્વાસ પ્રથમ લાવવો જોઈએ.

(પરમાગમસાર - ૮૯૯)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જે જીવને પોતાના સ્થૂળ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ? ને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય ? જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય. ૫૯.**

**જેઠ વદ ૩, શુક્રવાર, તા. ૨૩-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૫૯-૬૧ પ્રવચન–૧૮**

('વચનામૃત') **૫૯. ૫૯** છે ને ? **૫૮** થઈ ગયો. '**જે જીવને પોતાના સ્થૂળ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે...**' શું કહે છે ? જે શુભ ને અશુભ પરિણામ છે એ સ્થૂળ છે. એને જે હજી પકડવામાં ન આવે, એને ખ્યાલમાં ન આવે એ સૂક્ષ્મ પરિણામને તો કેમ પકડે ? ધીરાની વાતું છે આ. '**જે જીવને પોતાના સ્થૂળ પરિણામ...**' પરની તો વાત જ છોડી દીધી. નહિતર શરીરના પર્યાય ક્ષણે ક્ષણે થાય છે એ જડના પરિણામ છે. એને પણ પોતાના માને અને ભિન્ન કરતા ન આવડે એ તો બહુ સ્થૂળ બુદ્ધિ (છે). આ..હા..હા...!

પોતામાં જે કંઈ શુભ-અશુભભાવ થાય એ સ્થૂળ છે. એને '**સ્થૂળ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ?**' સૂક્ષ્મ એટલે જ્ઞાનના પરિણામ. શુભાશુભભાવ એ સ્થૂળ પરિણામ (છે), એને પણ હજી પકડતાં ન આવડે એને જ્ઞાનની વર્તમાન પર્યાય સૂક્ષ્મ છે, એને એ પકડી નહિ શકે. આ..હા..હા...! સાર છે. બહુ આ તો ધીમેથી ધીરજથી પકડે, સમજે એની વાત છે, ભાઈ ! આ..હા...! '**સ્થૂળ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન..**' પોતાનું જ્ઞાન કામ ન કરે એ સૂક્ષ્મ પરિણામ પકડે નહિ. એ '**સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ?**' આ..હા..હા...! એટલે કે જ્ઞાનના પરિણામ જે પર્યાય સૂક્ષ્મ છે, એને ક્યાંથી પકડે ? આ..હા..હા...! વર્તમાન જે પરિણામ આત્માના ગુણના જે પરિણામ, સ્થૂળ પરિણામ તો શુભ-અશુભમાં ગયા, હવે જે અનંત ગુણના પરિણમન – સૂક્ષ્મ પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(છે), એને પકડે નહિ એ પરિણામ ક્યાંથી પકડે ?

'ને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય ?' આ..હા..હા...! ત્રણ વાત લીધી. એક શુભાશુભભાવ – એ સ્થૂળ. આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ તો સ્થૂળ પરિણામ (છે). 'પુણ્ય-પાપ અધિકાર'માં છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય અશુભભાવ સ્થૂળ (છે), એ સ્થૂળને જાણતા ન આવડે, પકડતાં ન આવડે, એ એની વર્તમાન પુણ્ય-પાપના રાગ વિનાની પર્યાય, એને કેમ પકડી શકે ? આ..હા..હા...! જેને એ સ્થૂળ પરિણામ પકડતાં ન આવડે એને આખું તત્ત્વ સ્વભાવ શુદ્ધ છે (એ ક્યાંથી પકડાય ?) આ તો પ્રગટ છે. આ..હા..હા...! સૂક્ષ્મ પરિણામ તો પ્રગટ છે. એવા પરિણામને પણ અંદરમાં પકડતાં ન આવડે, તો એને સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી સૂક્ષ્મ, અખંડ સૂક્ષ્મમાં સૂક્ષ્મ... ઓ..હો..હો....! અને તે પણ અવ્યક્ત છે. પર્યાયમાં એ આવતો નથી. આ..હા..હા...! એવો જે સૂક્ષ્મ સ્વભાવ; પરિણામ સૂક્ષ્મને ન પકડે એ સૂક્ષ્મ ત્રિકાળી સ્વભાવને કેમ પકડી શકે ? બહુ મુદ્દાની વાત છે. આ..હા..હા...!

'તો સ્વભાવ ક્યાંથી પકડાય ?' ચૈતન્યનો સ્વભાવ અરૂપી (છે). એ સ્થૂળ શુભ-અશુભ પરિણામ (પણ) છે તો અરૂપી પણ સ્થૂળ છે. અને એની પર્યાયના પરિણામ એ સૂક્ષ્મ છે. એ પર્યાયનું પણ જ્ઞાન કરતાં ન આવડે, એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ જે પર્યાયની સમીપમાં (છે એ) તત્ત્વ અનંત કાળમાં અજાણ્યું રહી ગયું, એને કેમ પકડે ? સમજાણું કાંઈ ? શરીરાદિ જડ છે એના તો જે પર્યાય થાય એ તો પરપરિણામ છે. એને પણ જે પોતાના પરિણામ માને એ તો બહુ મિથ્યાદૃષ્ટિ સ્થૂળ છે. આ..હા..હા...! હવે અહીંયાં શુભ-અશુભ સ્થૂળ પરિણામ છે એને પણ જાણતા ન આવડે અને જાણીને મારા માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. હવે એક સમયના જે પરિણામ, જે રાગને જાણનારી વર્તમાન પ્રગટ પર્યાય, એને પકડતાં ન આવડે.. આ..હા..હા...! તો એની પર્યાયબુદ્ધિના પણ ઠેકાણા ન મળે. આ..હા..હા...! ભાષા સાદી છે પણ ગંભીર છે.

એ તો માંધાતા હોય ને આ વાંચે તો એમ થઈ જાય કે, વાત કાંઈક બીજી છે. આ..હા...! કીધું ને પેલો (દેરાવાસી સાધુ), હાથમાં પુસ્તક આવ્યું ત્યાં (બોલ્યો), ઓ..હો...! આ શું ? ભાઈ ! મને આપોને. લઈ જાઓ, જાઓ, લઈ જાઓ. અમે બીજું લઈશું. લો, એ સાધુ હતો પાછો પરણ્યો, બાયડી કરી, ત્યાં ભાષણ કરે. ત્યાં સંસ્થામાં મોટો અધ્યક્ષ છે. દેરાવાસી સાધુ હતો. 'અમેરિકા'માં એ પરણેલો છે. અહીં વીસ-પચીસ ... એના ભક્તો લઈને આવ્યો

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતો. એણે આ **જો**યું ને જ્યાં આ વાંચ્યું, ઓ..હો...! બહુ **ખુ**શી થયો.

અહીં તો ત્રણ **સૂક્ષ્મ** ક**હ્યું**. છે તો શુભ-અશુભભાવ એ **સૂક્ષ્મ**. કેમ કે અરૂપી છે, એમાં કંઈ રજકણ નથી. શું ક**હ્યું** ? હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, એ પરિણામ કંઈ રૂપી નથી. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી પણ નિમિત્ત જે રૂપી છે તેના સંગે થયા તેથી એને રૂપી કહેવામાં આવે છે અને એને અ**જી**વ કહેવામાં આવે છે. આ..હા..હા...! એ વ્રતના, તપના, ભક્તિના ભાવ જે શુભ (છે) એ સ્થૂળ છે અને અ**જી**વ છે. આ..હા..હા...! પોતાના પરિણામ જે છે, જેમાં ચૈતન્યસ્વરૂપી સ્વભાવ, ચૈતન્યસ્વભાવનો જેમાં અભાવ છે એને પણ પકડતાં ન આવડે. કારણ કે એ તો અનાદિનું કરેલું છે અને અનાદિનો અભ્યાસ છે. આ..હા..હા...! તો એના વર્તમાન જ્ઞાનની પર્યાયના પરિણામ – પર્યાય એ કેમ પકડી શકે ? અને જ્યારે એ **સૂક્ષ્મ** પ્રગટ પરિણામને ન પકડી શકે તો જે અપ્રગટ આખું તત્ત્વ જ્ઞાયકસ્વરૂપ પરમાત્મ પોતે પ્રભુ છે. એને એ કેમ પકડી શકે ? કહો ! માલ છે અહીં તો, ભઈ ! આ..હા..હા...! આ કરવું ને આ કરવું ને...

એ વિકલ્પ શુભ હોય પણ એને કરું છું અને કરવા લાયક છે (એમ જે માને છે) ત્યાં તો આત્માનું મૃત્યુ છે. કેમ કે જ્ઞાનસ્વભાવ જે છે એનો **જા**ણનારો, **જા**ણવું સ્વરૂપ છે. એવા **જા**ણવા સ્વભાવને રાગનું અને ક્ષણિકનું ને વિકૃતનું સ્થૂળ પરિણામનું કર્તૃત્વ સોંપવું... આ..હા..હા...! એ આત્માની હિંસા છે. આ..હા..હા...! કેમ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ તો **જા**ણનાર-દેખનાર છે એવો એણે ન માન્યો અને એને આ રાગનું કર્તૃત્વ સ્વીકાર્યું, એ જ્ઞાતા-દૃષ્ટા એનો ત્રિકાળી સ્વભાવ, એનો એણે નકાર કર્યો. એણે પોતાની હિંસા કરી. આ વાત કેમ બેસે ? ભાઈ ! આવી વાતું છે આ બધી. તમારા જજના નિયમ કરતાં આ બધા નિયમ જુદા (છે). આ..હા..હા...!

જેને પોતાના પરિણામ, એમ કહેવું છે ને ? પરના તો એક કોર રાખ. શરીર, વાણી, કર્મ, જડ. પોતામાં થતાં શુભ-અશુભભાવને પણ **જા**ણવામાં અને પકડવામાં જે જ્ઞાન કામ ન કરે એ જ્ઞાન જ્ઞાનના પરિણામને પકડવામાં કામ કેમ કરે ? આ..હા..હા...! અને જે જ્ઞાનના પરિણામ એના પોતાના પરિણામને પકડવાનું કામ ન કરી શકે, એ પોતાથી પર ભિન્ન મહા ભગવાન પૂર્ણ છે, એને કેમ પકડી શકે ? બરાબર છે ? આ..હા..હા...!

'તો સ્વભાવ ક્યાંથી પકડાય ?' એક તો મોટો ભણેલો અગિયાર અંગનો ભણેલો હોય તો પણ એકવાર ઘા **ખા**ઈ **જા**ય એવું છે કે, આ..હા...! શું પણ આ તે ? આ થોડા શબ્દોમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કહે છે આ ? આ..હા..હા...! જેને પ્રગટ પર્યાય છે, જેમાં અનાદિથી રમ્યો છે એમાં એનું તત્ત્વ આખું ટક્યું છે (એમ) માનીને (રમ્યો છે). એના પરિણામની પણ જેને ખબર નથી, જ્ઞાન એને પકડી શકતું નથી. એવા પરિણામને, પોતાના સૂક્ષ્મ પરિણામને જ્ઞાન પકડી શકતું નથી. તે જ્ઞાન ત્રિકાળી સ્વભાવને કેમ પકડી શકે ? આ..હા..હા...! આવી વાતું છે.

'જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને...' આ..હા..હા...! વર્તમાન જ્ઞાનની પર્યાયને.. આ..હા..હા...! સૂક્ષ્મ અને તીક્ષ્ણ – ઝીણી.. આ..હા..હા...! કરીને 'સ્વભાવને પકડે...' ત્રિકાળી પ્રભુ મોજૂદગી ચીજ પ્રભુ પોતે છે.. આ..હા...! એવો પ્રભુત્વ સ્વભાવને સૂક્ષ્મ, તીક્ષ્ણ જ્ઞાન વડે 'સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય.' આ..હા..હા...! રાગથી તો ભેદજ્ઞાન થાય પણ પર્યાય સૂક્ષ્મ થઈને એને પકડે તો જ્ઞાનથી, પર્યાયથી પણ દ્રવ્યનું ભેદજ્ઞાન થાય. આ..હા..હા...! સમજાય છે આમાં કાંઈ ?

**પ્રશ્ન :–** જ્ઞાન કો પહલે સૂક્ષ્મ કૈસે કરના ? યહ પહલે બતાઈયે.

**સમાધાન :–** અંદર સૂક્ષ્મ (કરવું). અંદર અંદરમાં ઝીણવટ, અંદર જે સ્થૂળ છે તેને ઝીણું કરવું. ઘણો ઉપયોગ સૂક્ષ્મ કરવો. કરવો છે એની અહીં તો વાત છે ને આ..હા...! પરના ઉપયોગમાં જે જોડાઈ ગયો છે એ તો સ્થૂળમાં જોડાઈ ગયો છે. અહીંયાં તો એનાથી મંદ કરી, ધીરું સૂક્ષ્મ જ્ઞાનને ઝીણું કરી, કરવું છે ઇ કેમ કરવું ? ઇ પ્રશ્ન (ક્યાં છે) ? કરવું છે. આ..હા..હા...! આવી વાત હવે. અંતરમાં ત્રિકાળી સ્વભાવ પકડાય તેવા પરિણામ કરવા. એમ કરવા, કેમ કે એમ કરવા. આ..હા..હા...! થોડા શબ્દોમાં ઘણું ગંભીર ભર્યું છે.

'જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને...' પરિણામ, હોં ! જ્ઞાનના પર્યાયને જે સ્થૂળ (છે), એને સૂક્ષ્મ, ધીરું કરીને 'સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય.' તો સમ્યગ્દર્શન થાય. આ સમ્યગ્દર્શનની રીત. આ..હા..હા...! મૂળ ચીજની આ રીત છે. હવે એની તો ખબરું ન મળે અને વ્રત લઈ લ્યો ને તપસ્યા કરો ને ભક્તિ કરો, થઈ ગયું કલ્યાણ ! આ..હા...! તું કહે છો એ બધા સ્થૂળ પરિણામ છે. એ પણ સ્થૂળ છે એમ પણ જે જ્ઞાનને જાણવાની તાકાત નથી. જ્ઞાન પર્યાય તો પોતાની છે. આ..હા..હા...! એ જ્ઞાનની પર્યાયને જ્ઞાન સૂક્ષ્મ કઈ રીતે જાણે ? એ જ્ઞાનના પરિણામ, એ જ્ઞાનની પર્યાય, એ જ્ઞાનના સૂક્ષ્મ પરિણામને એ જ્ઞાન શી રીતે જાણે ? અને જ્ઞાનના સૂક્ષ્મ પરિણામને પણ જ્યારે ન જાણે, જે વ્યક્ત છે, તેમાં કાર્ય થઈ રહ્યું છે, પ્રગટ છે એવા સૂક્ષ્મ પરિણામને પણ પકડવાની શક્તિ ન હોય, એ અંદર સૂક્ષ્મ ત્રિકાળી પ્રભુ.. આ..હા..હા...! ચૈતન્ય પરમાત્મસ્વરૂપ ભગવાન પોતે..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! જે એક સમયની પર્યાયમાં પણ આવે નહિ (એને ક્યાંથી પકડે ?) જે એક સમયની પર્યાયમાં આવે નહિ, એક સમયની પર્યાયને જે અડે નહિ અને સ્વભાવનું ધ્રુવપણું કાયમ રાખે, એ સૂક્ષ્મ પરિણામ એવા કર... આ..હા..હા...! એટલે કે બહિર્મુખમાંથી ખસીને અંતર્મુખ જવાના જે પરિણામ તે સૂક્ષ્મ અને તીક્ષ્ણ કરીને પકડે તો ખરેખર તો રાગથી તો ભિન્ન થાય, પણ પર્યાય જેને **જા**ણે છે એ પર્યાયથી પણ વસ્તુ ભિન્ન છે, એવું ભેદજ્ઞાન થાય. આમ રામ છે.

શું કરે ? અત્યારે પ્રભુના માર્ગનું બહુ ઓ'લું કરી નાખ્યું. બધાએ ભેગા થઈને વીંખી નાખ્યું. જેમ ઓ'લું ગોદડું હોય ને, ગોદડું ? તળાઈ... તળાઈ ! આ..હા..હા...! એ ગોળના રવા પાસે તળાઈ પડી હોય, ગોળના રવા, ગોળના રવા હોય ને ? મોટા મોટા ચાર ચાર મણના (હોય), એમાંથી ઓગળે, ગોળ ઓગળે, તો તળાઈ ને ગોદડાં બધા ગળ્યા થઈ **જા**ય. એને કૂતરા આવે તો સ્વાદ લેવા આખી તળાઈને વીંખી નાખે. આ..હા..હા...! એમ આ ભગવાન પૂર્ણાનંદનો નાથ અખંડ અભેદ, એમાં સૂવા જેવું, એમાં રહેવા જેવી ચીજ છે. એને આ પર્યાયબુદ્ધિવાળા, રાગબુદ્ધિવાળા વીંખી નાખ્યું, એને પીંખી નાખ્યું. આ..હા...! આકરી વાત, બાપુ ! આ તો સત્યના ઉદ્ઘાટનને માટે છે. કોઈ વ્યક્તિના અનાદર માટે એ નથી, પ્રભુ ! ઇ આત્મા ભગવાન છે, ભાઈ ! આ..હા...! કોઈ વ્યક્તિનો અનાદર (કરવા માટે કે) એની નિંદા માટે આ વાત નથી, પ્રભુ ! આ તો સત્ય કેવું હોય અને સત્ય કેમ પકડાય ? એ તો સત્યના ઉદ્ઘાટનનો વખત છે. આ..હા..હા...! અરે...! મનુષ્યપણું અનંતકાળે મળ્યું એમાં આ રીતે સૂક્ષ્મ પરિણામથી ત્રિકાળી સૂક્ષ્મ (સ્વભાવ) અનુભવમાં ન આવે (તો) કરવાનું તો એ હતું. આ..હા..હા...!

મુમુક્ષુ :– ત્રિકાળીને સૂક્ષ્મપણે પકડે કઈ રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ જ્ઞાનના પરિણામ સૂક્ષ્મ (છે), આ રાગ જેવા એ પરિણામ નથી. રાગ જેવા એ **જા**ણવાના પરિણામ નથી. એથી એને પરિણામમાં જરી લક્ષ **જા**ય તો એની સૂક્ષ્મતા થાય. આ..હા..હા...!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ ત્યારે એને પકડે. આ પરિણામ છે એનો **જા**ણનારો આ છે અથવા આનો **જા**ણનાર આ પ્રમાણે છે. આ..હા..હા...! એવું અટપટું છે. એ **૫૯** (બોલ પૂરો) થયો. **૫૯** થયો ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરી ફરી નહિ મળે. ૬૦.**

હવે, ૬૦. 'અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો...' ગતિ ગતિની, જન્મ-મરણની ગતિમાં કતારમાં.. આહા.હા...! પરિભ્રમણ કરતો કરતો. એકેન્દ્રિયના, બેઈન્દ્રિયના, ત્રણઇન્દ્રિયના, ચારઈન્દ્રિયના, પંચેન્દ્રિયના, મનુષ્યના, નારકીના, કીડાના, કાગડાના, ઢોરના એવા અવતાર અનાદિથી કર્યા. આ..હા...! 'ભમતો ભમતો, સુખની ઝંખનામાં...' આત્મામાં સુખ છે એની ખબર નથી. મારો પ્રભુ જ સુખરૂપ છે, મારા સુખ માટે કોઈ પરપદાર્થની અપેક્ષા છે નહિ. એવી જેને ખબર નથી એ 'સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો,...' આ..હા...! સુંદર રૂપ, પ્રશંસાની ભાષા.. આ..હા..હા...! પૈસા મેળવવામાં, બાયડી અનુકૂળ મેળવવામાં, છોકરા ઠીક જાગ્યા એમાં દોડતો દોડતો પોતે એમાંથી સુખ મળશે એમ વિષયની ઝંખનામાં અનાદિથી દોડતો ફરી રહ્યો છે. આનંદનો સાગર તો પોતે છે ત્યાં તો જોતો નથી. ત્યાં જોવા નવરાશ, ફૂરસદ લેતો નથી. આ..હા..હા...!

'સુખની ઝંખના...' સુખની ભાવના, ઇચ્છા. 'વિષયોની પાછળ...' નિંદા–પ્રશંસાના શબ્દો, રૂપ – કુરૂપ-સુરૂપ, એમ રસ અનુકૂળ-પ્રતિકૂળ, સ્પર્શ અનુકૂળ-પ્રતિકૂળ. આ..હા..હા...! એ વિષયોની પાછળ.. આ..હા...! 'દોડતો, દોડતો...' ત્યાં ગતિ કરી રહ્યો છે પણ જ્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા આનંદસ્વરૂપ અંદર છે ત્યાં ગતિ કરવાની સૂઝ પડતી નથી. આ..હા..હા...! ભગવાન નજરે – આંખેં દેખવા, એ પણ વિષય છે. ઇન્દ્રિયનો વિષય છે. ભગવાનની વાણી એ પણ ઇન્દ્રિયનો વિષય છે અને ઇન્દ્રિય છે. ભગવાન પોતે સાક્ષાત્ ત્રણ લોકના નાથ હો, એ પણ ઇન્દ્રિયનો વિષય અને ઇન્દ્રિય છે. આ..હા..હા...! એ પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખને માટે, ધર્મને માટે.. ધર્મને માટે એટલે સુખને માટે.. આ..હા..હા...! 'વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.' અનાદિકાળથી એની એક પળ પણ અનંતા દુઃખ વેઠ્યા વિનાની ગઈ નથી.

અબજોપતિ હો કે જૈનનો પંચ મહાવ્રત પાળનારો સાધુ હો,.. આ..હા..હા...! એને ખરેખર પરની ઝંખના છે. આહા...હા...! એની પાછળ દોડતો દોડતો. આ..હા..હા...! ભગવાન પાછળ દોડતો દોડતો, એ પણ પાછળ દોડે તો એ તો રાગ છે. આ..હા..હા...! 'ગિરનાર' ને 'શેત્રુંજય' ને 'સમેદશીખર'.

મુમુક્ષુ :– 'સોનગઢ' આવે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ અહીં ક્યાં એનું સુખ પડ્યું છે ? સુખને માટે ત્યાં શોધીને જાઉં તો ત્યાં સુખ મળશે, એમ છે ? આ..હા..હા...! ઓ'લા (એક ભાઈએ) કહ્યું હતું ને ? 'વઢવાણ'ના નહિ ? (એ) આવે છે ને ? એને કોઈએ પૂછ્યું કે, એલા તમે નિમિત્તથી ન થાય એમ તો માનો છો છતાં તમે વારંવાર 'સોનગઢ' જાઓ છો (તો) એ નિમિત્ત છે. આ શું ? ત્યારે એણે જવાબ આપ્યો કે, નિમિત્તથી થતું નથી અને નિમિત્ત કાંઈ કરતું નથી એવો નિર્ણય કરવા માટે ત્યાં જઈએ છીએ. આ..હા..હા...! જરી ડાહ્યો માણસ છે. બીજા એક ભાઈ હતા ઇ ગુજરી ગયા, નહિ ? ઇ વીશા શ્રીમાળી (હતા), આ દશા શ્રીમાળી (છે). આ..હા..હા...!

એ 'અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.' 'સમયસાર'ની ૭૪ ગાથામાં તો એમ કહ્યું છે કે, શુભભાવ જે છે એ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. એમ કહ્યું છે. આ..હા...! ગજબ વાતું છે, બાપા ! એટલે શું ? કે, તું જે શુભભાવ કર, દયા, દાન, વ્રત, તપ આદિ શુભ (ભાવ કર) એનાથી પુણ્ય બંધાશે. પુણ્ય બંધાશે એનાથી સંયોગ મળશે. ચાહે તો વીતરાગની વાણી મળે ને વીતરાગ મળે તો એ સંયોગ છે. અને તને શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને એના ફળ તરીકે પણ દુઃખરૂપ (છે). કારણ કે તું સાંભળવા જઈશ ત્યાં રાગ થશે અને રાગ દુઃખરૂપ છે. આ..હા...! આવી વાત ! કઠણ વાત છે, પ્રભુ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું થાય ? આ..હા...!

'અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.' આ..હા..હા...! 'કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા...' સત્ય સુખ. સુખ તો આત્મામાં છે, ભાઈ ! પાંચ ઇન્દ્રિયના વિષયો એટલે, વિષયો એટલે આ ભોગ ને પૈસા ને એટલા એમ નહિ, આ..હા..હા...! જે કંઈ કાને અને આંખે દેખવામાં ચીજ આવે, એ બધા વિષયો છે. આ..હા..હા...! એને પરને જોવા માટે અને પરને મેળવવા માટે તારી ઝંખના, એ બધું દુઃખ વેઠ્યું છે. આ..હા..હા...! આવી વાત સાંભળતા કઠણ પડે. અરે...! કોઈ દિ' એણે વીતરાગ પરમેશ્વર, એનો માર્ગ શું છે, એટલે કે તારો સ્વ-આશ્રય માર્ગ શું છે (એ સમજવાની દરકાર કરી નથી). આ..હા..હા...! (સ્વ-આશ્રયે માર્ગ છે) એમ ન માનતા પર-આશ્રયમાં દોડતો, પર-આશ્રયમાં જ્યાં હોય ત્યાં ભટકતો, ભટકતો (રખડે છે). આ..હા..હા...! 'શેત્રુંજય' જાઈએ તો ધર્મ થાય, 'ગિરનાર' જાઈએ તો થાય, 'સમેદશીખર'(થી) તો બહુ ભગવાન મોક્ષ પધાર્યા, ત્યાં જાઈએ તો થાય. ત્યાં જાય તો ત્યાં ક્યાં ધર્મ છે ? ત્યાં ક્યાં સુખ છે ? ધર્મ અને સુખ તો અહીં અંદર છે. આ..હા..હા...!

'કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો,...' (કોઈ એમ કહે કે,) આવી વાત શું કરે છો ? આવું ઝીણું ? લ્યો, સુખ મારા આત્મામાં છે તો અમે તો અનાદિથી છીએ. કેમ અમને સુખ નથી આવતું ? સુખ આત્મામાં છે ? તો અમે તો અનાદિના છીએ અને અમને સુખ તો કાંઈ મળ્યું નથી. એમ બતાવનારા મળે તો પણ આમ શંકા કરે. પણ એ સુખ જ્યાં છે ત્યાં તું ગયો નથી, તેને આદર્યો નથી તો કેવી રીતે મળે ? આ..હા..હા...! 'મળ્યા તો શંકા રાખીને અટક્યો,...' એક વાત. અટકવાની વાત છે.

'કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરી...' એ તો બધી ઝીણી વાતું કર્યા કરે એમ કરીને છોડી દીધી. ક્યાં આત્મા ને અંદરમાં સુખ છે, અંદરમાં જા તો તને આનંદ મળે એ બધી વાતું (કરે છે), કાંઈ કરવાનું કહેતા નથી અને આ જુઓ (એમ કહ્યા કરે છે). કરવાનું કહેતા નથી. કરવાનું કહે તો કરી પણ શકીએ. આ તો કહે, કાંઈ કરવા જઈશ તો તને દુઃખ, મિથ્યાત્વ થશે. આ..હા..હા...! આવો વીતરાગનો માર્ગ હશે ? આ..હા...! 'સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો,...' એવો માર્ગ, આવો ન હોય. આવું કાંઈ હજી પકડાય નહિ, સમજાય નહિ, એવો માર્ગ ? આ..હા..હા...! બાપુ ! એ માર્ગ એવો છે. આ..હા..હા...! બે વાત થઈ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો,...' અંતરમાં જવાનો જે પુરુષાર્થ છે એ ન કર્યો અને બહારના આ પુણ્ય ને દયા, દાન, વ્રત, ભક્તિ, એ પુરુષાર્થ કરીને ત્યાં અટકી ગયો. એમાં આત્મા ન પામ્યો. 'કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો.' શુભમાં અટક્યો, એ તો પાછો પડ્યો. અંદર જવું છે એ પુરુષાર્થ ન કર્યો. આ..હા..હા...! શુભભાવનો પુરુષાર્થ કર્યો, વાંચનનો, મનનનો એ પુરુષાર્થ કર્યો પણ અંદર જવાને માટે જે પુરુષાર્થ જોઈએ, એ પુરુષાર્થ ન કર્યો. ઝીણી વાત બહુ. આ..હા..હા...!

'પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે...' અંતરમાં જવાનો જે કાંઈ પુરુષાર્થ જોઈએ એ ન કર્યો. ત્યાંથી અટક્યો અને પડ્યો. આ..હા..હા...! દ્રવ્યસંયમ પાળ્યા. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક ઊપજ્યો, ફેર પીછે પટક્યો' સજ્ઝાયમાં આવે છે. પંચ મહાવ્રત, હજારો રાણી છોડી, દયા, દાન, એને માટે કરેલો આહાર ન લે, નિર્દોષ આહાર (લે), અમને આ ખપે નહિ, અમને આમ ખપે નહિ, ચંડાળનો દીકરો બ્રાહ્મણને ઘરે ગયો તો (કહે), અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ. એમ શુભભાવમાં આવ્યો એટલે આ અમારે ખપે નહિ, સુખ ખપે નહિ, બાયડી ખપે નહિ (એમ કહે). પણ શુભભાવ એ પોતે ચંડાળણીનો દીકરો છે. એમાં લખ્યું છે, 'કળશ ટીકા'માં. આ..હા..હા...! જેમ એ ચંડાળણીના ઘરે ઉત્પન્ન થયેલા બે દીકરાઓ. એક ત્યાં ઘરે રહ્યો, એક બ્રાહ્મણને ઘરે ગયો. ઇ કહે, અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ. છે તો બેય ચંડાળણીના દીકરા. એમ શુભભાવવાળો, ચંડાળણીના ઘરે રહ્યો એ તો અશુભભાવ(માં રહ્યો), દારૂ પીવે, દારૂમાં ન્હાય એમ કરે. અને આ કહે, અમારે ખપે નહિ. વિષયકષાય ખપે એમ માનનારા તો અશુભમાં જાય છે. પણ આ વિષયકષાય ન ખપે, આ અમારે ન ખપે. પણ એ તો બધો શુભભાવ છે. આ..હા..હા...! આત્મા ખપે છે, એમાં આ ખપે નહિ એમ આવી ગયું. પણ આ આત્મા ખપે છે એ બાજુ ન આવ્યો. આ..હા..હા...! કેટલાકે તો આવું પહેલુંવહેલું સાંભળ્યું હોય. આવું શું હશે આ તે ? બાપુ ! માર્ગ તો એ છે, ભાઈ ! આ..હા..હા...!

'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો.' આ..હા..હા...! કોઈ વાર એમ થયું કે, હમણાં થોડો વખત છે, હજી તો જુવાની છે પછી કરીશ. આ..હા...! કાલે છાપામાં આવ્યું હતું, વાંચ્યું હતું ? 'બિહાર'માં દેશ છે. કેવો ? 'સહેદગામ' ભાઈ કહેતા હતા. લગ્નનો દિવસ (હતો), મંડપ (બાંધેલો). લગ્નના દિવસે બેય આવ્યા. પતિ-પત્ની બેય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેઠા, મંત્ર જપે છે. તરત મંત્ર જપતાં જપતાં, ત્યાં હાર્ટ ફેઈલ, વરનું હાર્ટ ફેઈલ. કાલે આવ્યું છે. આ..હા..હા...! એવું તો અનંત વાર થઈ ગયું છે, એક વાર નથી થયું. ઈ કો'કને થાય એવું અનંત વાર થઈ ગયું છે. અનંત કાળમાં અનંત વાર તારે પણ થઈ ગયું છે. એનો દાખલો આપીને એને થયું છે એમ નહિ. આ..હા..હા...! એ જુવાન માણસ હશે. આ..હા..હા...!

એક તો પહેલા સાંભળ્યું હતું કે, લગ્ન વખતે પગ હેઠે હતા ને મંડપમાં સર્પ આવ્યો, કરડ્યો ને ત્યાં ધણી મરી ગયો. વર ત્યાં ને ત્યાં મરી ગયો. એવું તો સાંભળ્યું હતું. પણ આ તો એકદમ હાર્ટ બંધ થઈ ગયું. આ..હા..હા...! નાશવાન ચીજમાં શું ન થાય ? આ..હા..હા...! એને જરી પહેલા દુઃખાવો તો ઉત્પન્ન થયો હશે, પણ પરણવાની હોંશમાં... આ..હા..હા...! એકદમ હૃદય બંધ થઈ ગયું, હાર્ટ બંધ થઈ ગયું. આ..હા..હા...! લગ્નના મંડપ નીચે. ચીઠ્ઠી હતી, કો'ક લાવ્યું હતું. શેમાં હતી ઈ ? હિન્દી ? ગુજરાતી. 'ગુજરાત સમાચાર', ઠીક ! આ..હા..હા...! કેવી સ્થિતિ ! આ..હા..હા...! આવા ભાવમાં મરીને બિચારા જાય ક્યાં ? તિર્યંચ થાય. કારણ કે બિચારા આર્ય માણસ હોય, માંસ તો ખાતા ન હોય. દારૂ, માંસ ખાતા ન હોય એટલે નરકમાં તો ન જાય પણ આ..હા...! અહીં વર પરણવાનો પ્રસંગ અને મરીને કુકડા ને બકરાના બચ્ચા (થાય). આ..હા..હા...! આવા અવતાર કર્યા, બાપુ ! એવા અનંતા અવતાર કર્યા, એમ કહે છે ને ? જુઓ ને !

આ જીવ, 'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો.' આ..હા..હા...! હમણાં જુવાની છે, કાંઈક વૃદ્ધાવસ્થા થાશે ત્યારે કરશું. આ..હા..હા...! એમાં આ વૃદ્ધાવસ્થા આવે, રોગ આવે. આ..હા..હા...! થઈ રહ્યું, હવે અમે શું કરીએ ? એમ કંઈ કંઈ પ્રસંગમાં સ્વરૂપમાં જવામાં અટક્યો છે, કહે છે. આહા.હા...! અટકવાના અનંત કારણો અને અંતર જવાનું એક જ કારણ. આ..હા..હા...! અંતર ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લેવો એ એક જ કારણ. અને અટકવાના તો અનંત કારણ. અમે આટલું તો કર્યું, બ્રહ્મચર્ય તો પાળીએ છીએ. જાવજીવનું બ્રહ્મચર્ય છે, અમે સ્ત્રીને કોઈ દિ' અડ્યા નથી, સ્ત્રી એમ કહે કે, અમે પુરુષને અડ્યા નથી. આટલું તો કર્યું છે કે નહિ ? પણ શું કર્યું એમાં તેં ? એ તો કોઈ રાગની મંદતા રાખી હોય તો એને શુભભાવ કહેવાય. એ એમ માનીને અટક્યો, અંદર ન ગયો. આ..હા..હા...! અમને આટલું જાણપણું તો છે ને ! બસ ! જાણપણું છે તો હળવે હળવે કામ કરશે, એમ કરીને પણ અટક્યો.

'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો,...'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે આ દેહની વાત કરે છે. પૂર્વના પુણ્યને કારણે દેહ મળ્યો. 'આ દશા પામ્યો,...' સાંભળવાની. 'આવા સત્પુરુષ મળ્યા;...' ધર્માત્મા (મળ્યા). 'હવે **જો** પુરુષાર્થ નહિ કરે...' આ..હા..હા...! ક્યારે કરીશ ? પ્રભુ ! આ..હા..હા...! 'પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે ?' આ..હા..હા...! હમણાં નહિ, હમણાં નહિ પછી કરશું. પછી કરશુંનું પછી રહેશે. અહીં તો શાસ્ત્રના શબ્દો એવા છે, આજ જ કર ! આ..હા..હા...! અને અમે દેહ અને આત્માને ભિન્ન કરીને બતાવ્યો, કોને એ ભિન્ન અનુભવ ન થાય ? આ..હા..હા...! વાણી તો જુઓ ! એક શ્લોક આવે છે ને ? દેહ, કાયા.. આ..હા..હા...! કાયામાં તો રાગાદિ આવી **જા**ય. રાગ ને કાયા બે ભિન્ન પ્રભુ અંદર (છે). આ..હા..હા...! આવું જેણે બતાવ્યું અને જેણે સાંભળ્યું અને જેના લક્ષમાં આવ્યું.. આ..હા..હા...! એવો કોણ **જી**વ છે કે હવે ન પામે ? એમ કહે છે. આ..હા..હા...! દિગંબર સંતોની વાણી.. આ..હા..હા...! એની આગળ બી**જા** ભરે પાણી ! એવી વાણી છે. આ..હા..હા...!

'હવે **જો** પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે **જી**વ ! પુરુષાર્થ કર;....' આ..હા..હા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન છે, એના તર**ફ**નો પ્રયત્ન કર. શુભરાગ અને પર્યાયબુદ્ધિમાં અટક્યો છો, તો હવે એ બુદ્ધિને છોડ. આ..હા..હા...! મહાપ્રભુ અનંત ગુણનો રાશિ ! આ..હા..હા...! એવો ચૈતન્ય હીરો જેમાં અનંત ચૈતન્ય રત્નાકર દરિયો ! ચૈતન્યરત્નનો આખો દરિયો ભર્યો છે ! ઓ..હો...! એને (મેળવવા) હવે તો પુરુષાર્થ કર. આ..હા..હા...!

'આવી **જો**ગવાઈ અને સાચું આત્મસ્વરૂપ...' આ..હા..હા...! 'બતાવનારા સત્પુરુષ **ફ**રી **ફ**રી નહિ મળે.' આ..હા..હા...! એવું સ્વરૂપ અને એવો **જો**ગ અનંતે કાળે મળે એ વખતે નહિ કરે તો ક્યાં કરીશ ? કે દિ' (કરીશ) ? આ..હા..હા...! પણ કરવાનું શું ? રાગથી ભિન્ન પાડીને સ્વરૂપમાં દૃષ્ટિ કરવી એ કરવાનું છે. આ..હા..હા...! આકરી વાતું છે. શાસ્ત્રના **જા**ણપણા લાખ, કરોડ કર્યાં હોય તો પણ એને છોડીને અંતર વસ્તુમાં જવાનું એ કરવાનું (છે). એનું નામ સમ્યગ્દર્શન. આ..હા..હા...! અહીં તો દેવ, ગુરુ ને શાસ્ત્ર મળ્યા અને ભક્તિ થઈ એટલે સમકિત થઈ ગયું. અરે... બાપુ ! એવું તો અનંત વાર માન્યું છે, તેં કર્યું છે. ત્યાં અટક્યો. અટકવાનું સાધન, પાછો ત્યાં અટક્યો. આ..હા..હા...! 'આવી **જો**ગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ **ફ**રી **ફ**રી નહિ મળે.' આ..હા..હા...! ૬૦ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેને **ખરેખરો** તાપ લાગ્યો હોય, જે સંસારથી કંટાળેલ હોય, તેની આ વાત છે. વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે જ નહિ. કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ. જેને જેની રુચિ-રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે; 'રુચિ અનુયાયી વીર્ય'. જ્ઞાયકના ઘૂટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે, તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. ૬૧.

૬૧. 'જેને ખરેખરો તાપ લાગ્યો હોય,...' ભવભ્રમણનો તાપ – દુઃખ (લાગ્યું હોય). સવારમાં આવ્યું હતું ને ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. આ..હા..હા...! જેને ભ્રમણ પ્રગટ થયું છે. રખડાવ જીવ, એને ભ્રમણ પ્રગટ થયું છે. આ..હા..હા...! સવારમાં આવ્યું હતું. બધા જીવોને એવી રીતે લીધા. સમસ્ત જીવો, કેટલાક તો હજી બધા સંયોગોને પામ્યા નથી એવા જીવ છે. બધા ક્ષેત્રે જન્મ્યા નથી એવાય જીવ છે. દરેક કાળમાં સમયે સમયે જન્મ્યા નથી એવાય જીવ છે. કોઈ અનંત ભવ બહારના કર્યા નથી એવાય જીવ છે. આ..હા..હા...! શુભાશુભભાવ કર્યા એવા જીવ છે. આ..હા..હા...! એ બધાએ આવા કર્યા, એમ કહે છે. આ..હા...!

'ખરેખરો તાપ લાગ્યો હોય,...' ભવનું દુઃખ લાગ્યું હોય. આ..હા..હા...! 'જે સંસારથી કંટાળેલ હોય,...' સંસાર શબ્દે નરક ને તિર્યંચ ગતિ એમ નહિ, ચારે ગતિ. એ ચાર ગતિ સંસાર છે. સ્વર્ગ પણ સંસાર છે. આ..હા..હા...! 'પંચાસ્તિકાય'માં આવે છે ને. પેલી ગાથા નહિ ? ચાર ગતિ પરાલંબન. આ..હા..હા...! એને મૂકવાનો ઉપાય ભગવાન બતાવે છે. ચારે ગતિ. ઓ'લામાં આવે છે, દોહરામાં આવે છે, 'ભવભયથી ડરી ચિત્ત' ભવભયથી, હોં ! નરકના દુઃખ ને તિર્યંચના દુઃખથી એમ નહિ. આ..હા..હા...! ભવ કરવો એ ભય, 'ભવભયથી ડરી ચિત્ત' ચિત્તમાં ભવ (કરવાનો) ડર. આ..હા..હા...! એવું જેનું ચિત્ત ભવભયથી ડર્યું છે એ જીવોએ 'સંસારથી કંટાળેલ હોય,...' એમ. 'તેની આ વાત છે.' જેને સંસારમાં મજા લાગતી હોય.. આ..હા...! એની આ વાત નથી. પૈસા છે, શરીર ઠીક છે, નિરોગતા છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છોકરાઓ સારા છે, એવું કંઈ પણ જેને ઠીક લાગે અને એનાથી તાપ લાગ્યો ન હોય, આ બધું તાપ અને દુઃખ છે, એને માટે આ વાત નથી. એને એ વિચારવાનું ટાણુંય ક્યાં છે ? આ..હા..હા...! અને જગતના પ્રાણીઓ જન્મ્યા પછી બાળક ને પછી પરણે ને પછી રળે એ **જા**તનો આખી દુનિયાનો અભ્યાસ. એની સામું **જો**તા આ દુનિયા કરે એવું મારે કરવું છે (એમ થાય). બધા મોટા રા**જા**, મોટા પૈસાવાળા કરોડોપતિના છોકરાઓ દુકાનમાં બેસે છે, પછી પરણે છે, નોકરોને સાચવે છે, આખી દુનિયા કરે છે એ **જા**તનું મારે કરવું. આ..હા..હા...!

'વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે...' **જો**યું ? પુણ્ય-પાપનો ભાવ છે એ વિભાવ છે, એનાથી – વિભાવથી કંટાળેલો હોય. આ..હા..હા...! 'અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે જ નહિ.' આ..હા..હા...! 'કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ.' આ..હા..હા...! જેટલું સ્વરૂપની દૃષ્ટિનું, સ્થિરતાનું કારણ આપે એટલું કાર્ય થાય જ. કારણ ઓછું આપે કાર્ય વધારે આવે એમ હોઈ શકે નહિ. આ..હા..હા...! અંતરને માટે રાગથી ભિન્ન પડી અને ભેદજ્ઞાનનું કારણ આપે એને કાર્ય થયા વિના રહે નહિ. આ..હા...! એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા વિના રહે નહિ. આ..હા..હા...! કારણ આપે અને કાર્ય ન થાય એ વસ્તુ છે નહિ. કેટલાક એમ કહે છે કે, અમે ઘણું વાંચીએ છીએ, નિવૃત્તિ પણ (છે), પણ થાતું નથી. પણ જેટલું કારણ દેવું **જો**ઈએ તેટલું કારણ આપ્યું નથી માટે કાર્ય થાતું નથી. આ..હા..હા...! જેટલું કારણ અંદરમાં દેવું **જો**ઈએ તેટલું કારણ આપ્યા વિના કાર્ય થવા માગે (તો એ) ભ્રમમાં પડ્યો છે. આ..હા..હા...! ભારે વાતું ! આવો ઉપદેશ !

'જેને જેની રુચિ–રસ હોય ત્યાં સમય ચાલ્યો **જા**ય છે;...' જેમાં જેનો રસ પડે એને કાળ કેટલો ગયો એની ખબર ન પડે, એમ કહે છે. આ..હા..હા...! 'જેને જેની રુચિ–રસ હોય ત્યાં...' કાળ ચાલ્યો **જા**ય છે. ખબર ન પડે, દિવસ ગયા. આ..હા...! પોતાના સ્વરૂપના રસમાં આવે (તો) કેટલો કાળ ગયો એની ખબર ન પડે. આ..હા...! 'રુચિ–રસ હોય ત્યાં સમય ચાલ્યો **જા**ય છે;...'

'રુચિ અનુયાયી વીર્ય' જુઓ ! જેની રુચિ છે, જેની જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. આ..હા..હા...! દુનિયાની એને જરૂરિયાત લાગી છે, બી**જા** જે રીતે કરે એ પ્રમાણે આપણે કરીએ. એવી રુચિ લાગે તો એ પુરુષાર્થ કર્યા કરે. આખો દિ' રળવું ને આ ને આ ને પાપ. છોકરાને સાચવવા, બાયડીને સાચવવી.. આ..હા..હા...! જેમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેની જરૂરિયાત જણાય ત્યાં તે પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. આ..હા...! એમ આત્માની જરૂરિયાત જણાય ત્યાં અંતરમાં પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. આહા..હા....! છે ?

'જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે,...' આ..હા..હા...! જ્ઞાયક સ્વભાવ.. જ્ઞાયક સ્વભાવ.. જ્ઞાયક ભાવ. 'દિવસ-રાત એની પાછળ પડે,...' રાત અને દિ' એની પાછળ પડે, 'તો વસ્તુ પ્રાપ્ત થાય વિના રહે જ નહિ.' વિશેષ કહેશે... શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

અધ્યાત્મ કથનીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો છે તથા ગૌણને વ્યવહાર કહ્યો છે. મુખ્યને નિશ્ચય કહ્યો એમાં સિદ્ધાંત છે. નિશ્ચયને મુખ્ય કહ્યો નથી. કેમ કે અધ્યાત્મમાં નિશ્ચયનયનો વિષય જ મુખ્ય રહે છે તેથી મુખ્યને નિશ્ચય અને નિશ્ચયને મુખ્ય કહેવામાં મોટો આંતરો છે. ગૌણને વ્યવહાર કહેલ છે. અધ્યાત્મમાં વ્યવહાર કદી મુખ્ય થાય નહિ. એક આત્મામાં નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે છે. એમાં આત્મા અખંડ ધ્રુવ એકરૂપ છે. તેની મુખ્યતા તે જ નિશ્ચય છે. કેમ કે દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટે છે, ટકે છે અને વધે છે, તે પ્રયોજન દ્રવ્યથી સધાય છે. માટે અધ્યાત્મમાં મુખ્યને નિશ્ચય કહ્યો છે. વ્યવહારથી કે નિમિત્તથી ધર્મની પર્યાય પ્રગટ થતી નથી, ટકતી નથી, અને વધતી પણ નથી. તેથી અધ્યાત્મમાં વ્યવહારની મુખ્યતા આશ્રયે સાધકપણું છે. વ્યવહારથી સાધકપણું નથી. તેથી એમાં કદી વ્યવહારનું મુખ્યપણું થતું નથી, પણ ગૌણપણું જ રહે છે. નિશ્ચયનું ગૌણપણું કદી થતું નથી કેમ કે પ્રયોજન તો અખંડ દ્રવ્યના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ કરવી તે છે. તેથી મુખ્ય તે નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે. (પરમાગમસાર - ૭૮૭)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને–ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તો પણ – સમ્યક્ત્વસન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ૬૨.**

**જેઠ વદ ૪, શનિવાર, તા. ૨૪-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૬૨-૬૪ પ્રવચન–૧૯**

('વચનામૃત') **૬૧** બોલ થયા છે, નહિ ? **૬૨**. 'જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે...' એટલે શું ? કે, એના લક્ષમાં તો એમ આવવું જોઈએ કે હું એક જ્ઞાયક છું. ભલે સમ્યગ્દર્શન તરત ન પામે પણ હું તો એક જ્ઞાયક ધ્રુવ ચૈતન્ય પદાર્થ છું. પરિપૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવી એવી ચીજ સ્વયં સત્ છે. એવું એને લક્ષમાં પહેલું લેવું જોઈએ. લક્ષ રાખીને જીવ સાંભળે. જોર ત્યાં લક્ષમાં જાય. સાંભળે છતાં એ વસ્તુ જે ચૈતન્ય છે, પરમાનંદ પરિપૂર્ણ તત્ત્વ જે છે, એના ઉપર લક્ષ રહેતાં સાંભળતાં પણ ત્યાં લક્ષનું જોર રહે. આ..હા..હા...!

'ચિંતવન કરે,...' એનું લક્ષ કરીને ચિંતવન કરે કે, આત્મા પરિપૂર્ણ છે, શુદ્ધ છે, આનંદ છે, અખંડ છે, અભેદ છે, એ મહાપ્રભુ ચૈતન્યનું મહાઅસ્તિત્વ છે. એમ એના ચિંતવનમાં વાત લે. આ એને અંદર પામવા માટેની સન્મુખતા છે. સમ્યગ્દર્શન પામવાની આ સન્મુખતા છે. પહેલા એમ કે, વ્રત પાળવા ને ભક્તિ કરવી ને પૂજા કરવી એ કરતા કરતા થશે એ વાત છોડી દઈને. ચૈતન્ય મહાપ્રભુ અંદર છે. બાકી તો પરિભ્રમણના ભાવ તો અનંત કર્યા, અનંત વાર કરે છે. એમાં તો જગત જિંદગી ગાળે છે. પણ એના લક્ષમાં મહાપ્રભુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્ય, એના લક્ષે સાંભળે, એના લક્ષે ચિંતવન કરે.

'મંથન કરે...' આ..હા...! એ ચૈતન્ય જ્ઞાયકભાવ ધ્રુવભાવ શું છે આ ? એમ એના તરફનું મંથન કરે. છે હજી સમ્યગ્દર્શનની સન્મુખ પણ એના વિચારના મંથનમાં આ હોય. આ..હા..હા...! 'તેને–ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય...' તત્કાળ કદાચિત્ એને જેટલું કારણ દેવું જોઈએ એટલું કારણ આપ્યું ન હોય એથી સમ્યગ્દર્શન ન થાય, પણ એના લક્ષે, ચૈતન્યના લક્ષે એ સાંભળી ચિંતવન અને મંથન કરે તો 'સમ્યક્ત્વસન્મુખતા થાય...' (અર્થાત્) સમકિતની સન્મુખ થાય. આ વસ્તુ શું છે આ ? પરિપૂર્ણ જેને કહે છે, અખંડ અભેદ કહે છે, સર્વોત્કૃષ્ટ કહે છે. (એક ભાઈ) એમ કહેતા હતા કે, જગતમાં સર્વોત્કૃષ્ટ હોય તો આત્મા છે, એમ કહેતા. આ..હા...! સર્વોત્કૃષ્ટ ચૌદ બ્રહ્માંડમાં, ચૌદ રાજલોકમાં (આત્મા સર્વોત્કૃષ્ટ છે) એમ કહેતા. પ્રભુ આત્મા સર્વોત્કૃષ્ટ છે એવું એને લક્ષમાં તો આવવું જોઈએ. આ..હા..હા...!

એને 'સમ્યક્સન્મુખતા થાય છે. અંદર દઢ સંસ્કાર પાડે,...' આ..હા..હા...! એ વસ્તુ પરિપૂર્ણ અભેદ અખંડ ચૈતન્યદળ સ્વયં સત્, એના વારંવાર સાંભળીને સંસ્કાર પાડે. આ..હા...! દઢ સંસ્કાર પાડે, જે સંસ્કાર ફરે નહિ. આ..હા..હા...! જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ વર્ણવ્યો છે. આ..હા..હા...! એમ સમ્યગ્દર્શનની સન્મુખ થતાં પણ એવા દઢ સંસ્કાર પડે કે એને સમ્યગ્દર્શન થયે છૂટકો. આ..હા..હા...! મુનિઓ તો એમ કહે છે કે સમ્યગ્દર્શન થયું એ હવે અમારે પડવાનું નથી. આ..હા..હા...! અમારો પ્રભુ પૂર્ણાનંદ સચ્ચિદાનંદ આત્મા અંદર અમને અનુભવમાં આવ્યો, આ આત્મા શુદ્ધ પરિપૂર્ણ છે એ અમારો અનુભવ હવે પલટે એવો નથી. આ..હા..હા...! હવે અમે ત્યાંથી પડીએ એવા નથી, એમ પંચમ આરાના સંતોનો પોકાર આ છે. આ..હા..હા...!

અહીંયાં પણ એની સન્મુખ માટે પણ દઢ સંસ્કાર (પાડે), એમાંથી ઇ કાઢ્યું. ઓ'લું અપ્રતિહત છે ને ! આ..હા..હા...! અંદર એની એવી લગની લાગવી જોઈએ, જ્ઞાયક છું, ચૈતન્ય છું, પરિપૂર્ણ છું, જગતનો સાક્ષી છું. જગત જ્ઞેય છે, હું જ્ઞાતા છું. જગત દશ્ય છે, હું દષ્ટા છું. એવું અંદરમાં લક્ષ રાખીને દઢ સંસ્કાર પાડે. આ..હા...!

'ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે,...' વિચારશ્રેણીમાં એક જ વાતના ઉપયોગમાં ન ટકી શકે તો વિચારધારામાં અનેક પ્રકારે ફેરવે. એમાં ને એમાં, એના લક્ષમાં (ફેરવે) કે, આ ગુણ અનંત છે. એની પર્યાય અનંત, પરિણતિ શુદ્ધ હોવી જોઈએ. એમ ઉપયોગમાં દ્રવ્ય અખંડ અભેદ છે એકલો વિચાર ત્યાં કામ ન કરે તો ગુણભેદ અને પર્યાયભેદનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ વિચાર કરે. સમજાણું કાંઈ ? આ..હા..હા...! 'ઉપયોગ એકમાં ન ટકે...' એક વિચારધારે કદાચિત્ ન રહી શકે તો બીજે ફેરવે. ગુણની સંખ્યા અનંત અનંત અમાપ... આ..હા..હા...! જેની પર્યાયની સંખ્યા અમાપ. જેની પર્યાય એક સમયમાં અનંત એટલી છે કે જેને આ છેલ્લી પર્યાય, એવો જે પર્યાયમાં છેડો નથી એટલી અનંત પર્યાય છે. આ..હા..હા...! ગુણ પણ એના એટલા છે કે એક ગુણની સંખ્યાને છેલ્લો આ, એવો અંત નથી. આહા..હા..! એવું એ દ્રવ્ય છે, એમ ઉપયોગને દ્રવ્યના લક્ષે, ગુણના લક્ષે, પર્યાયના લક્ષે ફેરવે, પણ એના ને એના. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ..હા...!

'ઉપયોગ બારીકમાં બારીક કરે,...' જેમ બને તેમ અંદર પકડવાને જ્ઞાનના વર્તમાન પરિણામનો ઉપયોગ ધીરો થઈને સૂક્ષ્મ કરે. આ..હા...! પ્રભુ સૂક્ષ્મ અરૂપી છે, એને જાણવા માટે ઉપયોગને જરી ઝીણો સૂક્ષ્મ કરે. આ..હા...! આ એને પામવાની રીત અને કળા છે. આ..હા..હા...! બાકી આ વ્રત પાળે ને ભક્તિ કરે ને એમાંથી પમાય, એ તો દૃષ્ટિ ફેર (છે), એનું લક્ષ જ્ઞાયક ઉપર નથી. એને વ્યવહારથી નિશ્ચય થાય, એનું જોર વ્યવહાર ઉપર છે. આ..હા..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, પરિપૂર્ણ બાદશાહ છે. આ..હા..હા...! સવારમાં નહોતું આવ્યું ? એકછત્ર રાજથી મિથ્યાત્વ ચાલે છે. આ..હા..હા...! એમ એકછત્ર રાજથી જ્ઞાયકભાવની મહિમા અંદર આવવી જોઈએ. આ..હા..હા...!

જેમાં જણાય છે તે જ્ઞાયક ભાવ છે. જાણનારો પરમાં જઈને જાણતો નથી. જાણનારો પોતામાં રહીને પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. એમ એણે ઉપયોગમાં વિચારને ત્યાં રોકવો. આ..હા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! મૂળ ચીજને પામવાની રીત જ આખી જુદી છે. એની રીત જ (લોકોએ) બીજી રીતે કરી નાખી. આ..હા..હા...! પડીમા લ્યો ને આ લ્યો ને આ લ્યો.. એમ કરતાં કરતાં થઈ જશે. ભાઈ ! વિકલ્પ જેમાં છે નહિ, એના વિકલ્પ દ્વારા એની પ્રાપ્તિ થાય (એમ ન બને). એમ વિચારના ઉપયોગમાં પણ આ વાત લેવી. ઉપયોગને ફેરવતા ફેરવતા ત્યાં પણ લઈ જવો કે આ તો નિર્વિકલ્પ ચીજ છે, તો એ તો નિર્વિકલ્પ દૃષ્ટિ ને નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ આનંદ, એનાથી તે જણાય એવો છે. એમ સમ્યગ્દર્શન પામવા પહેલાં પણ સમ્યગ્દર્શનની સન્મુખ થવા માટે, આવું ત્યાં વિચારધારામાં આમ કરવું. આ..હા..હા...!

'ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો,...' એ ચૈતન્ય ઘણો જ અરૂપી અને સૂક્ષ્મ (છે), એના તરફના વલણનો જાણવાનો ઉપયોગ સૂક્ષ્મ કરતો. આ..હા...! 'ચૈતન્યતત્ત્વને ગ્રહણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરતો...' જ્ઞાયક છે તેના લક્ષમાં વિશેષ જોર કરતો. ગ્રહણ કરતો એટલે ઇ. 'ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો...' એટલે જ્ઞાનમાં એને લેતો, 'આગળ વધે,...' આ..હા...! 'તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.' આમાં કોઈ એમ ન આવ્યું કે, એ આટલા વ્રત કરે કે શુભરાગ આવો કરે તો એ ક્રમે પ્રાપ્ત થાય.

મુમુક્ષુ :– એનો નિષેધ કરનારા..

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ એમાં છે ક્યાં ? છે તેનો વિચાર કરે. આ..હા..હા...! જે દ્રવ્ય પરિપૂર્ણ છે. બહુ આકરું કામ, ભાઈ ! અરે..રે...!

અહીંયાં તો હજી સમ્યગ્દર્શન – ધર્મની પહેલી સીડી, એને માટે પણ આ રીતે સ્વના લક્ષમાં ઉપયોગને જોડી દે. આ..હા..હા...! એનો વિચાર, એનું મંથન ને એના દૃઢ સંસ્કાર. સૂક્ષ્મ ઉપયોગ કરીને તે તરફમાં ઢળે. આ..હા..હા...! આકરું (છે), બીજું શું થાય ? માર્ગ તો આ છે.

'તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.' આવો જીવ વચ્ચે ગોટાળો ન રાખે કે આ શુભભાવ કરશું ને એનાથી થશે અને આવા વિકલ્પ ઊઠે છે માટે વિકલ્પથી આ પમાશે. ઉપયોગમાં વિકલ્પ આવે પણ એના વિચારમાં એમ ન આવે કે, આનાથી પમાશે. સમજાણું કાંઈ ? આવી જાતનો ઉપદેશ ! અરે..રે...! જન્મ-મરણના થોકડા પડ્યા અંદર, ભાઈ ! દેહ છુટશે, આત્મા એકલો ચાલ્યો જાશે. આ..હા..હા...! એને કોઈ દેહની પર્યાય અડી નથી. આ..હા..હા...! એ પ્રભુ તો દેહની પર્યાયને સ્પર્શ્યો નથી. પોતાની પર્યાય કર્મના ઉદયને સ્પર્શી નથી. આ..હા..હા...! કર્મનો ઉદય જડપર્યાય તે ચૈતન્યના રાગને અડી નથી. આ..હા..હા...! કૃત્રિમ ક્ષણિક રાગ તે ત્રિકાળી સ્વભાવમાં છે નહિ માટે ત્રિકાળી સ્વભાવ રાગને પણ અડ્યો નથી. એવો ઉપયોગ લક્ષમાં રાખીને ચૈતન્ય તરફના સંસ્કાર પાડવા, કહે છે. આ..હા...! આ વાત છે. બીજાને સમજાવવા માટે બહુ ભણવું ને વાંચવું ને એ વાત ન આવી.

(એક વિદ્વાને) લખ્યું છે, આ જન્મજયંતી ઉજવે છે એ ઠીક નથી. કારણ કે દેહ છે એનો જન્મ – ઉત્પત્તિ થઈ. તો એ દેહની ઉત્પત્તિ થઈ એની જયંતી શેની ? એક ન્યાય આપ્યો છે. એમ કે દેહરહિત થાય અને મુનિપણું થાય. અરે...! મુનિપણા ને દીક્ષાનો કાળ, એ જન્મજયંતીનો છે. એક ન્યાય એ આપ્યો છે. આ તો સાધારણ માણસ પણ જરી ઓ'લું કરે તો જન્મજયંતી ઉજવો. શેની પણ જન્મજયંતી ? એ તો દુનિયાના માનમાં પોષાઈ જાવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ..હા..હા...! વાત એક ન્યાયે ઠીક છે. કારણ કે દેહનો સંયોગ થયો.

**મુમુક્ષુ :–** એટલે ઉજવવા જવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બસ, એટલું આપણે તો લેવું. દેહનો સંયોગ થયો માટે ઉજવવા જેવું છે (એમ નહિ). આ..હા..હા...! કેટલાક તો ઉજવવા માટે માણસને તૈયાર કરે અને જ્યાં ઉજવવાનું હોય ત્યાં જાય, ઉજવાય. આ..હા..હા...! ઘણા છે એવા. આ તો એક વાત એની આવી. જેટલો ન્યાય છે એને તો આપણે (સમજવો જોઈએ). એને ઉજવવાના પ્રસંગ કહેવા કે તમે આવો પ્રસંગ ઉજવો અથવા એવા ઉજવવાના પ્રસંગમાં ખાસ જાવું એ તો બધા (માનના પોષણ છે).

**મુમુક્ષુ :–** જ્ઞાની તો ચાહતા નથી પણ ભક્તોને રાગ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ તો એણે કહ્યું કે એને રાગ આવે એનો પણ નિષેધ કરવો. દેહના સંયોગની ઉજવણી શી ? એમ કહે છે. એક ન્યાય એટલો. લોકો તો ભક્તિથી અને કંઈક પૈસા આવે, શાસ્ત્રમાં દેવા ખાતર પણ કરે. જયંતીમાં લાખ-લાખ, સવા લાખ રૂપિયા આવે. આપણે તો અહીં એટલો અંશ લેવો છે કે, દેહનો સંયોગ થયો માટે ઉજવવો છે. એનો અર્થ શું ? એક વાત બીજી છે (કે), કોઈ આત્મા એવો હોય, એવી શૈલી હોય, એવો આત્મા (હોય કે) જાત જુદી હોય અને એવો પાકો નિર્ણય થઈ ગયો હોય. આ..હા..હા...! તે પણ એણે પોતે પોતાને (માટે) કીધું નથી. અથવા ઉજવે તો એની હોંશ પોતે ન કરવી. આ જન્મ તો અંદર આનંદનો નાથ જાગીને ઉઠે... આ..હા..હા...! એ જન્મ છે. જન્મ એટલે ઉત્પત્તિ થવી, સ્વરૂપની ઉત્પત્તિ થવી. આ..હા..હા...! આ..હા...! અને જેને એ ઉત્પત્તિમાં પણ એવો નિર્ણય આવી ગયો હોય કે આ ઉત્પત્તિથી જ કેવળજ્ઞાન લેવાશે, બસ ! આ..હા...! એ જીવન છે, બાકી બધા જીવન દુનિયાના માન માટે (છે). આ..હા..હા...!

અહીં કહે છે, આવા ચૈતન્યને ગ્રહણ કરતો આગળ વધે. આ..હા..હા...! એવા બધા ભાવો ઉપરથી લક્ષ છોડી દે. આ..હા..હા...! 'તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.' એ ૬૨ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેવું બીજ વાવે તેવું વૃક્ષ થાય; આંબાનું બીજ (ગોટલો) વાવે તો આંબાનું ઝાડ થાય અને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય. જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય. સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ. ૬૩.

'જેવું બીજ વાવે તેવું વૃક્ષ થાય;...' હમણાં તમારી વાત થઈ. તમારા સાસરા 'મુંબઈ' વ્યાખ્યાનમાં બોલતા, ખબર છે. હમણાં વાત કરી, તમે ગયા પછી. ત્યાં ઈ યાદ આવ્યા. એના સાસરા એમ બોલ્યા, આ ચૌદ રાજલોકમાં સર્વોત્કૃષ્ટ હોય તો આત્મા છે. કીધું ને ? કીધું, વાહ ! પર ચીજ નહિ, રાગ નહિ ને પર્યાયે નહિ. આ..હા..હા...! કહ્યું હતું ને ? ભાઈ ! વ્યાખ્યાનમાં કહ્યું હતું. 'મુંબઈ' ! ઠીક, ભાઈ ! આ તત્ત્વ સર્વોત્કૃષ્ટ પ્રભુ અંદર (બિરાજે છે). આ..હા..હા...! જેની આગળ કેવળજ્ઞાનની પર્યાયની પણ કિંમત નથી. આ..હા..હા...! એવું સર્વોત્કૃષ્ટ તત્ત્વ એના અસ્તિત્વની હયાતની કબૂલાત કરીને અંદરમાં અનુભવ કરવો. આ..હા..હા...! એ જ વસ્તુ છે. બાકી તો બધું ઠીક છે. આ..હા..હા...!

આ બધી ચીજો, આ બધું એના સ્થાને પડી રહેશે. અમથીએ શું, જે જે પરમાણુ, પુદ્‌ગલ, વાણી, દેહ, જે સ્થાને જે રીતે થવું છે તે રીતે થઈને ત્યાં રહેશે. તું વચમાં ડખલ કરવા જઈશ (કે), આને લઈને આમ થાય છે, મારે આને લઈને આમ થાય છે... આ..હા..હા...! એને ચૈતન્યનું લક્ષ નથી. બહારની ચીજ તો જ્યાં જે રીતે થવાની થાય ને તે રીતે ત્યાં રહેશે. એ તારી કલ્પનાથી થઈને રહેશે એમ છે નહિ. આ..હા..હા...!

'આંબાનું બીજ (ગોટલો) વાવે તો આંબાનું ઝાડ થાય...' આંબાનો ગોટલો (વાવે તો) આંબાનું ઝાડ થાય. 'અને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય.' એમ જેને આત્માના લક્ષે આત્માનો અનુભવ કરવા માટે જેણે એ બીજ વાવ્યા... આહા..હા..! એને આત્મા ફાલશે. પણ જેને બહાર આબરૂ માટે, રાગ માટે, પુણ્ય માટે.. આ..હા..હા...! બહાર પડવા માટે, દુનિયામાં મને ગણે.. આ..હા..હા...! ગણતરી મને કાંઈક લે, લોકો ઓળખે એવા મિથ્યાત્વના બી વાવ્યા હશે... આ..હા..હા...! ત્યાં સંસાર ફળશે. આ..હા..હા...! આવું છે.

આંબાનો ગોટલો વાવ્યે આંબો ફળે, આકોલિયાનું બીજ વાવે તો આકોલિયા ફળે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! એમ પર્યાયબુદ્ધિમાં રાગાદિની વિશેષતા અથવા પરપદાર્થની કંઈ પણ અનુકૂળતામાં વિશેષતા, પ્રતિકૂળતાને છોડવામાં પણ જ્યાં એને છોડવા માટે વિશેષતા લાગે તો એ બધા બીજ તો પરના છે. આ..હા..હા...! એમાંથી તો સંસાર ફળશે. આ..હા..હા...! ચૈતન્યસ્વરૂપ આનંદકંદ પ્રભુ, એનું અસ્તિત્વ કેવડું મોટું છે, એવડા મોટા અસ્તિત્વનું જેણે શ્રદ્ધામાં બીજ વાવ્યું છે... આ..હા...! જ્ઞાનની પર્યાયમાં આવો મોટો પ્રભુ છે એવું બીજ જેણે વાવ્યું... આ..હા..હા...! એમાંથી તો જ્ઞાયક ફળીને કેવળજ્ઞાન થાશે. સમજાણું કાંઈ ? આવી વાત છે.

'જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય.' જેવું કારણ આપે તેવું કાર્ય થાય. આ..હા..હા...! પુરુષાર્થથી સ્વભાવ સન્મુખના કારણ આપે તો તેનું ફળ તે થાય (અર્થાત્) આત્મા મળે. અને એને છોડીને બહારમાં.. આ..હા..હા...! કોઈપણ ચીજની એને આશ્ચર્ય નામ વિશેષતા (લાગે), આત્મા સિવાય કોઈ પણ બાહ્ય ચીજની ચમકતા, એની ચમક એને લાગે.. આહા...હા...! એના ફળ તરીકે તો સંસાર ફળશે. સંયોગી ચીજના માહાત્મ્યમાં સંયોગી ચીજ – ભવ ફળશે. આ..હા..હા...! આત્માનો સંયોગી ભાવ છે, એનો જેને પ્રેમ (છે) અને તેની વિશેષતા (લાગે છે કે), અમે ઘણું કર્યું, પુણ્ય કર્યું, શુભભાવ કર્યો, આખો દિ' શાસ્ત્ર સ્વાધ્યાય કરીએ છીએ, ભગવાનની ભક્તિ (કરી છે), ભક્તિ કરીએ છીએ, ભક્તિ કરાવીએ છીએ, સમજાવીએ છીએ... આ..હા..હા...! એની જેને અંતરમાં વિશેષતા લાગે તો એના ફળ તરીકે સંસાર ફળશે. ત્યાં પરિભ્રમણ (ફળશે). આ..હા..હા...! એ કાગડા, કૂતરાના ભવો બાપા ! એમાં જાવું પડશે. આ..હા...! કષાય આડોડાઈ બહુ રોપી છે એને એવા ભવ નિગોદાદિમાં જશે.

પ્રભુ 'કુંદકુંદાચાર્યદેવ' તો ત્યાં સુધી કહે છે, આ..હા..હા...! વસ્ત્રનો કટકો રાખીને પણ સાધુ માને, મનાવે, માનતાને સારા માને (એ) નિગોદ જશે. આ..હા..હા...! આકરું કામ, ભાઈ ! કઠણ કામ, બાપા ! આ..હા..હા...! કેમ ? એમાં નવે તત્ત્વની ભૂલ ઊભી થાય છે. એના બીજડામાં તો મિથ્યાત્વ છે. આ..હા..હા...! અને એ મિથ્યાત્વ જેને પોષાય છે, પોષણ કર્યું છે, આ..હા..હા...! પોતે કર્યું છે અને બીજાને એવા મિથ્યાત્વના પોષણ કરાવે છે, પ્રભુ ! એનું ફળ શું ? બાપુ ! આકોલિયાના ફળમાં આકોલિયા પાકશે. આ..હા..હા...! ત્યાં કોઈની સફારશ ચાલે એવું નથી કે, અમે આટલાને સમજાવ્યા હતા, આટલાને પક્ષમાં લીધા હતા. આ..હા..હા...! આટલા લોકો મારી પ્રશંસા કરતા, પ્રશંસા કરતા. ભાઈ ! તને ત્યાં શું કામ આવશે ? આ..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...! સાદી ભાષામાં પણ..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! પેલા (દેરાવાસીના સાધુને) વાંચીને એમ થઈ ગયું, આ..હા.હા...! નહીં તો એ તો મોટો સાધુ ને સભામાં ભાષણ આપે છે. એણે આમ (પુસ્તક) જોયું ને, આ..હા...! સાદી ભાષા ને ભાવ.. ખુશ થઈ ગયો. (કહ્યું), મને પુસ્તક આપો, હું લઈ જઈશ. આ..હા..હા...!

'જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય. સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ.' આ..હા..હા...! સાચા પુરુષાર્થમાં એ (કે), સ્વસન્મુખમાં વીર્યને રોકી. અનુયાયી વીર્ય. આ..હા..હા...! રાત ને દિન એ વાતમાં એને ખટક ખટક હોય. આ..હા...! મારો પ્રભુ ચૈતન્ય છે, જ્ઞાયક છે. એ ચીજ સિવાય કોઈ ચીજ મારી છે નહિ. આ..હા..હા...! ચેલા ને ચેલીયું ભેગી થાય, મેં આટલા ચેલા બનાવ્યા ને આટલી ચેલી બનાવી. પ્રભુ ! શું કરે છે ? પરનું શું કર્યું તેં ? અમને માનનારા આટલા ભેગાં કર્યા. ભાઈ ! તેં શું કર્યું ? તું તો જ્ઞાયક જાણનાર સિવાય કોઈ વિકલ્પનોય કર્તા નથી ને. તો કોણે બનાવ્યા ? કોણ તારાથી બન્યા ? પ્રભુ ! આ..હા..હા...!

સાદી ભાષામાં પણ (કેવું કહ્યું છે) ! 'કારણ આપીએ તેવું કાર્ય થાય. સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ.' આ..હા..હા...! સ્વભાવની રુચિ કરીને ત્યાં પુરુષાર્થ કરે (તો) ફળે જ. છે તે મળે જ. આ..હા..હા...! જેવડો અને જેટલો પ્રભુઆત્મા છે તેટલો અને એવો જ પુરુષાર્થ વિશ્વાસમાં લ્યે.. આ..હા..હા...! એના વિશ્વાસ માટે કોઈની અપેક્ષા નથી એવી કારણપર્યાય આપે તો કાર્ય થયા વિના રહે નહિ. આ..હા..હા...! બહુ સાદી ભાષા અને વાત અલૌકિક છે. અરે..રે...! માંડ જન્મીને આવ્યો એમાં પચીસ-પચાસ વર્ષ, સાઠ વર્ષ બાયડી, છોકરા, કુટુંબ ને ધંધો.. અર..ર...! અરે... પ્રભુ ! તારે ક્યાં જાવું છે ? ભાઈ ! દુનિયામાં મોઢા આગળ મોટો કહેવાયો એથી કાંઈ મોટો થઈ જઈશ ? આ..હા...! દુનિયા તો બાહ્યની લાઈને મોટો કહે. આ..હા..હા...! પણ સાચો પુરુષાર્થ સ્વ તરફનો કર્યો હશે તો પુરુષાર્થ ફળ્યા વિના રહેશે નહિ. આ..હા..હા...! આવા માટે પુરુષાર્થ કર્યો હશે... આ..હા..હા...! તો એનું ફળ ફળ્યા વિના રહેશે નહિ. પરિભ્રમણ.. આ..હા..હા...! સ્વર્ગનો ભવ પણ દુઃખરૂપ છે, ત્યાં કંઈ આનંદ નથી. આ..હા..હા...! સમ્યક્દૃષ્ટિ જીવ છે એને આનંદ છે એ કંઈ સ્વર્ગમાં ઊપજ્યો માટે છે એમ નથી. એને કારણે નથી. બહુ સામગ્રી મળી, .... દેવ, નીચલા કરતાં સામગ્રી ઓછી પણ ઊંચી, એથી શું ? એ તો પર છે. એને માટે તું પર છે, એમાં મારાપણું માનીને રોકાઈ જઈશ તો પર તને નહિ છોડે. સંયોગમાં તારે અવતારમાં અવતરવું પડશે. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અંદરમાં ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે; તે જ મંગળ છે, તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે, ભવ્ય જીવોને તો આત્મતત્ત્વ જ એક શરણ છે. બહારમાં, પંચ પરમેષ્ઠી – અરહિંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – નમસ્કાર કરવા યોગ્ય છે કેમ કે તેમણે આત્માની સાધના કરી છે; તેઓ મંગળરૂપ છે, તેઓ લોકમાં ઉત્તમ છે. તેઓ ભવ્ય જીવોના શરણ છે. ૬૪.**

'અંદરમાં,..' બાહ્ય અને અંદર, બે કહેવાં છે ને ? 'અંદરમાં ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે;...' સમજાણું ? આ..હા..હા...! ઓ'લામાં એમ આવ્યું, 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું..' એ ગુરુ આવ્યું 'સમજાયું તે પદ નમું' (એમાં) પોતે આવ્યો. આ..હા..હા...! આ..હા..હા...! જે ચીજ અંતર આનંદનો નાથ પ્રભુ ! અનાકુળ શાંતિથી ભરેલો.. આ..હા...! અરે..રે...! એના તરફની વિસ્મયતા નહિ, આશ્ચર્યતા નહિ, અદ્‌ભુતતા નહિ, તેનો વીરરસ નહિ. આહા.હા...! અને બીજાના રસમાં રોળાઈ જાય છે. આ..હા...! એવો ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા ! એ અંદરમાં ચૈતન્યતત્ત્વ તે પહેલો પોતાને નમસ્કાર કરવા યોગ્ય છે. આ..હા..હા...! દેવ-ગુરુને નમસ્કાર કરવો એ તો શુભભાવ છે. એ પછી આવે, પણ મૂળ ચીજ આ છે. આ..હા..હા...!

'તે જ મંગળ છે,...' મંગળ આ છે. આમ અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં (બોલે) એ તો બધો વ્યવહાર છે. એ વિકલ્પથી વ્યવહારથી એમ માંગલિક કહેવાય. માંગલિક તો પ્રભુ છે. આ..હા..હા...! પોતે ચીજ અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન, જેનો ચમત્કાર અલ્પકાળમાં ત્રણ કાળ જાણે અને અલ્પકાળના ભાવની પર્યાયમાં ત્રિકાળી જણાય જાય. આ..હા..હા...! અલ્પકાળમાં એક સમયમાં ત્રણ કાળ જાણે અને એક સમયમાં પોતે ત્રિકાળી જણાય જાય. આ..હા...! એવો પ્રભુ આત્મા છે એ નમસ્કાર કરવા યોગ્ય છે. ઝીણું તો છે પણ મૂળ વસ્તુ આ છે. આ..હા..હા...! એ મંગળ જ છે. 'તે જ' પાછું એમ (છે). બીજું નહિ. પછી વ્યવહારે કહેશે. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન **ચૈતન્યપ્રભુ** અંદર મહાન **ધ્રુવ**ધામ જેનો દેશ છે. **ધ્રુવ** જેનો દેશ છે, અનંત ગુણ જેનો આશ્રય લાયક ચીજ છે. આ..હા..હા...! તેથી કહ્યું, 'ઘટ ઘટ અંતર જિન વસે' એ જિન પોતે જ વસ્તુ છે. જેને પર તરફના રાગ ને પર તરફની પણ જેને અપેક્ષા નથી.. આ..હા..હા...! એવો ચૈતન્ય ભગવાન એ જ માંગલિક વસ્તુ છે. આ..હા..હા...!

'તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે,...' આ..હા...! ચાર બોલ લેવા છે ને ! મંગળ ઉત્તમ અને શરણ. અરિહંતા મંગલ, અરિહંતા ઉત્તમ, પછી અરિહંતા શરણં. અરિહંતા લોગુત્તમા, સિદ્ધ લોગુત્તમા.. પણ એ બધા ઉત્તમ કરતાં પહેલો ભગવાન માંગલિક પોતે ઉત્તમ છે. આ..હા..હા...! 'તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે,...' આ..હા..હા...! અરિહંત અને સિદ્ધ બધા ભગવાન અનંત છે, પણ પોતાને માટે સર્વોત્કૃષ્ટ પ્રભુ પોતે જ ઉત્તમ છે. આ..હા..હા...! આવો માર્ગ. અભ્યાસ ન મળે અને બધી બહારની વાર્તાઓ સાંભળી. વ્રત પાળવા ને ભક્તિ કરવી ને **પૂજા** કરવી, મંદિર કરવા.. આ..હા..હા...! પુસ્તકો બનાવવા ને પુસ્તકો ભેગાં કરવા. આ..હા..હા...! પણ એ બધામાં પ્રભુ તું પોતે જ ઉત્તમ છો. આ..હા..હા...! આ પુસ્તક છપાણા એ ઉત્તમ કામ થયું, 'સમયસાર' જેવા પુસ્તકો (છપાણા એ) ઉત્તમ કામ થયું. બાપુ ! એ બધી વાતું વ્યવહારે છે. આ..હા..હા...! શુભભાવ હોય ત્યારે એમ કહેવાય. પહેલો ઉત્તમ તો તું છો. આ..હા..હા...! તારા જેવો સર્વોત્કૃષ્ટ પ્રભુ કોણ છે જગતમાં ? તું કોની સાથે તને મેળવીશ ? અનુપમ કીધું ને ? સિદ્ધ સિદ્ધ જેવા. એમ તું તારા જેવો છો. આ..હા..હા...!

અમાપ અતીન્દ્રિય આનંદ, આનંદ અતીન્દ્રિય અનંત, એના અતીન્દ્રિય આનંદનો આ આનંદ.. આ આનંદ.. આ આનંદ.. એવા એના અનંત અંશ પાડ તો છેલ્લો અંશ ક્યો ? એવું ત્યાં છે નહિ. આ..હા..હા...! શું કહ્યું ઇ ? અતીન્દ્રિય આનંદની અપરિમિતતા, ક્ષેત્ર તો અસંખ્યપ્રદેશી, દેહ જેટલું એનું ક્ષેત્ર પહોળું પણ તેના ભાવની અપરિમિતતા એટલી કે આનંદ એક ગુણ લ્યે તો આનંદ અનંત.. અનંત.. અનંત... આ..હા..હા...! છેડો શેનો આનંદનો ? એ અનંતનો છેડો ક્યાં આવ્યો ? ક્ષેત્રથી છેડો આવી ગયો. અસંખ્ય પ્રદેશમાં (છેડો આવી ગયો). ભાવથી છેડો ક્યાં ? ઓ..હો...! આવા પ્રભુ અતીન્દ્રિય આનંદને ઉત્તમ ન માનતા.. આ..હા..હા...! દયા, દાન ને ભક્તિના પરિણામને ઉત્તમ માનવા.. આ..હા..! અરે...! એક સમયની પર્યાયને ઉત્તમ માને. ઉત્તમ માનવું છે પર્યાયમાં પણ ઉત્તમ માનવાની ચીજ છે એ પોતે. આ..હા..હા...! કેમ બેસે ? આ..હા..હા...!

શેરડીનો રસ, શેરડી નહિ ? ગન્નો ! ખાતો હોય. આ..હા...! આખો ત્યાં અર્પાઈ જાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ અનંત આનંદનો રસ તો તારામાં ઉત્પન્ન છે ને ! તને તારા રસ સિવાય ક્યાં રસમાં ઉત્પન્ન કરવા ગયો ? આ..હા..હા...! એ પોતે માંગલિક છે. પોતે નમસ્કાર કરવા લાયક છે, પોતે ઉત્તમ છે. સર્વ પદાર્થોમાં પોતે ઉત્તમ છે. આ..હા...! સિદ્ધ અને અરિહંતોમાં પણ તારું ઉત્તમપણું તારો પદાર્થ છે. એનું ઉત્તમપણું એનામાં રહ્યું. આ..હા..હા...! અને એના ઉત્તમનો સ્વીકાર કરવા જાઈશ ત્યાં તને વિકલ્પ થશે. અને આ ઉત્તમનો સ્વીકાર કરવા જાઈશ તો નિર્વિકલ્પ રસ થશે. આ..હા..હા...! આ બહારગામમાં ફરતા હોય ત્યાં આવી વાતું (ન આવે), આ તો ટાઢા પહોર છે, ગામ અહીંનું છે. આ..હા...! આવો માર્ગ છે, ભાઈ ! આ..હા..હા...! સર્વ પદાર્થોમાં તે ઉત્તમ છે, એમ કહ્યું. એનો અર્થ એ થયો કે, સર્વોત્કૃષ્ટ ચૈતન્ય છે તે જ નમસ્કાર કરવા યોગ્ય છે અને સર્વ પદાર્થમાં ઉત્તમ પોતે છે તે જ મંગળ છે. આ..હા..હા...!

'ભવ્ય જીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે.' આ શરણ લીધું. ત્રીજુ મંગળ, ઉત્તમ અને શરણ. આ..હા..હા...! એ ભવ્ય જીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે. આ..હા..હા...! એ દેહને છોડવા ટાણે આંતર બેસી જાય, શ્વાસ નીકળે, ત્યાં કફ ભેગો થાય, આ..હા..હા...! તૃષા અપાર હોય ને પાણીનું બિંદુ લેવાય નહિ, ગળુ બંધ થઈ જાય, અહીં કાણું પાડીને પાણી નાખે. આ..હા..હા...! ત્યાં શું શરણ છે ? પ્રભુ ! કાણું પાડીને પાણી નાખે ને ! એવે ટાણે સહનશીલતા ન હોય, એનો પોકાર થાય કે, અરે...! શરણ તો એક આત્મા છે. આ..હા..હા...! અત્યારે તો ભગવાનનું નામ લેવું એ પણ શરણ નથી. આ..હા..હા...! એ ભગવાન પોતે છે તે જ શરણ છે. સર્વ પદાર્થમાં શરણ હોય તો તારો પ્રભુ આત્મા ઈ શરણ છે. આ..હા..હા...!

'ભવ્ય જીવોને...' એટલી વાત કરી. લાયક પ્રાણી નથી એને તો શું કહેવું ? આ..હા..હા...! જે પુણ્યના શુભભાવની રુચિમાં રોકાઈ ગયા એ તો અંદરમાં જવા માટે લાયક નથી. એને અંતર શરણ છે ઈ ખબર નથી. નવકાર ગણો, શાસ્ત્ર સાંભળો, ધુન લગાવો. એમાં શું થયું ? બાપુ ! ભગવાનની ધુન લગાવો. 'જુનાગઢ' ગયા હતા ને. તો એક સાધુ સંથારો કરતો હતો. બધા ભેગા થઈને નમસ્કાર ગણો, કહે. એમાં અમે ગયા. નવકાર ગણવો, ણમો અરિહંતાણં ! પણ ઈ તો અસાધ્ય હતા. 'જુનાગઢ' ગયા હતા ને ? અરે.. બાપુ ! આ..હા...!

ચૈતન્ય ક્યાં છે અને કોણ છે ? (એની ખબર નહિ અને) ઉપયોગ રાગમાં રોકાઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયો. સ્વથી તો અસાધ્ય અનાદિથી છે, સ્વથી તો અસાધ્ય અનાદિથી છે. સાધ્યમાં નથી. આ..હા..હા...! શુભ-અશુભભાવ એના સાધ્યમાં પોતે અસાધ્ય થઈ ગયો છે. આ..હા..હા...! પણ આ તો બહારમાં અસાધ્ય થઈ ગયો. બહારમાં કોઈ કહે ઇ સાંભળવાની ઇન્દ્રિય પણ બંધ થઈ ગઈ. આ..હા..હા...! અરિહંતનું શરણ, પણ કોણ સાંભળે ? અસાધ્ય છે ને. અંદર તો અસાધ્ય છે જ. આ..હા..હા...! બે બાજુ ન્યુમોનિયા હોય, આમ શ્વાસ લેતાં રાડ પાડે, આ..હા..હા...! પ્રભુ ! ત્યાં શરણ કોણ છે ? ગેસ શું ચડાવે છે ? શું કહેવાય ? ઑક્સિજન ! ઑક્સિજન આપે. તો હખથી શ્વાસ નીકળે. આ..હા...! અરે... પ્રભુ ! એમ કે શ્વાસ લઈ શકતો નહોતો. આ તો ઘણાને આપે છે, સાંભળ્યું છે. ભાઈ ! એ શરણ નથી. શ્વાસ લેતા આવ્યો તો એ શરણ નથી. આ..હા..હા...! એના તરફનું લક્ષ જવું એ પણ શરણ નથી. આ..હા..હા...! શરણ પ્રભુ અંદર ચૈતન્યદેવ, ચૈતન્ય દેવાધિદેવ (છે). આ..હા..હા...!

તું જ મોટો દેવ છો, તું પોતે દેવાધિદેવ છો. આ..હા..હા...! સર્વાર્થસિદ્ધના દેવો પણ જેને – પરમાત્માને નમસ્કાર કરે, પર્યાયમાં પ્રગટેલાને (નમસ્કાર કરે), આ તો પ્રભુ પોતે અંદર વસ્તુસ્વભાવ ! આ..હા..હા...! એવો જે આત્મા તે ભવ્ય જીવ – લાયક જીવને શરણ છે. આ..હા..હા...! અહીં તો જરી ણમો અરિહંતાણં સાંભળીને દેહ છોડે (તો કહે) સમાધિમરણ થયા. ધૂળમાંય નથી સમાધિમરણ. બાપુ ! એ સમાધિમરણ નથી, ભાઈ ! ણમો અરિહંતાણં સાંભળતા સાંભળતા દેહ છોડ્યો, સમાધિમરણ થયું. અરે... પ્રભુ ! ત્યાં તું અંદરમાં અસાધ્ય છો ને ! તને સાધ્ય જે ધ્યેય છે એ તો લક્ષમાં આવ્યું નથી. અસાધ્ય છો એમાં ણમો અરિહંતાણંમાં તને સાધ્ય ક્યાંથી આવી ગઈ ? આ..હા..હા...! બહારથી બધી રીતે સંકેલીને પ્રભુ અંદર છે ત્યાં **જા**, તને શરણ છે. મોટાનું શરણ તને મળશે. આ..હા..હા...! છે ને ? 'આત્મતત્ત્વ એક જ શરણ છે.' હવે બહારની વાત કરશે.

**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેઠ વદ ૫, રવિવાર, તા. ૨૫-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૬૪-૬૬ પ્રવચન–૨૦**

('વચનામૃત'), ૬૪ બોલ થયા છે. ૬૪ થયા ને ? ૬૪ પૂરો થઈ ગયો. નથી થયો ? બહારમાં પંચ પરમેષ્ઠીનું બાકી છે ? ફરીને, ઇ ૬૪મો ફરીને.

'અંદરમાં ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે;...'

**પ્રશ્ન :–** અંદરમાં એટલે શું ?

**સમાધાન :–** આ આત્મા, અંતર આત્મા. અંતર આત્મા જે શુદ્ધ ચૈતન્ય પરમાનંદની મૂર્તિ પ્રભુ વીતરાગ ચૈતન્ય ચમત્કારથી ભરેલો પદાર્થ વીતરાગી ચૈતન્ય ચમત્કારથી ભરેલું સહજાત્મ સ્વરૂપ એ આત્મા. શરીર અજીવમાં જાય છે, પુણ્ય-પાપ તત્ત્વ એ આસ્રવમાં જાય છે. એનાથી ભિન્ન જે પરમાત્મા પોતે એ નમસ્કાર કરવા યોગ્ય છે. આ..હા..હા...! નિશ્ચયથી તો એ નમસ્કાર કરવા લાયક છે.

**મુમુક્ષુ :–** હાથ જોડીને નમસ્કાર કરવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની વાત નથી, અહીં તો આત્માની વાત છે. ઇ બહાર પછી આવશે. એ તો શુભ રાગ (છે), અશુભથી બચવા એવો શુભરાગ હોય છે પણ એ બંધનું કારણ છે, પુણ્યબંધનું કારણ છે. એ કોઈ સંવર, નિર્જરા ને મોક્ષનું કારણ નથી. આ..હા..હા...!

અંતર ચૈતન્યતત્ત્વ જ્ઞાયકભાવ સ્વભાવભાવ પૂર્ણ જિનચંદ્ર વીતરાગી શીતળ સ્વભાવથી ભરેલો ચૈતન્ય સ્વરૂપ નિત્ય ધ્રુવ. આ..હા..હા...! એ નમસ્કાર કરવા યોગ્ય છે. 'તે જ મંગળ છે,...' એ જ મંગળ છે. આ..હા..હા...! મોક્ષ જવાને લાયક છે એ જીવને મંગળિક કહે છે. આ..હા..હા...! આમ તો તીર્થંકર થવાને લાયક આત્માને પણ મંગળિક કહે છે. ઇ મંગળ સ્વરૂપ છે. આ..હા..હા...!

**મુમુક્ષુ :–** ઇ તો અનાદિના મંગળિક છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનાદિના (છે), ‘ધવલ’માં નાખ્યું છે. આ..હા...! જે જીવ તીર્થંકર થવાનો છે ઇ જીવ જ પોતે મંગળસ્વરૂપ છે. આ..હા...! આ..હા..હા...!

અહીં તો એ જ સ્વરૂપને નમસ્કાર કરવા લાયક છે. વસ્તુ જે છે દ્રવ્યસ્વભાવ અખંડ આનંદ ચૈતન્યપ્રભુ, ભગવત્ સ્વરૂપ, મહિમાવંત ભગવાન પોતે છે. આ..હા...! એ ભગવાનઆત્મા નમસ્કાર કરવા યોગ્ય છે, એ જ મંગળિક છે. અરિહંત, સિદ્ધ આદિ તો મંગળિક વ્યવહારથી કહેવામાં આવે છે. એ તો શુભરાગ આવે એટલે એને મંગળિક તરીકે માનવામાં આવે છે. આ તો શુદ્ધ સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગમાં, એ શુદ્ધ ઉપયોગ જેમાંથી થાય છે એ જીવ જ નમસ્કાર કરવા લાયક છે. ઝીણી વાત, બાપુ ! માર્ગ એવો છે. આ..હા..હા...! આ તો ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ જિનેન્દ્રની વાણી છે.

‘તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે,...’ બધા પદાર્થમાં એ જ ઉત્તમ છે. સર્વોત્કૃષ્ટ પ્રભુ ! ‘ભવ્ય જીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે.’ આ..હા...! દેવ-ગુરુ પણ જ્યાં શરણ નથી. કારણ કે એ તો તેના તરફ લક્ષ જાય, એનો મહિમા થાય એ તો શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે, શરણ નથી. કાયમ ટકતી ચીજ અને તે પણ પવિત્રતાથી ભરેલી, એ શરણ છે. પુણ્યના પરિણામ છે એ કંઈ પવિત્ર નથી. આ..હા..હા...!

**મુમુક્ષુ :–** પુણ્યનો અર્થ પવિત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ આ પવિત્ર, આ પવિત્ર આત્મા છે એ પુણ્યનો અર્થ. શુભભાવ પુણ્ય છે એનો અર્થ પવિત્રતા નથી. ઘણા એમાં એ ખતવી નાખે છે. ઇ તો કળશમાં આવે છે, નહિ ? પુણ્ય, પવિત્રતા. અંદર આનંદપ્રભુ ! આ..હા..હા...! વીતરાગરસથી ભરેલો ચૈતન્યપ્રભુ, જેના એક સમયમાં અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય એવી જે ખાણ.. આ..હા...! એ જ ઉત્તમ શરણ છે. આ..હા...! દેહના છૂટવા ટાણે ચારે કોરની ભીંસ પડશે. આ..હા..હા...! એ વખતે શરણ કોણ ? ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કરે, એ તો રાગ છે. આ..હા..હા...! શરણ તો ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એ જ ભવ્યજીવને શરણ છે.

‘બહારમાં, પંચ પરમેષ્ઠી,...’ હવે અહીંથી (લેવાનું છે), ત્યાં સુધી આવ્યું હતું. ‘બહારમાં, પંચ પરમેષ્ઠી,...’ શુભ વિકલ્પ રાગ આવે ત્યારે અરિહંતનું શરણ છે એમ કહેવામાં આવે. ખરેખર કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં એ પણ પર્યાય છે. કેવળી પણ્ણત્તો ધમ્મો. આત્મા વીતરાગ પરિણતિએ પરિણમે એ કેવળીએ કહેલો ધર્મ છે. એ પણ પર્યાય છે. આહા..હા..! આ તો ત્રિકાળી ભગવાનઆત્મા, એનું શરણ છે એમ અહીં કહેવું છે. અને એના શરણમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહી શકે નહિ ત્યારે અરિહંતના શરણનો શુભભાવ આવે. આ..હા..હા...! પણ એ અરિહંતનું શરણ પુણ્યબંધનું કારણ છે, એ મુક્તિનું કારણ નથી. આ..હા..હા...! તેમ વીતરાગ સ્વરૂપ પૂર્ણ પ્રાપ્ત ન થાય ત્યારે એ ધર્મીને પણ આવ્યા વિના રહે નહિ. એથી વ્યવહારે તે શરણ છે એમ કહેવામાં આવ્યું છે. આ..હા..હા...!

ચારે કોર દુઃખથી ઘેરાય, કર્મના ઉદયની તીવ્રતાથી શ્વાસ લેવાય નહિ, આમ લેવા જાય ત્યાં આમ રાડ નાખે. આ..હા..હા...! શરીરમાં પીડાનો પાર ન હોય, આખા શરીરમાં આમ ડાંગ પડતી હોય, છરા.. છરા પડતા હોય એવી બળતરા અંદર થાય. અમથી, અમથી, હોં ! પગમાંથી બળતરા થાય, હાથમાંથી (થાય). ભાઈ આપણે છે નહિ ? એને એવી બળતરા અંદર (થાય છે). ઈ શરીરના રજકણો એ રીતે (પરિણમે છે). ઈ આમ પકડી રાખે. ઈ પકડે પણ અંદર રજકણો (એમ જ પરિણમવાના છે). એટલામાં એને એટલી (પીડા) થાય છે. કોઈને પગમાં એવા ઝણકાર વાગે, અગ્નિના તણખા જેવા (વાગે). બાપુ ! રોગ છે. એક એક અંગુલમાં ૯૬ રોગ ! એક ફાટે ત્યારે બાપા શરણ કોણ ? આ..હા..હા...! એ ઔષધ શરણ છે ત્યાં ? વૈદ્ય શરણ છે ?

મુમુક્ષુ :– ડૉક્ટર પોતે મરી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતે મરી જાય છે ને દેહ છૂટી જાય છે, ફડાક દઈને ! તમારે 'ભાવનગર'(ના) સર્જન. બીજાનું ઑપરેશન કરતા હતા ત્યાં (કહે), મને કાંઈક થાય છે. આમ ખુરશીએ જઈને બેઠા ત્યાં ખલાસ થઈ ગયા. તમારે ત્યાં. આ..હા..હા...! ક્ષણમાં ! આ..હા..હા...! આ પરમ દિવસે લેખ ન આવ્યો ? પતિ-પત્ની, લગ્નનો પ્રસંગ, લગ્ન કરવા બેઠા છે. જાપ ભણે છે. જાપ ભણીને છેલ્લી સ્થિતિએ મંગળિક પૂરું થાય છે. ત્યાં તો વરનો દેહ છૂટી ગયો. હાર્ટ બંધ થઈ ગયું. આ સ્થિતિ, બાપા ! કહો ! ઈ પ્રસંગ કેવો થયો હશે ? આ..હા..હા...! બાપુ ! ત્યાં કોણ શરણ છે ? ભાઈ !

અંદર પ્રભુ શરણ આત્મા છે. પણ એનો એને વિશ્વાસ અને પ્રતીતિ આવી હોય, અનુભવ થયો હોય તો શરણ છે ત્યાં જાય. આ..હા...! પણ જેણે અંદર દૃષ્ટિમાં, અનુભવમાં આત્મા આવો છે એવું જાણ્યું નથી, અનુભવ્યો નથી એ ક્યાં જશે ? આ..હા..હા...! આ બધા બહારના ભપકા તો ખલાસ થઈ જશે. આ..હા..હા...! જુઓને તે દિ' નહિ ? ભાઈ ! 'રાજકોટ' ! (આપણા મુમુક્ષુના) કાકાનો દીકરો હતો. તે દિ' અમારે ચોમાસુ ત્યાં (હતું). છેલ્લી સ્થિતિએ દર્શન કરાવવા ગયા પણ ડબલ ન્યૂમોનિયા ! નવી પરણેલો. આ..હા...! એટલી પીડા. કુટુંબ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધું ભેગું થયું. બધા કરોડપતિ ભાઈઓ. આખો ઓરડો ભરાઈ ગયેલો. એમાં (કોઈએ કહ્યું), મહારાજને મંગળિક સંભળાવવા બોલાવો. એને તો આંખમાંથી આંસુની ધારા ચાલી જાય. એટલી પીડા ! બાપુ ! ત્યાં કોણ શરણ છે ? ભાઈ ! અરિહંત.. અરિહંત કરે પણ એ પણ વિકલ્પ છે, રાગ છે, એ દુઃખ છે. અરે... પ્રભુ ! આ..હા..હા...!

જ્યાં અતીન્દ્રિય આનંદનો નાથ પડ્યો છે એનો ભેટો કર તો શરણ થાય. આ..હા..હા...! અને રાગનો ભાવ ઉપયોગમાં રાગના ભાવની એકત્વતા એ મિથ્યાત્વ મહાદુઃખનું કારણ (છે), ભલે શુભભાવ હો. અરિહંતનું શરણ એ શુભભાવ છે, પણ એ શુભભાવ (સાથે) જો ઉપયોગમાં — ઉપયોગભૂમિમાં એકત્વ કરી નાખ્યું (તો તે મિથ્યાત્વ છે). 'બંધ અધિકારમાં' આવે છે ને. ઉપયોગભૂ ! આ..હા..હા...! જાણન-દેખન એવો પ્રભુ, એની ભૂમિકામાં દયાના વિકલ્પ કે અરિહંતનું શરણ એવો વિકલ્પ, એ ઉપયોગમાં એકત્વ કરવો એ જ બંધનું કારણ ને અશરણ ને મિથ્યાત્વ છે. આ..હા..હા...! ગજબ વાત છે, ભાઈ ! ણમો અરિહંતાણં એ વિકલ્પ ઊઠે, એ રાગને ઉપયોગસ્વરૂપ જે ચૈતન્ય છે એમાં એકત્વ કરવો એ જ મિથ્યાત્વ છે. આ..હા..હા...! નિર્મળાનંદના નાથનો ઉપયોગ, એમાં મલિનતાના રાગનું એકત્વ કરવું (એ મિથ્યાત્વ છે). બાપુ ! એ વાતું એવી છે. આ..હા..હા...!

ચાલીસ ચાલીસ લાખના બંગલા (હોય). (એક ભાઈ) બે-ત્રણ મહિના પહેલા અહીંયાં આવ્યા હતા, સાંભળતા હતા. આ..હા..હા...! ઊડી ગયા ! નાની ઉંમર – ૬૬ વર્ષ એટલે ! એ ચાલીસ લાખના બંગલા પડ્યા રહ્યા ને ઉદ્યોગપતિ ને ઉદ્યોગ બહુ કર્યો. શેનો ? પાપનો. આ..હા..હા...!

અહીં કહે છે કે કાં શરણ છે ચૈતન્યનું અને એમાં ન રહી શકે તો વ્યવહારમાં અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ. આ..હા..હા...! 'આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – નમસ્કાર કરવા યોગ્ય છે કેમ કે તેમણે આત્માની સાધના કરી છે;...' આ..હા...! હેતુ આ છે. જેણે આત્મા આનંદસ્વરૂપ પ્રભુ ! જેની આનંદની દશા જ્યાં પ્રગટ થઈ છે... આ..હા..હા...! પંચ પરમેષ્ઠીમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ તો પ્રચુર સ્વસંવેદન જેની મહોરછાપ છે. આ..હા..હા...! સ્વ નામ આત્મા જેને આનંદમાં, વેદનમાં આવે છે. એ જેની મહોરછાપ છે. સમકિતીમાં પ્રચુર સ્વસંવેદન નથી, એથી મુનિને પ્રચુર સ્વસંવેદન કહીએ. આ..હા..હા...! સમકિતીને પણ આનંદનો સ્વાદ છે પણ બહુ થોડો (છે). એમાં શરણ આત્મા છે કે જ્યાં આનંદની ખાણ છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે. આ..હા..હા...! એ નમસ્કાર કરવા યોગ્ય (છે).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેણે આ પ્રમાણે આત્માનું સાધન કર્યું છે. આ..હા..હા...!

'કેમ કે તેમણે આત્માની સાધના કરી છે;...' ત્યાં એમ નથી આવ્યું કે, એમણે વ્રત પાળ્યા ને પંચ મહાવ્રત પાળ્યા માટે તે નમસ્કાર કરવા યોગ્ય છે. આ..હા..હા...! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો અરૂપી ગુપ્ત અંતર ભંડાર જેમાં ભર્યો છે. આ..હા..હા...! એના સાધન જેણે અંદરથી કર્યા છે... આ..હા..હા...! તેથી તે વ્યવહારે નમસ્કાર કરવા લાયક છે અને વ્યવહારે 'મંગળરૂપ છે. 'તેઓ લોકમાં ઉત્તમ છે, તેઓ ભવ્ય જીવોના શરણ છે.' વ્યવહારે. આ..હા...! એ ૬૪ (બોલ પરો થયો).

**દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં, તેના ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્તો છે. ૬૫.**

**૬૫.** 'દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં, તેના ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં તેમ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્તો છે.' આ..હા..હા...! 'દેવ-ગુરુ...' તો પહેલા તો દેવ કોને કહેવા એની પરીક્ષા પહેલી હોવી જોઈએ. આ..હા..હા...! અરિહંતદેવ, (જે) અઢાર દોષ રહિત (હોય), જેને આહાર-પાણી ન મળે, જેને ઇચ્છા ન મળે. જેને વીતરાગતા (પ્રગટી હોય), જેને નિંદ્રા ન મળે. આ..હા..હા...! જેને ક્ષુધા નથી, તૃષા નથી, એવી જેને સર્વજ્ઞ વીતરાગદશા પ્રગટી છે તેને દેવ કહેવામાં આવે છે. એ દેવની ખબરું ન મળે એને આત્મદેવ કોણ છે ? (એ ક્યારે ખબર પડે ?)

દેવ – દિવ્ય શક્તિનો જેને ખજાનો પૂર્ણ ખીલી ગયો છે. આ..હા..હા...! એ દેવ જ્યાં સુધી શરીરમાં હોય તો પણ તેમને ક્ષુધા ને તૃષા ને રોગ નથી અને શરીરરહિત સિદ્ધ થાય એ પણ દેવ છે. પણ અહીં તો દેવ-ગુરુની વાણી લેવી છે ને તો અરિહંતપણે જે છે એને વાણી હોય, સિદ્ધને વાણી હોય નહિ. આ..હા..હા...! અરિહંતદેવ, સર્વજ્ઞ પરમાત્મા.

ગુરુ – નિર્ગ્રંથ ગુરુ નગ્ન મુનિ, જેની અંતર દશા નગ્ન થઈ છે, બાહ્ય દશા જેની નગ્ન થઈ છે. આ..હા..હા...! અંતરમાં વિકલ્પનું કપડું નથી, બહારમાં કપડાનો ટુકડો નથી, એવી જેની અંતર દશા, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઉગ્રપણે પરિણમી રહ્યા છે એને ગુરુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહીએ. એની વાણી. આ..હા..હા...! કલ્પિત દેવ અને ગુરુની વાણી, એમ નહિ. જે વાસ્તવિક દેવ-ગુરુ છે એની વાણી. એ સમજવામાં, અનુભવમાં નિમિત્ત થાય. આ..હા..હા...! દેવ-ગુરુની વાણી એનો અર્થ કર્યો કે દેવ-ગુરુ અને શાસ્ત્ર. એમ. એનો મહિમા 'ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં નિમિત્ત છે,...' નિમિત્ત છે. નિમિત્ત છે. પોતે જાગૃત કરે તો એને નિમિત્ત કહેવામાં આવે. આ..હા..હા...!

સર્વજ્ઞદેવ, જેની એક સમયની પર્યાયમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન દ્રવ્ય, ગુણ અને પર્યાય સાક્ષાત્ પ્રત્યક્ષ દેખે છે. આ..હા..હા...! ભવિષ્યની પર્યાયનો અંત નથી, એને પણ વર્તમાનમાં સાક્ષાત દેખે છે. આ..હા..હા...! ભાઈ ! એ શું હશે ? એવા દેવની વાણી. આ..હા..હા...! એની મહિમા. ભવિષ્યનો અંત નથી, ભૂતની આદિ નથી. બેયનું વર્તમાનપણે આમ દેખાય. આ..હા..હા...! કેમ કે જે કેવળજ્ઞાન છે એ સ્વયં ઉપાદાન છે, ત્યારે તેને નિમિત્ત પણ વર્તમાનમાં એક સમયમાં પૂર્ણ નિમિત્ત જોઈએ. ભવિષ્યનું થશે એમ નહિ. આ..હા..હા...! ભવિષ્યની પર્યાયનું પણ વર્તમાનમાં નિમિત્તપણે પ્રત્યક્ષ દેખાય છે. આ..હા...! શું છે ઇ ? એ તે જ્ઞાનની દશા કઈ હશે ? કેવી હશે ? એનો મહિમા જેને લાગે, એને ચૈતન્યની મહિમામાં એનું નિમિત્તપણું થાય. આ..હા..હા...! આવી વાત, બાપુ !

આ મનુષ્યપણું પામીને આ ન કર્યું અને દુનિયામાં કરવા રોકાઈ ગયો. આ કર્યું ને તે કર્યું. દુનિયામાં વખાણ કર્યા ને દુનિયા અભિનંદન આપે. આ..હા..હા...! જલસા ઊડાવે, પચીસ વર્ષ રહ્યા, ત્રીસ વર્ષ રહ્યા એ જાય છે. આ..હા..હા...! શેના (જલસા) પ્રભુ ? તું ભવ છોડીને જાય છે એનો જલસો ? આ..હા..હા...! અને પાપ કરીને નરકમાં જાય એનો જલસો થાતો હશે ? આ..હા..હા...!

અહીં તો દેવ એને કહીએ કે જેની વાણી વીતરાગપણાની વાણી નીકળે અને તે વાણી પોતે સ્વતંત્રપણે નીકળે અને તેનું જ્ઞાન, એ વાણી જે સમયે કેવી નીકળશે તેનું જ્ઞાન પણ તેની પર્યાયમાં વર્તમાન પ્રત્યક્ષ થઈ જાય છે. આ..હા..હા...! નીકળતી વાણી, એની પર્યાયનું જ્ઞાન પણ વર્તમાન જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ જાય છે. ભવિષ્યમાં જે વાણી નીકળશે અને ભવિષ્યમાં જે પર્યાય થશે એનું પણ વર્તમાનમાં... આ..હા...! શું કહે છે આ ? બાપુ ! તારા પર્યાયનો મહિમા શું ! આ..હા..હા...! એવા દેવની પર્યાયનો જેણે મહિમા કર્યો એ ચૈતન્યની મહિમામાં જે ઊતરે તેને નિમિત્ત કહેવામાં આવે. આ..હા..હા...! એ ચૈતન્યનો મહિમા કર્યો એ અરિહંતના ચૈતન્યનો મહિમા કર્યો, એ ચૈતન્યનો મહિમા એનાથી કરી દ્યે એમ નથી. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બુદ્ધ શરણં. ઓ'લા બૌદ્ધમતમાં નથી આવતું ? બૌદ્ધમતમાં આવે છે. આપણે અહીં નાટક કરતા ને. બુદ્ધં શરણં ગચ્છામિ ! એ બુદ્ધ શરણ કયો ? પ્રભુ ! એ બૌદ્ધ જે હતો એ તો એકાંત મિથ્યાદૃષ્ટિ હતો. ભલે રાજા હતો. આ..હા..હા...! બુદ્ધો શરણં – આ બુદ્ધ જ્ઞાનસ્વરૂપી પૂર્ણ પ્રભુ, જેની દશામાં વર્તમાન વીત્યા નથી એવા વીત્યા ને વીતશે, એવી પર્યાયનું પણ વર્તમાનમાં પ્રત્યક્ષપણું થાય, ભાઈ ! એ કઈ રીતે બેસે ?

ગુરુની વાણી – આ..હા..હા...! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'પૂજ્યપાદસ્વામી' આ..હા..હા...! જેને આત્માની પર્યાયમાં પ્રચુર અતીન્દ્રિય (આનંદ)ની મહોર-છાપ લાગી ગઈ છે... આ..હા...! એની વાણી. આમ દેવ-શાસ્ત્ર-ગુરુ કહેવાય. અહીં તો વાણી કહેવી છે ને એટલે દેવ-ગુરુની વાણી, એમ (કહ્યું). એની મહિમા. આ..હા..હા...! 'દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા...' દેવનો મહિમા, ગુરુનો મહિમા અને શાસ્ત્રનો મહિમા. અરે...! વાણી પણ કેવી ! એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકની વાત કરે ! આ..હા..હા...! કેવળજ્ઞાનની વાત કરે, કેવળજ્ઞાન એ ભાષા(ની) પર્યાયમાં નથી. ભાષાના ભાવમાં એ કેવળજ્ઞાન નથી. છતાં એ વાત કરે કેવળજ્ઞાનની ! આ..હા..હા...! એવી એ દિવ્યધ્વનિ.

પરમાત્માના શ્રીમુખે ૐધ્વનિ નીકળે, (એ) વાણીની મહિમા જેને આવે. આ 'શ્રીમદ્'માં નથી આવતું છેલ્લે ? જિનવાણી મહિમા. લીધું એ મપાઈ જાય છે, એવું આવે છે. 'માપવાથી નિજ મતિ માની છે' આ..હા...! ભાઈ ! વીતરાગની વાણી શું છે ? એ પરમાણુની પર્યાય, ૐ મુખથી ધ્વનિ નીકળી અને ગણધરોએ શાસ્ત્રો રચ્યા. ૐ મુખ ધ્વનિ નીકળી અને રચી આગમ ઉપદેશ. આ..હા...! 'ભવિક જીવ સંશય નિવારે' એ સંશય સ્વભાવને આશ્રયે નિવારે. તેની વાણીની મહિમાને નિમિત્ત કહેવાય. આ..હા..હા...! બધી અજબ વાતું છે !

વાણી જડ કે જેને ખબર નથી કે હું કોણ છું ? અને જોડે સર્વજ્ઞ છે ઇ કોણ છે એની તો એને ક્યાં ખબર છે ? એ વાણીમાં આ..હા..હા...! સર્વજ્ઞનું સ્વરૂપ આવે. અનંત અનંત ગુણોથી ભરેલો ભગવાનઆત્મા પૂર્ણ કેવળજ્ઞાન આવું હોય, પૂર્ણ કેવળદર્શન આવું હોય એને અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો હોય એ તો આવો હોય, એ વાણી કહે. જુઓ તો ! આ..હા..હા...! જડમાં સ્વ-પરને કહેવાની તાકાત છે. જડમાં સ્વ-પરને જાણવાની તાકાત નથી. આ..હા..હા...! બાપુ ! એ વાણી શું હશે ! એમ ને એમ માનવું, એ શું ચીજ છે ? આ..હા..હા...! જેની રજકણની પર્યાય, ભાષા એ પણ કોઈ અદ્ભુત છે ! જેમાં સર્વજ્ઞપણું નિમિત્ત છે. આ..હા...! એ નિમિત્ત છે માટે નિમિત્તથી ભાષા થઈ છે એમ નહિ. માટે નિમિત્ત કહેવાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને ? આ..હા...! વાણીમાં જ તે સમયની પર્યાયનો એવો ચમત્કાર (છે). આ..હા..હા...!

અનંતા અનંતા સિદ્ધોને જણાવે. વાણી એમ કહે, ભવિષ્યની પર્યાયનો અંત નથી એને પણ ભગવાન **જાણે** એમ ભાષા કહે. આ..હા..હા...! વાણી એમ કહે, ભગવાન જ્ઞાનનો અને દર્શનનો ઉપયોગ, બે હોવા છતાં એક સમયમાં હોય. આ..હા..હા...! જ્ઞાનનો પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને ભિન્ન ભિન્ન **જાણે** અને તે વખતનો દર્શનનો પર્યાય સામાન્ય તરીકે, એક સત્તા તરીકે છે, ભેદ વિના દેખે. એ વાણી કહે છે. આ..હા..હા...! એવી વાણીની કોઈ મહિમા જેને લાગે તો દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, એ ચૈત્યની મહિમા લાગે એને આ નિમિત્ત કહેવામાં આવે છે. આ..હા..હા...! આવું સ્વરૂપ છે. વાદવિવાદ કરીને ઝઘડા ઊભા કરે. પ્રભુ ! અરે... પણ આવું હોય ? પણ એને કંઈ બહારના સાધન હોય કે નહિ ? પાધરા કૂદકા મારીને આવવું છે ? (એમ કહે). અરે...! સાંભળને પ્રભુ ! આ..હા...!

વાણી એમ કહે છે કે, તારા સ્વભાવને પ્રગટ કરવામાં કોઈ બીજી ચીજની અપેક્ષા નથી. એમ વાણી કહે છે ને ? આ..હા...! તારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવા માટે બીજી કોઈ રાગની, નિમિત્તની, દેવ-ગુરુ-શાસ્ત્રની અપેક્ષા નથી, એને ભેદની અપેક્ષા નથી, એમ કહે છે કોણ પણ ? આ..હા...! ભાઈ ! આ બધી ઝીણી વાતું છે. ક્યાં લોઢાનો વેપાર ને ક્યાં આત્માની (વાતું) ! આ..હા..હા...!

દેવની મહિમા, ગુરુની મહિમા. જેના શરીરમાં... આ..હા..હા...! ગળત કોઢ હોય તો પણ તે સંત આનંદમાં છે. એ રોગમાં નથી અને એ રોગ તરફના વિકલ્પમાં એ નથી. આ..હા..હા...! એવી તો ગુરુની દશાની મહિમા, એની વાણીની મહિમાનો પાર ન મળે. આ..હા..હા...! આવી વાણી ! અને તે વાણી, દેવ-ગુરુને જ્ઞાન થયું છે માટે તે વાણી નીકળે છે એમેય નથી. આ..હા..હા...! ભાઈ ! આ..હા...! સર્વજ્ઞ અને સર્વદર્શી પ્રભુ પૂર્ણાનંદનો નાથ છે, અનંત વચનાતીત છે એમ વચન કહે. આ..હા..હા...! એ વાણી એમ કહે કે, વસ્તુનો અનુભવ વચનાતીત, વિકલ્પાતીત છે. એ વાણી કહે. આ..હા..હા...! એવી વાણીને અહીં શાસ્ત્ર કહેવામાં આવે છે. જે તે કલ્પિત બનાવીને શાસ્ત્ર બનાવે અને એને દેવ ને ગુરુ તરીકે કલ્પિત બનાવે, બાપુ ! એને (દેવ-ગુરુ-શાસ્ત્ર કહેવાય નહિ).

આ..હા..હા...! અગાધ જેની મહિમા દેવની, અગાધ જેની મહિમા ગુરુની. એ તો ચૈતન્ય છે. પણ અગાધ જેની મહિમા વાણીની. આ..હા..હા...! તેથી 'શ્રીમદ્'માં આવે છે, 'વચનામૃત વીતરાગના' વચન 'પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ, એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણવંતા રે **જ્ઞા**ની, અમૃત વરસ્યા રે પંચમકાળમાં...' આ..હા...! વાણી આવી ને ? વાણી વરસી અને અંદર અનંત આનંદ વરસ્યો. એ અતીન્દ્રિય આનંદની વાતું કરી એ વાણીએ. વાણી એટલે આ વાણિયા ? આ..હા..હા...!

'દેવ-શાસ્ત્ર-ગુ**રુ**નો મહિમા...' પણ આ રીતે, હોં ! આ..હા..હા...! '**ચૈ**તન્યદેવનો મહિમા **જા**ગૃત કરવામાં, તેના **ઊં**ડા સંસ્કાર દ્રઢ કરવામાં...' આત્મામાં પર્યાયમાં **ઊં**ડા સંસ્કાર દ્રઢ કરવામાં દેવ-ગુ**રુ** ને શાસ્ત્રની મહિમા નિમિત્તરૂપે છે. આ..હા..હા...! '**ઊં**ડા સંસ્કાર દ્રઢ કરવામાં...' ધ્રુવને ધ્રુવ તરીકે પકડવામાં. આ..હા..હા...! **ઊં**ડો પ્રભુ તો અંદર તળિયે પડ્યો છે. આ..હા..હા...! એને પકડવા માટે જે વાણી ને દેવ-ગુ**રુ**, એની મહિમા એના નિમિત્તમાં છે. સંસ્કાર નાખે તેને. આ..હા..હા...! બાપુ ! એક એક વાણી અલૌકિક છે, બાપુ ! આ કાંઈ સાધારણ વાર્તા નથી. ત્રણ લોકનો નાથ જિનેન્દ્રદેવ, એનું કેવળજ્ઞાન અને એનો આનંદ ને ગુ**રુ**ની સાધકદશાનો આનંદ અને તેને કહેનારી વાણીમાં ચમત્કારીક કોઈ વાણી છે ! આ..હા..હા...! એ દેવ-ગુ**રુ**-શાસ્ત્ર દિગંબર સંતોએ જે જણાવ્યા અને છે, એમ (બીજે) ક્યાં છે ? બીજે ક્યાંય છે નહિ. બી**જા**ને દુઃખ લાગે, બાપુ ! ભાઈ ! શું થાય ? બી**જા**ઓનો અનાદર કરવાનો નથી, આ તો સત્યનું ઉદ્‌ઘાટન (છે). સત્ય આવું છે, ભાઈ ! સત્યને આંચ ન દેવો. એમાં મોળપ ન પાડવી. આ..હા..હા...!

એવી જે મહિમા 'તેના **ઊં**ડા સંસ્કાર દ્રઢ કરવામાં તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં...' સંસ્કારમાં અને સ્વરૂપની પ્રાપ્તિમાં આવા દેવ અને વાણીનું નિમિત્તપણું છે. નિમિત્તપણું છે, એ સિવાય બી**જા** દેવ-ગુ**રુ**-શાસ્ત્રનું નિમિત્તપણું (નથી). સ્વરૂપપ્રાપ્તિ માટે અને દ્રઢ સંસ્કાર માટે બી**જા** નિમિત્તો ન હોઈ શકે. છતાં નિમિત્ત કાંઈ કરતું નથી. આ..હા..હા...! એવો મહિમાવાળો પ્રભુ, વાણી એમ કહે કે, આત્માના આનંદના અનુભવના કાર્યમાં પરના કારણથી કાર્ય થાય, (એની) વાણી ના પાડે. આ..હા..હા...! જુઓ ! આ શાસ્ત્ર ! જુઓ આ વાણીમાં નીકળતી ચમત્કૃતિ ! આ..હા..હા...! એ વાણી એમ કહે, પ્રભુ પોતે શુદ્ધ ચૈતન્યઘન એ રાગ અને પરપદાર્થની પર્યાયનું કારણ નથી. આ..હા..હા...! કહે છે કોણ પણ ઇ ? વાણી. આ..હા...! બાપુ ! પુદ્‌ગલમાં પણ કેવું (છે) !

ઓ'લામાં લખ્યું છે ને ? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં. એમ કે, પુદ્‌ગલની શક્તિ તો જુઓ ! જે કેવળજ્ઞાનની પર્યાય.. આ..હા..હા...! એને પણ રોકે છે. ત્યાં વ્યવહારથી વાત કરી છે. એમાંય તકરારું **ઊ**ઠે. ત્યાં તો એમ બતાવવું છે કે પરમાણુના ઉત્કૃષ્ટ પર્યાય, **જી**વ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતે એની ઊંધાઈને લઈને કેવળજ્ઞાન કરતો નથી, એમાં નિમિત્તપણું કઈ વાણીનું હોય ? આ..હા..હા...! અને તે પણ પરમાણુમાં પરિણમનની છેલ્લામાં છેલ્લી હદની દશા કેવી હોય એ બતાવે છે. સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાન આવો જે મહાપ્રભુ ! આ..હા..હા...! જેની ઉત્પત્તિ માટે પરની અપેક્ષા તો નથી પણ પૂર્વની પર્યાયની પણ જેને અપેક્ષા નથી. એ તો નથી પણ કેવળજ્ઞાનની પર્યાયને ઉત્પન્ન કરવામાં દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આ..હા..હા...! એ કેવળજ્ઞાન એક સમયમાં પોતાના ષટ્કારકે પરિણમીને ઉત્પન્ન થયેલું છે, એમ વાણી કહે છે. આ..હા..હા...! એ વાણીને શાસ્ત્ર કહેવાય. એવા શાસ્ત્રોની મહિમા, પોતાના ચૈતન્યની મહિમા કરે તો તેને નિમિત્ત કહેવાય. આહા..હા..હા...! એ **૬૫** (બોલ પૂરો) થયો.

થોડું પણ પરમ સત્ય, પરમ સત્ય સત્‌રૂપે જેમ છે તેમ હોવું જોઈએ. આ..હા..હા...! વાણીનો આવો ચમત્કાર છતાં એ વાણી સ્વરૂપની મહિમા જાતે કરે તેને નિમિત્ત કહેવાય. ગજબ પ્રભુ ! આ..હા..હા...! એ વાણી એમ કહે, પ્રભુ ! તારામાં અનંત ગુણ છે. કેટલા અનંત છે ? કે તેનો છેડો નથી. એ વાણી કહે છે ને ? દશે દિશામાં આકાશનો છેડો નથી. શું છે આ ? એ વસ્તુનો સ્વભાવ જ કોઈ એવો (છે). ક્ષેત્રનો એવો, કાળનો એવો, ભવનો એવો, ભાવનો એવો.. આ..હા..હા...! વાણીનો પણ એવો કોઈ (સ્વભાવ છે). આ..હા...! હવે એટલું કહીને (આગળ કહે છે).

> બહારનું બધું થાય તેમાં–ભક્તિ-ઉલ્લાસના કાર્ય થાય તેમાં પણ – કાંઈ આત્માનો આનંદ નથી. આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે. ૬૬.

‘બહારનું બધું થાય તેમાં–ભક્તિ-ઉલ્લાસના કાર્ય થાય...’ વાણીની મહિમા થાય, ભગવાનની મૂર્તિની મહિમા થાય, ભગવાન સાક્ષાત્ છે એની વાણીની અને એની મહિમા થાય. આ..હા..હા...! ‘તેમાં પણ – કાંઈ આત્માનો આનંદ નથી.’ ઉલ્લાસિત શુભભાવ આવે અને ઉલ્લસિત જાણે કે આ..હા..હા...! પરમાં ઉલ્લાસ જાણે આવ્યો હોય, એવું દેખાય. છતાં એ ઉલ્લસિત જે વિકલ્પ છે... આ..હા...! એમાં કાંઈ આત્માનો આનંદ નથી. અરે..રે...! આવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાતું એણે ક્યાં (સાંભળી છે) ? એના નિજ ઘરની (વાત છે). પરમાત્મા ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ (આ કહે છે). વાડામાં જન્મ્યા, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં.. **જા**ઓ થઈ ગયું. અરે.. બાપુ ! એનું એક પદ અને એક ગાથા પણ.. વાણી છે ને ? એનો ભાવ સમજવો. વાસ્તવિક એ સત્ સત્ તરીકે કઈ રીતે છે ? આ..હા..હા...!

એ ઉલ્લાસના કાર્ય થાય એટલે કે એવો શુભભાવ આવે. 'તેમાં પણ – કાંઈ આત્માનો આનંદ નથી.' આ..હા..હા...! પંચ પરમેષ્ઠી અને પંચ પરમેષ્ઠીએ કહેલી વાણી. એમાં સિદ્ધને ભલે વાણી નથી. એ વાણીની.. આ..હા..હા...! મહિમા આવે, બહુમાન આવે છતાં એ ભાવ આનંદ નથી. આ..હા..હા...! પ્રભુ ! તું કોણ છો ? એ વિકલ્પમાં તારો આનંદ નથી. તને ખબર નથી, પ્રભુ ! આહા..હા..! મંદિરો.. આ..હા..હા...! જુઓ ! 'બેંગલોર'માં પંદર લાખનું મંદિર. ઓ'લો **વૈદ્ય** તમારો, ડૉક્ટર ! આમ **જો**ઈને (કહ્યું).. આ..હા..હા...! એક હ**જા**ર રૂપિયા મંદિર માટે આપું. એવો મહિમા આવે પણ એ ભાવ વિકલ્પ છે, આનંદ નથી.

હ**જી** આજે તો કાગળ આવ્યો નથી, પણ બે-ચાર દિ'થી વાટ તો **જો**ઈએ છીએ. ભાઈ ! શું આ તમારું તો હ**જી** આવ્યું નથી. ખાતમૂહુર્ત થયા પછી. શું થયું ખાતમૂહુર્ત વખતે ? સાત દિ' થઈ **જા**ય છે, કોઈ વખતે આઠ દિ' **જા**ય છે. આ બેઠા નહિ, એના ભાણેજનો કાગળ આવવો **જો**ઈએ ને. ખાતમૂહુર્તમાં બે લાખ ને બે હ**જા**ર એણે આપ્યા છે. (આમના) ભાણેજે. ક્યાં ગયા ? બે લાખ બે હ**જા**ર. સત્તરમી તારીખે ત્યાં થયું ને, 'નાઈરોબી' ! મુમુક્ષુઓ પંદર લાખનું મંદિર કરવાના છે. કેવો ઉલ્લાસ લાગે ! પણ એ ઉલ્લાસમાં વિકલ્પ છે, આનંદ નથી. આ..હા..હા...!

'ભરત' ચક્રવર્તીએ ત્રણ કાળની ચોવીસીના (બિંબ) ભરાવ્યા કરાવી. અહીં છે ને ? ભૂતના, ભવિષ્યના અને વર્તમાનના બિંબ ભરાવ્યા. 'ભરત' ચક્રવર્તી પોતે, સમકિતી. આ..હા..હા...! ત્રણ ચોવીસીના બિંબ ભરાવ્યા. વિકલ્પ લાગે, લોકોને ઉલ્લાસ લાગે. આ..હા..હા...! પણ એ ઉલ્લાસનું વીર્ય તે આનંદ નથી, દુઃખ છે. આ..હા..હા...! ભલે એ શુભભાવ છે. આ..હા..હા...! પ્રભુ ! તારો મારગડો કોઈ જુદો, ભાઈ ! તું કોઈ અલૌકિક વસ્તુ છો. વિકલ્પથી ન જણાય, વાણીથી ન જણાય છતાં વાણી એને નિમિત્ત થાય. આ..હા..હા...! વાણી નિમિત્ત થાય એનો અર્થ કે, નિમિત્ત એને કહીએ કે જે પરનું કાંઈ કરે નહિ.

**પ્રશ્ન** :– તો પછી નિમિત્તનો મહિમા શું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમાધાન :– એ વ્યવહાર કીધો ને, વ્યવહાર. આનંદ નથી, દુઃખ છે. આવું છે, બાપુ ! અરે..રે...! અત્યારે તો ફેરફાર કરી નાખ્યો. પ્રભુના વિરહ પડ્યા, ભરતમાં ભગવાન રહ્યા નહિ, ભરતમાં કેવળજ્ઞાન રહ્યું નહિ, એ પ્રગટ થાય એવી શક્તિ (રહી નહિ). આ..હા..હા...! અરે...! સત્યનું સ્વરૂપ પ્રભુએ જે ઉદ્ઘાટન કર્યું... આ..હા..હા...! એવું ઉદ્ઘાટન કરતાં પણ જગતને એવું લાગે, આ તો એકાંત છે. બાપુ ! તારું સ્વરૂપ જ એવું છે. એમ ભગવાને તો જાણ્યું છે પણ વાણીએ એમ કહ્યું છે. આ..હા..હા...! કે જેને આવો ઉલ્લાસ (આવે). પ્રભુ એમ કહે કે, અમારા પ્રત્યેનો ઉલ્લાસ તને આવે. આમ સર્વજ્ઞ, સર્વદર્શી, ઇન્દ્રો આમ સમવસરણમાં ચામર ઢાળતા હોય. આ..હા..હા...! છ છ ઘડી સુધી ૐ ધ્વનિ છૂટે અને મોઢા આગળ આમ ધર્મચક્ર ચાલે.

ક્યાંક એવું આવ્યું હતું ખરું, હમણાં ક્યાંક (આવ્યું હતું કે), રથયાત્રાનું ક્યાંક એવું આવ્યું હતું. આમ તો આપણે રથયાત્રામાં વિદ્યારૂઢ નથી આવતું ? 'નિર્જરા (અધિકાર)'માં. વિદ્યારૂઢ. પછી બીજો વ્યવહાર એમાં આવી ગયો. જે અંદરમાં જ્ઞાનરૂપ રથ ચલાવે છે એ નિશ્ચય છે. અને પ્રભુનો વિહાર થાય ત્યારે ધર્મચક્ર મોઢા આગળ ચાલે અને ઇન્દ્રોનો, દેવોનો જયઘોષ વાગે. લાખો કરોડો મનુષ્યો અને દેવ, જય હો.. જય હો ! (કરતા હોય). એ પણ વિહારમાં, હોં ! અહીં પરમાત્માને રથમાં બેસાડીને એના વિહારનો દેખાવ કરવો. એણે (એક વિદ્વાને) આમ લખ્યું છે. આ..હા..હા...! પ્રભુ વિહાર કરતા હોય છે ત્યારે બાહ્ય મહિમા પણ કેટલી (હોય છે). ઇન્દ્રો, દેવો જયઘોષ કરે, ધર્મચક્ર મોઢા આગળ ચાલે, આઠ માંગલિક મોઢા આગળ ચાલે. આ..હા..હા...!

મુમુક્ષુ :– ભગવાન તો અદ્ધર આકાશમાં ચાલે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અદ્ધર ચાલે. ત્યાંને ત્યાં મોઢા આગળ (હોય). આહા..હા..! એવી વાતું છે. સર્વજ્ઞ પરમેશ્વર થાય ઇ જમીનથી પાંચ હજાર ધનુષ ઊંચે ચાલે. આ..હા..હા...!

પ્રશ્ન :– આ બધા નીચે ચાલે ?

સમાધાન :– એ બધું સાથે સાથે ચાલે. લાગે બધું એમ કે, એની સાથે છે. હોય તો નીચે અને ઉપર પણ સાથે સાથે લાગે. આ..હા..હા...!

'આનંદ તો તળમાંથી આવે તે સાચો છે.' છે ? આ..હા..હા...! વર્તમાન જ્ઞાનની પર્યાયને અપાર સ્વભાવ તરફ વાળે, એના તળિયે લઈ જાય એટલે ધ્રુવ તરફ લઈ જાય. આ..હા..હા...! ત્યારે એનું તળ હાથ આવે. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રશ્ન** :– કેટલું ઊંડું જાવું જોઈએ ?

સમાધાન :– પર્યાયની પાસે જ પ્રભુ પડ્યો છે ને ! આ..હા..હા...! અડોઅડ આમ જોડે જ પ્રભુ પડ્યો છે. આ..હા..હા...! મહાપ્રભુ એક સમયની પર્યાયની સમીપે પડ્યો છે. એ દૂર નથી. ત્યાં 'મુંબઈ' ચર્ચા થતી હતી ને ? પર્યાય અને દ્રવ્ય બે જુદા છે, કેવા ? કે, વિંધ્યાચલ પર્વત અને ફલાણાની જેમ. સમજ્યા વિનાની ચર્ચા થતી હતી. આપણા બધા છોકરાઓ છે ને, 'ઘાટકોપર' ! પ્રભુ તો પર્યાયની પાસે જ આખો પડ્યો છે.

જે આ જાણવાની પર્યાય કામ કરે છે. આ જાણવું, આ જાણ્યું એ જાણે છે તો પોતાની પર્યાય પોતાને. એ પર્યાયની પાસે પ્રભુ અંદર પડ્યો છે.

મુમુક્ષુ :– ઇ પ્રદેશ ભિન્ન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રદેશ ભિન્ન ભલે એ અપેક્ષાએ કહેવાય, પણ છતાં એ સમીપ પડ્યો છે. છે તો એ માહ્યલા અસંખ્ય પ્રદેશ. એનો છેલ્લો અંશ છે તેમાં પર્યાય છે અને એની સમીપના જે બધા ધ્રુવ અંશો છે એ ધ્રુવના અંશ છે. પણ એ સમીપ છે, એની વચ્ચે આંતરો કંઈ નથી. અરે..રે...! રાગને અને સ્વભાવને આંતરો છે, સંધિ છે, સાંધ છે. એમ પર્યાય અને દ્રવ્યની વચ્ચે સાંધ એવી નથી. ભિન્ન છે. આ..હા..હા...! આવી વાણી વીતરાગ સિવાય ક્યાં છે ? બાપુ ! જિનવર સિવાય ક્યાંય છે નહિ. ત્રણ લોકનો નાથ.. આ.હા..હા...! અરે..રે...! આવી વાણી સાંભળવા મળે નહિ. એ કે દિ' વિચાર કરે ? ને કે દિ' અંદર જાય ? આ..હા...! દુર્લભ દુર્લભ વસ્તુ થઈ પડી. આ..હા..હા...! સંતોએ તો સહેલી કરીને મૂકી છે. આવે છે ને ? 'અનુભવ પ્રકાશ' !

'આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે.' આ..હા..હા...! અંતરમાંથી આનંદ જ્યાં છે ત્યાંથી પર્યાયમાં આનંદ આવે. પર્યાયમાં રાગમાં આનંદ મનાય એ આનંદ નથી. આ..હા..હા...! પર્યાયમાં તળમાંથી – ધ્રુવમાંથી આનંદ આવે. પર્યાય ત્યાં ઢળીને (આનંદ આવે) તેને સાચો આનંદ કહેવામાં આવે છે. એ અતીન્દ્રિય આનંદ તો અંતરમાંથી આવે છે. આ..હા...! એ શુભરાગમાં પણ આનંદ નથી. ભગવાનની મહિમા કરો, ગાઓ, ભક્તિ લાખ કરે, કરોડ કરે પણ એ બધો શુભરાગ છે, દુઃખ છે, આનંદ નથી. આનંદ તો અંતરમાં છે ત્યાંથી આવે ત્યારે આનંદ કહેવાય. વિશેષ કહેશે... શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## દરેક પ્રસંગમાં શાન્તિ, શાન્તિ ને શાન્તિ તે જ લાભદાયક છે. ૬૭.

**જેઠ વદ ૬, સોમવાર, તા. ૨૬-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૬૭-૭૦ પ્રવચન–૨૧**

('વચનામૃત'), ૬૬ બોલ થયા છે, ૬૭. 'દરેક પ્રસંગમાં શાન્તિ, શાન્તિ ને શાન્તિ તે જ લાભદાયક છે.' એટલે શું ? ગમે તે પ્રસંગ હો પણ આત્મા(નું) જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવું એ શાંતિ છે. આ..હા..હા...! ચાહે તો પ્રતિકૂળ સંયોગ હો, અનુકૂળ હો, એ દરેક પ્રસંગમાં હું ચૈતન્ય શુદ્ધ આનંદ છું, એ દૃષ્ટિ એની ખસવી ન જોઈએ. આ..હા..હા...! હું તો એક જ્ઞાયક છું. મારું અસ્તિત્વ છે તેમાં પરનો પ્રવેશ નથી. તેમ મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી. આ..હા..હા...! પછી પરના પ્રસંગમાં એને શાંતિ જ રહે, ખદબદાટ ન થાય. આ..હા..હા...! આવી વાત છે. ત્રણ વાર લીધું છે ને ?

'દરેક પ્રસંગમાં...' હું એક ચૈતન્ય છું. એનું અસ્તિત્વ કયે ક્ષેત્રે, કયે કાળે ને કયા પ્રસંગમાં નથી ? આ..હા..હા...! પોતાનું જે આનંદ અને જ્ઞાન, એવી જે અસ્તિત્વની સ્થિતિ, ભગવાનઆત્માનું હોવાપણું એ કયે પ્રસંગમાં નથી ? જે જે પ્રસંગમાં આવે ત્યારે પોતાના હોવાપણાને યાદ કરે, એને સ્મરે અને એમાં રહે તો એને શાંતિ મળે. આ..હા..હા...! શુભભાવનો પ્રસંગ હો, અશુભભાવનો પણ પ્રસંગ આવે તો પણ ત્યાંથી ભિન્ન પડીને હું તો જ્ઞાન છું, એ વાત અંતરથી ખસવી ન જોઈએ. આ..હા..હા...! તો એને શાંતિ રહે. કાંઈક કરી દઉં તો મને શાંતિ રહે, પરથી કાંઈક સગવડતા મળે તો મને કંઈક ઠીક મળે (એવું રહે) ત્યાં સુધી તો એને અશાંતિ રહે. આ..હા..હા...! એ ૬૭ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્ તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું કયું સદ્ભાગ્ય હોય ? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય–એવી અદ્ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે ! ૬૮.

૬૮માં તો બેને પોતાનું વર્ણન કર્યું છે, એ વાંચી લેવું.

પ્રયોજન તો એક આત્માનું જ રાખવું. આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે. ૬૯.

૬૯. 'પ્રયોજન તો એક આત્માનું જ રાખવું.' આ..હા..હા...! કેમ કે પોતે આત્મા જે છે એને દૃષ્ટિ કરીને એમાં રહેવું એ પ્રયોજન છે, બાકી બધું થોથાં છે. આ..હા..હા...! 'પ્રયોજન તો એક આત્માનું જ રાખવું.' પરનું નહિ અને પુણ્ય-પાપના ભાવનું પણ પ્રયોજનમાં નહિ. આ..હા..હા...! આવી વાત છે. ચૈતન્યવસ્તુ ભગવાનઆત્મા અનંત અતીન્દ્રિય આનંદ ને અનંત જ્ઞાનથી ભરેલો ભગવાન પરિપૂર્ણ વસ્તુ છે પણ એ સમીપમાં પ્રભુ હોવા છતાં પર્યાયમાં – વર્તમાનમાં વ્યક્ત પ્રગટ દશા ઉપર લક્ષ હોવાથી પ્રભુ સમીપમાં પ્રભુ પોતે બિરાજે છે એને એ નજર કરતો નથી, એની અસ્તિને સંભાળીને રાખવી કે, અસ્તિ આ જ છે, આટલો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ આત્મા છે. એ આત્મામાં રાગ ને દ્વેષ પણ નથી એવું પ્રયોજન એને એક જ છે. આ..હા..હા...! શુભરાગ આવે એ પ્રયોજન નથી એમ કહે છે. અશુભથી બચવા શુભ આવે પણ એ કંઈ પ્રયોજન નથી. આ..હા..હા...! એક ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ પ્રભુ પોતે છે એ એનું પ્ર – વિશેષે યોજન – જોડાણ હોવું જોઈએ. રાગમાં નહિ પણ આ જોડાણ હોવું જોઈએ. ઝીણી વાત છે, ભાઈ ! આ તો સાદા શબ્દો છે પણ વાતમાં ઊંચા ભાવ છે. આ..હા...!

'પ્રયોજન તો એક આત્માનું જ રાખવું.' એમ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ પણ પ્રયોજન નથી એમ કહે છે. આ..હા..હા...! એમાં – અધ્યવસાયમાં કહ્યું ને, ભગવાને જ્યારે એમ કહ્યું, પરને જીવાડી મારી શકતો નથી. એનો ખુલાસો ભાઈ 'રાજમલ્લજી'એ ઠીક કર્યો છે. બીજાને જીવાડી શકતો નથી એટલે એના પ્રાણને હું રાખી શકતો નથી, એમ. તેમ તેના પ્રાણને હું હરી શકતો નથી. મારવાની વ્યાખ્યા આ કરી. અને પરને હું સુખ-દુઃખ દઈ શકતો નથી એટલે કે એના પુણ્યને લઈને જે સંયોગો મળે એ હું આપી શકતો નથી. સુખના સંયોગો છે તે હું આપી શકતો નથી. આ..હા..હા...! તેમ દુઃખના સંયોગો છે તે પણ હું તો દઈ શકતો નથી. આ..હા..હા...! આવા એકત્વબુદ્ધિનો અધ્યવસાયનો જ્યાં નિષેધ કર્યો તો 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે, તો હું તો એમ કહું છું અને એમ એમાંથી જાણું છું કે પરાશ્રિત વ્યવહાર અપ્રયોજનભૂત (છે), એને નિષેધ કર્યો. આ..હા..હા...! પર આશ્રયે જેટલો વ્યવહાર થાય.. આ..હા..હા...! એને પણ નિષેધ કર્યો, પ્રભુએ નિષેધ કર્યો. આ..હા..હા...! પ્રયોજન તો અંદર નિશ્ચય આત્મા આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિ, એનું જ્ઞાન ને એની રમણતા (કરવી) એ એક જ પ્રયોજન છે. આ..હા..હા...! બાકી બધી વાત છે.

'આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે.' આ..હા..હા...! આત્મા આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય પ્રભુતાનો પિંડ પ્રભુ, એનો જેને રસ લાગે એને પરનો રસ નીતરી – છૂટી જાય છે. આ..હા..હા...! બહુ ટૂંકા વાક્યો. પ્રભુઆત્માનો જેને રસ લાગ્યો.. આ..હા..હા...! શુદ્ધ ચૈતન્યઘન સહજાત્મ ચૈતન્યસ્વરૂપ, અનાદિ અનંત નિત્ય જ છું એમાં કોઈનો પ્રવેશ નથી અને એનો કોઈ ક્ષેત્રે વિરહ નથી, કોઈ કાળમાં એનો અભાવ નથી એવા ભાવવાળી ચીજ જે છે એનો રસ જેને લાગે, એને બીજા રસો છૂટી જાય છે. આ..હા..હા...!

એક મ્યાનમાં બે (તરવાર) રહી શકે નહિ. જેને આત્માની એકાગ્રતા (થાય), આ આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની રુચિ અને દૃષ્ટિ લાગે, રસ લાગે, ઇ. રસનો અર્થ એકાગ્ર થવું. જેને આત્મામાં એકાગ્રતાનો રસ લાગે... આ..હા..હા...! એને રાગમાં એકાગ્રતાનો રસ છૂટી જાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, નીતરી **જાય** છે. છે ? 'ત્યાં વિભાવનો રસ નીતરી **જાય** છે.' નીતરી **જાય** છે એટલે છૂટી **જાય** છે, છોડવો પડતો નથી. જેટલે દર**જ્જો ચૈતન્યસ્વરૂપ આનંદ, એનો રસ લાગ્યો** એટલે કે તે તર**ફ**નો ઝુકાવ જેટલો થયો તેટલો પરાશ્રય છૂટી **જાય** છે. આ..હા...! બહુ ટૂંકી વાત છે. વાત તો, માલ તો આ છે કે, સ્વઆશ્રય કરવો એ જ પ્રયોજન છે. લાખ વાતની વાત ને બાર અંગનો સાર. આ..હા...! ભાઈએ ક**હ્યું** ને, પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ટચ, એટલું બસ. ભાષા તો બહુ ટૂંકી. ખરેખર પરના આશ્રયથી છૂટ, સ્વના આશ્રયમાં આવ. આ આખું કહેવાનું પ્રયોજન છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ કહે છે ને. પ્રયોજન આ એક જ છે. પણ કથન ને ઉપદેશમાં તો એમ આવે ને કે, સ્વનો આશ્રય લે તો પરનો આશ્રય છૂટી **જાય** છે. આ..હા...! 'પરસંગ એવ' આવ્યું ને ? 'બંધ અધિકાર' ! 'પરસંગ એવ' સ્વસંગને છોડી અને કર્મનું, નિમિત્તાદિ પરચીજ છે, એનો **જો** સંગ કર્યો, સંબંધ કર્યો તો વિભાવ થશે. એનાથી થશે નહિ પણ તેં કર્યો માટે થશે. આ..હા..હા...! બહારના સંગની વાત નથી કે, ભઈ, આ સ્ત્રીને, કુટુંબને, મકાન ને પૈસાનો સંગ. એ તો નોકર્મ બહાર છે. આ..હા..હા...!

અંતરમાં અસંગ પ્રભુ ! આ વાત બેસે કઈ રીતે ? અંદર અંસગ ચીજ પડી છે, ચૈતન્યપ્રભુ ! જેને રાગનો પણ સંબંધ નથી. આ..હા..હા...! એને પરના સંગની તો શું વાત કરવી ? ભાષા એમ કહે કે, 'પરસંગ એવ' આસ્રવ થાય. પરસંગના સંબંધે તને વિભાવ થાય, પ્રભુ ! વિભાવ થાય તારે લઈને, એને લઈને નહિ. પણ પરનો સંગ તેં કર્યો એટલો તેં પરનો આશ્રય કર્યો. આ..હા..હા...! ઝીણી વાતું ઘણી.

બારમી ગાથાનો વિરોધ આવ્યો છે. બારમી ગાથા. કોઈ સાધુ હશે એણે કાંઈક અર્થ ઠીક કર્યો હશે, અહીં 'સોનગઢ'ની લાઈન પ્રમાણે. એનો વિરોધ કર્યો છે. અત્યારે તો શુદ્ધ ઉપયોગ નથી ને તમે શુભ ઉપયોગ છોડીને શુદ્ધ ઉપયોગ થાય તો ધર્મ (થાય), આ વાત અત્યારે તમને 'સોનગઢ'ની શ્રદ્ધા લાગે છે. કો'ક નીકળે. વાત તો સાચી છે. આ..હા...! અને 'अपरमे ट्ठिदा भावे'નો અર્થ એ જ કર્યો છે. 'દિલ્હી'માં પણ શેઠે પૂછ્યું હતું ને ? કે, આ લોકો કહે છે કે નીચલા દર**જ્જા**વાળાને તો વ્યવહારનો ઉપદેશ આપવો. ચોથા-પાંચમા, છ**ટ્ઠા**નો (ઉપદેશ ન આપવો). એમ નથી કીધું. એનો અર્થ જ એ નથી. 'ववहारदेसिदा' (ક**હ્યું**) એ તો પદની રચના માટે આવ્યું છે. પણ ત્યાં તો એમ આવ્યું છે... આ..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ કોને (પડી છે) ? એ તો મોટી ચર્ચા (થયેલી). બે 'જૈનદર્શન' આવ્યા છે. બહુ ઓ'લાનો વિરોધ કર્યો છે. 'સોનગઢ'નો સિદ્ધાંત તો એકાંત છે, પાખંડ છે, એનો તમે પક્ષ કર્યો ! એને બેસે એમ કહે ને. એ પ્રભુ છે. એને જે વાત બેસી હોય એવો જ આત્મા એને લાગે. એમાં બીજું શું લાગે ? આ..હા..હા...! અને એનું ફળ શું આવશે એની તો ખબર નથી. આ..હા...! સત્યથી વિરુદ્ધ અસત્યની શ્રદ્ધા અને અસત્યનું સ્થાપન કરશે (તો) પ્રભુ ! તું દુઃખી થઈશ, ભાઈ ! આ..હા..હા...! એના ફળ (આવશે ત્યારે) તને આકરું પડશે, બાપુ ! તને અત્યારે એમ સહેલું લાગશે કે, અમે તો વ્યવહાર કરતા કરતા નિશ્ચય કરીએ છીએ, શુભ ઉપયોગથી શુદ્ધ થાય. બાપુ ! એ મિથ્યાત્વ ભાવનું ફળ આકરું પડશે, ભાઈ ! આ..હા..હા...! તુંએ પ્રભુ છો ને ! આ..હા..હા...! તેં પરનો સંગ કર્યો એટલે તને આવી શ્રદ્ધા ઊભી થઈ. આ..હા..હા...! અને પરના સંગના ફળમાં પણ ભવિષ્યમાં પ્રતિકૂળ સંયોગો આવશે અને તને દુઃખ થવાનો ભાવ પણ તારામાં (રહેશે). આ..હા..હા...! પરથી થશે એમ તું માને છો તો પછી પરથી તને દુઃખ થશે ત્યાં એ પણ તને થશે. આ..હા..હા...! આ..હા..હા...! બહુ વાત (આકરી).

ઉપદેશનો અર્થ ટીકાકારે કર્યો એ તો જોતા નથી. જેણે આત્માનું જ્ઞાન કર્યું છે, પ્રયોજન ચીજ જે વસ્તુ છે, એનું જેણે સમ્યગ્દર્શન સ્વને આશ્રયે પ્રગટ કર્યું છે એવા જીવને નિર્વિકલ્પ ધ્યાનમાં હોય તો તો એને વ્યવહાર જાણવા લાયક રહેતો નથી. એટલી વાત છે. પણ નિર્વિકલ્પ ધ્યાનમાં ન હોય ત્યારે તેની અશુદ્ધતાનો અંશ હોય અને શુદ્ધતાની અપૂર્ણતા હોય એને જાણવું એ પ્રયોજન વ્યવહારનયનું છે. વ્યવહારનો ઉપદેશ કરવો એ વાત ત્યાં છે નહિ. શેઠેય ત્યાં 'દિલ્હી'માં પૂછ્યું હતું. કારણ કે ઓ'લા સામેવાળા એમ કહે કે, શાસ્ત્રમાં આમ છે અને 'સોનગઢવાળા' કહે છે કે, વ્યવહારથી નિશ્ચય થાય નહિ અને અહીં તો નીચલાવાળાને વ્યવહારનો ઉપદેશ કરવો એમ કહે છે. પણ એ ઉપદેશ કરવાની વાત જ નથી, પ્રભુ ! એ તો પદની રચનામાં એ શબ્દ આવી ગયો છે. જે એમ આવ્યું હતું ને, બંધકથા. બંધની કથા દુઃખદાયક છે. ઇ તો ભાષામાં શું બંધની કથા દુઃખદાયક છે ?

સ્વરૂપ જે છે તેને રાગનો બંધભાવ, એ બંધભાવ દુઃખદાયક અને વિસંવાદ છે. આ..હા..હા...! એમ ભાષા આવે કે, નીચલા દરજ્જાવાળાને વ્યવહારનો ઉપદેશ કરવો. ઉપદેશ કરવો એટલે શું ? આ..હા...! તે કાળે તે અશુદ્ધતા અને શુદ્ધતાના અંશનું જ્ઞાન કરે. એ પર્યાયનું જ્ઞાન કરે માટે વ્યવહાર કહેવાય છે. ત્રિકાળની દૃષ્ટિ છે તે નિશ્ચય છે અને તે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળે એને પૂર્ણ દશા થઈ નથી તેથી તેને અપૂર્ણ દશામાં શુદ્ધતાના અંશો પણ છે અને અશુદ્ધ પણ છે. તેને તે કાળે તે તે સમયે, તે તે કાળે તે જાણેલો પ્રયોજનવાન છે. આ..હા..હા...! વસ્તુસ્થિતિ તો આવી છે. અર્થ બીજા કર્યા. મોટા પાના ભર્યા છે. આ..હા..હા...! વ્યવહારને હેય (કહ્યો તો કહે), નહિ. વ્યવહાર હેય નહિ. અત્યારે તો વ્યવહાર જ છે. અત્યારે શુદ્ધ ઉપયોગ છે ક્યાં ? આ..હા...! અરે... પ્રભુ ! તને ખબર નથી.

મુમુક્ષુ :– તો તો અત્યારે ધર્મ જ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધર્મ નથી. એને તો ધર્મ જ ઈ છે. આ..હા...! શુભ ઉપયોગ એ જ અત્યારે તો ધર્મ છે, શુદ્ધ ઉપયોગ અત્યારે છે નહિ. અરે...! પ્રભુ ! શું કરે છે ? આ..હા..હા...! તારી મોટપને તું કલંક લગાડી દે છે. આ..હા..હા...! સમ્યગ્દર્શન થાય એ પણ શુદ્ધ ઉપયોગ ભૂમિકામાં થાય છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર. એ આવ્યું ને ? 'દ્રવ્યસંગ્રહ' ૪૭ ગાથા. 'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।' ધ્યાનમાં જે શુદ્ધ ઉપયોગ હશે એ શું ચીજ હશે ? આ..હા..હા...! ૪૭ ગાથા આવે છે ને. આ..હા...! બેન આવ્યા છે. (એક વિદ્વાનના) ઘરેથી આવ્યા છે. એના છોકરાને પૂછ્યું હતું. છોકરો સાથે છે એને પૂછ્યું હતું, બા આવ્યા છે ? તો કહે, હા. એને પ્રેમ છે. વસ્તુ આવી છે, બાપા ! ભાઈ ! શું કરે ? આ..હા..હા...! આ વાદવિવાદનો વિષય નથી, પ્રભુ ! તારા ઘરની એવી વસ્તુ છે. આ..હા..હા...!

પરનો આશ્રય કરવા જઈશ ત્યાં તને વિકાર થશે. આ..હા..હા...! અને એ વિકાર શુભ યોગ પણ તને સહકાર તરીકે શુદ્ધતા બનાવે, આ નહિ બને. ભાઈ ! તને લાભની વાત તો આ છે. આ..હા..હા...! અને નુકશાનની વાતમાં તું હરખ માને છો. આ..હા..હા...! એને વર્તમાને દુઃખ છે, એના ફળ તરીકે દુઃખ છે. ૭૬ ગાથામાં એમ કહ્યું ને. ૭૬ ગાથા. શુભભાવ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. આ શું કીધું ? આ..હા..હા...! અરે...! પ્રભુનો ઉપદેશ તો જુઓ ! આ..હા..હા...! જિનેન્દ્રની વાણી તો જુઓ ! એ શુભ જોગ તને વર્તમાને રાગ છે માટે દુઃખરૂપ છે અને એનું બંધન પુણ્યનું થશે અને પુણ્યને લઈને સંયોગ મળશે. એ સંયોગમાં તારું લક્ષ જશે એટલે તને રાગ જ થાશે. આ..હા..હા...! અને અહીં કહે છે કે, શુભ જોગથી શુદ્ધતા થશે. પ્રભુ ! શું કરે છે તું આ ? આ..હા..હા...!

અહીં એમ કહે છે કે, શુભ જોગનું ફળ ભવિષ્યમાં દુઃખ (છે). એટલે ? કદાચિત્ એવું પુણ્ય બંધાણું કે જેને (કારણે) વીતરાગ મળશે, વીતરાગની વાણી મળશે. પણ એ પરદ્રવ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ને પ્રભુ ! આ..હા...! આકરી વાતું, બાપા ! એ સાંભળવા મળશે ત્યાં તને રાગ થશે. આ..હા..હા...! આ વાત જિનેન્દ્રદેવ એ કહે, બીજાનો ભાર નથી. આ..હા..હા...! દુનિયાની, સમાજની સંખ્યા આમાં માનશે કે નહિ એની કંઈ એને પરવા નથી. પ્રભુ ! મારગ તો પ્રભુ તારો આ છે ને ! એ શુભભાવ પણ દુઃખરૂપ છે. એ તને શુદ્ધ ઉપયોગ, આનંદનું કારણ થાય ? આ..હા...! તેથી તો ત્યાં એમ કહ્યું કે, 'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।' એનો અર્થ શું થયો ? એ શુદ્ધ ઉપયોગ હશે કે શું હશે ? અરે... પ્રભુ ! તને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધ્યાનમાં મળશે. 'દ્રવ્યસંગ્રહ' ૪૭ ગાથા. ૪૭ સમજે ? ચાર ને સાત.

'दुविहं पि मोक्खहेउं' પ્રભુ ! બે પ્રકારનો મોક્ષમાર્ગ. એમાં અહીં તો નિશ્ચયની વાત કહેવી છે. નિશ્ચય મોક્ષમાર્ગ ધ્યાનમાં મળશે. હવે, ધ્યાનમાં મળશે ત્યારે શુભ જોગથી ત્યાં ધ્યાન હશે ? આ..હા..હા...! ભાઈ ! તને સત્ય વાત કબૂલ કરતાંય ન આવડે, ભાઈ ! તું સત્યમાં શી રીતે જઈશ ? પ્રભુ ! આ..હા..હા...! આ કોઈ વ્યક્તિની નિંદાને માટે નથી, પ્રભુ ! એ વ્યક્તિનો અનાદર નથી. વસ્તુનું આ સત્ય છે. વસ્તુનું આવું સ્વરૂપ છે. એ તો સત્યને પ્રસિદ્ધિમાં મૂકવું કે, સત્ય આ છે. એટલી વાત છે. આ..હા..હા...! બાકી ભગવાન છે બધા. વસ્તુસ્વરૂપે તો ભગવાનસ્વરૂપ જ ઇ છે. આ..હા..હા...! એને પરનો આશ્રય લેવા જશે તો દુઃખ થશે. તો એ શુભભાવ પણ પરનો આશ્રય છે.

'અમૃતચંદ્રાચાર્યદેવે' તો એમ કહ્યું કે, એકત્વબુદ્ધિનો જ્યારે પ્રભુ નાશ કરાવે છે, પરનું કરી શકું, હું સુખી-દુઃખી (કરી શકું) એનો નાશ કરાવે છે પ્રભુ ! તો હું તો એમાંથી કાઢું છું કે પરનો આશ્રય જેટલો વ્યવહાર (છે) એ પણ છોડાવે છે. એ તો પહેલેથી કહ્યું હતું. ગાથા પછી આવે છે ને. ૨૭૨ (ગાથા). આ..હા...! 'વ્યવહારનય એ રીત જાણે, નિષિધ્ય...' આ..હા..હા...! 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' એ સમ્યગ્દર્શન પણ એટલો મુક્ત સ્વભાવ છે. એ અંતર સ્વભાવમાં ભરેલી ચીજ પૂર્ણ આનંદનું દળ છે, એના ઉપર દૃષ્ટિ જતાં એનો વિશ્વાસ ને રુચિ ને પોષણ મળતાં... આ..હા..હા...! તને આનંદ થશે. એનો ઉપદેશ પ્રભુએ તો કર્યો છે. વ્યવહારનો તો પ્રભુએ નિષેધ કર્યો છે ને. પ્રભુને માને છે કે નહિ ? આ..હા..હા...!

આ તો જેને અંદર આત્માની ખટક પડી હોય એની વાતું છે. અરે..રે...! આ ભર્યાં મકાનો ને ભર્યાં કુટુંબીને મૂકીને ચાલ્યો જશે. બહારના ભપકા બધા, કરોડો રૂપિયા, અબજો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રૂપિયા હોય. આ..હા...! શું કરશે ? ભાઈને અબજો રૂપિયા, લ્યોને ! શું થયું ? આ..હા...! એ 'મુંબઈ'માં ઈસ્પિતાલમાં.. આ..હા...! (કહે), મને દુઃખે છે. પાંત્રીસ વર્ષ પહેલાં કાંઈ સાધન નહોતું. પાંત્રીસ વર્ષમાં બે અબજ ને ચાલીસ કરોડ. એ પાછા ખલાસ થઈ ગયા. આ..હા..હા...! અરે...! પ્રભુ ! ભાઈ ! તારી હયાતી છે કે નહિ ? તો આ દેહ છૂટશે તો તારી હયાતી ક્યાંય રહેશે કે નહિ ? એ હયાતીવાળા તત્ત્વનો આશ્રય કર. અને જેમાં તારી હયાતી નથી એનો આશ્રય છોડ. આ..હા..હા...!

'આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે.' જેને આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એનો જેને પ્રેમ લાગ્યો એને બીજા રાગાદિ ભાવનો ભાવ હો, પણ પ્રેમ છૂટી જાય છે. આ..હા..હા...! મોહ છૂટી જાય છે કે, આ ઠીક છે એવો મોહ છૂટી જાય છે. આ..હા..હા...! એ ૬૯ (બોલ પૂરો) થયો.

**બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે. જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે. જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતા તેની જાણ બહાર કાંઈ રહેતું નથી અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે. ૭૦.**

૭૦. 'બધું આત્મામાં છે,...' આ..હા..હા...! બહુ સાદી ભાષા. બધું આત્મામાં છે એટલે ? જે કંઈ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા જે કોઈ પણ ગુણની કે દશાની તને મોટપ લાગે એ બધું આત્મામાં છે. આ..હા..હા...! આ..હા..હા...! 'બધું આત્મામાં છે,...' શું ? આત્માનું. બધું આત્મામાં છે એટલે આત્માનું બધું આત્મામાં છે. બધું આત્મામાં છે એટલે આ બીજું બધું પણ આત્મામાં છે (એમ નહિ). આ..હા..હા...! પહેલા એની શ્રદ્ધામાં તો લ્યે. આ..હા..હા...! એના વીર્યમાં ત્યાં અટકી જાય એવી શ્રદ્ધા કર. આ..હા..હા...! પરના આશ્રયમાં લાભ નથી. જે છે ઇ બધું મારામાં છે. આ..હા...! અને કરવું છે ઇ મારા આશ્રયથી મારે કરવાનું છે. એમાં ત્રણ લોકના નાથનો પણ આશ્રય મારે નથી. એમ ભગવાન પોતે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કહે છે. આ..હા..હા...!

'બધું આત્મામાં છે,...' એટલે આત્માની ચીજ જે આનંદ, જ્ઞાન.. આ..હા...! અનંત શક્તિ કોને કહે ? ભાઈ ! વસ્તુ ભલે એક, ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે નાનું (હોય) પણ એમાં અનંત અનંત અમર્યાદિત જ્ઞાન છે. જ્ઞાન છે એની મર્યાદા શી ? સ્વભાવમાં મર્યાદા શી ? એવું જ્ઞાન, એવો આનંદ તને જે સુખી થવાની ભાવના છે તો એ બધું સુખ બેહદ તારામાં પડ્યું છે. આ..હા..હા...! તને મોટપ લેવાની ભાવના છે એ બધી મોટપ તારામાં ભરી છે. આ..હા..હા...! સુખી થવાની તને જિજ્ઞાસા છે તો એ સુખથી ભરેલો ભગવાન અંદર છે. આ..હા...! આવી વાત છે. આ..હા..હા...!

એક વખત એક વકીલનો દીકરો મરી ગયો હતો. 'લાઠી'માં ભાવસાર વકીલ હતા. છે કોઈ 'લાઠી'ના ? નથી ? પણ આ તો ઘણા વરસ પહેલાં એનો છોકરો મરી ગયો. મેડીબંધ મકાન (હતું), વકીલ, ભાવસાર વકીલ (હતા) અને સાધનવાળા (હતા). પછી બાઈયું રોતી હતી. અરે...! મેડિયું મસાણ જેવી દેખાય છે. અરે..રે...! બધું હવે લુખ્ખું લાગે છે. એમ રોતી હતી. કાંઈક બીજી ભાષા એવી હતી. આ..હા...! મેડિયું અને મહેલ તારા વિના, દીકરા તારા વિના બધું મને મસાણ દેખાય છે. આ..હા..હા...!

અહીં કહે છે કે, તારા વિના બીજી બધી ચીજ મસાણ દેખાય છે. તું તારામાં પ્રભુ તું કોણ છો ? પ્રભુ ! તને ખબર નથી. તારી પ્રભુતા અને મોટપના સ્વભાવની તને ખબર નથી. કેમ કે તેને સાંભળ્યું નથી અને એની વર્તમાન પ્રગટ અવસ્થા સિવાય અંતરમાં જોડે તત્ત્વ મહાપ્રભુ શું છે એની નજરું કદી કરી નથી. એના જ્ઞાનમાં એનો વિશ્વાસ તને આવ્યો નથી. જ્ઞાન કર્યું નથી એટલે વિશ્વાસ ક્યાંથી આવે ? આ..હા..હા...! એ બધું આત્મામાં (ભર્યું છે). તારે જ્ઞાન જોઈતું હોય ને, ત્રણ કાળને જાણવાનું (જ્ઞાન જોઈતું હોય), બહુ જાણવાનો ભાવ (હોય) પણ એ બધું જ્ઞાન તારામાં પડ્યું છે. આ..હા..હા...! ઘણાને જોવાનો ભાવ તને થતો હોય તો એ બધું જ્ઞાન તારામાં પડ્યું છે. આ..હા..હા...! જાણનારો પરને જાણે પણ જાણનારને જાણનારો જાણતો નથી. આ..હા..હા...!

પ્રભુ ! તારામાં છે ને. તું શરીરને ન જો, આ બહારના વેશને ન જો. આ..હા..હા...! અંદર પુણ્ય અને પાપના વિકલ્પોને ન જો. એ ક્ષણિક વિકૃત અવસ્થા પર્યાયદૃષ્ટિથી જાણવા લાયક છે. વસ્તુદૃષ્ટિમાં એ છે નહિ. આ..હા..હા...! ત્યાં તો આ બધું આત્મામાં છે. જે તને આનંદ જોઈતો હોય, જ્ઞાન જોઈતું હોય, શ્રદ્ધા જોઈતી હોય કે આ મારે તો વિશ્વાસ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જો**ઈએ છે તો એ વિશ્વાસ અંદર ભર્યો છે. આ..હા..હા...! વીર્ય – પુરુષાર્થ મારે **જો**ઈએ છે તો એ પુરુષાર્થથી ભરેલો ભગવાન અંદર છે, બધું ત્યાં છે. અરે...! આવી વાતું, હવે આવો ઉપદેશ ! દયા પાળવાનું કહે, વ્રત પાળવાનું કહે, અપવાસ કરવાનું કહે તો સમ**જા**ય **જા**ય. એક અપવાસ કરો, બે કરો, પાંચ કરો. આ..હા..હા...! પણ અપવાસ શું કહે છે એની ખબર નથી. ઉપ નામ વસ્તુસ્વરૂપ છે તેની સમીપમાં વાસ – જવું, એમાં બધુંય છે, પ્રભુ ! ત્યાં બધુંય છે. આ..હા..હા...! એ રાગ ને સ્વભાવની એકતાના તેં તાળા માર્યા છે ને એથી એ ખુલ્યું નથી, ખુલતું નથી. આ..હા..હા...!

એમાં બધું છે પણ શું ? એના ગુણો ને પવિત્રતા એ બધી છે. રાગાદિ એમાં છે નહિ. આ..હા..હા...! રાગાદિ નથી એને પોતાના અસ્તિત્વની સાથે એકત્વ છે એમ માનવું (એ) તાળા માર્યા પ્રભુ ! તેં ખોલવાના તાળા માર્યા. ચૈતન્યની પું**જી** અંદર ભરી છે એને ખોલવાના ને ખેલવાના ને મ**જા** કરવાના તેં તાળા માર્યા. આ..હા..હા...! આવો કેવો ઉપદેશ !

'બધું આત્મામાં છે,...' એ શાંતિ **જો**ઈતી હોય તો ત્યાં બધી શાંતિ પડી છે. સ્વસ્થ થવું હોય, સ્વ-સ્થ. શરીરનું સ્વસ્થ નહિ. સ્વ તે તું છો, તેમાં સ્થ થાય, ત્યાં બધું ભર્યું છે. સ્વસ્થ છે, માણસ નથી કહેતા ? સ્વસ્થ. સ્વસ્થ પણ કયું સ્વસ્થ ? સ્વ જે પોતે આનંદનો નાથ પ્રભુ સ્થ, એમાં પોતે રહેલો છે. આ..હા..હા...! કેમ બેસે ? સાંભળ્યું ન મળે. અરે...! **જા**તની કિંમત ન મળે.

ઓ'લો દાખલો નથી આપ્યો ? 'અનુભવ પ્રકાશ'નો. એક માણસ જતો હતો. હીરો ક્યાંકથી આવ્યો. ત્યાં બહુ હીરા હશે. એમાં એક હીરો આવ્યો. મૂક્યો પ્રકાશ કરીને, ગ્યાસતેલ બાળવું અટકી ગયું. એના પ્રકાશમાં રોટલી, રોટલા થાશે. આ..હા..હા...! એમાં એક વેપારી આવ્યો, આમ **જો**યું ત્યાં કહે, એ'લા..! પણ આ શું છે આ ચીજ ? એક (જગ્યાએ) હતો ત્યાં આવા લાખો કટકા પડ્યા હતા. એમાંથી આ પ્રકાશ માટે (લઈ આવ્યો તો) ગ્યાસતેલ બાળવું મટી ગયું. અરે...! આ શું ચીજ છે આ તને ખબર નથી. આ તો હીરો છે. એના લાખો રૂપિયાના સોનામહોર, અમારી સેંકડો વખાર હોય, તને દઈએ તોય પૂરું નહિ પડે એવી એ ચીજ છે. હેં...! અરે...! હું જ્યાં હતો ત્યાં તો આવા ઘણા બધા હતા. મેં તો વળી એક લીધો. આ..હા..હા...! એમ આત્મામાં બધા રત્ન અંદર પડ્યા છે. આ..હા..હા...! તને સુખ **જો**ઈતું હોય તો ત્યાં છે, સંતોષ **જો**ઈતો તો ત્યાં છે, એનો વિશ્વાસ **જો**ઈતો હોય તો ત્યાં છે, તેમાં રમણતા **જો**ઈતી હોય તો ત્યાં છે. આ..હા..હા...! એના અસ્તિત્વને પૂર્ણને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કબૂલ કરવું હોય એ પણ એનામાં ભર્યું છે. **શ્રદ્ધા** પૂર્ણ ભરી છે ને. પ્રગટ પર્યાયની **શ્રદ્ધા** બીજી (ચીજ છે આ તો) અંદર ભરી છે. આ..હા..હા...!

'બહાર કાંઈ નથી.' તારી ચીજ જે છે એ માહ્યલું કાંઈ બહારમાં નથી. આ..હા..હા...! શરીરમાં નથી, ભપકા મકાનમાં, આબરૂમાં, એ પુણ્ય-પાપના પરિણામમાં પણ બહારમાં કાંઈ નથી. એ બહારમાં તારું કાંઈ નથી. આ..હા..હા...! બહારની વાતને પોતાની માનવી એ તો બહિરાત્મા છે. આ..હા...! અંતરની વસ્તુ છે એને પોતાની માનવી તે અંતરાત્મા છે. આ..હા..હા...!

એ ચીજ છે તેના જ્ઞાનમાં આવે નહિ ત્યાં સુધી તેની મોટપ અને એની મહિમા એને થાય નહિ. પહેલે ઓઘે મહિમા કરે પણ આમ વસ્તુસ્થિતિ આવી છે. આ..હા..હા...! જેના એક સ્પર્શમાત્રથી અનંત જેટલી શક્તિઓ છે એનો અંશે વ્યક્ત થઈ જાય એવો એ પ્રભુ છે ને. આ..હા..હા...! તારે માટે બહાર કાંઈ નથી, પ્રભુ ! આ..હા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રમાં પણ તારું કાંઈ નથી. બહાર કાંઈ નથી, એનો અર્થ બધો આવી ગયો ને. આ..હા..હા...! દેવ તું, ગુરુ પણ તું, ધર્મ પણ તું. આ..હા..હા...! આવે છે ને ? પંચ પરમેષ્ઠી તું પોતે છો. પંચ પરમેષ્ઠીપણું પ્રગટ્યું ક્યાંથી ? એમાં હતું એમાંથી બહાર આવ્યું છે. આ..હા..હા...! પંચ પરમેષ્ઠી સ્વરૂપ જ તું અંદર છો. કેમ કે એ પ્રગટ પર્યાય જે થાય છે એથી તો અનંતગુણી શક્તિવાળું તારું તત્ત્વ છે. આ..હા..હા...!

'બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય...' આ..હા..હા...! પરદેશ જાઈએ ને પરદેશ ભમીએ, 'ઈંગ્લેંડ' ને 'અમેરિકા' ને આ..હા..હા...! આ વાણિયાના છોકરા 'અમેરિકા'થી ઉતર્યા (હોય) તો જાણે શું હશે ? આ 'અમેરિકા'થી આવ્યો છે. પણ શું છે 'અમેરિકા' એટલે ? અનાર્ય દેશમાંથી આવ્યો છે. એને જાણે, 'અમેરિકા'થી આવ્યો એટલે જાણે.. આ..હા..હા...! કેવા અમે હોશિયાર અને કેવા કપડાં-બપડાં કેવા પહેરીએ ! આ..હા..હા...! ઓ'લો કહે, 'અમેરિકા'માંથી આવ્યો છે. એનો બીજો અર્થ એ કે, મ્લેચ્છ દેશમાંથી આવ્યો, એમ કહે ને.

અહીં પ્રભુ (કહે) છે, રાગાદિ બધા મ્લેચ્છ છે. એ બધા તારામાં નથી, પ્રભુ ! એ તારો દેશ નથી, એ તારું ક્ષેત્ર નથી, એ તારો ભાવ નથી, એ તારું ઘર નથી. આ..હા..હા...! અરે.. અરે...! આવું બધું કરવું. એ કરતાં તો આ સામાયિક ને પોષા કરતા જિંદગી પૂરી થઈ જાય (એ સહેલું હતું). સામાયિક કરો ને પોષા કરો ને પડિકમણા કરો.. ધૂળમાં રાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ત્યાં. ત્યાં ક્યાં આત્મા એમાં હતો ? એ તો વિકલ્પ છે. આ..હા..હા...!

'તને કાંઈ પણ **જા**ણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર.' તને બધું **જા**ણવાનું મળશે. અરે...! લોકાલોક **જા**ણીશ. આ..હા..હા...! એ લોકાલોક **જા**ણવાનો સ્વભાવ જ તારો ભર્યો પડ્યો છે. આ..હા..હા...! છે ને 'નિયમસાર'માં ત્યાં કીધું, એનો જ્ઞાન-દર્શન સ્વભાવ જ ત્રિકાળ લોકાલોકને **જા**ણે એવો તો તારો જ્ઞાનસ્વભાવ છે. લોકાલોકને એક સમયમાં **જા**ણે-દેખે એવો તો દર્શન સ્વભાવ છે. સ્વભાવ, હોં ! આ..હા...! અને પરને **જા**ણવાનું એ કંઈ તું નથી. પરને **જા**ણવાનો જે પર્યાય છે એ તો તારી છે. એ પર્યાયમાં આખો આત્મા જણાય, **જા**ણવાની ઇચ્છા હોય તો ત્યાં **જા** ને ! આ..હા..હા...! તને અંદર ભગવાન જણાશે. આ..હા..હા...! આવી ક્રિયા.

મુમુક્ષુ :– લોકો એમ કહે છે કે, અમારે પૈસા **જો**ઈએ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા ક્યાં ધૂળમાં. આ..હા...! પૈસાવાળા મરીને આમ મોઢા ફાટી ગયા ને ચાલ્યા ગયા. ક્યાંય ઢોરમાં ઊપજે. આ..હા..હા...! બાપુ ! ધર્મ તો કર્યો ન હોય, સમકિત હોય નહિ અને આખો દિ' બાયડી માટે, છોકરા માટે ધંધા માટે પાપ કર્યા હોય. આ..હા..હા...! પુણ્યના પણ ઠેકાણા ન હોય કે બે-ચાર કલાક સત્‌સમાગમ (કરતો હોય). સત્‌સમાગમ પાછો અને તેના કહેલાં શાસ્ત્રો ચાર-ચાર, પાંચ કલાક વાંચવા તો એને પુણ્ય તો બંધાય. આ..હા..હા...! એ વખત લે નહિ. આ..હા..હા...! બસ ! એ તો એક કલાક સવારમાં સાંભળવા જવું ને કાં એક કલાક સામાયિક કરી લેવી. થઈ રહ્યું, થઈ ગયો ધર્મ ! **જા**ત્રા કરી આવીએ. (એક ભાઈ) **જા**ત્રા કરીને આવ્યા હતા ને ? તે દિ' આ વાત થઈ હતી. **જા**ત્રા-બાત્રા એ ધર્મ નથી, એ રાગ છે. ન ગોઠ્યું. કેટલી હોંશે જઈ આવ્યા (હોય), આમ માથે ચડ્યા હોય. ભગવાન.. ભગવાન (બોલતા બોલતા ચડતા હોય), કેટલાક તો માળા ગણતા ગણતા ચડે, ગણની**જી** આદિ હોય છે ને. કોઈ **જી**વ નીચે મરે છે કે નહિ (એ) **જો**વું નહિ. માળા ગણતા હોય. રસ્તામાં ઘણા **જો**ઈએ ને. ગણી**જી** માળા ગણતા હોય. આ..હા...! શું છે ? **જા**ણે ભગવાનને યાદ કરીએ છીએ ને. પણ તમે સાધુ નામ ધરાવો. જત્નાની ઈર્યા સમિતિના ઠેકાણા ન મળે. આ..હા..હા...! એ રાગ છે, પ્રભુ ! ભલે તું માળા ગણ. એકલો બેસીને સવારે-રાતમાં ખાનગી માળા ગણ તોય એ રાગ છે.

'તને કાંઈ પણ **જા**ણવાની ઇચ્છા થતી હોય તો...' બધું ત્યાં છે. 'તારા આત્માની સાધના કર.' આ..હા..હા...! સાધના ત્યાં કર. બધું **જા**ણનારો (ત્યાં છે). **જા**ણનારો જણાશે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો **જા**ણનારો **જા**ણવાની પર્યાય પ્રગટ કરશે. આ..હા..હા...! 'પૂર્ણતા પ્રગટતાં...' અને જ્યારે પ્રભુ પૂર્ણ પ્રગટ થશે, પૂર્ણ જ્ઞાન ને દર્શન ને આનંદથી તો ભરેલો જ છે પ્રભુ. એવું જ્યાં ભાન ને પ્રતીત ને જ્ઞાન ને રમણતા થાય ત્યારે તો 'પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે...' આ..હા..હા...! લોક અને અલોક તેને **જા**ણવારૂપે જ્ઞેયરૂપે પ્રમેયરૂપે જણાશે. આ..હા..હા...! તારા આત્માની સાધના કરતા લોકાલોક જણાય જશે. બહાર જવું નહિ પડે. શાસ્ત્ર બહુ વાંચે તો જ્ઞાન થઈ **જા**ય ને (એમ નથી). આ..હા..હા...! પણ **જા**ણનારો છે તેને **જા**ણ (તો) તને બધા જ્ઞેયો **જા**ણવાની શક્તિ પ્રગટ થશે. આ..હા..હા...! શાસ્ત્રોને **જા**ણવામાં પણ વિકલ્પ છે, એ તો પરજ્ઞેય છે. સ્વજ્ઞેયમાં આવીને એવી દશા પ્રગટ કર જેમાં લોકાલોક જણાય **જા**ય. આ..હા..હા...! આવું છે.

નવરાશ ક્યાં છે ? બાર-પંદર-વીસ વર્ષ સુધી તો ભણવામાં **જા**ય. મા-બાપ પણ સાચવે, છોકરો ભણે છે. એમાં સાત-આઠ છોકરાઓ હોય. એક પછી એક, એક હોય દસ વર્ષનો ને એક બારનો ને ચૌદનો ને સોળનો ને અઢારનો. સોળ વર્ષમાં તો આઠ જણા ભેગા થયા હોય. બધાને સાચવવા ને.. આ.હા..હા...! એના કપડા ને એને આ ને નિશાળે બેસાડવા.. આ..હા..હા...! નિશાળમાં નાળિયેર લઈને **જા**ય. મારો છોકરો આજે ભણવા બેસે છે. આ..હા..હા...! હવે આવી વાતમાં રોકાતા એને આત્મા (ક્યારે પ્રગટે ?) આવા વખત તારા નકામા **જા**ય છે. નકામા નથી. સ્વરૂપને માટે નકામા છે. રખડવા માટે (કામના છે). આ..હા..હા...!

(એક જણ) કહેતો, શું કહેવાય ? 'જરિયા.. જરિયા !' આ તો બાવા થઈએ તો બેસે. પણ બાવો જ છો, ક્યાં તારામાં બી**જી** ચીજ છે ? એમ કે, બાવો થઈએ તો આ બધું બેસે. મશ્કરી (કરતા). બાપુ ! કીધું ને, બધું તારામાં છે. પરથી તો તું બાવો છો. આ..હા..હા...! રાગ, પુણ્ય-પાપ, શરીર, કર્મ એનાથી તો તું રહિત છો. બાવો જ છો. આ..હા..હા...! જ્યાં હોય ત્યાં તું બાવો જ છો, પરથી રહિત જ છો. આ..હા..હા...! કોઈ પળે પણ પરથી સહિત તું ક્યાંય કોઈ કાળે, ક્ષેત્રે ક્યાંય નથી. આ..હા..હા...! ભાઈ ! જ્યાં **જો**ઈએ ત્યાં તું ક્ષેત્રે ને કાળે તારો ભાવ તો રાગરહિત જ છે ને. આ..હા..હા...! એ નિવૃત્તસ્વરૂપ છે, પ્રભુ ! આ..હા..હા...! એને **જા**ણવાની ભાવના કરતા બધું જણાશે. આ..હા...!

'જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે.' ઇ શું કહ્યું ? લોકાલોક કંઈ કેવળજ્ઞાનમાં આવતા નથી, એ તો ત્યાં રહે છે. 'જગત જગતમાં રહે...' લોક-અલોક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લોક-અલોકમાં રહે. 'છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય.' એ અહીં આવે નહિ છતાં બધું જણાય. આ..હા..હા...! લોકાલોક છે એ લોકાલોકમાં રહેશે. તારા જ્ઞાનમાં એ નહિ આવે, છતાં તારા જ્ઞાનમાં બધું જણાય જશે. આ..હા..હા...! એ ચીજ આવ્યા વિના તું તેમાં બધાને જાણીશ એવું તારું સ્વરૂપ છે. આ..હા..હા...! (લોકો) એમ કહે છે, આ નિશ્ચય.. નિશ્ચયની એકલી વાતું કરે છે. વ્યવહારથી લાભ થાય એ કહેતા નથી. એકાંત.. એકાંત.. એકાંત (કરે છે). પ્રભુ ! એ તારો નિશ્ચય નામ પર્યાય પણ નિર્મળ નિશ્ચય છે ને. મોક્ષમાર્ગ નિશ્ચય નથી ? પણ એ કોને આશ્રયે પ્રગટે એ આખા વાંધા. જેમાં એ શક્તિઓ પડી છે, તેને આશ્રયે છે એમાંથી આવે કે નથી એમાંથી આવે ? આ..હા..હા...! છે તો પ્રભુ, પૂર્ણ છે ને અંદર. આ..હા..હા...! એકવાર વિચારીને શ્રદ્ધામાં તો લે. હું પૂર્ણ સ્વરૂપ છું અને એને સાધતા લોકાલોક ભલે અહીં ન આવે છતાં હું સાધતા લોકાલોકને જાણું એવી પર્યાય મારામાં થશે જ. આ..હા..હા...! લોકાલોકની જ્ઞાનપર્યાય ન પડે અને પર્યાયમાં લોકાલોક ન આવે છતાં લોકાલોક સંબંધીનું તારું જ્ઞાન તને તારામાં પ્રગટશે. આ..હા..હા...!

'છતાં કેવળજ્ઞાનમાંબધું જણાય છે. જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતા તેની જાણ બહાર કાંઈ રહેતું નથી...' આ..હા..હા...! આ બપોરનું વાંચન શરૂ કર્યું તો કેટલીક બહેનો તો બિચારી ખુશી થાય છે. બહુ હરખ (થાય છે). પણ અહીં શરૂ તો કરવું હતું. સૌના હાથમાં પહોંચી જાય. અને અત્યારે આ નિવૃત્તિ કાળ છે. ઓ'લામાં ઝાઝામાં બેસે તો (એમ થાય કે) કોણ શું કહે છે આ ? પાંચ-પાંચ, છ હજાર માણસ, દસ-દસ હજાર, પંદર હજાર માણસ, એમાં આ શું કહે છે ? આ..હા..હા...!

'જાણનાર તત્ત્વ...' જાણનાર તત્ત્વ પ્રભુ છે. જાણનાર કોઈ રાગ, શરીર, વાણી એ કોઈ જાણનાર તત્ત્વ નથી. છે ? પુણ્ય-પાપનો ભાવ, શરીર, વાણી, કર્મ એ બધા જાણકતત્ત્વ છે ? આ..હા..હા...! એ તો અજ્ઞાનતત્ત્વ છે, જડતત્ત્વ છે. આ..હા...! જાણકતત્ત્વ, 'જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતા...' જાણનારું તત્ત્વ તે પોતે પરિપૂર્ણપણે પરિણમતા. આ..હા...! જેનામાં જાણપણું ભર્યું છે એ 'પૂર્ણપણે પરિણમતા તેની જાણ બહાર કાંઈ રહેતું નથી...' આ..હા..હા...! જાણનાર, જાણનારો જાણપણે પરિપૂર્ણ થતો એની જાણ બહાર કાંઈ રહેતું નથી. આદિ-અંત નથી તેનું પણ તેને જ્ઞાન થઈ જાય છે. આ..હા..હા...! આ..હા..હા...! જીવની પર્યાય પહેલી કઈ ? પહેલા સિદ્ધ કયા ? પહેલી ગતિ કઈ ? ચાર ગતિમાંથી પહેલી ગતિ કઈ હશે ? આ..હા..હા...! ભલે નિગોદમાં રહ્યો પણ છતાં પહેલી ગતિ નિગોદની છે એમ છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...! આ..હા..હા...!

એ '**જા**ણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતા...' કેમ કે **જા**ણનારો છે એ **જા**ણપણે પૂર્ણપણે થાય, **જા**ણનારો છે, **જા**ણવાનો જેનો સ્વભાવ છે એ **જા**ણપણાપણે પૂર્ણપણે થાય. **જા**ણનારો – જ્ઞાન છે **જા**ણનારો આત્મા, એ **જા**ણવાપણે પૂર્ણપણે થાય. આ..હા..હા...! 'તેની **જા**ણ બહાર કાંઈ રહેતું નથી...' તેના ખ્યાલ બહાર કોઈ વાત રહેતી નથી. સર્વજ્ઞ પરમાત્મા.. આ..હા..હા...! ક્ષેત્રનો અંત નથી, અનંત ગુણનો અંત નથી, કાળની આદિ-અંત નથી. આ..હા..હા...! એક સમયની એક દ્રવ્યની પર્યાયનો પાર નથી. આટલી પર્યાયમાં આ છેલ્લી પર્યાય ગણતરીમાં આવે એવું છે નહિ. એ **જા**ણનારો **જા**ણપણે પૂર્ણપણે પરિણમે તો એની **જા**ણ બહાર કાંઈ રહેતું નથી. આ..હા..હા...!

'અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે.' **જા**ણનારો **જા**ણનાર **જા**ણપણે પૂર્ણપણે પરિણમતા તેને બધું જણાય **જા**ય છે. તેની **જા**ણ બહાર કાંઈ રહેતું નથી, એક વાત. અને સાથે સાથે આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ પર્યાયો, 'અનેક નવીનતાઓ પ્રગટે છે.' જે અનંત કાળમાં થઈ નથી એવી નવીનતાઓ પ્રગટે છે. એ પ્રગટે છે પણ વસ્તુ તરીકે તો છે અંદર. એવા આત્માને **જા**ણતા, **જા**ણનારો પરિપૂર્ણપણે પરિણમતા તેની પર્યાયમાં આનંદાદિની અનેક નવીનતા પણ પ્રગટ થાય છે. ત્યાં આગળ પૂર્ણતા થાય અને તેને સિદ્ધપદ કહે છે. (વિશેષ કહેશે...) શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

જ્ઞાનીની દૃષ્ટિ સંસારથી છૂટવાની છે. તેથી રાગરહિત નિવૃત્ત સ્વભાવની મુખ્યતા, ભાવના, આદરમાં તે સાવધાન છે. છતાં કોઈ અતિચારમાં **જો**ડાઈ **જા**ય પણ તેનાથી છૂટી શાંત જ્ઞાન ભાવમાં ઠરવા જ માગે છે. પણ સંયોગ પલટાવુંને ક્રોધાદિ કરવા જેવા છે એમ જે માને છે તેને તો શ્રદ્ધામાં મોટી વિપરીતતા છે. જ્ઞાનીને વીતરાગ દૃષ્ટિ જ મુખ્ય છે તેમાં તો જરાય હાનિ થવા દેતા નથી. પણ ચારિત્રમાં નબળાઈથી અતિચાર થઈ **જા**ય તો નિંદા કરી ખેદ પામે છે, હોંશ લાવી બચાવ નથી કરતા કે આવો દોષ તો ગૃહસ્થમાં હોય તેથી વાંધો નહિ. **જો** એમ કરે તો સ્વચ્છંદી–મિથ્યાદૃષ્ટિ છે. (પરમાગમસાર - ૭૯૫)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા ! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. બહારમાં શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત સહજ દશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે. **૭૧.**

**જેઠ વદ ૭, મંગળવાર, તા. ૨૭-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૭૧-૭૪ પ્રવચન–૨૨**

('વચનામૃત'), ૭૦ થયા, ૭૧. 'ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા !' જુઓ ! અસ્તિપણે સિદ્ધ કરે છે. મુનિદશા કેવી હોય ? 'ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા ! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી.' તળેટી હોય ને ત્યાંથી પછી ઉપર ચડવાનું (હોય). આ..હા...! મુનિદશા શું છે ! જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે. આ..હા...! પ્રચુર સ્વસંવેદન, અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એ એનો વેશ છે.

'મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે;...' બહારમાં એક શરીરમાત્ર હોય છે. અંદરમાં તો અનંત ગુણો, 'ચૈતન્યના અનંદ ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે;...' આ..હા..હા...! અનંત ગુણ ને અનંતી નિર્મળ પર્યાય, હોં ! મુનિ એને કહીએ. આ..હા..હા...! જેને અનંત ગુણો અને એની અનંતી નિર્મળ વીતરાગી પર્યાય, એ એના અનુભવમાં (છે), એ એનો પરિગ્રહ છે. પરિ નામ સમસ્ત પ્રકારે એણે પકડ્યું છે. આ..હા..હા...! મુનિદશા એટલે શું છે ! આ..હા...! કેવળજ્ઞાનની તળેટી અને અનંત ગુણ અને અનંતી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયનો જેને પરિગ્રહ – પકડ (હોય). અનંત ગુણ અને અનંતી નિર્મળ પર્યાયની જેને પકડ છે. જેની અનંત ગુણ ને અનંતી શુદ્ધ પર્યાયની પરિણતિ છે એ એનો પરિગ્રહ છે. આ..હા..હા...!

'વિભાવ ઘણો છૂટી ગયો હોય છે.' સંજ્વલનનો એક જરી અંશ છે (બાકી) ઘણો વિભાવ તો છૂટી ગયો છે. ત્રણ કષાયનો જે વિભાવ એ તો છૂટી ગયો છે. એક જરી સંજ્વલનનો મંદ રાગ છઠ્ઠે ગુણસ્થાને હોય છે. મહાવ્રતાદિ વિભાવભાવ (હોય છે). આ..હા..હા...! 'બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણ...' સાધુની નિર્મળ વીતરાગી પર્યાય, એનું સહકારી નિમિત્તરૂપે સાથે રહેનાર 'કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે.' આ..હા..હા...! દેહમાત્ર, આવે છે ને 'શ્રીમદ્'માં ? નહિ ? 'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, દેહમાત્ર તે સંયમહેતુ હોય' 'અપૂર્વ અવસર'માં આવે છે. એક મોરપીંછી ને કમંડળ નિમિત્તરૂપે હોય છે પણ એ તો કોઈ વખતે એનું લક્ષ જાય એટલે એને નથી લીધું. આ..હા...!

દેહમાત્ર – શરીરથી કર્મના ઉદયથી મળેલી ચીજ (છે). એ તો બહારથી છોડી ન જાય. એટલો એને દેહમાત્ર (પરિગ્રહ હોય છે). તે પણ સાધુને (યોગ્ય). આ..હા...! સવારમાં આવ્યું નહોતું ? નિર્મળ વિજ્ઞાનઘનમાં અંદર નિમગ્ન છે. આ..હા..હા...! કેટલી ભાષા વાપરી છે ! સાધુપણું, બાપુ ! આ..હા..હા...! એકલો વિજ્ઞાનનો ઘન ભગવાન ! નિર્મળ વિજ્ઞાનઘન ! એમાં અંતઃ નિમગ્ન છે. આ..હા..હા...! નિમગ્ન એ પર્યાય છે પણ એ વિજ્ઞાનઘનમાં એકાકાર છે. આ..હા..હા...! જેને અતીન્દ્રિય આનંદના ઊભરા આવી ગયા છે. આ..હા..હા...! ઊભરો સમજતે હૈં ? દૂધ મેં ઉફાન આતા હૈ. આ..હા..હા...!

'દેહમાત્ર પરિગ્રહ હોય છે.' એ તો કહેવાય છે ને ત્યાં ? 'સર્વવિશુદ્ધ અધિકાર'માં લીધું છે. ત્યાં તો ઘણું લીધું છે. વાણી, ગુરુની વાણી, ફલાણું એ બધું બાહ્ય ઉપકરણ. ઉપકરણો ! આ..હા..હા...! અને એ દશા વિના મુક્તિ નથી. એકલા સમકિતદર્શન ને સમ્યક્જ્ઞાન કે સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને (હોય) એનાથી કાંઈ મુક્તિ નથી. મુક્તિ તો ચારિત્રદશા ભેગી આવે ત્યારે મુક્તિ થાય. આ..હા..હા...! ચારિત્રદશા આવી. બહારમાં વેશ ધારણ કર્યા ને નગ્નપણા ને પંચ મહાવ્રત ને.. એ કોઈ મુનિદશા નથી. આ..હા..હા...! છે ?

'પ્રતિબંધરહિત સહજ દશા હોય છે;...' જ્યાં કોઈ જાતનો પ્રતિબંધ નથી. આ..હા..હા...! સ્વભાવિક સહજાત્મસ્વરૂપ, એની સહજ અરાગી નીરાગી વીતરાગી પર્યાય સહજપણે રાગથી ભિન્ન સહજપણે વર્તે છે. ભલે રાગ થોડો છે પણ (સહજ દશા છે). આ..હા..હા...! જેને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગથી ભિન્ન સહજ દશા છે. સ્વભાવિક આનંદ ને સ્વભાવિક શાંતિ વીતરાગી ચારિત્ર છે. એ સહજ દશા જેની થઈ ગઈ. આ..હા..હા...! એ સર્વજ્ઞના કેડાયતો, અલ્પ કાળમાં સર્વજ્ઞ(પણું) લેનારા, એ કેવળજ્ઞાનની તળેટી ! આ..હા...! નીચે જરી ઊભા છે પણ ત્યાં ચડવા માટે. આ તળેટીમાં **જાય** છે ને, એ ચડવા માટે (**જાય** છે). આ..હા..હા...! આવું મુનિપણું !

'પ્રતિબંધરહિત સહજ દશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી.' આ..હા..હા...! ઇ શું કહે છે ? કે, અમારે સવારમાં કલાક વાંચવું જ પડશે, એવો પ્રતિબંધ ન હોય. આ..હા..હા...! આટલું કામ તો તમારે કરવું પડશે. પાઠશાળા માટે ધ્યાન રાખવું પડશે. તમારે લઈને પાઠશાળા ચાલે, લોકો પૈસાના દાન આપે. એવો કોઈ પ્રતિબંધ મુનિને ન હોય. આ..હા..હા...!

**પ્રશ્ન** :– ભગવાનના દર્શન કરવા **જાય** કે નહિ ?

સમાધાન :– **જાય**, પણ એને પ્રતિબંધ તરીકે નથી. એકલા જંગલમાં વસતા હોય તો **જાય** પણ નહિ. ક્યાંય જંગલમાં અતીન્દ્રિય આનંદમાં રમતા પડ્યા હોય છે. શ્રાવકને છ કર્તવ્ય હોય. કારણ કે એ ગૃહસ્થાશ્રમમાં છે. આ..હા..હા...! આ તો ક્યાંય જંગલમાં પડ્યા હોય, હંમેશા ભગવાનના દર્શન જ થાય એવું કાંઈ છે ? એ પ્રતિબંધ નથી. આ..હા..હા...! હંમેશાં અતીન્દ્રિય આનંદના વેદનના દર્શનમાં જ પડ્યો છે. એ તો ભગવાનના દર્શનમાં જ પડ્યો છે. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ! સહ**જાત્મ** સ્વરૂપ ! એવી **જ્યાં** દશા, સહજ દશા, વીતરાગ દશા, અણગાર દશા, આગાર વિનાની દશા. વિજ્ઞાનઘનમાં અંતર નિમગ્ન (છે). આ..હા...! આ તો નિમિત્ત પરિગ્રહ **કહ્યો**, શરીર એક નિમિત્ત હોય છે. વિભાવ ઘણો છૂટી ગયો એટલે કો'ક વિભાવ હોય છે એટલું **કહ્યું**.

ત્યાં ('સમયસાર'માં) તો એકલું વિજ્ઞાનઘન નિર્મળમાં નિમગ્ન છે. આ..હા..હા...! એને અરિહંત કહીએ. વાણીવાળા લીધા છે ને. એટલે ત્યાં સિદ્ધ નથી લેવા. કારણ કે એમણે અમને ઉપદેશ આપ્યો એમ લેવું છે ને ? ઉપદેશ આપ્યો એમાં ત્યાં સિદ્ધ (નથી). અરિહંતથી માંડીને અમારા ગુરુ પર્યંત. આ..હા..હા...! જેને વાણી છે. પણ ઇ છે કેવા ? વિજ્ઞાનઘનમાં અંતઃનિમગ્ન. અને સિદ્ધ પણ વિજ્ઞાનઘનમાં અંતઃનિમગ્ન (છે). અહીં તો અમારા ઉપર ઉપદેશનો અનુગ્રહ કરી, પ્રસાદીથી અમને ઉપદેશ આપ્યો. આ..હા..હા...! એ **જીવ** લેવા છે ને. જેને વાણી હોય છે. આ..હા..હા...! એ પણ સહજપણે વાણી નીકળે છે. આ..હા..હા...!

એવા અહીંયાં મુનિ (લીધા છે). 'શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ...'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે આટલા તમારે પૈસા ભેગા કરવા, તમારે આ કરવું, આ માથે કામ લ્યો. ઓ'લામાં 'સર્વવિશુદ્ધ'માં નથી આવતું ? અકામ. છેલ્લો કળશ. માથે કોઈ કામ લ્યે જ નહિ. 'સર્વવિશુદ્ધ'માં 'અકામ' શબ્દ છે ને ? કર્મપ્રક્રમ. પ્રક્રમ – કાર્યનો કોઈપણ પ્રક્રમ માથે લ્યે નહિ. આટલો તમારે ચોવીસ કલાકમાં એક વાર અહીંયાં પાઠશાળામાં તો આવવું પડશે, પાઠશાળામાં ધ્યાન રાખવું પડશે. એવો કોઈ પ્રતિબંધ મુનિને હોય નહિ. આ..હા..હા...! જંગલમાં પડ્યા (હોય) એને ભગવાનના દર્શનનો પણ પ્રતિબંધ ન હોય. આ..હા..હા...! વીતરાગપણું જ્યાં પ્રગટ્યું છે. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદના લહેરમાં, મજામાં પડ્યા છે ને, એ મજામાંથી બહાર કેમ નીકળવું ? અરે...! આવું મુનિપણું ! આ..હા...!

બે વાત છે. 'શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ...' બીજો પણ. કે આટલા શાસ્ત્ર તો તમારે કરવા જ પડશે, આટલું શાસ્ત્ર તમારે ઉપાડ્યું છે ઇ તમારે પૂરું વાંચન કરવું પડશે. એ પ્રતિબંધ હોય નહિ. આ..હા..હા...! 'સમયસાર'નો એક વિકલ્પ ઊઠ્યો. એ જંગલમાં તાડપત્ર પડ્યા હતા એ લઈને સળીઓ વડે કાણા પાડીને મૂકીને ચાલ્યા જાય. આ..હા..હા...! ગૃહસ્થો આવીને લઈ જાય. આ..હા..હા...! તેથી એમ કહ્યું છે ને કે, હું કહેવાનો ઉદ્યમ કરું (છું), વ્યવસાય કરું છું. દેખાડું છું. એ વ્યવસાય આવ્યો પણ દેખાડું તો.. હજી બાકી રહ્યું છે ને ! આ..હા..હા...! પંચ પરમેષ્ઠીમાં સાધુની દશા આવી હોય એનું એને જ્ઞાન નથી અને જેને તેને માની બેસે (એ) ભ્રમણા છે. આ..હા..હા...!

'શિષ્યોને બોધ દેવાનો...' આ..હા..હા...! 'કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી.' આ..હા...! આ શાસ્ત્રનું શોધકાર્ય તમારે ધ્યાન રાખીને કરવું પડશે, ક્યાંય ભંડારમાં પુસ્તકો પડ્યા હોય (તો) ધ્યાન રાખીને ત્યાં એટલું કામ કરવું પડશે. (એવો) કોઈ પ્રતિબંધ નહિ. આ..હા..હા...! જ્યાં એકલા થઈને સાદિઅનંત થઈને રહેવું છે, સિદ્ધ ! એના સાધન તો આ છે. જે બેકલા, બીજાને હું પ્રતિબદ્ધ કરું એ પ્રતિબંધ એને નથી. આ..હા..હા...! મેં શિષ્યો બનાવ્યા એનો પ્રતિબંધ નથી અને એને બનાવ્યા માટે હંમેશાં મારે એને થોડું દેવું, બે કલાક વાંચણી, કલાક વાંચણી (દેવી એવો પ્રતિબંધ નથી). આ..હા..હા...! આવો માર્ગ છે. પંચ પરમેષ્ઠીને ઓળખ્યા નથી એને વ્યવહારની શ્રદ્ધાના ઠેકાણા નથી. આ..હા..હા...!

'સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે.' અતીન્દ્રિય આનંદની લીનતા વિશેષ વૃદ્ધિગત જ હોય છે. વધતી જ જાય છે. આ..હા..હા...! 'શ્રીમદ્'માં આવે છે, સમયે સમયે અનંતગુણા સંયમ પરિણામ. એક પત્રમાં આવે છે. આ..હા...! અનંતગુણા સંયમના પરિણામ વધતા જ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જાય** છે. આ..હા..હા...! જેનો ભગવાનઆત્મા પૂર્ણ આશ્રય હજી થયો નથી પણ આશ્રય લઈને મધ્યમ દશામાં વર્તે છે. પૂર્ણ આશ્રય થઈ **જાય** તો તો કેવળ થઈ **જાય** અને આશ્રય પહેલેથી ન લીધો હોય તો સમકિતદ્રષ્ટિ ન હોય. આ..હા..હા...! એટલે મધ્યમ આશ્રયમાં વર્તે છે, મધ્યમ વીતરાગ દશામાં વર્તે છે. આ..હા..હા...! એને સ્વરૂપમાં લીનતા વધી જ **જાય** છે. સમયે સમયે વીતરાગતાની શુદ્ધિ, શુદ્ધ અનેક ભાવ વધતા **જાય** છે. આપણે આવે છે ને ? 'સમયસાર'માં. કે, શુદ્ધ ભાવ અનેક હોય પણ છતાં શુદ્ધ હોય છે, વૃદ્ધિગત થાય છે. 'સમયસાર' ! શુદ્ધના અનેક પ્રકાર પણ એ બધા શુદ્ધના. શુદ્ધની વૃદ્ધિ હોય છે. આ..હા..હા...! ઓ'લામાં પણ એમ ન કહ્યું ? પાંચ જ્ઞાનમાં. કે જ્ઞાન જે વધે છે ઈ ભેદ નથી, અભિનંદે છે. આ..હા..હા...! બીજે ઠેકાણે આવે છે. શુદ્ધતાના અનેક પ્રકાર વધે છે. આ..હા..હા...! 'સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે.' આવું મુનિપણું હોય છે. આ..હા..હા...!

**અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા. મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે. મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે, જગત જ્યાં જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' ૭૨.**

'અખંડ દ્રવ્યને ગ્રહણ કરી...' પૂર્ણ જે અંતર્મુખ સ્વરૂપ છે, એવા અખંડ દ્રવ્યને ગ્રહણ કરી એકરૂપ સ્વરૂપ જે ત્રિકાળ છે, ટંકોત્કીર્ણ ! પથ્થરમાં જેમ આલેખેલા ચિત્રો હોય છે, પથ્થરમાં ! એવો ભગવાનઆત્મા શાશ્વત એકરૂપ ચીજ છે. એનો જેને આશ્રય છે, એનું જેણે ગ્રહણ કર્યું છે. આ..હા..હા...! એ ઉપરાંત 'પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે...' આ..હા..હા...! 'ધવલ'માં તો એવું આવ્યું છે કે, કેવળ પામવાને છેલ્લો અંતર્મૂહુર્ત રહે, કેવળ પામવાને, તોય અંતર્મૂહુર્તમાં હજારો વાર છઠ્ઠું-સાતમું આવે. એવો પાઠ છે. એટલે કે છઠ્ઠાની સ્થિતિ પોણી સેકંડની અંદર અને સાતમાની એનાથી અડધી. અંતર્મૂહુર્તમાં અડતાળીસ મિનિટમાં ઘણા થઈ ગયા ને. એક મિનિટના સાઠ સેકંડ (એવી) અડતાળીસ મિનિટ થઈ. આ..હા...!

કહે છે કે, 'અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિ...' એટલે પર્યાયમાં ઝૂલે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ..હા..હા...! ક્ષણમાં અપ્રમત્ત, ક્ષણમાં પ્રમત્ત, ક્ષણમાં અપ્રમત્ત, ક્ષણમાં પ્રમત્ત... ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું, (ક્ષણમાં) છઠ્ઠું. એમ ક્ષણ ક્ષણમાં અંતર્મૂહુર્તમાં પણ હજારો વાર (આવે). એટલો એનો – ગુણસ્થાનનો થોડો કાળ છે. જુઓ ! આ મુનિદશા ! આ..હા...! ઝૂલે, (આવી) સ્થિતિમાં ઝૂલે. છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે. આ..હા..હા...! આ મોટા ઝૂલા બાંધવાના નથી હોતા ? 'મોરબી'માં એક ઝૂલો છે. વગર આધારનો આમ ઝૂલો. ટેકો કાંઈ નહિ. માણસ એના ઉપર ચાલે. 'મોરબી'માં છે ને, નદીમાં છે. 'મોરબીવાળા' નથી કોઈ ? છે, વચ્ચે કોઈ ટેકો નહિ. અદ્ધરથી ઝૂલે. એમ આ અદ્ધરથી છઠ્ઠે-સાતમે ઝૂલે. આ..હા..હા...!

(પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતમાં) 'ઝૂલે તે મુનિદશા. મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે.' જ્ઞાન ને આનંદમાં જાગૃતમાં જાગીને પડ્યા છે. આ..હા..હા...! જે અનાદિથી રાગની એકતામાં ઊંઘીને પડ્યા હતા, એ રાગની ભિન્નતા કરીને જાગૃત થઈને આનંદમાં પડ્યા છે. જાગીને જાગતા જીવે છે. આ..હા..હા...! પર્યાયમાં, હોં ! વસ્તુ તો છે. જાગતો જીવ જ્ઞાયક છે પણ એ પર્યાયમાં જાગતો જીવ ઊભો છે. આ..હા..હા...!

અહીં તો સવારમાં તો ત્યાં સુધી લીધું કે, અરિહંત છે એ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્મગ્ન – નિમગ્ન (છે), અમારા મુનિ છદ્મસ્થ એ પણ, અમારા ગુરુ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન (છે). બેયને સરખાવ્યા. આ..હા..હા...! આવી મુનિદશા છે. આ..હા..હા...! ત્યાં કાયરના કામ નથી. આ..હા..હા...! જેને આત્માના આનંદનો વીરરસ જાગ્યો છે. તેથી ઇ જાગૃતમાં છે. આ..હા...! નિરંતર જાગૃત છે. આ..હા..હા...! નિરંતર જાગૃત છે. ભલે છઠ્ઠે આવે પણ અંદરમાં તો નિરંતર જાગૃત જ છે. જ્ઞાતા-દ્રષ્ટાની શુદ્ધ પરિણતી એ છઠ્ઠે પણ વર્તે છે. આ..હા..હા...! આજે બેય મુનિદશાની વ્યાખ્યા આવી.

'મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે,...' અતીન્દ્રિય આનંદમાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે. એ અતીન્દ્રિય આનંદની જાગૃતિની ખબર નથી. આવે છે ને, શ્લોકમાં આવે છે. મુનિ જ્યાં જાગે છે ત્યાં ગૃહસ્થ ઊંઘે છે. ગૃહસ્થ જ્યાં જાગે છે ત્યાં મુનિ ઊંઘે છે. ઓ'લો ગૃહસ્થ રાગમાં જાગે છે, ત્યાં (મુનિ) ઊંઘી ગયા છે. 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં આવે છે. આ..હા...!

જ્યાં મુનિરાજ જાગે છે, સ્વરૂપમાં જાગૃતિ. ભલે છઠ્ઠે આવે તો પણ તેની જ્ઞાતા-દ્રષ્ટાની જાગૃતિ પર્યાયમાં વ્યક્ત – પ્રગટ થઈ ગઈ છે. આ..હા..હા...! જ્ઞાતા-દ્રષ્ટાપણાનો જે એનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રિકાળી સ્વભાવ, એ તો છે, પણ અહીં તો પર્યાયમાં **જા**ગૃત થઈ ગયા છે. ત્રિકાળી જ્ઞાન ને દર્શનને અવલંબીને પર્યાયમાં પણ **જા**ગૃત દશા ઉગ્ર પ્રગટ થઈ ગઈ છે. આ..હા..હા...! **જા**ગતી જ્યોત ચૈતન્યમાં એ બેઠા છે. પંચ મહાવ્રતના વિકલ્પમાં કે નગ્નદશામાં એ રહ્યા નથી. નગ્નદશા તો અજીવની છે, પંચ મહાવ્રત આસ્રવ છે. અજીવ અને આસ્રવમાં રહ્યા નથી. આ..હા..હા...! આવું સ્વરૂપ (છે).

અહીં તો (અત્યારે) વસ્ત્રના પોટલાના પોટલા (રાખીને) મુનિપણું માને. આ..હા...! ગજબ વાત, બાપુ ! એની દીક્ષાના દિવસોની ઉજવણી કરે. મિથ્યાત્વની (ઉજવણી છે). આ..હા..હા...! ગપ્પેગપ છે. આકરું પડે, ભાઈ ! દિગંબરમાં હજી દિગંબરમાં જન્મ્યા એનેય ખબર નથી, મુનિદશા કેવી છે. શ્વેતાંબરમાં તો એ વસ્તુ છે જ નહિ. અહીં તો સ્ત્રીને સાધુપણું ન હોય અને અહીં તો સ્ત્રીને કેવળજ્ઞાન ઠરાવે, સ્ત્રીને તીર્થંકર ઠરાવે. 'મલ્લિનાથ' તીર્થંકર હતા. અરે...! પ્રભુ ! એ હોય નહિ, બાપુ ! એનો દાસ કોઈ દિ' સ્ત્રી ન હોય. બળદેવ, વાસુદેવ, ઇન્દ્ર, નરેન્દ્ર સ્ત્રી ન હોય. આ..હા..હા...! એવા મોટા અધિપતિઓ સ્ત્રી ન હોય (અને) તીર્થંકર સ્ત્રી ? અરે... પ્રભુ ! બહુ ફેરફાર કરી નાખ્યો.

અહીં તો કહે છે, 'મુનિરાજ જ્યાં **જા**ગે છે ત્યાં જગત ઊંઘે છે,...' આ..હા..હા...! એની તો એની ખબરેય નથી (કે), આ **જા**ગૃત દશા શું ? અંદર ચૈતન્યની **જા**ગૃત દશા, **જા**ણન-દેખન ને આનંદ, એવી **જા**ગૃત દશાની અજ્ઞાનીને તો ખબરેય નથી. ત્યાં તો ઊંઘે છે. આ..હા..હા...! સૂઈ ગયા છે, ઊંઘ લીધી છે. મુનિરાજ **જા**ગે છે ત્યાં ગૃહસ્થ ઊંઘે છે. "જગત જ્યાં **જા**ગે છે...' જગતના પ્રાણી તો પુણ્ય ને પાપના રાગમાં **જા**ગતા પડ્યા છે. એ જ મારી ચીજ છે (એમ માનીને પડ્યા છે). આ..હા..હા...! અને પુણ્ય-પાપના ફળ તરીકે દીકરા, દીકરીયું, બાયડી, છોકરા એ બધી પરવસ્તુ છે. એ મારા છે, એમ માનીને (પડ્યા છે). કહે છે, જગત જ્યાં **જા**ગે છે (એટલે કે) ત્યાં **જા**ગે છે. આ..હા..હા...! જે મારા નથી તેને મારા માનીને **જા**ગે છે. અંધકારમાં જગત પડ્યું છે.

'ત્યાં મુનિરાજ ઊંઘે છે.' રાગમાં, વિકલ્પમાં, વિકારમાં જગત **જા**ગે છે (ત્યાં મુનિરાજ) નિર્વિકારથી સૂઈ ગયા છે. મુનિરાજ જ્યારે આ લોકો રાગમાં **જા**ગે છે ત્યાંથી ઊંઘી ગયા છે, ખસી ગયા છે. આ..હા..હા...! મુનિરાજ ઊંઘે છે. એ તરફ લક્ષ જ નથી. આનંદ ને જ્ઞાનની **જા**ગૃતમાં પડ્યા છે. આ..હા..હા...! અહીં તો મુનિ લેવા છે ને ! તેથી સવારમાં એમ લીધું ને, પ્રચુર સ્વસંવેદનરૂપ સંવેદન. પ્રચુર સ્વસંવેદનરૂપ સંવેદન. (આવી) ભાષા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાપરવામાં હેતુ છે કે, સમ્યગ્દર્શનમાં પણ વેદન – સ્વસંવેદન સ્વરૂપનું આવે પણ પ્રચુર ન હોય. આ..હા..હા...!

અહીંયાં તો કહે છે કે, પ્રચુર સ્વસંવેદનમાં એ તો જાગે છે, રાગમાં સૂઈ ગયા છે. જગત રાગમાં જાગે છે ત્યાં મુનિ સૂઈ ગયા છે. મુનિ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘી ગયું છે. આ..હા..હા...! આત્મા સિવાય વિકલ્પ આદિમાં સાવધાની કરીને પડ્યા છે એ સ્વરૂપથી ઊંઘી ગયા છે. આ..હા..હા...! અંધકારમાં જાગી ગયા છે. જાગૃત દશામાં ઊંઘી ગયા છે અને અંધકારમાં જાગૃત દશા થઈને પડ્યા છે. જાણે આ અંધકાર એ મારી દશા છે. આ..હા..હા...! જગત જ્યાં જાગે છે, પુણ્ય અને પુણ્યના ફળ આ બાયડી, છોકરા, કુટુંબ, ધંધો, આમ પરિપાટી સરખી ચાલતી હોય એમાં જાણે હું. એ બધા મારા છે, મારી વ્યવસ્થાથી આ બધું થયું છે. આ..હા..હા...! જગત ત્યાં જાગે છે. રાગાદિની સંભાળમાં અને એના ફળ તરીકે કુટુંબ, કબીલો, ધંધામાં સાવધાન થઈને જાગે છે. આ..હા..હા...! ત્યાં મુનિરાજ ઊંઘી ગયા છે, ત્યાં સાવધાની છૂટી ગઈ છે. આ..હા..હા...!

આધાર આપ્યો, 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' વ્યવહારને આશ્રિત નહિ, વ્યવહારમાં સૂઈ ગયા છે. આ..હા..હા...! નિશ્ચયમાં જાગૃત છે. આ..હા..હા...! નિશ્ચયનય આશ્રિત (અર્થાત્) સ્વરૂપને આશ્રિત જે દશા થઈ તેને પ્રાપ્તિ કરે તે નિર્વાણ(ને પ્રાપ્ત કરે). એને આશ્રયે મુનિવરો પ્રાપ્તિ કરે મોક્ષની. વ્યવહારને આશ્રયે મુક્તિની પ્રાપ્તિ નહિ. આ..હા..હા...! એ તો 'ગીતા'માંય આવો શ્લોક છે. છે, એમાંય છે. જ્યાં જગત ઊંઘે છે ત્યાં ધર્મી જાગે છે. ધર્મી જાગે છે ત્યાં જગત ઊંઘે છે. આ..હા..હા...! આવે છે, 'ગીતા'માં આવે છે. આ..હા...!

મુનિરાજ નિજ ઘરમાં જાગે છે, પરઘરથી ઊંઘી ગયા છે. જગત પરઘરમાં જાગે છે, નિજઘરમાં ઊંઘી ગયું છે. આ..હા..હા...! બહારમાં કેમ પડવું, બહારમાં અધિકપણે પૈસા મેળવી, આબરૂ મેળવી અને બીજા કરતાં ચડિયાતા (દેખાવું એમ) અજ્ઞાની અજ્ઞાનમાં જાગે છે. ત્યાં સાવધાની છે, કહે છે. જ્ઞાનીની સાવધાની અંતરમાં છે. પરની સાવધાનીથી તો ઊંઘી ગયા છે. આ..હા..હા...! આવો માર્ગ (છે).

'નિશ્ચયનયાશ્રિત મુનિવરો...' નિશ્ચનય આશ્રિતનો અર્થ જ એ છે કે, નિશ્ચય તો ત્રિકાળ છે પણ એને આશ્રયે જે પરિણતિ પ્રગટ થાય એનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય. એમ. નિશ્ચય છે એ તો ત્રિકાળી દ્રવ્ય છે, પણ દ્રવ્યને આશ્રયે પરિણતિ વીતરાગી થઈ એ પણ નિશ્ચય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ અહીં પર્યાયનો નિશ્ચય છે. નિશ્ચયનય જે પર્યાયનો આશ્રય છે. પર્યાયે આશ્રય કર્યો છે દ્રવ્યનો, પણ એવી જે પર્યાયમાં જે વીતરાગતા છે તે નિશ્ચયનય આશ્રયે મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. એની સામે વ્યવહારનય રાગ (છે). નહિતર તો આમ નિશ્ચય દ્રવ્ય છે અને મોક્ષમાર્ગની પર્યાય વ્યવહાર છે, એ અહીં નથી લેવું. 'પરમાર્થ વચનિકા'માં તો એમ લીધું છે કે, નિશ્ચય તે દ્રવ્ય છે, મોક્ષમાર્ગ પર્યાય છે માટે વ્યવહાર છે. નિર્મળ મોક્ષમાર્ગ, હોં ! ઇ વ્યવહાર. ઓ'લી પર્યાય છે ને ઇ અહીં નથી લેવું. અહીં તો નિશ્ચયનય આશ્રિત જે પરિણતિ પ્રગટ થઈ છે એ શુદ્ધ પરિણતિ નિશ્ચય નયાશ્રિતની છે. આ..હા...! એના વડે 'મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' આ..હા..હા...! વ્યવહાર ને રાગને આશ્રયે નહિ, એ બતાવીને આમ બતાવવું છે. નહિતર તો મોક્ષ તો દ્રવ્યને આશ્રયે થાય છે. શુદ્ધ પરિણતિને મોક્ષનો માર્ગ કહેવો એ તો અપેક્ષિત છે. નહિતર તો મોક્ષનો માર્ગ છે એનો વ્યય થાય છે અને મોક્ષ પ્રગટ થાય છે એ તો દ્રવ્યને આશ્રયે થાય છે. મોક્ષમાર્ગની પર્યાયને આશ્રયે મોક્ષ થતો નથી. પણ એને એ જાત હોય છે. વ્યવહાર નહિ, એટલો નિષેધ કરવા આ વાત સિદ્ધ કરી છે. સમજાણું કાંઈ ? આ..હા..હા...! **૭૨** (બોલ પૂરો) થયો.

> દ્રવ્ય તો નિવૃત્ત જ છે. તેને દ્રઢપણે અવલંબીને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાય. મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન થાય છે. **૭૩.**

'દ્રવ્ય તો નિવૃત્ત જ છે.' વસ્તુ જે છે એ તો વિકલ્પરહિત નિવૃત્ત જ છે. આ..હા..હા...! વસ્તુ છે એ તો સંસારના પ્રત્યેક ભાવથી રહિત નિવૃત્ત જ છે. આ..હા..હા...! પરના ગ્રહણ-ત્યાગનો જેમાં અભાવ છે. એવો તો એનો ગુણ છે. પરના અભાવસ્વરૂપ જ છે, પરના ત્યાગસ્વરૂપ જ છે, એમ. ગ્રહણસ્વરૂપ તો છે નહિ પણ પરના ત્યાગસ્વરૂપ જ છે. શરીર, વાણી આદિ. આ..હા..હા...! ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. પરના ત્યાગથી રહિત નિવૃત્ત સ્વરૂપ જ છે. એને પરનો ત્યાગ કરવો એમ નથી. આ..હા..હા...! અને એમ કે, પંચ મહાવ્રતનો શુભરાગ વચ્ચે આવે છે ને.

'દ્રવ્ય તો નિવૃત્ત જ છે. તેને દ્રઢપણે અવલંબીને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાવ.' પચખાણ લેવું છે ને. આમ તો એમ કહેવાય કે, શુભરાગ વચ્ચે આવે અને પછી એનાથી અભાવ કરીને નિશ્ચય ચારિત્ર થાય. માટે એને કારણ પણ કહેવાય. ખરેખર એમેય નથી. નિશ્ચય ચારિત્રનો જે સમય છે, તે સમયે જ ષટ્કારકની પરિણતિ પરિણમીને નિશ્ચય ચારિત્ર પ્રગટ થાય છે. પૂર્વે શુભરાગ હતો માટે એનાથી (થયું), એનું નિમિત્ત કારણ આવ્યું માટે ચારિત્ર થાય છે એમ નથી. આ..હા..હા...!

એક એટલો નિર્ણય કરે કે દરેક દ્રવ્યની તે સમયની પર્યાય નિજ ક્ષણે ઉત્પન્ન થાય છે. એને કોઈ પૂર્વના ક્ષણની કે સંયોગની કે દ્રવ્ય-ગુણની જરૂર નથી. આ..હા..હા...! આ લક્ષ રાખીને પછી શાસ્ત્રોનો અર્થ કરે તો વાત બેસે. આમ જ્યાં આવે કે, વ્યવહાર પણ ભજવો, શુભરાગ આવે, અશુભ છોડીને પંચ મહાવ્રત લ્યે તો એને એટલો ત્યાગ કરે ને ત્યારે પછી ચારિત્ર થાય ને. સ્વરૂપની ચારિત્ર દશા (ત્યારે થાય). એ બધી વ્યવહાર કથની. આ..હા..હા...! જેની ચારિત્રદશા તો તે સમયે તે પ્રકારે, તે પર્યાય ઉત્પન્ન થવાની છે. તેને પૂર્વે શુદ્ધતા છે અને એથી મહાવ્રત લીધું, એથી આગળ વધ્યા, અશુભ ટાળીને એનાથી આગળ વધ્યા એમ નથી. આ..હા..હા...! એ જ સમયે... આવી વાત આકરી પડે જગતને.

કેવળજ્ઞાન પણ મોક્ષમાર્ગથી નિશ્ચયથી નથી થતું. કેવળજ્ઞાનનો પર્યાય પણ તે સમયે ષટ્કારકની પરિણતિથી ઊભી થઈને કેવળજ્ઞાન થાય છે. આ..હા..હા...! એને કેવળજ્ઞાનાવરણીના અભાવની અપેક્ષા નથી, એના દ્રવ્યમાં આવડી શક્તિ મોટી છે માટે એની પણ અપેક્ષા નથી. આ..હા..હા...! તે સમયના તે પરિણામ ષટ્કારક – કર્તા, કર્મ, કરણ(થી થયા છે). કર્તા પોતે, કર્મ પોતે, કરણ પોતે, સંપ્રદાન પોતે, અપાદાન પોતે અને અધિકરણ પોતે. આ..હા..હા...! માટે કંઈક પંચ મહાવ્રત લીધા (અને) આગળ જવા માટે એની કંઈક સહાય મળી એમ નથી.

'દ્રવ્ય તો નિવૃત્ત જ છે. તેને દઢપણે અવલંબીને...' નિવૃત્ત છે તેને દઢપણે પર્યાયમાં અવલંબીને. નિવૃત્ત સ્વરૂપ જ છે. જ્ઞાયક ચૈતન્યજ્યોત વિજ્ઞાનઘન નિર્મળ, એ દ્રવ્ય તો નિવૃત્ત જ છે. રાગ ટળે તો નિવૃત્ત થાય એમેય નથી. એ તો પર્યાયમાં (થાય છે). વસ્તુ તો નિવૃત્ત જ છે. આ..હા..હા...! 'તેને દઢપણે અવલંબીને...' તેનો દઠપણે આશ્રય લઈને. આ..હા..હા...! 'વિભાવથી પણ નિવૃત્ત થાવ.' ભવિષ્યના. ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ, પણ આને અવલંબીને. આ..હા..હા...! 'તેને દઢપણે અવલંબીને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ.' ભવિષ્યનો વિકલ્પ, વિભાવ ન ઉત્પન્ન થાય એ રીતે (નિવૃત્ત થાવ).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે...' આ..હા..હા...! એ પણ કહ્યું છે ને, જ્ઞાન એ પચ્ચખાણ છે. રાગ છોડું તો પચખાણ થાય. પણ એ રાગ પોતે થયો હતો કે દિ' કે છોડું ? આ..હા..હા...! રાગથી તો એ નિવૃત્તસ્વરૂપ જ છે. આ..હા..હા...! એવું જે સ્વરૂપ, એને અવલંબીને. ભવિષ્યનો પણ વિકલ્પ ન ઊઠે. એનો આશ્રય લઈને. આ..હા..હા...! 'ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ.' આ..હા..હા...! નિવૃત્ત થાવ. 'મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને...' આ..હા..હા...! મુક્ત સ્વરૂપ છે ઇ અનુભવમાં આવી ગયું છે અને મુક્તિની પર્યાય જે છે એ પણ અહીંયાં મોક્ષમાર્ગ થયો એમાં એ આવી ગઈ છે. મોક્ષમાર્ગની પર્યાયને મુક્તિ કીધી છે ને. પાંચ રત્ન ! આ..હા..હા...! 'પ્રવચનસાર'. મોક્ષમાર્ગ પ્રગટ્યો છે એ જ સિદ્ધપદ છે, એ જ મોક્ષતત્ત્વ છે એમ કીધું. એ મોક્ષતત્ત્વ છે. સમજાણું કાંઈ ? 'પ્રવચનસાર' છેલ્લી પાંચ ગાથાઓ છે ને. મુનિ હોય છતાં રાગને એકપણે માને ને લાભ માને તો એ સંસારતત્ત્વ છે. ભલે એકલો હોય, નગ્ન હોય, વસ્ત્રનો ટુકડો રાખતો ન હોય. સાધુ જૈનદર્શનના આશ્રયમાં વ્યવહારથી નગ્નપણું (રાખીને) રહેલો હોય, પણ અંતરમાં રાગના કણને પણ (પોતાને માનતો હોય), આ વ્રત કરો, તપ કરો એનાથી કલ્યાણ થાય (એમ માનતો હોય). એનો અર્થ કે રાગનો ભાગ છે એનાથી કલ્યાણ થાય. આ..હા..હા...! તો એ પર્યાયમાં મુક્ત નથી.

વસ્તુ મુક્ત છે એવો અનુભવ થયો છતાં જ્યાં સુધી રાગ ભાગ થોડો રહી ગયો છે ત્યાં સુધી પર્યાયમાં મુક્તિ નથી. એ રાગથી ભિન્ન પડીને મુનિદશા યોગ્ય દશા કહી છે એને તો પર્યાયમાં મુક્તિ છે, કહે છે. સમજાણું કાંઈ ? દ્રવ્ય તો મુક્ત છે જ, એ તો નિવૃત્ત છે જ. એ તો પહેલો શબ્દ લીધો. છે ને ? 'દ્રવ્ય તો નિવૃત્ત જ છે.' દ્રવ્ય તો નિવૃત્ત એટલે નિર્વાણ સ્વરૂપ જ છે, મોક્ષસ્વરૂપ જ છે. આ..હા..હા...! પણ પર્યાય દૃઢપણે એ ત્રિકાળને અવલંબીને ભવિષ્યના વિભાવથી નિવૃત્ત થાય.

'મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે...' આ..હા...! મુક્તિ માટે કેમ પરિણમવું એ દશા થઈ ગઈ છે. એટલે મુક્તિ એના હાથમાં આવી ગઈ છે, એના ભાવમાં આવી ગઈ છે, એમ. હાથ એટલે (એના ભાવમાં આવી ગઈ છે). આ..હા..હા...! મુક્તિ તો એમના ભાવમાં આવી ગઈ છે. હાથ એટલે ભાવ. સમજાણું કાંઈ ? એના ભાવરૂપ હાથમાં મુક્તિ આવી ગઈ છે. પર્યાયમાં (હાથ આવી ગઈ છે).

'એવા મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન થાય છે.' નિવૃત્ત સ્વરૂપ છે એના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવલંબનથી ભવિષ્યમાં રાગ ન થાય, એવી રીતે જેની દશા છે. આ..હા..હા...! નિવૃત્ત થયેલ છે (એના) હાથમાં મુક્તિ આવી ગઈ છે. એ મુનિઓ ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી (એટલે) ભેદજ્ઞાનની તીક્ષ્ણ દશા કરી. સમકિતમાં તો ભેદજ્ઞાન હતું પણ પછી આવે છે ને ? ભેદઅભ્યાસથી ચારિત્ર. પાછળ 'સર્વવિશુદ્ધ'(માં) આવે છે. સમકિત હોવા છતાં ભેદજ્ઞાનના અભ્યાસથી ચારિત્રને પામે છે. એટલે અંદરમાં સ્થિરતા કરતાં કરતાં, રાગથી જુદા જુદા પડતાં પડતાં, અંદરમાં સ્થિરતા કરતા ચારિત્ર થાય છે. 'સર્વવિશુદ્ધ'માં ગાથા છે. આ..હા..હા...!

'મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી...' આમ હાથ જોડીને પચખાણ કર્યા એમ નહિ. રાગથી ભિન્ન પડેલા ભેદજ્ઞાનથી, ભેદજ્ઞાનની પણ તીક્ષ્ણ દશાથી... આ..હા..હા...! પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર અથવા પચખાણ ત્યારે થાય છે. આહા..હા..! અહીં તો બે પડિમા લ્યો, ચાર પડિમા લ્યો (એમ કહે). કાંઈ ભાન ન મળે. દ્રવ્યની ખબર ન મળે, એનું અવલંબન શું એની ખબર ન મળે. થઈ ગઈ સાત પડિમા ને થઈ ગઈ બે પડિમા.

અગિયાર પડિમાથી વધારે હોય તો વધારે લઈએ. ક્યાં ભાન (છે) ? વસ્તુ ક્યાં છે ? વસ્તુની તો કાંઈ ખબર નથી. આંકડો, નામ ગમે એ ધારે નહિ. સાત પડિમા ને અગિયાર પડિમા.. એક આઠ પડિમાવાળો બ્રહ્મચારી અહીંયાં આવ્યો હતો. (એક જણાને) ત્યાં આહાર કરવા ગયા હતા ત્યાં આવ્યો હતો. આઠ પડિમાવાળો એક આવ્યો હતો, નહિ ? આઠ પડિમા લીધી હતી એટલે કહે, અગિયાર પડિમા લઈએ તો આપણી ગણતરી થાશે. આઠ પડિમાવાળાને કોઈ આહાર-પાણી માટે બોલાવે નહિ. પધારો.. પધારો.. પધારો (કહે નહિ). અને અગિયાર પડિમા લે તો આહાર-પાણી તો થાય, રોટલા તો સરખા મળે. આઠ પડિમાવાળાને લંગોટી ન હોય એટલે બહુ ત્યાગી નામ ગણાય નહિ. એટલે એને (કોઈ બોલાવે નહિ) અને લંગોટી પહેરીને બરાબર એકલો બેઠો હોય (તો) પધારો.. પધારો.. પધારો. (લોકો કહે). આ..હા..હા...! અને એ જાય તોય એનો આદર કરે. ક્ષુલ્લક આવ્યા છે, ક્ષુલ્લક આવ્યા છે. આ..હા..હા...! અહીં તો કહે છે, 'ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન થાય છે.' આ..હા..હા...! એ બહારના ત્યાગથી પડિમા લીધી માટે પ્રત્યાખ્યાન થાય છે એમ નથી. આ..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જો** તારી ગતિ વિભાવમાં **જાય** છે તો તેને ઉતાવળથી **ચૈતન્યમાં** લગાડ. સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે; વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. માટે ઉતાવળથી સ્વરૂપમાં ગતિ કર. **૭૪.**

**૭૪.** '**જો** તારી ગતિ વિભાવમાં **જાય** છે...' શુદ્ધ સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુમાંથી તારી પરિણતિ **જો** વિભાવમાં **જાય** છે 'તો તેને ઉતાવળથી...' એટલે કે ઉગ્ર પુરુષાર્થ કરીને 'ચૈતન્યમાં લગાડ.' આ..હા..હા...! ચૈતન્યના સ્વભાવને છોડીને વિભાવ જ્યાં થાય છે, કહે છે એને છોડીને હવે ચૈતન્યમાં લગાડ. આ..હા..હા...! કેમ કે તારો પુરુષાર્થ જે વિભાવમાં જતો હતો એ જ (પુરુષાર્થ) સ્વભાવમાં લાવ. આ..હા..હા...! 'તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ.' એટલે કે કરશું, પછી કરશું, પછી કરશું એમ નહિ. પછી કરશું, પછી કરશું તો પછી રહી જશે.

આજે જ, આવ્યું છે ને ? 'પ્રવચનસાર'માં. આજે જ કર. આજે આવ્યું હતું, નહિ ? પ્રમાણ કરજે. હજી આવશે. અનુભવથી પ્રમાણ કરજે. ગાથાના અર્થમાં આવી ગયું છે. આ..હા..હા...! દિગંબર સંતોની વાણી તો જુઓ ! અમે કહીએ છીએ, અમને પણ અમારા ગુરુએ પ્રસાદીથી મહેરબાની કરી, કૃપા કરીને શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. તેનો અર્થ અમે પણ શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપવા વ્યવસાય કર્યો છે. આ..હા..હા...! **જો** બરાબર આપું, **જો** એટલે બરાબર **જો** આવે.. આ..હા..હા...! (તો) પ્રમાણ કરજે. હા પાડજે અને વ્યવહારથી શ્રદ્ધા કરજે એમ કહ્યું નથી. આ..હા..હા...! અમે કહીએ છીએ તેના ઉપરનું લક્ષ છોડી દઈને.. આ..હા..હા...! તારા આત્મામાં લક્ષ દઈને અનુભવથી પ્રમાણ કરજે. આ..હા..હા...! આ વાણી તો જુઓ ! અરે...! ક્યાં મળે ? બાપુ ! દિગંબર સંતો ! પરમેશ્વરના **જાણે** હાજરાહજૂર ભેટા કરેલા ! આ..હા...! અને પરમેશ્વરને પ્રાપ્ત કરવાની જ સીધી વાત. અહીંથી સ્વર્ગમાં જશો ને પછી આમ થાશે ને પછી ઢીકણું થાશે, પછી ભગવાન પાસે **જાશો** ને ત્યાં સમકિત પામશો ને પછી ચારિત્ર આવશે. એમ છે નહિ. આ..હા..હા...! એ વાણી સંતોની નહિ. આ..હા..હા...! છે ?

'ચૈતન્યમાં લગાડ. સ્વભાવમાં આવવાથી...' ભગવાનઆત્મા સ્વભાવમાં આવવાથી 'સુખ અને ગુણોની વૃદ્ધિ થશે;...' આનંદની વૃદ્ધિ થશે. આ..હા..હા...! અને અનંત ગુણો છે એની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધી પર્યાયમાં વૃદ્ધિ થશે. આ..હા...! બે વાત કરી. ચૈતન્યના સ્વભાવમાં આવ, વિભાવમાં જતો અટકાવ. વિભાવમાં જતું અટકાવ, સ્વભાવમાં આવ, તને સુખ અને ગુણની વૃદ્ધિ થશે. મૂળ ચીજ તો આનંદની વૃદ્ધિ થશે ને એની સાથે અનંતા ગુણો છે એની પરિણતિ પણ વૃદ્ધિ પામશે. આ..હા..હા...! છે ને ?

'સુખ અને ગુણોની વૃદ્ધિ થશે;...' એટલે અનંત ગુણો છે એ દરેકની પરિણતિની શુદ્ધિની વૃદ્ધિ થશે. આ..હા..હા...! ચૈતન્યમાં – સ્વભાવમાં પુરુષાર્થ લગાડ તો જેટલા ગુણો છે એ બધા પરિણતિમાં શુદ્ધ થશે અને સુખ ભેગું થશે, આનંદ આવશે. આ..હા...! 'વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે.' શું કીધું ? વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની.. વિભાવમાં જવાથી દુઃખ થશે અને ગુણોની હાનિ થશે, એમ. વિભાવમાં જવાથી દુઃખ થશે અને ગુણોની હાનિ થશે. ઓ'લામાં સુખ થશે અને ગુણોની વૃદ્ધિ થશે. આમાં દુઃખ થશે અને ગુણોની હાનિ થશે. 'માટે ઉતાવળથી સ્વરૂપમાં ગતિ કર.' વિશેષ કહેવાશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

ધર્મની વ્યાખ્યા :– વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. સ્વભાવ તો ત્રિકાળ છે અને ધર્મ તો વર્તમાન ક્ષણિક પર્યાય છે છતાં અહીં ત્રિકાળ સ્વભાવનો નિર્ણય કરીને એમાં વળીને અભેદ થાય છે. તેથી સ્વભાવને પણ ધર્મ કહ્યો છે. બધા આત્માને ત્રિકાળ સ્વભાવ તો છે પણ વસ્તુસ્વભાવને ધર્મ કેમ કહ્યો ? કે પરતરફનું લક્ષ છોડાવી સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એમ બતાવીને વસ્તુસ્વભાવમાં ધર્મની પર્યાય અભેદ થાય છે. માટે એને ધર્મ કહ્યો છે. ધર્મ બહારની ક્રિયામાં તો નથી પણ દયા, દાન ભક્તિ, પૂજાનાં શુભભાવ થાય એમાં પણ નથી. આખા જગતના જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું તે આત્માનો ધર્મ છે. એમ નિર્ણય થયો એ જ ધર્મ છે. અભેદની અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવને ધર્મ કહ્યો છે. પર્યાયમાં ધર્મ થાય છે. એ ધર્મની વાત નથી. કેમકે તે ભેદ-વિવક્ષામાં જાય છે. જેમ ગોળનો ગળપણ, મીઠાનો ખારો, અફીણનો કડવો અને લીંબુનો ખાટો સ્વભાવ છે એમ આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે. (પરમાગમસાર - ૮૧૩)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સુઈ ગયા કે બહાર આવવું ગમતું જ નથી. જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતા હોય એવા ચક્રવર્તી રાજાને બહાર આવવું ગમતું જ નથી તેમ ચૈતન્યના મહેલમાં જે બિરાજી ગયા તેને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું તેને બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે. સ્વરૂપમાં જે આસક્ત થયો એને બહારની આસક્તિ તૂટી ગઈ છે. **૭૫.**

**જેઠ વદ ૮, બુધવાર, તા. ૨૮-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૭૫-૭૬ પ્રવચન–૨૩**

(‘વચનામૃત’) **૭૫**મો બોલ છે ને ? ૭૪ ચાલ્યા છે. **૭૫... ૭૫.** ‘જેણે **ચૈતન્યધામને** ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સુઈ ગયા કે બહાર આવવું ગમતું જ નથી.’ આ..હા..હા...! શું કહે છે ? ચૈતન્યધામ ધ્રુવ જાગતો અને આનંદનો નાથ પ્રભુ, વસ્તુ જે છે દ્રવ્યસ્વભાવ એવું ચૈતન્યધામ નામ સ્થાન, એને જેણે અંદર ઓળખી લીધું. સમ્યક્દૃષ્ટિએ એને ઓળખી લીધું. આ..હા..હા...! પ્રભુ છે એ આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ (છે). ‘શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ’ એવું જેણે અંતર (ઓળખી લીધું). આ તો મૂળની વાત છે.

ચૈતન્યસ્વભાવ જે ધ્રુવ નિત્ય વસ્તુ સ્વરૂપ તરીકે ધ્રુવ નિત્ય છે એવું જે સ્થાન, ધામ, સ્વરૂપ એનું જેને જ્ઞાન થયું. એનું જેને સ્વરૂપનું જ્ઞાન થયું. છે ? ‘તે સ્વરૂપમાં એવા સુઈ ગયા...’ એ આનંદમાં એવી દૃષ્ટિ જામી ગઈ કે બહાર આવવું એને ગોઠે નહિ. આ..હા...! સમ્યગ્દર્શનમાં સત્યદર્શન થયું ને ? પૂર્ણ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય, એનું જેને જ્ઞાન થયું, આ આવું સ્વરૂપ છે એવું જાણ્યું, જાણ્યું એને એમાં રહેવાની દૃષ્ટિ થઈ ગઈ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ..હા..હા...! એને પુણ્યના ભાવમાં આવવું એ પણ બોજો લાગે. આ..હા..હા...! આકરી વાત છે, ભાઈ ! સંભળાય છે બરાબર ? સંભળાય છે ? ઠીક ! 'જેણે...' આ..હા..હા...!

ટંકોત્કીર્ણનો દાખલો (એક વિદ્વાને) આપ્યો છે. ટંકોત્કીર્ણ ! એમ કે, આ પથ્થર છે એમાં મૂર્તિ છે એવું એણે પહેલું જાણ્યું છે. મૂર્તિ છે એટલે મૂર્તિનો આકાર થઈ શકે એવી સ્થિતિ છે એવી અંદર મૂર્તિ છે. એ પછી ઉપરની મૂર્તિ વિનાની જે ચીજ છે એણે ટાંકણા વડે કાઢી નાખીને એકલું સ્વરૂપ જે અંદર અમૂર્તિ સ્વરૂપ છે એ રહે છે. 'પાલીતાણા' છે ને ? ... અંદર પથ્થરમાંથી એમ ને એમ કોતરી રાખ્યું છે. એટલે ખરેખર તો એ સ્વરૂપ અંદર હતું. એ હતું એના સિવાય અમૂર્તિ – મૂર્તિ નહિ પણ અમૂર્તિ એટલે એ બીજા પથ્થરના નાના-મોટા ભાગ એ બધા મૂર્ત સ્વરૂપ નહોતા. એને દૂર કરીને હતું એ નીકળ્યું. આ..હા..હા...!

એમ આ ભગવાનઆત્મા ધ્રુવ સ્વરૂપ મૂર્ત સ્વરૂપ, મૂર્ત એટલે રૂપી એમ નહિ, એનું સ્વરૂપ જે ચૈતન્ય છે એ તો અંદર છે ઇ છે જ તે. ધર્મી જીવે જ્યારે એને જાણી લીધું કે, આ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે પછી પોતે સ્વરૂપમાં ઠરીને જે ચૈતન્ય સ્વરૂપની બહારની ચીજો હતી એનો અભાવ કરીને હતું એવું રાખ્યું. આ..હા..હા...! આકરી વાતું છે. વીતરાગમાર્ગ સૂક્ષ્મ બહુ. લોકોએ તો બહારથી બધી ક્રિયાકાંડની પ્રવૃત્તિમાં મનાવી લીધું. આ..હા..હા...!

એ ચૈતન્યવસ્તુ અંદર ધ્રુવ (છે). રાગના વિકલ્પ વિનાની, અરે...! એક સમયની પર્યાયથી પણ ભિન્ન, એવું ચૈતન્યસ્વરૂપ દ્રવ્ય સ્વભાવ એવું જેણે જાણી લીધું એવા સ્વરૂપને જેણે સમ્યગ્દર્શનમાં જાણીને પ્રતીત કરી અને તેમાં રહેવાની જ હવે દૃષ્ટિ થઈ. આ..હા..હા...! છે ? 'તે સ્વરૂપમાં એવા સુઈ ગયા...' આ..હા..હા...! એ અતીન્દ્રિય આનંદના સ્વરૂપની દૃષ્ટિ કરી અને આ જ હું છું, એમાં – આનંદમાં એ રીતે સુઈ ગયા... આ..હા..હા...! કે, 'બહાર આવવું ગમતું જ નથી.' આ..હા..હા...!

સિદ્ધાંતમાં તો ત્યાં સુધી કહ્યું હતું ને. 'મોક્ષ અધિકાર'માં. મુનિ છે, જે અંતર આનંદધામમાં વિજ્ઞાનઘન એવું નિર્મળ સ્વરૂપ પ્રભુ ! એમાં મુનિ અંતર નિમગ્ન થયા છે, એને મુનિ કહીએ. એ મુનિને.. આ..હા..હા...! પંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એ પ્રમાદ છે, છઠ્ઠે ગુણસ્થાને એ પ્રમાદ છે. પંચ મહાવ્રતનો વિકલ્પ એ પ્રમાદ છે અને એ જગપંથ છે. એટલો રાગ જગપંથ છે – સંસારપંથ છે. આ..હા..હા...! અંતર આનંદસ્વરૂપમાં અંતરમાં જામી જાવું, રાગ વિના નિર્વિકલ્પમાં રહેવું એ શિવધામ, એ શિવનો માર્ગ છે. આ..હા..હા...!

'બહાર આવવું ગમતું જ નથી.' આનંદમાંથી, જેના સ્વાદમાં આનંદ આવ્યો, સમ્યગ્દર્શનમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શનની સાથે સમ્યક્જ્ઞાન, એમાં પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન આવ્યું, પૂર્ણ સ્વરૂપ એની પર્યાયમાં ન આવ્યું, પણ પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન આવ્યું. છે ને ? 'ચૈતન્યધામને ઓળખી લીધું...' પર્યાયમાં. પર્યાયમાં એને **જા**ણી લીધું કે, આ વસ્તુ તો અખંડ આનંદ છે. એ અખંડ આનંદ છે એ પર્યાયે **જા**ણ્યું. છતાં પર્યાયમાં એ વસ્તુ આવતી નથી. અને છતાં પર્યાયે એને **જા**ણ્યું કે આ તો અતીન્દ્રિય આનંદનું નિત્યધામ, ધ્રુવધામ (છે). એમાંથી એને બહાર નીકળવું ગોઠતું નથી. આ..હા..હા...! છે ? (બહાર) 'આવવું ગમતું જ નથી.'

'જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતા હોય એવા ચક્રવર્તી...' ચક્રવર્તીને હોય છે ને પાંચ મોટા બંગલા દેવે બનાવેલા હોય છે. અલૌકિક હોય છે. એ ચક્રવર્તીને રા**જા**ને બહાર આવવું ગમતું નથી. પોતાના મકાનની સગવડતાના સુખમાં બહાર આવવું એને ગમતું નથી. આ..હા..હા...! 'તેમ ચૈતન્યના મહેલમાં બિરા**જી** ગયા...' જેની હયાતી ચૈતન્ય ને આનંદના સ્વરૂપે જેની હયાતી છે, મોજૂદગી, અસ્તિત્વ (છે). આ..હા..હા...! એવા અસ્તિત્વમાં જેની દૃષ્ટિ ગઈ તે અંદરના મહેલમાં પેઠા. એ ચક્રવર્તીને જેમ મહેલમાંથી નીકળવું ગોઠે નહિ આ..હા...! એમ સ્વરૂપના ભાન અને સ્વરૂપના અનુભવમાં બહાર નીકળવું ગોઠે નહિ. આ..હા..હા...! અશુભ રાગ તો ગોઠે નહિ, અશુભ તો પાપ છે, દુઃખ છે પણ શુભરાગ પણ પુણ્ય અને પાપની સાથે બંધનનું કારણ છે. આ..હા...! આવી વાત છે, પ્રભુ !

જેને અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે, અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે એવી જેને અંદર ઓળખાણ થઈ. ઓળખાણ થઈ. આ..હા..હા...! એને એ ખાણમાંથી બહાર આવવું ગોઠે નહિ. આ..હા...! છે ? 'ચૈતન્યના મહેલમાં જે બિરા**જી** ગયા તેને બહાર આવવું મુશ્કેલ પડે છે,...' શું કહે છે ? ભગવાન આનંદ પ્રભુ ! અતીન્દ્રિય ચૈતન્યધામ સ્વરૂપ પ્રભુ ! ધ્રુવ સ્વરૂપ એવું જેને અંતરમાં સમ્યગ્દર્શનમાં, સમ્યક્જ્ઞાનમાં ભાન થયું એને બહાર આવવું મુશ્કેલ પડે છે. આ..હા..હા...! અશુભભાવમાં તો દુઃખ લાગે છે, ધર્મીને અશુભભાવમાં તો દુઃખ લાગે છે પણ શુભભાવમાં પણ દુઃખ લાગે છે. આ..હા..હા...! ગુજરાતી સમજતે હૈં ? આ..હા...!

જેને અંદર.. આ..હા..હા...! બદામ અને પિસ્તાના માવા મળ્યા, બદામના મેસૂભ થાય છે, બદામના મેસૂભ થાય, પિસ્તા, બદામના મેસૂભ.. મેસૂભ. ચાર શેર ઘી અને એક શેર બદામ, એને પાઈ ને સાકર નાખીને બદામનો મેસૂભ કરે. આ..હા...! એ બદામનો મેસૂભ જેણે ચાખ્યો એને ત્યાંથી નીકળવું ગોઠતું નથી. આ..હા..હા...! ભાવ આવે, અશુભ પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે પણ દુઃખ લાગે છે. આ..હા..હા...! એ આનંદમાંથી બહાર આવવું તે દુઃખ લાગે છે. આવી વાતું. વીતરાગ માર્ગ પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ, આ..હા..હા...! આમ ફરમાવે છે અને એ વસ્તુ એમ છે. આ..હા..હા...!

જેણે ચૈતન્યધામનું સ્થાનનું સ્વરૂપ જોઈ લીધું.. આ..હા..હા...! એને (એ) ધામમાંથી બહાર નીકળવું મુશ્કેલ પડે છે. આમ બહાર આવી જાય, વિકલ્પ આવે, ભક્તિનો આવે, પૂજાનો આવે, શ્રવણનો આવે, પણ અંતરમાંથી નીકળવું મુશ્કેલ પડે છે. જુઓ ! આ માર્ગ. આ..હા...! જેને આનંદનો સ્વાદ આવ્યો એમાંથી બહાર નીકળવું એને મુશ્કેલ પડે છે. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદમાં રમવા માટે જેને ચક્રવર્તીનું રાજ હોય એ ક્ષણમાં બળખાની જેમ છોડી દ્યે છે. મારો આનંદ આમાં (–આત્મામાં) છે. ૯૬ હજાર સ્ત્રી હોય, ચક્રવર્તીની સોળ હજાર દેવ સેવા કરતા હોય, ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ, ૯૬ કરોડ ગામ. એક ક્ષણમાં અતીન્દ્રિય આનંદના સ્વાદની ઉગ્રતા લેવા માટે વનમાં જવા છોડી દ્યે છે. આ..હા..હા...! મારો પ્રભુ જ્યાં આનંદ સ્વરૂપ છે ત્યાં મારે વસવું છે, મારું ધામ ત્યાં છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આ તો સાદી ગુજરાતી ભાષા છે. આ..હા...!

‘ચૈતન્ય મહેલમાં જે બિરાજી ગયા તેને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું તેને બોજો લાગે છે;...’ આ..હા...! જુઓ તો ખરા ! વૃત્તિ આવે, મુનિ છે એની વૃત્તિ તો પંચ મહાવ્રતાદિની હોય, પણ બોજો લાગે. ભગવાન આનંદનો નાથ પ્રભુ, અનાકુળ શાંતિનો સાગર, જેમાં ડુબકી મારી અતીન્દ્રિય શાંતિ અને આનંદ આવે. આ..હા..હા...! એમાંથી બહાર નીકળતાં દુઃખ લાગે છે. બહારની હોંશ એને ઊડી જાય છે. એની ભૂમિકા પ્રમાણે જે વ્યવહાર કરવો, એની હોંશ ઊડી જાય છે. આવે. આ..હા..હા...! છે ? ‘બહાર આવવું તેને બોજો લાગે છે;...’ આ..હા...! આ તો માર્ગ ! આ..હા...!

એ સર્વોત્કૃષ્ટ ચૈતન્યધાતુ પ્રભુ, જેણે ચૈતન્યપણું જ ધારી રાખ્યું છે, જેણે અતીન્દ્રિય આનંદ જ ધ્રુવપણે ધારી રાખ્યો છે, એનું જ્યાં જ્ઞાન થયું, એની કિંમત થઈ... આ..હા..હા...! એથી એમાંથી બહાર આવવું મુશ્કેલ પડે છે, બોજો લાગે છે. આ..હા...! આવે, ધર્મીને પણ વ્યવહાર આવે, જ્યાં સુધી વીતરાગ થયો નથી ત્યાં સુધી એને વ્યવહાર (આવે), પણ બોજો લાગે. આ..હા..હા...! એ દિગંબર ધર્મ જૈનદર્શન, એ સિવાય આ ચીજ ક્યાંય છે નહિ. આ..હા..હા...! જૈનદર્શન દિગંબર તત્ત્વ દિગંબર સંતોએ... આ.હા..! અતીન્દ્રિય આનંદના ઝુલે ઝુલતા ઝુલતા વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયા. એ શાસ્ત્ર રચવાનો વિકલ્પ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવ્યો એ બોજો લાગ્યો. આ..હા..હા...! બોજો લાગે. આ..હા..હા...! હળવી ચીજ ઉપર જેમ લોઢાના મોટા મણકા અંદર મૂકે, એમ પ્રભુ આનંદનો નાથ જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, શુદ્ધ ચૈતન્યઘન, એનું જ્યાં ભાન થયું એમાં રાગ એને બોજો લાગે. આ..હા..હા...! હવે અહીં લોકો કહે છે કે, એ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય. ક્યાંય મેળ ખાય એવું નથી, પ્રભુ ! આ..હા..હા...!

સમકિતીને ગૃહસ્થાશ્રમમાં અશુભભાવ આવે પણ દુઃખ લાગે, બોજો લાગે. આ..હા..હા...! અને શુભભાવ તો મુનિને પણ આવે. અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત, અચેલપણું, નગ્નપણું, વસ્ત્રરહિતપણાના વિકલ્પો તો આવે. આ..હા..હા...! પણ કહે છે કે, પ્રભુમાંથી બહાર નીકળવું, પ્રભુની સંપદા જે પડી છે, પ્રભુત્વશક્તિનો ભંડાર પ્રભુ છે, ઈશ્વરશક્તિનો સાગર ઇ આત્મા છે. કોઈ બીજો ઈશ્વર નથી, તું પોતે ઈશ્વર છો. આ..હા..હા...! એ ઈશ્વરમાંથી ઈશ્વરનું સ્વરૂપ જેણે અંદરમાં સમ્યગ્દર્શનમાં જોયું એને રાગની પામરતામાં આવવું એને મુશ્કેલ પડે છે. આ..હા..હા...! આવો માર્ગ છે.

'બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે.' 'दिट्ठी जहेव णाणं' આવે છે ને ? ૩૨૦ ગાથા. ૩૨૦ (ગાથા) ત્યાં ચાલે છે, 'નાઈરોબી.. નાઈરોબી'...! 'નાઈરોબી'માં આ ૧૭મી તારીખે મંગળ છે. 'આફ્રિકા' ! પંદર લાખના મંદિરનું મૂહુર્ત કર્યું. ૧૫ લાખનું મંદિર ! ત્યાં ગૃહસ્થ છે. શ્વેતાંબરો બધા દિગંબરો થઈ ગયા. ૪૦ ઘર, બધા ગૃહસ્થ લોકો છે. ચાર તો કરોડપતિ છે, બીજા બધા ઘરો પંદર લાખ, વીસ લાખવાળા (છે). આ ૧૭મી તારીખે (મુહૂર્ત) છે. (આપણા બે વિદ્વાન) ત્યાં ગયા છે. 'નાઈરોબી'માં દોઢ-બે-અઢી લાખનું મકાન છે અને પ્લેનમાં આપણી દિગંબર પ્રતિમા લઈ જશે. આ તો મંદિર નાનું હતું. પંદર લાખનું કરીને મુહૂર્ત કર્યું. આ..હા...! ૧૭મી તારીખે. આજે કેટલામી થઈ ? ૨૮. આ..હા..હા...!

અહીં તો બીજું કહેવું છે કે, એ બધા કામ કરી શકું છું એ તો આત્મામાં છે જ નહિ. આ..હા...! સત્તર લાખનું હોય કે પંદર લાખનું હોય. આ..હા...! એક મંદિર તો આપણે અહીં પંદર લાખનું છે, 'બેંગલોર' ! (એક) મુમુક્ષુ તરફથી. બે શ્વેતાંબર છે, (એક) બે કરોડવાળો છે એણે આઠ લાખ આપ્યા. આપણું દિગંબર મંદિર. અને એક (ભાઈ) સ્થાનકવાસી કરોડપતિ (છે) એણે ચાર લાખ આપ્યા. બાર લાખનું મંદિર થયું. પણ અત્યારે જોયું તો.. ઓ..હો..હો...! પાછા ત્રણ લાખ વધારીને પંદર લાખ (કર્યા). આમ મંદિર ને પ્રતિમા ને આ..હા..હા...! કીધું ને, વૈદ્ય આવ્યા હતા, ડૉક્ટર ! 'કલકત્તા'થી. મોટો ડૉક્ટર છે ને ? આવવાનો છે. એ આવ્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતો. બાળ **બ્રહ્મ**ચારી છે. રાજકુમાર જેવો (છે) પણ **જાવજીવ બ્રહ્મચર્ય** પાળવાનો ભાવ છે. **પૈસા** બહુ પેદા થાય છે. એ મંદિરને **જો**યું... આ..હા..હા...! એક હ**જા**ર રૂપિયા હું આપું છું, કહે. ડૉક્ટર ! મંદિરને **જો**ઈને (ક**હ્યું**). મૂળ વેદાંતી, વેદને માને પણ અહીં સાંભળીને (લાગ્યું), બાપુ ! આ માર્ગ જુદી **જા**ત છે. વેદાંતમાં આ વાત છે નહિ. આ..હા...! વેદાતંમાં તો પર્યાય એણે માની નથી. કાર્ય થાય છે તો પર્યાયમાં. ધ્રુવનો નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય. નિત્યનો નિર્ણય નિત્ય શી રીતે કરે ? આ..હા..હા...! ઇ વસ્તુ જ બીજે નથી. અનિત્ય જે પર્યાય છે તે નિત્યનો નિર્ણય કરે છે. અહીં **જો**યું ને ?

'જેણે ચૈતન્યધામને ઓળખી લીધું...' એ ઓળખી લીધું એ પર્યાય છે અને વસ્તુ ચૈતન્યધામ એ ધ્રુવ ત્રિકાળ છે. એ વસ્તુ ક્યાં છે ? એ વેદાંતવાળાએ ભલે આત્માની વાત કરી. અહીં તો અનંત આત્માઓ, અનંત પરમાણુઓ(ની વાત છે). ઇ તો એક જ આત્મા કહે છે. આ..હા..હા...! એક એક આત્મા પરમાત્મસ્વરૂપ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનથી ભરેલો ભગવાન છે. અનંતા ગુણથી, અનંત ગુણની રાશિનો ઢગલો ભગવાન ! આ..હા..હા...! એને જેણે ઓળખ્યો અને એની જેને જ્ઞાન ને રુચિ થઈ, **જા**ણીને, ઓળખીને રુચિ થઈ એટલે દૃષ્ટિ થઈ એને એમાંથી બહાર આવવું (ગોઠતું નથી). 'આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે.' આ..હા...!

**૩૨૦** ગાથા છે. ઇ ત્યાંય ચાલે છે, ઇ યાદ આવી ગયું. 'નાઈરોબી' ! (આપણા વિદ્વાન) ગયા છે, **૩૨૦** ગાથા ચાલે છે. **૩૨૦** ગાથા (છે). ત્યાંય સાંભળનારા આ બધા શ્વેતાંબર નીકળ્યા. દિગંબર તો ક્યાં, હતું જ ક્યાં ? શ્વેતાંબરના ચાલીસ ઘર છે. જ્યારે પંદર લાખના (મંદિરનું) મુહૂર્ત કર્યું ત્યારે સાડા સત્તરસો, બે હ**જા**ર માણસો આવ્યા હતા, કહે છે. બધા શ્વેતાંબર રહે, ત્યાં દિગંબર ક્યાં હતા ? 'આફ્રિકા', 'નાઈરોબી'. આ..હા..હા...!

અહીં તો કહે છે કે, ઇ બહારનો વિકલ્પ **ઊઠે** કે આ કરું. કરવું તો કરી શકે નહિ, આત્મા પરની ક્રિયા (કરી શકે નહિ). મંદિરને બનાવવું, પ્રતિમા પધારવવી એ ક્રિયા આત્મા ન કરી શકે, એ તો પરની ક્રિયા છે, પણ એનો ભાવ આવે, શુભભાવ (આવે),... આ..હા..હા...! પણ કહે છે કે, છે બો**જો**. આંખ પાસે રેતી ઉપાડવા જેવું છે. **૩૨૦** ગાથામાં (આવે) છે. 'दिट्ठी जहेव णाणं' આ..હા..હા...! દૃષ્ટિ છે તે જ્ઞાન છે, અંદરનું જ્ઞાન તે પરનું શું કરે ? ઇ તો **જા**ણે. આ..હા..હા...! ઉદયને **જા**ણે, નિર્જરાને **જા**ણે, બંધને **જા**ણે, મોક્ષને **જા**ણે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! એવું ચૈતન્યધામ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ, એનો જ્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ સમ્યગ્દર્શનમાં આવ્યો... આ..હા..હા...! હવે એમાંથી નીકળવું અને બહારના રાગના કામમાં આવવું એ આંખ પાસે રેતી ઉપાડવા જેવું છે, કહે છે. આ..હા..હા...! એવું આકરું લાગે છે.

'સ્વરૂપમાં જે આસક્ત થયો...' આ..હા...! અનાકુળ આનંદનો નાથ પ્રભુ, નિત્યાનંદ પ્રભુ ! સહજાત્મસ્વરૂપ ! આ..હા..હા...! એમાં જ્યાં આસક્ત થયો... આ..હા...! રાગ અને પુણ્યના પરિણામની પણ આસક્તિનો રસ તૂટી ગયો. આ..હા..હા...! આસક્તિ ત્યાં લાગી ગઈ. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદનો નાથ સાગર ભર્યો છે, મોટો દરિયો ! અતીન્દ્રિય આનંદનો સાગર – દરિયો ! અસંખ્ય યોજનમાં જેમ સ્વયંભૂરમણ સમુદ્ર છે એના તળિયામાં એકલા રત્ન ભર્યા છે. શાસ્ત્રમાં પાઠ છે. સ્વયંભૂરમણ છે ને ? છેલ્લો સમુદ્ર. સ્વયંભૂ અસંખ્ય યોજનમાં (પથરાયેલો છે એમાં) નીચે રેતી નથી. નીચે એકલાં રત્ન ભર્યાં છે. એમ આ ચૈતન્યરત્ન ભગવાન, એમાં કોઈ વિકાર નથી, એકલા આનંદના રત્ન ભર્યા છે. જ્ઞાન ને આનંદ ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા, ઈશ્વરતા એવા અનંત રત્નો ભર્યા છે. એના તળિયે. સમુદ્રના તળિયે રત્ન છે, એમ સ્વયંભૂ – પોતે પોતાથી થયેલો એનો કોઈ કર્તા નથી. આ..હા..હા...! આ..હા..હા...! એવા ભગવાનના અંતરમાં, પોતે જ ભગવાનસ્વરૂપ છે એમાં અંતર તળિયે ધ્રુવમાં ચૈતન્યના અનંત રત્ન પડ્યા છે. અરે...! એણે કોઈ દિ' સાંભળ્યું નથી. એને શું ચીજ છે, આ અંદર ?

સર્વોત્કૃષ્ટ પ્રભુ ! જેમાં અનંતા ગુણો અને એક એક ગુણમાં અનંતી શક્તિ ! એક એક ગુણમાં અનંતા ગુણોનું રૂપ ! આ..હા..હા...! જેમ આત્માનું જ્ઞાન છે, એમ અસ્તિત્વ ગુણ છે. પણ એ અસ્તિત્વ ગુણ છે એ અસ્તિત્વ ગુણને લઈને જ્ઞાન છે એમ નહિ. જ્ઞાનમાં અસ્તિત્વનું રૂપ છે. જ્ઞાન પોતે પોતાથી થયેલું અસ્તિત્વ એનું રૂપ છે. અસ્તિત્વ ગુણને લઈને નહિ. આ..હા..હા...! આવો અનંત ગુણનો ભંડાર ભગવાન અરે...! એણે જોયો નહિ, કોઈ દિ' સાંભળ્યો નહિ, ભાઈ ! આ..હા...! એની પાસે રાગનું કામ કરાવવું આંખ પાસે રેતી ઉપાડવા જેવું છે. આંખ પાસે રેતી ! છે ?

'સ્વરૂપમાં જે આસક્ત થયો એને બહારની આસક્તિ તૂટી ગઈ છે.' આ..હા..હા...! આવે, વિકલ્પ આવે, હોય પણ એનો આદર નથી. આદર તો પ્રભુ ચૈતન્ય શુદ્ધ છે એનો આદર છે. ઉપાદેય (એ છે), રાગ આવે એ હેય છે. આવે, પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સુધી (રાગ આવે) પણ બોજો લાગે, હેય છે. આ..હા..હા...! જે રાગ બોજો લાગે, હેય (લાગે) એનાથી નિશ્ચય પમાય ? લોકોને ઇ ખબર નથી. વ્યવહાર કરતાં કરતાં વ્યવહાર કરો તો નિશ્ચય થાય. અરે...! પ્રભુ આ શું કહે છે ? વીતરાગનો માર્ગ આ નથી. આ..હા..હા...! વ્યવહારની રીતિ છોડી અને ત્રિકાળી ભગવાનની દૃષ્ટિ કર તો તે સમ્યગ્દર્શન થશે. આ..હા...! વ્યવહારના સહકારથી થશે, એમ નથી. આ..હા..હા...! આવો મનુષ્યભવ મળ્યો, બાપુ ! આ..હા..હા...! એમાં ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવની વાણી મળી. આ..હા...! જે બીજે ક્યાંય છે નહિ. જિનેશ્વર સિવાય (ક્યાંય છે નહિ). એણે જિનેશ્વરના નામેય ગડબડ કરી નાખે છે ને અત્યારે ! આ..હા..હા...! નિમિત્તથી થાય ને વ્યવહારથી થાય, બધી ગડબડ કરી નાખી. આ..હા..હા...!

અહીં તો કહે છે, ચૈતન્યના આનંદના સ્વાદની આગળ, એના સ્વાદ (આવ્યો) ત્યાંથી છૂટવું ગોઠતું નથી. બાળક હોય (એને) રોટલીમાં સાકરના ગાંગડા આપે. ઇ બાળક ખાય તો થૂંક એને અડે એટલે સાકરનો ગાંગડો ભીનો થઈ જાય. ઓ'લી માખી આવે, માખી, ઇ પકડવા જાય, સાકર લેવા જાય તો માંખીની પાંખ ચોંટી જાય તોય ઉખડે નહિ. કેમ કે એને સાકરના સ્વાદ આગળ ત્યાંથી છૂટવું ગોઠતું નથી. આ..હા..હા...! એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ, એને વ્યવહારનો વિકલ્પ કરવો એ ગોઠતો નથી. આવું છે. માર્ગ તો પ્રભુ આવો છે, વસ્તુસ્થિતિ જ એવી છે. આ ક્યાં ભગવાને કાંઈ કરી છે ? ભગવાને તો જાણ્યું છે. જેવું સ્વરૂપ છે એવું જાણ્યું છે. જાણ્યું છે તેવું કહ્યું છે. એણે કંઈ કોઈનું કર્યું નથી. આ..હા..હા...! ભગવાનની જ આ વાણી છે. દિગંબર સંતોએ વાણી (કહી) એ ભગવાનની જ વાણી છે. આ..હા...! એ એમ કહે છે, 'સ્વરૂપમાં જે આસક્ત થયો એને બહારની આસક્તિ તૂટી ગઈ છે.' આ..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છબી પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ **જાય** છે, કોઈ દોરવા જતું નથી. એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે. **જો** કે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી, તો પણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ **જાય** છે. હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર તો સંવર-નિર્જરા થશે. આત્માનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે. **૭૬**.

હવે **૭૬**. 'છબી પાડવામાં આવે...' છબી – **ફોટો**. 'ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય...' મુખ પરના ભાવ હોય, મુખ ઉપરના (ભાવ) દાંત કાઢતો હોય કે આમ હોય. એવો **ફોટો** પડી **જાય**. 'તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ **જાય** છે,...' આ..હા..હા...! **જો** કે **ફોટો**માં જે ચિતરાઈ છે, સામું જે ચિતરામણ છે, વસ્તુ (છે) એના પરમાણુ અહીંયાં આવીને નથી ચિતરતા. અહીંના પરમાણુઓ એ રીતે ચિતરાઈ **જાય** છે. આ 'આ**ફ્રિ**કા'માં બહુ સિંહ હોય છે, સેંકડો સિંહ (છે), પછી આ **ફિ**લ્મ માટે પાડવા **જાય** છે. સેંકડો સિંહ ! **ફિ**લ્મ પાડે છે. પાંચ-પાંચ લાખની મોટરું હોય, સિંહ આવીને થાપા મારે તોય એની મોટરમાં અડી શકે નહિ. એટલી વાર પાડે તો ત્યાંથી **જો** પરમાણુ આવતા હોય તો સુકાઈ **જાય**. આ..હા..હા...! અહીંયાં પરમાણુઓ છે એમાં એ ચીજ તો નિમિત્ત છે. એને લઈને અહીંયાં પરમાણુઓ એ રીતે પરિણમ્યા છે એ રીતે નથી. આ..હા..હા...! આવી વાતું છે. એ કાળે ત્યાંના પરમાણુઓ એ રીતે પરિણમવાને લાયકવાળા પરિણમ્યા છે. સામે જેનો **ફોટો** લ્યે છે એ તો નિમિત્ત છે. આ..હા..હા...!

જેમ સ્વભાવે નિર્મળ એવા સ્**ફ**ટિકમાં.. એ આવ્યું ? 'છબી પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી...' કુદરતી, એમ. એટલે એની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાણુની યોગ્યતાથી 'ચિતરાઈ જાય છે,...' સામો પાડે છે ત્યાંથી પરમાણુ આવે છે અને ફોટો અહીં પડે છે એમ નથી. આ..હા..હા...! ત્યાં તો સાથે સિંહના બચ્ચા સાથે હોય અને ઓ'લા ફિલ્મ પાડતા હોય એમાં હજારો હજારો પડે. ત્યાંના રજકણો તો ત્યાં સુકાઈ જાય. આ..હા..હા...! 'મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ જાય છે, કોઈ દોરવા જતું નથી.' ત્યાં દોરવા જાય છે ?

'એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે...' જેવા કર્મ બાંધ્યા હોય એનું ફળ આવે, બહારનું ચિતરામણ (થાય). 'ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે.' પૂર્વે ભાવ હતો એનું આ ચિતરામણ છે, મારું સ્વરૂપ તો આનંદનો નાથ, જ્ઞાનસ્વરૂપ છે. આ..હા...! એ ચિતરામણમાં હું નિમિત્તેય નથી અને ચિતરામણ મારાથી થયું નથી. આ..હા..હા...! શુભભાવ થયો હોય અને પુણ્ય બંધાઈ ગયું હોય, પુણ્યને લઈને ચક્રવર્તી પદ મળે, ઇન્દ્ર લ્યો ને, સૌધર્મ ઇન્દ્ર, કરોડો અપ્સરાઓ (હોય). એકાવતારી છે, એક ભવે મોક્ષ જનાર છે. શકરેન્દ્ર, સુધર્મ દેવલોક, બત્રીસ લાખ વિમાન છે, એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે. એનો અત્યારે ઇન્દ્ર છે. ભગવાનના આગમમાં હુકમ છે કે એ ઇન્દ્ર ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જવાના. આ..હા..હા...! એની પત્ની પણ એક છે. કરોડો અપ્સરામાં એક પત્ની મુખ્ય (છે). એ પણ એકભવતારી છે. ઊપજી ત્યારે મિથ્યાત્વ હતું, સ્ત્રી થઈ હતી તે મિથ્યાત્વ હતું પણ પછી ભગવાનના જન્મમહોત્સવ સાથે આવતા એમાંથી એને આત્મજ્ઞાન થઈ ગયું અને વીતરાગના માર્ગમાં પરમાગમમાં કહ્યું કે, એ પણ એકભવતારી છે. બેય મનુષ્ય થઈને મોક્ષ જનારા છે. આ..હા...! આવી સ્થિતિનું ચિતરામણ દેખે એ જાણે કે એ તો કર્મનું ફળ છે, હું એમાં નથી. એ મારા નથી, મારામાં નથી, એનામાં એ (છે), એમાં હું નથી. આ..હા..હા...!

કરોડો રૂપિયા હોય છે, નહિ ? પચીસ-પચીસ, પચાસ લાખનું ઓ'લું હોય છે, શું કહેવાય તમારે એ ? ઘરવખરો ! ઘરવખરાને શું કહેવાય ? ફર્નીચર ! મોટા અબજોપતિને ત્યાં કરોડના તો ફર્નીચર હોય, પણ એ બધું ફર્નીચર થયું ઇ શું છે ? કહે છે, એ તો પૂર્વના પુણ્યનો ભાવ હતો, એનું બંધાણું કર્મ, એનું એ ચિતરામણ દેખાય છે. એ મારું નહિ, મારે લઈને નહિ. આ..હા..હા...! આવું બેસવું કઠણ છે. અનંતકાળમાં સમ્યગ્દર્શન પામ્યો નથી. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો' આ..હા..હા...! મુનિવ્રત ધાર, દિગંબર મુનિ, હોં ! વસ્ત્રવાળું મુનિપણું તો દ્રવ્યલિંગેય નથી. આ..હા..હા...! 'મુનિવ્રત ધાર અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આત્માના ભાન વિના એ પંચ મહાવ્રત પાળ્યા, હજારો રાણી છોડી, અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા પણ એ રાગ છે, દુઃખ છે. આ..હા..હા...! આત્મજ્ઞાન વિના લેશ સુખ ન પાયો. આ..હા..હા...! ત્યારે પંચ મહાવ્રત એ સુખ છે ? દુઃખ છે, રાગ છે ને. આ..હા..હા...! લાખો વર્ષ સુધી, કરોડો વર્ષ સુધી, અબજો વર્ષ સુધી મહાવ્રત પાળે પણ એ શુભ વિકલ્પ ને રાગ ને દુઃખ છે. એના વિનાનો પ્રભુ આત્મા છે, રાગ વિનાનો (છે), એમાં સુખ છે એવું એણે આત્મજ્ઞાન કર્યું નહિ. આ..હા..હા...! આવી વાતું છે.

'એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે...' એ બધા ભપકા દેખાય. 'ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા...' પૂર્વે. 'તેવું આ ચિતરામણ થયું છે.' આ..હા..હા...! એ ચીજ મારી નથી, એ ચીજમાં હું નથી, એ ચીજ મને અડતી નથી, છૂતી નથી. આ..હા..હા...! શરીરને પણ પ્રભુ કોઈ દિ' અડ્યો નથી, છૂતો નથી. શરીર જડ છે, આત્મા અરૂપી છે. અડે ક્યાંથી ? છૂએ ક્યાંથી ? આ..હા..હા...!

'જો કે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી,...' કહ્યું હતું ને, જેમ ઓ'લો ફોટો પડ્યો ઇ કંઈ એને લઈને અહીં (થતું) નથી. એમ (આત્મા કર્મમાં) 'પ્રવેશ કરીને કાંઈ કરતો નથી, તો પણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ જાય છે.' જેવો એણે ભાવ કર્યો હોય એને અનુરૂપ ભાવ નિમિત્ત છે, અનુકૂળ છે. શુભ-અશુભભાવ એ નિમિત્ત છે, અનુકૂળ છે. એને અનુરૂપ ચિતરામણ સ્વયં થઈ જાય છે. એને અનુરૂપ એવું પરમાણુનું (પરિણમન) થઈ જાય છે અને એને લઈને બહાર એવા ફળ પણ આવી જાય છે. એમાં આત્માના સ્વભાવની કાંઈ ગંધ નથી. આ..હા..હા...! મોટા ચક્રવર્તીના રાજ દેખાય, ઈન્દ્રના (વૈભવ) દેખાય એ બધી કર્મની ચિતરામણ છે. એ શુભાશુભભાવ હતો, કર્મના રજકણો એને કારણે બંધાણા. જે પરમાણુમાં કર્મ થવાની લાયકાત હતી એથી એને લઈને બંધાણા, શુભ ને અશુભને લઈને નહિ. આ..હા..હા...! શુભ-અશુભ તો નિમિત્ત છે, નવા પરમાણુ જે બંધાણા એ પરમાણુમાં કર્મ થવાની લાયકાતવાળા પરમાણુ કર્મરૂપે થયા છે. આ..હા..હા...! આવી વાતું ! છે ? 'તેવું આ ચિતરામણ થયું છે. જો કે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી, તો પણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ જાય છે.' સ્વયં થઈ જાય છે. આ..હા..હા...!

'હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર તો સંવર-નિર્જરા થશે.' એ શું કીધું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે, શુભ-અશુભભાવ પૂર્વે હતા એની અનુકૂળતા એટલે નિમિત્ત અને અનુરૂપ, એ પરમાણુ બંધાણા એ અનુરૂપ. એના ફળ તરીકે નિમિત્ત, એ કર્મ પણ ખરેખર (તો) નિમિત્ત છે અને બહારની ચીજ એ ઉપાદાન એને પોતાને કારણે આવી છે. કર્મ જડ છે, એને કારણે જડનો સંયોગ થયો છે એ તો નિમિત્તથી કથન છે. આ..હા..હા...! નવો સંયોગ જે આવે છે એ પણ પોતાના ઉપાદાનને કારણે આવે છે. કર્મ તો નિમિત્તમાત્ર છે, પણ એમાંથી એ જણાય (કે), પૂર્વે કોઈ વિકારી ભાવ કર્યા હતા એનું આ ચિતરામણ બહાર દેખાય છે, મારો સ્વભાવ નહિ. આ..હા..હા...! આ બધું દેખાય, ખમા ખમા દેખાય.. આ..હા..હા...! ચક્રવર્તી લ્યો ને ! જેને બત્રીસ કવળનો આહાર હોય, બત્રીસ કવળનો આહાર. એ બત્રીસ કવળ ૯૬ લાખનું પાયદળ પચવી ન શકે. એક કોળિયો ન પચવી શકે. એવો તો એનો આહાર છે. એ બધી પૂર્વના કર્મની ચિતરામણ દેખાય. એનું એવું હોય છે, ચક્રવર્તીને હીરાની ભસ્મ હોય છે. હીરા.. હીરા હોય છે ને, એની ભસ્મો રોટલીમાં હોય છે. રોટલીમાં, પુરીમાં હીરાની ભસ્મો (હોય છે). એક એક કોળિયાની અબજો રૂપિયાની કિંમત ! એવો બત્રીસ કવળનો આહાર. જેનું એક કવળ ૯૬ કરોડ પાયદળ પચવી ન શકે. પણ એ બધું કર્મનું ચિતરામણ છે. આ..હા..હા...! પૂર્વે કોઈ શુભભાવ હતો, એમાં સ્વયં કર્મના રજકણો પોતાથી બંધાઈ ગયા, એના ફળ તરીકે નિમિત્ત તરીકે પછી આ બધી ચીજો દેખાણી. છે ?

આ..હા..હા...! 'હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર...' ઇ શું કીધું ? કે, પૂર્વે શુભ-અશુભભાવ કર્યા હતા, એ નિમિત્તથી સ્વયં પરમાણુ પોતાથી બંધાણા અને એનું નિમિત્ત રજકણો, બહારના સંયોગો ચિતરામણ દેખાય. હવે જો તારે પુણ્ય-પાપનો નાશ કરવો હોય, બહારના ચિતરામણને પામવું ન હોય, અંદરને પામવું હોય.. આ..હા...! તો દર્શનરૂપ (પરિણમન કર). આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ. એનું દર્શન – પ્રતીતિ સમકિત, એનું જ્ઞાન, એનું ચારિત્ર (એટલે) સ્વરૂપની રમણતા. એવું પરિણમન કર. આ..હા..હા...! ઇ શું કીધું ? કે, પૂર્વે શુભ-અશુભભાવ કર્યો હતો તો એનું – કર્મનું ચિતરામણ સ્વયં થયું, એના ફળ તરીકે બહારનું ચિતરામણ દેખાણું, બહારના બધા ભપકા (દેખાણા). હવે જો તારે એ શુભાશુભને રોકવા હોય તો સંવર, નિર્જરા કર. એ બહારનું ચિતરામણ પછી નહિ મળે, અંદરથી મળશે. આ..હા..હા...!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને કાંઈ સંબંધ નથી. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર...' મોક્ષમાર્ગ લીધો. 'તો સંવર-નિર્જરા થશે.' આ..હા..હા...! કોઈ પુણ્ય-પાપના ભાવ નહિ થાય અને બંધન નહિ થાય અને બહારનું ચિતરામણ પણ મળશે નહિ. આ..હા..હા...! સમજાણું કાંઈ ? શુભ-અશુભભાવ છે એ એમ બતાવે છે કે, એનાથી બંધન થયું અને એનાથી આ બધો બહારનો ભપકો દેખાય (છે). ચક્રવર્તીપદ ને ઇન્દ્રપદ ને બળદેવપદ ને વાસુદેવપદ. હવે તારે જો એને રોકવા હોય, એ તો બાહ્ય સંયોગ દેનારા છે. હવે તારા ધર્મની પ્રાપ્તિ કરવી હોય તો... આ..હા..હા...! આખો ભગવાન જે છે પૂર્ણ, એનું દર્શન કર, સમકિત કર, એનું જ્ઞાન કર ને એમાં રમણતા – પરિણમન કર. જેમ શુભાશુભનું પરિણમન હતું તો બહારના બધા ચિતરામણો – સંયોગો દેખાણા. એમ જ્યારે તને સંવર, નિર્જરાનું કારણ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમ્યું તો સંવર, નિર્જરા થશે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

અબજો રૂપિયા આવે. અબજોની કિંમત ! ઓ..હો..હો...! ચાલીસ-ચાલીસ લાખના બંગલા મોટા ! મોટો ભપકો દેખાય, પણ ઇ શું છે ? બાપુ ! એ તો પૂર્વના તારા ભાવ શુભ આદિ હતા એનું પુણ્ય બંધાણું અને ફળનું ચિતરામણ આ દેખાય. ઇ તો આસ્રવનું ફળ છે. આ..હા..હા...! આસ્રવ થયો એમાં કર્મ આવ્યું, કર્મ આવ્યું એમાં સંયોગો આવ્યા, એમાં તો સંયોગ આવ્યો. કેમ કે પુણ્ય ને પાપ એ સંયોગી ભાવ છે, સ્વભાવભાવ નથી. આ..હા..હા...! એનાથી બંધાણું પુણ્ય, રજકણો થયા. એનાથી સ્વયં ચીજ બાહ્ય સંયોગો આવ્યા એને કર્મ નિમિત્ત કહેવાણા. એટલે એનાથી થયું કે, આ બધા પુણ્ય-પાપના ભાવ છે એનો આ બધો સંયોગ દેખાય છે. હવે તારે જો સંવર, નિર્જરા કરવી હોય તો પુણ્ય-પાપથી રહિત... આ..હા...! આ..હા..હા...! દર્શન, જ્ઞાન ને ચારિત્રરૂપ પરિણમન કર. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એનું જ્ઞાન કરીને શ્રદ્ધા કર અને તે સ્વરૂપમાં રમણતાનું પરિણમન કર. આ..હા..હા...! તો એ બહારના દેખાવના કારણ કર્મ અને કર્મના કારણ શુભાશુભભાવ, એ અટકી જશે. સમજાણું કાંઈ ? 'સંવર-નિર્જરા થશે.'

'આત્માનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે,...' આ..હા..હા...! ત્રિકાળ એનું દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે, તો એનું પરિણમન થાય એ વર્તમાન મોક્ષમાર્ગ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. આ..હા..હા...! આત્માનો મૂળ ત્રિકાળ સ્વભાવ દૃષ્ટા, જ્ઞાતા ને સ્થિરતા – વીતરાગતા, એ એનું સ્વરૂપ છે. આ..હા...! પ્રભુનું સ્વરૂપ, મૂળ સ્વભાવ એ તો દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રિકાળ, હોં ! મૂળ સ્વભાવ એ છે. આ..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે...' હવે શું કીધું ? આત્મામાં દર્શન, સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધા, એવો જે ગુણ ત્રિકાળ પડ્યો છે. સમ્યક્જ્ઞાન અતીન્દ્રિય જ્ઞાન ત્રિકાળ છે અને શાંતિ, અકષાય ચારિત્રસ્વરૂપ, અકષાય ભાવ ત્રિકાળ પડ્યો છે. એનું જો આલંબન લે. જે શક્તિરૂપે છે. આ..હા..હા...! એનું જો આલંબન લે. છે ? આ..હા...! 'દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે.' શૈલી જુઓ તો ખરી ! જો શુભાશુભ કરીશ તો ત્યાં ચિતરામણ કર્મનું થશે અને આ બહારનું ચિતરામણ તને દેખાશે. હવે જ્યારે તને સંવર, નિર્જરા કરવી હોય તો ત્રિકાળ પ્રભુઆત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રથી ભરેલો છે, સ્વસ્વભાવમાં અનંત ચતુષ્ટય ત્રિકાળ પડ્યું છે. આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, એ અનંત ચતુષ્ટય ત્રિકાળ પડ્યું છે. આ..હા...! ધ્રુવ ! એનું આલંબન લે. આ..હા..હા...!

'તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે...' વસ્તુમાં જે દર્શન, જ્ઞાન, ચારિત્ર એના સ્વભાવરૂપ – શક્તિરૂપ છે, એની જો શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રરૂપ પરિણમ તો વ્યક્તરૂપે થશે, શક્તિ છે તે વ્યક્ત થશે. છે તે વ્યક્ત નામ પર્યાયમાં પ્રગટ થશે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? અરે...! અવલદોમની વાત આમ કરી છે. શુભાશુભભાવ થાય તો સ્વયં કર્મ બંધાય અને એને લઈને સ્વયં બહાર દેખાવ થાય. હવે એને રોકવું હોય તો દર્શન, જ્ઞાન, ચારિત્રપણે પરિણમ. એ આસ્રવપણે નહિ, પણ એ દર્શન, જ્ઞાન, ચારિત્રપણે પરિણમન કઈ રીતે (થાય) ? કે, દર્શન, જ્ઞાન, ચારિત્રથી ભરેલો ભગવાન છે. આ..હા..હા...! શુભ-અશુભભાવ તો કૃત્રિમ ઊભા કર્યા હતા, એ કંઈ અંદર ભર્યા નથી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? શુભ અને અશુભભાવ કંઈ અંદર પડ્યા નથી, એ તો નવા કરેલા હતા. એટલે સંયોગી ભાવ થયો. એનાથી સંયોગી કર્મ ને સંયોગી ચીજ દેખાણી. હવે તારે સંયોગરહિત થવું હોય, સંયોગીભાવથી રહિત (થવું હોય) તો સંવર, નિર્જરા કર. તો સંવર, નિર્જરા કેમ થશે ? કે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમ તો સંવર, નિર્જરા થશે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું પરિણમન કેમ થશે ? કે, શક્તિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર (છે તેનું આલંબન કરતાં તે પ્રગટ થશે). સમજાણું ?

એક પેરેગ્રાફમાં બહુ સરસ વાત કરી. આ..હા..હા...! શુભાશુભભાવનું ચિતરામણ કરું છું અને એ કર્મના ફળ તરીકે બહારમાં સંયોગો દેખાશે. હવે તારે સ્વભાવ પ્રગટ કરવો હોય એટલે કે આસ્રવ, બંધ રોકીને સંવર ને નિર્જરા કરવી હોય તો સમ્યગ્દર્શન, જ્ઞાન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્રપણે પરિણમ. કેમ ? કે, પરિણમન તો વ્યક્ત થયું તે સ્વરૂપમાં શક્તિરૂપે છે. ઓ'લા શુભાશુભભાવની તો કોઈ શક્તિ હતી જ નહિ. આ..હા..હા...! સમજાણું કાંઈ ? શું કહ્યું સમજાણું ?

શુભાશુભભાવ એ આસ્રવ છે, તેથી પરમાણુઓ આસ્રવશે. ભલે એ સ્વયં પોતે (આવે), આ તો નિમિત્ત છે. અને એ નિમિત્ત છે અને સ્વયં આ સંયોગો આવશે. બહારનું ચિતરામણનું તને ફળ દેખાશે. સંયોગીભાવનું ફળ સંયોગી દેખાશે. હવે તારે સ્વભાવભાવ કરવો હોય તો.. આ..હા..હા...! બહુ સરસ વાત ! જેમ પેલા પુણ્ય-પાપપણે થતો ને ચિતરામણ થતું, હવે એમ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે થા. આ..હા..હા...! કે જેથી તને સંવર, નિર્જરા થાય. પણ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ સંવર, નિર્જરારૂપ થયા ક્યાંથી ? એ અંદરમાં છે. અંદરમાં દર્શન, જ્ઞાન, ચારિત્રથી ભરેલો ભગવાન છે. આ..હા..હા...! અંદર દર્શન – શ્રદ્ધા, ત્રિકાળી શ્રદ્ધાનો એનો સ્વભાવ છે. જ્ઞાન ત્રિકાળી અનિન્દ્રિય અંદર છે. ચારિત્ર એટલે શાંતિ, અવિકારી વીતરાગતા એવો એનો ત્રિકાળી સ્વભાવ છે. એ શક્તિમાંથી, એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કર તો શક્તિમાંથી વ્યક્તતા થશે. પ્રગટ બહાર (આવશે). ઓ'લું શુભાશુભ આસ્રવથી પ્રગટ થાશે બહારની ધૂળ અને આ સંવર, નિર્જરાથી પ્રગટ થશે, શક્તિમાં છે તે વ્યક્તરૂપે બહાર ભાવ થશે. આ..હા..હા...! બહુ સરસ ભાષા છે. બસ, હજી બીજો જ ચાલ્યો ને ? આ જે બે જ ચાલ્યા. પણ આ તો ઘણું છે. આમાં તો આ જ ભર્યું છે. આ..હા...! વિશેષ કહેવાશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

ચામડા ઉતારીને જોડા કરીએ તોપણ ઉપકાર ન વાળી શકાય એવો ઉપકાર ગુરુ આદિનો હોય છે. એને બદલે તેમના ઉપકારને ઓળવે તે તો અનંત સંસારી છે. કોની પાસે સાંભળવું એનો પણ જેને વિવેક નથી તે આત્માને સમજવા માટે લાયક નથી–પાત્ર નથી. જેને લૌકિક ન્યાય, નીતિના પણ ઠેકાણાં નથી એવા જીવો શાસ્ત્રોનું વાંચન કરે અને એને જે સાંભળવા જાય તે સાંભળનાર પણ પાત્ર નથી.

(પરમાગમસાર - ૮૩૧)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## જેઠ વદ ૯, ગુરુવાર, તા. ૨૯-૦૬-૧૯૭૮.
## વચનામૃત–૭૬–૭૮ પ્રવચન–૨૪

('વચનામૃત'), ૭૬ ચાલે છે, ૭૬. પેરેગ્રાફ, શું કહેવાય ? ૭૬ પૂરો થયો. ૭૬માં શું આવ્યું ? કે જે કોઈ શુભાશુભભાવ થશે એને કર્મ સ્વયં બંધાશે અને એનો સંયોગ પણ સ્વયં આવશે પણ એનું તાત્પર્ય એ કે, એ સંયોગને દેખશે અને દેખતાં તેને રાગ-દ્વેષ થાશે. જે મૂળિયેથી શુભાશુભભાવથી બંધન કર્યું અને એ બંધનમાં સંયોગ મળ્યા એને દેખશે, તો દેખશે તો એને રાગ-દ્વેષ થાશે. એને પુણ્ય-પાપના ભાવમાં રાગ-દ્વેષ ભવિષ્યમાં દેખાશે. વર્તમાનમાં રાગ-દ્વેષ કરે છે એથી એના બંધન તરીકે થયેલ સંયોગમાં પણ એને રાગ-દ્વેષ દેખાશે. એ વસ્તુ દેખાશે એ તો દેખાશે, પણ દેખવામાં એને રાગ-દ્વેષ થાશે. આહા..હા....!

આત્મા જે દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ છે એનું અવલંબન લઈને જેણે વીતરાગતા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા પરિણામ જેણે પ્રગટ કર્યા એને વીતરાગતા દેખાશે. સમજાણું કાંઈ ? આ..હા..હા...! વીતરાગી સ્વરૂપ પ્રભુ આત્મા, એનું આલંબન લઈને... કેમ કે એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ભર્યા છે. એના આલંબનથી થતાં પરિણામ તેને દેખતાં વીતરાગી પરિણામને દેખશે અને રાગના પરિણામથી જે થાય એ સંયોગમાં એને રાગ થાશે. એ તો આપણે ૭૬ ગાથામાં આવી ગયું છે ને ? ભાઈ ! ૭૬માં એમ કીધું, શુભભાવ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં પણ દુઃખનું કારણ છે. આ..હા...! શૈલી તો જુઓ !

શુભરાગ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં એને શુભરાગથી પુણ્ય બંધાશે, એનાથી સંયોગ મળશે, સંયોગ મળશે એટલે એનું લક્ષ ત્યાં જાશે એટલે રાગ થાશે એટલે દુઃખ થાશે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? અને જે અરાગી મોક્ષમાર્ગ.. ભાઈએ હમણાં ન ગાયું ? કે, મોહ, માયા ટાળવા જીવને જાણી લેજો. જીવ, ભગવાનઆત્મા અનંત ગુણ સંપન્ન (છે), એમાં અહીં આપણે ત્રણ પ્રગટ કરવા છે ને તેથી અનંત ગુણમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર સંપન્ન છે. તેનો આશ્રય લઈને જે દશા થશે તે વીતરાગી થશે અને તું વીતરાગીને જોઈશ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તને વીતરાગતા વધશે. વીતરાગતાને તારે **જો**વી છે. રાગીવાળાને રાગના સંયોગને **જો**વું છે. આ..હા..હા...! એને દુઃખ દેખાશે. આને આનંદ દેખાશે. ક્યા સુના ?

**૭૬**મી ગાથામાં ઇ આવ્યું. **૭૬**નો પેરેગ્રા**ફ**. જે કંઈ શુભ-અશુભભાવ કરશે એના **ફ**ળ તરીકે કર્મ બંધાશે અને એના **ફ**ળ તરીકે સંયોગ મળશે તો સંયોગને દેખશે તો રાગ-દ્વેષ થાશે. એટલે ? આ..હા..હા...! કે, જે શુભાશુભ કરશે એ દુઃખને કરે છે અને તેથી તેનું પુણ્ય બંધાઈને સંયોગ મળશે તો એના ઉપર લક્ષ જશે તો દુઃખ થશે, દુઃખ નામ રાગ-દ્વેષ થાશે. આ..હા..હા...! અને જે આત્મા વસ્તુ છે, ભગવાનઆત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર તો એનામાં છે, શક્તિ અને સ્વભાવ જ એનો છે. આ..હા..હા...! ઓ'લા પુણ્ય-પાપ તો કૃત્રિમ ઊભા કર્યા હતા. તેથી કૃત્રિમ સંયોગ કૃત્રિમ મળ્યા અને એને દેખીને કૃત્રિમ રાગ-દ્વેષ થાશે. આ..હા..હા...! સમ**જા**ણું ? અને અહીંયાં પ્રભુ એ અકૃત્રિમ દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત છે જ, વસ્તુ અંદર દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત શક્તિરૂપે છે. આ..હા..હા...! એને જેણે આલંબન લઈને દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કર્યા છે એ સુખને અનુભવશે અને સુખને દેખશે. કાલે તમે નહોતા, આ કાલે **૭૬** ચાલ્યો હતો. આ..હા...! બહાર આવશે, બહાર આવશે ભલે ભાષા છે પણ એનો અર્થ એ, ઓ'લાને પુણ્ય-પાપના કરનારને – શુભ-અશુભભાવવાળા બહાર સંયોગી (ચીજ) દેખશે અને એને દેખીને એને રાગ-દ્વેષ થાશે. ચાહે તો તીર્થંકરને દેખે અને અને એની વાણી સાંભળે તોય રાગ થાશે. કારણ કે એ પરદ્રવ્ય છે. આ..હા..હા...! આકરું કામ બહુ. આ..હા..હા...!

આ વાત કરે છે ને કે, 'સમયસાર' ચાલતાં લોકો ચર્ચા કરે છે પણ આગળ વધ્યા નથી. પણ ભાઈ 'સમયસાર' સાંભળીને શ્રદ્ધાનો સુધારો કરે છે એ આગળ ચાલ્યા નથી ? વસ્તુ તો એ છે. બહારનો ત્યાગ દેખે તો એ વધારે આગળ વધ્યો કહેવાય પણ અંદરમાં મિથ્યા શ્રદ્ધાનો ત્યાગ અને સાચી શ્રદ્ધાનો આદર કરે છે એ આગળ વધ્યો નથી ? આ..હા..હા...! એની મહિમા એને નથી લાગતી. પ્રભુ ! પણ મૂળ ચીજ એ છે. એમ કે, 'સમયસાર'ની ચર્ચા બહુ ચાલી પણ કોઈ આગળ વધેલા દેખાતા નથી. આ..હા..હા...! પણ ભાઈ ! આગળ વધેલા કઈ દશામાં ? કોને ? શ્રદ્ધાનો સુધારો જે મૂળ ચીજ છે જે અનંત કાળમાં સમ્યગ્દર્શનનો સુધારો કર્યો નથી એને સુધારો કરવાનું સાંભળીને (એનો સુધારો કરે એ સુધારો છે). આ..હા..હા...! આ તો વસ્તુની સ્થિતિ આવી છે. લોકોને ખબર પડતી નથી એટલે બહારથી 'સમયસાર' સાંભળીને બાહ્ય ત્યાગ કરે, પડિમા ધારણ કરે ને આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે પણ એ તો બધો રાગ હોય અને એ તો દશા અંદર સ્થિરતા થાય, અંદરની રમતુમાં રમત આવે ત્યારે એ વિકલ્પ ઊઠે. પણ હજી મૂળ ઠેકાણાં શ્રદ્ધાના નથી એને વ્રત ક્યાંથી આવ્યા ? આ..હા..હા...! ભાઈ ! આ..હા..હા...!

અંતર જે અનાદિથી શ્રદ્ધાના જે સંસ્કાર સુધારવા જોઈએ, મિથ્યાત્વના સંસ્કારનો નાશ કરવો જોઈએ એના સ્વરૂપની તો એને ખબર પડતી નથી અને રાગનો જરી ત્યાગ કરીને પડિમા ધારણ કરે ને વ્રત ધારણ કરે તો એ આગળ વધ્યો કહેવાય. ધૂળમાંય વધ્યો નથી. આ..હા..હા...!

અહીં પણ એ કહ્યું કે, દર્શનશુદ્ધિ જ્યારે થાય, આ ત્રણે ભેગા લીધા, પણ દર્શનશુદ્ધિ થાય એ તો આત્માના અવલંબને થાય. કેમ કે આત્મામાં શ્રદ્ધા નામનો ગુણ ત્રિકાળ પડ્યો છે. આત્મામાં સમકિત છે ઇ પર્યાય છે પણ શ્રદ્ધાગુણ છે ઇ ત્રિકાળ છે. જેમ જ્ઞાનગુણ ત્રિકાળ છે પછી મતિ, શ્રુત આદિ પાંચ એની પર્યાયો છે. મતિ, શ્રુત, અવધિ આદિ. એમ શ્રદ્ધાગુણ જે આત્મામાં છે એ ત્રિકાળ છે. પછી સમકિતદર્શન ક્ષયોપશમ, ક્ષાયિક એ બધી એની પર્યાયો છે. આ..હા..હા...! એવો જે ભગવાનઆત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ શ્રદ્ધા અને પૂર્ણ શાંતિ, પૂર્ણ ચારિત્રના સ્વભાવથી ભરેલો પ્રભુ, એનું અવલંબન લઈને જે શ્રદ્ધાનો સુધારો થાય તો જ્ઞાનનોય સુધારો થાય અને એમાં સ્થિરતા-અસ્થિરતાનો પણ સુધારો થાય. આ..હા..હા...! એ શ્રદ્ધાની સાથે જ્ઞાન ને ચારિત્રનો – સ્વરૂપાચરણ આદિના સંસ્કાર પડે અને સુધારો થાય એ સુધારાની કિંમત લોકોને લાગતી નથી. આ..હા..હા...! મૂળ વસ્તુ તો એ છે. આ..હા..હા...!

તેથી અહીંયાં ૭૬માં એમ કહ્યું કે, જેટલા પુણ્ય અને પાપના ભાવ કરે એને સંયોગો મળશે. કેમ કે એ સંયોગી ભાવ છે, સ્વભાવભાવ નથી. શુભ-અશુભભાવ એ સ્વભાવભાવ નથી. તેથી સંયોગી ભાવ છે તેનાથી સંયોગો મળશે. સંયોગોને દેખશે એટલે એને રાગ-દ્વેષ થાશે. આ..હા..હા...! અને ભગવાનઆત્મા છે એમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ને આનંદથી ભરેલો એ ભગવાન છે, એ પૂર્ણાનંદ પ્રભુ છે. એનું આલંબન લેશે એને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનો અંશ પ્રગટ થશે, એને વીતરાગતા પ્રગટ થશે અને એ વીતરાગતાને જોશે. આ..હા..હા...! એને રાગાદિ થાય છતાં એ રાગને જાણનારું જ્ઞાન એ જ્ઞાનને જોશે. આ..હા..હા...! વાત સમજાય છે કાંઈ ?

મિથ્યાત્વને છોડવું હોય તો શુદ્ધ ચૈતન્ય છે તેને જાણવાનો પ્રયત્ન કર. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેને સમ્યક્ **શ્રદ્ધા**નો સુધારો કરવો છે અને મિથ્યા **શ્રદ્ધા**નો નાશ કરવો છે એણે ભગવાનઆત્મા પહેલો કેવો છે... આ..હા..હા...! જેમાં જે ધર્મની પર્યાય પ્રગટ કરવા માગે છે એવા તો અનંતા ગુણો એમાં અંદર પડ્યા છે. એ એક એક પર્યાય નહિ, એવી અનંતી પર્યાયનો જ્ઞાનગુણ છે, અનંતી પર્યાયનો પિંડ **શ્રદ્ધા**ગુણ છે, અનંતી પર્યાયનો પિંડ ચારિત્રગુણ છે, અનંતી પર્યાયનો પિંડ અંદર આનંદગુણ છે. આ..હા..હા...! એવા આત્માનું અવલંબન લેતા એને વીતરાગતા દેખાશે, કહે છે. બેનની ભાષા છે એ પણ અંદર ઘણી ગંભીર છે. એ..ઈ...! આ ૭૬ (ચાલે) છે. ૭૬ કીધું ને પેલા શુભનું દુઃખ. ૭૬ ગાથામાં કહ્યું ને, શુભભાવ છે એ દુઃખ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. શુભભાવથી પુણ્ય મળશે, સંયોગ મળશે. ચાહે તો તીર્થંકરની વાણી ને તીર્થંકર મળે પણ એ પરદ્રવ્ય છે એટલે પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે એટલે રાગ જ થશે. રાગ થશે એટલે દુઃખ થાશે. આ..હા...! ગજબ વાતું છે આ ! એ ૭૬ (બોલ પૂરો) થયો.

હજી ઓ'લા જોર આપે છે, એમ કે, વ્રતી હોય એ સ્વર્ગમાં જશે અને અવ્રતી હશે એ નરકમાં જશે. 'સમાધિશતક'માં આવે છે ને ? પણ એ કઈ અપેક્ષા ? બાપુ ! સમ્યક્દૃષ્ટિ અવ્રતી છે ઇ નરકમાં નહિ જાય. સમ્યક્દૃષ્ટિ અવ્રતી છે ઇ તો.. આ..હા..હા...! ત્યાં તો કઈ અપેક્ષા કીધી છે ? ત્યાં બીજી અપેક્ષા છે. આ..હા..હા...! માટે એમ કે વ્રત લઈ લેવા ને ત્યાગ (કરવો). આ..હા..હા...!

**અનંત કાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચિ જ નથી. જીવ બહારથી ફોતરાં ખાંડ્યા કરે છે પણ અંદરનો જે કસ–આત્મા – તેને શોધતો નથી. રાગ-દ્વેષના ફીફાં ખાંડવાથી શો લાભ છે ? તેમાંથી દાણો ન નીકળે. પરથી એકત્વબુદ્ધિ તોડી જુદા તત્ત્વને – અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માને – જાણે, તો કાર્ય થાય. ૭૭.**

હવે અહીં ૭૭ (બોલ). 'અનંત કાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચિ જ નથી.' જોયું ? શરૂઆત અહીંથી આવી. આ..હા..હા...! 'અનંત કાળથી જીવને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાથી એકત્વ...' શુદ્ધ સ્વભાવથી પ્રભુ એકત્વ છે, ત્રિકાળી શુદ્ધ સ્વભાવથી પ્રભુ એક, અભેદ છે અને દયા, દાનાદિ રાગાદિ વિકલ્પ છે એનાથી તો વિભક્ત છે – ભિન્ન છે. આ..હા...! આ એકત્વ-વિભક્ત. ત્રીજી ગાથા છે. અને આચાર્યે પણ પાંચમી (ગાથામાં) એમ કહ્યું ને, હું એકત્વ-વિભક્ત (આત્મા) દર્શાવીશ. વસ્તુ તો એ બતાવવી છે ને ? (વાત) શરૂ એ કરી છે. 'तं एयत्तविहत्तं दाएहं जदि दाएज्ज पमाणं' એકત્વ-વિભક્તને જો દેખાડું તો એકત્વ-વિભક્તરૂપે પરિણમજે. આ..હા..હા...!

મુમુક્ષુ :– અનુભવ કરજે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એ પરિણમજે એ જ અનુભવ થયો. સમજાણું કાંઈ ? અનુભવ કરીને એટલે એ જ પરિણમન થયું. આ..હા..હા...! એકત્વ-વિભક્ત તને કહીએ છીએ, પ્રભુ તો ત્રિકાળી રાગથી ભિન્ન છે ને નાથ ! (રાગ) થાય, પણ એનાથી પ્રભુ ભિન્ન છે એવું તને બતાવતાં.. આ..હા..હા...! વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે એનાથી પ્રભુ તો ભિન્ન છે. અહીં તો હજી એ વ્યવહાર રત્નત્રયને કરો ને એમાંથી લાભ થાશે (એમ માને છે). આ..હા...! અરે...! હજી વ્યવહાર ક્યાં છે તારે, બાપા ! શ્રદ્ધા જ હજી ખોટી છે. આ..હા..હા...! હજી તો નિમિત્તથી પરમાં થાશે, પરદ્રવ્યની પર્યાયથી પરદ્રવ્યની પર્યાય થશે, (એ) તો હજી મિથ્યાત્વ – તીવ્ર મિથ્યાત્વમાં તો ઊભો છે. અને વ્યવહાર રાગની મંદતાની ક્રિયા કરતાં કરતાં આગળ નિશ્ચયમાં જવાશે. આ..હા..હા...! ભાઈ ! તને ખબર નથી. એ વ્યવહાર રત્નત્રય રાગ દુઃખ છે. દુઃખ કરતાં કરતાં સમ્યગ્દર્શન જે આનંદ (છે), એ દુઃખ કરતાં કરતાં આનંદ થશે ? આ..હા...! શું થાય ? પણ મૂળ વાત આખી ફરી ગઈ છે. આખું ચક્ર અત્યારે ફરી ગયું છે. આ..હા...! શાસ્ત્રજ્ઞ કહેવાય એ પણ ઊંધે રસ્તે ચડી જાય છે. આત્મજ્ઞ જે થવું જોઈએ એને ઠેકાણે શાસ્ત્રજ્ઞાનની વાતું કરીને જાણે આગળ વધી ગયા. આ..હા...!

અહીંયાં કહે છે, 'અનંત કાળથી જીવને પોતાથી એકત્વ...' (અર્થાત્) શુદ્ધ સ્વરૂપ પવિત્ર પ્રભુ, એનાથી ભગવાનઆત્મા એકરૂપે અભેદ છે 'અને પરથી વિભક્ત...' ચાહે તો પંચ મહાવ્રતનો વિકલ્પ હો કે પંચ પરમેષ્ઠીને સ્મરણ કરવાનો વિકલ્પ હો, પણ છે તો રાગ. આ..હા..હા...! આકરું કામ. એનાથી જુદાની વાત, 'પરથી વિભક્તપણાની વાત...' અનંતકાળમાં 'રુચિ જ નથી.' આ..હા...! કેમ કે એણે જોયો છે રાગ, પણ રાગને જાણનારું અંદર ભગવાન તત્ત્વસ્વરૂપ આખું, એ રાગને જાણનારી પર્યાય, એ પર્યાયની સમીપમાં આખું તત્ત્વ પડ્યું છે. તત્ત્વ આખું (પડ્યું છે). પર્યાય તો એક અંશ છે. આ..હા..હા...! રાગ અને રાગને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણનારી જ્ઞાનની પર્યાય એ પર્યાયની સમીપે પ્રભુ બિરાજે છે. આ..હા..હા...! આવશે ક્યાંક એ, સમીપે છે, એમ આવે છે. ધ્રુવ ધ્રુવ તે પર્યાયની સમીપે ધ્રુવ પડ્યો છે. પર્યાય જે ઉત્પાદ-વ્યયવાળી છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ છે ને ? 'તત્ત્વાર્થ સૂત્ર' ! તો ઉત્પાદ-વ્યયની પર્યાયની સમીપે ધ્રુવ છે. આ..હા..હા...! પણ ઉત્પાદ-વ્યયે ધ્રુવને જોયું નહિ. ઉત્પાદ-વ્યયે રાગ ને પુણ્ય ને પરને જોવામાં રોકાઈ ગયા. પરને જાણવામાં રોકાઈ ગયો. પણ એ પર્યાયે, જાણવાની પર્યાયે જાણનારને જોયો નહિ. આ..હા..હા...!

એને (પરથી વિભક્તપણાની વાત) 'રુચિ જ નથી.' આ..હા...! અનાદિકાળથી શુદ્ધ સ્વરૂપ અનાકુળ આનંદ અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય ત્રિકાળી શ્રદ્ધા, અતીન્દ્રિય અંદર ઈશ્વરતા એવા ભાવની રુચિ જ નથી. આ..હા..હા...! 'જીવ બહારથી ફોતરાં ખાંડ્યા કરે છે...' ફોતરાં સમજતે હૈં ? છીલકા ! છીલકા.. છીલકા ! આ..હા...! ફોતરાં ખાંડે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં દાખલો આપ્યો છે ને. એક લાખોપતિની ગૃહસ્થ બાઈ હતી. એ ચોખાનું શું કહેવાય ? કમોદ ! આખા કમોદ ખાંડતી હતી. એમાં ચોખા છે ઇ હેઠે જતા અને ઉપર છીલકા રહેતા. આ ખાંડણિયામાં, આમ ખાંડતી હતી એમાં ચોખા નીચે જતા અને ફોતરાં ઉપર (રહેતા). એમાં એક ગરીબ બાઈ આવી એણે જોયું કે, આ..હા...! આ ગૃહસ્થ બાઈ પણ ફોતરાં ખાંડે છે, એમાં કાંઈક માલ હશે. માટે હું પણ ધણી પાસે ફોતરાં મંગાવું. પણ ફોતરાંમાં માલ નથી. છીલકા ! અંદર ચોખા છે એ તો ખાંડતાં નીચે ઊતરે છે, ઇ તો ભાળ્યા નહિ. એમ જ્ઞાનીને અંદરમાં ઉતરેલી દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ ચોખ્ખી ચીજ છે એને તો લોકોએ જોઈ નહિ, પણ જ્ઞાની ઓ'લા વ્રતાદિ વિકલ્પમાં વર્તે ને, ઇ જોયું કે, જુઓ ! આ પણ જ્ઞાની પણ વ્રત તો પાળે છે. (એણે એ જોઈને) ફોતરાં ખાંડ્યા. આ..હા..હા...! મહાવ્રત ને ઇ પણ પાળે છે ત્યારે (એમાં પણ) ક્યાંક લાભ હશે ને ! પણ મહાવ્રતની પાછળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ચોખ્ખી ચીજ ચોખો છે એને એ તો જોવે છે. લાખોપતિની બાઈ ખાંડતાં ઓ'લા ચોખાને જોવે છે. અંદર ચાવલ (છે એને જોવે છે) અને તું ઓ'લા ફોતરાંને જોવે છે. એમ અજ્ઞાની અનાદિથી પુણ્ય-પાપના ફોતરાં, જે ઉપરના ફોતરાં છે ને ? 'ફોતરાં ખાંડ્યા કરે છે....' એ છીલકા ખાંડે છે. આ..હા..હા...! અનાદિનું ત્યાં એનું જોર વર્ત્યા કરે છે. ઓ'લી ચીજની એને ખબર નથી. અંદર વસ્તુ છે આખી અખંડ, એની તો રુચિ નથી, એકત્વની (અને) પરના વિભક્તની (તો રુચિ નથી) એટલે ઓ'લો ઉપરનો જે રાગ છે એ ફોતરાંને ખાંડે છે. એ રાગની ક્રિયામાં મસ્ત થઈ જાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ વિનાનો ભગવાન અંદર શુદ્ધ ચૈતન્ય છે. જ્ઞાની ભગવાનની ભક્તિમાં, પૂજામાં આવે, પંચ મહાવ્રતના પરિણામ પણ હોય પણ એ વસ્તુમાં એ તો છીલકા છે. અંદર વસ્તુ છે એના ઉપર એનો અનુભવ ને દૃષ્ટિ છે. એ ન જોતાં ધર્મી પણ આમ કરે છે માટે અમે પણ કરીએ. આ..હા..હા...! ફોતરાં – છીલકા ખાંડ્યા કરે 'પણ અંદરનો જે કસ...' ઓ'લા ચોખા, જે કસ અંદર વસ્તુ છે (એને જોતો નથી). આ..હા...! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, એવી જે ચીજ છે, અંદરનો કસ.. કસ, એવો જે 'આત્મા – તેને શોધતો નથી.' એ શુભભાવને શોધે (છે). નિરતિચાર કરું, એમાં દોષ લાગે તો પ્રાયશ્ચિત્ત લેવું એ ફોતરાંમાં રોકાઈ ગયો છે. આ..હા..હા...!

અંદરની જે કસવાળી ચીજ છે, જેમાં કસ.. કસ કસ એટલે માલ ભર્યો છે. ભગવાનઆત્મામાં તો અનંત.. અનંત... અનંત... અનંત ગુણ ને અનંત ગુણની અનંતી શક્તિ, એવો અનંતો માલ ભર્યો છે, અંદર કસ છે. કસને શું કહે છે ? માલ ! અંદરનો કલ – માલ. તરબુચની ઉપર લીલી છાલ હોય ને અંદરનો માલ (લાલ) મીઠો (હોય). તરબુચ.. તરબુચ ! તરબુચ કહતે હૈં ન ? ઉપરની લીલી છાલ હોય અંદર જે માલ કસ છે (એ) મીઠો (છે) એને જોતો નથી, ઓ'લાને જોવે છે. એમ આત્મામાં પુણ્ય ને પાપથી વિભક્ત અને સ્વથી એકત્વની દૃષ્ટિની ખબર નથી. આ..હા..હા...! ફક્ત ઉપલાં જે ફોતરાં પુણ્યના, દયા, દાન, વ્રતના (છે) એમાં ખૂંચીને પડ્યો છે. આ..હા..હા...! એ આત્માને શોધતો નથી. એ રાગના વિકલ્પથી ભિન્ન પ્રભુ, એકત્વ અને પરથી ભિન્ન, એને શોધતો નથી. અંદર જે શોધવું જોઈએ એને (શોધતો નથી). આ..હા..હા...!

'રાગ-દ્વેષના ફીફાં ખાંડવાથી શો લાભ છે ?' જેમ ફોતરાં ખાંડવાથી શું લાભ છે ? એમ પુણ્યના પરિણામના ફીફાં કરવાથી શું લાભ છે ? આ..હા..હા...! વ્યવહારથી થાય (એમ માનવાવાળાને) આ આકરું લાગે. વ્યવહાર હોય, પણ એનાથી થાય નહિ. નિમિત્ત હોય, પણ નિમિત્તથી થાય નહિ. હવે તો ભાઈએ (–એક વિદ્વાને) કબૂલ્યું છે. જ્યારે (બીજા વિદ્વાન) સાથે ચર્ચા ચાલી હતી ત્યારે તો એ લોકોને બધાને કબૂલાત નહોતી. ક્રમબદ્ધ પણ નહિ અને નિમિત્તથી થાય, કોઈ વખતે થાય, સર્વથા નિમિત્તથી થાય જ નહિ એ એકાંત છે એમ કહેતાં. હવે ફર્યા. ક્રમબદ્ધ એ બરાબર છે. એક પછી એક જ પર્યાય જે થવાની તે થાય એ ક્રમબદ્ધ વસ્તુની સ્થિતિ છે. અને 'સોનગઢવાળા' નિમિત્તને માનતા નથી એમ નહિ, નિમિત્તને માને પણ નિમિત્તથી થાય એમ માનતા નથી. આ લોકોને કહે છે, નિમિત્તથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય. કર્મનો ઉદય નિમિત્ત આવ્યે, એ નિમિત્ત થઈને જ આવે. એટલે વિકાર એણે કરવો જ પડે. આ..હા...! એ તો બે દ્રવ્યની એકતાબુદ્ધિ છે, મહા મિથ્યાત્વ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? સારા નિમિત્ત મળે તો અંદર સુધરે. ખોટા નિમિત્ત મળે તો બગડે. એમ છે નહિ.

પોતાની નિજ પર્યાય 'પ્રવચનસાર'ની **૧૦૨** ગાથામાં આવ્યું છે ને ? **૧૦૨**, નિજ ક્ષણ છે. દરેક દ્રવ્યની તે સમયની ઉત્પત્તિના પર્યાયનો કાળ છે એ તે કાળે તે પર્યાય પોતાથી ઊપજે છે. પૂર્વની પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ. આ..હા..હા...! આવી તો વસ્તુની સ્થિતિ છે. હવે નિજ ક્ષણે જે પર્યાય ઉત્પન્ન થાય એ પરને લઈને થાય એમ તો ત્યાં રહ્યું નહિ. 'પ્રવચનસાર' અને તે 'જ્ઞેય અધિકાર'. પ્રવચન એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનો સાર. એટલે પ્ર (અર્થાત્) વિશેષે, વચનો (એટલે) દિવ્ય વચનો, એનો સાર. અને એમાંય જ્ઞેયનો અધિકાર. જ્ઞેય કેવા છે ? છ દ્રવ્યો અનંત જ્ઞેય છે એ કેવા છે ? એ 'પ્રવચનસાર'માં **૧૦૨** ગાથામાં આવી ગયું.

ભગવાનની વાણી એમ કહે છે કે, જે દ્રવ્યનો જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાનો હોય તે તેનો નિજ ક્ષણ છે. આ..હા..હા...! આ..હા..હા...! પણ એ ક્રમબદ્ધને જે કાળે થવાનું તે થાય એવો નિર્ણય કરનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. જ્ઞાયક આત્મા ઉપર જાય ત્યારે એ નિર્ણય સાચો થાય. આકરું કામ બહુ, બાપા ! આ..હા...! મિથ્યાત્વના પોષણના વચનો, એમાં ત્યાગ દેખાય એને લોકો વધારે માને. આ..હા...! પણ અંદર શ્રદ્ધાના પોષણના સ્વતંત્રતાની શ્રદ્ધા ને જ્ઞાન પોતે પોતાથી થાય, સમ્યગ્દર્શનની પર્યાય પણ તે ક્ષણે તે એની નિજ ક્ષણ છે માટે ઉત્પન્ન થઈ છે. પૂર્વની પર્યાય ઉપાદાન કહીને, નિમિત્ત કહીને નૈમિત્તિક એ થયું, એ તો વ્યવહાર છે. આ..હા..હા...!

દરેક સમયમાં છએ દ્રવ્ય – જ્ઞેય એનો એવો સ્વભાવ છે, ભગવાનની વાણીમાં આવ્યું કે, જ્ઞેયની જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની તે તેની ઉત્પત્તિનો એનો કાળ છે. એમ ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું કે જ્ઞેયનું આવું સ્વરૂપ છે. હવે એ રીતે જ્ઞેયનું સ્વરૂપ છે એમ ન માને અને બીજી રીતે માને તો દૃષ્ટિ – મિથ્યાત્વનું પોષણ છે. આ..હા..હા...! શું થાય ? જગત હાથે કરીને લુંટાય છે.

મુમુક્ષુ :– 'પરમાત્મપ્રકાશ'માં આચાર્યદેવ કહે છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હણાય છે પણ હાથે કરીને હોંશથી લુંટાય છે. હણાય છે એની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખબર નથી ને હોંશથી અમે કેવું કરીએ છીએ, કેવું માનીએ છીએ (એમ માને છે). અરે..રે...! એને અંતર સ્વરૂપની ખબર નથી. આ..હા..હા...!

એ અહીં કહે છે, 'રાગ-દ્વેષના ફીફાં ખાંડવાથી શો લાભ છે ?' એ પુણ્યની ક્રિયા જે દયા, દાન ને વ્રતાદિ એ તો ફીફાં છે. એનાથી આત્માને શું લાભ ? આ..હા...! નુકસાન કરનાર છે. 'તેમાંથી દાણો ન નીકળે.' છીલકા ખાંડવાથી દાણો નહિ નીકળે. એમાં ક્યાં દાણો છે ? આ..હા..હા...! 'પરથી એકત્વબુદ્ધિ તોડી...' આ..હા..હા...! પણ એ રાગનો કણ પણ ભલે શુભ હો અને એ શુભમાં એમ પણ હોય કે આ આત્મા તદ્દન અબદ્ધ છે, નિર્બદ્ધ છે, શુદ્ધ છે એવો ભલે વિકલ્પ હો છતાં એનાથી જુદું પાડવું તે વસ્તુનું સ્વરૂપ છે. આ..હા..હા...! તેથી 'સમયસાર' ૧૪૨ ગાથામાં આવ્યું ને કે, વ્યવહારનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ પણ નિશ્ચયમાં આત્મા અબદ્ધ છે, શુદ્ધ છે, એક છે, અભેદ છે, પવિત્ર છે. એવો જે વિકલ્પ ઊઠે ત્યાં સુધી આવ્યો તો તેથી શું ? આ..હા..હા...! તેથી તને લાભ શો ? આ તો સમ્યગ્દર્શન વિનાના વ્રત, તપની વાતું તો ક્યાંય ગઈ. આ..હા..હા...! પણ અંદરમાં અહીં સુધી આવ્યો. અંદર શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ આનંદ વીતરાગમૂર્તિ (બિરાજે છે). 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન' 'સમયસાર-નાટક' ! આ..હા...! 'ઘટ ઘટ અંતર જિન વસે' રાગથી ભિન્ન કસવાળું તત્ત્વ આખું જિનસ્વરૂપ છે. આ..હા...!

એ 'પરથી એકત્વ તોડી જુદા તત્ત્વને...' આ..હા...! જુદું જે તત્ત્વ છે, કેવું (છે) ? 'અબદ્ધસ્પૃષ્ટ,...' ચૌદમી, પંદરમી ગાથા. રાગથી પણ એને સંબંધ નથી. વ્યવહાર રત્નત્રયના રાગથી પણ એને સંબંધ નથી, અબદ્ધ છે. વસ્તુ પોતે અબદ્ધ છે. રાગના સંબંધવાળો એને વ્યવહારથી જોવો એ મિથ્યાત્વ છે. આ..હા..હા...! 'અબદ્ધસ્પૃષ્ટ,...' વિસ્તા પરમાણુ છે એને અડતોય નથી. ભગવાન તો અંદર મુક્તસ્વરૂપ છે. અંદર અબદ્ધ – રાગના સંબંધ વિનાનું (છે) એમ કરીને અબદ્ધ કીધો, પણ અસ્તિથી લ્યો તો એ મુક્તસ્વરૂપ જ પ્રભુ અંદર છે. આ..હા..હા...! નિશ્ચયથી એનું સ્વરૂપ જ મુક્તસ્વરૂપ દ્રવ્યનું છે. એ તો પર્યાયમાં રાગનો સંબંધ અને પર્યાયમાં રાગનો અભાવ (થાય છે). વસ્તુ છે એ તો અબદ્ધ છે, મુક્તસ્વરૂપ જ છે. આ..હા..હા...! અબદ્ધ અને અસ્પૃષ્ટ. રાગથી સંબંધ નથી તેમ કર્મના રજકણોથી પણ સંબંધ નથી. આ..હા..હા...!

'અનન્ય,...' છે. ભગવાન તો અનેરી અનેરી નારકી ગતિની પર્યાય હોય એ એની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. એ બધી પર્યાયથી અનન્ય – ભિન્ન છે. આ..હા..હા...! મનુષ્યની ગતિ ને નારકીની ગતિ ને દેવની ગતિ અનેરી અનેરી (છે) એનાથી અનન્ય છે. અનેરી અનેરી ગતિપણે એ નથી. આ..હા..હા...! એનાથી ભિન્ન અનન્ય છે.

'નિયત,...' છે. એની પર્યાયમાં હીનાધિક પર્યાય જે ઘટે-વધે છે, એ એના સ્વરૂપમાં નથી. એ તો નિયત એકરૂપ છે. ત્રિકાળ નિશ્ચય એકરૂપ છે. આ..હા...! એ વસ્તુ છે, તે આત્મા છે. એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. આ..હા..હા...! બહુ કામ (આકરું). મૂળ ચીજની વાત પડી રહી અને ઉપરથી બધાં ડાળાં, પાંખડાં તોડવા માંડ્યા. પણ ડાળાં, પાંખડાં તોડે પણ એ મૂળ સાજું (રાખ્યું એટલે) પાછા પાંગરી જશે. જેનું મૂળ સાજું છે તો એ ડાળાં-પાંખડાં પાછા થઈ જવાના. પંદર દિ'એ, મહિને, બે મહિને (પાછા) ફાલી જવાના. આ..હા..હા...! એમ રાગની મંદતાના શુભભાવના આચરણ કરવાના ડાળાં, પાંખડાં તોડ્યા પણ રાગથી ભિન્ન મારી ચીજ અબદ્ધસ્પૃષ્ટ છે, નિયત છે એની દૃષ્ટિ કરી નહિ. આ..હા..હા...! આવું છે. અને અનંત કાળમાં સમકિત સન્મુખ થવાનો જે પુરુષાર્થ છે એ જ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ ? અને એ સન્મુખ થવાનો પુરુષાર્થ (છે) એની કિંમત નહિ. કંઈક રાગ ઘટાડીને બહારના વ્રત પાળે ને બ્રહ્મચર્ય પાળે ને ત્યાગી થાય (એટલે લોકોને એમ થાય) આ..હા...! નિયત (અર્થાત્) એનું સ્વરૂપ તો નિશ્ચય એકરૂપ ત્રિકાળ છે. આ..હા..હા...! એમાં આ પર્યાયમાં હીનાધિક દેખાય એ વસ્તુમાં નથી.

'અવિશેષ...' છે. પ્રભુ તો કહે છે કે, દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ભેદવાળો પણ આત્મા નથી. રાગવાળો તો નથી, વ્યવહારના રાગવાળો તો નથી પણ વસ્તુ જે છે એમાં ત્રણ ભેદ પાડે કે, આ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. એ વિશેષ થયું. પ્રભુ છે એ અવિશેષ છે. આ..હા..હા...! 'અવિશેષ અને અસંયુક્ત...' એને શુભાશુભભાવની આકુળતા, એનાથી સહિત એ છે જ નહિ. એ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ પ્રભુ છે. આ..હા..હા...! એને શુભ-અશુભભાવની આકુળતા, સંયુક્તપણું છે નહિ. આ..હા..હા...! જેનામાં વિશેષ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદો અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ભેદ જ્યાં નથી. આ..હા..હા...! એવા આત્માની પ્રતીતિ, જ્ઞાન કરીને શ્રદ્ધાન, અનુભવ કરવો. એ પરથી ભિન્ન અને સ્વથી એકત્વ, એનું નામ અહીંયાં સમ્યગ્દર્શન છે. ચૌદમી ગાથા તો સમ્યગ્દર્શનની છે ને. પંદરમી સમ્યક્જ્ઞાનની છે પછી સોળમી દર્શન-જ્ઞાન-ચારિત્રની છે. સોળમી (ગાથા) 'दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।' ચૌદમી દર્શનની, પંદરમી જ્ઞાનની, સોળમી દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણની (ગાથા છે). આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સમયસાર' !

આવા આત્માને **જા**ણે... આ..હા..હા...! 'તો કાર્ય થાય.' ઓ'લું આવી ગયું નથી, નહિ ? 'દ્રવ્ય તેને કહીએ' આમાં છે ને. દ્રવ્ય તેને કહીએ કે તેના કાર્યને માટે અનેરા દ્રવ્યના સાધનની રાહ **જો**વી પડે નહિ. આવી ગયું ? કેટલામો ? આવ્યું, અહીં આવ્યું. ૮૪ પાનું. આમાં ગુજરાતી, હોં ! **૨૫૧** શ્લોક, **૨૫૧** પેરેગ્રાફ, **૨૫૧** બોલ. 'દ્રવ્ય તેને કહેવાય...' છે ? પાનું ૮૬, ૮૦ ને ૬. 'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે...' જેની નિર્મળ વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવું જે કાર્ય, એને માટે 'બી**જા** સાધનોની રાહ **જો**વી ન પડે.' આ..હા..હા...!

બેન અત્યાર સુધી ગુપ્ત હતા, હવે બહાર આવી ગયું. હવે ઢાંક્યું રહ્યું નહિ. આ..હા...! આ શબ્દો જુઓને ! આ વસ્તુસ્થિતિ છે. સાદી ભાષા, ગુજરાતી ભાષા. આ..હા..હા...! દ્રવ્ય તેને કહીએ... અહીં તો સમુચ્ચય દ્રવ્ય લીધું છે, છએ દ્રવ્ય. તેની પર્યાય માટે અનેરા સાધનની જરૂર ન પડે. એની પર્યાય તે કાળે થાય એ તો થવાની જ તે. આ..હા..હા...! આત્મા માટે લઈએ તો દ્રવ્ય આત્મા તેને કહીએ કે, જેના સમ્યગ્દર્શન, જ્ઞાન પરિણામ માટે અનેરા દ્રવ્યના સાધનની રાહ **જો**વી પડે નહિ. આ..હા..હા...! ક્યાં છે ? આ..હા..હા...! દુનિયા અભિમાનમાં ને અભિમાનમાં અમે **જા**ણીએ છીએ, અમે ત્યાગીઓનો આદર કરીએ છીએ, તમે મુનિઓને માનતા નથી (એમ કહે છે). આ..હા...! અરે.. પ્રભુ ! મુનિ તો... મુનિના તો (અમે) દાસાનુદાસ છીએ. પણ મુનિ હોવા **જો**ઈએ ને. આ..હા..હા...! મુનિના તો દાસાનુદાસ (છીએ).

મુનિ કોને કહેવાય, બાપુ ! આ..હા..હા...! એ આપણે આવી ગયું છે, પહેલું હમણાં આવ્યું ને ? આવી ગયું ને કાલે આવી ગયું. એ આવી ગયું, કાલે આવી ગયું. ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા ! એ આવી ગયું છે, આવી ગયું છે. આ..હા...! આ..હા..હા...!

આવો જે આત્મા પરથી એકત્વબુદ્ધિ તોડી, પરથી એકત્વબુદ્ધિ તોડી, રાગની સાથેની એકતાબુદ્ધિ તોડી... આ..હા..હા...! જુદા તત્ત્વને જે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત છે એવા આત્માને **જા**ણે તો કાર્ય થાય. અને એ કાર્ય થવા માટે બી**જા** દ્રવ્યના સાધનની બિલકુલ જરૂર નથી. આ..હા..હા...! કે એને રાગની મંદતા હોય તો આવું સમ્યગ્દર્શન, જ્ઞાન(નું) કાર્ય થાય (એવું) બિલકુલ નહિ. આ..હા..હા...! કઠણ પડે. પાચન થવું કઠણ. આ..હા...! ૭૭ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપની લીલા **જા**ત્યંતર છે. મુનિરાજ **ચૈ**તન્યના બાગમાં રમતાં રમતાં કર્મના **ફ**ળનો નાશ કરે છે. બહારમાં આસક્તિ હતી તે તોડી સ્વરૂપમાં મંથર – સ્વરૂપમાં લીન – થઈ ગયા છે. સ્વરૂપ જ તેમનું આસન, સ્વરૂપ જ નિદ્રા, સ્વરૂપ જ આહાર છે; તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે. સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે. ૭૮.

૭૮. આવ્યું મુનિનું, લ્યો આવ્યું. 'સ્વરૂપની લીલા **જા**ત્યંતર છે.' શું કહે છે ? ભગવાનઆત્માના સ્વરૂપની **જા**ત્યાંતર લીલા છે. એ વીતરાગની દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર, વીતરાગી આનંદ. આ..હા..હા...! એની લીલા એ **જા**ત્યાંતર છે. રાગની **જા**તિથી બીજી **જા**તની એની લીલા છે. આ..હા..હા...! શું કહ્યું ? ભગવાનઆત્માની સ્વરૂપની લીલા. ઓ'લા ઈશ્વરની લીલા કહે છે ને ? ઈશ્વરની લીલા ! હવે એ લીલા ક્યાં હતી ? આ..હા...!

સ્વરૂપની લીલા – અનંત આનંદ ને જ્ઞાન, દર્શન, અનંત ગુણથી ભરેલો પ્રભુ, એના સ્વરૂપની લીલા એટલે વર્તમાન દશા **જા**ત્યાંતર છે. રાગની **જા**ત ને અજીવની **જા**તથી આ **જા**ત જુદી છે. આ..હા..હા...! 'કોઈ કહે લીલા રે લીલા ઈશ્વર તણી..' 'આનંદઘનજી'માં આવે છે. આ..હા..હા...! 'સ્વરૂપની લીલા **જા**ત્યંતર છે.' આ..હા..હા...! સ્વરૂપ જે **ચૈ**તન્યનું ત્રિકાળી જ્ઞાન, આનંદ, પ્રભુતા, ઈશ્વરતા, શ્રદ્ધા, સ્વચ્છતા, એની પર્યાયમાં લીલા થાય, દશા (થાય), એ રાગની **જા**તથી **જા**ત્યાંતર – અનેરી **જા**ત છે. એની લીલા જ અનેરી **જા**ત છે. એમાંથી ઉત્પન્ન થતી દશા એ વીતરાગી દશા છે, રાગ નહિ. આ..હા..હા...!

પ્રભુ વિલસે, રમે તો કહે છે કે, એની લીલા જ જુદી **જા**તની છે. આ..હા..હા...! રાગની લીલા એ એની લીલા જ નથી. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ એની લીલા જ નથી. આ તો **જા**ત્યાંતર લીલા છે. આ..હા..હા...! એ તો હજી હિન્દુસ્તાનમાં બધાને આ પોગ્યું નથી. કો'ક કો'કને પહોંચ્યું ને કો'કને નથી પહોંચ્યું. પોગશે ને વાંચશે એટલે (એમ થાશે કે), આપણે તો આવું માનીએ (છીએ અને) આ શું ? લોકો આમ આ..હા..હા...! આવી વાત કહે છે ! સમ**જા**ણું કાંઈ ? શું કીધું ?

આત્માની લીલા **જા**ત્યાંતર છે. આ દુનિયા એકદમ રાગ કરે, તીવ્ર રાગ ને મંદ રાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને દેહના પરમાણુ એકદમ પલ્ટો મારે ને લીલાનો પીળો થઈ જાય ને પીળાનો કાળો થઈ જાય, એ જગતની જડની લીલા (છે). આ..હા...! પ્રભુની લીલા કોઈ જુદી જાતની છે. એ આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર એને જેણે દૃષ્ટિમાં લીધો એની પર્યાયમાં લીલા વીતરાગી દશા ભિન્ન ભિન્ન પ્રકારની વિચિત્ર ઉત્પન્ન થાય એ એની લીલા છે. આ..હા..હા...!

એ 'આનંદઘનજી'માં આવે છે. 'કોઈ કહે લીલા રે લીલા અલખ તણી, લખ પૂરે મન આશ, દોષ રહિતને લીલા નવિ ઘટે...' ઈશ્વર કર્તા છે અને (એની) લીલા છે એ નહિ. એ લીલા સાચી નથી. ઈશ્વરે આ જગતને બનાવ્યું, આત્માઓ બનાવ્યા.. આ..હા..હા...! એની લીલા આવી છે એમ કહે. અહીં કહે છે કે, દોષ રહિતને એવી લીલા ઘટે નહિ. ભગવાનઆત્મા ! આ..હા..હા...! બહારની કોઈ ક્રિયા વિશેષ કરીને આમ ઇન્દ્રજાળની જેમ જાદુગરી બતાવે એ લીલા નહિ. હમણાં આવ્યું છે ને ભાઈ ! કે. લાલમાં ! કે. લાલ કહે, ઓ'લા સંત બાવા છે ને ? બાવો ! સાંઈબાબા ! આમ બતાવે ઢીકણું. ધૂળમાંય નથી કાંઈ. ઇ કહે, એનાથી હું વધારે બતાવી દઉં, લો ! હું જાદુગર છું. ક્યાંકનું પાનું લીધું. પણ ઇ જાણે કે આમાં લાલ રંગ છે. એટલે આમ ચોળીને આમ કહે કે, જુઓ ! આ રંગ. જુઓ ! કંકુ. એ તો પાંદડાંનો લાલ રંગ હોય, ચોળીને લાલ થાય. આ લીલા શી છે ? એ તો ત્યાં સુધી એમાં લખ્યું છે, હું મૂર્તિ બતાવી દઉં. એ બધી હાથચાલાકી છે. અમારી પાસે આવ્યો હતો બિચારો, બે-ત્રણ વાર આવ્યો હતો. (આવીને કહે), મહારાજ ! ધતીંગ છે. પૈસા પાંચ-પાંચ લાખ પેદા કરે. 'રાજકોટ'માં એક એક રાતના પાંચ-પાંચ (લાખ). આવ્યો હતો. મહારાજ ! અમારું આ બધું ધતીંગ છે. કીધું, મરી જશો. પૂર્વના પુણ્ય છે તો આ બધું દેખાય (છે). નરમ માણસ, સાંભળતો હતો. બાપુ ! આત્માનું કાંઈ વાંચો. પુસ્તક આપ્યા હતા, એક-બે પુસ્તક આપ્યા (હતા). અત્યારે મોટી પેદાશ છે, પરદેશમાં જાય છે. સાંઈબાબાની પોલ ખોલવા માટે એણે કર્યું હતું. 'રજનીશ' છે, ઓ'લો 'રજનીશ' છે ને ? એની પાસે 'વડોદરા' મોટર મોકલી હતી. મળવા માટે. બધા જાદુગર છે. હાથની ચાલાકી છે, બાપા ! એ માર્ગ નહિ.

અહીં તો આ લીલા (છે). આ..હા..હા...! એક ક્ષણમાં અનંત કેવળજ્ઞાન પ્રગટ થાય. આ..હા..હા...! પહેલી ક્ષણે મતિ-શ્રુત અને બીજી ક્ષણે કેવળ. એની લીલા તો જુઓ ! એ લીલા છે. આ..હા..હા...! સર્વજ્ઞ પ્રભુ પોતે સર્વજ્ઞ શક્તિવાન એવો પ્રભુ આત્મા છે. એમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકાગ્ર થતાં મતિજ્ઞાન થયું, શ્રુત(જ્ઞાન) થયું, ક્ષણમાં બીજી ક્ષણે કેવળજ્ઞાન થાય, ફડાક દઈને ! ઝળહળ જ્યોતિ ત્રણ કાળ ત્રણ લોકને (જાણે) એવી આત્મલીલા ! આ..હા..હા...! એ જગતની જાતથી જાત્યાંતર છે. જગતની જાતથી જુદી જાતની છે. આ..હા..હા...! એક ક્ષણ પહેલાં ચક્રવર્તી રાજમાં બેઠો હોય અને બીજ ક્ષણે જુઓ તો નગ્ન અને અંદરમાં કેવળજ્ઞાન ! ઝળહળ જ્યોતિ પ્રગટ થાય. પ્રભુ પૂર્ણ સ્વરૂપથી ભરેલો છે એની પર્યાયમાં એની લીલાઓ થાય, કહે છે. આ..હા..હા...! વિચિત્રતા અદ્ભુત(થી) અદ્ભુત દશાઓ થાય એ એની લીલા છે. આ..હા...!

આ પૈસા આવે. અમે નિર્ધન હતા ને એમાંથી કરોડ થયા. એમાં ધૂળમાં શું થયું ? ધૂળમાં મરીને જાશો હેઠે. અભિમાન કરીને (માને કે) પૈસા અમારા. જડ. ધૂળ અમારી (એમ કહે). એ તો અજીવ છે. જીવ એમ માને કે અજીવ મારા છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આ..હા..હા...! એકદમ વધી ગયા, એમ કહે. અમે ઉદ્યમ કર્યો, બાપ કાંઈ મૂકીને નહોતા ગયા ને એકદમ ભપકા ! પચાસ-પચાસ લાખના રહેવાના મકાનો, અબજોપતિ અને બાહુબળથી અમે આ રળ્યા, અમે ગરીબ હતા એમાંથી એકદમ તવંગર થયા. એ તો પૂર્વના પુણ્યના પરમાણુઓ હોય તો (દેખાય). એ જડની લીલા છે. એ તો મરીને ત્યાંથી જાશે હેઠે નરકમાં ! આ..હા...! ખરેખર તો એને રૌદ્રધ્યાન જ હોય છે. આ મારા, આ મારા, આ મારા... પ્રભુને ભૂલી ગયો છે.

મુમુક્ષુ :– રૌદ્ર ધ્યાનવાળો નરકમાં જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રૌદ્રધ્યાન જ ઘણાની વાત છે ઈ. કો'કને આર્તધ્યાન હોય તો મરીને ઢોર થાય. એ બધા અબજોપતિ મરીને પશુ થવાના. પશુની સંખ્યા ઘણી છે. શાસ્ત્રમાં 'ગોમ્મટસાર'માં પાઠ છે કે, આ પશુ – તિર્યંચ કેમ થાય છે ? ગાય, ભેંસ, ઘોડા આમ આડા હોય છે ને આડા ? માણસ આમ ઊભા હોય છે. પૂર્વે આડોડાઈ માયા, કપટ ને ક્રોધ, માન બહુ કરેલા. આડોડાઈ એટલે ટેડાઈ. આડોડાઈના ફળમાં એના શરીર પણ આડા થઈ ગયા. માણસ ઊભા છે. આહા..હા... (એવો પાઠ છે). 'ગોમ્મટસાર'માં છે. એ બધી અજ્ઞાનની લીલા (છે). ઘડીકમાં કરોડપતિ ને ઘડીકમાં સાતમી (નરકનો) નારકી. ગાયને (કૂખે) વાછરડી થાય. આ..હા..હા...! બકરીને પેટે બચ્ચું થાય. અહીં બંગલા મોટા (હોય). આ..હા...! એ લીલાથી આત્માની લીલા કોઈ જાત્યાંતર છે. આ..હા...! વિશેષ કહેવાશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેઠ વદ ૧૦, શુક્રવાર, તા. ૩૦-૦૬-૧૯૭૮.**
**વચનામૃત–૭૮–૭૯ પ્રવચન–૨૫**

'વચનામૃત'નો **૭૮** બોલ. છે ? ઓ'લામાં આંકડા છે ? જૂનામાં પહેલાં નહોતા. 'સ્વરૂપની લીલા **જા**ત્યંતર છે.' શું કહે છે ? બહારની જે આ શરીર ને વાણી ને કર્મના સંયોગની જે વિચિત્રતા દેખાય છે એ બધી બહારની **ઇન્દ્રજા**ળ છે. આ..હા..હા...! ભગવાનઆત્મા પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ, એની જ્યાં દૃષ્ટિ થઈ, એનો સ્વીકાર થયો, એનું સમ્યગ્દર્શન (થયું) એ જેવી ચીજ મોટી માહાત્મ્ય(વાળી) છે તેવું તેને અંતરમાં ભાન થઈને પ્રતીત થઈ એવા **જી**વને, અહીં મુનિને મુખ્ય કહેશે, એવાને લીલા – સ્વરૂપની લીલા **જા**ત્યાંતર છે. આ..હા..હા...! જગતના પુણ્ય-પાપની લીલા ને સામગ્રીથી આ ચૈતન્યની લીલા કોઈ અજબગજબ છે ! આ..હા..હા...! જેને આ ભગવાનઆત્મા ચૈતન્ય ભગવતસ્વરૂપ છે ઈ, એવું જેને અંતરમાં ભાન થયું અને એ જ કરવા જેવું છે. આ..હા..હા...! એ જેને થયું એની લીલા કોઈ અલૌકિક છે, કહે છે. આ..હા...! એક તો સાધારણ દાખલો તો એ આપ્યો હતો, રાત્રે આપ્યો હતો પણ એ સાધારણ વાત છે. આ વાત મુખ્ય મુનિની છે. આ..હા..હા...!

આત્મા રાગના વિકલ્પથી ભિન્ન છે અને પોતાના પૂર્ણ સ્વભાવથી તે એકત્વ અભિન્ન છે, એવું જ્યાં ભાન થયું, સમ્યગ્દર્શન ને સમ્યક્જ્ઞાન (થયું) અને સ્વરૂપનું આચરણ પણ તેમાં થોડું આવ્યું. એની લીલા કોઈ અલૌકિક છે. આ..હા..હા...! સમ્યક્દૃષ્ટિ (કે જેને) આત્માનું ભાન છે એ કદાચિત્ લડાઈમાં ગયો.. આહા.હા...! તો એને એ **જા**તનો અશુભ રાગ આવ્યો, પણ ત્યાંથી છૂટીને જ્યાં અંદર ઘરે આવે છે ત્યાં નિર્વિકલ્પ ધ્યાનમાં આવી **જા**ય છે. આ..હા..હા...! જુઓ એની લીલા ! રાત્રે બી**જો** દાખલો આપ્યો હતો પણ અત્યારે આ લડાઈનો આપ્યો. શું કહ્યું સમ**જા**ણું ? આ..હા..હા...!

જ્યાં આનંદનો સાગર, અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ પોતે છે, એનું જ્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાન થયું અને રાગથી ભિન્ન જેની શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ.. આ..હા..હા...! એની લીલા કોઈ જાત્યાંતર છે. જગતની વિચિત્રતામાં ઘડીકમાં પુણ્યશાળી ને બીજે ક્ષણે ગરીબ દેખાય, ઘડીકમાં ગરીબ હોય ને બીજે ક્ષણે મોટો રાજા દેખાય. એ જગતની કર્મની લીલા જુદી જાત છે. આ..હા..હા...! આ આત્માની સંપદા જેને અંદર બેઠી, પ્રભુ ચૈતન્ય અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે, એનું જેને અંતરમાં ભાન થયું અને કરવા જેવું કર્યું છે એ કરવાનું એ છે. આ..હા..હા...! એ જ્યાં ભાન થયું કહે છે કે, એ કદાચિત્ લડાઈમાં ગયો હોય, રાજકુમાર હોય.. આ..હા..હા...! પણ ત્યાંથી ઘરે જ્યાં આવે છે ત્યાં ધ્યાનમાં બેસી જાય તો નિર્વિકલ્પ દશા થઈ જાય છે. બહારથી ઘરમાં આવ્યો અને બહારથી અંદરમાં આવ્યો. આ..હા..હા...! હવે કોઈ વખતે તે લડાઈમાં ઊભો હોય અને અંદરમાં જરી થયું હોય એમાં થોડી વાર લાગતી હોય, એમાં અંદરમાં ધ્યાનમાં ચડી જાય, નિર્વિકલ્પ થઈ જાય. એવી જેને અંતર સ્થિતિની સંપદા છે... આહા...હા...! જેના અંતરમાં અનંતો આનંદનો દરિયો ભર્યો છે, એવો સ્વયંભૂ ભગવાનઆત્મા, એની લીલા કોઈ અલૌકિક છે. આ..હા..હા...!

એ કદાચિત્ ભોગમાં પડ્યો હોય, 'ભરતેશ વૈભવ'માં એ આવે છે ને. 'ભરતેશ વૈભવ'માં. આ..હા...! આ તો એક વસ્તુની સ્થિતિ છે. આ..હા..હા...! ભોગના વિકલ્પમાં આવ્યો ને વિકલ્પ થયો ને થયું. આ..હા..હા...! પણ અંતરમાંથી જ્યાં નિવૃત્ત લ્યે છે, બીજે ક્ષણે જ્યાં નીચે ઊતરીને ધ્યાનમાં બેસે તો નિર્વિકલ્પતા થઈ જાય છે. આ..હા..હા...! એ એને લઈને નહિ, એ વસ્તુના માહાત્મ્યને લઈને છે. આ..હા..હા...! ચૈતન્ય ભગવાન અંદર સહજાનંદ પ્રભુ, એવી જેને અંતરમાં ચીજ ખીલી નીકળી. રાગ અને આત્માની એકતામાં તો તાળા માર્યા હતા, એ સંપદાના તાળા માર્યા હતા. આ..હા..હા...! ઝીણું બહુ, ભાઈ ! એ રાગ અને આત્માને જ્યાં ભિન્ન પાડ્યો... આ..હા..હા...! સ્વરૂપની એકત્વતા અને રાગની વિભક્તતા થઈ ત્યાં ખજાનો ખુલી ગયો. ખજાનામાં તાળા હતા એ ખુલી ગયા. આ..હા..હા...! એ જીવ કદાચિત્.. આ..હા..હા...! વિષયની વાસનામાં પણ આવી ગયો હોય છતાં બીજી ઘડીએ.. આ..હા..હા...! એની અંતરની વસ્તુ જ એવી છે... આ..હા..હા...! કે આનંદનો સાગર જ્યાં ઉછળ્યો (ત્યાં) એ બીજી ક્ષણે નિર્વિકલ્પ થઈ જાય. 'ભરતેશ વૈભવ'માં આવે છે. 'ભરતેશ વૈભવ' પુસ્તક નથી ? 'ભરતેશ વૈભવ'નું પુસ્તક છે. એમાં એવું આવે છે. આ..હા..હા...! એ વસ્તુ ભોગને સ્થાપતા નથી. એની આત્માની અચિંત્ય શક્તિ જ્યાં પ્રગટી.. આ..હા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! પૂર્ણાનંદનો નાથ જ્યાં અંદરમાં જાગ્યો અને જગાડ્યો.. આ..હા..હા...! એ 'જાગીને જોઉં તો જગત દીસે નહિ' આ..હા..હા...! એવા જે ચૈતન્ય ભગવાનમાં દૃષ્ટિ થઈ, આ સમ્યગ્દર્શનમાં પણ એની લીલા તો જુઓ, કહે છે. આ..હા..હા...! અને સમ્યક્દૃષ્ટિ વિનાના પ્રાણી વ્રત ને તપ ને ભક્તિ કરે એ બધું મિથ્યાત્વના બંધનમાં જાય. કારણ કે એને ધર્મ માને ને ઠીક માને. આ..હા..હા...!

ત્યારે સમકિતી(ને) આત્માના જ્ઞાનની અંતરની શક્તિની લીલા અંદરમાં જાગી... આ..હા..હા...! એ જગતના કોઈ ચોરાશીના અવતારમાં કે દેવમાં પણ જેની જાત નથી એવી જેને જાતની અંતર દૃષ્ટિ થઈ, આનંદના સાગરને પર્યાયમાં ઉછાળીને અતીન્દ્રિય આનંદ આવ્યો. આ..હા..હા...! લડાઈ આદિની વાત કરી કે એવા ભાગમાં આવી જાય છતાં એની પાસે આખો આત્મા તાબે થઈ ગયો છે. આ..હા..હા...! પૂર્ણાનંદના નાથને જેણે અંદરમાં સ્વીકાર્યો, એવી જે દૃષ્ટિ અનુભવની થઈ, આ..હા..હા...! ભાઈ ! આવી વાતું છે, બાપુ ! દિગંબર સંતો જાહેર કરે છે. બાપુ ! તારી સંપદાની તને ખબર પડે તો એ સંપદા એવી છે.. આ..હા..હા...! કે તારી લીલામાં.. આ..હા..હા...! અશુભ ધ્યાન આવી જાય, કોઈ આર્તધ્યાન, રૌદ્રધ્યાન (આવી જાય) પણ બીજે ક્ષણે ધ્યાનમાં બેસી જાય (તો) નિર્વિકલ્પ થઈ જાય. આ..હા..હા...!

મુમુક્ષુ :– મંદિર જવાની જરૂર ન પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાન બેઠો છે અંદર. અંદર ભગવાનમાં જોવા બેઠો ને. આ..હા..હા...!

પરમબ્રહ્મ સ્વરૂપ પરમબ્રહ્મ આનંદસ્વરૂપ પ્રભુ, એને જ્યાં નિહાળવા ગયો... આ..હા..હા...! ત્યાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશા થઈ જાય. બાપુ ! આ ચીજ શું છે ? ગજબ છે ! અહીં તો બેને મુનિનું નાખ્યું છે પણ પહેલા ભાવમાં આમ આવ્યું હતું. આ..હા..હા...! બાપુ ! એ વસ્તુ, પ્રભુ ! એ ચૈતન્ય જે ભગવાન અંદર જેણે સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે એવું કહ્યું અને જેણે જાણીને જોયું.. આ..હા..હા...! એ સર્વજ્ઞ પ્રભુ આત્મા, એનો જ્યાં અંતર અનુભવ થયો, કોઈ જીવ તો નિગોદમાંથી સીધો નીકળી, એકાદ ભવ ભલે વચ્ચે કર્યો હોય, અને માણસ થયો હોય અને માણસ થઈને આઠ વર્ષની ઉંમર હોય, એમાં સમકિત પામે. આ..હા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી કહ્યું ? સબ અવસર આ ગયા હૈ. આ..હા..હા...! એમાં આઠ વર્ષની ઉંમરે (આ) વાત સાંભળી, પ્રભુ ! તું મહાપ્રભુ છો અંદર. આ..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માહાત્મ્ય તારું અલૌકિક ! વાણીમાં પૂરું ન પડે, પ્રભુ ! એવો તું છો. આ..હા..હા...! એવું એણે સાંભળ્યું અને અંતરમાં ગયો ને સમકિત પામે. સમકિત પામે અને તરત જ નવ કોટિએ ત્યાગ કરીને એને મુનિપણું થાય. આ..હા..હા...! અને એમાં સ્થિર થાય ત્યાં અંતર્મુહૂર્તે કેવળ થાય અને કેવળ થાય ને અંતર્મુહૂર્ત થાય ત્યાં દેહ છૂટીને સિદ્ધ થઈ જાય ! આ..હા..હા...! પ્રભુ ! તારી લીલાનો પાર નથી, ભાઈ ! તને ખબર નથી. જગતની ઈશ્વરની લીલાઓ અને એ બધી વાતું ગપેગપ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

'સ્વરૂપની લીલા જાત્યંતર છે.' જગતની જાતથી કોઈ જુદી જાત છે. આ..હા..હા...! એણે સાંભળ્યું નથી, કોઈ દિ' કર્યું નથી. આ..હા..હા...! 'મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં...' આ..હા..હા...! જેમ બાગમાં ફૂલની સુગંધ લેવા જાય અને ત્યાં મશગુલ – લીન થઈ જાય, એમ આતમબાગ અનંતા ગુણો જ્યાં ખીલ્યા છે... આ..હા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાન અને અહીં તો મુનિને ચારિત્ર થયું છે. અંતર નિમગ્ન (છે), ઘણી આનંદની દશા પ્રગટી છે. આહા...હા...! બાપુ ! મુનિપણું બહુ આકરી ચીજ છે, ભાઈ ! જૈન પરમેશ્વર કહે એ મુનિપણું, હોં ! આ..હા..હા...! જેને વસ્ત્રનો કટકોય ન હોય, પાત્ર ન હોય. આ..હા...! બાહ્યમાં નગ્નપણું હોય, અભ્યંતરમાં એકલા આનંદના નાથનો અનુભવ હોય. આ..હા..હા...! પ્રચુર અતીન્દ્રિય આનંદ !

એવા મુનિરાજ 'ચૈતન્યના બાગમાં...' આ ચૈતન્યના બાગ જ્યાં ખીલેલા છે. આ..હા..હા...! સમ્યગ્દર્શનપૂર્વક જ્યાં ચારિત્ર થયું છે, એને તો અનંતા ગુણો ખીલી નીકળ્યા છે. ભલે કેવળજ્ઞાન જેટલા ખીલ્યા હોય નહિ પણ ખીલી નીકળ્યા છે. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, ચારિત્ર, શાંતિ, સ્વચ્છતા, ઈશ્વરતા જેની પર્યાયમાં અનંતા ગુણો ખીલી ગયા છે. આ..હા...! એ ખીલેલા બાગમાં રમતાં રાગની રમતું છોડીને ચૈતન્યના સ્વભાવની રમતુંમાં આવતાં... આ..હા..હા...! આવી વાતું. 'કર્મના ફળનો નાશ કરે છે.' ઇ શું કહ્યું ? અતીન્દ્રિય આનંદના ફળને વેદે છે, અનુભવે છે એથી એના કર્મના ફળનો નાશ થઈ જાય છે. આ..હા...! કર્મ ઉદય આવી ખરી જાય છે. આ..હા..હા...!

ભગવાનઆત્માના સ્વરૂપમાં જેની લીનતા જાગી છે.. આ..હા..હા...! જેના અનંતા ગુણો ખીલ્યા છે. બાગ કીધો હતો ને ? બાગમાં ફૂલ, ઝાડ હોય ને, ફૂલ, ઝાડ ! હજારો ફૂલ, ઝાડ ! ફૂલ.. ફૂલ.. ફૂલ આમ (દેખાય). આ..હા...! એમ આ ભગવાનના બાગમાં અનંતી શક્તિના જે ગુણો હતા એ પર્યાયમાં ખીલી ગયા, નીકળી ગયા. આ..હા..હા...! અહીં તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્ર છે ને ! આ..હા..હા...! એ મુનિરાજ આત્મબાગમાં રમતાં રમતાં, લીલા કરતાં કરતાં એટલે કંઈ દુઃખ નહિ, એમ કહે છે. આ..હા...! અનંત આનંદની ધારામાં રમતાં રમતાં 'કર્મના ફળનો નાશ કરે છે.' આ..હા..હા...! એ વ્યવહારથી કહે છે. બાકી કર્મફળ તે વખતે ઉત્પન્ન થતું નથી. એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આ..હા..હા...!

'બહારમાં આસક્તિ હતી...' પહેલી આસક્તિ હતી ત્યારે જે રસ બહારમાં હતો તે 'તોડી સ્વરૂપમાં મંથર – સ્વરૂપમાં લીન થઈ ગયા...' આ..હા..હા...! જ્યાં આનંદાદિ ગુણો ખીલ્યા છે એમાં મુનિરાજ લીન થયા. આ..હા..હા...! જેને મહાવ્રતાદિ વિકલ્પથી પણ જુદો પડી અને અતીન્દ્રિય આનંદમાં જ્યાં લીન છે. મંથર કીધું, મંથર એટલે લીન. બહારની આસક્તિ – રસ તોડી અને સ્વરૂપના રસમાં મંથર – લીન થયો છે. આ..હા..હા...! એટલે લીન થઈ ગયા છે. આ..હા..હા...!

એ 'સ્વરૂપ જ તેમનું આસન,...' છે. આ..હા..હા...! ઉદાસીન છે એટલે ? રાગમાં જેનું આસન નથી, રાગમાં એ બેઠો નથી. આ..હા..હા...! પૂર્ણાનંદના નાથમાં જેનું આસન છે. પૂર્ણાનંદ પ્રભુ અંતર અતીન્દ્રિય આનંદનો સાગર, એમાં જેનું આસન છે, ત્યાં જે બેઠો છે, ત્યાં વિશ્રામ લીધો છે. આ..હા..હા...! મંથર ! 'સ્વરૂપ જ તેમનું આસન,...' છે. શુદ્ધ આનંદઘન નાથ, એમાં જેની બેસણી (છે), એમાં જ જેની બેસણી છે. આ..હા..હા...! એમાં જેની બેઠક છે. કોઈ માણસ નથી કહેતા ? કે, ભાઈ ! ઓ'લા માણસ બધા ભેગા થાય છે ને ત્યાં બે ઘડી બેસવા જાય છે. અહીં કહે છે કે, એ નિવૃત્તિ લઈને અંદરમાં બેસવા જાય છે. આ..હા..હા...! જ્યાં પ્રભુની અંતર અનંત સંપદા પડી છે. પ્રભુ ! તું પૂર્ણ સંપદાનો ધણી છો, નાથ ! તું નાનો નથી. આ..હા...! તું પામર નથી, તું સ્ત્રી નહિ, તું પુરુષ નહિ, તું મનુષ્ય નહિ, તું દેવ નહિ, તું પર્યાપ્ત નહિ, તું અપર્યાપ્ત નહિ, તું રાગ નહિ, તું દ્વેષ નહિ. આ..હા..હા...! પ્રભુ ! તારામાં પ્રભુતાનો પાર નથી ને, નાથ ! આ..હા..હા...! એવી પ્રભુતામાં જેની લીનતા થઈ છે એનું આસન ત્યાં છે. આ..હા..હા...! ત્યાં નિરાંતે બેઠા છે, એમ કહે છે. આ..હા..હા...! ભાષા જરી સાદી છે, ભાવ જરી બહુ ઊંચા છે. સમજાણું કાંઈ ? આ..હા...!

અંતરના આનંદની રમતુંમાં ચડ્યો છે... આ..હા..હા...! એને આસન સ્વરૂપ છે. અરે...! જેની બેઠક સ્વરૂપમાં છે, રાગમાં નહિ. વ્યવહાર રત્નત્રય રાગના વિકલ્પમાં એની બેઠક નહિ. આ..હા..હા...! સમજાય એટલું સમજવું, બાપુ ! આ તો ટૂંકી ભાષા છે, ભાવ ઘણા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંદર છે. આ..હા...! એનું આસન... 'શ્રીમદ્'માં એક પત્ર આવે છે, ભાઈ ! 'શ્રીમદ્'માં એક પત્ર આવે છે. અમારું બેસવું, અમારું ખાવું-પીવું બધું આનંદ છે. એક પત્ર આવે છે. નહિતર એ તો ગૃહસ્થાશ્રમ(માં) છે. આખો મોટો પત્ર છે. આ..હા...! એમાં ઘણાં બોલ છે. આસન છે, આ છે, આ છે, આ છે. એમાં બધું આત્મામાં અમારું સ્થાન છે. આ..હા..હા...! ભલે રાગાદિ આવે છતાં એનો આદર નથી અને આદર તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનો (છે), ત્યાં અમારું આસન લગાવ્યું છે. આ..હા..હા...! એ આસન અમારું, એ ખાવું એ અમારું, અનુભવ એનો, ભોગ એનો, કર્તા એનો, ભોક્તા એનો. આ..હા..હા...!

અહીં તો મુનિની દશા(ની વાત કરે છે), પણ સમ્યક્દૃષ્ટિ છે, એનું આસન તો સ્વરૂપમાં પૂર્ણાનંદમાં આદર છે. આ..હા..હા...! એ સ્વરૂપ જ જેની નિંદ્રા છે. સુવે છે ઇ સ્વરૂપમાં, એમ કહે છે. આ..હા..હા...! મુનિરાજ કે સમકિતી.. આ..હા...! મુનિરાજની તો વિશેષ ચારિત્રદશા છે. અંતર દશા ક્ષણે ને પળે છઠ્ઠું, સાતમું આવે છે. વનમાં વિચરતા હોય છે. વાઘ ને સિંહની વચ્ચે બેઠા હોય છે. આ..હા..હા...! દિગંબર મુનિ સંત બહાર પડ્યા હોય. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ **જો**, અડોલ આસન ને...' શરીર તો અડોલ હોય (પણ) 'મનમાં નહિ ક્ષોભતા' અંતર આનંદની લહેરમાં પડ્યો છે. આ..હા..હા...! એને કોઈ સિંહ શરીર લેવા આવે, એને **જો**ઈતું હોય અને મારું છે નહિ, મારે **જો**ઈતું નથી. આ..હા..હા...! 'પરમ મિત્રનો **જા**ણે પામ્યા યોગ **જો**, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' આ..હા..હા...! જંગલમાં પડી એકલા વનમાં રહેતાં, વાઘ ને સિંહની ત્રાડમાં બેઠા શાંતિમાં. શરીર તો ચળે, ડગે નહિ પણ મન ડગે નહિ. એવી જેની સ્વરૂપની અંદરમાં.. આ..હા...! નિંદ્રા (છે), એ સ્વરૂપમાં સુતા છે. આ..હા..હા...! સ્વરૂપમાં ઘોરે છે. જેમ ઓ'લો નિંદ્રામાં ઘોરે ને ? શું કહેવાય ? ઘોરે છે, અમારી ગુજરાતી ભાષા છે. આ નાક(માં નસકોરા બોલે ને) ? હં.. હં... શ્વાસ થાય ને ? એ સુવે ત્યાં શ્વાસ હં... (થાય), એ નિંદ્રામાં ઘોરે છે. એમ મુનિરાજ નિંદ્રામાં આત્માના સ્વરૂપમાં ઘોરે છે. આ..હા..હા...!

'સ્વરૂપ જ આહાર છે;...' આ ખોરાક – આહાર લ્યે છે એ એનો આહાર નથી. એ તો એનું જ્ઞેય – પરજ્ઞેય છે. આ..હા..હા...! એનો તો અતીન્દ્રિય આનંદનો ખોરાક છે. '**ઋ**ષભદેવ' ભગવાને દીક્ષિત થઈને પ્રતિજ્ઞા (લઈને) પહેલા છ મહિનાના અપવાસ કર્યા. ત્યાં સુધી તો આહારનો વિકલ્પ આવ્યો નહિ. પછી આહારનો વિકલ્પ આવ્યો. ભિક્ષા માટે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાય પણ મળે નહિ, ઓ'લા લોકોને કાંઈ વિધિ આવડે નહિ. એ વિકલ્પ તૂટીને આનંદના ખોરાકમાં જાય. એ છ મહિના બીજા ગયા. લોકોને એમ થયું કે, આહાર મળ્યો માટે (દુઃખ મટ્યું). (પરંતુ) એને તો આનંદનો ખોરાક હતો. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ ! આ.હ..હા...! અતીન્દ્રિય આનંદના જેને કોળિયા ! આ..હા..હા...! એ અતીન્દ્રિય આનંદના ગ્રાસ ખાતા હતા. આ કોળિયા આહારના જડના એ તો પરવસ્તુ છે. એ કંઈ આત્મા લઈ શકતો નથી, ખાઈ શકતો નથી. આ..હા..હા...!

આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, અંદર અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આ..હા...! મુનિરાજને અતીન્દ્રિય આનંદનો ખોરાક છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ વાત જગતને આકરી પડે. કોઈ દિ' સાંભળી ન હોય. બહારની કડાકૂટમાં પડ્યા. સ્વરૂપ એનું જે અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ, એવો જે ભગવાનઆત્માનો સ્વરૂપનો સ્વભાવ, એનું જ્યાં સમ્યગ્દર્શન થયું અને એ ઉપરાંત જેની ચારિત્ર – રમણતા થઈ એને તો આનંદનો ખોરાક છે, કહે છે. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદના ભોજનના કોળિયા – ગ્રાસ લ્યે છે. આહા.હા...! છે ?

'તેઓ સ્વરૂપમાં જ લીલા,...' આ..હા...! 'તેઓ સ્વરૂપમાં જ લીલા,...' કરે છે. આ..હા..હા...! સમ્યક્દૃષ્ટિ (હોય) એને પણ સ્વરૂપમાં લીલા છે, છતાં એને હજી રાગનો ભાવ વિશેષ આવે. છતાં સમકિતીને તેનો આદર નથી. ભક્તિનો, પૂજાનો, દાનનો શુભરાગ આવે પણ એ રાગના ભાવનો આદર નથી. આ..હા..હા...! જેણે આત્મજ્ઞાનમાં જેને હેય જાણ્યા છે, ઇ છે ખરો, વ્યવહારનયનો વિષય આવે છે, હોય છે પણ એ હેય તરીકે જાણે છે. આ..હા..હા...! સમ્યક્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢી.. આ..હા...! પોતાના આનંદસ્વરૂપમાં લીન છે એ રાગ આવે એમાં એ લીનતા, એકત્વબુદ્ધિ નથી. આ..હા..હા...! એનું નામ સમ્યગ્દર્શન અને મુનિપણું છે, બાપુ ! આ લોકો માની બેસે કે, અમે ધર્મી છીએ. પૂજા કરીએ ને ભક્તિ કરીએ ને જાત્રા કરીએ (એટલે) થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. ધર્મ તો નથી પણ પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. આ..હા..હા...! આ..હા..હા...!

જ્યાં અંદર રાગના, દયા, દાનના વિકલ્પ પણ દુઃખરૂપ લાગે અને અંતરના આનંદનો સ્વાદ જેને અંતર આવે, એને અહીં સમકિતી કહે અને એને મુનિપણું (કહીએ). વિશેષ આનંદની દશા આવે એને મુનિપણું કહીએ. આ..હા..હા...! એ મુનિ 'સ્વરૂપમાં જ લીલા,...' કરે છે. આ..હા...! એની રમતું આત્માના સ્વરૂપમાં છે. એ રાગની રમતથી છૂટી ગયા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...! 'નિજપદ રમે સો રામ કહીએ' આ..હા...! ઓ'લું આવ્યું હતું. 'આનંદઘનજી'માં આવે છે. 'નિજપદ રમે સો રામ' રામ એને કહીએ. બાકી રાગના પુણ્ય પરિણામમાં રમે એ તો હરામ છે. આ..હા..હા...! આકરી વાતું છે, બાપા ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ બહુ અપૂર્વ અને અપૂર્વ લાભદાયક છે. અપૂર્વ અને અપૂર્વ લાભદાયક છે. કોઈ દિ' અતીન્દ્રિય આનંદનો લાભ મળ્યો નહિ એવો લાભદાયક છે. આ..હા..હા...!

અહીંયાં કહે છે, 'તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે.' સમકિતી જ્ઞાની અને મુનિઓ, એનો આદર ત્રિકાળી આનંદકંદના નાથમાં છે. ત્યાં જ લીલા કરે ને વિચરે છે, રાગમાં વિચરતા નથી. આ..હા..હા...! ઈ આવે છે, નહિ ? ૪૧૩ ગાથા. પરમાં ન વિચર, આવે છે. આ..હા..હા...! 'સમયસાર'ની ૪૧૩ ગાથા. પ્રભુ ! તારું સ્વરૂપ અંદર આનંદ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય ઈશ્વરતા, અતીન્દ્રિય શાંતિ ને અતીન્દ્રિય સ્વચ્છતા, નીરોગતાથી ભરેલું તત્ત્વ છે.

સ્વ-સ્થ – પોતામાં પોતે છે ત્યાં. એમાં એને કહે છે કે, વિચરનાર ધર્મી એમાં વિચરે છે. આ..હા..હા...! એને રાગ આવે છતાં તેમાં એનો આદર નથી. એટલે એનું વિચરવું ત્યાં રાગમાં નથી. આ..હા..હા...! વ્યવહાર રત્નત્રયનો રાગ આવે, આત્મજ્ઞાન અને અનુભવ થયો છતાં. છતાં તેમાં એનો આદર નથી. અંદર આનંદનો આદર છે. આ..હા..હા...! આ વાત ક્યારે બેસે ? સાંભળવા મળે નહિ બિચારાને. આ..હા..હા...! વરાંકા કીધા છે, રાંકા, વરાંકા ! આ..હા..હા...!

ચૈતન્યના આનંદ આદિની લક્ષ્મી, પુણ્ય-પાપના વિકલ્પથી – રાગથી ભિન્ન પડી છે એનું જેને ભાન નથી, એ બધા ભિખારા રાંકા.. રાંકા.. રાંકા.. છે. ભલે એ અબજોપતિ હોય, મોટો દેવ હોય. આ..હા...! ચાલતું મડદું છે. ચૈતન્ય અંદર કોણ છે ? અંદર આનંદનો નાથ પ્રભુ નિર્વિકલ્પ ચીજ છે, જેમાં પુણ્ય ને પાપના રાગનો અવકાશ નથી, એવી ચીજનું જ્યાં ભાન થાય, સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન (થાય) એ ઉપરાંત સ્વરૂપમાં રમણતા (થાય). આ..હા..હા...! એ તો સ્વરૂપમાં વિચરણ કરે છે.

'સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી...' સંતો એને કહીએ કે જે આનંદમાં વિચરે છે અને એ આનંદને સંપૂર્ણપણે શ્રામણ્ય પ્રગટાવી. આ..હા..હા...! વીતરાગતા અંદર સંપૂર્ણપણે પ્રગટાવી 'તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી...' આ..હા..હા...! 'કેવળજ્ઞાન પ્રગટાવે છે.' આ..હા..હા...! 'ભરત' ચક્રવર્તી આત્મજ્ઞાની સમકિતી અનુભવ હતો. એ રાગનો કણ પણ આદરણીય નહોતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માનતા. એ છ ખંડના રાજની આસક્તિ છૂટી અને જ્યાં ધ્યાનમાં બેસે છે... આ..હા..હા...! ત્યાં વસ્ત્ર આદિ પરિગ્રહનો નવ કોટિએ ત્યાગ થઈ જાય છે. અંતર દશામાં રમે છે, કેવળજ્ઞાન થઈ જાય છે. આ..હા...! એને અરીસાભુવનમાં.. અરીસાભુવન સમજે ? ચારે કોર અરીસા હોય. ચારે બાજુ અત્યારે હોય છે ને. ચારે કોર મકાનમાં અરીસા હોય. અને એ તો ચક્રવર્તી (હતા), દેવના બનાવેલા અરીસાનું મકાન ને એમાં બેઠા એમાં અંતરથી નિવૃત્તિ થઈ ગઈ. સમકિતી તો હતા જ. આ..હા...! ત્યાં ને ત્યાં અંતર્મુહૂર્તમાં નવ કોટિએ વસ્ત્ર આદિ છૂટી ગયા, નગ્ન દશા થઈ અને અંદરમાં રમણતા કરતાં, અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન થયું. આ..હા..હા...!

**પ્રશ્ન :–** દીક્ષા...

**સમાધાન :–** એ દીક્ષા લીધી ને, કીધું ને. પહેલા અંતર્મુહૂર્તમાં વિકલ્પ ઊઠ્યો. આત્મ અનુભવ તો છે, આનંદનું ભાન તો છે. વિકલ્પ ઊઠ્યો કે આ છોડું. એ છૂટી ગયું, ધ્યાનમાં બેઠા. ત્યારે એકદમ પહેલું સાતમું ગુણસ્થાન આવ્યું. આ..હા..હા...! અને સ્થિર થયા, શ્રેણી માંડી કેવળજ્ઞાન થયું. આ..હા..હા...! એવું છે.

**મુમુક્ષુ :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવી જ એની તાકાત છે, એમ કહે છે. આ..હા..હા...! બાપુ ! તને એના સામર્થ્યની, એની શૂરવીરતાની (ખબર નથી). જેમાં એકલો વીરરસ ભર્યો છે, વીર્ય પણ વીરરસથી ભરેલું વીર્ય છે. આ..હા..હા...! એવું જેને સમ્યગ્દર્શન થયું, રાગથી અને નિમિત્તથી ભિન્ન પડી અને સ્વરૂપના સ્વીકારમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એને અહીં સમકિતી કહે છે. એ સ્વાદમાં રમતાં ચારિત્ર થઈ જાય છે અને એ સ્વાદમાં વિશેષ એકાકાર થતાં, સ્થિર થતાં કેવળજ્ઞાન થઈ જાય છે. આ..હા..હા...! આકરી વાત છે, બાપુ ! દુનિયાથી જુદી છે અને દુનિયા કહે છે એ બધી ખબર છે ને. ઇ છે, બધી ખબરું (છે). જગત ક્યાં છે, (ક્યાં) ઊભું છે ? (ખબર છે). આ..હા...! વ્યવહારના બહારમાં દયા, દાન, વ્રત, ભક્તિ ને તપ એ તો બધો શુભરાગ છે. ત્યાં ઊભા ધર્મ માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. એ રાગમાં ઊભા છે. ધર્મી છે તે સ્વભાવમાં ઊભા છે. આ..હા..હા...! આકરું કામ.

'લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે.' ૭૮ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા. ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતના કર્મના ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે. ૭૯.**

૭૯. શું કહે છે હવે ? 'શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય...' એમ અજ્ઞાનીને ભાસે છે. મિથ્યાદૃષ્ટિ જેને ધર્મની ખબર નથી, ભલે જૈન વાડામાં જન્મ્યા હોય, દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા હોય પણ એ તો બધો વિકલ્પ ને રાગ છે. આ..હા...! 'શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે,...' શું કહેવા માગે છે ? કે, રાગ જે થાય છે એ જાણે આત્મામાં, અંદરમાં હોય એમ અજ્ઞાનીને ભાસે છે. પણ ખરેખર તો... આ..હા..હા...!

'પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં...' એ રાગ ભલે દયા, દાન, વ્રત, ભક્તિ, પ્રભુનું સ્મરણ (કરે) એ બધો રાગ છે, વિકલ્પ છે. આ..હા..હા...! એ વિકલ્પ જાણે આત્મામાં પેઠો (હોય), એકાકાર હોય એમ માનીને બેઠા છે એ અજ્ઞાની છે, એ મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો સાધુ દિગંબર મુનિ થયેલો હોય પણ રાગથી મને લાભ થશે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. આ..હા...! (વિકાર) અંદર પેસી ગયો હોય એમ માને છે. એ રાગ મારો છે અને રાગથી મને લાભ થશે. આહા...હા...!

'પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં...' શું કહે છે ? એ રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન ને જ્ઞાન કરતાં 'તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.' જેમ અરીસામાં સામે અગ્નિ આદિ દેખાય એ પ્રતિબિંબ છે, અગ્નિ ત્યાં નથી. એમ જ્ઞાનમાં આત્માનું ભાન, સમ્યગ્દર્શન થતાં એને રાગનું જ્ઞાન થાય, એ રાગમાં મારું સ્વરૂપ છે એમ નહિ, પણ અરીસામાં જેમ એ ચીજ દેખાય એમ જ્ઞાનમાં રાગ જણાય. સવારમાં આવ્યું હતું. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધર્મી જીવને ચૈતન્યના આનંદના સ્વરૂપનો અનુભવ હોવાથી અને અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન હોવાથી તેની પર્યાયમાં જ્ઞાનની નિર્મળતા એવી હોય છે કે રાગ તેને જણાય, પ્રતિબિંબ રૂપે જણાય, રાગ મારો છે એમ નહિ. અરીસામાં જેમ અગ્નિ જણાય, એ અગ્નિ ત્યાં અરીસામાં નથી. એમ આત્મામાં એ રાગ જણાય, એ રાગ જણાતો નથી, રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન છે એ જણાય છે. સવારમાં આવ્યું હતું. ઝીણું બહુ, ભાઈ ! આ તો આકરું કામ. આ..હા..હા...! દુનિયાને તો બિચારાને મળ્યું નથી, સાંભળવા મળ્યું નથી. વસ્તુ તો ક્યાં છે ? આ..હા..હા...! એવું જગત અંધારામાં પડ્યું છે. આ..હા...!

ચૈતન્યચંદ્ર અંદર જે ભગવાન શીતળ જિનસ્વરૂપે બિરાજે છે, જિનસ્વરૂપ જ એનું ત્રિકાળી સ્વરૂપ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે' નહોતું કહ્યું ? 'ઘટ ઘટ અંતર જિન વસે' 'સમયસાર નાટક'નો શબ્દ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન' પોતાના મતના દારૂ પીધેલા છે. આ..હા...! એ જિનસ્વરૂપી વીતરાગ હું છું, રાગ મારામાં નથી એ વાત અજ્ઞાનીને બેસતી નથી. આ..હા..હા...! પણ રાગ આવ્યો, જેમ અરીસામાં સ્વચ્છતામાં પ્રતિબિંબ જણાય છે, એમ જ્ઞાનમાં રાગ જણાય છે. એ પણ કહેવું એ વ્યવહાર છે. પણ અહીં તો દૃષ્ટાંત દેવો છે ને. આ..હા..હા...!

જ્ઞાનની પર્યાયમાં રાગ આવ્યો તેનું જ્ઞાન, પોતે જ્ઞાનની પર્યાયથી જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવથી હોવાથી તે જ્ઞાનનું ઝલક, રાગની ઝલક અહીં આવી એમ કહેવામાં આવે. બાકી તો રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતાને પ્રગટ્યું છે. આ..હા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ રાગ છે. પરદ્રવ્ય છે ને. આ..હા..હા...! આકરું કામ, જગતને કઠણ પડે. એ રાગ છે એ આત્માના સ્વભાવમાં પેઠો નથી. પણ જ્ઞાની – ધર્મી આત્માના સ્વભાવના જાણે છે, તેની જ્ઞાનની પર્યાયમાં એ રાગની ઝલક એટલે તેનું જ્ઞાન થાય છે. એમ અત્યારે તો કહેવું છે. ખરેખર તો તે સમયની પર્યાય પોતાને જાણે અને રાગને જાણે એવો જ વિકાસ અને પ્રગટ પર્યાય થાય છે. એમાં રાગ પેસતો નથી પણ રાગ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થાય છે. આ..હા..હા...! પ્રભુ... પ્રભુ ! શું કરે ? ભાઈ ! આ..હા..હા...! જગત ક્યાં ઊભું છે અને માર્ગ ક્યાં છે ? (એની લોકોને) ખબર નથી. આ..હા..હા...! ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ એ કહે છે એ સંતો કહે છે. એ આ વાણી છે. આ..હા..હા...!

રાગનો વિકલ્પ જે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ – રાગ એ કંઈ આત્મામાં પેઠા નથી. ત્યારે થાય છે ને ? ધર્મીને પણ થાય છે ને. અંદર પેઠા નથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો પણ થાય છે ને. એ થાય છે ઇ અરીસામાં જેમ પરચીજ પ્રતિબિંબ તરીકે જણાય **જાય** છે એમ જ્ઞાનમાં રાગ પ્રતિબિંબ તરીકે જણાય **જાય** છે. આ..હા..હા...! એવું સમકિતીનું સ્વરૂપ છે. આહા..હા....! આવું છે. છે ?

'ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં...' ચૈતન્ય-અરીસો ભગવાન સ્વપર પ્રકાશક **જા**ણનારો પ્રભુ, એમાં એ 'પ્રતિબિંબ-રૂપ છે.' રાગ તો રાગમાં રહ્યો છે, પણ ધર્મીને રાગ સંબંધીનું જ્ઞાન પ્રતિબિંબ તરીકે થાય છે. આ..હા..હા...! અરીસામાં અગ્નિ દેખાય છે એ અગ્નિ નથી. આમ અગ્નિ હોય અને અરીસામાં દેખાય, (એ) અગ્નિ નથી, અરીસાની અવસ્થા છે. અગ્નિ ત્યાં હોય તો હાથ અડાડો તો ઊનું થવું **જો**ઈએ. અહીં અગ્નિને હાથ (અડાડો તો) ઊનું થશે. ત્યાં દેખાય એ અગ્નિ નથી, અરીસાની અવસ્થા છે. એમ રાગ છે એ દુઃખ ને આકુળતા છે. એનું અહીં જ્ઞાન થતાં આકુળતા એમાં નથી. એ રાગનું જ્ઞાન થયું તે અનાકુળ આનંદનું ત્યાં જ્ઞાન છે. આ..હા..હા...! આવી વાત છે. બહુ કામ (આકરા), બાપા ! અત્યારે ઘણો ફેર પડી ગયો છે. વાતે વાતે ફેર છે એની એને ખબર નથી. વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથના આ કથનો છે. સમ**જા**ય છે ? આ..હા..હા...!

એમ આ અરીસામાં પ્રતિબિંબરૂપ છે. આ..હા..હા...! શું કહ્યું ? કે, ચૈતન્યસ્વરૂપ જે ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ રાગથી ભિન્ન (છે), એમાં રાગ જણાણો તો રાગ સ્વરૂપમાં નથી. પણ ત્યારે રાગ જણાણો ને ? (તો કહે છે), એ તો પ્રતિબિંબરૂપે એની ઝળકનું જ્ઞાન થયું. અજ્ઞાનીને પણ કંઈ આત્મામાં રાગ નથી. પણ એને રાગ અને આત્મા એક માનીને રાગથી લાભ માનનારા, આત્માને એક જ માનનારા, રાગ ને આત્મા એક માને (છે). આ..હા..હા...! એ ચાહે તો સાધુ હોય તોય મિથ્યાદૃષ્ટિ છે. આ..હા..હા...! અને ગૃહસ્થાશ્રમમાં... આવે છે ને, 'રત્નકરંડ શ્રાવકાચાર'માં ? મોહી અણગાર પણ મિથ્યાદૃષ્ટિ છે અને ગૃહસ્થાશ્રમમાં સમકિતી પણ જ્ઞાની છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'નો શ્લોક છે. આ..હા..હા...!

આત્મામાં રાગથી લાભ થાય એમ માનનારા રાગ આત્મામાં પેસી ગયો છે એમ માને છે. આ..હા..હા...! પણ એમ છે જ નહિ. એના જ્ઞાનમાં એ જણાવાલાયક થાય છે, પણ એને (એનું) જ્ઞાન નથી. આ..હા..હા...! જેની જ્ઞાનની પર્યાય વર્તમાન છે.. એ સવારે ચાલ્યું હતું. એ પર્યાય ત્રિકાળીને **જા**ણે છે. આ બાજુ જુઓ તો ત્રિકાળીને **જા**ણે છે અને આ બાજુ જુઓ તો રાગાદિ થાય તેને **જા**ણે છે. કારણ કે એ તો **જા**ણનારો **જા**ણનારો **જા**ણવાનું કાર્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે છે. એ જ્ઞાયક પ્રભુ છે. આ..હા..હા...! અંદર **જો**તાં જ્ઞાયક સ્વરૂપને પર્યાય **જા**ણે, બહાર **જો**તાં રાગનું જ્ઞાન થાય તેને તે **જા**ણે.

અહીં તો અરીસાનું પ્રતિબિંબ કીધું. જ્ઞાનનું પ્રતિબિંબ. પ્રતિબિંબ એટલે ઇ ચીજ અહીં આવતી નથી. જેવો ત્યાં રાગ છે તેવું જ અહીં જ્ઞાન, રાગની સત્તાની અપેક્ષા રાખ્યા વિના પોતાની તે વખતની પર્યાય, સ્વપર પ્રકાશકના સામર્થ્યવાળી હોવાથી પોતે પોતાની ઝલકમાં રાગને **જા**ણે એમ કહેવું એ વ્યવહાર છે. આ..હા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! જવાબદારી બહુ, શરતું ઘણી. આ..હા..હા...! શું થાય ? ભાઈ ! અનંત કાળનો અથડાયેલો. આ..હા..હા...! 'જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબ-રૂપ છે.'

'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.' આ..હા..હા...! શું કીધું ? સ્વરૂપ જે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને રાગરહિત વૈરાગ્ય સ્વરૂપ છે. આ..હા..હા...! પરથી ઉદાસસ્વરૂપ છે અને સ્વથી પૂર્ણ ભરેલો છે. આ..હા..હા...! એવા 'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી...' જ્ઞાનની પણ અચિંત્ય શક્તિ. અચિંત્ય છે, કોઈ કલ્પનાથી એનું માપ આવે એવો નથી, બાપુ ! ભાઈ ! આ..હા..હા...! જ્ઞાન એટલે આત્માના ચૈતન્ય સ્વરૂપનું ભાન અને ચૈતન્ય જ્ઞાન છે એનું જ્ઞાન અને આ બાજુ રાગનો અભાવ, એનું નામ વૈરાગ્ય. બેયની અચિંત્ય શક્તિ છે. જ્ઞાનની અચિંત્ય શક્તિ અને વૈરાગ્યની અચિંત્ય (શક્તિ). વૈરાગ્ય આ, હોં ! બાયડી, છોકરા છોડ્યા ને વૈરાગી છે, એ વૈરાગી નથી. આ..હા..હા...! આ..હા..હા...!

અહીંયાં તો અંતરના રાગથી ભિન્ન પડીને વૈરાગ્યપણે વર્તે છે એને વૈરાગ્ય કહીએ. ચાહે તો પુણ્યનો ભાવ હોય, દયા, દાન, વ્રતનો (ભાવ હોય) એનાથી ભિન્નપણે વિરક્ત વર્તે છે. રાગથી વિરક્ત, રાગથી રક્ત નહિ. આ..હા...! રાગથી વિરક્ત, સ્વરૂપથી લીન. એવી જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિ અંદર છે. આ..હા...! બહુ **ફે**ર આ તો, વાતો વાતોનો **ફે**ર લાગે. બિચારા અ**જા**ણ્યા માણસને તો એવું લાગે શું છે આવી વાત ? વીતરાગનો માર્ગ આવો હશે ? અહીં તો સાંભળીએ (કે), **જા**ત્રા કરો, ભક્તિ કરો, મંદિર કરો, **પૂજા** કરો, વ્રત પાળો, અપવાસ કરો. આવું સાંભળીએ છીએ. આ..હા..હા...! એ કરવું કરવું એ રાગ છે અને રાગનું કરવું ઇ આત્માનું મરવું છે. આકરી વાત, બાપા ! એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, એ જ્ઞાનસ્વરૂપીનું જ્ઞાન અને જ્ઞાનસ્વરૂપ ને રાગના અભાવનો વૈરાગ્ય, બેયમાં અચિંત્ય શક્તિ છે. આ..હા..હા...!

'નિર્જરા અધિકાર'માં કહ્યું છે ને ? જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ સમકિતીને હોય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમ્યફ્દષ્ટિ ચોથે ગુણસ્થાને, શ્રાવક પાંચમાનો તો ક્યાંય રહી ગયો. આ..હા..હા...! એ ચોથે ગુણસ્થાને છે જ્યાં એને પણ આત્માનું જ્ઞાન અને રાગનો અભાવ વૈરાગ્ય. બે શક્તિ એને પ્રગટેલી હોય છે. છે ? 'નિર્જરા અધિકાર', 'સમયસાર' ! આ..હા..હા...! સ્વરૂપના જ્ઞાનની શક્તિ પણ અચિંત્ય છે અને રાગના અભાવ સ્વભાવરૂપ વૈરાગ્યની શક્તિ પણ અચિંત્ય છે. આ..હા..હા...! છે ?

'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.' આ..હા..હા...! જ્ઞાનનો પુરુષાર્થ અને રાગરહિત વૈરાગ્યનો પુરુષાર્થ. એવો પુરુષાર્થ કર. આ..હા..હા...! અને એવી પુરુષાર્થની ધારા પ્રગટ કર. સ્વભાવ તરફનું ઢળવું અને રાગ તરફનું વિરક્ત (થવું) એવી પુરુષાર્થની ધારા પ્રગટ કર. આ..હા..હા...! એને ધર્મધારા કહેવામાં આવે છે. જ્ઞાનધારા, કર્મધારા. રાગ સાથે હોય એ કર્મધારા, પણ એનું અહીં તો પ્રતિબિંબ પડે છે. જાણે છે એ એમાં આવ્યું. રાગ જોડે હોય, હજી વીતરાગ ન હોય (એટલે). એનું પ્રતિબિંબ પડે, જાણે. આ..હા..હા...! પૂર્વાપર વિરોધરહિત વીતરાગની વાણી છે. ક્યાંય વિરોધ આવે નહિ. આ..હા...!

બારમી ગાથામાં એમ કહ્યું, સમ્યગ્દર્શન આત્માનું થાય, પૂર્ણાનંદના નાથનો અનુભવ (થાય), આનંદનો સ્વાદ (આવ્યો) એને હજી રાગ બાકી છે એને એ જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન નથી. આ..હા..હા...! કેમ કે રાગનું જ્ઞાન થાય છે, રાગ જ્ઞાનમાં પેસતો નથી. સ્વરૂપના જ્ઞાનમાં રાગ આવતો નથી, પણ રાગ સંબંધીનું જ્ઞાન જે છે એ થાય છે એ પોતાથી થાય છે. આ..હા..હા...! આવું છે. એક કલાકમાં કેટલી વાતું !

મુમુક્ષુ :– એક જ વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્માનો આશ્રય કર, રાગનો આશ્રય છોડ. આ..હા..હા...! પરથી ખસ, સ્વથી વસ, એટલું બસ, એ ટૂંકું ટચ. આહા..હા....! ચાહે તો ભગવાનની ભક્તિનો, સ્મરણનો રાગ (હોય), પણ રાગથી હઠ – ખસ. કારણ કે આ વીતરાગમાર્ગ છે. રાગથી હઠ, સ્વભાવમાં વસ. આ..હા..હા...! એ ટૂંકું ટચ, એટલું તારે બસ. અરે..રે...! કેમ બેસે ? સમજાણું કાંઈ ? આવું છે. એનો બધો આખો વિસ્તાર, સ્પષ્ટીકરણ આવે ને. એનું જુદા પ્રકારનું આવે ને. સમભાવની ટીકા આખી છે, એમ આવે છે ને ? વીતરાગભાવ જે અંદર પ્રગટે, વીતરાગસ્વરૂપ જ પ્રભુ ત્રિકાળ છે એમાંથી વીતરાગતા પ્રગટે.. આ..હા...! એ અચિંત્ય દશા છે. એને જ્ઞાનની તાકાત આવે છે અને રાગના અભાવની વૈરાગ્યની તાકાત પ્રગટ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય. રાગની તાકાત પ્રગટ થાય છે **એમ** નહિ. આ..હા...! રાગના અભાવની વૈરાગ્યની તાકાત પ્રગટ થાય છે. સમ્યક્દ્રષ્ટિ **જીવ**ને ચોથે ગુણસ્થાને (આવી શક્તિ પ્રગટ થાય છે). આ..હા..હા...! જિનવર ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ કહે છે તે આ વાત છે. આ..હા...! ભગવાન મહાવિદેહમાં આ વાત કરી રહ્યા છે. પ્રભુ 'સીમંધર' ભગવાન બિરાજે છે. એ વાત 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં આઠ દિન રહીને, લઈને આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. એનો આ સાર છે. આ..હા...!

'યથાર્થ દ્રષ્ટિ (દ્રવ્ય ઉપર દ્રષ્ટિ) કરી...' દ્રવ્ય ત્રિકાળી છે એના ઉપર દ્રષ્ટિ કરી 'ઉપર આવી **જા.**' અંદર જે રાગમાં ગરી ગયો છે તો હવે ઉપર આવી **જા.** એ ધ્રુવને અધિક કરી નાખ. આ..હા...! વિશેષ છે, લ્યો !

**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ !

**ઊંધી** માન્યતા અને રાગ-દ્વેષાદિ બંધનું કારણ એક જ છે. ગરીબમાંથી ધનાઢ્ય થાય છે તે અઘાતિ કર્મના નિમિત્તે થાય છે. પૂર્વે જે પ્રમાણે કર્મ બાંધ્યું હોય એટલા જ પ્રમાણમાં સામગ્રી મળે છે તે સામગ્રી શરીરાદિ અને પૈસો આદિ બંધનું કારણ નથી. કંચન-કામિની અને કુટુંબ તે બંધનનું કારણ નથી. માટે એને છોડવાથી બંધન છૂટતું નથી. તે કુટુંબાદિ તો અઘાતિ કર્મનું ફળ છે. કુટુંબની મમતા કરે તે સંસાર વૃદ્ધિનું કારણ છે. કુટુંબ સાસારનું કારણ નથી. દીકરા-દીકરી-વહુ-વેવાઈ સ્ત્રી આદિ મળેલા છે તે બધા આત્માથી દૂર, ભિન્ન છે તે કાંઈ દોષનું કારણ નથી. શરીર ઇન્દ્રિયાદિ તો એક ક્ષેત્ર અવગાહી છે એ પણ બંધનું કારણ નથી. તો પછી આ ધનાદિ તો આત્માથી ઘણા દૂર છે. એ તો પૂર્વ કર્મના કારણે મળેલા છે તે આત્માને બંધનું કારણ નથી. કારણ કે પરદ્રવ્ય બંધનું કારણ હોય નહિ, એમ નક્કી કરે તો મોહનાં નાશનો ઉપાય કરે. (પરમાગમસાર - ૮૫૩)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેઠ વદ ૧૧, શનિવાર, તા. ૦૧-૦૭-૧૯૭૮.**
**વચનામૃત–૭૯–૮૧ પ્રવચન–૨૬**

'વચનામૃત', ૭૯ (બોલ). આટલું ચાલ્યું છે, ફરીને લઈએ. 'શુદ્ધસ્વરૂપ આત્મામાં **જાણે** વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે,...' ચૈતન્ય સ્વરૂપ પ્રકાશનો પુંજ, ચૈતન્ય પ્રકાશનો પુંજ, એમાં **જાણે** આ દયા, દાન, વ્રતાદિના રાગ પ્રકાશમાં પેઠા હોય એમ અજ્ઞાનીને દેખાય છે. આ..હા..હા...! કેમ કે ચૈતન્ય પ્રકાશનું પૂર છે એ તો ચૈતન્યરસનો કંદ છે. એમાં ચૈતન્યના પ્રકાશ સિવાય રાગ જે વ્યવહાર રત્નત્રયનો દયા, દાન આદિનો વિકલ્પ (એણે) અંદર પ્રવેશ કર્યો નથી. એ તો છઠ્ઠી ગાથામાં આવી ગયું છે. જ્ઞાયકભાવ શુભ-અશુભભાવપણે થયો જ નથી. આ..હા..હા...! એ 'શુદ્ધસ્વરૂપ આત્મામાં...' અહીંયાં વસ્તુ આ લેવી છે. પવિત્ર પ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય એવું જે શુદ્ધસ્વરૂપ ધ્રુવ, જ્ઞાનરસ ચૈતન્યસ્વભાવ એના પ્રકાશના પૂરમાં **જાણે** રાગ વિકલ્પ દયા, દાનનો **જાણે** અંદર પેઠો હોય એમ અજ્ઞાનીને દેખાય છે.

'પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં...' રાગ ને સ્વભાવ, બે ચીજ જ ભિન્ન છે. છે એની પર્યાયમાં પણ એ રાગ જે છે, ચાહે તો દયા, દાન, વ્રતનો, **પૂજા**, ભક્તિનો હો પણ છે તો એ ઉપાધિનો ભાવ. એનો અને આત્મા નિરૂપાધિ સ્વરૂપ છે, એનું ભેદજ્ઞાન કરતાં, બેની એકતા તોડતાં, બે અનેક છે તેમ અનેક કરતાં. આ..હા..હા...! આવી વાત છે. બે ચીજ જ જુદી છે. કારણ કે નવ તત્ત્વમાં પુણ્ય-પાપ તો આસ્રવમાં આવે છે અને પ્રભુ છે એ તો નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વથી ભિન્ન જ્ઞાયકતત્ત્વ છે. આ..હા..હા...! એક જ્ઞાયકતત્ત્વ ચૈતન્યરસ ધ્રુવ, એમાં **જાણે** વિકલ્પ રાગનો પેઠો હોય એમ અજ્ઞાનીને દેખાય છે. પણ તેનું ભેદજ્ઞાન કરતાં.

રાગ અને ત્રિકાળી સ્વભાવ. રાગ ક્ષણિક, કૃત્રિમ, વિકૃત ઉપાધિ (છે) અને ત્રિકાળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ અવિકૃત ત્રિકાળી નિરૂપાધિ (સ્વરૂપ છે). એનું ભેદજ્ઞાન કરતાં 'ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.' આ..હા..હા...! અરીસાની સ્વચ્છતામાં જેમ પર અગ્નિ કે કોલસા હોય એ દેખાય એવું લાગે, એ નથી એ તો અરીસાની સ્વચ્છતા (છે). એમ ચૈતન્ય અને રાગથી ભેદજ્ઞાન કરતાં ચૈતન્યના પ્રકાશમાં રાગ જણાય છે, એ ભિન્ન તરીકે જણાય છે. છે ? 'ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.' ભેદજ્ઞાન કરતાં જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસો. એ તો ચૈતન્યના પ્રકાશમાં પ્રતિબિંબ રાગ જણાય છે. એ સવારમાં આવ્યું હતું. રાગ જણાય છે એ પણ એ જ્ઞાનના વિકાસની શક્તિ જ એવી એ કાળે છે કે પોતાથી સ્વ-પરને જાણવાની પર્યાયપણે પરિણમે છે. એમાં એ રાગ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. આ..હા..હા...! આવો માર્ગ.

જેને આ ચીજનું જ્ઞાનેય નથી એ વસ્તુ અંતરમાં કઈ રીતે જઈ શકે ? આ..હા..હા...! જ્યાં પ્રભુ બિરાજે છે, ચૈતન્ય સરોવર આનંદનો નાથ પ્રભુ ! આ..હા..હા...! એની પ્રભુતાની પૂર્ણ પ્રભુતાથી ભરેલો છે. એમાં રાગને ભેદ પાડતાં એ ચૈતન્યપ્રકાશમાં રાગ જણાય છે એટલી વાત છે. એ પણ જણાય છે ખરેખર તો રાગનું જ્ઞાન (કરવાનો) પોતાનો વિકાસ થયો છે એ જણાય છે. એ સવારમાં આવ્યું હતું. આ..હા...! એ સમયે જે રાગને ભિન્ન પાડીને આત્માનું જ્ઞાન કર્યું તો એ જ્ઞાનસ્વરૂપમાં વર્તમાન પર્યાયમાં રાગ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાના સામર્થ્યથી વિકાસરૂપે થયેલી દશા છે. એ રાગને લઈને જ્ઞાનને સ્વપર જાણવાનો વિકાસ પ્રગટ્યો નથી. આ..હા..હા...! આવી વાત છે.

... ઉતરવાના ઊંડા પગથિયા હોય ને ? ઊંડો જાય ત્યારે એને ભગવાન .. હાથ આવે. એમ રાગને ઉપરતળિયે દેખે છે પણ એનાથી ભિન્ન પડીને ચૈતન્યને, જ્ઞાનપ્રકાશને જોવે તો એમાં એ રાગનું જ્ઞાન છે એ પોતાના વિકાસની શક્તિની વ્યક્તતા છે. આ..હા..હા...! આવું આ જ્ઞાન હવે. આવી વસ્તુ છે. એને એ રીતે સેવ્યા વિના કોઈ દિ' જન્મ-મરણ નહિ મટે. આ..હા..હા...! ચોરાશીના અવતારમાં એ દુઃખી છે. પરાધીનતાથી આકુળતામાં ઘેરાઈ ગયો છે. આનંદ સ્વરૂપ હોવા છતાં પુણ્ય-પાપના વિકલ્પની આકુળતામાં ઘેરાઈ ગયો છે. આ..હા..હા...! એને લઈને એ દુઃખી (છે). બહારથી ભલે પૈસાવાળા ને શરીર નીરોગી દેખાય પણ અંદરમાં દુઃખી છે. આ..હા..હા...! એને જુદા પાડવા હોય તો... આ..હા..હા...! અને જે જુદા છે. છે તેને જુદા પાડતાં ચૈતન્યમાં રાગનું જ્ઞાન થાય, અરીસામાં જેમ પરચીજ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જણાય એ અરીસાની સ્વચ્છતા છે. એમ રાગને **જા**ણવું એ ચૈતન્યની સ્વચ્છતાનો વિકાસ છે. એ રાગને લઈને નહિ. આ..હા..હા...! 'ચૈતન્ય–અરીસામાં પ્રતિબિંબરૂપ છે.'

'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.' આ..હા..હા...! જ્ઞાન અને વૈરાગ્ય. પ્રભુ પોતે જ્ઞાનસ્વરૂપ આત્મા, એનું જ્ઞાન અને રાગનો વિકલ્પ વ્યવહારનો એનાથી વૈરાગ્ય. એનાથી ભિન્ન અચિંત્ય વૈરાગ્ય અને જ્ઞાનની શક્તિ પ્રગટ કર. આ..હા..હા...! જ્ઞાન અને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર, ધારા પ્રગટ કર. જે રાગની ધારામાં એ દેખાય છે એ તો મિથ્યા ભ્રમ છે. એ રાગથી ભિન્ન પડીને જ્ઞાન જ્ઞાનની ધારાવાહી શક્તિ અને રાગના વિરક્તવાળી શક્તિ, એકધારી વહે એમ પુરુષાર્થ કર, કહે છે. આ..હા..હા...! હવે આવી વાતું છે.

'યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી **જા**.' ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. યથાર્થ દૃષ્ટિ કરી ઉપર આવી **જા**, એટલે ? રાગનું એકત્વ થઈને તે જ દેખાય છે એને છોડીને રાગથી ભિન્ન કરી, પડી જુદો પડી **જા**. ઉપર આવી **જા**, રાગથી ભિન્ન પડી **જા**. આ..હા..હા...! આવી વાત. હજી પ્રથમ સમ્યગ્દર્શન થવાની ભૂમિકાની દશાની આ વાત છે. હવે આ જ્યાં નથી ત્યાં ચારિત્ર નથી અને વસ્તુ નથી. આ..હા..હા...! ભગવાનની ભૂમિકા ... છે, પ્રભુની અને એ ભૂમિકામાં શું પાક થાય ? પ્રભુ ચૈતન્યની ભૂમિકામાં પાક તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો પાક થાય એવી એ ભૂમિ છે. આકરું કામ બહુ. આ..હા...! કાલે કાંઈક વાત નહોતી કરી ? ઓ'લું ભાઈ સાંભળ્યું હતું ને ? કૂવામાં પડી ગયા. એક માણસ પડ્યો, એનો દીકરો **જો**વા (ગયો) કે આમાં શું થયું ? ... મરી ગયો. એનો બાપ પાછળ પડ્યો કે શું છે ત્યાં ? એ પણ મરી ગયો. એનો કાકો હતો, એ પણ મરી ગયું. એનો છોકરો હતો એ પણ મરી ગયો. બી**જો** રસ્તે કોઈ **જો**વા નીકળ્યો કે આ શું ? ઇ **જો**વા ગયો તો એ પણ મરી ગયો. એવા આઠ જણા એકસાથે મરી ગયા. આ..હા..હા...! એ આવ્યું છે.

મુમુક્ષુ :– આઠ કર્મ છે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આવ્યું છે, મગજમાં એ આવ્યું છે કે, આત્મામાં ઊંડો ઊતરે તો એના આઠ કર્મનો નાશ થાય છે. ખ્યાલમાં તો એ જ આવ્યું છે. સમ**જા**ણું કાંઈ ? અહીં 'કોડિનાર' બન્યું છે, છાપામાં આવ્યું છે. લોકો વાત કરે, આપણને ક્યાં (ખબર હોય) ? લોકો વાત કરે કે આમ થયું છે. આ..હા..હા...! વૈરાગ્યની વાત છે, વૈરાગ્યની વાત છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...! અને તે કૂવો ઢાંકેલો હતો અને એમાંથી આ શું થયું ? એમ **જો**વા **જા**ય ત્યાં મરી **જા**ય અંદર. ઝેરી ગેસ ! આ..હા..હા...! પછી ડૉક્ટરે તપાસ કરી કે, આ તો ગેસ, ઝેરી ગેસ છે. **જો**ડે પાણીવાળો કૂવો હતો અને આ પાણી ઝેરી. બે કૂવા **જો**ડે (હતા). આ..હા...! એમ ભગવાન રાગ ને પુણ્યના-પાપના તળિયા **જો**વા **જા**ય, ગેસ છે, ઝેરી ગેસ છે. એમાં એ મરી **જા**ય છે. પણ ચૈતન્ય ભગવાન, એના પૂર્ણ પૂરને અંદર **જો**વા **જા**ય છે ત્યારે તેને ક્રમે ક્રમે આઠેય કર્મનો અભાવ થઈને કેવળજ્ઞાન થાય છે. ત્યાં સંસાર મરી **જા**ય છે. **જી**વ **જી**વતો થાય છે. આ..હા..હા...!

પહેલી **જી**વતર શક્તિ કીધી છે ને ? ૪૭ શક્તિ. 'जीवो चरित्तदंसण' મારે કહેવો છે આત્મા એટલે આત્માની (વાત ઉપાડી છે). આ..હા..હા...! 'वोच्छामि समयपाहुडम्' (અર્થાત્) સમયપ્રાભૃતને હું કહીશ. એમ કહીને બી**જી** ગાથામાં પાધરો **જી**વ – આત્મા જ ઉપાડ્યો. બસ, આત્મા ! આ..હા..હા...! એ ભગવાનઆત્મા, ચાહે તો દયા, દાન, ભક્તિનો રાગ હોય એનાથી તે ભિન્ન પ્રભુ છે. એમ તેને ઉપર લાવ. આ..હા..હા...! રાગના દબાણમાં દબાઈ ગયો છો. આ..હા..હા...! પર્યાયબુદ્ધિમાં રાગ જે થાય છે તેમાં તું દબાઈ ગયો છે, દબાઈ ગયો છો. એને ઉપર લાવ. આ..હા...!

ભગવાન ચૈતન્યપ્રકાશનું પૂર છે ને, નૂર (છે ને). ચૈતન્યના તેજનું તેજ જેમાં ભરેલું છે. આ..હા...! ચૈતન્યનું (તેજ) ! એને તું રાગમાં દબાઈ ગયો, પ્રભુ ! એમાંથી હવે જુદો પડીને ઉપર લાવ. પ્રકાશને ચૈતન્યના પ્રકાશને ઉપર લાવ. જે રાગ ઉપર લાવીને રાગ જ છું એમ માનીને બેઠો છો.. આ..હા..હા...! અને ત્યાં રા**જી**પો થઈને ખુશી મનાવે છો. આ..હા..હા...! એ રાગથી ભિન્ન પડીને ચૈતન્યને ઉપર લાવ. આ..હા..હા...! તારી પર્યાયમાં ચૈતન્યનો વિકાસ થાય એવી રીતે કર. રાગનો વિકાસ થાય એ છોડી દે. આ..હા..હા...! આવી વાત છે.

મુમુક્ષુ :– રાગને ગૌણ કરીને આત્માને મુખ્ય કર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– મુખ્ય વસ્તુ જ ઇ છે. ગૌણ પણ નહિ, (રાગ) એમાં છે જ નહિ. એ તો પર્યાયને અભૂતાર્થ કીધી ત્યાં ... **જો**. અહીં એ વાત નથી. પર્યાય અભૂતાર્થ છે અને વસ્તુ ભુતાર્થ છે. ઇ પર્યાય અભૂતાર્થ (કહી એ) ગૌણ કરીને કીધું. પર્યાય છે તો ખરી. રાગ છે, પણ રાગને **જા**ણનારી પર્યાય તો છે ને ! પર્યાય વ્યવહારથી સત્ છે ને ! પર્યાય પર્યાયથી સત્ છે ને, પણ એને સત્ છે એમ હોવા છતાં ત્રિકાળી ભૂતાર્થને સત્યને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રગટ કરવા એ પર્યાયની દૃષ્ટિને ગૌણ કરી નાખ, એ નથી એમ કર. ગૌણ કરીને નથી, એમ હોં ! પર્યાય નથી (એમ જ કહે) તો તો એકાંત વેદાંત થઈ જાય છે.

એમાંથી એમ કહે છે ને, 'મુંબઈ'માં ઓ'લો એક પંડિત હતો ને ? ઈ કહેતા હતા કે, 'સમયસાર' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે.' ના, ના. વેદાંતને અને ભગવાનની વાણીમાં અનંતગુણો ફેર છે. એ જાણે કે, ઓ'લી પર્યાયને જૂઠી કીધી ને, એટલે કહ્યું જુઓ ! વેદાંત પણ પર્યાય નથી માનતા. અરે...! એમ નથી, પ્રભુ ! અહીંયાં તો પર્યાયનું લક્ષ છોડવવા ગૌણ કરીને નથી એમ કહી અને ત્રિકાળી ચીજને મુખ્ય કરીને નિશ્ચય કહી, તેની દૃષ્ટિ કરાવવી છે. આ..હા..હા...! પર્યાય નથી, રાગ નથી એમ છે ? આ..હા...! નથી તો તો અંતર અનંત આનંદનો લાભ – અનુભવ હોવો જોઈએ. કારણ કે વસ્તુ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે.

એ રાગમાં છે, રાગ છે એમ અંદરમાં અજ્ઞાનીને દેખાય છે. આઠ વર્ષની બાળિકા પણ જ્યારે સમકિતનો પુરુષાર્થ કરે છે.. આહા.હા...! એ રાગથી ભિન્ન પાડી અને ચૈતન્યના નૂરને પૂરને જુદો પાડીને ઉપર લાવે છે. એટલે કે એને અધિક કરે છે, જુદો (કરે છે). 'णाणसहावाधियं' આવ્યું છે ને ? 'णाणसहावाधियं मुणदि आदं।' ('સમયસાર' ૩૧ ગાથા). અધિકનો અર્થ જુદો. આ..હા..હા...!

'ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે.' એ રાગ સ્વરૂપે પ્રભુ છે જ નહિ. આ..હા..હા...! ભગવાન એમ કહે છે કે, અમારું સ્મરણ કરતાં તને જે રાગ થાય એ તારું સ્વરૂપ જ નથી. એ પ્રભુ તો નિર્મળ છે. આ..હા..હા...! પ્રભુ પ્રભુને એમ કહે છે. આ..હા..હા...! પ્રભુ ! તું તો અમારી ઉપર નજર કરતાં તને જે રાગ થાય એ તું નહિ. આ..હા..હા...! તું તો નિર્મળ છો. ચૈતન્યદ્રવ્ય તો નિર્મળ છે. વસ્તુ તો નિર્મળ જ્ઞાનપિંડ છે. આ..હા..હા...! આઠ આઠ વર્ષના રાજકુમારો ચક્રવર્તીના હોય અને આ સમ્યગ્દર્શન પામે છે. રાગથી ભિન્ન પડીને ચૈતન્યને જ જોવે છે. એ.. આ..હા..હા...! ચક્રવર્તીના રાજકુમારો જેને ઘરે સોળ હજાર દેવ સેવા કરતા, એ આ અનુભવ કરવા માટે વનમાં ચાલ્યા જાય. એ ચક્રવર્તીના રાજ ને સંપદાના મહેલ મોટા, દેવે બનાવેલા પાંચ (મહેલ) હોય છે. આ..હા...! અમે જ્યાં જઈએ છીએ એ અમારી દશામાં રમવા જઈએ છીએ, વનમાં નહિ. ચૈતન્યનો બાગ અંદર આનંદનો કંદ પ્રભુ પડ્યો એ ખીલવાનો, વધારે ખીલવા માટે અમે સાધુ થઈએ છીએ. આ..હા..હા...!

અહીં કહે છે, ચૈતન્ય તો નિર્મળ છે. પ્રભુ તો નિર્મળ છે, પ્રભુ ! આ..હા..હા...! એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો ત્રિકાળી દ્રવ્ય છે, એ તો નિર્મળ જ છે. એને રાગનો અંશ જેનો અડ્યો નથી. રાગનો અંશ જેના સ્વરૂપમાં નથી, એવું જે ત્રિકાળી દ્રવ્ય (તે) નિર્મળ છે. 'અનેક **જા**તના કર્મના ઉદય,...' અનેક **જા**તના કર્મના (ઉદય). જ્ઞાનાવરણીયનો ઉદય, દર્શનાવરણીય આદિ. આ..હા..હા...! એ 'તારાથી અત્યંત જુદાં છે.' 'સત્તા,...' એ કર્મની સત્તા જે છે, પ્રદેશ ઉપર રહેલા પરમાણુ, કર્મની સત્તા એ પણ તારી ચીજથી ભિન્ન છે. ઉદયથી ભિન્ન છે અને સત્તા છે એનાથી ભિન્ન (છે). ઉદય એટલે પ્રગટ ઉદય થયો, એનાથી પણ ચૈતન્ય તો ભિન્ન જ છે. સત્તામાં કર્મ પડ્યું છે એનાથી પ્રભુ તો ભિન્ન છે.

'અનુભાગ...' એ કર્મના જે અનુભાગ છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ (એવા) ચાર બોલ કર્મમાં છે ને ? એ કર્મના અનુભાગથી પણ પ્રભુનો અનુભાગ ભિન્ન છે. ત્રણે કાળે એમ છે, તારી દૃષ્ટિમાં આવવું **જો**ઈએ. અનુભાગથી ભિન્ન છે. અને 'અને કર્મનિમિત્તક વિકલ્પ વગેરે...' કર્મનું નિમિત્ત છે અને તેના લક્ષે થયેલા વિકલ્પો. ઓ'લું તો કર્મનો ઉદય, સત્તા અને અનુભાગ ક**હ્યો**. આ તો હવે નિમિત્તના આશ્રયે જે શુભાશુભ વિકલ્પો થાય એ તો તારાથી થયા છે. એવા 'વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે.' આ..હા..હા...! દયા, દાનનો રાગાદિ આવે પણ એ તો તારા સ્વરૂપથી અત્યંત જુદાં છે, કહે છે. આવી દૃષ્ટિ થયા વિના એને સત્ય, સત્યાર્થ છે તે નહિ બેસે. આ..હા..હા...! પુણ્ય ને પાપના ભાવ નિશ્ચયથી તો અસત્યાર્થ છે, જૂઠા છે. કોની (અપેક્ષાએ) ? સ્વભાવની અપેક્ષાએ. આવી વાત છે. આ..હા...!

ચોરાશીના અવતાર ઉલેચી નાખવાની વાત છે, બાપા ! આનંદનો નાથ એકલો ચૈતન્યપ્રકાશ, એને તું **જો**, એમાં વિકલ્પો પણ નથી. કર્મનો ઉદય, સત્તાનો ભાવ તો નથી એ કર્મ તો પરચીજ છે, પણ એના નિમિત્તને લક્ષે થયેલા પુણ્ય-પાપના વિકલ્પો તારામાં – પર્યાયમાં (થાય છે) એ પણ તારા સ્વભાવમાં નથી. આ..હા...! એ ભાષા સહેલી છે, ભાવ અલૌકિક છે. આ..હા..હા...! ત્યાંથી પાછો વળ. પુણ્ય ને પાપના રાગમાં ઘેરાય ગયો છો, પ્રભુ ! એ તારું સ્વરૂપ નથી. એ દુશ્મનમાં તું ઘેરાઈ ગયો. પાછો વળ હવે. આ..હા..હા...! તારું સજ્જન કુટુંબ અંદરમાં પડ્યું છે. અનંત જ્ઞાન, અનંત આનંદાદિ (કુટુંબ પડ્યું છે). આ..હા..હા...!

આઠ વર્ષના બાળકો પણ હ**જી** તો ભણ્યા ન હોય, ભણતર પણ બહારમાં એ ન હોય. આ..હા..હા...! એમાં આ વાત સાંભળતા એને રૂંવાટા(માં) આમ **ફે**ર**ફા**ર (થઈ **જા**ય),

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા(માં) ફેરફાર થઈ જાય. ઓ..હો...! જે ભણવું હતું એ હવે ભણાઈ ગયું. આ..હા..હા...! આ બહારના ભણતર તો પાપ છે. ભગવાનઆત્મા વિકલ્પથી પણ ન્યારો એવું જે અંદર ભણતર થયું... આ..હા..હા...! એ જ્ઞાન તો કેવળજ્ઞાનને લાવશે. અને આ ભણતરના ભાવ તો બધા પાપના (ભાવ) છે. આ..હા..હા...!

'કર્મનિમિત્તક વિકલ્પ વગેરે...' એટલે શુભાશુભ વગેરે 'તારાથી અત્યંત જુદાં છે.' અત્યંત જુદાં છે, એમ કહે છે. જુદાં છે એટલું નહિ અત્યંત જુદાં છે. અડ્યો જ નથી તું. તારું દ્રવ્યસ્વરૂપ છે એ રાગનું છૂયું (–અડ્યું) નથી. આ..હા..હા...! કેમ કે જેના સ્વભાવભેદ છે એ અચેતન છે ને પ્રભુ તું તો ચેતન છો. આ..હા...! એ દયા, દાન, વ્રતનો વિકલ્પ પણ અચેતન (છે અને) પ્રભુ તું તો ચૈતન્ય છો. ચેતન અચેતનને કેમ પડે ? આ..હા..હા...! એ ૭૯ (બોલ પૂરો) થયો.

વિધિ અને નિષેધની વિકલ્પ**જા**ળને છોડ. હું બંધાયેલો છું, હું બંધાયેલ નથી – તે બધું છોડી અંદર **જા**, અંદર **જા**; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા. ૮૦.

૮૦. 'વિધિ અને નિષેધની વિકલ્પ**જા**ળને છોડ.' આ..હા..હા...! હું અબદ્ધ છું, શુદ્ધ છું, નિર્મળ છું એવી જે વિધિનો વિકલ્પ છે, આ..હા..હા...! એને છોડ. નિષેધ (અર્થાત્) રાગ નહિ, વિકાર નહિ એવો જે નિષેધ કરીને વિકલ્પ ઊઠે (એ નિષેધ). આ..હા...! એટલે શું ? વિધિ-નિષેધના લક્ષમાં જતાં તને વિકલ્પ થશે. પ્રભુ તો વિધિ-નિષેધના વિકલ્પથી પાર છે. આ..હા..હા...! આવું છે. 'વિધિ અને નિષેધની વિકલ્પ**જા**ળને...' આ..હા..હા...!

આપણે **૧૪૨** (ગાથામાં) આવ્યું છે ને ? તેથી શું ? ત્યાં સુધી આવ્યો કે, હું અબદ્ધ છું, પૂર્ણ છું, નિર્મળ છું. એવા નયના પક્ષનો વિકલ્પ આવ્યો. વિકલ્પ આવ્યો પણ તેથી શું ? તેથી તને શું લાભ છે ? પ્રભુ ! આ..હા..હા...! હું બંધનમાં છું ને બંધન છે, એ વ્યવહારને તો અમે છોડાવતા આવ્યા છીએ. ત્યાં એમ ક**હ્યું** છે ને ? આ..હા..હા...! 'સમયસાર' ભૂપ છે. આ..હા...! બાદશાહ, રા**જા** છે. એ (સમયસાર એટલે) આત્મા, હોં ! આવે છે ને ? 'સમયસાર ભૂપ'. સ્તુતિમાં આવે છે. રા**જા** છે, બાદશાહ છે. આ..હા..હા...! જેનું ચલણી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાણું નિર્મળ દશા છે. આ..હા..હા...! એનું ચલણી નાણું એ છે. અજ્ઞાનીનું.. એ આવી ગયું છે ને ? મિથ્યાત્વએ એક છત્રે જેણે રાજ કર્યું છે. આ..હા..હા...! જ્યાં પૂછો તો એને મિથ્યાત્વ મિથ્યાત્વ જ હોય. સાધુ થઈને બેઠો તોય રાગનો કર્તા ને મારે વ્યવહાર કરવો જોઈએ (એમ માની બેઠો). આવે (એ) જુદી વાત (છે) અને કરવો જોઈએ એ પણ મિથ્યાત્વ છે. આ..હા..હા...! મિથ્યાત્વનું રાજ એકછત્રે ચાલે છે. જ્યાં પૂછો તો કહે, મિથ્યાત્વનું રાજ જ છે. આ..હા..હા...!

અહીં કહે છે, એ વિધિ આ આવો છે, આ આવો છે. પરિપૂર્ણ જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણનો સાગર છે એવી વિધિ, એના અસ્તિત્વનો જે વિકલ્પ અને એ રાગ નથી, વિકાર નથી, એનામાં આ નથી, આ નથી એવો નિષેધનો વિકલ્પ... આ..હા..હા...! એને છોડ. 'હું બંધાયેલો છું,...' હું રાગથી બંધાયેલ છું એ તો નિષેધ કરતાં જ આવ્યા છે. એ વ્યવહાર છે. પણ (હું) 'બંધાયેલ નથી...' હું એક અંદર વસ્તુ (છું), બંધાયેલ નથી. પણ એ વિકલ્પ વૃત્તિ ઊઠી છે, વિકલ્પ ઊઠે છે, ઇ રાગનો અંશ છે, એ મેલડી છે. આ..હા...!

મેલડી દેવી નથી ? સરામાં છે, સરામાં. હમણાં કો'ક હતું ને ? કોઈ કહે, મેલડી ઉપાડીને લઈ ગયા છે. મને પણ ત્યાં ગયા હતા. અપાસરામાં ઉતર્યા હતા. 'મોરબી' જાઈએ. આમ તો બિચારા બહુ આદર કર્યો હતો. અપાસરામાં ઉતર્યા હતા પણ માણસ ઘણું વ્યાખ્યાનમાં આવે (એટલે) અપાસરામાં માય નહિ. આની કોર અપાસરો અને ઓ'લી કોર આઘે બહુ છેટે નિશાળ હતી. ત્યાં વ્યાખ્યાન (ચાલતા), માણસ બહુ આવેલું સાંભળવા. વ્યાખ્યાન પૂરું થયું એટલે એનો એક માણસ ખાસ પોસા, પડિકમ્મણા, સામાયિક કરે, મુખ્ય માણસ હતો એ મને કહે, મહારાજ ! એક દેવી છે. મેં કીધું, એ .... (એણે કહ્યું), એક દેવી છે, બાર મહિને બે હજાર આપે છે. આપ એને માંગલિક સંભળાવો. કોણ જાણે હશે, રાજાની દીકરી હશે કે કોઈ હશે, આપણને કંઈ (ખબર નહિ). ત્યાં લઈ જવા આવ્યા, મેલડી માતા સત્ય, માથે લખેલું. ઓ..ય માળા ! આવ્યા હતા તો જોઉં તો ખરો. એમ આ મેલડી માતા પાસે લઈ ગયા. લાકડાં પડ્યા હતા. (એમણે કહ્યું), મહારાજ ! આને માંગળિક સંભળાવો. અરે...! પણ શું કરો છો તમે આ ? અને પોસા, પડિકમ્મણા કરનારા. એ પણ સાંભળે પાછું, હોં ! એના મોઢા ઉપર દ્વેષ ને એવું નહિ. બાપુ ! આ જૈનને ન હોય, ભાઈ ! સાક્ષાત્ દેવ આવે તો પણ જેની ઇચ્છા સહાયની ન હોય. ત્રણ લોકનો નાથ અંદર પડ્યો છે, આ..હા..હા...! એને આ દેવ ને એમાં આ મેલડીના લાકડાં ! અરે..રે...! મહારાજ ! આને માંગળિક સંભળાવો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એમ ને એમ કે), માંગળિક સંભળાવશે એટલે બાર મહિના સારા **જા**શે. અર..ર...! અરે..રે...! જૈનમાં આ શું કરો છો ? બાપુ ! કીધું. એ સાંભળે, હોં પાછો. એમ નહિ કે, વિરોધ કરે કે એમ નહિ. રાત્રે ચર્ચામાં મૂક્યું. ઘણાં બધા માણસો આવ્યા. સાંભળે ખરા. કારણ કે બહુમાન તો ખરું ને. મહારાજ છે. ઇ કહેતા હોય એનો વિરોધ ન થાય. અરે...! જૈન કોને કહીએ ? ભાઈ ! ઉપરથી દેવ આવે (અને કહે કે), 'તને રોગ મટાડી દઉં, મને માન.' એને ન માને. અરે...! સમકિતી દેવને ન માને. એને ઠેકાણે આવા લાકડાં ! દેવી રોગ મટાડશે ને પૈસા આપશે. અરે...! ભ્રમણા શું થયું આ તને ? આ..હા...! સાંભળે.. સાંભળે. ત્યારે કહે, વ્હોરાવવા આવો. અપાસરામાં ઉતાર્યા હતા. 'મોરબી' ગામે. આવી ભ્રમણા ! આ..હા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ. તું બંધાયેલો નથી. એવી એક વિકલ્પની **જા**ળ એ છોડ, એ દુઃખદાયક છે. આ..હા..હા...! અને ભગવાન પોતે અબંધાયેલા છે અને ભગવાન પરમાત્મા છે એનું તું લક્ષ કરવા જઈશ તો પ્રભુ ! તને રાગ થશે. કારણ કે પરદ્રવ્ય 'परदव्वादो दुग्गई'. આ..હા..હા...! એ તો વીતરાગ કહે, હોં ! વીતરાગ એમ કહે છે, અમને યાદ કરે, છદ્મસ્થ પ્રાણી અમને યાદ કરે તો એને રાગ થાશે. કારણ કે અમે તારાથી પરદ્રવ્ય છીએ. આ..હા..હા...! 'परदव्वादो दुग्गई'.

અહીં તો એ પણ મૂકી દીધું. આ તો હું એક શુદ્ધ બંધાયેલો નથી. આહા..હા..! હું પરમાત્મા છું. એવો વિકલ્પ છે એ છોડ. એ વિકલ્પથી પરમાત્મા હાથ નહિ આવે. આ..હા..હા...! અહીં સુધી આવ્યો કહે છે કે, હું બંધાયેલો નથી. અહીં સુધી આવ્યો તોય એ અંદર પેઠો નથી. એ આંગણામાં રાગના દુઃખમાં ઊભો છો. એ વિકલ્પ છે એ દુઃખ છે. પ્રભુ છે તે અતીન્દ્રિય આનંદ છે. આ..હા..હા...! માટે એ અતીન્દ્રિય આનંદ છું એ વિકલ્પને પણ છોડ. છે ?

'તે બધું છોડી અંદર **જા**,...' જ્યાં ભગવાન નિર્વિકલ્પપણે પડ્યો છે ત્યાં **જા**. આ..હા..હા...! હજી એને જ્ઞાનેય નથી, શ્રદ્ધાના ઠેકાણાં નથી. એ અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ આમ કહેતા આવ્યા છે. આ..હા..હા...! મહાવિદેહમાં તો તીર્થંકરનો કોઈ દિ' વિરહ નથી. એક પછી એક વીસ તીર્થંકર થાય જ છે. ત્યાં પણ અનંત વાર ગયો પણ માળો પોતે પોતાનું લાકડું (–ઊંધી માન્યતા) છોડ્યું નહિ. ભગવાને તો કહ્યું હતું કે, અમને યાદ કરે તેને રાગ થાય માટે રાગ છોડ. તારામાં તું **જા**. સાંભળ્યું ખરું પણ (ઉતાર્યું નહિ). આ..હા..હા...! ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તારી મોટપનો પાર નથી. હું બંધાયેલો નથી એવા વિકલ્પથી પણ તું હાથ આવે એવો નથી. આ..હા..હા...! બીજી ક્રિયાકાંડના રાગની તો વાત શું કરવી ? વ્રત આટલા કરીએ ને તપસ્યા આટલી કરીએ માટે આત્માને કાંઈક લાભ થાય, એ તો ક્યાંય રહી ગયું, બાપુ ! એ તો ભ્રમણા મિથ્યાત્વની છે.

હું પરમાત્મા છું, જે સત્ય છે, સર્વોત્કૃષ્ટ ચીજ હું છું. અબંધાયેલો – બંધાયેલો નથી. પણ એ નથી, એવી વૃત્તિનું તેં ઉત્થાન કર્યું ને ? જે સ્વરૂપમાં નથી એવી તેં વૃત્તિ ઊઠાવી. આ..હા..હા...! એવી વૃત્તિને છોડ તો તને અબંધાયેલાનો અનુભવ થશે. આ..હા..હા...!

'અંદર **જા;...**' અંદર **જા,** બે વાર આવ્યું. 'નિર્વિકલ્પ થા.' એ વિકલ્પની વૃત્તિને છોડી. છોડવું છે એ વિકલ્પ પણ છોડી દે. અને અંદરમાં **જાઉં** છું એ પણ વિકલ્પ છોડી દે. આ..હા..હા...! નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા. બે વાર આવ્યું હતું ને ? અંદર **જા,** અંદર **જા.** એટલે નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા. આ..હા..હા...! આ..હા...! હું બંધાયેલો નથી એવા વિકલ્પને છોડીને નિર્વિકલ્પ થા. ત્યારે તને સમ્યગ્દર્શન થશે. આ..હા..હા...! એ ૮૦ (બોલ પૂરો) થયો.

> જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તો પણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તો પણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.

૮૧. 'જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ, કાળા ફૂલના સંયોગે રંગ દેખાય...' 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે... શ્રી જિનવરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે...' એ રાગની મંદતા ને તીવ્રતા બધો કષાય છે. એનો અભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે વીરે ધર્મ કહ્યો છે. વીર તીર્થંકર ત્રિલોકના નાથ (એમ કહે છે કે), અમને પણ યાદ કરવું છોડીને તું તારા સ્વરૂપને યાદ કર એટલે અનુભવ કર. ત્યારે તેની યાદગીરીમાં તને રહી જશે કે આ તો આત્મા પવિત્ર ને શુદ્ધ અખંડ અભેદ છે. એ યાદ રહી જશે તેમ ધારણામાં ધારી લ્યે. આ..હા..હા...! અવગ્રહ, ઈહા, અવાય, ધારણા (આવે) છે ને ?

ભગવાનઆત્મા ! માણસને આકરું લાગે (છે કે), કંઈ સાધન-ફાધન (નહિ). લોકો રાડ્ય પાડે છે. ભાઈ ! સાધન તો રાગથી ભિન્ન પાડવું એ પ્રજ્ઞાછીણી એ સાધન છે. આ..હા..હા...! રાગની મંદતાને નિમિત્ત તરીકે કહેવું એ તો નથી ને કહેવું એ છે. આ..હા..હા...! ઝીણી વાત છે, બાપુ ! અનંતા જન્મ-મરણના અંત અને અનંતા જ્ઞાનાદિ ગુણનો ભંડાર, એનો પત્તો લેવો. આ..હા..હા...! અનંત અનંત સંસારના ભવના ભાવનો અંત અને ભવ વિનાનો ભગવાનઆત્મા, તે પણ અનંત અનંત અમર્યાદિત સ્વભાવનો ગુણનો ભંડાર, એમાં **જા**, નિર્વિકલ્પ થા. છે ?

જેવો નિર્મળ સ્ફટિક લાલ, કાળા સંયોગે (રંગાયેલો) દેખાય તો પણ સ્ફટિક તો છે ઇ છે, નિર્મળ છે એમ કહે છે. 'તો પણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી,...' આ..હા..હા...! લાલ, પીળા ફૂલના સંયોગે લાલ, પીળી ઝાંય એની દશામાં (એની) યોગ્યતાથી જણાય છતાં એ વસ્તુ છે તે એ રંગે રંગાયેલી નથી. આ..હા..હા...! વસ્તુ છે, સ્ફટિક જે છે (એ) લાલ, પીળા ફૂલના સંયોગથી લાલ, પીળી ઝાંય દેખાય પણ પોતે જે સ્ફટિક છે, વસ્તુ (છે) એ રાગે રંગાયેલી નથી. રાગ એટલે જે લાલ ઝાંય, એનાથી રંગાયેલી નથી. આ..હા...!

'તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં...' ભગવાનઆત્મા ! જેનો સ્વભાવ તો નિર્મળ છે, શુદ્ધ છે, પવિત્ર છે, અભેદ છે, એકરૂપ છે એવા આત્મામાં 'ક્રોધ-માન આદિ દેખાય...' જેમ આ સ્ફટિકમાં લાલ, પીળી (ઝાંય) દેખાય છતાં સ્ફટિક પોતે રંગથી રંગાયેલો નથી. એમ ભગવાનઆત્મામાં જરી ક્રોધ, માન (થાય) એ દ્વેષના અંશ છે અને માયા ને લોભ એ રાગના અંશ છે. રાગના બે ભાગ – માયા અને લોભ. દ્વેષના બે ભાગ – ક્રોધ અને માન. ક્રોધ અને માન એ દ્વેષ (છે). માયા અને લોભ એ રાગ (છે). એ રાગ અને દ્વેષ બે થઈને મોહ (છે). આ..હા..હા...!

આચાર્યે તો પહેલા (શ્લોકમાં) એ કહ્યું કે, અમારો અને પરનો મોહ નાશ થ**જો**. એ મોહ એનો અસ્થિરતાનો – રાગની વાત છે ત્યાં. સમ**જા**ણું કાંઈ ? આ ટીકા કરતાં મને મારામાં જે અસ્થિરતાનો થોડો મોહ છે એ અનાદિનો છે, નવો નથી. અનાદિની વસ્તુ નિર્મળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એનું પણ ભાન છે અને રાગ પણ અનાદિનો છે એ પણ છે, દેખાય છે. આ..હા...! એના નાશને માટે હું તો આ ટીકા કરું છું. આત્માની વાત એ માટે કરું છું. દુનિયા સમજે કે ન સમજે, દુનિયાને લાભ થાય કે ન થાય, એવી કોઈ વાત છે નહિ. તેમ મને આવડે છે માટે આ લોકો મને માન આપે, એ કંઈ છે નહિ. આ..હા..હા...! અહીંયાં તો અમારામાં જે નિર્મળ સ્વરૂપ છે એમાં રાગ દેખાય છે, હજી છે પણ વસ્તુ પોતે રાગરૂપે રંગાયેલી નથી. આ..હા..હા...! જેને રાગના રંગ ચડ્યા નથી. આ..હા...!

એક બાવો હતો. (સંવત) **૧૯૮૩**ની સાલ હતી. કાંઈક હશે, ભૂલી ગયા. 'દામનગર'માં એક બાવો હતો, બાઈ હતી, એક બાઈ એની રાખેલી હતી. એ બાઈ એણે છોડી દીધી પછી પ્યાલો ફાટી ગયો હતો. કષાય થઈ ગયો હતો તે કાળો ઝભ્ભો પહેર્યો. એમાં બાઈનું નામ લખ્યું, અપમાન કરવા. આ..હા..હા...! મેં કહેવરાવ્યું, અરે...! આ વેશમાં આ શોભે નહિ. (એ કહે), 'રંગ ચડ્યો છે તે ચડ્યો છે, હવે એ રંગ ઉતરતો નથી.' કોઈ સ્ત્રીને એણે રાખી હશે, એમાં એ સ્ત્રીએ એનો તિરસ્કાર કર્યો, આદર ન કર્યો, છોડી દીધો. અને આને ચડી ગયો ઘેલ. નામ ભૂલી ગયા. લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી (એમ) કાળા કોટમાં લખી નાખ્યું. દુનિયામાં અનાદર કરવા. શું કરે છે તું આ ? એને કો'કે કીધું હશે, અપાસરા પાસેથી નીકળ્યો. બોલ્યો, કાંઈક ભાષા હતી. 'રંગ ચડ્યો તે ચડ્યો એ રંગ ઉતરતો નથી.' એવી કાંઈક ભાષા હતી, ભૂલી ગયા. અરે...! ધૂળમાં રંગ શેના ચડ્યા ? બાપા ! અહીં તો પ્રભુ ત્રણ લોકનો નાથ ચૈતન્ય છે, એ શુભના રાગે પણ રંગાયેલો નથી. એના પાપના રાગની વાતું તો શું કરવી ? આ..હા..હા...! સમજાણું ? આ..હા..હા...!

(ક્રોધ-માન આદિ) 'દેખાય તો પણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે.' જેમ ઓ'લા સ્ફટિક મણિમાં લાલ ઝાંય દેખાય છતાં નિર્મળ સ્ફટિક તો જુદી ચીજ છે. એ લાલ રંગે રંગાયેલું નથી. એમ ભગવાનઆત્મામાં ક્રોધ, માન આદિ કંઈ થાય અને દેખાય છતાં એ ભગવાનઆત્મા પોતે એના રંગે રંગાયેલો નથી. આ..હા..હા...! એને રાગનો રંગ ચડ્યો જ નથી, એ આત્મા તો વીતરાગના રંગે અનાદિથી ચડી ગયેલો છે. આ..હા...! એ જિનસ્વરૂપ છે. આ..હા..હા...! આ..હા...! (ક્રોધ, માન) 'આદિ દેખાય તો પણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે.'

'વસ્તુસ્વભાવમાં મલિનતા નથી.' ત્રિકાળ પ્રભુનો વસ્તુ સ્વભાવ જે છે, ચૈતન્ય ભગવાન જિનસ્વરૂપી, એવા વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. જેમ સ્ફટિકમાં લાલ ઝાંય દેખાય છતાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્ફટિક પોતે મલિનપણે પરિણમ્યું નથી. એમ ભગવાનઆત્મામાં રાગાદિ દેખાય છતાં આત્મા એ રૂપે થયો નથી. આ..હા..હા...! ઓ'લામાં આવે છે ને ? સંધિ છે. રાગના વિકલ્પ અને ત્રિકાળ સ્વભાવની વચ્ચે સાંધ છે, તડ છે, તડ. તડ સમજતે હૈં ? દરાર. ચૈતન્યરત્ન પ્રભુ અને રાગ, એ બે વચ્ચે સાંધ છે, સંધિ છે, નિઃસંધિ કોઈ દિ' થયા નથી. આ..હા...! એણે માન્યું ભલે માને, પણ એ નિઃસંધિ થયા નથી. બે તદ્દન જુદાં જ પડ્યા છે. આ..હા..હા...! આવી વાતું (એટલે) લોકોને લૂખું લાગે. શું કરવું આમાં ? કરવું (એ કે) અંદર જાવું એ કરવું. આ..હા..હા...! કોઈ સૂઝ પડે નહિ. બહારના આગ્રહ (પડ્યા હોય), વ્રત ને તપસ્યાઓનો આગ્રહ છૂટે નહિ. આ..હા..હા...! એથી એને છોડીને અશુભમાં આવવું એમ કાંઈ નથી. આ..હા..હા...! અહીં તો વિકલ્પને છોડીને નિર્વિકલ્પમાં જા, અંદરમાં જા, એ જવાશે, બાપુ ! શુભભાવ છોડીને અશુભ કરવો એમ હોય નહિ.

'વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય...' આ..હા..હા...! દૃષ્ટાંત તો જુઓ ! આ પરમાણુ છે ને, પરમાણુ આ રજકણ, એમાં રંગ, ગંધ, રસ ને સ્પર્શ છે. એ રંગ, ગંધ, રસ ફરીને પરમાણુ કોઈ દિ' પલટી જાય એમ ત્રણ કાળમાં બને નહિ. આ..હા...! શું કીધું સમજાણું ? પરમાણુ જે છે, રજકણ એક પોઈંટ, એનો છેલ્લો અંશ, એ પલટીને રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો ન થાય. કોઈ દિ' રંગ, ગંધ, રસ વિનાનો ન થાય. આ..હા..હા...! દૃષ્ટાંત તો બહુ સાદો છે. રજકણ તેના રંગ, ગંધ વિનાનો કોઈ દિ' ન થાય. રજકણ જે એક પરમાણુ છે, એનો જે ગુણ રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એ વિનાનો એ ન થાય. આ..હા..હા...!

'તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી.' એમ ભગવાનઆત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત ચતુષ્ટય વીર્ય આદિ, એ પલટીને રાગરૂપે કોઈ દિ' ત્રણ કાળમાં થતો નથી. આ..હા..હા...! પરમાણુ જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો ન થાય એમ ભગવાનઆત્મા અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ભરેલો (છે), એ વિનાનો એ આત્મા થાય જ નહિ. આ..હા..હા...! આકરું કામ. 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને...' પણ ગુરુ કહેવા કોને ? સંત કહેવા કોને ? એની એને ખબર ન મળે. આ..હા..હા...! જેને સત્યનું ભાન નથી, સત્યનું સમ્યગ્દર્શન નથી એને ગુરુ ને સંત ક્યાંથી કહેવાય ? અને એનો સમાગમ કરે અને લાભ થાશે, એ ક્યાંથી થાય ? આ..હા..હા...! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાણુ જેમ એના ગુણ વિનાનો ન થાય, એમ વસ્તુસ્વભાવ એના સ્વભાવ વિનાનો કોઈ દિ' ન થાય. આ..હા..હા...! એક રજકણ રંગના ગુણ વિનાનો થાય, રંગગુણ વિનાનો થાય (એમ) બને કોઈ દિ' ? એમ ભગવાનઆત્મા અનંત જ્ઞાન, દર્શનનો જે સ્વભાવ (છે) એના વિનાનો ન થાય. આ..હા..હા...! દાખલો તો સાદો છે. આ..હા..હા...! એવો ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન અનંત ચતુષ્ટય. આ ચાર બોલ લીધા ને ? વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ. એ વિનાનો પરમાણુ ન થાય. એમ ભગવાનઆત્મા, એના ચાર અનંત ચતુષ્ટય અનાદિના પડ્યા છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. આ..હા..હા...! એ અનંત ચતુષ્ટય વિનાનો આત્મા કોઈ દિ' ન થાય. આ..હા..હા...! પર્યાયમાં ભલે રાગાદિ થાય, પણ વસ્તુનો સ્વભાવ પલટીને ગુણનો અભાવ થઈ જાય (એમ બને નહિ). આ..હા..હા...! પર્યાયમાં જરી રાગાદિ થાય એ તો એક સમયની દશા છે, પણ ત્રિકાળી ચીજ જે અનંત જ્ઞાન, અનંત દર્શન (સ્વરૂપ છે એ ક્યારેય પલટે નહિ). જેમ પરમાણુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (સ્વરૂપ છે) એ ગુણ વિનાનો થાય ? (જો ગુણ વિનાનો થાય) તો તો પરમાણુ જ રહેતો નથી. એમ ભગવાનઆત્મા અનંત જ્ઞાન, દર્શન ચતુષ્ટય જે અંદર ભર્યા છે, એ વિનાનો કદી ન થાય. આ..હા..હા...!

આવો ઉપદેશ અને આવું વ્યાખ્યાન હવે. આ કઈ જાતનો ઉપદેશ ? ઓ'લું તો કાંઈક વ્રત પાળો ને અપવાસ કરો, દયા પાળો, મંદિર બનાવો, પૂજા કરો, ગજરથ કરો, ભગવાનના રથ કાઢો, બેંડવાજા ખુબ વગાડો (એવું કહે તો) સમજાય તો ખરું. કાંઈ કરી શકતો નથી એ સમજાય નહિ એ અજ્ઞાની છે. એ આત્મા કાંઈ કરી શકતો જ નથી. આ..હા..હા...! જ્યાં રાગનું થવું એ પણ કર્તૃત્વ તરીકે સ્વીકારે એ પણ અજ્ઞાન છે. એને ઠેકાણે પરપદાર્થનું હું કરી દઉં, ગજરથ હલાવું, મંદિર બનાવું ને આ બધું આ (કરી દઉં). આ તમે નથી બનાવ્યું ? ૨૭ લાખનું મંદિર, લ્યો ! કોણ બનાવે ? આ..હા..હા...! ભાઈ ! એ તો એની અજીવની પર્યાય, બાપુ ! તે કાળે, તે ક્ષણે તે થવાની તે તેને કારણે થાય. એને બીજો કહે કે, મેં મંદિર બનાવ્યું, મેં પ્રતિમાને પધરાવ્યા ને પાંચ લાખ ખર્ચ્યા. બાપુ ! (એ તો બધું) મિથ્યાત્વનું અભિમાન છે. આ..હા..હા...! અહીં તો એ છોડીને પ્રભુ પોતે અનંત જ્ઞાન ને દર્શનના આનંદથી કોઈ દિ' ખાલી થયો નથી. ખાલી થાય તો એ ચેતન જ રહેતો નથી.

પરમાણુ જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો થાતો નથી. જો થાય તો પરમાણુ રહેતો નથી. આ..હા..હા...! એમ ભગવાનઆત્મા, એનું સ્વરૂપ જે છે અનંત જ્ઞાન, અનંત દર્શન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સત્તા એ રૂપે ત્રિકાળ છે તે બદલીને ચૈતન્ય બદલીને, ચૈતન્ય સ્વભાવ બદલીને અચેતન થાય ? એ કોઈ દિ' જડ થાય ? આ..હા..હા...! એવો સ્વભાવ. છે ? 'તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી.'

'આ તો પરથી એકત્વ તોડવાની વાત છે.' આ..હા..હા...! રાગની એકતા તોડવાની આ વાત છે. 'અંદર વાસ્તવિક પ્રવેશ કર...' અહીં ભિન્ન પાડીને અંદરમાં વાસ્તવિક પ્રવેશ કર. વાસ્તવિક ! ધારણામાં લેવું કે આ તો રાગથી ભિન્ન છે, એમ નહિ. આ..હા...! 'વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે.' આ..હા..હા...! વિશેષ કહેવાશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**પ્રશ્ન :- ઊંચા** ઉપદેશનું સ્વરૂપ નીચલી દશાવાળાને ભાસે નહિ. માટે આવી વાત અમને સમજાય નહિ. એલ. એલ. બી. અને એમ. એ. ની **ઊંચી** વાત અમારે માટે નથી. તેથી અધ્યાત્મ ઉપદેશ કરવો યોગ્ય નથી. કેમકે અમારી વર્તમાન એવી લાયકાત નથી.

ઉત્તર :- અન્ય તો અનેક પ્રકારની ચતુરાઈ **જા**ણે છે અને અહીં મૂર્ખપણું પ્રગટ કરે છે તે યોગ્ય નથી. સંસારની ખાવા-પીવાની વાત કરે તો એમાં ચતુરાઈ બતાવે, વ્યવહારની વાત કરે તો આવું ખપે અને આવું ન ખપે, શુદ્ધ આહાર આવો હોય વગેરે કહે પણ.

"વ્યવહારે લખ દોહ્યલાં, કાંઈ ન આવે હાથ રે."

સંસારમાં રુચિવાળો હોવાથી સંસારનાં કામ બધાં **જા**ણે અને અહીં અમે સમ**જી** શકીએ નહિ એમ કહે. ઘેર છોકરાની સગાઈની વાત ચાલતી હોય તો ત્યાં ઘરના બધા માણસો ચતુરાઈ બતાવે છે, ચોપડાનાં હિસાબમાં ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે, ગમે તેવું અટપટું કામ હોય તોપણ તેનો ઉકેલ કરે, ત્યાં ઉપયોગને લગાવે અને અહીં સમ**જા**ય નહિ. એમ કહે તો તેને ધર્મની રુચિ જ નથી. અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાનો જે નિષેધ કરે છે તે ભગવાનના માર્ગનો દ્વેષી છે એમ આથી સિદ્ધ થાય છે.

(પરમાગમસાર - ૯૨૧)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું.' – એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ – મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો' અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે. ૮૨.

**જેઠ વદ ૧૨, રવિવાર, તા. ૦૨-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૮૨–૮૩ પ્રવચન–૨૭**

આ વચનામૃતનો ૮૨મો બોલ છે, ૮૧ ચાલ્યા છે. જરી સૂક્ષ્મ છે. આ તો અનંત કાળમાં અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ આનંદકંદ (છે) એનું એણે કોઈ દિ' જ્ઞાન કે સમ્યગ્દર્શન કર્યું નથી. અનંત કાળ બધું કર્યું. ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ એ તો બધી રાગની ક્રિયાઓ છે. આત્મા અંદર રાગથી ભિન્ન (છે). રાગ છે એ તો પુણ્ય-પાપ તત્ત્વ છે અને ભગવાન અંદર આત્મા છે એ તો ચૈતન્ય આનંદકંદ જ્ઞાયકતત્ત્વ છે. એવા જ્ઞાયકતત્ત્વને અંતર્મુખ થઈને દૃષ્ટિ કરીને અનુભવ કરવો એ ધર્મની પ્રથમ સીઢી છે. આહા..હા...

'હું તો અરીસાની જેમ...' અરીસો હોય ને, અરીસો – સીસો. એમ ભગવાનઆત્મા 'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું;...' આ..હા..હા...! ધર્મી જીવે આમ અંતરમાં વસ્તુનો સ્વચ્છ છે એમ નિર્ણય કરવો જોઈએ. આ..હા..હા...! શરીર, વાણી, મન આ તો માટી – ધૂળ જડ છે. અંદરમાં પાપના પરિણામ થાય, હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, કમાવું આદિ એ પાપ ભાવ છે. એ કંઈ આત્મા નથી. તેમ દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિ ભાવ એ પણ આત્મા નથી, એ તો પુણ્યતત્ત્વ છે. આ..હા...! એ પુણ્ય ને પાપના તત્ત્વથી હું એક અરીસાની જેમ સ્વચ્છ છું. આવો અંતરમાં નિર્ણય સમ્યગ્દર્શનમાં કરવો. આવી વાત છે. ઝીણી વાત છે, પ્રભુ ! અનંત કાળનો પરિચય કર્યો નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય;...' આહા...હા...! વિકલ્પ આવે, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો રાગ (આવે), એ બધો રાગ છે. રાગ એટલે વિકલ્પ છે, પણ એ જાળથી આત્મા વસ્તુ નિર્મળ છે ઇ મલિન ન થાય. આ..હા...! વિકલ્પથી ભિન્ન પ્રભુ અંદર છે. આ..હા..હા...! અંદર સચ્ચિદાનંદ પ્રભુ પોતે સત્ છે, ચિદ્ આનંદ, એ જ્ઞાન અને આનંદની મૂર્તિ, એ આત્મા કદી મલિન ન થાય. આ..હા..હા...! દ્રવ્ય જે વસ્તુ, વસ્તુ જેને તત્ત્વ કહીએ, ચૈતન્ય રસકંદ, ગઢ, ચૈતન્યના રસનો ગઢ એ છે. આ..હા..હા...! એના કિલ્લામાં રાગ પેસી ન શકે. ઝીણી વાત છે, પ્રભુ ! આત્મજ્ઞાનની વાત બહુ ઝીણી છે, ભાઈ ! એ કોઈ જાત્રા કરી આવ્યા ને ભક્તિ કરી ને મંદિરો રચ્યા માટે ધર્મ થઈ જાય એમ નથી. બાપુ ! ધર્મ કોઈ દૂસરી ચીજ છે. આ..હા..હા...!

અહીંયાં તો કહે છે કે, 'વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય;...' કેમ કે દ્રવ્ય જે છે એ રાગથી કદી મલિન થાય જ નહિ. આ..હા..હા...! ડૉક્ટર આવ્યા ? આ બધું ક્યાંય ડૉક્ટર-ફાક્ટરમાંય મળે એવું નથી. આ વકીલાતમાં મોટા પાંચ પાંચ હજારનું દનિયું લેતા હોય એની પાસે આ મળે એવું નથી. આ ચીજ કોઈ જુદી છે.

મુમુક્ષુ :– જાત જ જુદી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ જાત જ જુદી છે, બાપુ !

મુમુક્ષુ :– એ કજાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પહેલું જાત્યાંતર આવ્યું હતું ને ?

અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! પૂર્ણ પ્રભુતા અને પૂર્ણ આનંદથી ભરેલો પ્રભુ છે. ભાઈ ! તને એની ખબર નથી. પ્રભુ ! તું કોણ છો તેની એને ખબર નથી. એ પ્રભુ પોતે સ્વચ્છ નિર્મળ આનંદનો નાથ પ્રભુ છે. એ વિકલ્પની જાળમાં આવ્યો જ નથી. આ..હા..હા...! સ્વચ્છ સ્વરૂપ (છે). ભાઈ ! આ ભાષા સમજાય છે ને ગુજરાતી ? તમારે તો ત્યાં ગુજરાતી ચાલે છે, મારા બેન આવ્યા છે ? એ તો કહે અમે બેય ગુજરાતી સમજીએ છીએ. આ તો બેનના શબ્દો ગુજરાતીમાં છે ને. હિન્દીમાં આવ્યું પણ મૂળ ગુજરાતી છે. આ..હા..હા...!

કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ. ભાઈ ! તને મનુષ્યપણું અનંતે કાળે મળ્યું. એમાં જે આ ચીજ, જે વસ્તુ છે અંદર, એને જો ઓળખીને એનું અનુમાન ને એની કિંમત અનુમાનથી કે અનુભવથી ન કરી તો એણે કાંઈ કર્યું નથી. એ લાખ વ્રત પાળે ને અપવાસ કરે ને ભક્તિ કરે ને લાખો, કરોડો દાનમાં આપે, એ કોઈ ધર્મ નથી. આ..હા..હા...! કેમ કે એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પના **જાળ** વસ્તુમાં છે નહિ. આ..હા..હા...! છે ?

'વિકલ્પની **જાળ**થી આત્મા મલિન ન થાય;...' હું એક સચ્ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ નિત્ય આનંદનો સાગર આત્મા, એ મલિન રાગના દુઃખરૂપે ન થાય. ચાહે તો શુભ દયા, દાન, વ્રતનો વિકલ્પ હો પણ એ રાગ છે એ દુઃખ છે, પ્રભુ ! આ..હા..હા...! એ આનંદનો નાથ દુઃખરૂપે ન પરિણમે. આ..હા..હા...! આવી વાતું હવે. બાપુ ! મારગડા એવા જુદા છે. આ..હા..હા...! એ 'મલિન ન થાય;...'

'હું તો વિકલ્પથી જુદો,...' છું. આ (શરીર) તો માટી જડ ધૂળ છે. ધૂળ ! એ તો આત્મા છે નહિ. એમાં આત્મા નથી અને આ આત્મામાં નથી. આ..હા..હા...! પણ જે કંઈ પુણ્ય ને પાપનો વિકલ્પ રાગ **ઊઠે** એ રાગમાં આત્મા નથી અને એ આત્મામાં રાગ નથી. આવી વાત છે, પ્રભુ ! આ..હા..હા...! ભગવાન તરીકે તો બોલાવે છે, પ્રભુ ! ભગવાનઆત્મા ! આમ કહે છે. આ..હા..હા...! ભગ નામ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન, એ ભગ-વાન. એવી લક્ષ્મીનો એ વાન (અર્થાત્) એનું રૂપ છે. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન એ ભગ, ભગની વ્યાખ્યા એ છે. વાન (એટલે) એ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ જેનું રૂપ છે. આ..હા..હા...! એવો પ્રભુ વિકલ્પથી જુદો છે. ચાહે તો ભગવાનની ભક્તિ અને પંચ નવકારનું સ્મરણ કરે પણ એ તો રાગ છે. પ્રભુ એ રાગથી જુદો અંદર છે. આ..હા..હા...! આવું ક્યારે કરે ? નવરો ક્યાં (છે) પણ ફુરસદ ન મળે. આ ધૂળને કમાવી ને આ કરું ને આ કરું. એમાં પાંચ-પચીસ લાખ મળ્યા ને બે-પાંચ કરોડ થાય, થઈ રહ્યું ! ગુંચાઈ ગયો એમાં.

અહીં પરમાત્મા એમ કહે છે, એ જ વાણી બેનની છે. આ..હા...! તું પોતે.. આ..હા..હા...! વિકલ્પથી તો જુદો છો. આ..હા...! કેમ કે પુણ્ય અને પાપની વૃત્તિ, એ પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. એ કંઈ આત્મતત્ત્વ નથી. આત્મતત્ત્વ એ આસ્રવરૂપે થયું નથી. આ..હા..હા...! એવો જે ભગવાનઆત્મા એ વિકલ્પથી હું તો જુદો છું. આ..હા...! ચૈતન્યના પ્રકાશના નુરના વ**જ્ર**નો પિંડ છું. આ..હા..હા...! જ્ઞાન અને આનંદરૂપી વ**જ્ર**. જેમાં દયા, દાન કે ભગવાનના સ્મરણના વિકલ્પ પણ જેમાં પ્રવેશ (પામતા) નથી. એવું મારું વ**જ્ર** સ્વરૂપ (છે) એમ નિર્ણય કર, કહે છે. તારે જન્મ-મરણના અંત લાવવા હોય, ચોરાશીના અવતારમાં રખડીને મરી ગયો છો, બાપુ ! એ કરોડોપતિ શેઠિયાઓ પણ બિચારા ભિખારા રાંકા છે. નિજલક્ષ્મીની ખબર ન મળે અને ધૂળની લક્ષ્મીની માંગણી (કરે એ) મોટા માંગણ ભિખારા છે, દુઃખી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એની એને ખબર નથી. આત્માના આનંદના ભાન વિના એ બધા વિકલ્પો ઊઠાવે છે એ દુઃખી છે, એ સુખી નથી. આ..હા..હા...! સુખ અને અતીન્દ્રિય આનંદ તો પ્રભુમાં ભર્યો છે. આ..હા...! એને વિકલ્પરહિત નિર્ણય, અનુભવ કર તો તને આનંદ અને સુખનો પંથ હાથ આવશે. આ..હા..હા...! વકીલાતના ધંધાવાળાને કો'ક દિ' માંડ વખત મળે. આ..હા..હા...! અહીં તો કહે છે, ઇ અંદર નવરો જ છે. નવરો એટલે ? પ્રભુ ! તારી ચીજ અંદર જે છે એ શુભ-અશુભનો વિકલ્પ જે રાગ, એનાથી તો તદ્દન જુદી પડી જ છે. આ..હા..હા...! એ ક્યાંયથી લાવવી પડતી નથી. એ વિકલ્પની પાસે વિકલ્પનું જ્ઞાન કરનાર પર્યાય... ઝીણી વાત છે, પ્રભુ ! એ પર્યાયની પાસે આખું તત્ત્વ પડ્યું છે. આ..હા..હા...! એ તત્ત્વ તે હું વિકલ્પરહિત છું.

'નિર્વિકલ્પ આનંદઘન છું;...' આ..હા...! અરે...! કેમ બેસે ? એ રાગના વિકલ્પથી પ્રભુ ભિન્ન, એવો નિર્વિકલ્પ હું અને આનંદઘન – અતીન્દ્રિય આનંદનો પિંડ છું, અતીન્દ્રિય આનંદનું દળ છું. આમ ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં આવો નિર્ણય આવવો જોઈએ. આ..હા..હા...! ત્યારે તો એ ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. બાકી બધું થોથે થોથાં છે. એ 'ગિરનાર'ની જાત્રાયું કરે, 'સમેદશીખર'ની જાત્રાયું લાખ, કરોડ વાર કરે એ કંઈ આત્મા નથી, એ તો રાગ છે. આ..હા...! પ્રભુની જાત્રા કરે, અંદર આનંદનો નાથ આનંદઘન છું એના ઉપર ચડે એ જાત્રા છે. આ..હા...! આવું ક્યાં બેસે ? આત્મા બાપુ ! છો એવો, પ્રભુ ! આ..હા...! તારી મોટપની વાતું કથનમાં કેટલું આવે ? એવી ચીજ તારી વિકલ્પાતીત, વાણીઅતીત (છે).

એકવાર નિર્ણય કર કે, હું તો વિકલ્પરહિત (છું). હું જે આત્મા જેને કહીએ એનું હોવાપણું – એની સત્તા, એમાં રાગનો અભાવ અને આનંદઘનના સ્વભાવનો સદ્ભાવ (છે). અરે...! આવી વાતું. એકવાર ભેદજ્ઞાન કર, કહે છે. રાગના વિકલ્પથી (જુદો), ચાહે તો એ રાગ મહાવ્રતનો હો કે ભક્તિનો (હો) કે પંચ પરમેષ્ઠીનું સ્મરણ હો (એ) છે તો પ્રભુ રાગ, હોં ! એ તારી જાતમાં નથી, પ્રભુ ! તારી જાત તો આનંદઘન છે. આ..હા...!

'નિર્વિકલ્પ આનંદઘન છું;...' આ..હા..હા...! જેમ મૂર્તિ અંદરમાંથી ખોદીને કાઢે છે ને ? આ અહીંયાં 'પાલીતાણા' છે ને ? ડુંગરમાંથી ખોદીને (કાઢે છે). એમ આ ભગવાનઆત્મા આનંદઘનની મૂર્તિ છે. (એમાંથી) પુણ્ય-પાપના વિકલ્પને કાઢી નાખી અને જેવો છે તેવો એને જો ને માન, અનુભવ. આ..હા..હા...! આવી વાતું હવે. સમાજમાં આવી વાત ! બાપુ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમાજ આત્મા છે ને પ્રભુ ! આ..હા..હા...! અંદર આત્મા બાપુ ! તને ખબર નથી. આત્મા સર્વોત્કૃષ્ટ આનંદઘન તત્ત્વ છે ઇ. આ..હા..હા...! જેનો આદર કરવાથી એ આનંદઘન છું એવો નિર્વિકલ્પ પ્રભુ, એનો અનુભવ થવાથી પ્રભુ ! તને આનંદનો સ્વાદ આવશે. આ બધા ઇન્દ્રિયોના વિષયોનો સ્વાદ તો તને પ્રભુ ! દુઃખ(રૂપ) છે. આ..હા..હા...! એ તો દુઃખ છે પણ શુભભાવ (થાય)... આ..હા..હા...! એ દુઃખ છે, એ દુઃખ છે. પ્રભુ ! એનાથી ભિન્ન નિર્વિકલ્પ આનંદકંદ છે. કેમ બેસે ? ક્યાંય કોઈ દિ' સાંભળવા મળે નહિ. સાંભળવા મળે તો અંદર આ તે વાત શું કહે છે ? પકડાય નહિ. પ્રભુ ! તું પકડાય એવો છો. આ..હા..હા..!

અકાર્યકારણ નામનો એમાં એક ગુણ છે. એ ગુણને ધરનારો ગુણી ભગવાન, એનો સ્વીકાર થતાં એને રાગની મંદતાના કારણથી આ સમજાય એવો એ નથી. અને રાગની મંદતાનું કારણ આપીને રાગની મંદતા કરે એવો આત્મા નથી. આ..હા..હા...! એ રાગના કારણે રાગની મંદતા દયા, દાન, વ્રત, તપ બહુ કર્યા માટે રાગની મંદતાથી આત્મા જણાય એવો એ આત્મા છે જ નહિ. અને રાગની મંદતા કરે, બાર-બાર મહિનાના, છ-છ મહિનાના અપવાસ કરે, શરીરથી જાવજીવનું બ્રહ્મચર્ય પાળે એ તો બધો શુભરાગ છે. આ..હા...! એ શુભરાગ તારા સ્વરૂપમાં નથી. એ રાગ છે, દુઃખ છે. આ..હા...!

એ 'એવો ને એવો...' નિર્વિકલ્પ 'પવિત્ર છું.' આ..હા..હા...! તારી નજરુંમાં નિધાનને લે. ભગવાન નિધાન છે અંદર. આ..હા...! જય પ્રભુ ! અંદર ચિદાનંદ પ્રભુ નિધાન પડ્યું છે. આ..હા..હા...! એની તેણે કિંમત કદી કરી નથી. એ અમૂલ્ય ચીજનું મૂલ્ય તેં ટાંક્યું કે એ તો રાગથી લાભ થાય ને પુણ્યથી લાભ થાય. એ અમૂલ્ય ચીજનું તેં મૂલ્ય કરી નાખ્યું. આ..હા..હા...!

અહીં કહે છે, 'એવો ને એવો પવિત્ર છું.' – એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ.' આ..હા...! શરીરની જાત તો પ્રભુ આ તો જડ છે, માટી, ધૂળ જગતની છે. આ..હા...! અમૃતસાગર પ્રભુ ! આ મડદાંમાં મૂર્છાઈ ગયો. આ મડદું છે, આ તો માટી – ધૂળ (છે). આમાં ચેતન નથી. આ ચેતન જડ(થી) તો અંદર ભિન્ન છે. આ..હા..હા...! શરીરની સુંદરતા ને શરીરની નમણાઈ એ બધી માટી – ધૂળ (છે). આ..હા..હા...! એમાં અમૃતનો સાગર આનંદઘન મૂર્છાઈ ગયો. મુનિ પણ 'અમૃતચંદ્રાચાર્યદેવ' છે ને ! એમણે આ ટીકા કરે છે. ('સમયસાર'ની) ૯૬ ગાથા. અરે... પ્રભુ ! આકરી વાત છે, નાથ ! હજી તો સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીડી(ની વાત છે). ચારિત્ર તો ક્યાં કોને કહેવા ? બાપુ ! એ તો હજી વાતું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આકરી છે. એ ચારિત્ર એવા વ્રત પાળે, બાયડી-છોકરા છોડ્યા માટે ચારિત્ર થઈ ગયા. **ધૂળ**માંય ચારિત્ર નથી. એના પુણ્યાનુબંધીપુણ્યના ઠેકાણાં નથી. આ..હા..હા...!

આવો હું પવિત્ર છું 'એમ પોતાના સ્વભાવની **જા**તિને ઓળખ.' એ સ્વભાવની **જા**તને ઓળખ. ઓ'લા એક છેલ્લા કળશમાં આવે છે ને ? સ્વ-સ્વભાવ. રાગને સ્વસ્વભાવ કહ્યો છે. એક કળશ છે ને પાછળ ? એમ કે, સ્વસ્વભાવ કહ્યો માટે ત્યાં સ્વસ્વભાવ ન લેવો. એવું કંઈક છે **ખ**રું. **૨૧૦**માં છે ? કેટલામાં છે ? ('સમયસાર' **૨૧૯** શ્લોક). **'रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया, नान्यद्रव्यं वीक्ष्यते किञ्चनापि। सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति, व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।।२१९।।'** વિભાવ પણ સ્વ-સ્વભાવ (છે). ઇ પર્યાયનો સ્વભાવ છે, વસ્તુનો નહિ. **૨૧૯** (શ્લોક) છે, ભાઈ ! **'व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।'** પછી ઓ'લો સ્વ-સ્વભાવ આવી ગયો **ખ**રો ને, એટલે એણે લીધું કે, સ્વસ્વભાવ એટલે અહીં પરિણમન લેવું. 'સ્પષ્ટ ભવનં સ્વભાવઃ' એ પુણ્ય-પાપનો વિકાર પણ પર્યાયમાં થાય છે, એ અપેક્ષાએ કીધું. વસ્તુના સ્વભાવમાં એ નથી. એ આ **૨૧૯** (શ્લોક) છે. છે, ચિહ્ન કર્યું છે અહીંયાં. શું કીધું સમ**જા**ણું કાંઈ ?

એક બાજુ પર્યાયમાં – અવસ્થામાં પુણ્ય-પાપના ભાવ થાય છે એને સ્વભાવ ભવનં સ્વભાવ કહ્યો છે. સ્વભાવનું એ પરિણમન છે. સ્વભાવ એટલે ત્રિકાળી (સ્વભાવ) નહિ. પર્યાયમાં એ રાગ અને દ્વેષ થાય છે એ વસ્તુ પર્યાયમાં છે, એમ પોતાથી થાય છે, કર્મથી નહિ, પરથી નહિ એમ કહેવા એ સ્વસ્વભાવ (કહ્યો). આ..હા..હા...! ભાઈ ! **૨૧૯** છે. આ..હા...! અહીંયાં તો એનો સ્વભાવ ત્રિકાળી છે, એમાં એ પુણ્ય અને પાપના વિકલ્પની ગંધ નથી. એ તો પર્યાયધર્મ બતાવતાં એની વાત કરી. આ..હા..હા...! પણ વસ્તુ સ્વભાવ (વિકલ્પરહિત છે).

અહીં કહે છે, 'પોતાના સ્વભાવની **જા**તિને ઓળખ.' તારી **જા**ત પ્રભુ ! આ..હા..હા...! એ વ્રત ને વ્રતના વિકલ્પોથી તારી **જા**તિ જુદી છે. આ..હા..હા...! એ **જા**ત તો બધી ચંડાળની **જા**ત છે, કહે છે. આ..હા...! 'પુણ્ય-પાપ (અધિકાર)'માં આવ્યું છે. એ વિભાવ છે ઇ પર્યાયનો એક **જા**તનો સ્વભાવ (છે), એમ ત્યાં શબ્દ લીધો છે. **'व्यक्तात्यन्तं स्वस्वभावेन'** ત્યાં સ્વ-સ્વભાવ (શબ્દ) છે એટલે આને ગોઠ્યું નહિ. એટલે કહે, 'આ સ્વભાવનો અર્થ ત્યાં પરિણમન લેવું, સ્વભાવ ન લેવો.' કીધું, 'પણ એ તો પર્યાયનો સ્વભાવ છે.' વસ્તુ જે ભગવાનઆત્મા... આ..હા..હા...! એ તો વિકલ્પની, પુણ્ય-પાપની **જા**ળથી તદ્દન જુદી **જા**ત છે. એનો અંતરમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનુભવ કરવો, એનું સમ્યગ્દર્શનની ધર્મની પહેલી સીડી છે. બાકી બધાં થોથે થોથાં છે. આ..હા..હા...! એના અનંતા જન્મ-મરણના અંતનો ઉપાય આ છે. સમજાણું કાંઈ ?

'એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ–મલિનતા માની...' આ..હા..હા...! શુભ-અશુભ રાગ જે વિકલ્પ છે, તેનાથી મલિન છું, હું વસ્તુ મલિન છું એમ માની... છે ? 'ભ્રમણામાં છેતરાઈ ગયો છો;...' પ્રભુ ! આ..હા...! તારા અસ્તિત્વમાં તો એ પુણ્ય-પાપના ભાવ છે નહિ. પણ એ પુણ્ય-પાપના ભાવ મારા છે એમ માનીને છેતરાઈ ગયો છો, પ્રભુ ! આ..હા..હા...! દયાના ભાવ, પરની દયાનો ભાવ એ તો રાગ છે. આ..હા..હા...! રાગ છે એ મારો છે અથવા એ રાગથી મને લાભ થશે (એમાં) છેતરાઈ ગયો છો, પ્રભુ ! આ..હા...! તેં તને છેતર્યો. આ..હા..હા...! આ આવું શું હશે આ ? આવું (છે), બાપુ ! શું કહેવાય. સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમાત્મા (બિરાજે છે) એની આ વાણી છે. એ વાણી અહીં છે આ. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે, 'મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો;...' એ પુણ્ય-પાપના ભાવને મારા માની અને હું મલિન છું, એમ માનીને પવિત્ર પ્રભુ આત્મા, એમાંથી તું વંચિત થઈ ગયો છો, છેતરાઈ ગયો છો. અંતર ચીજ જે છે ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ, એની ઉપર પર્યાયમાં પુણ્ય અને પાપના વિકલ્પ થાય (તેથી) હું મલિન છું, હું રાગવાળો છું એમ માનીને સ્વની જાતથી છેતરાઈ ગયો છો. આ..હા...! તારી જાત તો સિદ્ધની જાત છે. આ..હા..હા...! સિદ્ધમાં જેમ પર્યાયમાં પણ રાગ-દ્વેષ નથી (એમ) આના દ્રવ્યમાં નથી. 'શ્રીમદ્'માં આવે છે, 'સર્વ જીવ છે સિદ્ધસમ' સિદ્ધસ્વરૂપી વીતરાગમૂર્તિ, એને મલિનતા માનીને ભ્રમણામાં ભગવાનસ્વરૂપને તું ભૂલી ગયો, પ્રભુ ! આ..હા...!

એક તો આ પુણ્યના ફળ તરીકે આ બહાર(માં) ધૂળ મળે, બાયડી સારી મળે, પાંચ-પચીસ લાખનું મકાન મળે, પૈસા બે-ચાર કરોડ રૂપિયા થાય, છોકરા સાત-આઠ થાય, રળાઉ–કમાઉ થાય ત્યાં તો જાણે આપણે ફાવી ગયા (એમ અજ્ઞાનીને લાગે). આ..હા..હા...! મહા મિથ્યાત્વને પોષે છે. એ ચીજ તારી નથી, તારે લઈને આવી નથી, તારામાં એ છે નહિ. આ..હા..હા...! અહીં તો રાગ તારો નથી તો વળી રાગના ફળ તરીકે બાયડી, છોકરા... આ..હા..હા...! બહુ દૂર (છે) એને પોતાના માન્યા (એમાં) છેતરાઈ ગયો. તારું પોતાનું રૂપ શું છે એને ન જાણ્યું અને આવી ભ્રમણા (સેવી). આ..હા..હા...! મસાણના હાડકાંમાં જેમ ફાસફૂસ... શું કહેવાય ? મસાણના હાડકાંમાં ફોસ્ફરસ હોય ને ! ફોસ્ફરસ ! છોકરાઓને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કહે કે, ત્યાં ભૂતડાં છે, જાશો નહિ. બાકી તો ફોસ્ફરસ છે. એમ આ બધી ફોસ્ફરસ છે. બાયડી, છોકરા, પૈસા, ધૂળ ધમાહા...! એ બે-પાંચ કરોડ રૂપિયા (હોય) ને એના મોટા બંગલા કર્યા (હોય) એ હાડકાંની ફોસ્ફરસ છે. પ્રભુ ! તું એમાં નથી, એ તારા નથી. અરે...! તું એ તો નથી પણ પુણ્ય ને પાપવાળો માનવો (એમાં) છેતરાઈ ગયો. એ તું પુણ્ય અને પાપવાળો નથી. આ..હા..હા...! આટલે ઘરે આટલું ઊંડું જાવું, પાપ આડે ફૂરસદ ક્યાં છે ? આખો દિ' આ રળવું ને કરવું ને આ વકીલોને અસીલ આવે એને સાચવવા ને એની પાસે પૈસા લેવા... ઘરે આવીને આપી જાય. એ આપે ત્યાં રાજી રાજી થઈ જાય (કે), મને મળ્યા. ઇ વકીલ મૂઢ છે. કહો, ડૉક્ટર ! આ ડૉક્ટર છે, લ્યો ને ! પાંચ-પચીસ રૂપિયા આવ્યા જ્યાં એક દિ'ની પેદાશના, ત્યાં બસ ! (એમ થઈ જાય) આજનો દિ' ફાવ્યા ! આ ફેર સો રૂપિયાનું એક દન્યું પાક્યું. એ હિસાબે મહિને ત્રણ હજાર રૂપિયા થયા. હવે ધૂળમાં શું ? મરી ગયો, મારી નાખ્યો આત્માને. આ..હા..હા...! ચિદાનંદ નિર્વિકલ્પ આનંદપ્રભુને તેં આવા વિકલ્પથી રાજી કરી નાખ્યો ! એનો રાજીપો તો એ પૂર્ણાનંદ છે, એવી અનુભવદશા કરે ત્યારે એને રાજીપો અને આનંદ આવે. આ..હા..હા...! અરે..રે...! આવું સાંભળવા મળે નહિ. આ તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, જાત્રા કરો.. કરો, કરો ને કરો, મરો ! એ રાગને કરવું એટલે કર્તા થઈને આત્માના જ્ઞાનસ્વરૂપી પ્રભુને મારી નાખ્યો. આ..હા..હા...! અર..ર...! આવી વાતું આકરું પડે. પડે કે ન પડે, વસ્તુ આમ છે. આખી દુનિયાને જોઈ નથી ? દુનિયા આખી (જોઈ છે). આ..હા..હા...!

અહીં કહે છે, 'મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો.' અરીસો જેમ સ્વચ્છ જ છે, ભલે તેમાં અગ્નિનું પ્રતિબિંબ જણાય એ અગ્નિ અંદર નથી, એ તો અરીસાની સ્વચ્છતા છે. અરીસામાં અરીસો સ્વચ્છ જ છે. એમાં અગ્નિ કે કોલસા કે સર્પ સામે દેખાય, એવી રીતે અંદર દેખાય એ કંઈ અગ્નિ ને સર્પ ત્યાં નથી, એ તો અરીસાની સ્વચ્છતા છે. અરીસાની સ્વચ્છતાનું અસ્તિત્વ છે. એ સર્પ ને અગ્નિનું અસ્તિત્વ ત્યાં નથી. આ..હા..હા...! એમ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ ! એમાં રાગાદિ જણાય એ તો એનું જ્ઞાન અને એની સ્વચ્છતા છે. રાગ એનામાં નથી, રાગ એનો નથી. આ..હા..હા...!

બાપુ ! પરિચય કરવો જોઈએ, ભાઈ ! અનાદિનો રખડે છે. અહીં મોટા શેઠિયા કરોડોપતિ હોય એ મરીને ઢેઢગરોળીને કુખે અવતરે. આ ઢેઢગરોળી નથી થતી ? કારણ કે ધર્મની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખબર નથી. શું આત્મા ને શું વસ્તુ ? પુણ્ય પણ નથી કે સત્‌સમાગમ (નથી). સારો સત્‌સમાગમ કહેવો કોને ? કે, એનો સમાગમ ચાર-ચાર કલાક કરે, સાચું સત્‌શાસ્ત્ર (હોય) એને ચાર-ચાર કલાક વાંચે તો એને પુણ્ય પણ થાય, ધર્મ તો એક કોર રહ્યો. આ તો વખત ક્યાં મળે ? અડધો કલાક કો'ક દિ' વખત લે. એમાં સાંભળવા જાય ત્યાં એનો (કલાક) ઓ'લા કુગુરુ લૂંટી લે. આ..હા..હા...! તારે વ્રતથી ને તપથી ને ભક્તિથી ધર્મ થશે (એમ કહે). આ..હા...! મારી નાખ્યો. એનો કલાક પણ લૂંટાય ગયો, ત્રેવીસ કલાક રોકાતો હતો પાપમાં (અને) આ ધર્મને નામે પ્રભુ ! છેતરાઈ ગયો, પ્રભુ ! ભાઈ ! આ..હા..હા...! આવું કામ આકરું બહુ, બાપા !

પ્રભુ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો આ પોકાર છે. અનંત તીર્થંકરોનો અનાદિથી આ પોકાર છે. આ..હા..હા...! તું 'અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ...' પ્રભુ ! એ નિર્મળાનંદ નાથ છે, પ્રભુ ! એ ચૈતન્યહીરલો, એ અનંત ગુણથી નિર્મળ પ્રભુ છે ઇ. આ..હા..હા...! એને ઓળખ. 'નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે.' આ..હા..હા...! જેમ પાણીના પૂર હોય એ પૂર જ આમ દેખાય. એમ આત્મા જેણે રાગથી ભિન્ન જોયો, જાણ્યો (કે) મહા નિર્મળતાનો ભંડાર (છે), એની પ્રતીતિમાં ને અનુભવમાં આવ્યો, એને નિર્મળતાની પર્યાય એક પછી એક પ્રગટ થશે. આ..હા...! આનંદની ધારા તને આવશે, બાપા ! આ..હા..હા...! અરે...! આવું આકરું કામ, લ્યો ! વ્યવહારને તો મીંડા મૂકાવ્યા છે. આખી દુનિયા તો એમ કહે છે કે, કરો.. કરો.. કરો. કરતાં કરતાં થાશે. એ પરાશ્રય ભાવથી સ્વાશ્રય ભાવ થાય ? બાપુ ! તને ખબર નથી, ભાઈ ! તારી મોટપને રાગથી લાભ થાય એ કલંક લગાડે છે, ભાઈ ! આ..હા...! એની મોટપની પાર નથી. એ તો એના સ્વભાવની જાતથી સ્વભાવ જણાય એવો છે. આ..હા...! એ વ્યવહારની ક્રિયા દયા, દાન કે દેવ-ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા, એ બધો રાગ છે, એનાથી જણાય એવો નથી. ભ્રમણામાં ભૂલી ગયો, પ્રભુ ! આ..હા..હા...!

પ્રભુ ! તરીકે તો બોલાવે છે, પ્રભુ ! અરે...! જાગ રે જાગ, નાથ ! આ..હા..હા...! એની મા એને ઘોડિયામાં સુવાડે (ત્યારે) ગાણાં ગાય ગાણાં. 'મારો દીકરો ડાહ્યો છે ને પાટલે બેસી નાહ્યો છે' એવું છે. હિન્દીમાં બીજી ભાષા હશે. ત્યારે ઓ'લો ગાણાં ગાય ત્યારે સૂઈ જાય. અવ્યક્તપણે પણ એની પ્રશંસા પ્રિય છે. એને ગાળ્યું દેશો તો નહિ સૂવે. જોજો કોઈવાર. 'મારા રોયા સૂઈ જા' (એમ કહેશો તો) નહિ સૂવે. આ તો એમ કે, એની પ્રશંસા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને બાળકપણે પણ વ્હાલી છે એથી પ્રશંસા ગાતા ગાતા એ સૂઈ જાય.

અહીં ત્રણ લોકના નાથ એની પ્રશંસા કરીને જગાડે છે. એની મા સૂવાડે છે અને (અહીંયાં) આને જગાડે છે. જાગ રે નાથ, નાથ ! ચૈતન્યહીરલો આનંદનો નાથ, સાગર તું રાગમાં સૂઈ ગયો. આ..હા...! અને તને શુભરાગ પ્રસન્ન (પસંદ) પડ્યો. અને પોતે આનંદના સાગરરૂપે પ્રસન્ન ચીજ છે, એ તને પ્રસન્ન પડતી નથી. આ..હા..હા...! એ બધા હેરાન થવાના રસ્તા છે. બાપુ ! માર્ગ આવો છે, ભાઈ ! આ..હા...! કીધું ?

'નિર્મળતાના ભંડારને ઓળખ...' તો નિર્મળતાની ધારા તને વહેશે, પ્રગટશે. 'અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે.' કેમ કે ભગવાનમાં તો નિર્મળ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ, એથી તો ભરેલો પદાર્થ છે. આ..હા..હા...! એનું જ્ઞાન અને શ્રદ્ધા કર (તો) તને નિર્મળ દશા પ્રગટશે. મલિનતાનો નાશ થશે અને નિર્મળતા પ્રગટ થશે. કારણ કે એમાં નિર્મળતા ભરેલી છે. આ..હા..હા...! આવું કરવું ! અંતર્મુખ જુઓ, અંતર્મુખ જુઓ ! બહિર્મુખ જોવાનું મૂકી દે. આ..હા...! આખી દુનિયાની બહારની વાત તેં જાણી, જ્ઞાન જેનું છે એને તેં જાણ્યું નહિ. તારામાં નથી તેને તેં જ્ઞાનમાં જાણ્યું. આ..હા..હા...! તારામાં એ ચીજો નથી એને તેં જ્ઞાનમાં જાણી, તારામાં જે પૂર્ણ છે, જાણનારને તેં જાણ્યો નહિ. આ..હા..હા...! આ..હા..હા...! આવું ભારે કામ, બાપુ ! નિશ્ચયાભાસ (છે), એમ લોકો કહે છે. બાપુ ! માર્ગ તો આ છે, ભાઈ ! વ્યવહાર આવે પણ ઇ બંધનું કારણ છે. આવું ભાન થયા પછી વ્યવહાર આવે. વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ આવે, પણ છે એ બંધનું કારણ, દુઃખનું કારણ. આ..હા..હા...!

અહીં તો (કહે છે), 'અંદર જ્ઞાન ને આનંદાદિની નિર્મળતા જ ભરેલી છે.' નિર્મળતા જ ભરેલી છે. આ..હા...! એ ૮૨ (બોલ પૂરો) થયો. આમાં એકમાં પોણો કલાક ગયો. આખો ભરેલો ભાવ છે ને એકદમ !

> અંતરમા આત્મા મંગળસ્વરૂપ છે. આત્માનો આશ્રય કરવાથી મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે. આત્મા જ મંગળ, ઉત્તમ અને નમસ્કાર કરવા યોગ્ય છે – એમ યથાર્થ પ્રતીતિ કર અને તેનું જ ધ્યાન કર તો મંગળતા અને ઉત્તમતા પ્રગટશે. ૮૩.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



